વિશ્વબોધ ચોસરા

(સટીક)

જ્ઞાન સંપ્રદાય આધસ્થાપક

કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

॥ શ્રી પરમગુરવે નમઃ ॥

વિશ્વબોધ ચોસરા

(સટીક)

જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક

કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

|| શ્રી પરમગુરવે નમ: ||

વિશ્વબોધ ચોસરા

(સટીક)

જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક

કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

પ્રેરણામૂર્તિ :

કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર

માર્ગદર્શક

સંત શ્રીજનકદાસજી ગુરુ શ્રીગોર્ધનદાસજી

સ્વસંમવેદ જ્ઞાાન કેન્દ્ર

મુ.પો. આલમપુર, તા.જી: ગાંધીનગર-૩૮૨૦૪૨

સંકલન-અનુવાદ

શ્રી બીપીન આર. શાહ

૨, કંચન વાટિકા, વકીલ વાડી, મણીનગર, અમદાવાદ

website: www.kaivalgyan.org

પ્રકાશક

ભજનાનંદ પબ્લિકેશન

વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ

૯-૧૦ સત્યમ એપાર્ટમેન્ટ, વકીલવાડી, મણીનગર,

અમદાવાદ, ગુજરાત, ૩૮૦૦૦૮

વિશ્વબોધ ચોસરા (સટીક)

પ્રેરણામૂર્તિ :
કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર

1st Edition: March 2020
Price: Rs. 200/- ($ 20 + S.H.)
ISBN: 978-81-921648-8-5

કોપીરાઈટ : © વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ

પુસ્તક પ્રાપ્તિ સ્થાન
શ્વસંમવેદ જ્ઞાન કેન્દ્ર
સંત શ્રીજનકદાસજી ગુરુ શ્રીગોર્ધનદાસજી
મુ.પો. આલમપુર, તા.જી: ગાંધીનગર-૩૮૨૦૪૨
M: 9824025294
email: janakdasji2274@gmail.com

email: bshah6900@gmail.com
website: www.kaivalgyan.org

Disclaimer
આ ગ્રંથના રચયિતા જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક કુવેરસ્વામી છે. આ રચના હસ્તલિખિત ગ્રંથોમાં ઉપલબ્ધ છે. આ ગ્રંથમાં વ્યક્ત કરવામાં આવેલ સિદ્ધાંતિક વિચારધારા અને ઉદાહરણ દ્વારા રજૂ કરેલ આધ્યાત્મિક દ્રષ્ટિકોણ મૂળ રચયિતાના છે. આ ગ્રંથની ચોપાઈઓનો શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ અમે અમારી સમજ મુજબ આ પુસ્તકમાં કર્યો છે. આ પુસ્તકમાં ચોપાઈના લખાણમાં રહી ગયેલી ક્ષતિ અંગે પ્રકાશક કોઈ પણ રીતે જવાબદાર નથી. અંતિમ નિર્ણય માટે હસ્તલિખિત ગ્રંથને આધારભૂત માનવા વિનંતી.

સમર્પણ

સાદર સમર્પણ
જ્ઞાન સંપ્રદાય આદ્ય સ્થાપક
પંચમ શ્વસંમ વેદ રચયિતા કૈવલ ધર્મધૂરંધર
કૈવલવેત્તા પુરુષ દિવ્ય
પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના
પવિત્ર ચરણોમાં સમર્પણ કરીએ છીએ.

આપના ચરણરજના અભિલાષી

શાહ પરિવાર
Shah Family
5 Blackridge Ct. Catonsville MD - 21228, USA
M: 001-443-851-0051
email: bshah6900@gmail.com

નિવેદન

પ્રિય આત્મબંધુઓ,

ૐ કાર પ્રાણાયામના મહાતત્ત્વોના કારણરૂપ રહેલા સચરાચર વ્યાપક બ્રહ્મપ્રકાશના પ્રકાશક અનંત બ્રહ્માંડાધીશ કૈવલ કર્તા અને પરમવિશેષ પાટવી અંશ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના ચરણકમળમાં અંશભાવે નમસ્કાર કરીને મારુ નિવેદન રજુ કરું છું.

વિષ્ણુના ચોવીસ અવતારો પૈકીના એક અવતાર ગણાતા ધનવંતરી વૈદરાજે પરકાયા પ્રવેશની સામ્રર્થતાથી વિશ્વમાં અઢારભાર વનસ્પતિની જાતિમાં પ્રવેશીને વૈદિકશાસ્ત્રની રચના કરી છે. જેથી કઈ વનસ્પતિનો ઉપયોગ કઈ રીતે અને કેવા સંજોગોમાં કરવો અને ત્યજવો તેની ગૂઢાર્થભરી સમજ જણાવી છે. સમગ્ર સંસારમાં જે માનવી આ માહિતી અપનાવે છે તેમને પોતાના શારીરીક સ્વાસ્થ માટે ઘણી જ ઉપયોગી નીવળે છે.

તેવી જ રીતે કુવેરસ્વામીને પણ વિશ્વમાં આવીને આત્મબંધુત્વના નાતે અંશોને ભવપાર કરવા માટે અંશ-અંશીનો લક્ષ જગતને આપ્યો છે. વળી, પોતે સજાણપુરુષ હોઈ પોતાની સામર્થતાથી સંસારના જીજ્ઞાસુ, અર્થાથી, વિષયી અને મુમુક્ષુ જીવોમાં રહેલા પ્રાકૃતિક લક્ષણો, તેમની માન્યતાઓ, તેઓ ક્યાં અટક્યા છે તે, તેમના સંસર્ગથી થતા લાભ અને નુકસાન, તેમનામાં રહેલી અંગત વિચારધારા સહિતના બધા જ ગુપ્ત લક્ષણોને જાહેર કરીને દર્શાવ્યા છે. સમાજમાં સજ્જન માનવોને કોઈપણ પ્રકારની વિટંબણાઓ પેદા ન થાય અને અજ્ઞાની તેમજ ભોળા લોકો અંધશ્રદ્ધામાં ફસાઈને અન્યના વાણી, વર્તન અને વ્યવહારને જોઈ ખોટું અનુકરણ કરીને પાછળથી પસ્તાય નહીં તે માટે બધી જ સમજ દર્શાવવા પ્રયત્ન કર્યો છે.

મહામોંઘો માનવદેહ મળ્યો છે તો તેના કલ્યાણ માટેની પ્રવૃત્તિ કરી શકે તેવા ઉદ્દેશથી સત્ પથ ઉપર ચાલી આત્મકલ્યાણ માટે જેઓને જીવન વ્યતિત કરવું છે તેવા માટે, તેમજ અન્ય જીવોને ઓળખવા માટે આ ગ્રંથનો અભ્યાસ પારાશીશી રૂપે સહાયરૂપ બનશે. કુવેરસ્વામીએ આ ગ્રંથના પાંચ અંગમાં જુદા

જુદા વીસ પ્રકારની વૃત્તિ-પ્રવૃત્તિ ધરાવતા જીવોની ઓળખ બતાવી છે. જેને ઓળખીને કોના સાથે કેવો અને કેટલો વ્યવહાર કરવો તેનું માપદંડ ખબર પડે. તેમજ અન્યની વિચારધારાની સાચી સમજ કેળવવાથી કોની સાથે કેટલો વિશ્વાસ મુકીને સમાજમાં રહેવું તેની આદ્ય લઈ પરમપિતાને પ્રાપ્ત કરવા માટે સાચું અને યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવા કોનું શરણુ સ્વીકારવું તેની ખબર પડે.

આ ગ્રંથ ઉપલક દ્રષ્ટિએ ભલે કોઈ સમાજ, વ્યક્તિ કે જાતિને ટીકાપાત્ર લાગે, પરંતુ આમાં પક્ષાપક્ષ રહિત જે સાચું છે તેને પ્રકાશમાં લાવવા માટેનો અગાધ પુરુષાર્થ કરવામાં આવ્યો છે. જેથી, લખાણને સંકુચિત વિચારધારાથી નહીં, પરંતુ એક આત્મ-કલ્યાણની જ્ઞાન દ્રષ્ટિ કેળવીને તેના અર્થસભર લખાણને મુલવવા માટેનો અભિગમ અપનાવામાં આવશે તો જીવનનૌકા માટે દીવાદાંડી સમાન સાબિત થશે.

અમોએ પણ ગ્રંથની ચોપાઈને સહજતાપૂર્વક સમજી વિચારીને કોઈપણ જાતના પૂર્વાગ્રહ વગર છણાવટ કરવાનો પ્રયત્ન કર્યો છે. માટે, લખાણ વાંચતાં તટસ્થ નિર્ણાયક તરીકેની ભુમિકાનો અહેસાસ કરીને સમજવા વિનંતી છે. વળી, પોતે પણ દર્પણરૂપ ગ્રંથના સામે ઉભા રહી પોતાનામાં રહેલા લક્ષણોથી પોતાની જાતને નીરખ્યા પછી પોતાનામાં જરૂરી પરિવર્તન લાવવાની ભાવના થતી હોય તો તેવી વૃત્તિ કેળવવા પ્રયત્ન કરશો તો અંશના કલ્યાણ માટે હિતકારી નીવડશે. તેમજ સંસારમાં નિર્ભયતાવાળું જીવન જીવી અન્યને પણ સહકારરૂપ થવાશે તેવું અમો માનીયે છીએ.

ગ્રંથના ઉંડા અભ્યાસીને કોઈ ભાષાદોષ કે સિદ્ધાંતિક ભૂલ જણાય તો જરૂર અમોને લેખિતમાં bshah6900@gmail.com ઉપર જણાવવા વિનંતી છે. જેથી હવે પછીની આવૃત્તિમાં યોગ્ય સુધારો કરી શકાય.

ફાગણ સુદ પૂર્ણિમા
સંવત, ૨૦૭૬, સોમવાર
૯ માર્ચ ૨૦૨૦

વિશ્વસર્વજનમંગલ ચેરીટી ટ્રસ્ટ વતી
બીપીન આર. શાહના
સત્ કૈવલ સાહેબ
સત્ કૈવલ પરમાત્મા

પ્રકાશકના બે બોલ

જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર મહારાજશ્રી અનંત બ્રહ્માંડાધીશ કૈવલકર્તાની આજ્ઞાથી આજથી ૨૪૮ વર્ષ પૂર્વે પ્રગટ થયા હતા અને જગતમાં અંશ-અંશીનો લક્ષ દર્શાવતા સકતા સિદ્ધાંતની સમજ વિવિધ ધર્મગ્રંથો દ્વારા જગતને આપી છે.

દેવોને પણ દુર્લભ એવું મનુષ્ય જીવન આપણને પ્રાપ્ત થયું છે. પ્રત્યેક મનુષ્યનું લક્ષ્ય શાશ્વત સુખની પ્રાપ્તિ છે. આ ભવ સાથે પરભવમાં પણ સુખની અભિલાષા સંતોષવા મનુષ્યો આધ્યાત્મિક જીવન જીવવા તત્પર બને છે અને જગતના વિભિન્ન ધર્મના શરણે જઈ ધર્મગુરુઓ દ્વારા ચીંધાયેલા ટૂંકા માર્ગે પ્રભુ પ્રાપ્તિના માર્ગે ગમન કરવા છતાં, અંતે હતાશ થાય છે. આવા સમયે દિવ્ય પરમગુરુનું માર્ગદર્શન અને પ્રેરણા ખૂબ જ ઉપયોગી છે.

સગુણ-નિર્ગુણથી તીત સકર્તા સિદ્ધાંતનું શ્રેષ્ઠજ્ઞાન રજૂ કરતાં અમોને આનંદ થાય છે. ટ્રસ્ટના બંધારણની વિવિધ પરોપકારી પ્રવૃત્તિના આધારે વિશ્વના માનવોને કલ્યાણ અર્થે કૈવલજ્ઞાન પ્રકાશિત કરવાનું જરૂરી લાગ્યું. આ જ્ઞાન કોઈ સંસ્થા, વ્યક્તિ અને ધર્મની સંપતિ નથી કે કોઈ જ્ઞાતિ, જાતિ કે દેશ માટે સીમિત નથી. સર્જનહારે વિશ્વના માનવ સમુદાય માટે અંશ-અંશીનો લક્ષ આપવા દિવ્ય પરમગુરુને બ્રહ્માંડમાં મોકલ્યા છે. ''વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ'' નો પણ ઉદ્દેશ સમગ્ર વિશ્વના માનવ કલ્યાણ માટે પરમગુરુના જ્ઞાનને દરેક ભાષામાં પ્રગટ કરી કૈવલજ્ઞાન ચક્રવર્તી કરવા માટેનો છે.

આ પુસ્તક સારા કાગળ, બે કલરમાં છપામણી, સિલાઈ બાઈન્ડિંગ કરી ગ્રંથની શ્રેષ્ઠતા મુજબ ટાઈટલ પણ યોગ્ય વિચારી ખર્ચની ગણતરી ન કરતાં સારું પુસ્તક તૈયાર કરવાના પ્રયત્નો કર્યા છે. હાલની દૃષ્ટિએ તેની પડતર કિંમત ઘણી છે. પરંતુ ધાર્મિક સંસ્થા, મંદિર કે અન્ય ચેરિટેબલ ટ્રસ્ટને આ પુસ્તક વિનામૂલ્યે આપવામાં આવશે. અમારો ઉદ્દેશ ધંધાધારી પ્રવૃત્તિ કરી નાણાં મેળવાનો નહીં, પરંતુ પરમગુરુનું જ્ઞાન મુમુક્ષુજનો સુધી પહોંચાડવાનો અને કૈવલ જ્ઞાનને ચક્રવર્તી કરવાના કાર્યમાં સહાયભૂત થવાનો છે.

આ ગ્રંથના પાંચ અંગોની કુલ ૪૨૬ ચોપાઈઓ છે. જેમાં અલગ-અલગ ૨૦ પ્રકારના માનવજાતિના લક્ષણોને દર્શાવવામાં આવ્યા છે. જેના અભ્યાસથી મુમુક્ષુ જનોને વ્યક્તિ ઓળખવામાં સફળતા રહેશે અને સંસારમાં નિર્ભયતાપૂર્ણ જીવન જીવીને કોણા શરણમાં જઈ પરમપદ પામવાની અભિલાષા પૂર્ણ કરવી તે અંગેનો પણ ખ્યાલ આવશે.

દિવ્ય પરમગુરુનું શ્રેષ્ઠ આધ્યાત્મિક જ્ઞાન હૃદયમાં ઉતારીને પરમપદના માર્ગે મનુષ્યજીવન સાર્થક કરવાનું આપણા સૌનું કર્તવ્ય છે. પ્રત્યેક વ્યક્તિ વિકાસક્રમની સીડીનાં જુદાં જુદાં પગથિયાં પર હોય છે, તેથી 'તૂંડે તૂંડે મતિર્ભિન્ના' એ સૂત્ર અનુસાર દરેકની વિચારસરણી જુદી હોય છે. જો આમ હોય તો દરેકને કેવી રીતે સંતોષી શકાય ? અમારો વિનમ્ર પ્રયાસ પ્રત્યેક મનુષ્યને સંતોષ આપવાનો અને પથ ભૂલેલા આત્મબંધુઓને દિવ્ય પરમગુરુના સત્ય અભિગમનું દર્શન કરાવવાનો છે. દિવ્ય પરમગુરુ અમારા આ ધ્યેયને સફળ બનાવવા આશીર્વાદ આપે તેવી અમારી પ્રાર્થના છે.

અમારી ક્ષતિઓ દરગુજર કરી આપનાં સૂચનો તથા અભિપ્રાયો મોકલી જ્ઞાનસેવાના આ કાર્યમાં આપનો સહકાર આપશોજી.

ભજનાનંદ પબ્લિકેશન
વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ વતી
બીપીન આર શાહના
સત્ કૈવલ સાહેબ
સત્ કૈવલ પરમાત્મા

અનુક્રમણિકા

નિવેદન...vi

પ્રકાશકના બે બોલ..viii

અંગ ૧ ભુંદુ, અપરાધી, અંધ અને બૂચટનાં લક્ષણ દેખાવનકો ૧

અંગ ૨ અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરાનાં લક્ષણ.................................. ૬૮

અંગ ૩ સાકુટ, લંપટ, લોભી અને ખલનાં લક્ષણ.................................૧૩૫

અંગ ૪ હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવકનાં લક્ષણ દર્શાવનકો........૧૯૯

અંગ ૫ સાધુ, સંત, યોગી અને વૈરાગીનાં લક્ષણ ૨૬૬

ચોપાઈ અનુસુચી...૩૩૧

અંગ ૧

ભુંદુ, અપરાધી, અંધ અને બૂચટનાં લક્ષણ દેખાવનકો

ચોસરા-૧

સ્વારથ આગળ કાંય ન સૂઝત, પરમારથ પુનિતાઈ;
ધન દારા સુત કુલ કુટુંબમેં, રાખત અલમસ્તાઈ. ૧

શબ્દાર્થ

સ્વારથ = સ્વાર્થ, પોતાનું હિત **આગળ** = આગળ, ને લીધે **કાંય ન** = કશું પણ નહીં **સૂઝત** = સૂઝવું, દેખાવું, અક્કલ પહોંચવી **પરમારથ** = પરમાર્થ, પરોપકારવૃત્તિ, ઉત્તમ પુરુષાર્થ **પુનિતાઈ** = પવિત્ર કર્મ પ્રત્યે **ધન** = સંપત્તિ, નાણું, દ્રવ્ય **દારા** = સ્ત્રી **સુત** = પુત્ર **કુલ** = કુળ, વંશ **કુટુંબમેં** = પરિવારમાં **રાખત** = રાખે છે **અલમસ્તાઈ** = ઘેલાપણું, અલમસ્ત હોવાપણું.

અનુવાદ

સ્વાર્થને કારણે પરમાર્થનું પવિત્રકાર્ય કરવાનું કાંઈપણ સૂઝતું નથી, તેથી સંપત્તિ, સ્ત્રી, પુત્ર, કુળ અને પરિવારમાં ઘેલાપણું રાખે છે.

ભાવાર્થ

સર્જનહારે ૧૩ લાખ પ્રકારની વિવિધતાવાળા માનવીનું નિર્માણ કર્યું છે જેમાં વૃત્તિની દ્રષ્ટિએ ચાર પ્રકારના જીવો ગણાય છે. (જિજ્ઞાસુ, મુમુક્ષુ, અર્થાર્થી અને વિષયી) આ બધા જ જીવો પુરુષાર્થ તો કરે છે; જેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો ઉદ્દેશ હોય છે. તેમ છતાં કળીયુગના સમયમાં સ્વાર્થપણું અતિ વિશેષ પ્રભાવશાળી છે. માનવીને સ્વાર્થપણાને લીધે ઉત્તમ પુરુષાર્થ રૂપે રહેલું મોક્ષનું પવિત્ર કાર્ય કરવાનું કાંઈ પણ સૂઝતું જ નથી અને પોતાના સ્ત્રી, પુત્ર સહિત વંશ પરિવારમાં અને ધન-સંપત્તિ એકઠી કરવામાં પોતાની

સંપૂર્ણ શક્તિ વેડફીને સદાય તેમાં જ ઘેલો બની રાત-દિવસ મશાગત (મહેનત) કર્યા કરે છે.

અરવીંગા અજ્ઞાન ભરેલા, નિખશિખ સુધી નુગરા;
ઢોર સરીખા ધાન ધડીબી, પૂંઠ વધારે ઢગરા. ૨

શબ્દાર્થ

અરવીંગા = અણઘડ, જંગલી, સંસ્કાર રહિત **અજ્ઞાન** = અવિદ્યા, અજાણપણું, અજ્ઞાની **ભરેલા** = ભરેલા, પૂર્ણ **નિખશિખ** = પગના નખથી તે માથાની ચોટલી સુધી, આખાયે **સુધી** = સુધી **નુગરા** = ગુરુ વિનાના **ઢોર** = પશુ **સરીખા** = સમાન, નાજેવા **ધાન** = ખોરાક **ધડીબી** = મનમૂકીને ખાવાવાળા, ખાઉધરા **પૂંઠ** = શરીરનો પાછલો ભાગ **વધારે** = વધારે, વિકસાવે **ઢગરા** = થાપો, નિતંબ.

અનુવાદ

આવા નુગરા માનવો અણઘડ અને નખશિખ સુધી અજ્ઞાનથી ભરેલા હોય છે. તેઓ ઢોરની માફક ખોરાક ખાઈ ખાઈને પૂંઠ અને ઢગરા વધારે છે.

ભાવાર્થ

આવા ગુરુ કર્યા વિનાના નુગરા જીવો માનવલક્ષી સંસ્કાર, રીતભાત, આચાર વિચાર અને વિવેક રહિત અધર્મમય જિંદગી જીવે છે. પગના નખથી તે માથાની ચોટલી સુધી સર્વાંગ શરીરે અજ્ઞાનથી ભરેલા હોય છે. અને અડવીંગા પશુની જેમ ખાઉધરાપણાની વૃત્તિવાળા હોઈ ખોરાક ખાઈ-ખાઈને પોતાના શરીરની પૂંઠ અને નિતંબ વધારે છે.

નગરપતી કે નાતપટલીયા, કે પંડિત હોય પઢીયા;
આતમલક્ષ વિના નર ખર સમ, સુરભિ સુતવત્ વડીયા. ૩

શબ્દાર્થ

નગરપતી = નગરનો અધ્યક્ષ અથવા પ્રમુખ **કે** = અથવા, યા **નાતપટલીયા** = ન્યાતના મુખિયા **કે** = અથવા, યા, અગર **પંડિત** = વિદ્વાન **હોય** = હોય **પઢીયા** = ગ્રંથ વાંચીને બનેલા,

પોથી પઢીને થયેલા **આતમલક્ષ** = આત્મલક્ષ, નિજ સ્વરૂપનું જ્ઞાન **વિના** = સિવાય, વગર **નર** = મનુષ્ય **ખર** = ગર્દભ, ગધેડા **સમ** = સમાન **સુરભિ** = ગાય **સુતવત્** = ઓલાદ સમાન, સાંઢ કે આખલાની જેમ **વડીયા** = મોટાઈખોર, બડાઈ ચઢેલા, ઘમંડી.

અનુવાદ

નગરના પ્રમુખ, જ્ઞાતિના મુખિયા કે વાંચીને પંડિત થયેલા હોય, પરંતુ આત્મલક્ષ જાણ્યા વિનાના માનવો ગર્ધવ સમાન અને ગૌપુત્ર (આખલા કે સાંઢ)ની જેમ મોટપણામાં રાચનારા છે.

ભાવાર્થ

ગૂઢગમ વિનાના અજ્ઞાની માનવોએ ભલે સામ, દામ, દંડ અને ભેદની રાજનીતિ અપનાવી ગામના અધ્યક્ષપદે હોય કે જ્ઞાતિના મુખિયા બન્યા હોય અથવા તો ધાર્મિક પુસ્તકો (ગ્રંથો) યા અન્ય વિષયને લગતા પુસ્તકો વાંચી વાંચીને વિદ્વાન બન્યા હોવા છતાં જો તેમને આત્મલક્ષની સાચી સમજ ન હોય તો તેવા પંડિતો ગર્ધવ સમાન છે. આવા ભણેલા પણ ગણેલા ન હોય તેવા માનવો વ્યર્થ વાદ-વિવાદના અને મારા-તારાના વડપણમાં ગાયની ઓલાદ રૂપ આખલા અને માતેલા સાંઢની જેમ બેફામ વ્યવહાર કરવામાં અને બડાઈ હાંકવામાં પાવરધા હોય છે.

મહાદ પુરુષ પરતાપ પુનિત મેં, સવળું કાંય ન સૂઝે;
તે ભુંદુ અપરાધી અંધુ, બુચટ કાંય ન બૂઝે. ૪

શબ્દાર્થ

મહાદ = મોટા, મહાનજ્ઞાની **પુરુષ** = પુરુષ **પરતાપ પુનિત મેં** = પુણ્ય પ્રતાપમાં **સવળું** = સીધું, સૂલટું **કાંયન** = કાંઈપણ નહીં **સૂઝે** = દેખાય, સમજે **તે** = તેવા **ભુંદુ** = અણસમજૂ, હઠીલા, કપટી, ધૂર્ત **અપરાધી** = ગુનેગારો, પાપી **અંધુ** = આંધળા, વિવેકહીન **બુચટ** = બુદ્ધિહીન, મૂર્ખ, કાચી સમજવાળા **કાંય ન** = કાંઈપણ નહીં **બૂઝે** = બોધગ્રહણ કરે, સમજે, પિછાણે, જાણે.

અનુવાદ

જ્ઞાની પુરુષના પુણ્ય પ્રતાપે સવળુ કાંઈપણ સૂઝતું નથી એવા ભુંદુ,

અપરાધી, અંધ અને બુચટ કોઈપણ બોધ ગ્રહણ કરતા નથી. પુરુષ

ભાવાર્થ

આવા અણસમજૂ, અપરાધી, જ્ઞાનથી અંધ અને મૂર્ખ માનવોને કોઈ મહાનજ્ઞાની પુરુષ આવી મળે અને તેમના પુણ્ય પ્રતાપે સાચી જ્ઞાનની યથાર્થ સમજ આપવા છતાં પણ તેમને પરમાર્થનું શુભ કાર્ય કરવાનું સૂઝતું નથી અને ખોટા વાદ-વિવાદ અને અનર્થ બકવાસ કરવાનું ગમે છે. તેઓને અધોગતિનો માર્ગ પસંદ પડી ગયો હોઈ ઉર્ધ્વગતિના જ્ઞાનનો સત્સંગ ફીકો લાગે છે.

ચોસરા - ૨

દુરમતિ દેખત સાર ન પેખત, શિંગ પૂચ્છ વિનું પશવા;
જ્યોં પનઘટ પર પત્થર જેસા, કામ લગે પદ ઘસવા. ૧

શબ્દાર્થ

દુરમતિ = દુબુદ્ધિ, નઠારી બુદ્ધિ **દેખત** = દેખતાં **સાર** = સાચું, ઉત્તમ, તાત્પર્ય, સત્વ **ન** = નહીં **પેખત** = જોતા **શિંગ** = શિંગડાં **પૂચ્છ** = પૂછડું **વિનું** = વગરના, સિવાયના **પશવા** = પશુઓ **જ્યોં** = જેમ, જેવી રીતે **પનઘટ** = કૂવા કાંઠો, જળાશયનો કિનારો, આરો **પર** = પર, પાસે **પત્થર** = પથ્થરની છાંટ **જેસા** = જેવા **કામ** = કામ **લગે** = લાગે **પદ** = પગ **ઘસવા** = ઘસવા.

અનુવાદ

આવા પૂછડા અને શિંગડાં વગરના પશુ જેવા માનવો દુર્બુદ્ધિથી જોતા હોઈ સાર રૂપ સત્યને સમજતા નથી. જેમકે જળાશય પરના પથ્થર જેવા માત્ર પગ ઘસવાના કામમાં આવે છે.

ભાવાર્થ

આવા બુદ્ધિહીન માનવો પૂછડા અને શિંગડાં વગરના પશુ સમાન છે. જેમની વૃત્તિ દુર્બુદ્ધિથી ભરેલી હોઈ તેમને બધું જ અવળું ભાસે છે. કોઈ જ્ઞાની

સાર રૂપ સત્ય વસ્તુને સમજાવે છતાં તેઓ તે સમજવા કે સ્વીકારવા તૈયાર હોતા નથી અને સત્‌કાર્યમાં અડચણ રૂપ બની સંસારમાં ભટક્યાં કરે છે. જેમ નદી, તળાવ કે સરોવર જેવા જળાશયોના કિનારે આવેલા ઘાટ પરના પથ્થર જેવા હોય પાણી ભરવા જતા-આવતા લોકોને પગ ઘસવાના કામમાં આવતા હોય તેવા છે.

ત્યોં પરકારે રવિસુતના પદ, શઠને શીશ સમારે;
જ્યોં જ્યોં જોર કરી ફટકારે ત્યોં પદ કલત નિવારે. ૨

શબ્દાર્થ

ત્યોં પરકારે = તે જ પ્રકારે, તે જ રીતે **રવિસુતના** = યમરાજાના **પદ** = દૂત, અધિકારી **શઠને** = ઠગને, લુચ્ચાને **શીશ સમારે** = શિક્ષા આપે, ત્રાસ આપે, માથે પ્રહાર કરે **જ્યોં જ્યોં** = જેમ જેમ, અધિકને અધિક **જોર કરી** = બળકરી, બળપૂર્વક **ફટકારે** = ત્રાસ આપે, સજાકરે, માર મારે **ત્યોં** = ત્યાં **પદ** = દૂત **કલત** = કરપ, ત્રાસ, ધાક **નિવારે** = દૂર કરે, મીટાવે, છોડાવે.

અનુવાદ

તેવી જ રીતે યમરાજાના દૂતો આવા શઠને ત્રાસ આપે અને અધિકને અધિક બળપૂર્વક માર મારે પણ ત્યાં દૂતના ત્રાસથી કોણ છોડાવે ?

ભાવાર્થ

તેવી જ રીતે આવા ઠગોને તેમના કર્મોનો બદલો આપતાં યમરાજાના દૂતો મૃત્યુના અંતે અસહ્ય ત્રાસ આપે છે. જેટલા પ્રમાણમાં વધુ કુકર્મોનો પ્રભાવ હોય તેટલા પ્રમાણમાં અધિકને અધિક સજા કરીને બળપૂર્વક માર મારે છે, પરંતુ આવા નુગરા ઠગોને દૂતોના ત્રાસમાંથી કોણ છોડાવે ? કારણ કે મહા મોંઘો મનુષ્યનો દેહ મળ્યો હોવા છતાં ગુરુનું શરણું સ્વીકારી પરમેશ્વરને ભજ્યા નથી તો પછી દેહ છોડ્યા બાદ તેવા નુગરાને યમદૂતોના ત્રાસમાંથી મુક્ત કરવા કોઈ સહાય પણ કરતું નથી.

તે સંકટ શિર સોમતણું, કુણ વહાર કરી બચાવે;
આડ અટક વિનું અનભે થઈને, જમ જમપુરી લઈ જાવે. ૩

શબ્દાર્થ

તે = તે **સંકટ** = દુઃખ, ત્રાસ **શિર** = માથે **સોમતણું** = સોમનું, ચંદ્રનું **કુણ** = કોણ **વહાર** = સહાય, ઉપરાણું **કરી** = કરી **બચાવે** = બચાવે **આડ અટક** = રોક ટોક **વિનું** = વિના **અનભે** = નિર્ભય **થઈને** = થઈને **જમ** = યમરાજ **જમપુરી** = યમપુરીમાં **લઈ** = લઈ **જાયે** = જાય.

અનુવાદ

જેમ સોમરાજાને માથે આવી પડેલા દુઃખની સહાય કરી કોણ બચાવે ? તેમ આવા શઠને કોઈ સહાય કરતું નથી, જેથી કોઈના પણ રોક-ટોક વિના નિર્ભય થઈને યમરાજા તેને યમપુરીમાં લઈ જાય છે.

ભાવાર્થ

એક પૌરાણિક કથા છે કે સોમ(ચંદ્ર) દક્ષ ઋષિની ૨૭ દીકરીઓને પરણ્યો હતો, પરંતુ રોહિણીને તે વિશેષ ચાહતો હોઈ બાકીની ૨૬ની ફરીયાદને લીધે દક્ષરાજાએ તેને શાપ આપ્યો હતો અને તેને મહાભયંકર ક્ષય રોગ લાગ્યો. આવી દુઃખી હાલતમાં પણ તેને રાજસૂય યજ્ઞ કર્યા જેથી તેનામાં અભિમાન આવ્યું અને કામી બનતાં તે બૃહસ્પતિની સ્ત્રીને ઉપાડી ગયો અને ઘણી વિનંતી પછી પણ પાછી ન આપી જેથી વધુ કલેશ પેદા થયો, પરંતુ દુષ્કર્મને લીધે કોઈ તેની સહાયમાં આવ્યું નહીં અને છેવટે તેનો ત્રિશૂળથી શંકરે વધ કર્યો.

આવી જ રીતે દુનિયામાં શઠવૃત્તિથી જીવન જીવતા માનવીને તેના કુકર્મોની સજારૂપે મળેલ દુઃખમાંથી કોઈ સહાય કરતું નથી કે તેનું ઉપરાણું લેતું નથી. જેથી કોઈની પણ રોક-ટોક ન હોવાને કારણે નિર્ભય થઈ યમરાજા પણ એવા શઠને યમપુરીમાં લઈ જાઈ નર્કકુંડોની યાતના (ત્રાસ) આપે છે.

સંત શરણ નંદિક નર પાપી, નરક તણા મગ સૂઝે;
તે ભૂદૂં અપરાધી અંધુ, બૂચટ કાંયન બૂઝે. ૪

શબ્દાર્થ

સંત = સંતપુરુષના **શરણ** = શરણું **નંદિક** = નિંદા **નર** = માનવ **પાપી** = પાપી **નરક તણા** = નર્કકુંડના **મગ** = માર્ગ **સૂઝે** = સૂઝવું, દેખાવું, લાગવું **તે** = તે **ભૂદું** = દુષ્ટ

અપરાધી = ગુનેગાર **અંધુ** = જ્ઞાનથી અંધ **બૂચટ** = મૂર્ખ **કાંયન** = કાંઈપણ નહીં **બૂઝે** = સમજે, બોધ ગ્રહણ કરે.

અનુવાદ

સંતોના શરણની નિંદા કરનાર પાપી માનવને નર્કકુંડના માર્ગ સૂઝે છે. એવા ભૂદું, અપરાધી, અંધ અને બૂચટને કાંઈ સમજાતું નથી.

ભાવાર્થ

આવા અણસમજૂ, અપરાધી, જ્ઞાનથી અંધ અને મૂર્ખ માનવોને મોક્ષનો સાચો માર્ગ દર્શાવનાર સંતપુરુષોના શરણમાં જઈ સત્યબોધને ગ્રહણ કરવાનો માર્ગ ગમતો નથી.

આવા પાપી માનવો મોક્ષના માર્ગે ગમન કરવાનું ત્યજી ઉલટાનું સંતોની નિંદા કરી ફળ સ્વરૂપે નર્કકુંડની યાતના ભોગવવાના માર્ગને અપનાવે છે.

પૌરાણિક માન્યતા પ્રમાણે અઠ્ઠાવીસ નર્કકુંડ :- તામિસ્ત્ર, અંધ તામિસ્ત્ર, રૈરવ, મહારૌરવ, કુંભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન, શૂકરમુખ, અંધકૂપ, કૂર્મિભોજન, સંદંશ, તપ્તશૂમિ, વજ્રકંટકશાલ્મલી, વૈતરણી, પૂયોદ, પ્રાણરોધ, વિશસન, લાલાભક્ષ, સારમેયાદન, અવીચિ, અયઃપાન, ક્ષાર્કદંમ, રક્ષગમભોજન, શૂણપ્રોજ્ઞ, દંદશૂક, અવરનિરોધન, પર્યાવરણ

ચોસરા - 3

સનમુખતાયે સરલ સ્વાભાવિક, પૂઠલ નખરું બોલે,
તે મૂરખ મુરજાદ વિના જે, સ્વાન સૂક્કર ને તોલે. ૧

શબ્દાર્થ

સનમુખતાયે = રૂબરૂમાં, સન્મુખ **સરલ** = સરળ, નિખાલસ, સારો **સ્વાભાવિક** = કુદરતી, સ્વભાવગત **પૂઠલ** = ગેર હાજરીમાં **નખરું** = નકામું, ખોટુ, નઠારું **બોલે** = બોલે **તે** = તે **મૂરખ** = મૂર્ખ **મુરજાદ** = લાજ, શરમ, મર્યાદા **વિના** = સિવાય **જે** = જે **સ્વાન** = કૂતરા **સૂક્કર** = ભૂંડ **ને** = ને, **તોલે** = સમાન, સરીખા, જેવા.

અનુવાદ

કૂતરા અને ભૂંડ જેવા મૂર્ખ અને લાજ શરમ વિનાના સ્વભાવને વરેલા માનવો રૂબરૂમાં સારું અને ગેરહાજરીમાં નઠારું બોલે છે.

ભાવાર્થ

મૂર્ખ માણસો તેમની હાજરીમાં તો વ્યક્તિ રૂબરૂ હોવાને કારણે તેમને સારું લાગે તેવું મીઠું બોલે છે, પરંતુ વ્યક્તિની ગેરહાજરીમાં તેમની નિંદા કરતાં થાકતા કે શરમાતા નથી. આવા લાજ-મર્યાદા સિવાયના સ્વભાવ ધરાવતા મૂર્ખને શેરીઓમાં ભટકતા કૂતરા અને ભૂંડ જેવી વૃત્તિવાળા સમજવા.

અરથ અછૂતા ભવમેં ભૂતા, યેળે આયુષ્ય ગમાવે;
કુંભીપાક નરકમેં તે નર, અંતે જઈ સમાવે. ૨

શબ્દાર્થ

અરથ = ગરજુ, મતલબી **અછૂતા** = અસ્પૃશ્ય, અપવિત્ર **ભવમેં** = ભવમાં **ભૂતા** = પાંચ મહાતત્ત્વોથી દશ્યતા વગરનું નરક જેવું શરીર, ભૂત-પ્રેત યોનિની જેમ **યેળે** = વ્યર્થ, નકામો, ફોગટ **આયુષ્ય** = જીવન કાળ, જિંદગી, આવરદા **ગમાવે** = ગુમાવે **કુંભીપાક** = એ નામનું ભયાનક, ઘણું ઊંડુ અને અંધકારમય એક નરક, જે કોઈ સજીવ પ્રાણીને રાંધીને કે તળીને ખાય છે તે આ નરકમાં યાતના ભોગવે છે જેમાં યમના દૂતો નરકીઓને પકડી કુંભી પાક નામના પાત્રના ઉકળતા તેલમાં નાંખે છે **નરકમેં** = નરકમાં **તે** = તે **નર** = માનવી **અંતે** = અંતમાં, છેવટે **જઈ** = જઈને **સમાવે** = રહે છે, જાય છે, સમાસ થવો, સ્થાન પામવું.

અનુવાદ

આવા મતલબી અને અપવિત્ર માનવો પ્રેત યોનીની જેમ જગતમાં વ્યર્થ જીવનકાળ ગુમાવે છે. અંતમાં તે નર કુંભીપાક નરકમાં જઈને સ્થાન પામે છે.

ભાવાર્થ

૮૪ લાખ પ્રકારના ઘાટોમાં સર્વ શ્રેષ્ટ માનવ દેહ મળ્યો હોવા છતાં આવા મતલબી અને અપવિત્રતાથી ભરેલા માનવો પાંચ મહાતત્ત્વો, પૃથ્વી, જળ,

અગ્નિ, પવન અને આકાશથી તૈયાર થયેલા મોક્ષના દ્વારસમા દુર્લભ માનવ દેહની પરવા કર્યા સિવાય જગતમાં ભૂત-પ્રેત યોનિની જેમ જીવનકાળ વ્યર્થ ગુમાવે છે. પરિણામે તેઓ દેહના અંતે મુક્તિથી વંચિત રહીને ઉર્ધ્વગતિ નહીં, પરંતુ અધોગતિ પામીને અઠ્ઠાવીસ નર્કકુંડ પૈકી કુંભીપાક નરકમાં જઈને સ્થાન પામે છે. યમના દૂતો આવા નરકીને કુંભીપાક નામના પાત્રના ઉકળતા તેલમાં નાંખીને યાતનાઓ આપે છે.

કેતેક કાળ નરકમેં ભૂગતી, લખચોરાસી નાંખે;
અનેકવાર અવતાર ધરીને, જુગ જુગ યોની જાંખે. ૩

શબ્દાર્થ

કેતેક કાળ = કેટલાય કાળ, ઘણો લાંબા સમય સુધી **નરકમેં** = નરકમાં **ભૂગતી** = ભોગવીને **લખચોરાસી** = ચોરાસી લાખ ઘાટોમાં **નાંખે** = નાંખે **અનેકવાર** = એક કરતાં વધુ સમય **અવતાર** = જન્મ **ધરીને** = ધારણ કરીને **જુગ જુગ** = જન્મોજન્મ, યુગોના યુગો **યોની** = ઘાટ **જાંખે** = જોવું, માનવું, ભોગવવું.

અનુવાદ

કેટલોય સમય નરકમાં ભોગવાવીને ચોરાસી લાખ યોનિમાં નાંખે છે જ્યાં અનેકવાર જન્મ ધારણ કરીને યુગોના યુગો સુધી ઘાટોને ભોગવે છે.

ભાવાર્થ

કુંભીપાક નરકની લાંબા સમય સુધી યાતના ભોગવ્યા બાદ યમદૂતો પાપી મૃતાત્માઓને પાછા પૃથ્વી પરના ચોરાસી લાખ પ્રકારના વિવિધતાવાળા ઘાટો ભોગવવા મોકલે છે. જેથી નરકની સજા ભોગવ્યા બાદ તે આત્મા (અંશ) મૃત્યુલોકમાં આવીને અનેકવાર જન્મ ધારણ કરીને કર્મના આધારે યુગોના યુગો સુધી જુદા જુદા ઘાટોમાં ભટકે છે.

કોટી કલપ યેંમ કરતાં વીતે, આવે મનુષ તનુ જે;
તે ભુંદુ અપરાધી અંધુ, બૂચટ કાંયન બૂઝે. ૪

શબ્દાર્થ

કોટી = કરોડો **કલપ** = કલ્પ, બ્રહ્માનો એક દહાડો ૪,૩૨,૦૦,૦૦,૦૦૦ વર્ષનો સમયગાળો **યેંમ કરતાં** = એમ, આ પ્રમાણે, પસાર થતાં, એમ થવાથી **આવે** = આવે **મનુષ** = મનુષ્ય **તનુ** = ઘાટ **જે** = જે **તે** = તે **ભુંદુ** = દુષ્ટ **અપરાધી** = ગુનેગાર **અંધુ** = જ્ઞાનથી અંધ **બૂચટ** = મૂર્ખ **કાંયન** = કાંઈપણ નહીં **બૂઝે** = સમજે, બોધ ગ્રહણ કરે.

અનુવાદ

આમ કરતાં કરોડો કલ્પ વિત્યા બાદ તે (અંશ) મનુષ્યના ઘાટમાં આવે છે. એવા ભુંદુ, અપરાધી, જ્ઞાનથી આંધળા અને મૂર્ખ માનવો કાંઈપણ સમજતા નથી.

ભાવાર્થ

આ રીતે પૃથ્વી પર વિધ-વિધ ઘાટોમાં ભટકતાં ભટકતાં કરોડો કલ્પો વીતી જાય છે. પછી તે અંશ પોતાનાં સંચિત કર્મોને આધારે માનવના ઘાટમાં આવે છે.

આવો દુર્લભ માનવદેહ પ્રાપ્ત થયો હોવા છતાં ભુંદુ, ગુનેગાર, જ્ઞાનથી અંધ અને મૂર્ખ માનવો કાંઈપણ સમજતા નથી.

ચોસરા - ૪

તમનો તમ તેનો તે મારગ, નાક વિના નર ઝાલે;
સંત શરણ તરવાનો જે પખ, તેહેંમેં હાંમ ન ઘાલે. ૧

શબ્દાર્થ

તમનો તમ = તેવોને તેવો, તેમનો તેમ **તેનો તે** = તેનો તેજ **મારગ** = માર્ગ, રસ્તો **નાક વિના** = બેશરમ, ઈજ્જત સિવાયના **નર** = માનવી **ઝાલે** = પકડે **સંત** = જ્ઞાની સંત પુરુષ **શરણ** = શરણું **તરવાનો** = ભવસાગર પાર કરવાનો **જે પખ** = જે પક્ષ **તેહેંમે** = તેમાં **હાંમ** = હિંમત **ન** = નહીં **ઘાલે** = ધારણ કરે, ભરે.

અનુવાદ

આવા બેશરમી માનવો તેવોને તેવો તેનો તેજ માર્ગ અપનાવે છે અને

ભવસાગર તરવાનો જે પક્ષ છે તેવા સંતના શરણમાં જવા માટેની હિંમત પણ ધારણ કરતા નથી.

ભાવાર્થ

સૃષ્ટિની આદ્યથી માંડી કરોડો યુગોના લાંબા સમયગાળા દરમિયાન જુદા જુદા ઘાટોમાં ભટક્યા છતાં પૂર્વે પ્રાપ્ત કરેલ માનવદેહની જેમ તેવોને તેવો અને તેનો તે જ વ્યવહાર અપનાવે છે. આવા બેશરમી માનવો મનુષ્ય ઘાટ થકી જ મુક્તિ મેળવી શકાય છે તે હકીકતને ભૂલી જઈ ભવસાગરમાંથી મુક્તિ મેળવવા અર્થે જ્ઞાની એવા સાચા સંતના શરણમાં જવા માટેની હિંમત પણ ધારણ કરતા નથી. માત્ર અન્ય ઘાટની જેમ આહાર, નિંદ્રા, ભય અને મૈથુનમાં જ વૃત્તિ રાખીને જીવન જીવે છે, અને દેવોને પણ દુર્લભ એવા માનવદેહને વ્યર્થ ગુમાવી દે છે.

ફટફટ લંપટ હાવે તુજને, શું કહે સંત પોકારી;
વારંવાર વિચાર વિના શઠ, નેક ન ઉરમેં ધારી. ૨

શબ્દાર્થ

ફટફટ = ધિક્કાર, ફીટકાર **લંપટ** = વ્યભિચારી, વિષયી **હાવે** = હવે **તુજને** = તને **શું કહે** = શું કહે ? **સંત** = જ્ઞાની સંતપુરુષ **પોકારી** = પોકાર કરી **વારંવાર** = અનેક વખત, વખતોવખત, વારે વારે **વિચારવિના** = વિચાર કર્યા વિના **શઠ** = શઠ, લુચ્ચો **નેક** = સદ્‌ગુણ, પ્રમાણીકતા **ન** = નહીં **ઉરમેં** = હૃદયમાં **ધારી** = ધારણ કરી.

અનુવાદ

એવા લંપટને ધિક્કાર છે કે સંત પણ પોકાર કરીને શું કહે? કારણ કે આવા શઠે વારંવાર વિચાર કર્યા વિના સદ્‌ગુણો પણ હૃદયમાં ધારણ કર્યા નહીં.

ભાવાર્થ

સત્યનો માર્ગ ભુલી અધોગતિના માર્ગે ગમન કરનારા માનવોને માત્ર પરોપકાર અર્થે દેહ ધારણ કરનાર જ્ઞાની સંતપુરુષ પોકાર કરીને ઉપદેશ આપે

છે. તેમ છતાં બ્રહ્મચર્યની ચરી નહીં પાળીને ઈન્દ્રિયોના સુખમાં રચ્યા-પચ્યા રહેનાર કામી, દુર્ગુણી અને ભૂચરગતિના જીવો પોતાના હૃદયમાં જ્ઞાની પુરુષોના સ્વમુખેથી કથા-વાર્તા સાંભળવા છતાં મોક્ષદાયી વચનોને વારંવાર વિચાર કરીને પણ ધારણ કરતા નથી કે તેમનું શરણું પણ સ્વીકારતા નથી. તેથી એવા શઠ જીવો ખરેખર ધિક્કારને પાત્ર છે.

ધુર પરો ધનમાલ તેરેમેં, પત્થર પટલપણામેં;
મોટપણામે મગ હર મરતક, શલ્યા સહણપણામે. ૩

શબ્દાર્થ

ધુર પરો = ધૂળ પડી, અપકીર્તિ વહોરવી, ધિક્કારપાત્ર બનવું **ધનમાલ** = પૈસા અને સંપત્તિ, માલ-મિલકત **તેરેમેં** = તારામાં **પત્થર** = કઠણ, નિર્દય, સખતાઈ **પટલપણામેં** = પટલાઈપણામાં, મુખીપણામાં **મોટપણામે** = મોટાઈપણામાં **મગ** = માર્ગ **હર** = હરીને, લઈને **મરતક** = મરણ સુધી **શલ્યા** = કઠણતા **સહણપણામે** = પોતાપણાનું અભિમાન, હું પદ.

અનુવાદ

તારી માલ-મિલકતને ધિક્કાર છે. કારણ કે તારામાં પટલાઈપણાની સખતાઈ હોવાથી તું મોટાપણાનાં માર્ગને અપનાવી મરતા સુધી માત્ર પોતાપણાના અભિમાનમાં રાચતો હોય છે.

ભાવાર્થ

જે માનવો સમાજમાં રહી પટલાઈપણાની વૃત્તિ રાખીને સમાજના અન્ય વર્ગો ઉપર સખતાઈપૂર્વકનો જુલમ કરતા હોય છે અને પોતે જ મોટા છે એવો મોટાઈનો માર્ગ અપનાવી મરતા સુધી અનીતિપૂર્વકનો વ્યવહાર કરી માત્ર પોતાના અહંપણામાં રાચતા હોય છે. તેવા અભિમાની જીવો ભલેને ધન-દોલત, માલ-મિલકતથી સંપન્ન હોય, પરંતુ પરમાર્થના કાર્યમાં ન વાપરે તો તેમના જીવનમાં ધૂળ પડી તેમ કહેવાય. એટલે કે આવા માનવો સમાજમાં સન્માન મેળવવાને બદલે ધિક્કારને પાત્ર બને છે.

રાજપણામેં રજ રસ્તાની, જો જગદીશ ન સૂઝે;
તે ભુંદુ અપરાધી અંધુ, બૂચટ કાંય ન બૂઝે. ૪

શબ્દાર્થ

રાજપણામેં = રાજ્ય કારભારમાં **રજ** = ધૂળ **રસ્તાની** = માર્ગની, રસ્તાની **જો** = જો **જગદીશ** = ઈશ્વર, પ્રભુ **ન** = નહીં **સૂઝે** = દેખે, ઓળખે **તે** = તે **ભુંદુ** = દુષ્ટ **અપરાધી** = ગુનેગાર **અંધુ** = જ્ઞાનથી આંધળા **બૂચટ** = મૂર્ખ **કાંયન** = કાંઈપણ નહીં **બૂઝે** = બોધગ્રહણ કરે, સમજે.

અનુવાદ

જો જગતના સ્વામીને ન ઓળખે તો રાજાનું રાજપણું પણ રસ્તાની ધૂળ સમાન તુચ્છ કહેવાય. આમ ભુંદુ, અપરાધી, જ્ઞાનથી અંધ અને મૂર્ખને કાંઈપણ સમજાતું નથી.

ભાવાર્થ

ગત જન્મના પુણ્ય પ્રતાપે આ જન્મે મળેલા માનવદેહમાં રાજ્યનું ઉચ્ચસ્થાન ધરાવતો રાજપદનો હોદ્દો મળ્યો હોય તેમ છતાં ધર્મ પરાયણ વ્યવહાર ત્યજીને રૈયત ઉપર અધર્મ ભર્યો અમલ ચલાવે છે. પોતાના ઉર્ધ્વગમન માટેનો વિચાર શુદ્ધાં પણ કરતાં નથી. જગતના સાચા સર્જનહારને ન ઓળખે કે ઓળખવા પ્રયત્ન પણ ન આદરી શકે તો તેવો રાજકારભાર પણ રસ્તાની ધૂળ સમાન તૂચ્છ કહેવાય છે. ઉત્તમ સ્થાન મેળવવા છતાં પણ આવા અધર્મી ભુંદુ, અપરાધી, જ્ઞાનથી અંધ અને મૂર્ખ માનવોને પરમમોક્ષ પ્રાપ્ત કરવાના લક્ષ અંગે કાંઈપણ સૂઝતું નથી.

ચોસરા - ૫

પઢીયા ગુણીયા હોય વ્યાકરણી, જોષી જોષ જોવંતા;
નિજ અનભે બિન કાજ સરત નહીં, વરથા વાદ વદંતા. ૧

શબ્દાર્થ

પઢીયા = પઢ્યા, ભણ્યા **ગુણીયા** = ગણ્યા **હોય** = થયા **વ્યાકરણી** = વ્યાકરણના જ્ઞાતા

જોષી = જ્યોતિષી **જોષ જોવંતા** = જ્યોતિષ વિષયક ગણતરીથી ફળાદોશ કરનાર **નિજઅનભે** = પોતાના સ્વનો અનુભવ **બિન** = વિના **કાજ** = કર્મ, કાર્ય **સરત નહીં** = સરે નહીં, સફળ થાય નહીં **વરથા** = વૃર્થા, નાહકે **વાદ વદંતા** = વાદ વદે છે, હોડમાં ઉતરવું.

અનુવાદ

ભણી-ગણીને વ્યાકરણી થયા હોય કે જોષી થઈ જોષ જોતા હોય, પરંતુ પોતાના સ્વ-સ્વરૂપના અનુભવ વિના કાર્ય સફળ થાય નહીં. આ તો માત્ર વૃથા વાદ વદે છે.

ભાવાર્થ

ચાર વેદ, છ શાસ્ત્ર અને સ્મૃતિઓ સહિતના ધાર્મિક પુસ્તકોમાં દર્શાવેલ જ્ઞાનને સમજવા વ્યાકરણનો અભ્યાસ કરે છે. તેમજ વિદ્યા મેળવી ભણી-ગણીને ઉચ્ચકક્ષાના જ્ઞાની બને છે. કેટલાક જ્યોતિષ વિદ્યાના જ્ઞાતા બની કુંડળીમાં ગ્રહોના સ્થાન તપાસી ફળાદેશ અને ભવિષ્યની પરિસ્થિતિને દર્શાવે છે. આવા પંડિતો અને જ્ઞાની જનો ધન સંપત્તિ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી મિથ્યા વાદ-વિવાદ વદે છે, પરંતુ જ્યાં સુધી તેઓ પોતાના સ્વ-ચૈતનનો અનુભવ કરતા નથી ત્યાં સુધી આત્મકલ્યાણનું કાર્ય સફળ થતું નથી.

પંડિત હોય તો પશુ સરીખા, વેદ પઢંતા વછવા;
ગાયંત્રી જપીયા જંગલ જટ, જે જ્ઞાની દ્રોહી રસવા. ૨

શબ્દાર્થ

પંડિત = વિદ્વાન, જ્ઞાની **હોય** = હોય **તો** = પણ **પશુ** = જાનવર, ચોપગુ પ્રાણી **સરીખા** = ના જેવા, સમાન **વેદ** = આર્યોનું સૌથી પ્રાચીન ધર્મ ગ્રંથ-બ્રહ્માજી દ્વારા વદીત ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ **પઢંતા** = વાંચતા, અભ્યાસ કરતા **વછવા** = વાછરડા જેવા **ગાયંત્રી** = ગાયત્રી મંત્ર, ઋગ્વેદના અધ્યાય ૩-૬૨-૧૦ના શ્લોકના આધારે બનાવેલો મંત્ર જે પ્રાણનું રક્ષણ કરનારો મંત્ર કહેવાય છે **જપીયા** = જાપને જપનારા **જંગલજટ** = જંગલી અને અણઘડ, હઠીલું, અનાડી **જે** = જેઓ **જ્ઞાની** = જ્ઞાની પુરુષ **દ્રોહી** = દ્રોહ કરનાર, દ્વેષ કરનાર **રસવા** = રસીયા, રસ ધરાવતા.

અનુવાદ

વેદનો અભ્યાસ કરીને વિદ્વાન બનેલા પુરુષ વાછરડાની જેમ પશુ સમાન છે કારણ કે જંગલવાસી જેવા હઠીલા બનીને ગાયત્રીનો જાપ જપનારાઓ માત્ર જ્ઞાની પુરુષોનો દ્રોહ કરવામાં જ રસ ધરાવે છે.

ભાવાર્થ

બ્રહ્મા વદીત ચાર વેદનો અભ્યાસ કરીને જ્ઞાની બનેલા પુરુષો વિદ્વાન કહેવાય, પરંતુ જ્યાં સુધી તેમણે ચૈતન સ્વરૂપનો અનુભવ નથી ત્યાં સુધી તેઓ ગાયના વાછરડાની જેમ પશુ સમાન કહેવાય. કારણ કે તેઓ જંગલમાં રહેનાર હઠીલા માનવોની જેમ હઠ યોગના આધારે માત્ર ઋગ્વેદના અધ્યાય ૩-૬૨-૧૦ના આધારે બનાવેલ ગાયત્રી મંત્રનો જાપ જપે છે. જીવોના ઉદ્ધાર માટે પ્રયત્નશીલ એવાં મહાન અનુભવી અને જ્ઞાની પુરુષોની ઈર્ષા કરવામાં જ આવા જડ પંડિતો રસ ધરાવે છે, પરંતુ પોતાના સ્વ-ચૈતન સ્વરૂપનો અનુભવ કરતા નથી.

તારણ તરણ પરતાપ પુરુષની, ગતિ ન પ્રિછત ઘહેલા;
અંતરના અભિમાન ભરેલા, મધુ ભૂગતાવત મેલા. ૩

શબ્દાર્થ

તારણ તરણ = ભવસારથી પાર ઉતારનાર, પોતે તરે અને બીજાને તારે તેવા **પરતાપ** = પ્રતાપ, પ્રભાવ, પ્રભુત્વ **પુરુષની** = મહાપુરુષની **ગતિ** = જ્ઞાન, સમજ **ન** = નહીં **પ્રિછત** = જાણે, પહેચાને **ઘહેલા** = પ્રેમાતુર, ઘેલછા ભર્યું વર્તન કરનાર **અંતરના** = હૃદયમાં **અભિમાન** = ગર્વ, ગુમાન **ભરેલા** = ભરેલા **મધુ** = દારુ, મધ, મદિરા, મધુરતા, સુંદર **ભૂગતાવત** = માનનારા, પીનારા, પાન કરનારા **મેલા** = અપવિત્ર, કપટી.

અનુવાદ

પ્રેમઘેલા માનવો તારણતરણ પ્રતાપી પુરુષની ગતિને પિછાણતા નથી. પોતે મદિરાનું પાન કરી અપવિત્ર બન્યા હોઈ હૃદયમાં અભિમાન ભરેલા હોય છે.

ભાવાર્થ

માત્ર સાંસારિક પ્રેમમાં ઘેલા બનેલા માનવો મોક્ષના દાતા, તારણતરણ અને પ્રભુત્વશાળી વિભૂતિ ધરાવતા મહાન જ્ઞાની પુરુષની જ્ઞાનગતિને જાણતા કે ઓળખતા નથી. મદિરાપાન કરીને હંમેશાં નશામાં જ મશગૂલ રહેતા હોય છે. પોતાનું જ્ઞાન અન્ય કરતાં વિશેષ છે તેવું ધારીને તેઓ હૃદયમાં મિથ્યા અભિમાન ધારણ કરીને મનના અપવિત્ર જીવો સંસારમાં દિશાહીન બનીને ભટકતા હોય છે.

શિકોતર સતજુગ ત્રહેતાની, ઈષ્ટ કરી જે પૂજે;
તે ભુંદુ અપરાધી અંધું, બૂચટ કાંયન બૂઝે. ૪

શબ્દાર્થ

શિકોતર = દુર્ગાની કોટીની એક દિવ્ય દૈવી શક્તિ, અવગત સતી સ્ત્રી જે સૂક્ષ્મ દેહે ભટકે છે તે **સતજુગ** = સત્‌યુગ **ત્રહેતાની** = ત્રેતાયુગની **ઈષ્ટ** = મહાન, કુળદેવી **કરી** = માનીને **જે** = જે **પૂજે** = પૂજા કરે **તે** = તે **ભુંદુ** = અણસમજૂ **અપરાધી** = ગુનેગાર **અંધું** = જ્ઞાનથી અંધ **બૂચટ** = બુદ્ધિહિન, મૂર્ખ **કાંયન** = કશું પણ નહીં **બૂઝે** = સમજે.

અનુવાદ

સતયુગ અને ત્રેતાયુગની અવગત સતી સ્ત્રીને કુળદેવી માનીને જે પૂજા કરે છે તેવા અણસમજુ ગુનેગાર, અજ્ઞાની અને બુદ્ધિહિણ માનવોને કાંઈ પણ સૂઝતું નથી.

ભાવાર્થ

સતયુગ અને ત્રેતાયુગની જે અવગત થયેલી સતી સ્ત્રીઓ દૈવી શક્તિના સ્વરૂપે સૂક્ષ્મ દેહે વિચરણ કરે છે. તેને પોતાની કુળદેવી માનીને અંધશ્રદ્ધાળુ અને અજ્ઞાનીજનો તેની પૂજા અર્ચના કરે છે અને વિવિધ ભોગ અને નૈવેધ ધરાવે છે. આવા અણસમજુ, અપરાધી, જ્ઞાનથી અંધ અને મૂર્ખા માનવો સત્ય હકીકતને જરા પણ સમજતા નથી.

ચોસરા - ૬

તે શિકોતર જે જુગદેવી, કોટી પંચ ચતુરધા;
સતજુગની અવગત પામેલી, દેવ લખત ગત્ય ગુરધા. ૧

શબ્દાર્થ

તે = તે **શિકોતર** = દુર્ગાની કોટીની દિવ્ય શક્તિદેવી, અવગત સતી સ્ત્રી જે સૂક્ષ્મદેહે ભટકે છે **જે** = જે **જુગદેવી** = યુગદેવી **કોટી પંચ ચતુરધા** = ૫+૪=૯ કરોડ **સતજુગની** = સતયુગની **અવગત પામેલી** = અવગતિએ પામેલી, મરણ વખતે રહેલી ભાવના (ઈચ્છા ને પૂર્ણ કરવા શૂક્ષ્મ દેહે રહેતી વ્યક્તિ **દેવ** = દેવ **લખત** = દર્શાવે, લખે, જણાવે, ગણે **ગત્ય** = ગતિ **ગુરધા** = ગર્ધા, આકાંક્ષીની, ઈચ્છાહીની, લોભીની, ગરજુડી.

અનુવાદ

સિકોતર તે જ યુગની દેવી છે. સતયુગમાં અવગત પામેલી એવી નવ કરોડ દેવીઓ ને દેવકોટીની આંકાક્ષીની માને છે.

ભાવાર્થ

સતયુગ અને ત્રેતાયુગની અવગત પામેલી એવી નવ કરોડ સતી સ્ત્રીઓને સિકોતર કહેવાય છે. જેમાં સતયુગની અવગત પામેલી જે દેવાંગના રૂપે સૂક્ષ્મ અને કારણ દેહ ધરીને રહેલી દૈવી શક્તિ છે, જે દેવ કોટિની હોઈ કળયુગમાં દેવી તરીકે અવતરીને આકાંક્ષાને પુરી કરવાની વૃત્તિ ધરાવતી હોય છે. અવગત્ય પામેલી વ્યક્તિ સૂક્ષ્મદેહની જીવોસ્મિ અહંતા અને કારણદેહની શિવોસ્મિ અહંતા ભોગવે છે. જે સ્વપ્ન અને તુરીયા અવસ્થા ભોગવીને મનવંછિત અને અહંકારમય સુક્રિત દુષ્ક્રિત કરતાં હોય છે.

પરખ કહું અવગત પામ્યાની, ભોજન ભેદ ભવેતી;
ઉચ નીચ ઓરુ પશુ પંખીમેં, સરસ નરસ જુગ સેતી. ૨

શબ્દાર્થ

પરખ = ઓળખ **કહું** = કહું છું **અવગત** = અવગતિએ **પામ્યાની** = પમ્યાની

ભોજન = ખોરાક, ખાન-પાન **ભેદ** = તફાવત **ભવેતી** = જણાય છે **ઉચ** = ઉત્તમ **નીચ** = નિમ્ન **પશુ** = જાનવર **પંખી** = પક્ષી **મેં** = માં **સરસ** = સારો **નરસ** = ખરાબ **જુગ** = યુગ **સેતી** = સહિત, અનુસાર, પ્રમાણે.

અનુવાદ

અવગત પામેલાના ભોજનના તફાવતની ઓળખ જણાવું છું. ઊંચા કે નીચા અને પશુ કે પંખીમાં સારો અને ખરાબ ખોરાક યુગ અનુસાર હોય છે.

ભાવાર્થ

અવગતિએ પામેલાના ભોજનમાં વિવિધતા જોવા મળે છે. તે અંગે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને તેની ઓળખ દર્શાવે છે. જો કોઈ ઊંચ કે નીચ કુળના હોય અને તેઓએ પશુ કે પક્ષી જાતિમાં જન્મ લીધો હોય, તેની પરખ ખોરાકથી થાય છે. જેમાં કોઈનો ખોરાક ઉત્તમકક્ષાનો તો કોઈનો નિમ્નકક્ષાનો હોય છે. જેનું માપદંડ યુગ પ્રભાવ પ્રમાણે જણાતું હોય છે. આજ રીતે અવગત પામેલી દેવીઓ અને વિશેષ કોટીના દેવી-દેવતાઓની પણ પરખ તેમને ધરાવતા ભોગ-થાળ અને નૈવેદ્ય ઉપરથી થાય છે.

હંસ ભખત મુગતાફલ મોતી, મચ્છ મિંડક બગ ચારા;
જે જીનકી જાતી જંમ જેતી, તે તિનકા આહારા. ૩

શબ્દાર્થ

હંસ = હંસ, મરાલ **ભખત** = ભક્ષણ કરે **મુગતાફલ** = મુકતાફળ, મૌકિતકં **મોતી** = છીપમાંથી નીકળતો સહેજ ધોળો, કાળો, લાલ અથવા પીડાશ પડતો ચળકતો લીસો દાણો કે મણકો **મચ્છ** = માછલી **મિંડક** = દેડકો **બગ** = બગલો **ચારા** = ચારો ચરવાથી મળતો ખોરાક **જે** = જે **જીનકી** = જેમની **જાતી** = જાતિ, જાત **જંમ** = જેની **જેતી** = જેવી **તે** = તે **તિનકા** = તેમના **આહારા** = ખોરાક, આહાર.

અનુવાદ

હંસ મુક્તાફળ મોતી અને બગલો માછલી તેમજ દેડકાંનો ચારો ચરે છે. આમ જે પ્રમાણે જેની જેવી જાતિ તે મુજબ તેમનો આહાર હોય છે.

ભાવાર્થ

હંસ દૈવી વાહન તરીકે ગણાતુ ઉચ્ચકક્ષાનું પક્ષી અને બગલો હલકી વૃત્તિ વાળું પક્ષી છે. બંને એક સરખા સફેદ દેખાતા, પાણીમાં ચારો ચરતા પક્ષીઓ છે. તેમ છતાં તેમના આહારમાં મોટો તફાવત છે. હંસ માત્ર મુક્તાફળ મોતીનો ચારો ચરે છે જ્યારે બગલો માછલાં અને દેડકાંનો ચારો ચરે છે. આમ જે પ્રમાણેની જેની જેવી જાતિ હોય તે મુજબ તેનો ઉત્તમ,મધ્યમ કે કનિષ્ઠ પ્રકારનો આહાર હોય છે.

હંસ લહત દેવનકી ગતીયાં, સો બગકુ નવ સૂઝે;
તે ભૂંદુ અપરાધી અંધુ, બૂચટ કાંયન બૂઝે. ૪

શબ્દાર્થ

હંસ = હંસ **લહત** = જાણે **દેવનકી** = દેવોની, ઉચ્ચકોટીની **ગતીયાં** = સમજ, વૃત્તિ **સો** = તે **બગકુ** = બગલાને **નવ** = નહીં **સૂઝે** = સૂઝતું, ખબર પડવી **તે** = તે **ભૂંદુ** = દુષ્ટ **અપરાધી** = ગુનેગાર **અંધુ** = જ્ઞાનથી અંધ **બૂચટ** = મૂર્ખ **કાંયન** = કાંઈપણ નહીં **બૂઝે** = સમજે, જાણે.

અનુવાદ

હંસ, દેવોની ગતિ જાણે છે પણ બગલાને તેવું સૂઝતું નથી. તેજ રીતે ભૂંદુ, અપરાધી, અંધ અને બૂચટને પણ કાંય સમજાતું નથી.

ભાવાર્થ

પશુ-પક્ષીમાં જાતિના આધારે તેનો વ્યવહાર, વર્તન, આચરણ અને ખોરાક નક્કી છે. તે મુજબ હંસ ઉચ્ચકોટિનું પક્ષી હોઈ તેની ગતિ દેવ સમાન વિશેષ જ્ઞાનયુક્ત અને ઉત્તમ વ્યવહારવાળી હોય છે. જ્યારે બગલાની અલ્પગતિ હોઈ તેના દેહના બંધારણને જોતાં તે હંસ સમાન કદી બની ન શકે. જેમ બગલો હંસના ઉત્તમ વ્યવહાર, વર્તન અને ખોરાકને જાણતો નથી તેમ સંસારમાં નિમ્ન કોટિના ગણાતા ભૂંદુ, અપરાધી, જ્ઞાનથી અંધ અને બૂચટ જીવો ઉત્તમ જ્ઞાનગતિને જાણતા નથી.

ચોસરા - ૭

રંક પ્રેહત મોદીક રાખનકે, મુકાવત વટ ઘાટે;
સ્વાદ નથી પણ તે મુખ માગત, અધમ જોન્ય તે માટે. ૧

શબ્દાર્થ

રંક = ગરીબ, નિમ્નકક્ષાના **પ્રેહત** = પ્રેતાત્મા **મોદીક** = લાડુ **રાખનકે** = રાખોડીના **મુકાવત** = મુકાવે **વટ ઘાટે** = રસ્તા વચ્ચે, ચાર રસ્તાની ચોકડીએ, ભાગોળે **સ્વાદ** = સ્વાદ, રસનેન્દ્રિયથી થતો અનુભવ **નથી** = નથી **પણ** = પરંતુ **તે** = તે **મુખ** = મુખથી, બોલીને. **માગત** = માગે છે **અધમ** = નીચ, નિમ્ન, નીચી **જોન્ય** = જાત, યોનિ **તેમાટે** = તેથી, તેને કારણે.

અનુવાદ

નિમ્નકક્ષાના પ્રેતાત્મા રાખોડીના લાડુ માગે અને ચાર રસ્તાની વચ્ચે મુકાવે છે. તેમાં કોઈ સ્વાદ હોતો નથી પણ તે મુખથી માંગે છે. કારણ કે તે અધમ યોનિ છે તે માટે.

ભાવાર્થ

કોઈ માનવી આખી જિંદગી નિમ્નકક્ષાની વૃત્તિ રાખીને જીવી અંતે વાસનાગ્રસ્ત દશામાં જ મૃત્યુ પામ્યો હોય અને તેની અંતિમ ઈચ્છા પદાર્થ પ્રાપ્તિ અને ભુખ સંતોષવાની હોય તો તે માનવઘાટના અંતે પ્રેતાત્માની યોનિમાં સૂક્ષ્મ દેહ ધારણ કરીને ભટકે છે. આ યોનિ અધમ યોનિ ગણાય છે. જેથી જયારે તે અન્ય નિર્બળ મનનાં માનવીના શરીરમાં પ્રવેશીને પોતે બોલીને લાડુની માગણી કરે છે, ત્યારે તેની માગણીને સંતોષવા રાખોડીના લાડુ બનાવીને જો ચાર રસ્તાના ચકલા વચ્ચે મૂકવામાં આવે તો પણ તે સંતોષ પામે છે. ભલે આવા લાડુ સ્વાદ રહિત ખાવાને લાયક ન હોય તેમ છતાં તે પ્રેતાત્માની ઈચ્છાવૃત્તિ સંતોષાય છે. સૂક્ષ્મ યોનિમાં જળતત્ત્વ, સ્વપ્ન અવસ્થા અને બુદ્ધિ અંતઃકરણનો પ્રભાવ વધુ હોવાથી તે દેહમાં સંતોષ સંભસકરણન પ્રભાવ વિશેષ હોય છે. તેથી તે લાડુ ખાવાની માંગણી કરીને રાખોડીના લાડુથી સંતોષ માણે છે.

નિબલ ભખે સો નીચ કહાવત, સાર ભખે સોઈ સ્વાંમી;
તેસે મધુવા માંસ ભખનકી, નીચી જાત્ય નકાંમી. ૨

શબ્દાર્થ

નિબલ = મલિન, અભક્ષ્ય **ભખે** = ભોજન કરે, ખાય **સો** = તેઓ **નીચ** = નીચી જાતના, નિમ્ન **કહાવત** = કહેવાય **સાર** = સારું, સત્વ **ભખે** = ભોજન જમે, ખાય **સોઈ** = તે **સ્વાંમી** = સ્વામીત્વ ધરાવતા, ઉત્તમ કોટીના **તેસે** = તેવી જ રીતે **મધુવા** = દારૂ, મદ્યપાન **માંસ** = માંસ **ભખનકી** = ખાવાવાળી **નીચીજાત્ય** = નિમ્ન કક્ષાની જાતિ, અધમવર્ણ **નકાંમી** = નકામી, તુચ્છ, શુદ્ર.

અનુવાદ

અભક્ષ્ય (ખાવાને ન યોગ્ય) ખાય તે નીચ કહાવે અને સાત્વિક ખોરાક (ખાવાને યોગ્ય) ખાય તે પ્રભુત્વ ધરાવતા કહેવાય. તેવી જ રીતે દારૂ અને માંસ ખાનારા નીચી જાતિના નકામા કહેવાય.

ભાવાર્થ

માનવદેહ મળ્યા પછી જંગલી પ્રાણીઓની જેમ અભક્ષ-ખોરાક જેવા કે પશુ-પક્ષી કે પ્રાણીઓના માંસ ખાય અને દાનવો તથા દૈત્યોનિ જેમ મદિરાપાન કરે, તેવા માનવો ભલે ઉચ્ચ વર્ણમાં જન્મ લીધો હોય, પરંતુ એક પ્રકારના જંગલી જનાવર અને નીચ કોટીના દૈત્યો અને દાનવો જેવા છે. માટે સંસારમાં ધર્મ માર્ગમાં દર્શાવેલા ઉત્તમ કર્મને લગતા નીતિ-નિયમ મુજબ જે ખાવા યોગ્ય ભોજન હોય તેવો ખોરાક લેનારને પ્રભુત્વ ધરાવતા સજ્જન માનવ કહેવાય અને જેને ધર્મમાં ખાવા યોગ્ય નથી ગણ્યા તેવા અભક્ષ ખોરાકનો આહાર કરે તે નિમ્ન કક્ષાની વૃત્તિ ધરાવતા પશુહીન માનવો ગણાય.

તે ભોજન દુર્ગા દેવીનકે, ભરી ભરી થાળ મંગાવે;
એ માપસ ઈનકા એહી ભોજન, રુચી રુચી ભોગ લગાવે. ૩

શબ્દાર્થ

તે = તેવું **ભોજન** = ખોરાક, આહાર **દુર્ગા દેવીનકે** = દુર્ગાદેવીને **ભરી ભરી** = વિશેષ

પ્રમાણમાં ભરીને **થાળ** = થાળ, દેવ-દેવીને ધરાવવા માટેનો ભોજનની અથવા નૈવેદ્યની થાળી **મંગાવે** = માંગણી કરે **એમાપસ** = આ પ્રમાણે, આ ઓળખ **ઈનકા** = તેમના **એહી** = આ મુજબના **ભોજન** = ભોજન, આહાર **રુચી રુચી** = ઈચ્છા મુજબ **ભોગ** = ભોગ **લગાવે** = ધરાવે, પ્રસાદી મૂકે.

અનુવાદ

તેવું ભોજન દુર્ગા દેવી માટે થાળ ભરી ભરીને મંગાવે છે. આજ પ્રમાણે તેમનું આ ભોજન પોતાની ઈચ્છા મુજબ તેને પ્રસાદ તરીકે ધરાવે છે.

ભાવાર્થ

પોતાની ઈચ્છા મુજબ આવું માંસ અને મદિરાનું ભોજન દુર્ગા દેવીની માંગણી છે, તેવી રજૂઆત કરીને દુર્ગા દેવીના પૂજારી, ભૂવા કે વહીવટદારો ભક્તો પાસેથી થાળ ભરી-ભરીને પ્રસાદીના રૂપે ધરાવવા માટે નૈવેદ્યના રૂપમાં મંગાવે છે. આ પ્રમાણે પોતાના ઈચ્છા મુજબનું અભક્ષ્ય ભોજન દુર્ગા દેવીને ધરાવે છે. અને પ્રસાદના બહાને પોતે આરોગતા હોય છે.

જે બંચે પાવત પરસાદી, સેવક લેત જીનું જે;
તે ભુંદુ અપરાધી અંધુ, બૂચટ કાંયન બૂઝે. ૪

શબ્દાર્થ

જે = જે **બંચે** = બચે, વધે **પાવત** = પાવન, પવિત્ર કરેલું, ધાર્મિક ક્રિયા વડે ધરાયેલું **પરસાદી** = દેહનો બલિ ચઢાવેલ પશુનું માંસ કે નૈવેદ્ય **સેવક** = સેવકો **લેત** = લેતા હોય **જીનું** = તેને **જે** = તે **તે** = તે **ભૂદું** = અણસમજુ **અપરાધી** = ગુનેગાર **અંધુ** = જ્ઞાનથી આંધળા **બૂચટ** = મૂર્ખ **કાંયન** = કશું પણ નહીં **બૂઝે** = સમજતા, જાણે.

અનુવાદ

ધાર્મિક ક્રિયા વડે ધરાયેલી પ્રસાદી જે બચી હોય તેને સેવકો પણ પ્રસાદ તરીકે લેતા હોય છે. એવા ભુંદુ અપરાધી અંધ અને બૂચટ જીવો કશું પણ સમજતા નથી.

ભાવાર્થ

દુર્ગાદેવીની માગણીના બહાને પોતાની ઈચ્છા મુજબના ભોજનનો થાળ ધરાવવામાં આવે છે. જેમાં બલિ ચઢાવેલ પશુનું માંસ અને મદિરાને નૈવેદ્ય તરીકે થાળમાં મૂકીને દેવી સમક્ષ ધાર્મિક ક્રિયા અને ભોજન સ્તોત્ર બોલીને તેને પવિત્ર કર્યું તેમ માને છે. તેવી અભક્ષ્ય ભોજનને પ્રસાદીના રૂપમાં પોતે લે છે અને વધેલું સેવક સમાજ પ્રેમથી આરોગે છે અને મદિરાને આચમની દ્વારા હથેળીમાં લઈ આચમન કરે છે એવા ભુંદુ અપરાધી, અંધ અને બૂચટ જીવો કાંઈપણ સમજતા નથી.

ચોસરા - ૮

કરમહીણ એહવાને કબહુક, સહેજ મિલે ગુરુ આંની;
લેઈ ઉપદેશ ઉપાસન ઉપલ્યે, ભિતર ભાવ ભવાંની. ૧

શબ્દાર્થ

કરમહીણ = કમનસીબ, અધર્મી, અભાગિયું, ભાગ્યહીન **એહને** = એને, એવાને **કબહુક** = ક્યારેક, કોઈક વખત, કોઈ કારણવશાત **સહેજ** = સહેજા-સહેજ, અચાનક **મિલે** = મળે **ગુરુ** = ગુરુ **આંની** = આવી **લેઈ** = લઈને **ઉપદેશ** = શિખામણ, દિક્ષા, બોધ **ઉપાસન** = ભક્તિ, પ્રાર્થના, સન્મુખ થઈ બેસવું **ઉપલ્યે** = ઉપલક, દેખાવ પૂરતું **ભિતર** = હૃદયમાં, અંતરમાં **ભાવ** = પ્રેમ, હેત, સ્નેહ **ભવાંની** = ભવનાં આદ્યશક્તિ, દેવી.

અનુવાદ

એવા ભાગ્યહીનને ક્યારેક સહેજા-સહેજ જો ગુરુ આવી મળે તો ઉપદેશ લઈને તેમની સમીપ આસન જમાવી ઉપલક રીતે સ્તુતિ પ્રાર્થના કરે ખરા પણ અંતરમાં તો તેને દેવી પ્રત્યેજ સ્નેહ હોય છે.

ભાવાર્થ

દુર્ગા દેવીના આવા સેવકને કોઈ કારણવશાત જીવનમાં સહેજા સહેજ (અનાયાસે) કોઈ ધર્મગુરુ આવી મળે તો આવા ભાગ્યહીન માનવો ગુરુ સમક્ષ આસન જમાવી તેમનો ઉપદેશ ગ્રહણ કરીને ઉપલક રીતે સ્તુતિ પ્રાર્થના કરે છે.

પરંતુ તેમના અંતરમાં તો ઈષ્ટ તરીકે માનેલી દુર્ગા દેવી (શીકોતર) પ્રત્યે સાચો પ્રેમભાવ હોય છે.

જ્ઞાન સુણે પણ ધ્યાન ન પલટત, ચલત ચાલ કુલ ધરકી,
ખરકુ ખાંડ ખવાવત કબહુક, મીટે ન મીત ઓખરકી. ૨

શબ્દાર્થ

જ્ઞાન સુણે = જ્ઞાનોપદેશ સાંભળે **પણ** = પરંતુ **ધ્યાન** = ચિત્ત, એકાગ્રતા, લક્ષ, ચિંતન **ન** = નહીં **પલટત** = બદલાવું, ફેરફાર થવું **ચલત ચાલ** = ચાલ ચાલે છે, વ્યવહાર કરે છે. **કુલ** = કુળ, વંશ **ધરકી** = આરંભની, પરંપરાની, પહેલેની, પ્રથમની, અસલની **ખરકુ** = ગધેડાને **ખાંડ** = મીસરી, શર્કરા **ખવાવત** = ખવડાવવામાં આવે **કબહુક** = ક્યારેય પણ, કોઈ વખત **મીટેન** = મટે નહીં **મીત** = ટેવ, ભાવ **ઓખરકી** = ઓખર કરવાની, વિષ્ઠા વગેરેનું ખાવું, અજુગતું ભોગવવું.

અનુવાદ

જ્ઞાન સાંભળે પરંતુ ધ્યાન બદલાતું નથી અને કુળની પરંપરાગત ચાલે ચાલતા હોય છે. જેમકે ગધેડાને ક્યારેક સાકર ખવડાવવામાં આવે તો તેની ઓખર કરવાની ટેવ મટતી નથી.

ભાવાર્થ

આવા ભાગ્યહીન માનવો સત્સંગમાં કે ધર્મ સભામાં બેસી એકાગ્ર ચિત્તે જ્ઞાન સાંભળે છે તેવો ઉપલક વ્યવહાર પણ કરે તેમ છતાં તેના મૂળ ચિંતવનમાં કોઈ ફેરફાર નોંધાતો નથી કે વૃત્તિ બદલાતી નથી. તેઓ પોતાના કુળની પરંપરા મુજબ અસલ જે રીતરિવાજ અને રહેણી કરણી ચાલી આવેલી છે, તે મુજબ માન્યતા દૃઢ કરીને ચાલ્યા જ કરતા હોય છે, પરંતુ પોતાના વ્યવહારમાં કે માન્યતામાં કોઈ પરિવર્તન કે ફેરફાર કરતા નથી.

જેમકે ગધેડાને ઓખર કરવાની કુટેવ હોય છે તે કુટેવને દૂર કરવા જો તેને સાકર ખવડાવવામાં આવે તો પણ તેની ઓખર કરવાની ટેવમાં કોઈ પરિવર્તન આવતું નથી કે બદલાવ જોવા મળતો નથી, પરંતુ તેની તેજ રીતે મૂળ ટેવ મુજબ તે ઓખર કરતું જ હોય છે.

ત્યોં મસરીવત્ જ્ઞાન સુણાવત, ગરધવ ગત્ય ને જ્ઞાંની;
સંત પુરુષ નિંદા નિજ ઓખર, તજહી ન ગતિ દેવાંની. ૩

શબ્દાર્થ

ત્યોં = તેવી રીતે, તેમ **મસરીવત્** = સાકરની જેમ, ખાંડ જેવું **જ્ઞાન** = જ્ઞાન **સુણાવત** = સંભળાવે **ગરધવ** = ગધેડા **ગત્ય** = સમાન **ને** = ને **જ્ઞાંની** = જ્ઞાની પુરુષ **સંતપુરુષ** = સંતપુરુષ **નિંદા** = કુથલી, વગોવણું **નિજ** = મૂળ, પોતે, અસલ **ઓખર** = વિષ્ઠા વગેરેનું ખાવુ, અજુગતું ભોગવવું **તજહી** = તજે **ન** = નહીં **ગતિ** = સમજ, રીત, પ્રીત **દેવાંની** = દેવીની.

અનુવાદ

તેમ ગધેડાની વૃત્તિવાળા જ્ઞાનીપુરુષનું સાકર સમાન જ્ઞાન સાંભળતા હોવા છતાં ઓખરરૂપ સંત પુરુષની નિંદા કરતા હોય છે અને દેવીની ગતિને તજતા નથી.

ભાવાર્થ

જેની વૃત્તિ ઓખર કરવાની જ હોય તેવા ગધેડાની વૃત્તિવાળા માનવોને કોઈ સંત કે જ્ઞાની પુરુષ ખાંડ સમાન જ્ઞાન સંભળાવે છતાં તેનામાં કોઈ જાતનો ફેરફાર થતો નથી. તેઓ પોતાની મૂળ આદત મુજબ જ્ઞાની સંતપુરુષોની નિંદા જ કરતા હોય છે. વળી પોતાના હૃદયમાં સ્થાન પામેલી દૈવીભક્તિને તજતા નથી અને દૃઢ વિશ્વાસ રાખી કુળની પરંપરા મુજબ સીકોતર માનેલી કુળદેવીની પૂજા-અર્ચના કર્યા જ કરે છે.

ઓર ઓખર દુર્ગાદિક પૂજન, અરચી પક્ષ અમુઝે;
તે ભૂંદુ અપરાધી અંધુ, બૂચટ કાંયન બૂઝે. ૪

શબ્દાર્થ

ઓર = અને, વળી **ઓખર** = વિષ્ઠા વગેરેનું ખાવું, અજુગતું ભોગવવું **દુર્ગાદિક** = દુર્ગા સહિતની અન્ય દેવીઓ **પૂજન** = પૂજા **અરચી** = અર્ચના કરી **પક્ષ** = પોતાની માનેલી માન્યતા **અમુઝે** = ઉત્કંઠા, આતુરતા **તે** = તે **ભૂંદુ** = દુષ્ટ, અણસમજુ **અપરાધી** = ગુનેગાર **અંધુ** = જ્ઞાનથી આંધળા **બૂચટ** = મૂર્ખ **કાંયન** = કાંઈપણ નહીં **બૂઝે** = સમજે.

અનુવાદ

વળી દુર્ગા સહિત અન્ય દેવીઓની પૂજા-અર્ચની ઓખર કરીને માન્યતામાં અમુઝે છે તેવા ભૂંદુ, અપરાધી, અંધ અને બૂચટ જીવો કાંઈપણ સમજી શકતા નથી.

ભાવાર્થ

જેમ ગધેડાને ખાંડ ખવડાવવા છતાં ઓખરવાની ટેવ જતી નથી તેવી જ રીતે ગધેડાની વૃત્તિ વાળા જીવો સાકર સમાન ઉચ્ચ કોટીના જ્ઞાનનો ઉપદેશ આપવા છતાં પણ નિંદારૂપી ઓખરવૃત્તિ ભૂલતા નથી અને દુર્ગા સહિતની અન્ય સિકોતર દૈવી શક્તિની પૂજા-અર્ચના કરે છે. એવા ભુંદુ, અપરાધી, અંધ અને બૂચટ જીવો સાચા જ્ઞાનને જાણ્યા પછી પણ કાંઈ સમજી શકતા નથી.

ચોસરા - ૯

જ્યૌ કોઈ રહેણ વિષે ઘર દીપક, સૂઝે ન કાજ ધરંતા;
તેહી દીપક ઉજીયારે દિનમે, કોહો કુણ કાજ કરંતા. ૧

શબ્દાર્થ

જ્યૌ = જેમ **કોઈ** = કોઈ **રહેણ** = રૈન, રાત્રિ, અંધકાર **વિષે** = માં, દરમિયાન **ઘર દીપક** = ઘરનો દીવો **સૂઝે** = દેખાય **ન** = નહીં **કાજ** = કામ **ધરંતા** = ધાર્યું, ધરતાં **તેહી** = તે, તેજ **દીપક** = દીવો **ઉજીયારે** = પ્રકાશમય **દિનમે** = દિવસે, દાડે **કોહો** = કહો **કુણ** = શું **કાજ** = કામ **કરંતા** = કરે.

અનુવાદ

જેમ કોઈ ઘરના દીવાથી રાત્રિ દરમિયાન ધાર્યું કામ કરવા માટે સ્પષ્ટ દેખાતું નથી તો તે જ દીવો પ્રકાશમય દિવસે શું કામ કરવાનો તે કહો ?

ભાવાર્થ

રાત્રિના ઘોર અંધકાર ભર્યા વાતાવરણમાં ઘરમાં પ્રગટાવેલો દીવો અજવાળું

આપે છે ખરો, પરંતુ તેનો પ્રકાશ નહિવત્ હોવાથી માનવીને ધાર્યું કામ કરવામાં અગવળ પડતી હોય છે. સ્પષ્ટ રીતે દેખી ન શકવાને કારણે ચોકસાઈપૂર્વકનું કામકાજ કરી શકાતું નથી જેથી ઈચ્છિત પરિણામ મેળવવામાં અગવળતા રહે છે.

તો પછી જ્યારે સૂર્યનો પ્રકાશ દૈદિપ્યમાન હોય તેવા પ્રકાશમય દિવસમાં પણ કોઈ સામાન્ય દીપક પ્રગટાવે તો તે શું કામ કરવાનો ? અર્થાત્ તે ઉપયોગી નીવળતો નથી.

ત્યોં અજ્ઞાન નિશા નિજ દીપક, હરિ વિના આન્ય ઉપાસા;
જ્ઞાન અરક સૂણીયે જેહી જનકુ, તહેકા તેહી વિસવાસા. ૨

શબ્દાર્થ

ત્યોં = તેવી જ રીતે, તેમ **અજ્ઞાન** = અજ્ઞાન **નિશા** = રાત **નિજ** = પોતે, મૂળ, સ્વયં. **દીપક** = દીવો **હરિ** = પ્રભુ, ઈશ્વર, માલિક **વિના** = સિવાય **આન્ય** = બીજી **ઉપાસા** = ઉપાસના **જ્ઞાન અરક** = સૂર્ય સમાન જ્ઞાન **સૂણીયે** = સાંભળીને **જેહી** = જે **જનકુ** = માનવીને **તહેકા તેહી** = તેનો તેજ, તેમાંને તેમાં જ **વિસવાસા** = વિશ્વાસ, ભરોસો.

અનુવાદ

તેમ માલિક વગરની અન્ય ઉપાસના અજ્ઞાનરૂપ અંધકાર ભરી રાત્રિમાં મૂળ દીપક સમાન છે. તેમ છતાં સૂર્યના પ્રકાશ સમાન જ્ઞાન સાંભળ્યા પછી તે માનવી તો તેમાં ને તેમાં જ વિશ્વાસ રાખે છે.

ભાવાર્થ

તેવી જ રીતે શાશ્વત જગતકર્તાનુ ચક્રવર્તી જ્ઞાનનો અમલ દર્શાવતા પરમપદ સિવાયની અન્ય નાશવંત તેમજ ત્રિગુણાત્મક દેવી-દેવતાઓના સગુણ સિદ્ધાંત અને સચરાચર બ્રહ્મના નિર્ગુન સિદ્ધાંતને જ્ઞાન એક દેશી દીપક સમાન છે. આવી ઉપાસનાથી ભૌતિક લાભ તેમજ દેવી ધામોનું સુખ પ્રાપ્ત થાય ખરુ, પરંતુ અંશને અખંડ કૈવલ મુક્તિ મળતી નથી.

જગતમાં સોળે કળાએ ખીલેલા સૂર્યના પ્રકાશ સમાન પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના સ્વમુખે અંશ-અંશીનો લક્ષ દર્શાવતા ચક્રવર્તી કૈવલજ્ઞાનને

સાંભળ્યા પછી પણ અજ્ઞાની જીવો જૂની ટેવ મુજબ દિપક સમાન સગુણ અને નિર્ગુણની ઉપાસનામાં વિશ્વાસ દૃઢ થઈ ગયો હોઈ તેમાંને તેમાં જ વિશ્વાસ રાખીને ભક્તિ કર્યા કરતા હોય છે.

અબ કાહા કહીએ કહીનજાવત, ઈનકી મૂરખતાની;
સાર અસાર નવેર કરનકી, ગતિ નહીં ઉર જાની. ૩

શબ્દાર્થ

અબ = હવે **કાહા** = શું **કહીએ** = કહીએ **કહીનજાવત** = કહી શકાતું નથી **ઈનકી** = તેઓની, એમની **મૂરખતાની** = મુર્ખતા વિષે **સાર અસાર** = સારું ખોટું, નાશવંત-શાશ્વત, જડ-ચૈતન **નવેર** = નિર્ણય, પરીક્ષા, પરખ **કરનકી** = કરવા માટેની **ગતિ** = સમજ, જ્ઞાન **નહીં** = નથી **ઉર** = હૃદયમાં **જાની** = જાણી, સમજી.

અનુવાદ

હવે તેમની મૂર્ખતા વિષે શું કહેવું ? કારણ કે કહી શકાય તેમ નથી. સારા અને ખોટાની પરીક્ષા કરવાની ગતિ તેમના હૃદયમાં નથી.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે આવા મૂર્ખ માનવોના હૃદયમાં ભરેલા અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરવા માટે અંશ-અંશીનો લક્ષ દર્શાવતા કૈવલજ્ઞાન રૂપ પ્રકાશનો ફેલાવો કરવા છતાં ભ્રમણાઓ દૂર ન થવાના કારણે કાંઈ સૂઝતું જ ન હોય તો તેમની મૂર્ખતા વિષે કહેવું શું ? કારણ કે કાંઈ કહી શકાય તેમ નથી. તેમના હૃદયમાં નાશવંત અને શાશ્વતનો ભેદ સમજવાની અને યોગ્ય નિર્ણય કરવાની ક્ષમતા જ નથી તો પછી કઈ રીતે સમજાવી સકાય ?

અરજ અછૂતી હીણ પશુથી, આદ્ય અંત નવ સૂઝે;
તે ભૂંડુ અપરાધી અંધુ, બૂચટ કાંયન બૂઝે. ૪

શબ્દાર્થ

અરજ = વિનંતી, સલાહ, ઉપદેશ **અછૂતી** = અસ્પૃશ્ય, દૂર રહેનારા, કોરા રહેનાર, અભડાવે **હીણ** = અધમ, નીચ, હલકા **પશુથી** = પ્રાણીઓથી **આદ્ય** = પ્રારંભ **અંત** = છેવટ **નવ** = નહીં **સૂઝે** = સમજે, સૂઝતું **તે** = તેવા **ભૂંદુ** = દુષ્ટ, અણસમજુ **અપરાધી** = ગુનેગાર **અંધુ** = જ્ઞાનથી આંધળા **બૂચટ** = મૂર્ખ **કાંયન** = કાંઈપણ નહીં **બૂઝે** = સમજે, સૂઝતું.

અનુવાદ

ઉપદેશથી દૂર રહેનારા પશુથી પણ નિમ્નકક્ષાના માનવોને આદ્ય અને અંતની સૂઝ નથી તેવા ભૂંદુ, અપરાધી, અંધ અને બૂચટ જીવોને કંઈપણ સમજાતું નથી.

ભાવાર્થ

જન્મ-મરણના ભવસંકટમાંથી મુક્ત થવા માટેના ઉપાય દર્શાવતા સાચા માર્ગને અપનાવવા માટે કરવામાં આવેલ વિનંતીથી જેઓ અસ્પૃશ્ય રહે છે - અળગા રહે છે તેવા જીવોને પશુથી પણ નિમ્નકક્ષાની વૃત્તિવાળા સમજવા. તેઓને ઉત્પતિના પ્રારંભ અને પ્રલયની પણ સૂઝ પડતી નથી એવા ભુંદુ, અપરાધી, અંધ અને બૂચટ જીવોને કાંઈપણ સારી અને કલ્યાણની વાતો લક્ષમાં લેવાનું સૂઝતું જ નથી.

ચોસરા - ૧૦

પશુ તણી કહું પરખ વિશેષણ, એ નરથી અધિકાઈ;
ઉત્તમ ખાન ધરત જેહી આગે, ખાવત ઘાસ બહાઈ. ૧

શબ્દાર્થ

પશુ તણી = પશુઓની, પ્રાણીઓની **કહું** = કહું **પરખ** = પરખવાની શક્તિની **વિશેષણ** = વિશેષતા, લક્ષણ, ખાસીયત **એ** = એવા **નરથી** = માનવોથી **અધિકાઈ** = અધિકતા, મોટાઈ **ઉત્તમખાન** = સારું ખાણું, સારો ખોરાક **ધરત** = ધરતાં **જેહી** = જેમની **આગે** = આગળ **ખાવત** = ખાતાં, ખાવાનું **ઘાસ** = ઘાસ **બહાઈ** = છોડીદે, પડતું મૂકે, જતું કરે.

અનુવાદ

એવા માનવોથી અધિક પશુઓની એવી પરખ શક્તિની વિશેષતા કહું છું કે જો સારા પ્રકારનું દાણ (ખોરાક) તેમને ધરવામાં આવે તો ઘાસને પડતું મૂકી દે છે.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છેકે આવા અજ્ઞાની અને પશુથી હીન વૃત્તિ ધરાવતા માનવોમાં સારું અને ખરાબ પારખવાની ક્ષમતા નથી. આ અંગે વધુ ચોખવટ કરતાં જણાવે છે કે પશુમાં પણ સારા-ખોટાની પારખવાની શક્તિ રહેલી છે. જો પશુની આગળ ઉત્તમ પ્રકારનું દાણ જેવા કે કપાસીયાનું ગાતું, કે દાણ કે ખોળ ખોરાક તરીકે ધરવામાં આવે તો તે સૂકા ઘાસને પડતું મૂકીને સારો ખોરાક ખાવાનું પસંદ કરતા હોય છે. આવી પારખ શક્તિ પશુમાં છે તેટલી પણ પારખ શક્તિ આવા અજ્ઞાની જીવોમાં નથી.

પશુથી હીણ કહયા તેહી માટે, સાર લહત નહીં સુઘરા;
દેશ કાળ સમજે નહીં શું છે, ગુરુ ખરા પણ નુઘરા. ૨

શબ્દાર્થ

પશુથી હીણ = પ્રાણીઓથી પણ નીચા **કહયા** = કહ્યા **તેહી માટે** = તે માટે **સાર** = સારાસાર, સત્ય, વિત્ત **લહત** = જાણે, સમજે **નહીં** = નહીં **સુઘરા** = ગુરુને આધિન થયેલા, ગુરુને સ્વીકારેલા, ગુરુનું બાનું માથે ધારણ કરીને રહેલા **દેશ કાળ** = સમય અને સ્થળ, રીત-રિવાજ, શુભાશુભ કાર્યોનો નિશ્ચિત કરેલ સમય **સમજે નહીં** = સમજતા નથી **શું છે** = શું કરવું અને શું ના કરવું તે, સાચું શું છે અને ખોટું શું છે તે **ગુરુખરા** = ગુરુ કર્યા ખરા **પણ** = પરંતુ **નુઘરા** = ગુરુ કર્યા વિનાના.

અનુવાદ

ગુરુ કર્યા પરંતુ સાર-અસારને જાણે નહીં, તે માટે તેમને પશુથી હિન કહ્યા છે. સમય અને સ્થળની પરિસ્થિતિ શી છે ? તે સમજે નહીં તેથી ભલે ગુરુ કર્યા હોય છતાં તે નુગરા છે.

ભાવાર્થ

આવા માનવોએ પોતાના માથે ગુરુપદ ધારણ કર્યું હોવા છતાં ગુરુ દ્વારા દર્શાવેલ જ્ઞાનને સમજે નહીં અને શાશ્વત તથા નાશવંતનો ભેદને સમજી શાશ્વત રૂપે રહેલા પોતાના સ્વ ચૈતનને જાણે નહીં તેથી તેમને પશુથી પણ હીન વૃત્તિના કહેવામાં આવે છે.

વળી, ગુરુના ઉપદેશ અનુસાર સમય અને સ્થળને આધિન પોતાનામાં યોગ્ય પરિવર્તન લાવીને શુભા-શુભને સમજતા નથી. તેઓ ગુરુના શરણે ગયા પહેલાંની પરિસ્થિતિમાં જે હતા તે મુજબની વિચારધારા મુજબ જ આચરણ કરે તો પછી તેવા માનવોએ ગુરુનું શરણું સ્વીકાર્યું હોવા છતાં નુગરા જેવા જ કહેવાય.

તે નુઘરા નગણા નારકીથી, હારખાઈને રહીયે;
ધિક ધિક પડયો જીવ કયેહેનામે, કોહો હાવે કયા કહીયે. ૩

શબ્દાર્થ

તે = તે **નુઘરા** = ગુરુ વિનાના **નગણા** = સદ્‌ગુણ વિનાના **નારકીથી** = સ્ત્રી જાતિથી **હારખાઈને** = હરખઘેલા થઈને **રહીયે** = રહે છે **ધિક ધિક** = ધિક્કારને પાત્ર છે **પડયો** = પડયો **જીવ** = જીવ **કયેહેનામે** = કહેવુ જ, એમનામાં, એનામાં **કોહો** = કહો **હાવે** = હવે **કયા** = શું **કહીયે** = કહેવાય, કહેવું.

અનુવાદ

તે સદગુણ વિનાના નુગરા માનવો સ્ત્રી જાતિ પ્રત્યે હરખઘેલા થઈ ને રહે છે. તેથી એમના જીવતરને ધિક્કાર છે. આનાથી વિશેષ કહો ! હવે શું કહીયે ?

ભાવાર્થ

આવા માનવો ગુરુના શરણે ગયા પછી અથવા ગુરુને શરણે જઈ બોધ ગ્રહણ કર્યા હોવા છતાં સદ્‌ગુણો વિના માત્ર દુર્ગુણોથી જ ભરેલા ગુણ વગરના જીવો છે. તેઓ બ્રહ્મચર્ય વ્રતને ત્યજીને સ્ત્રીજાતિના રૂપમાં હરખઘેલા થઈને ઈન્દ્રિયોના ભોગ વૈભવ ભોગવે છે. જેના થકી અંશના સામર્થ્યતા રૂપી અક્કલ, આરત અને સૂરતાને ગુમાવી જન્મ-મરણના ભવસંકટને વેઠે છે. આવા વ્યભિચારીના

જીવતરને ધિક્કાર છે. ગુરુ દ્વારા શિખામણ રૂપ બોધ પ્રાપ્ત કર્યા પછી પણ જો સુધરવાની ભાવના ન હોય અને આત્મકલ્યાણ કરી સર્જનહારને મળવાની આતુરતા ન હોય તેવા અભાગિયા જીવોને કહેવું કેટલું ? કઈ રીતે કહેવું ? અને શું કહેવું ?

જો કહેના થા સો કહીદીના, જેહી વિધિ સકલ સમૂઝે;
તે ભૂંદુ અપરાધી અંધુ, બૂચટ કાંયન બૂઝે. ૪

શબ્દાર્થ

જો = જે **કહેના** = કહેવાનું **થા** = હતું **સો** = તે **કહીદીના** = કહી દીધું **જેહી** = જે **વિધિ** = પ્રમાણે **સકલ** = સર્વ, તમામ, સઘળુ **સમૂઝે** = સારી રીતે સમજ પડે તે રીતે **તે** = તેવા **ભૂંદુ** = દુષ્ટ, અણસમજુ **અપરાધી** = ગુનેગાર **અંધુ** = જ્ઞાનથી આંધળા **બૂચટ** = મૂર્ખ **કાંયન** = કાંઈપણ નહીં **બૂઝે** = સમજે.

અનુવાદ

જે પ્રમાણે બધી સમજ પડે તે રીતે જે કહેવાનું હતું તે કહી દીધું તેમ છતાં એવા ભૂંદુ, અપરાધી, અંધ અને બૂચટને કાંઈપણ સૂઝતું નથી.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર તો કરુણાના સાગર છે. પરમવિશેષ અંશના નાતે સમસ્ત અંશોને જન્મ-મરણના ભવસંકટમાંથી મુક્ત કરવા માટે સર્જનહારે તેમને બ્રહ્માંડમાં મોકલ્યા છે. પોતાની જવાબદારીને નિભાવવા માટે તેઓ અંતરિક્ષનાં વિવિધ ધામોને ચેતાવી પૃથ્વી પર પધાર્યા છે. અંશોને બાદલી ઉપાસનાઓમાંથી છોડાવવા અને વૈરાગ્યપૂર્ણ જિંદગી જીવીને સર્જનહારને પ્રાપ્ત કરવાના ઉપાય દર્શાવતા વિવિધ ધર્મગ્રંથોની રચના કરી છે. તેમણે જગતના જીવોના કલ્યાણ માટે બધી જ સરળ સમજ પડે તે રીતે જે કાંઈ કહેવાનું હતું તે કહી દીધું છે, જેમાં કશું જ બાકી રાખ્યું નથી. તેમ છતાં પણ અણસમજુ, અપરાધી, જ્ઞાનથી અંધ અને મૂર્ખ માનવોને કાંઈપણ સૂઝતું નથી.

ચોસરા - ૧૧

અબકે કહુ નર નીપટ નઠારા, ભાવ વિના જે ભદવા;
દેવળ ડહેરા ફરે ફટારા, ખોટી થઈને ખદવા. ૧

શબ્દાર્થ

અબકે = હવે **કહુ** = કહુ **નર** = માનવ **નીપટ** = નફફટ, બેશરમી **નઠારા** = અસભ્ય રીતભાતવાળા, નરસા **ભાવ** = પ્રેમ, હેત, લાગણી **વિના** = સિવાય **જે** = જે **ભદવા** = બાયલા, નમાલા **દેવળ** = પ્રાર્થના સ્થળ, ઘુમ્મટાકાર દેવ સ્થાન **ડહેરા** = દેરું, ખ્રિસ્તીઓનું ચર્ચ, દેવમંદિર **ફરે** = ફરે, ભટકે, રખડે **ફટારા** = વંઠી ગયેલા, છકી ગયેલા **ખોટી થઈને** = વ્યર્થ સમય બરબાદ કરીને **ખદવા** = હીજડા, નપુંસક, ખદડ, નામર્દ.

અનુવાદ

હવે જે પ્રેમ વિનાના બાયલા અને બેશરમી અસભ્ય રીતભાતવાળા વિષે કહું છું કે તેઓ વંઠી ગયેલા હીજડાની જેમ દેવળ અને ડેરામાં વ્યર્થ સમય બરબાદ કરીને રખડે છે.

ભાવાર્થ

માનવ દેહ મળ્યા છતાં જેને આત્મકલ્યાણની પ્રવૃત્તિમાં ભાવ નથી તેવા બાયલા, બેશરમી અને અસભ્ય રીતભાતવાળા માનવો અંગે હવે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને જણાવે છે. આવા પુરુષત્વ વિનાના જે નામર્દ માનવો દેવળ અને ડેરામાં જઈ પોતાનો કિંમતી સમય ખોટી રીતે બરબાદ કરે છે. તેઓ તીર્થ સ્થાનોમાં બિરાજમાન રૂપ ગુણવાળા સ્વરૂપોની ભક્તિમાં જ કલ્યાણ થવાનું છે એમ માનીને વંઠી ગયેલા નપુંસક પુરુષની જેમ ભટક્યા કરે છે.

તે દેવળ ડહેરાનું પૂજન, જીવ વિના કુણ જાંણે;
જ્ઞાનીનો સતસંગ તજીને, શું જલપ્યા જલ પહોંણે. ૨

શબ્દાર્થ

તે = તે **દેવળ** = ઘુમ્મટાકાર દેવાલય **ડહેરા** = મંદિર **નું** = નું **પૂજન** = પૂજા-અર્ચના-ભક્તિ. **જીવવિના** = ચૈતન અંશ વિના, સજીવ વિના **કુણ** = કોણ **જાંણે** = જાણે, સમજે, કદર કરે **જ્ઞાનીનો** = જ્ઞાનથી જાગ્રત થયેલા પુરુષોનો **સતસંગ** = સમાગમ, સત્સંગ, જ્ઞાનચર્ચા, વિચાર-વિમર્શ **તજીને** = ત્યજીને, છોડીને **શું** = શું **જલપ્યા** = વળગ્યા, લોભાયા, અંજાયા **જલ** = પાણી, નિર **પહોંણે** = પથ્થરોમાં, મૂર્તિઓમાં, ઈંટો અને ચૂનાના લેપમાં, દેવડ-દેરામાં.

અનુવાદ

તે દેવડ-ડેરામાં જઈ કરવામાં આવતી ભક્તિને ચૈતન વિના-કોણ જાણે ? જ્ઞાની પુરુષ સાથે સત્સંગ ત્યજીને જળ અને મૂર્તિમાં શા માટે લોભાયા ?

ભાવાર્થ

જગતમાં માનવી ભૌતિક સુખ પ્રાપ્ત કરવા માટે ઘણા પ્રકારના રસ્તા અપનાવે છે. ઘણા મોટા મોટા મંદિરો બાંધી નામ રૂપ ગુણવાળા, દેવી-દેવતાઓની મૂર્તિ પધરાવીને પૂજા-અર્ચના કરે છે. તો કોઈ ઈંટો અને ચૂનાના લેપ કરી ધૂપ દ્વારા ઈબાદત કરે છે તો કોઈ પથ્થરોના ગોખ કે પાળિયા બનાવી નદી-નાડાં અને તળાવમાં સ્નાન કરી સ્તુતિ, પ્રાર્થના, ભક્તિ કરે છે, પરંતુ જેમાં ચૈતનતા નથી તેવા નિર્જીવ પથ્થરના સ્વરૂપો નથી સાંભળવાના કે નથી ભક્તિની કદર કરવાના. આથી નિર્જીવની કરવામાં આવેલી પૂજા-આરાધના અને કર્મકાંડ વ્યર્થ જતા હોય છે. જેથી જ્ઞાનથી જાગ્રત થયેલા છે તેવા જ્ઞાની પુરુષ સાથે જ્ઞાન ચર્ચા દ્વારા પોતાના ચૈતન સ્વરૂપને ઓળખી તે ચૈતન જેની સજાતિનો છે તેવા સર્જનહારને પ્રાપ્ત કરવાના કાર્યમાં લાગવું જોઈએ, પરંતુ નદી સ્નાન અને મૂર્તિઓમાં વિશ્વાસ મૂકીને ભક્તિ કરવાની જરૂર નથી.

જલ નવ બોલે પત્થર કયૌ લે, સેવ તણી સુર કાઈ;
બિન ચુગીયે ચિતરકી સુરભિ, દેત પિયુ ખન તાઈ. ૩

શબ્દાર્થ

જલ = પાણી, નિર **નવ** = નહીં **બોલે** = બોલે **પત્થર** = પથ્થર **કયૌ** = કયૌં **લે** = લે છે, સ્વીકારે છે **સેવ** = સેવા **તણી** = ની, નું **સુર** = દેવ, સ્વરૂપ **કાઈ** = કેવી રીતે

બિન = વિના, સિવાય **ચુગીયે** = ખાવું, આરોગવું **ચિતરકી** = ચિત્રની, ચીતરેલી **સુરભિ** = કામધેનું ગાય **દેત** = આપે, ધરે **પિયુ** = ધણી, માલિક **ખન** = ક્ષણ, પળ, સમય, વખત **તાઈ** = તે, તેને.

અનુવાદ

પાણી બોલે નહીં અને પથ્થરના દેવનું સ્વરૂપ સેવા કઈ રીતે લે ? જેમ ચિત્રની કામધેનુંને તેનો માલિક સમયસર ખોરાક આપે તો પણ ખાધા સિવાયનો રહે છે.

ભાવાર્થ

પાણી બોલે નહીં તેમજ દેવળ કે ડેરામાં પધરાવેલ જડ પથ્થરની મૂર્તિને ગમે તેટલી પૂજા અર્ચના કે થાળ ધરાવવામાં આવે, પરંતુ તે દેવનું સ્વરૂપ તેમાંની કશી પણ સેવા સ્વીકારતી નથી કે લેતી નથી. એટલે કે તે સેવા પૂજા કે થાળ યથાવત્ જ રહે છે. જેમ ચીતરેલી ગાયને (કામધેનુને) તેનો માલિક (ધણી) સમયસર ખોરાક આપે પણ તે ખાધા સિવાયનો તેવોને તેવોજ અકબંધ રહે છે. એટલે કે નિર્જીવ ગાય તે ખોરાક ખાઈ શકતી નથી કે દૂધ પણ આપતી નથી.

ત્યૌ જડ દેવ અફળ જેહી પૂજન, જયૌ પટ ધેન ન દૂજે;
તે ભૂંદુ અપરાધી અંધુ, બૂચટ કાંયન બૂઝે. ૪

શબ્દાર્થ

ત્યૌ = તેમ, તેવી રીતે **જડ** = નિર્જીવ, ચૈતન વગરના **દેવ** = દેવ **અફળ** = સફળ ન હોય તેવું, નિષ્ફળ **જેહી** = જે **પૂજન** = પૂજન, સેવા **જયૌ** = જેમ, જેવી રીતે **પટ** = નકશો, ચિત્ર દોરેલ **ધેન** = ગાય **ન** = નહીં **દૂજે** = દૂધ આપે **તે** = તે **ભૂંદુ** = દુષ્ટ, અણસમજી **અપરાધી** = ગુનાખોર **અંધુ** = જ્ઞાનથી આંધળા **બૂચટ** = મૂર્ખ **કાંયન** = કાંઈપણ નહીં **બૂઝે** = સમજે.

અનુવાદ

જેમ ચિત્રમાં દોરેલી ગાય દૂધ આપતી નથી તેમ જડ દેવની પૂજા સફળ થઈ શકે નહીં, પરંતુ તે ભૂંદુ અપરાધી, અંધ અને બૂચટને કાંઈપણ સૂઝતું નથી.

ભાવાર્થ

જેમ કાગળ, દિવાલ કે કપડા ઉપર દોરેલી ગાયનું ચિત્ર કદાપિ દૂધ આપી શકતી નથી તેમ દેવ-દેવીઓના દોરેલા ચિત્ર કે લાકડા, ધાતુ કે પાષાણની જડ મૂર્તિની કરવામાં આવતી પૂજા-અર્ચના કદી પણ ફળ આપી શકે નહીં. એટલે કે પૂજા-અફળ નિવડે છે. તેમ છતાં ભૂંદુ, અપરાધી, અંધ અને બૂચટ જીવોને આમાનું કશું પણ સમજાતું નથી.

ચોસરા - ૧૨

જબ તેહી તીરથ વ્રત વિના ફલ, દેખો નજર પસારી;
નિર્ફલ સારુ લાજ તજીને, શું ભટકો નરનારી. ૧

શબ્દાર્થ

જબ = જ્યારે, તેથી **તેહી** = તેવાં **તીરથ** = તીર્થ, પવિત્ર સ્થળ, યાત્રાનું સ્થાન **વ્રત** = અમુક કરવા નકરવાનો ધાર્મિક નિશ્ચય, પ્રતિજ્ઞા, નિયમ લઈને આચારવામાં આવતી સંયમાત્મક ધાર્મિક ક્રિયા **વિના** = સિવાય **ફલ** = ફળ, પરિણામ **દેખો** = જુઓ **નજર** = દૃષ્ટિ **પસારી** = પ્રસારી, ફેલાવી, ફેરવી **નિર્ફલ** = નિષ્ફળ **સારુ** = માટે **લાજ** = શરમ, મર્યાદા **તજીને** = છોડીને **શું** = શું, શા માટે **ભટકો** = રખડો, ભટક્યા કરો **નરનારી** = સ્ત્રીઓ અને પુરુષો.

અનુવાદ

તેવાં તીર્થસ્થાનો અને વ્રતો ફળ સિવાયનાં છે. તેને નજર પ્રસારીને જુઓ તો ખરા ! હે નર-નારી ! આવી નિષ્ફળ પ્રવૃત્તિ માટે શરમ તજીને શા માટે ભટકો છો ?

ભાવાર્થ

દેવળ-ડેરામાં પધરાવેલ જડ પથ્થરની મૂર્તિઓના સ્થાનને પવિત્ર યાત્રાનું ધામ ગણીને અને સંયમાત્મક ધાર્મિક ક્રિયાઓ દ્વારા વ્રત કરવામાં વૃત્તિ જોડીને જગતના સ્ત્રી-પુરુષો યાત્રાધામનાં દર્શને જઈ કર્મકાંડ કર્યા જ કરે છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે ભૂતકાળ પર નજર ફેરવીને જોવામાં આવે તો તીર્થ

અને વ્રતોમાં ભટકેલા માનવોને આખરે તો પસ્તાવવાનો વારો આવ્યો છે અને દુઃખી થઈને યાતનાઓ ભોગવી મરણને શરણ થાય છે. આવી પ્રવૃત્તિ ફળદાયી ન હોવાથી નિષ્ફળ છે છતાં શરમ ત્યજીને જગતના અણસમજુ નર-નારી પોતાની ભૌતિક સુખાકારીની પ્રાપ્તિ અર્થે માનેલી માનતાઓની પ્રતિજ્ઞાને પૂરી કરવા અલગ અલગ તીર્થોમાં ભટક્યા જ કરતા હોય છે.

જે જાગ્રત નર પુરુષ પ્રતાપિ, વિચરત હાલ હજુરા;
તેહેને પૂઠ ધરી જડ જંખત, બરમીત બુધ અધુરા. ૨

શબ્દાર્થ

જે = જેઓ **જાગ્રત** = નિત્ય અનિત્યને સમજાવાવાળા, જ્ઞાનથી સજાગ **નરપુરુષ** = પુરુષાતન દેહવાળા પુરુષ **પ્રતાપિ** = સામર્થવાન, પ્રભાવશાળી **વિચરત** = વિચરણ કરે છે **હાલ** = અત્યારે, હમણાં **હજુરા** = પ્રત્યક્ષ રીતે **તેહેને** = તેમની **પૂઠ** = પૂંઠ શરીરનો પાછલો ભાગ, વાંસો, પીઠ **ધરી** = ધરી, બતાવી **જડ** = નિર્જીવ, અચેત **જંખત** = ઝંખના, આતુરતાપૂર્વક રટણ, વારંવાર સ્મરણ **બરમીત** = અબુધ, વિબુદ્ધ **બુધ** = બુદ્ધિના **અધુરા** = પૂર્ણ નહીં તેવા.

અનુવાદ

જ્ઞાની અને પુરુષાતન દેહવાળા સામર્થ્યવાન પુરુષ હાલમાં પ્રત્યક્ષ રીતે વિચરણ કરે છે. તેમને પૂંઠ ધરીને અધુરી બુદ્ધિવાળા અબુધ માનવો નિર્જીવનું સ્મરણ કરે છે.

ભાવાર્થ

વિશ્વમાં સર્જનહારનો સંદેશો લઈને આવનાર, નિત્ય-અનિત્યની સમજ આપી અંશ-અંશીનો લક્ષ જગતને જણાવનાર, મહાન સામર્થવાન પુરુષતાન દેહ ધરાવતા પ્રગટ પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર નામ ધારી હાલ પ્રત્યક્ષ વિચરણ કરે છે. અંશના ઉદ્ધારક એવા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના શરણે ગયા વિના તેમને પૂંઠ ધરીને (અવગણના કરીને) ઓછી (મંદ) બુદ્ધિના અબુધ માનવો કલ્યાણ કરવાના ભાવથી જડ દેવી-દેવતાઓના સ્વરૂપમાં આસ્થા રાખીને તેમનું જ અહર્નિશ રટણ અને સ્મરણ કરે છે.

તે કબહુક સત્સંગ સભામે, જો ભુલા પડી આવે;
હા હા કરે હૈયાના ફૂટલ, પણ અંતર નવ ભાવે. ૩

શબ્દાર્થ

તે = તેઓ **કબહુક** = ક્યારેક, કોઈવાર **સત્સંગ** = જ્ઞાન ચર્ચા, સંત સાથેનો સમાગમ **સભામે** = સભામાં, કથામાં, મેળાવડો, પરિષદ **જો** = જો **ભુલા પડી** = અજાણપણે **આવે** = આવે **હાહા કરે** = માથું હલાવે, હકારો ભણે **હૈયાના ફૂટલ** = હૃદયના ભાંગી ચૂકેલા, દગાખોર **પણ** =, પરંતુ **અંતર** = હૃદય **નવ** = નહીં **ભાવે** = સ્નેહ રાખે, પ્રેમ રાખે.

અનુવાદ

તેઓ ક્યારેક અજાણપણે સત્સંગ સભામાં આવે તો હુકારો ભણે પણ હૈયાના ફૂટલા હોઈ અંતરમાં જરા પણ ભાવ રાખે નહીં.

ભાવાર્થ

આવા બુદ્ધિહીન અબુધ માનવો ક્યારેક સમર્થ પુરુષની સત્સંગ સભા ચાલતી હોય તેમાં અજાણપણે જો આવી ચઢે તો દેખા દેખી બેસે પણ ખરા અને કથામાં ચાલતા ગૂઢાર્થ ભરેલ જ્ઞાનની ચર્ચાને સમજે છે તેવું જણાવવા હૂંકારો પણ ભણે છે. પરંતુ જેમ ફૂટેલા વાસણમાં નીર ન રહે તેમ તેઓ હૃદય ફૂટેલા હોઈ અંતરમાં જરા પણ જ્ઞાનનો છાંટો ન રહેતાં શાશ્વત પ્રત્યે ઉપેક્ષા સેવીને ભાવહીન બની જિંદગી જીવે છે.

ભાવ નહિત્યે ભ્રાન્ત વિના નર, નૈંન વિના કયમ સૂઝે;
તે ભૂંદુ અપરાધી અંધુ, બૂચટ કાંયન બૂઝે. ૪

શબ્દાર્થ

ભાવ = પ્રેમ, સ્નેહ, લાગણી **નહિત્યે** = ન હોવાથી **ભ્રાન્ત** = જીજ્ઞાશા, સમજ, ભીતરનો ભાવ **વિના** = સિવાય **નર** = માનવી **નૈંન** = દ્રષ્ટિ **વિના** = વિના, સિવાય **કયમ** = કેમ, ક્યાંથી **સૂઝે** = દેખાય **તે** = તેવા **ભૂંદુ** = અણસમજુ **અપરાધી** = ગુનેગાર **અંધુ** = જ્ઞાનથી આંધળા **બૂચટ** = મૂર્ખ **કાંયન** = કાંઈપણ નહીં **બૂઝે** = સમજે.

અનુવાદ

ભીતરના ભાવ સિવાયના લાગણીહીન માનવોને જ્ઞાનદૃષ્ટિ વિના કેમ કરીને સૂઝે ? એવા ભૂંદુ, અપરાધી, જ્ઞાનથી આંધળા અને મૂર્ખ ને કાંઈપણ સૂઝતું નથી.

ભાવાર્થ

જેમના હૃદયમાં જ્ઞાન પ્રાપ્તિની ઝંખના નથી તેવા ભીતરના ભાવ સિવાયના લાગણીહીન માનવોને જ્ઞાન ચક્ષુ જ ન ખુલ્યા હોય તો પછી તેમને સાચા-જૂઠાની પરખ કેમ કરીને સૂઝે ? અર્થાત્ નાશવંત અને શાશ્વતનો ભેદ જ્ઞાનની દ્રષ્ટિએ જાણી શકતા કે જોઈ શકતા નથી. એવા ભૂંદુ, અપરાધી, અંધ અને બૂચટ જીવોને કોઈપણ પ્રકારની સાચી સમજણ આવતી નથી.

ચોસરા - ૧૩

જેણા થઈ જખમાર સરીખા, મુખસે મીઠું મનવે;
અળગા થઈ અનહુત અભાગી, બોલ બગાડી જણવે. ૧

શબ્દાર્થ

જેણા = નાના, સામાન્ય **થઈ** = થઈને **જખમાર** = ના છૂટકે કર્મ કરનાર, પશ્ચાતાપ કરતો માણસ **સરીખા** = ની જેમ, માફક **મુખસે** = મોઢેથી, પ્રત્યક્ષ, હાજરીમાં **મીઠું** = ગમતું-સારું **મનવે** = મનથી બોલે **અળગા થઈ** = જુદા પડી, દૂર ગયા પછી **અનહુત** = અનૃત, જૂઠા, અસત્ય **અભાગી** = ભાગ્યહીન, કમનસીબ **બોલ બગાડી** = બોલી વગાડીને, વાણીને ખોટી ઠેરવીને **જણવે** = જણાવે.

અનુવાદ

નાના બનીને પશ્ચાતાપ કરતાં સાંભળે અને સૌની હાજરીમાં તો સારું બોલે, પરંતુ બધાંથી દૂર ગયા પછી અનૃત અને અભાગી જીવો સાંભળેલી વાણી ખોટી છે તેમ અન્યને જણાવે છે.

ભાવાર્થ

સત્સંગમાં અનાયાસે જઈ ચઢેલા અબુધ માનવો મનમાં પશ્ચાતાપ કરતાં

કરતાં કથા સાંભળે તેમજ ના છૂટકે કામ કરનાર વેઢિયાની માફક ધર્મસભામાં બેસતા હોય છે અને એક સામાન્ય માનવીની જેમ કથા સાંભળતા હોય છે. હાજર હોય ત્યાં સુધી હુંકારો ભણી મીઠું બોલીને સારા હોવાનો ઢોંગ કરે છે, પરંતુ સત્સંગ સભામાંથી દૂર ગયા પછી આવા જૂઠા અને અભાગી જીવો સાંભળેલી વાણી ખોટી છે તેમ અન્યને જણાવે છે.

યેહેવા જંત જનાવર સરીખા, કાગ કુટુંબના કલીયા;
મા વાયસણી વણસીત વીસવા, ઉલક અનંગના ફલીયા. ૨

શબ્દાર્થ

યેહેવા = એવા **જંત** = જીવો **જનાવર** = પશુ, જાનવર **સરીખા** = જેવા, સમાન **કાગ** = કાગડાના **કુટુંબના** = કુટુંબીજનોના, પરિવારના **કલીયા** = કુળ જેવા, કુળના **મા વાયસણી** = કાગડીની મા, કાગડાની માદા **વણસીત** = વંઠીયેલી, વણસી ગયેલી, વ્યભિચારિણી **વીસવા** = વીસે વીસ આની, સંપૂર્ણપણે **ઉલક** = ઉલૂક, ઘુવડ **અનંગના** = વ્યભિચારના, કામોતુક ભોગના, શરીર સુખના **અનંગના** = ઉત્સાહના, ઉમંગના, હરખના **ફલીયા** = ફળેલા, ઉત્પન્ન થયેલા

અનુવાદ

એવા માનવ કાગડાના કુટુંબી કુળના જનાવર કે જે વ્યભિચારિણી કાગડાની માદા સંપૂર્ણપણે ઘુવડ સાથે વ્યભિચાર કરે અને જે પ્રજા ઉત્પન્ન થાય તેના જેવા છે.

ભાવાર્થ

આવા અવગુણ ધરાવતા માનવો કાગડાની કુળના કે જે અપ્રિય બોલી બોલનારા, અભક્ષ ખોરાક ખાનારા અને લૂચ્ચાઈમાં ચકોર સ્વભાવના હોય છે. તેમાં વળી જે વ્યભિચારીણી કાગડાની માદા સંપૂર્ણપણે અન્ય નિશાચર ઉલૂકની સાથે શરીર સુખ માણીને સગર્ભા બનતી હોય અને આ રીતે જે પ્રજા ઉત્પન્ન થાય તે પ્રકારના આવા વર્ણશંકર જીવો હોઈ બેવડા ગુણોવાળી મિશ્રિત વૃત્તિ ધરાવતા હોય છે.

નીચતણા બહુ નીચ નઠારા, અંત્ય જાતથી ઓહોરા;
તેહેને મોક્ષ મળે નહીં મુકરે, ભવમે ભરમત બહોરા. ૩

શબ્દાર્થ

નીચતણા = નીચીના, નીચીવૃત્તિ ધરાવતી કુટુંબના **બહુ** = બહુ, વિશેષ **નીચ** = નીચા, હલકા **નઠારા** = દુષ્ટ, અસભ્ય, નરસા, લુચ્ચા **અંત્ય** = છેલ્લી, છેવટ, અંતિમ **જાતથી** = જાતિથી **ઓહોરા** = તૂચ્છ, ક્ષુદ્રતા દર્શાવનારો એક ઉદ્‌ગાર **તેહેને** = તેને **મોક્ષ** = મુક્તિ **મળે નહીં** = મળે નહીં **મુકરે** = કદાપિ, નિશ્ચયપૂર્વક, નક્કી **ભવમે** = સંસારમાં **ભરમત** = ભટકે, ભમે, રખડે **બહોરા** = બહુ, વારંવાર, ફરી ફરી.

અનુવાદ

નીચા કુળની છેલ્લી કોટીના શુદ્ર જાતિથી પણ બહુ નીચા દુષ્ટ જીવોને કદાપી મોક્ષ મળતો નથી અને સંસારમાં વારંવાર (જન્મ ધારણ કરીને) ભમ્યા કરે છે.

ભાવાર્થ

નીચા કુળના અને તેમાં વળી છેલ્લી કોટીના જે શુદ્ર જાતિ હોય તેનાથી પણ બહુ નીચા આવા અજ્ઞાની દુષ્ટ જીવો હોય છે. જેઓ જ્ઞાની પુરુષોના ઉપદેશને ગ્રહણ કરતા નથી અને સમાજમાં દુરાચારી, પાપાચારી અને વ્યભિચારી જિંદગી જીવીને સમાજને નળતરરૂપ બને છે. ભલે ઉચ્ચકુળમાં જનમ્યાં હોવા છતાં પણ તેઓને કદાપી મોક્ષ મળતો જ નથી. જેથી આવા જીવો ચોર્યાસી લાખ પ્રકારની સ્થાવર અને જંગમ યોનિમાં વારંવાર જન્મ ધારણ કરીને ભટકયા કરે છે.

મંદ અભાગી જૂવેનાં જાગી, રાગી અંગ જીનું જે;
તે ભૂદુ અપરાધી અંધુ, બૂચટ કાંય ન બૂઝે. ૪

શબ્દાર્થ

મંદ = ઓછી બુદ્ધિના, થોડી બુદ્ધિના, મૂર્ખ, બેવકૂફ **અભાગી** = ભાગ્યહીન, કમનસીબ **જૂવેનાં** = જૂએ નહીં **જાગી** = જ્ઞાનથી જાગ્રત થઈ **રાગી** = વિષયી, અનુરક્ત **અંગ** = દેહ, શરીર **જીનું** = તેનું, જેનું પોતાનું **જે** = જે **તે** = તે **ભૂદુ** = દુષ્ટ, બેશરમ **અપરાધી** = ગુનેગાર **અંધુ** = જ્ઞાનથી અંધ **બૂચટ** = મૂર્ખ **કાંયન** = કાંઈપણ નહીં **બૂઝે** = સમજે.

અનુવાદ

મંદબુદ્ધિના અભાગી જીવો જ્ઞાનથી જાગ્રત થઈને પણ જોતા નથી કે પોતાનું શરીર વિષયવાસનાથી ભરેલું છે તેવા ભૂંદુ, અપરાધી, જ્ઞાનથી અંધ અને મુર્ખ માનવો કાંઈ જ સમજતા નથી.

ભાવાર્થ

આવા મંદ બુદ્ધિના અભાગી જીવોને જ્ઞાન ટહંકારથી જગાડવા પ્રયત્ન કરવામાં આવે અને સાચા જ્ઞાનનો બોધ જણાવવા છતાં જ્ઞાનથી જાગ્રત થતા નથી. તેઓનું સર્વાંગ શરીર માત્ર વિષય વાસનાઓથી ભરેલું છે તેની પણ તેમને ખબર નથી. તેઓ હંમેશને માટે ઈન્દ્રિના વિષય ભોગ ભોગવવાના નશામાં રચ્યા-પચ્યા રહે છે અને અંધકારમય અજ્ઞાનરૂપી રાત્રિમાં જ સૂતા રહે છે. આમ, દુષ્ટ, ગુનેગાર, જ્ઞાનથી આંધળા અને મૂર્ખ માનવો કશું જ સમજતા નથી.

ચોસરા - ૧૪

દલ માંને ડહાપણના ડહાયા, રહેશ વિના જે રદવા;
ગોળ ખોળ સમ જ્ઞાન ધ્યાનકી, ગતિ ન જાણત ગધવા. ૧

શબ્દાર્થ

દલ = જૂથબંધીમાં, સમૂહપણામાં **માંને** = માને છે, સ્વીકારે છે **ડહાપણના** = ડહાપણ, મોટાઈ, સાણપણા **ડહાયા** = ડાહ્યા **રહેશ** = કરણી **વિના** = સિવાય **જે** = જે **રદવા** = રદ્દી, નકામા **ગોળ** = શેરડીના રસને ઉકાળીને બતાવેલ કઠણ પદાર્થ **ખોળ** = તેલ કાઢી લીધા પછીના કુચાનો બનાવેલો પદાર્થ **સમ** = સરખા, ની જેમ **જ્ઞાન** = જ્ઞાન, સમજ **ધ્યાનકી** = ધ્યાનની **ગતિ** = સમજ, તાકાત **ન** = નહીં **જાણત** = જાણતા **ગધવા** = ગધેડા.

અનુવાદ

સમૂહમાં પોતાને ડહાપણના ડાહ્યા માનનાર કરણી વગરનાં નકામા હોય છે. જેઓ ગોળ અને ખોળની જેમ જ્ઞાન અને ધ્યાનની ગતિને જાણતા ન હોઈ ગધેડા જેવા છે.

ભાવાર્થ

આવા જીવો પોતાનું જૂથ ઊભું કરીને પોતે મુખિયા છે તેમ ડહાપણ કરીને પોતેજ ડાહ્યા છે તેવો રૂઆબ બતાવે છે. વાતો ઘણી કરે, પરંતુ આચાર સંહિતા મુજબની રહેણી-કરણી પાળ્યા વગર પેપરની પસ્તી ની જેમ રદ્દી હોય છે.

જેમ ગધેડાને ખાવા માટે ગોળ કે ખોળ ધરવામાં આવે તો તેને કોઈ ફેર લાગતો નથી અને બંને ખોરાક એક સરખો માણીને પ્રેમથી ખાય છે તેમ આ જીવો સાચા જ્ઞાન અને મોક્ષ પ્રાપ્તિ અર્થે કરાતા ધ્યાનની ગતિને જાણતા નથી અને ધર્મ જગતમાં મોટા બનીને બેઠેલા આચાર્યો, ઐશ્વર્ય ધરાવતા દેવી-દેવતાઓની આદ્ય લઈ નિરંજન સહિતના બધાને એક જ સમાન સમજે છે.

તે જમ તમનું ક્યમ ન બોલે, પાપ પૂન્ય નવ પરખે;
જેમ શ્રીમંત સારા માણસને, સ્વાન ભસે તે સરખે. ૨

શબ્દાર્થ

તે = તે **જમ તમનું** = જેમ તેમનું, ગમે તેવું **ક્યમ** = કેમ, શા માટે **ન** = નહીં **બોલે** = બોલે, વદે **પાપ** = દુષ્કર્મનું ફળ **પૂન્ય** = સતકર્મનું ફળ **નવ** = ના **પરખે** = પારખે, ઓળખે, સમજે **જેમ** = જેમકે, જેવી રીતે **શ્રીમંત** = પૈસાપાત્ર, ધનવાન **સારા** = સજ્જન માનવી, સત્‌કર્મી **માણસને** = મનુષ્યને **સ્વાન** = કૂતરો **ભસે** = ભસે, ભોંકે **તે** = તેમ **સરખે** = સરખા, સમાન

અનુવાદ

તે કામ વગરનું ગમે તેમ કેમ ન બોલે કારણ કે પાપ અને પુણ્યને પરખતો નથી. જેમકે કૂતરો સજ્જન કે શ્રીમંત બંનેને જોઈ એક સરખો ગણીને ભસતો હોય છે.

ભાવાર્થ

જેવી રીતે ગામમાં રખડતો કૂતરો શેરીમાંથી પસાર થતા સજ્જન હોય કે શ્રીમંત હોય પરંતુ તેની તેને પરખ હોતી નથી તેથી તે કૂતરો બંનેને સરખા ગણીને ભસે છે. રાહદારી સજ્જન હોઈ કે દુર્જન અથવા તો ચોર હોઈ કે શાહુકાર તેમના ભસવામાં કોઈ જુદાપણું હોતુ નથી. તેવી જ રીતે આવી વૃત્તિ ધરાવતા

માનવોને પણ પાપ-પુણ્યની કે જ્ઞાની-અજ્ઞાનીની પરખ નથી જેથી મન ફાવે તેવાં કર્મો કરીને કામનું નહીં તેવું બિનજરૂરી (મનફાવે તેવું) નિંદનીય બકવાસ કરી અશુભ વચનો વદીને કર્મોનાં બંધન ઉભાં કરે છે.

તેમ તેહેનું દુઃખ નધરે સાધુ, રુદે મહી કોઈ કાળુ;
પણ તેહેના અણકારજ માટે, શીખદે દીનદયાળુ. ૩

શબ્દાર્થ

તેમ = તેમ છતાં **તેહેનું** = તેનું **દુઃખ** = દુઃખ **નધરે** = ધ્યાનમાં ન લે **સાધુ** = સંતજનો **રુદે** = હૃદય **મહી** = માં **કોઈ** = કોઈ **કાળુ** = સમયે, વખતે, કદાપી **પણ** = પરંતુ **તેહેના** = તેના **અણકારજ** = ખરાબકર્મ, કુકર્મ, દુષ્કર્મ **માટે** = માટે **શીખદે** = શિખામણ આપે **દીનદયાળુ** = દીનદયાળુ, દીન ઉપર દયા કરનાર.

અનુવાદ

તેમ છતાં તેનું દુઃખ સાધુ પુરુષ ક્યારેય હૃદયમાં કે ધ્યાનમાં લેતા નથી, પરંતુ તેના દુષ્કર્મો માટે આવા દીનદયાળુ શિખામણ જરૂર આપે છે.

ભાવાર્થ

સંત પુરુષો પ્રત્યે દુર્જનો પોતાનો વ્યવહાર-વર્તન અને વાણી ગમે તેવી આચરે કે બોલે તેમ છતાં સાધુ પુરુષ પોતાના હૃદયમાં ધારણ કરતા નથી. પરંતુ દુરાચરણ ન કરવા માટે સાવચેત થવા આવા દિન દયાળું સંત પુરુષો શિખામણ જરૂર આપે છે. ભલે દુર્જનો નિંદા કરતા હોવા છતાં સંત પુરુષ તેમનો દયાળુ સ્વભાવ કદી પણ ત્યજતા નથી.

એ શીખની ઉર આંચ ધરીને, સુમતિ ગ્રહી નવ ધ્રુજે;
તે ભૂંદુ અપરાધી અંધુ, બૂચટ કાંચન બૂઝે. ૪

શબ્દાર્થ

એ = એ **શીખની** = શિખામણની **ઉર** = હૃદયમાં **આંચ** = આંચકો, આઘાત, ચોટ **ધરીને** = ધારણ કરીને **સુમતિ** = સદ્કાર્ય કરવાનું, સદ્બુદ્ધિ **ગ્રહી** = ગ્રહણ કરી, ધારણ કરવુ

નવ = નહીં **ધ્રુજે** = ડરતા, ધ્રુજતા **તે** = તે **ભૂંદુ** = દુષ્ટ, અણસમજુ **અપરાધી** = ગુનેગાર **અંધુ** = જ્ઞાનથી આંધળા **બૂચટ** = મૂર્ખ **કાંયન** = કાંઈપણ નહીં **બૂઝે** = સમજતા.

અનુવાદ

તે શિખામણ પ્રત્યે પોતાના હૃદયમાં આઘાત લાવીને સદ્બુદ્ધિ ગ્રહીને ડરતા પણ નથી તેવા ભૂંદુ, અપરાધી, અંધ અને બૂચટ જીવો કાંઈપણ સમજતાં નથી.

ભાવાર્થ

હૃદયમાં માત્ર કલ્યાણ કરવાની ભાવના રાખીને પરોપકાર અર્થે જીવન સમર્પિત કરનાર સંત પુરુષોની શિખામણો સાંભળ્યા પછી પણ હૃદયમાં સદ્કર્મ કરવા પ્રેરાતા નથી અને પોતે સદ્ આચરણ અને સદ્બુદ્ધિ ધારણ કર્યા વિના મનફાવે તેવા દુષ્કર્મો કરતાં ડરતા નથી. એવા દુષ્ટ, અપરાધી, જ્ઞાનથી અંધ અને મૂર્ખ માનવો કાંઈપણ સમજતા નથી.

ચોસરા - ૧૫

સુક્રિતનો લવલેશ ન જીનમે, જનમ ધર્યો જે દિનથી;
જેનાં ઉર અંતર અણભેદાં, તે કયમ રહે આધિનથી. ૧

શબ્દાર્થ

સુક્રિતનો = સારાં કર્મોનો, સત્કાર્યોનો **લવલેશ** = સહેજપણ, જરાપણ **ન** = નહીં **જીનમે** = જેનામાં **જનમ ધર્યો** = જન્મ્યા, માતાની કૂખે જન્મ ધારણ કર્યો **જે** = જે **દિનથી** = દિવસથી **જેનાં** = જેનાં **ઉર અંતર** = અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને નચિંત) **અણભેદાં** = છેદી ન શકાય તેવુ, અભેદ્ય **તે** = તે **કયમ** = કેમ કરીને, કેવી રીતે **રહે** = રહે **આધિનથી** = વશ થઈને.

અનુવાદ

જે દિવસથી જન્મ ધારણ કર્યો છે તે દિવસથી તેણે લવલેશ સુક્રિત કર્યાં જ નથી. વળી, જેનાં હૃદય અને અંતઃકરણો અભેદ્ય હોઈ તે વ્યક્તિ શા માટે આધિન થઈને રહે ?

ભાવાર્થ

જે વ્યક્તિએ જ્યારથી માતાના કૂખે નત મસ્તકે જન્મ લીધો છે ત્યારથી દુષ્કર્મો આચરીને જરા પણ સત્કર્મ કર્યા જ નથી. વળી જેનાં હ્રદય અને અંતઃકરણો જ્ઞાન દ્વારા છેદી ન શકાય તેવા હોઈ સંતો દ્વારા મળેલા ઉપદેશને સાંભળે છતાં પણ સ્વછંદતાપૂર્વકનું જીવન જીવે છે. જ્ઞાનને આધિન થઈને રહેતા નથી કે ભક્તિ કરી શકતા નથી અને વૈરાગ્યને ધારણ કરી સંતોની શરણાગતિ સ્વીકારતાં નથી.

જો કદાપી તેહી દાન કરે તો, જ્યૌ ઉનાળે વરખ્યા,
જ્ઞાનહિન પરપંચી પૂંજે, તે જેવા તે સરખા. ૨

શબ્દાર્થ

જો = જો **કદાપી** = કોઈ વખત, ક્યારેક **તેહી** = તેઓ **દાન** = પુણ્યાર્થે કાંઈ આપવું તે **કરે** = કરે **તો** = તો **જ્યૌ** = જેમ **ઉનાળે** = ઉનાળાની ઋતુમાં, ગરમીની મોસમમાં **વરખ્યા** = વરસાદ **જ્ઞાનહિન** = અજ્ઞાની, જ્ઞાન સિવાયના **પરપંચી** = પ્રપંચથી ભરેલા, કપટી **પૂંજે** = પૂજા કરે, સેવા કરે **તે** = તેના **જેવા** = જેવા **તે** = તેપો તે **સરખા** = સમાન.

અનુવાદ

જો કદાપી તે દાન કરે તો જાણે ઉનાળાની મોસમમાં વરસાદ પડ્યો હોય. વળી તે પોતે જેવા છે તેવા જ અજ્ઞાની અને પ્રપંચીની તેઓ પૂજા કરે છે.

ભાવાર્થ

જેમ ભર ઉનાળામાં વરસાદ વરસે તે કમોસમી હોવાથી ખેતપેદાશ માટે હિતકારી નથી. તેથી પ્રજાજનોમાં ચર્ચાનો વિષય બને છે તેમ આવા મનના મેલા માનવો કદાપી દાન કરે તો માન સન્માનથી ભરેલી વાહ-વાહ કરવાવાળી વૃત્તિ રાખીને દાન કરતા હોય છે. વળી જેમ સજાતિ સજાતિને ઓળખે તેમ પોતે જેવા છે તેવાને વધુ મહત્વ આપવા જ્ઞાનહીન એવા અજ્ઞાની અને પ્રપંચથી ભરેલા પાખંડી સંતપુરુષોની તેઓ પૂજા કરતા હોય છે. આમ પૂજા કરનાર અને પૂજા લેનાર બંને એક સરખી જ વૃત્તિ વાળા હોય છે.

નાજ ન ઉપજે ખરે ઉનાળે, વરખ્યા નિષ્ફળ જાઈ;
ત્યૌ પરપંચી પૂજનનું પદ, ફળે ન ફૂલે તાઈ. ૩

શબ્દાર્થ

નાજ = અનાજ **ન** = નહીં **ઉપજે** = ઉત્પન્ન થાય **ખરેઉનાળે** = ભર ઉનાળામાં **વરખ્યા** = વરસાદ **નિષ્ફળ** = નિષ્ફળ **જાઈ** = જાય **ત્યૌ** = તેમ **પરપંચી** = પ્રપંચથી ભરેલા પુરુષનું **પૂજનનું** = પૂજાનું **પદ** = સ્થાન, દરજ્જો **ફળે** = ઊગે, પાકે, લાભકારક **ન** = નહીં **ફૂલે** = વૃદ્ધિ થાય, ખીલે, વીકસે **તાઈ** = તેમની, તેઓની.

અનુવાદ

ભર ઉનાળામાં વરસાદ પડવાથી અનાજ પાકતું નથી તેથી પાણી નિષ્ફળ જાય છે તેમ પ્રપંચી પદના પૂજન તેમને લાભદાયી કે ફળદાયી નીવડતું નથી.

ભાવાર્થ

જેમકે કોઈ વખત ભર ઉનાળે અચાનક વરસાદ પડે તે વખતે ખેતરોમાં કોઈ અનાજ પાકતું ન હોવાથી વરસાદનું પાણી નિષ્ફળ જાય છે. અથવા તો સૂકા અનાજને લાભદાયી ન થતાં નુકશાન થાય છે. તેમ પ્રપંચથી ભરેલા પુરુષનું પદ લાભદાયી કે ફળદાયી ન હોવાથી તેમના પૂજન-અર્ચન કે ભક્તિ કરવાથી ભક્ત કે સેવકને કોઈ પણ પ્રકારનો લાભ થતો નથી, તેથી ભક્તિ નિષ્ફળ નિવડે છે. આવાં કર્મથી ભક્તનું જીવન ઉર્ધ્વગતિને બદલે અધોગતિના પંથે ગમન કરે છે. ખોટા પાપમાં પડીને દુષ્કર્મમાં ઉમેરો થતો હોય છે.

બુદ્ધિ નરને બુધ્ધ વિના જે, અવળે અવળુ સૂઝે;
તે ભુંદુ અપરાધી અંધુ, બૂચટ કાંયન બૂઝે. ૪

શબ્દાર્થ

બુદ્ધિનરને = બુદ્ધિવાન માનસને **બુદ્ધ વિના** = બુદ્ધિ વિના **જે** = જે **અવળે અવળુ** = ખોટે ખોટું, ઉલટે ઉલટું **સૂઝે** = દેખાય, ગમે **તે** = તે **ભુંદુ** = દુષ્ટ, અણસમજુ **અપરાધી** = ગુનેગાર **અંધુ** = જ્ઞાનથી આંધળા **બૂચટ** = મૂર્ખ **કાંયન** = કાંઈપણ નહીં **બૂઝે** = સમજે.

અનુવાદ

બુદ્ધિવાન પુરુષને પણ બુદ્ધિ વાપર્યા વિના અવળે અવળું સૂઝતું હોય છે તેવા દુષ્ટ, અપરાધી, અંધ અને બૂચટ કાંઈપણ સમજતા નથી.

ભાવાર્થ

ચાર્યાસી લાખ પ્રકારના ઘાટો પૈકી માનવનો ઘાટ બુદ્ધિવાન અને સર્વ ઘાટોમાં ઉત્તમ ગણાય છે. આવો માનવ ઘાટ અસંખ્ય જન્મોના સંચિત સત્કર્મો બાદ પ્રાપ્ત થતો હોય છે. આવો અમૂલ્ય માનવ ઘાટને પ્રાપ્ત કર્યા પછી પણ જો માનવી બુદ્ધિ વિનાના થઈને આત્મકલ્યાણના કાર્ય કરવાને બદલે પ્રપંચી પુરુષોની પૂજા કરે તો તેને સૂલટું નહીં, પરંતુ ઉલટે ઉલટું કાર્ય કહેવાય. આવા અવળે રસ્તે જનારા દુષ્ટ, ગુનેગાર, જ્ઞાનથી આંધળા અને મૂર્ખ જીવો કાંઈપણ સમજતા નથી.

ચોસરા - ૧૬

વીસવાસઘાતી ગત્યહીણના, વીણના વીટલ ફજેલા;
ઉંચા હોય પણ નીચ તણી મત, પતી રત્ય જ્ઞાંન તજેલા. ૧

શબ્દાર્થ

વીસવાસઘાતી = વિશ્વાસઘાત કરનાર, દગલબાજ, નમકહરામ **ગત્યહીણના** = હીનગતિના **વીણના** = વાણીના **વીટલ** = વિટલ, અધમ, હલકા **ફજેલા** = ફરેલા, વચનભંગી **ઉંચાહોય** = ઉત્તમકુળના હોય **પણ** = પરંતુ **નીચતણી** = નીચા કુળની **મત** = બુદ્ધિ, મતિ **પતીરત્ય** = પતિ પ્રત્યેના **જ્ઞાંન** = જ્ઞાંન **તજેલા** = તજી દીધેલા.

અનુવાદ

તે માનવો વિશ્વાસઘાતી, હીનગતિના, વાણીથી હલકા અને વચનભંગી હોય છે. ભલે ઊંચા કુળના હોય, પરંતુ નીચા કુળની બુદ્ધિ ધરાવતા હોઈ તેમણે સર્જનહાર પ્રત્યેનો ભાવ અને જ્ઞાન ત્યજી દીધેલા હોય છે.

ભાવાર્થ

તે માનવો વિશ્વાસઘાતી, નિમ્નકક્ષાની પ્રવૃત્તિ અને સંસ્કાર ધરાવતા, વાણીથી હલકા અને વચનના ભંગી હોય છે. ભલે તેવા માનવો ઊંચા કહેવાતા કુળમાં જન્મ્યા હોય, પરંતુ નીચા કુળના માનવની જેમ હીન બુદ્ધિ ધરાવે છે. આવા માનવો સર્જનહારની બનાવેલી વિભૂતિઓનો ઉપભોગ કરે છે, પરંતુ તેમના પ્રત્યે હૃદયમાં ભાવ ધારણ કરતા નથી કે કર્તા સંબંધી જ્ઞાનને જાણવા છતાં તેને ત્યજીને રૂપગુણવાળા દેવી-દેવતાઓ અને અવતારાદિક મહાપુરુષોની ભક્તિમાં વળેલા હોય છે.

મનુષ તણે તન ઓપીત ઉપલ્યા, દિસત સબજુગ જેસા;
પણ અંતરના ઓરહી ઉનમત, મહિષી સુત જયૌ ભેંસા. ૨

શબ્દાર્થ

મનુષતણે = મનુષ્યનું **તન** = શરીર **ઓપીત** = શોભે, લાગે, જણાય **ઉપલ્યા** = ઉપલક, બહારથી **દિસત** = દેખાય **સબજુગ** = સર્વ જગત, જગતના બધા **જેસા** = જેવા **પણ** = પરંતુ **અંતરના** = અંદરથી, હૃદયના **ઓરહી** = વિશેષ, વધુ **ઉનમત** = વિષયી **મહિષીસુત** = ભેંસના પુત્ર **જયૌ** = જેમ, જેવા **ભેંસા** = પાડો, આખલો.

અનુવાદ

ઉપલક દૃષ્ટિથી તો જગતના બધા માનવની જેમ સરખા લાગે છે પરંતુ અંદરથી તો ભેંસના પુત્ર પાડા જેવા વિશેષ વિષયી હોય છે.

ભાવાર્થ

તેવા માનવો ઉપલક દૃષ્ટિએ તો જગતના સર્વ સામાન્ય માનવી જેવા સ્વભાવગત બાહ્યાચરણ ધરાવતા જણાય છે, પરંતુ તેમનું હૃદય વાસનાઓથી ભરપૂર હોઈ ભેંસના પુત્ર પાડાની માફક બંધન મુક્ત આચરણ કરી એક કરતાં વિશેષ સ્ત્રી સાથે ભોગ ભોગવીને અતિ વિષયી વ્યવહાર કરે છે.

તે અરણા આરણવન જેસા, વસ્તિ આંન્ય વિલાસે;
હલન ચલણ તેનાં તે લક્ષણ, પુરવી પોત પ્રકાશે. ૩

શબ્દાર્થ

તે = તે **અરણા** = ભેંસ **આરણવન** = આરણ્યવન, જંગલમાં વસવાટ કરનાર, વનવાસી **વસ્તિ** = પ્રજા, જન્મદર **આંન્ય** = બીજા સાથે **વિલાસે** = વિલાસ કરે, આનંદ ભોગવે, વિષયાનંદ માણે **હલન ચલણ** = હાલવું ચાલવું **તેનાં તે લક્ષણ** = તેના તેવાં જ લક્ષણ **પુરાવી** = પહેલાંના જેવું જ **પોત પ્રકાશે** = સ્વરૂપ જણાય, અંદરનો સ્વભાવ ખુલ્લો થવો, મૂળ ગુણધર્મ બહાર આવવો.

અનુવાદ

તે જંગલી ભેંસની જેમ અન્ય સાથે વિલાસ કરીને વસ્તી વધારવાનું કામ કરે છે. તેમનું હરવું-ફરવું પહેલાના લક્ષણોના જેવા જ હોઈ તેમનો મૂળ સ્વભાવ દેખાઈ આવે છે.

ભાવાર્થ

આવ વ્યભિચારી માનવો જંગલી ભેંસની જેમ કોઈપણ પ્રકારની આડ-અડચણ વગર અન્ય સાથે વિલાસ કરીને માત્ર વસ્તી વધારવાનું કામ કરતા હોય છે. તેમના હૃદયમાં કામ વાસના છુપાયેલી હોવાથી ક્યારેક તેમના વાણી-વર્તન અને વ્યવહારમાં મૂળ ગુણધર્મ દેખાઈ આવે છે. સંસારમાં સામાન્ય માનવીની માફક ભલે ભોળા થઈને ફરે પણ તક મળે તો તેમનાં મૂળ લક્ષણો જેવો જ વ્યવહાર કરીને વિલાસી જિંદગી માણવામાં તેઓ ખચકાતા નથી. આ સમયે તેમનું સાચું સ્વરૂપ ખુલ્લું પડીને જ રહે છે.

ઓરુ અજીયા અનુસુતના સરખા, બકબક કરત બનું જે;
તે ભૂંદુ અપરાધી અંધુ, બૂચટ કાંયન બૂઝે. ૪

શબ્દાર્થ

ઓરુ = અને, વળી **અજીયા** = અજા, બકરી **અનુસુતના** = ની સાથે સંકળાયેલા **સરખા** = ના જેવા **બકબક** = બેં બેં, બકવાસ, અનર્થ ઉચ્ચારણ **કરત** = કરે **બનું જે** = શોર-બકોર, ભોંકે, તાડુકે **તે** = તે **ભૂંદુ** = દુષ્ટ, બેસરમ, અણસમજુ **અપરાધી** = ગુનેગાર **અંધુ** = જ્ઞાનથી આંધળા **બૂચટ** = મૂર્ખ **કાંયન** = કાંઈપણ નહીં **બૂઝે** = સમજે.

અનુવાદ

વળી, બકરાની સાથે સંકળાયેલી જાતિ સમાન બકવાસ કરીને શોર-બકોર કરે છે. એવા દુષ્ટ, અપરાધી, અંધ અને બૂચટ જીવો કાંઈપણ સમજતા નથી.

ભાવાર્થ

આવા માનવો બકરાની સાથે સંકળાયેલી જાતિ સમાન હોય છે. બકરાની જેમ બેં-બેં કરીને એકબીજા સાથે માથાં અથડાવે તેમ જ વ્યર્થ શોર-બકોર અને બકવાસ કરી અન્ય સાથે તાડુકીને વર્તન કરતા હોય છે. એવા બકરાના લક્ષણો જેવી વૃત્તિ ધરાવતા દુષ્ટ, અપરાધી, જ્ઞાનથી અંધ અને મૂર્ખ જીવો કાંઈપણ સમજતા નથી.

ચોસરા - ૧૭

પોતેતો કાંય પૂન્ય કરે નહીં, ઓરને વારી રાખે;
જેનું લગન લગ્યું હોય જીનમેં, તેના અવગુણ ભાખે. ૧

શબ્દાર્થ

પોતેતો = ખુદ તો **કાંય** = કાંઈપણ **પૂન્ય** = ધર્મ સબંધી દાન-દક્ષિણા, સત્‌કર્મ. **કરે નહીં** = કરે નહીં **ઓરને** = બીજાને, અન્યને **વારી રાખે** = રોકી રાખે, ન કરવાનું કહીને અટકાવી રાખે **જેનું** = જેનું **લગન** = લગની **લગ્યું હોય** = લાગી હોય **જીનમેં** = જેનામાં **તેના** = તેના **અવગુણ** = અવગુણો, દુર્ગુણ **ભાખે** = બોલે, કહે.

અનુવાદ

પોતે તો કાંઈ પણ પુણ્યદાન કરે નહીં, પરંતુ બીજા કરતા હોય તેને રોકી રાખે. વળી જેનામાં જેની લગની લાગી હોય તેના જ અવગુણો બોલતા હોય છે.

ભાવાર્થ

આવા જીવો પોતાની સંપત્તિ સદ્ ઉપયોગ અર્થે જરૂરીયાતમંદ વ્યક્તિને કે ધાર્મિક સંસ્થાઓમાં આપી પુણ્ય-દાન કરતા નથી અને જો કોઈ શ્રદ્ધાળુ પરમાર્થ

કાર્ય માટે આવું પુણ્ય-દાનનું સદ્કાર્ય કરતા હોય તો તેને આડું-અવળું સમજાવીને આવા પરોપકારી કાર્ય કરવાથી રોકી રાખે છે. મુમુક્ષુજનો સજ્જનતાપૂર્વક કોઈ પદની ભક્તિ કે સંત પુરુષના સત્સંગમાં લગની લગાવી જો સેવક ભાવ ધારણ કરીને ધ્યાન-ભજન કરતા હોય તો તેવા પદ કે પુરુષની નિંદાત્મક વાણી (વચનો) દ્વારા ખોટા-અવગુણો દર્શાવીને તેની શ્રદ્ધામાં અવરોધ ઊભો કરી લાગણી દુભાવવાનું અનર્થ કાર્ય કરે છે.

અવગુણ દાખી કરે વિલાખી, જનથી જુદો પાડે;
એ સાકુટના સંગ તણાં ફળ, નિશ્ચે નરક પમાડે. ૨

શબ્દાર્થ

અવગુણ = અવગુણ, દુર્ગણ **દાખી** = જણાવી, દેખાડીને **કરે** = કરે **વિલાખી** = આનંદ, વિલાસ **જનથી** = સમાજથી, સજ્જનોના સમૂહથી **જુદો** = અલગ, વેગળો **પાડે** = પાડે **એ** = એ **સાકુટના** = અધર્મીના, દુષ્ટના **સંગ** = સોબત, સાથ **તણાં** = નાં **ફળ** = પરિણામ **નિશ્ચે** = ચોક્કસ **નરક** = મરણ પછી શિક્ષા ભોગવવા માટે યાતનાઓ ભોગવવાનું સ્થાન **પમાડે** = પ્રાપ્ત કરાવે, પહોંચાડે.

અનુવાદ

અવગુણો દેખાડીને આનંદ મેળવે અને આવી વ્યક્તિને સજ્જનોના જૂથથી અલગ પાડે એવા સાકુટના સોબતનું ફળ ચોક્કસ નરક પહોંચાડે છે.

ભાવાર્થ

સજ્જન પુરુષના અવગુણો દર્શાવીને શ્રદ્ધાળુની શ્રદ્ધાને ઠેસ પહોચાંડી આવા સાકુટ જનો મનમાં આનંદની લાગણી અનુભવતા હોય છે અને સજ્જનોના સમૂહથી શ્રદ્ધાળુ વ્યક્તિને અલગ પાડ્યાનો અને સત્‌માર્ગના પથથી દૂર કરવા બદલ પોતે કાંઈક શુભ કાર્ય કર્યું તેવી ગર્વની અનુભૂતિ કરે છે. આવા સાકુટ જીવોના સંગ માત્રથી આ જન્મે તો દુઃખ અને સંતાપો ભોગવવા પડતા હોય છે, પરંતુ મૃત્યુ પછી પણ તેના પરિણામ ભોગવવા માટે યમરાજાના દુતો દ્વારા કરાતી નર્કકુંડોની યાતનાઓ ભોગવવી પડે છે.

નરક પમાડે કબહુન કાઢે, જુગ જુગ વિત્યા જાઈ;
કહુ છું તે તારા કારજને, જો માંને તો ભાઈ. ૩

શબ્દાર્થ

નરક = નરક **પમાડે** = પહોંચાડે **કબહુન કાઢે** = કોઈ પણ ન ઉગારે **જુગ જુગ** = યુગોના યુગો **વિત્યા** = વિત્યા, ચાલ્યા **જાઈ** = જાય **કહુ છું** = કહુ છું **તે** = તે **તારા** = તમારા **કારજને** = કામ માટે, કલ્યાણ માટે **જો** = જો **માંને** = મનતા હોય **તો** = તો **ભાઈ** = ભાઈ, એક પિતાના સંતાનનો સંબંધ ધરાવતો શબ્દ.

અનુવાદ

નરક પમાડે તો તેમાંથી કોઈપણ ઉગારતું નથી. માટે હે ભાઈ ! જો માનેતો તું માની લે કેમકે તારા કલ્યાણ માટે કહું છું.

ભાવાર્થ

માનવીને દુષ્કર્મોના ભોગ ભોગવવા માટે થતી શિક્ષાત્મક દંડનીય સજા માટે યમરાજાના દૂતો તેને અઠ્ઠાવીસ પ્રકારના અલગ-અલગ નર્કના કુંડોની યાતના આપે છે. આવી યાતનામાંથી જીવને કોઈ ઉગારતું કે બચાવતું નથી.

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ છે. તેઓ દરેક અંશોને એક આત્મબંધુત્વના નાતે નિહાળે છે. માટે ભાઈ શબ્દનું સંબોધન કરીને કહે છે કે જો તેઓના અગાધ જ્ઞાનયુક્ત શબ્દ ગ્રહણ કરશો તો અંશના કલ્યાણ ઉર્ધ્વગમન કરવામાં સુલભતા રહેશે. કારણ કે તેઓ અંશ-અંશીનો લક્ષ માત્ર અંશના કલ્યાણ માટે જ લાવ્યા છે અને સર્જનહારે તેમને આ કાર્ય માટે જ વિશ્વમાં મોકલ્યા છે.

તદપી જો તેનાં સંગતથી, આશ કરી ન અમૂઝે;
તે ભૂંદુ અપરાધી અંધુ, બૂચટ કાંયન બૂઝે. ૪

શબ્દાર્થ

તદપી = તેમ છતાં **જો** = જો **તેનાં** = તેમનાં **સંગતથી** = સંગ કરવાથી **આશ** = આશા, ઈચ્છા **કરી** = કરી **ન** = નહીં **અમૂઝે** = મૂઝવું પડશે **તે** = તે **ભૂંદુ** = દુષ્ટ, અણસમજુ **અપરાધી** = ગુનેગાર

અંધુ = જ્ઞાનથી આંધળા **બૂચટ** = મૂર્ખ **કાંયન** = કાંઈ પણ નહીં **બૂઝે** = સમજે.

અનુવાદ

તેમ છતાં એવાના સંગથી જે આશા કરી હોય તે પૂરી થતી નથી જેથી મુંઝાવવું પડે છે. પરંતુ ભૂદુ, અપરાધી, અંધ અને બૂચટ જીવો સમજતા જ નથી.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના વચનોની અવગણના કરીને ઘણા માનવી આવા સાકૂટ જીવોનો સંગ કરે છે. જેથી તેમની ભવસાગર તરીને મોક્ષ પ્રાપ્ત કરવાની આકાંક્ષાઓ કદી પણ પૂરી થતી નથી. ઉલટાનું પસ્તાવાનો વારો આવે છે. તેમ છતાં દુષ્ટ, ગુનેગાર, જ્ઞાનથી અંધ અને મૂર્ખ જીવો આવી પરમાર્થી વાણીને કાંઈપણ સમજતા નથી.

ચોસરા - ૧૮

તે માટે તેના પરસંગને, તજીયે તે તન મનથી;
ઉંચા હોયતો આશ કશી છે, જીવન તો છે ઘનથી. ૧

શબ્દાર્થ

તે માટે = તેથી **તેના** = તેના **પરસંગને** = પ્રત્યેના સંગને, સોબતને **તજીયે** = તજી દેવી જોઈએ **તે** = તે **તન** = શરીર **મનથી** = મન અંતઃકરણથી **ઉંચા હોયતો** = ઉચ્ચકુળના હોય તો **આશ** = આશા **કશી છે** = શા માટે ?, કાંઈ છે ? **જીવન તો છે** = જીવવાનું તો હોય છે **ઘનથી** = વરસાદથી.

અનુવાદ

તે માટે તેના પ્રત્યેના સંગને તન અને મનથી ત્યજી દેવાં જોઈએ, ભલે ઊંચા કુળના હોય, પરંતુ તેમની પાસે કશી આશા શા માટે રાખવી ? કારણ કે જીવન તો વરસાદથી છે

ભાવાર્થ

તેથી એવા સાકુટ જીવો પ્રત્યેની સોબત રાખવી નહીં અને બને તેટલા દૂર રહેવું જોઈએ. આવી વ્યક્તિને શરીર અને મન અંતઃકરણથી ત્યજી દીધા પછી પોતાની વૃત્તિ તલ્લીન કરીને પરમપદ પામવાના માર્ગે જ જોડી રાખવી જોઈએ. તેમાં ચલિત થવા દેવી જોઈએ નહીં.

ભલે આવા સાકુટ જીવો ઊંચા કુળના કે મહાન ગણાતા પદાધિકારીઓ હોય પરંતુ તેમના ઉપર આપણું સામાજિક જીવન નિર્ભર નથી કે તેમની રહેમ નજર નીચે આપણે જીવતા નથી. સૌ કોઈ પોત પોતાની જિંદગી કર્મને આધિન થઈ જીવે છે. નહીં કે સાકુટોની રહેમ નજરથી કે કૃપાથી. સર્જનહારને પ્રત્યેક માટે એક સરખો જ દૃષ્ટિકોણ છે. તેથી વરસાદ સહિતની અનેક વિભૂતિનો ઉપયોગ કરવો એ પ્રભુ કૃપા છે નહીં કે અન્ય મોટા થઈને બેઠેલાની. માટે સર્જનહાર સિવાય અન્ય કોઈ મોટા ગણાતા દેહધારી કે તેમના પદોની આશા રાખવી નહીં કે તેમણે સમર્પિત થઈને માનવદેહ વ્યર્થ ગુમાવવો નહીં.

રાજા પરજા ઓર ધનવંતા, ચકરવર્તિ જો કહાવે;
સ્થાવર જંગમ વિશ્વ ચરાચર, પરજન જહાંન જીવાવે. ૨

શબ્દાર્થ

રાજા = રાજ્યનો વડો અધિકારી **પરજા** = પ્રજા, રૈયત **ઓર** = અને **ધનવંતા** = ધનવાન **ચકરવર્તિ** = ચક્રવર્તી, જેનો સમગ્ર પ્રજા ઉપર અમલ ચાલતો હોય **જો** = જો **કહાવે** = કહેવાય **સ્થાવર** = સ્થિર જાતિ **જંગમ** = જંગમજાતિ **વિશ્વ ચરાચર** = સમસ્ત વિશ્વ **પરજન** = વરસાદ **જહાંન** = વિશ્વ **જીવાવે** = જીવડાવે, જીવાડે.

અનુવાદ

ભલે ચક્રવર્તી રાજા, પ્રજા કે ધનવાન કહાવે, પરંતુ સ્થાવર જંગમ સહિત સમસ્ત વિશ્વનું જીવન જીવાડનાર વરસાદ છે.

ભાવાર્થ

પૃથ્વી પરના સમસ્ત જીવોનું જીવન હવા-પાણી અને ખોરાક પર અવલંબિત

છે. ભલે પછી ચક્રવર્તી રાજા, ધનવાન કે ગરીબ પ્રજા હોય અથવા સ્થાવર-જંગમ જાતિના સર્વે ચર અચર ઘાટો હોય, દરેકને સર્જનહાર યોગ્ય સમય અને સ્થળને અનુરૂપ આ મુખ્ય જરૂરિયાત પુરી પાડે છે. તેથી તો સર્જનહાર ત્રણેય જરૂરિયાતના મૂળરૂપે રહેલા વરસાદને વર્સાવે છે. આ રીતે સર્જનહાર જ સૃષ્ટિના સમસ્ત ચોર્યાસી લાખ પ્રકારના વિવિધ ઘાટોનું ભરણ-પોષણ કરે છે.

તબતે આશ કરે કહો કુણની, એક જીવન છે સબને;
ઉદે અસ્ત લ્યૌ કાજ ચલત જ્યૌ, એકતા ચાલે રબને. ૩

શબ્દાર્થ

તબતે = તેટલા માટે **આશ** = આશા **કરે** = કરે **કહો** = કહો **કુણની** = કોની **એક** = એક **જીવન** = ગુજારો, નિર્વાહ, જન્મ અને મરણ વચ્ચેનો કાળ **છે** = છે **સબને** = દરેકને **ઉદે** = ઉગવું, જન્મ, પ્રભાત **અસ્ત** = મૃત્યુ, આથમવું, સાંજ **લ્યૌ** = સુધી **કાજ** = કર્મ, કાર્ય **ચલત** = ચાલે **જ્યૌ** = જેમ **એકતા** = એક સરખું, એક સમાન, એકધાર્યું **ચાલે** = ચાલે, વહે **રબને** = સુર્યનાં.

અનુવાદ

દરેકનું જીવન એક જ છે તો કોણ કોની આશા કરે ? તે કહો. ઉદયથી અસ્ત સુધી સર્વમાં કાર્ય સુર્યની માફક એકધાર્યા ચાલ્યા કરતાં હોય છે.

ભાવાર્થ

વિશ્વમાં સ્થાવર જંગમની આદ્ય લઈ સર્વે ઘોટોનું જીવન સર્જનહાર દ્વારા નિર્મિત સિદ્ધાંત મુજબ અને તેમની કૃપા થકી જ ચાલે છે તો પછી કોણ કોની આશા રાખે ? એટલે કે સર્જનહારની વિભૂતિને માણીને બધાજ ઘાટો પોતપોતાનું જીવન જીવતા હોવાથી અલ્પવિભૂતિ ધરાવતા નાના જીવોએ વિશેષ વિભૂતિવાન અને ઐશ્વર્ય ધરાવતા મોટા જીવોને આધીન બનીને જીવવાની કોઈ જરૂર નથી. જેમ દિવસના ઉદયથી તે અસ્તના સમયગાળા દરમિયાન એક જ સૂર્યના ભ્રમણ ગતિના આધારે એક ધારી ઉર્જા દરેક જીવને પ્રાપ્ત થતી હોય તો અન્ય નાના કે મોટા ઉજાસ દેનારની આશા રાખવી યોગ્ય નથી.તેમજ એક જ સર્જનહાર દ્વારા બ્રહ્માંડની આદ્ય, મધ્ય અને અંતનો સંચાર

થતો હોય તો સર્જનહાર સિવાય અન્ય કોઈની ઉપાસના કે ભક્તિ-ભાવ કરવાની જરૂર નથી.

યેસી સમજ જુગત જમ કહી તમ, જો ન રુચે હૃદયે તુજે;
તે ભુંદુ અપરાધી અંધુ, બૂચટ કાંયન બૂઝે. ૪

શબ્દાર્થ

યેસી = આ પ્રમાણેની **સમજ** = સમજ **જુગત** = યુક્તિપૂર્વક **જમ કહી** = જે મુજબ કહી **તમ** = તે પ્રમાણે **જો** = જો **ન રુચે** = ન ગમે **હૃદયે** = હૃદયથી, હૃદયમાં **તુજે** = તને, જેણે **તે** = તેવા **ભુંદુ** = દુષ્ટ, અણસમજુ **અપરાધી** = ગુનેગાર **અંધુ** = જ્ઞાનથી આંધળા **બૂચટ** = મૂર્ખ **કાંયન** = કાંઈપણ નહીં **બૂઝે** = સૂઝે.

અનુવાદ

આ પ્રમાણેની યુક્તિપૂર્વકની સમજ જે પ્રમાણે કહી તે મુજબ હૃદયમાં ધારણ ન કરે તેવા ભૂંદુ, અપરાધી, અંધ અને બૂચટ જીવોને કાંઈ સૂઝતું નથી.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે જગતના જીવોને ન્યાય અને યુક્તિપૂર્વકની સાચી અને પક્ષા-પક્ષ રહિત યથાર્થ સમજ જે આપી છે, તે પ્રત્યેક અંશો માટે કલ્યાણકારી છે. સર્જનહારની સર્વોપરિતાને જે જીવો પોતાના હૃદયમાં ધારણ ન કરનાર દુષ્ટ, ગુનેગાર, જ્ઞાનથી આંધળા અને મૂર્ખ જીવોને બીજું કાંઈપણ સાચું સૂઝવાનું નથી.

ચોસરા - ૧૯

જે સંગતથી સતમતિ નાસત, મૂરખપણું પણ પાવે;
તે સંગતમેં કાળા મુખના, કહો કરમે શું આવે. ૧

શબ્દાર્થ

જે = જે **સંગતથી** = સોબતથી **સતમતિ** = સદ્‌બુદ્ધિ **નાસત** = નાશ પામે.

મૂરખપણું = મૂર્ખપણું **પણ** = પણ **પાવે** = પ્રાપ્ત કરે, મેળવે **તે** = તે **સંગતમેં** = સોબતમાં **કાળા મુખના** = અમંગલકારીના, અપશુકનિયાળ **કહો** = કહો **કરમે** = હાથમાં **શું** = શું **આવે** = આવે.

અનુવાદ

જેની સંગતથી સદ્‌બુદ્ધિ નાશ પામે અને મૂરખપણું મળે એવા અપશુકનિયાળ માનવના સંગથી હાથમાં શું આવે ? તે કહો.

ભાવાર્થ

જેઓ સર્જનહારની સર્વોપરિતાને સ્વીકારતા નથી અને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે દર્શાવેલ જ્ઞાનની સાચી રજૂઆતને હૃદયમાં ધારણ કરતા નથી તેવા ભાગ્યહીન અને અપશુકનિયાળ માનવોના સંગતથી સંગ કરનારને મુક્તિની ઈચ્છા ફળીભૂત થતી નથી. એટલે કે કલ્યાણનું કાર્ય સફળ થતું નથી. ઊલટું થોડી ઘણી સદ્‌બુદ્ધિ હોય તે પણ નાશ પામે છે અને સમાજ અજ્ઞાની અને મૂર્ખ તરીકે ગણના કરીને તિરસ્કારની વૃત્તિથી નિહાળે છે. જો આવી કાળમૂખી વ્યક્તિ સામે મળે તો મુત્યુની આગાહી વર્તાતી હોઈ તેનાથી દૂર રહેવું.

જે નરને પરછાયે પ્રાત્યક, લાગે નરક પડ્યાનું;
તો તે પુરુષ તણા પાપનકુ, શું કહું પીઢ પડ્યાનું. ૨

શબ્દાર્થ

જે = જે **નરને** = પુરુષના **પરછાયે** = પડછાયો **પ્રાત્યક** = પાપ, ચોક્કસ-ખાતરીપૂર્વકનું ફળ, પરિણામ **લાગે** = લાગે **નરક પડ્યાનું** = નર્કમાં જવાનું **તો** = તો **તે** = તે **પુરુષ** = પુરુષ **તણા** = ના **પાપનકુ** = પાપનું **શું** = શું **કહું** = કહું **પીઢ પડ્યાનું** = મોટાઈનું, મોટપણાનું.

અનુવાદ

જે માણસના પડછાયાથી ચોક્કસ નરક પડ્યાનું ફળ મળે છે. તો તેવી મોટાપણું દાખવતી વ્યક્તિના પાપનું શું કહું ?

ભાવાર્થ

આવા પાપી અધમ જીવોનો પડછાયો જો પડે તો તેનાં ફળ રૂપે નિશ્ચિત પણે મૃત્યુબાદ નર્કકુંડોની યાતના ભોગવવી પડે. આવા આગેવાન થઈને બેઠેલા મોભાદાર પુરુષોના પાપ અંગે કશું કહી શકાય તેમ નથી. સંચિત કર્મોથી પોતાને મળેલ સત્તાનો દૂરઉપયોગ કરીને મુખ્ય આગેવાનના નાતે સત્‌કર્મો બાજુએ મૂકી દુષ્કર્મો કરતાં ખચકાતા નથી અને પાપની મૂડી ભેગી કરતા હોય છે.

ગ્રામતણો અદકારી અદબી, રહિત લોક જીનું માને;
તેનો પણ સંઘસ નવ કરીયે, જો ભૂલ્યો હોય ભાને. ૩

શબ્દાર્થ

ગ્રામતણો = ગામનો **અદકારી** = અધિકારી, આગળ પડતો આગેવાન **અદબી** = વિવેક, મર્યાદા, મલાજો **રહિત** = વિનાના **લોક** = માનવો **જીનું** = જેનું **માને** = કહ્યું માને, માનતા હોય **તેનો** = તેનો **પણ** = પરંતુ **સંઘસ** = સોબત **નવકરીયે** = ના કરીયે **જો** = જો **ભૂલ્યોહોય** = ભુલા પડેલા હોય **ભાને** = અક્કલથી, બુદ્ધિથી, સમજથી, જ્ઞાનથી.

અનુવાદ

ગામનો આગેવાન મર્યાદા વિનાનો હોવા છતાં ગ્રામજનો તેને માન આપતા હોય છે, પરંતુ જો તે ભાન ભૂલેલ હોય તો તેમનો પણ સંગ કરવો નહીં.

ભાવાર્થ

ગામનો આગળ પડતો એટલે કે આર્થિક, સામાજિક કે રાજનૈતિક પદ ધરાવતો અધિકારી જો ગામના નક્કી કરેલા નીતિ-નિયમોની મર્યાદાનું ઉલ્લંઘન કરીને રાજ કરતો હોય તો પણ તેવા અમલીને ગ્રામજનો માન આપતા હોય છે. તેમજ ભય કે લોભ-લાલચથી તેની વાતને સ્વીકારતા હોય છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે જો આવા અધિકારી નીતિ અને વિવેક ચૂકી અવિવેકી બનેલો હોય તથા અનિતિ ભર્યું આચરણ કરતો હોય તો તેવા ભાન ભૂલેલા પદાધિકારીનો પણ કોઈએ સંગ કરવો જોઈએ નહીં.

ભાને ભૂલ્યા જે ઘટ ઉજડ, બૂઝડ બરખ તનું જે;
તે ભુંદુ અપરાધી અંધુ, બૂચટ કાંઈન બૂઝે. ૪

શબ્દાર્થ

ભાને ભૂલ્યા = ભાન ભૂલેલા, સમજ વિનાના **જે** = જે **ઘટ** = શરીર, અંતર, હૃદય **ઉજડ** = ઉજ્જડ, વેરાન, અસભ્ય, ઘણામૂર્ખ **બૂઝડ** = વરસાદ વગરના **બરખ** = ઝાડ **તનું** = શરીર, મન **જે** = જે **તે** = તે **ભૂંદુ** = અણસમજૂ **અપરાધી** = ગૂનેગાર **અંધુ** = જ્ઞાનથી આંધળા **બૂચટ** = મૂર્ખ **કાંઈન** = કાંઈપણ નહીં **બૂઝે** = સમજે.

અનુવાદ

ભાન ભૂલેલા જે મન અને હૃદયથી વરસાદ વગરના વૃક્ષ જેવા વેરાન હોય છે તેવા ભૂંદુ, અપરાધી, અંધુ અને બૂચટ કાંઈ પણ સમજતા નથી.

ભાવાર્થ

એવા ભાન ભૂલેલા જીવો વહીવટ કરે, પરંતુ તેમની અંગત માન્યતા અસભ્યતાને પોષતી હોઈ ગ્રામજનો સાથે તોછડાઈ ભર્યું વર્તન કરતા હોય છે. તેમના મન અને હૃદય જાણે વરસાદ વગરના વૃક્ષ જેવા વેરાન એટલે કે તેમનામાં વૃદ્ધિ પામીને પલ્લવિત થયેલ વૃક્ષની જેમ પરોપકારવૃત્તિ હોતી નથી. એવા દુષ્ટ, અપરાધી, અંધુ અને બુચટ જીવોને કાંઈ સૂઝતું જ નથી.

ચોસરા - ૨૦

ઉંચા કુળના હોય પણ તેહેનાં, તન મન તાડ સરીકાં;
ફળ લાગે પણ ફોગટ સરખાં, રસકસનાં જે ફીકાં. ૧

શબ્દાર્થ

ઉંચા કુળના = ઉત્તમ કુળના **હોય** = હોય **પણ** = પરંતુ **તેહેનાં** = તેમનાં. **તન** = શરીર **મન** = મન અંતઃકરણ **તાડ સરીકાં** = તાડના વૃક્ષ જેવાં **ફળ** = ફળ **લાગે** = લાગે **પણ** = પરંતુ **ફોગટ** = વ્યર્થ, નકામું **સરખાં** = જેવાં, સમાન **રસકસનાં** = રસકસમાં **જે** = જે **ફીકાં** = સ્વાદ સિવાયનાં.

અનુવાદ

ઉત્તમ કુળના હોવા છતાં તેમનાં તન અને મન તાડ જેવાં હોય છે. ફળ લાગે પણ વ્યર્થ જેવાં કારણ કે રસકસનાં તે ફિક્કાં હોય છે.

ભાવાર્થ

આવા ઉચ્ચકુળમાં જન્મ ધારણ કરીને ઉત્તમ સ્થાન ધરાવતા જીવોનાં તન અને મન ડાળાં પાંખડાં વગર ખૂબ ઊંચાં થતાં તાડના ઝાડ જેવા બિન ઉપયોગી હોય છે. જેમ તાડના ઝાડને ફળ રૂપે થતાં તાડીયાં દેખાવે નાળિયેરથી સહેજ નાનાં હોય છે. જેની અંદર રહેલી ગલેલીની મધ્યે તાડફળી જેમ રસકસથી ફિક્કી હોય છે જે અન્ય વૃક્ષોના મધુર ફળોની સરખામણીમાં ફોગટ સાબિત થાય છે. તેનો છાંયો નહિવત્ હોવાથી ગરમી કે તાપમાં માનવને ઉપયોગી નીવડતો નથી. તેમ પ્રેમ ભાવ વિનાના આવા મોભાદાર માનવીની બધી જ પ્રકારની લક્ષણાત્મક સંપત્તિ સમાજને સહાયભૂત થવામાં વ્યર્થ સાબિત થાય છે.

એહેવાં ફળ એહેના કરતવનાં, સરવાલે તે ન ભૂકતે;
જૂઠ તણાં જો રહે ઉગરતાં, જવાસ ફલે જઈ જૂકતે. ૨

શબ્દાર્થ

એહેવાં ફળ = એવાં ફળ **એહેના** = એના **કરતવનાં** = કર્મોનાં **સરવાલે** = સરવાળે, અંતમાં **તે** = તે પોતે **ન** = નહીં **ભૂકતે** = ભોગવે **જૂઠ તણાં** = દુષ્કૃતનાં, કુકર્મનાં **જો** = જો **રહે** = બાકી બચે **ઉગરતાં** = બચતાં, વાપરતાં, ભોગવતાં **જવાસ** = રેતાળ જમીનમાં વગર પાણીએ ઉછરતી કાંટાવાળી વનસ્પતિ જે વરસાદ પડતાં સુકાઈ જાય છે **ફલે** = પેદા થવું, ઊગવું **જઈ** = તે મુજબ, જેમ **જૂકતે** = યુકિતથી, રીતથી.

અનુવાદ

એના કર્મોનાં ફળ એવાં હોય છે કે જે સરવાળે તે પોતે જે ભુક્તમાન કરતો નથી તેવા દુષ્કર્મોનાં ફળ જે ભોગવવાનાં બાકી રહે છે તે જવાસની ઉત્પત્તિની યુક્તિની જેમ ભોગવે છે.

ભાવાર્થ

ગતજન્મના સંચિત કર્મોને લીધે આ જન્મે ઉચ્ચ સ્થાન મળ્યું હોવા છતાં તેની કિંમત તેમને હોતી નથી. તેઓ આ જન્મે ખોટા કર્મો કરીને દુષ્કર્મોમાં ઉમેરો કરે છે અને ભોગવ્યા વિનાનાં બાકી રહેલાં કર્મો દેહ છોડ્યા પછી બીજી યોનિમાં જઈને પણ તેને જ ભોગવવાં પડતાં હોય છે. જેમ જવાસ નામની વનસ્પતિ રણપ્રદેશમાં જ્યારે વરસાદ પડે ત્યારે સૂકાઈ જતી હોય છે અને ભર ઉનાળામાં ઉગતી હોવાથી અસહ્ય ગરમી સહન કરે છે. આમ, સામાન્ય વનસ્પતિ કરતાં તેની ઉગવાની અવળી યુક્તિ હોય છે. તેવી જ રીતે આવા લોકો ભલે ઊંચું પદ મળ્યા પછી પરોપકારી વૃત્તિ રાખીને સત્‌કર્મો કરવાને બદલે અવળી ચાલ ચાલીને દુષ્કર્મો કરે તો જન્મ બાદ પણ બાકી રહેલાં દુષ્કર્મોના પરિણામરૂપે અસહ્ય દુ:ખ ભોગવે છે.

અરે ફટફટ તાહારા વડપણને, વાટ ઉઠી તુંજ વટમેં;
મનુષાજનમ લીયાનું એહી ફલ, પોક પડ્યો પટલતમેં. ૩

શબ્દાર્થ

અરે = અરે ! **ફટફટ** = ધિક્કાર, તિરસ્કાર સૂચક શબ્દ **તાહારા** = તારા **વડપણને** = મોટાપણાને, મોટાઈને **વાટ ઉઠી** = વણસવું, વ્યર્થ જવું, ધૂળ પડવી **તુંજ** = તારી **વટમેં** = પ્રતિષ્ઠામાં, આબરૂમાં, શાખમાં **મનુષાજનમ** = મનુષ્યજન્મ **લીયાનું** = લીધાનું **એહી ફલ** = આ ફળ, આ પરિણામ **પોક પડ્યો** = પોક પડવી, ફિટકાર યુક્ત બુમરાણ પડવી **પટલતમેં** = પટલાઈમાં.

અનુવાદ

અરે ! તારા મોટાપણાને ફીટકાર છે. કારણ કે તારી આબરૂમાં ધૂળ અને તારી પટલાઈમાં પોક પડી છે. શું મનુષ્યજન્મ લીધાનું આ ફળ છે ?

ભાવાર્થ

જે માનવી પોતાની જવાબદારી ભૂલીને મળેલ ઉત્તમ કુળ અને ઊંચી પદવીનો ગેરલાભ ઉઠાવી કુકર્મો કરીને જીવન વિતાવે છે તેવા માનવો ધિક્કારને પાત્ર છે. તેમની આબરૂને લાંછન લાગે છે. તેમની પટલાઈને લોકો પોક પાડી પાડીને

તિરસ્કારે છે. મહામોંઘો માનવદેહ મળ્યા છતાં જો આવા કુકર્મો કરીને સત્કર્મ કરવાનું ન સૂઝે તો તો માનવજન્મ મળ્યાનો કોઈ અર્થ સરતો નથી.

અદકારુ પામ્યા પરમાંણે, રંચ ન કીધું રુઝે;
તે ભૂંદુ અપરાધી અંધુ, બૂચટ કાંયન બૂઝે. ૪

શબ્દાર્થ

અદકારુ = ઉત્તમ અધિકાર **પામ્યા** = પ્રાપ્ત થયા **પરમાંણે** = પ્રમાણે **રંચ** = સહેજપણ **ન** = નહીં **કીધું** = કર્યું **રુઝે** = ગમે તેવું, પ્રિય લાગે તેવું **તે** = તે **ભૂંદુ** = દુષ્ટ, અણસમજુ. **અપરાધી** = ગુનેગાર **અંધુ** = જ્ઞાનથી આંધળા **બૂચટ** = મૂર્ખ **કાંયન** = કાંઈપણ નહીં **બૂઝે** = સમજે.

અનુવાદ

ઉત્તમ અધિકાર પ્રાપ્ત થયા પ્રમાણે સહેજપણ પ્રિય લાગે તેવું કાંઈ કર્યું નહીં. એવા ભૂંદુ અપરાધી, અંધ અને બૂચટ જીવો કાંઈપણ સમજતા નથી.

ભાવાર્થ

સર્વ પ્રકારના ઘાટોમાં મહામૂલો માનવ ઘાટ પ્રાપ્ત થયો અને તેમાં પણ ઉચ્ચકુળ અને ઉત્તમ વિશેષાધિકાર ધરાવતો મોભો મળ્યો હોવા છતાં સમાજને પ્રિય લાગે તેવાં સહેજ પણ પરોપકારી કાર્યો કરતા નથી. અને માનવ જન્મ એળે ગુમાવે છે. એવા દુષ્ટ, જ્ઞાનથી આંધળા, અપરાધી અને મૂર્ખ જીવો કાંઈપણ સમજતા નથી.

ચોસરા - ૨૧

જો હરિ ભણી ન વળો તો ન વળો, ન કર્યુ જગ શોભિતું;
આઠેય પહોર અમલમેં વિત્યે, ધૂમરપાન સહિતું. ૧

શબ્દાર્થ

જો = જો **હરિ** = પ્રભુ, ઈશ્વર **ભણી** = તરફ **ન વળો** = ના વળ્યો **તો** = તો

ન વળો = ન વળ્યો **નકર્યુ** = કર્યું નહીં **જગ** = જગતને **શોભિતું** = શોભતું, શોભે તેવું **આઠેય પહોર** = ચોવીસે કલાક **અમલમેં** = અમલના નશામાં, અમલમાં **વિત્યે** = વિતાવ્યા, ગુમાવ્યા, વ્યતીત કર્યા, ગુજાર્યા **ધૂમરપાન** = ધૂમ્રપાન, તમાકુ, ગાંજો કે અન્ય માદક દ્રવ્યને બીડી, ચલમ કે હુક્કા મારફતે ધુમાડાનું પાન કરવું **સહિતું** = સહિત, સાથે.

અનુવાદ

જે પ્રભુ તરફ ન વળ્યો તે ન વળ્યો ! અને જગતને શોભે તેવું કાર્ય પણ કર્યુ નહીં. વળી આઠેય પહોર ધુમ્રપાન સહિતના નશાની જેમ અમલમાં ગુમાવ્યા.

ભાવાર્થ

દુરાચારી માનવી પ્રભુની ભક્તિ કરવા પ્રત્યે આતુરતા ન દાખવે તો સમજી શકાય કે તેના માથે કાળનો ભય વધુ પ્રભાવશાળી છે, પરંતુ આવા માનવી પોતાના જીવન દરમિયાન જગતને શોભે તેવું યશસ્વી કાર્ય કરે, પરંતુ આત્મકલ્યાણ માટે કોઈ કાર્ય કરતા નથી. અને રાત-દિવસ ધુમ્રપાનના નશાની જેમ સત્તાના અમલમાં ગુલતાન બની પ્રાપ્ત થયેલ અણમોલ માનવદેહને વ્યર્થ ગુમાવે છે.

તે આગળ નવરોનહીં નિશદિન, કારજ બીજું કરવા;
અવતરતાં તે મરતાં સુધી, ફોગટ ફેરા ફરવા. ૨

શબ્દાર્થ

તે = તે **આગળ** = આગળ, ના સિવાય **નવરોનહીં** = નવરાશ નહીં **નિશદિન** = દિવસ અને રાત્રી, રાત-દિવસ **કારજ** = કાર્ય **બીજું** = બીજું, તે સિવાયનું અન્ય **કરવા** = કરવા **અવતરતાં** = જન્મથી **તે** = તે **મરતાં** = મૃત્યુ પામ્યા **સુંધી** = સુધી **ફોગટ** = વ્યર્થ, નકામો **ફેરા ફરવા** = ફેરા ફરીને ફરવાનું ચાલુ રાખવું, આંટો, ગોળ ગોળ ચક્કર મારવા.

અનુવાદ

તેના સિવાય અન્ય કામ કરવા માટે રાત-દિવસ તેને નવરાશ મળતી નથી, આમ જન્મથી તે મરતા સુધીના ફોગટ ફેરા ફર્યા કરે છે.

ભાવાર્થ

વ્યસની બનીને ભટકતા માણસને વ્યસન સિવાય અન્ય સત્‌કર્મ કરવા માટે રાત હોય કે દિવસ, પરંતુ તેને નવરાશ મળતી જ નથી. આવા વ્યસની માનવો આ જન્મે તો ભવમાં વ્યર્થ ભટક્યા કરે છે તેમજ યુગોના યુગો સુધી અનેકાનેક જન્મ-મરણની ઘટમાળાના ફોગટ ફેરા ફર્યા જ કરતાં હોય છે.

વાપી કુપ તડાક ન સમરર્યા, ધરમતણી ધર્મશાલા;
આખી ઉંમર ઈયુ ગમાઈ, કરમતણા કિલ મસલા. ૩

શબ્દાર્થ

વાપી = વાવ **કુપ** = કુવા **તડાક** = તળાવ **ન** = નહીં **સમરર્યા** = બંધાવ્યા, બનાવ્યા, દુરસ્ત કર્યા **ધરમતણી** = ધર્મની **ધર્મશાલા** = ધર્મશાળા, મુસાફરખાનું, સરાઈ **આખી ઉંમર** = આખી જિંદગી, સમસ્ત જીવન, સંપૂર્ણ આયુષ્ય **ઈયુ** = એમજ, આ રીતે જ, એ પ્રમાણે **ગમાઈ** = ગુમાવ્યું, વેડફ્યું **કરમતણા** = કર્મોના **કિલ મસલા** = કઠણાઈવાળા, કમનસીબી, નસીબના ભૂંડાલેખવાળા.

અનુવાદ

આવા કર્મના કઠણાઈવાળા હોઈ વાવ, તળાવ, કે ધર્મની ધર્મશાળા બનાવી નહીં અને આખી જિંદગી એળે જ ગુમાવી.

ભાવાર્થ

આવા કમનસીબ માનવીએ આખી જિંદગી નશામાં અને અધર્મયુક્ત પ્રવૃત્તિમાં ગુમાવી દીધી તેમજ પરોપકારી કાર્યો જેવાંકે પ્રજાની મૂળભૂત જરૂરીયાતને સંતોષવા કુવા, વાવ કે તળાવ પણ બનાવ્યા નહીં કે ધર્મસ્થાનોમાં દર્શનાર્થે જતા ધર્મપરાયણ યાત્રાળુઓની તકલીફ (વિશ્રાંતિ)નો વિચાર કરી સુખ-સગવડવાળા વિશ્રામગ્રૃહો પણ બનાવ્યાં નહીં, અને અઢળક સંપત્તિ તેમજ કિંમતી માનવદેહ કાંઈપણ પુણ્યનું કાર્ય કર્યા વિના એમજ વેડફી દીધો.

બુદ્ધિહિણ વાયલ વાકલને, કહેતાં દલ નવ ખૂઝે;
તે ભૂંદુ અપરાધી અંધૂ, બૂચટ કાંય ન બૂઝે. ૪

શબ્દાર્થ

બુદ્ધિહિણ = બુદ્ધિ વગરના **વાયલ** = ઉન્મત, તરંગી, ભ્રાંતપિત્ત **વાકલને** = બોલીના છૂટા, વાકળ, વાતોડિયા, બોલકણો **કહેતાં** = બોલતાં **દલ** = હૃદય **નવ** = નવ **ખૂઝે** = ખૂજલી આવવી, દુઃખ થવું, અસર થવી **તે** = તે **ભૂંદુ** = દુષ્ટ, અણસમજુ **અપરાધી** = ગુનેગાર **અંધૂ** = જ્ઞાનથી આંધળા **બૂચટ** = મૂર્ખ **કાંયન** = કાંઈપણ નહીં **બૂઝે** = સમજે.

અનુવાદ

આવા બુદ્ધિહિન, તરંગી અને બોલકણાને દીલમાં દુઃખ થતું નથી એવા ભૂંદુ, અપરાધી, અંધ અને બૂચટ જીવો કાંઈપણ સમજતા નથી.

ભાવાર્થ

જેની બુદ્ધિ ભ્રષ્ટ અને નષ્ટ થયેલી છે તેવા બુદ્ધિહીન માનવી મનમાં માત્ર કલ્પનાના તરંગો કરતા ફરે છે અને માત્ર બોલવામાં વાક ચાતુર્યતા ધરાવતા-બોલકણા માનવોને કોઈ શિખામણના બે શબ્દ કહે તો પણ તેમના દિલમાં દુઃખનો અહેસાસ થતો નથી. તેથી કહી શકાય કે એવા બિન અસરકારક, દુષ્ટ, જ્ઞાનથી આંધળા અને મૂર્ખ માનવો કદાપી સમજતા જ નથી.

દોહા

અંધુ ભૂંદુ ને અપરાધી, બૂચટ બરનન કીના;
સત્ કુવેર લાયક નહીં વાયક, પરહિત કિયા પસીના. ૧

શબ્દાર્થ

અંધુ = જ્ઞાનથી આંધળા **ભૂંદુ** = દુષ્ટ, અણસમજુ **ને** = અને **અપરાધી** = ગુનેગાર **બૂચટ** = મૂર્ખ **બરનન** = વર્ણન **કીના** = કર્યું, **સત્કુવેર** = સત્ કુવેરસ્વામી **લાયક નહીં** = ઉચિત નથી તેવા **વાયક** = વર્ણશંકર જાતિ, દ્વીઅર્થી ભાષા બોલનાર ભવૈયા **પરહિત** = પરોપકાર અર્થે **કિયા પસીના** = મહેનત કરી, પરસેવો પાડ્યો.

અનુવાદ

સત્ કુવેર સ્વામી કહે છે કે એવા અંધ, ભૂંદુ, અપરાધી અને બૂચટનું વર્ણન

કર્યુ, કે જેઓ ઉચિત નથી તેવા વર્ણસંકર જાતિ ધરાવતા છે. છતાં પરોપકાર માટે જ તેમણે પરસેવો પાડ્યો છે (મહેનત કરી છે).

ભાવાર્થ

જગતમાં વિવિધતા ધરાવતી મનોવૃત્તિવાળા માનવોમાં મુખ્યત્વે જીજ્ઞાસુ, અર્થાર્થી, વિષયી અને મૂમૂક્ષુ હોય છે. તે પૈકી જે અણસમજૂ, ગુનેગાર, મૂર્ખ અને જ્ઞાનથી આંધળા જીવો છે તેમને ખૂબજ સરળતાથી ઓળખી શકાય તે માટે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા આ અંગમાં લક્ષણાત્મક વર્ણન કરવામાં આવ્યું છે. આ પ્રકારના જીવોને કાંઈ કહેવું ઉચિત નથી કારણ કે આવા નિમ્ન કક્ષાના સ્વભાવ ધરાવતા વર્ણશંકર જાતિના હોઈ તેમનો દેહગત સ્વભાવ તેઓ ત્યજી સક્તાનથી જેથી તેમને સદ્ ઉપદેશ ગમતો નથી. તેમ છતાં એક પરોપકારી વૃત્તિ અને કલ્યાણ કરવાનો ઉદ્દેશ હોવાથી તેઓશ્રીએ આ વર્ણન કરવા પાછળ મહેનત કરી છે. જેથી જગતના ભોળા જીવો દુર્જનને ઓળખી શકે અને તેઓનાથી સજ્જનો દૂર રહીને પોતાનું આત્મકલ્યાણ કરી શકે.

અંગ ૨
અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરાનાં લક્ષણ

ચોસરા - ૧

અજ્ઞાની અનુકરમ ભરમકી, કહુ તે કિંમત્ય જનાઈ;
દુષ્ટ દગ્ધ નુગરા નર સહિતમ, ઉત્પત્ય પરમ પરાઈ. ૧

શબ્દાર્થ

અજ્ઞાની = જ્ઞાન વિનાના **અનુકરમ** = ક્રમાનુસાર, અનુક્રમ પ્રમાણે **ભરમકી** = ભેદની, રહસ્યની **કહુ** = કહુ **તે** = તે **કિંમત્ય** = કિંમત **જનાઈ** = જણાવું **દુષ્ટ** = અધમ, પાપી **દગ્ધ** = દુઃખી, માનસિક સંતાપ પામેલા **નુગરા** = ગુરુ વગરના **નર** = માનવી **સહિતમ** = સહિત, સુદ્ધાં **ઉત્પત્ય** = ઉત્પત્તિ **પરમ પરાઈ** = પરંપરાથી.

અનુવાદ

દુષ્ટ, દગ્ધ, નુગરા સહિત અજ્ઞાની માનવોની જે પરંપરા ગત ઉત્પત્તિ છે તેના રહસ્યનું મૂલ્યાંકન કરીને ક્રમબદ્ધ રીતે હું કહું છું.

ભાવાર્થ

આ અંગમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા માનવોના લક્ષણોનું મૂલ્યાંકન કરીને ક્રમબદ્ધ રીતે જણાવે છે. જગતમાં આ પ્રકારની વૃત્તિ ધરાવતા માનવોની ઉત્પત્તિ એકાએક થઈ નથી, પરંતુ તે પરંપરાગત ચાલી આવેલી છે તેના રહસ્યને દર્શાવી કેવા પ્રકારના વ્યવહાર થાય છે તેની ન્યાયપૂર્ણ સમજ આપીને અહી વર્ણન કરવામાં આવ્યું છે.

અજ્ઞાની તે જ્ઞાન ગ્રહેનહિં, રાંન બસે વધ તેહેવા;
ભાગ ત્યાગ ઓરુ જડ ચૈતનકી, લહતનાં સમજ સભેવા. ૨

શબ્દાર્થ

અજ્ઞાની = જ્ઞાનથી અંધ, જ્ઞાન વગરના **તે** = તે **જ્ઞાન** = જ્ઞાન, સમજ **ગ્રહેનહિં** = ગ્રહણ કરે નહીં **રાંન** = વન, જંગલ **બસે** = વસવું, રહેવું **વધ** = સંહાર **તેહેવા** = તેવા **ભાગ ત્યાગ** = ભાગલા પાડીને અનર્થને ત્યજવું **ઓરુ** = અને **જડ** = નાશવંત **ચૈતનકી** = ચૈતનની **લહતનાં** = જાણતા નથી **સમજ** = જ્ઞાન **સભેવા** = પોતાના સ્વરૂપની, સ્વના ભેદની, સ્વ સ્વરૂપની.

અનુવાદ

અજ્ઞાની જીવો જંગલમાં વસીને સંહાર કરતા નિશાચર પ્રાણી જેવા હોઈ જ્ઞાનને ગ્રહણ કરતા નથી. વળી જડ અને ચૈતનનો ભાગ-ત્યાગ દર્શાવતા સાચા જ્ઞાનને અભાવે સ્વ-સ્વરૂપની સમજ પ્રાપ્ત કરતા નથી.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર ચાર પ્રકારના જીવો પૈકી અજ્ઞાની જીવો માટે જણાવે છે કે આવા અજ્ઞાની જીવો અંધકારમય ગાઢ જંગલમાં વસવાટ કરીને સંહાર કરતા માંસાહારી અને નિશાચર પ્રાણીઓ જેવા છે. જેમનામાં પ્રકાશરૂપી જ્ઞાનને ગ્રહણ કરવાની ક્ષમતા નથી. શરીરના બંધારણમાં રહેલ તત્ત્વોના ભાગ-ત્યાગ દર્શાવતા જ્ઞાનની સમજના અભાવે તેઓ ચૈતન અંશ સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી અને અજ્ઞાનરૂપ અંધકારમાં જ ભટક્યા કરે છે.

ઓરુ સામ્રથનો સંગ કરત નહીં, ઢંગ ઢાળ વિનું ધરમી;
બાબજ બુધ નહીં ઉર ઉંડી, ઉપર છલે મત બરમી. ૩

શબ્દાર્થ

ઓરુ = અને **સામ્રથનો** = સમર્થનો **સંગ** = સોબત, સત્સંગ **કરત નહીં** = કરતા નથી **ઢંગ ઢાળ વિનું** = ઠેકાણા વગરના, રીતભાત વગરના, વર્તણૂક વિનાના **ધરમી** = ધાર્મિક વૃત્તિવાળા, ધર્મ પાળનાર **બાબજ** = બાબત **બુધ** = બુદ્ધિ **નહીં** = નથી **ઉર ઉંડી**= ઊંડાણપૂર્વક **ઉપર છલે** = ઉપર છલા, દેખાવ પૂરતા **મત** = સિદ્ધાંત **બરમી** = વર્ણવી, વર્ણન કરે.

અનુવાદ

વળી ઢંગઢાળ વિનાના ધરમીઓ સમર્થનો સંગ કરતા નથી અને હૃદયમાં કોઈપણ બાબતની ઊંડી સૂઝ ન હોવા છતાં ઉપર છલ્લા મતનું વર્ણન કરે છે.

ભાવાર્થ

આવા જ્ઞાનથી આંધળા જીવો વિવેક, વાણી અને વર્તનમાં ખૂબ જ નિમ્નકક્ષાના હોવા છતાં પોતાની જાતને ધર્મનિષ્ઠ ગણાવતા હોય છે. જો કોઈ કારણસર સમર્થ જ્ઞાની પુરુષનો સત્સંગ કરવાનો અવસર પ્રાપ્ત થાય તો તેમાં પાછી પાની કરીને પોતે અળગા રહીને જ્ઞાનીની અવગણના કરતા હોય છે. કારણ કે આવા અજ્ઞાની જીવોના હૃદયમાં ધર્મની સત્ય સમજ અને આધ્યાત્મિક જ્ઞાનની ઊંડી સૂઝ હોતી નથી. જેથી નિત્ય અને અનિત્ય કહેવાતા પદોના ભેદને તેઓ સમજી શકતા નથી. તેમ છતાં જગતના ભોળા અજ્ઞાની જીવો સમક્ષ પોતે બુદ્ધિશાળી છે તેવું દર્શાવવા રોચક વાણી દ્વારા સગુણ કે નિર્ગુણ સિદ્ધાંતનું ઉપર છલ્લું વર્ણન કરે છે, પરંતુ તે જ્ઞાનતો રચના પૈકીનું બાદલું હોઈ માનવ કલ્યાણના ધ્યેયને ફળીભૂત કરતું નથી.

એહી પરકાર ઉલઝ સબ અવળી, સવળી કરી ન સરાંને;
તે અજ્ઞાની દુષ્ટ દગ્ધ જન, નુગરા નેક ન માંને. ૪

શબ્દાર્થ

એહી = એ **પરકાર** = પ્રકારે **ઉલઝ** = રીત રસમ, રીતભાત, વર્તણૂક, બુદ્ધિ **સબ** = બધી **અવળી** = ઉંધી, ઉલટી **સવળી** = સૂલટી, સીધી **કરી** = કરીને **ન** = નહીં. **સરાંને** = સમજે, માને, સરાહના કરે **તે** = તે **અજ્ઞાની** = જ્ઞાન સિવાયના **દુષ્ટ** = અધમ, પાપી **દગ્ધ** = અદેખા **જન** = માનવો **નુગરા** = ગુરુ વિનાના **નેક ન** = જરા પણ નહીં **માંને** = માનતા, કહ્યું માનવું, આચરવું, ગણકારવું.

અનુવાદ

આ પ્રકારે બધી અવળી ઉલઝનોને સવળી કરીને સરાહના કરતા નથી. તેવા અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા જીવો જરા પણ ગણકારતા નથી. (કહ્યું માનતા નથી)

ભાવાર્થ

આવા અજ્ઞાની જનોની બુદ્ધિ, આચરણ અને વર્તણૂક અવળી હોવાથી તેમને ધર્મની સાચી સમજના અભાવે સવળું કામ કરવાનું સૂઝતું જ નથી કે સમજતા નથી. હૃદયની ઊંડી સમજ અને સાચાની સરાહના કરવાનો અભાવ ધરાવતા તેમજ અંધશ્રદ્ધા અને ઐશ્વર્યતા દર્શાવતા પરચા-ચમત્કારોમાં વૃત્તિને સ્થિર કરીને રહેલા આવા અજ્ઞાની, પાપી, અદેખા સ્વભાવના અને ગુરુ વગરના માનવો સાચી શિખામણને જરાપણ માનતા કે સ્વીકારતા નથી.

ચોસરા - ૨

સમજ પક્ષથી અંધ અહોનિશ, નંદનસે નર ઓથે;
જેહી પરકાર સૂરજ સનમુખથી, ઉલક છપે જઈ ઓથે. ૧

શબ્દાર્થ

સમજ પક્ષથી = સમજણની બાબતમાં **અંધ** = આંધળા **અહોનિશ** = હંમેશાં, અહર્નિશ **નંદનસે** = નિંદાથી **નર** = માનવી **ઓથે** = છૂપાઈને, પડદા પાછળ **જેહી** = જે **પરકાર** = પ્રકારે **સૂરજ** = સૂર્ય **સનમુખથી** = રૂબરૂ, સામે **ઉલક** = ઊલૂક, રાત્રે જ દેખે તેવું પક્ષી **છપે** = છૂપાય **જઈ** = જઈને **ઓથે** = પડછાયે, છુપાઈને.

અનુવાદ

જે પ્રમાણે સૂર્યની સામે ઘુવડ ઓથે છુપાઈને રહે છે, તેમ સમજણની બાબતમાં સદાય આંધળા જીવો માનવીથી છુપાઈને નિંદા કરે છે.

ભાવાર્થ

સદાને માટે સમજણની બાબતમાં અભાવ ધરાવતા અજ્ઞાની જીવો આંધળાની જેમ ભટકાતા ફરતા હોય છે. સત્ય જ્ઞાનની સમજના અભાવે તેઓ જ્ઞાની પુરુષના સત્સંગ સભાથી દૂર રહે અને સન્મુખતા પ્રત્યે દુરાગ્રહી વલણ અપનાવી, છુપાઈને તેમની નિંદા કરવાનું ચૂકતા નથી. જેમકે રાત્રિગામી ગણાતા ચામાચીડિયા અને ઘુવડ જેવા નિશાચર પક્ષીઓ દિવસ દરમિયાન

સૂર્યના પ્રકાશને જોઈ ન શકવાના કારણે પોતે ઓથો ખોળીને અવાવરુ અને બંધ મકાનના આંધારામાં કે ઝાડની અંધારી બખોલમાં છુપાઈને ભરાઈ રહે છે અને રાત્રિના સમયે બહાર નીકળી નિશાચર પક્ષીઓ પોતાની જીવન ચર્યા કરતા હોય છે.

નિજ સ્વારથનો સાર ન સમજત, અનરથને રથ માને;
સુખદાયક સંગત્ય રત્ય છાંડી, માનત હરખ હેરાને. ૨

શબ્દાર્થ

નિજ સ્વારથનો = પોતાના સ્વાર્થનો, પોતાના કલ્યાણનો **સાર** = સત્વ, તાત્પર્ય, સારાંશ **ન** = નથી **સમજત** = સમજતા **અનરથને** = અનર્થને, ખોટાને, નાશવંતને **રથ** = સત્ય, શાશ્વત, સાચું **માને** = માને, સમજે **સુખદાયક** = સુખ આપનારું **સંગત્ય** = સોબત, સત્સંગ, સાથ **રત્ય** = આરત, લગની, સ્નેહ **છાંડી** = ત્યજી, છોડી **માનત** = માને છે **હરખ** = આનંદપૂર્વક, ખુશીથી **હેરાન** = પરેશાન, દુઃખી, દુઃખ દેનારને.

અનુવાદ

પોતાના કલ્યાણની અગત્યતાને સમજતા નથી અને નાશવંતને શાશ્વત માને છે. સુખદાયક સત્સંગ ત્યજીને જે દુઃખદાયક છે તેને હરખથી માનતા હોય છે.

ભાવાર્થ

અજ્ઞાની જીવો પોતાના જન્મ-મરણના દુઃખને દૂર કરવા અંગેનું સદ્‌કાર્ય કરતા કે વિચારતા નથી અને નાશવંત ભોગ વિલાસ અને સંપત્તિની પાછળ ચોવીસે કલાક મશાગત કરે છે, આવા ભૌતિક આનંદમાં જ સઘળું સુખ સમાયેલું છે તેમ માનીને પોતાનો મહામોંઘો માનવદેહ વ્યર્થ ગુમાવે છે. પોતાના ચૈતનને ઉર્ધ્વગતિ દેનાર સુખદાયી સત્સંગથી મળતા સ્વરૂપાનંદને ત્યજીને ઈન્દ્રિયોના ભોગ વૈભવ કે જે અંતે દુઃખ દાયક છે તેને હરખભેર અપનાવીને સદા તેમાં જ આનંદ અનુભવતા હોય છે.

દેખત ભૂલ્ય ગ્રહે ઘટ ભિતર, બેતર બુધ્ધ શુભ ગતથી;
બેહેલ બરાબર વાકલ સરખો, વરતત નહીં જતમતથી. ૩

શબ્દાર્થ

દેખત = દેખાતી, નજરે દેખાય તેવી **ભૂલ્ય** = ભૂલ **ગ્રહે** = ગ્રહણ કરે **ઘટ ભિતર** = શરીરની અંદર, શરીરમાં **બેતર** = બહાર **બુધ્ધ** = બુદ્ધિ **શુભગતથી** = સારી ગતિથી **બેહેલ** = બળદ **બરાબર** = સરખો, ની જેમ **વાકલ** = ઠોઠ, ઉલ્લુ, મૂર્ખ, વાચાળ, વકરી ગયેલા **સરખો** = સમાન **વરતત** = વર્તણ કરે **નહીં** = નહીં **જતમતથી** = જતમતપણે, યથાર્થરૂપે, યોગ્ય રીતે.

અનુવાદ

નજરે દેખાતી ભુલને હૃદયની અંદર ગ્રહણ કરે, પરંતુ બહારતો સદ્‌બુદ્ધિ વાળાની જેમ દેખાડો કરે છે. એવા બળદ જેવા વકરી ગયેલા માનવો જતમતપણે વર્તતા નથી.

ભાવાર્થ

અજ્ઞાની જીવો નજરે દેખાતી પોતાની ભૂલને સમજતા હોવા છતાં જાણે બહારથી તો એમ બતાવે છે કે પોતે બહુ બુદ્ધિશાળી છે અને મનસ્વીપણે સ્વછંદતાથી વર્તતા હોય છે. બળદના જેવા મૂર્ખ માનવો વકરી ગયેલા ઢોરની જેમ સ્વચ્છંદી અને વાચાળ બનીને વાણીનો વિલાસ કરે છે અને પોતાનું વર્તન સમાજને યોગ્ય ન હોય તેવું અનીતિ ભર્યું વર્તન કરી અધર્મી જીવન જીવે છે અને ધર્મયુક્ત નીતિ-નિયમો મુજબ વર્તતા નથી.

સુખ સંપત્ય ઘેર હોય સાહ્યબી, તે પણ ભૂગતી ન જાંને;
તે અજ્ઞાની દૂષ્ટ દગ્ધ જન, નુગરા નેક ન માંને. ૪

શબ્દાર્થ

સુખ = સુખ **સંપત્ય** = સંપત્તિ, ધન દોલત **ઘેર** = ઘરમાં **હોય** = હોય **સાહ્યબી** = વૈભવ, જાહોજલાલી **તે** = તે **પણ** = પણ, પરંતુ **ભૂગતી ન જાંને** = ભોગવી શકતા નથી, ભોગવી જાણતા નથી **તે** = તે **અજ્ઞાની** = જ્ઞાન વિનાના **દૂષ્ટ** = પાપી **દગ્ધ** = અદેખા **જન** = માનવો **નુગરા** = ગુરુ વિનાના **નેક ન માંને** = જરાપણ માનતા નથી.

અનુવાદ

ઘરમાં સુખ સંપત્તિનો વૈભવ હોય, પરંતુ તે પણ ભોગવી શકતા નથી. તેવા અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા માનવો જરાપણ માનતા નથી.

ભાવાર્થ

ઘરમાં અપાર સુખ અને ધન-દોલતનો ખજાનો ભરેલો હોય તેમ છતાં અજ્ઞાની જીવો પોતે તે વૈભવને ભોગવી શકતા નથી. તેઓ કંજૂસની જેમ કોડી પણ ખર્ચતા નથી. નાણાંને પોતાના માટે કે પરોપકાર માટે પણ તેઓ ખર્ચીને સદ્‌ઉપયોગ કરતા નથી. એવા જ્ઞાન વિનાના, અધર્મી, અદેખાઈ વૃત્તિ ધરાવતા અને ગુરુ વિનાના જીવો કોઈની પણ સાચી શિખામણને જરાપણ ગ્રહણ કરતા નથી.

ચોસરા - 3

સંચિતન શિર જોર જમાથી, ઉંચ જોન્ય તન પાવે;
પણ અજ્ઞાન થકી નર નીચા, કિલમીસ કરમ કમાવે. ૧

શબ્દાર્થ

સંચિતન = પૂર્વ જન્મના સંચિંત પુણ્યકર્મના **શિરજોર** = પ્રબળ પ્રભાવ **જમાથી** = બાકી રહેલાંથી, જમા થયેલાંથી **ઉંચ** = ઉત્તમ **જોન્ય** = યોનિ **તન** = શરીર, ઘાટ **પાવે** = પ્રાપ્ત થાય, મેળવે **પણ** = પરંતુ **અજ્ઞાનથકી** = અજ્ઞાનને લીધે **નર** = માનવી **નીચા** = નિમ્નકક્ષાના, શુદ્ર **કિલમીસકરમ** = કર્મની કઠણાઈ, ખોટા કર્મો **કમાવે** = ભોગવે, કમાય.

અનુવાદ

પૂર્વ જન્મનાં બાકી રહેલાં (સંચિત) પુણ્યના પ્રબળ બળને લીધે ઊંચી જાતિમાં દેહ પ્રાપ્ત થાય છે, પરંતુ અજ્ઞાનપણાને લીધે નિમ્નકક્ષાના માનવો ખોટા કર્મની કમાણી કરે છે.

ભાવાર્થ

ગત જન્મોના સુક્રિત કર્મો જે જમા થયેલાં હોય અને તેનો સરવાળો પુણ્યના

જમા પાસા તરીકે પ્રબળ બળવાન હોય તો જ આ જન્મે સર્વશ્રેષ્ઠ કહેવાતા માનવઘાટમાં ઉત્તમ કુળમાં જન્મ ધારણ કરવાનો અવસર પ્રાપ્ત થાય છે. આવા ઉત્તમકુળમાં જન્મેલા માનવો અજ્ઞાનપણાને લીધે કુળાભિમાનમાં બહેકાઈને સાચું જ્ઞાન પ્રાપ્ત કરતા નથી, જેથી કાળાં કર્મો કરીને કર્મની કઠણાઈનો ભોગ બને છે અને નિમ્ન કક્ષાનાં કર્મોની કમાણી કરે છે.

ઉચે કુલ નહીં ઉચ કહાવત, નીચે નીચ ન કીજે;
સો નિજ શાખ્ય બતાવહુ સુનીયો, જયૌ જનકે મન ધીજે. ૨

શબ્દાર્થ

ઉચે કુલ = ઉત્તમકુળ **નહીં** = નહીં **ઉચ** = ઉત્તમ **કહાવત** = કહેવાય **નીચે** = નીચા **નીચ** = નીચ **ન** = નહીં **કીજે** = કહેવાય, થાય **સો** = તે **નિજ** = મૂળ, પોતાની **શાખ્ય** = શાખા, સાક્ષી, પુરાવો **બતાવહુ** = બતાવું છું **સુનીયો** = શ્રવણ કરો, સાંભળો **જયૌ** = જેમ **જનકે** = માનવોના **મન** = મન અંતઃકરણ **ધીજે** = ધીરજ રાખવી, ધૈર્ય ધરવી.

અનુવાદ

ઊંચા કુળવાળાને ઊંચ કહેવાય નહીં અને નીચાને નીચ ન કહેવાય. તેનો મૂળ પુરાવો બતાવું છું તે મનમાં ધીરજ ધારણ કરીને શ્રવણ કરો.

ભાવાર્થ

માનવી ઊંચાકુળમાં જન્મેલો હોય એટલે તેના વાણી, વર્તન અને વ્યવહાર ઊંચા જ હોય તેવું જરૂરી નથી. તથા નીચાકુળમાં જન્મ ધારણ કર્યો હોય તો તેનો વ્યવહાર શુદ્ર હોય તે જરૂરી નથી. ખરેખર તો વ્યક્તિની જ્ઞાન પચાવવાની ક્ષમતા અને તેના ઉત્તમ વાણી, વર્તન અને વ્યવહાર થકી જ તેનું મૂલ્યાંકન થતું હોય છે. તેના આધારે જ તેને ઉત્તમ પ્રકારની ગણનાપાત્ર વ્યક્તિ તરીકે સમાજમાં કીર્તિ અને યશ પ્રાપ્ત થતો હોય છે. તે અંગેની સાક્ષી આપતા પુરાવાઓ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે આપણને દર્શાવે છે. જેને સૌએ ધીરજ ધારણ કરીને શ્રવણ કરવા વિનંતી કરવામાં આવે છે.

વાલ્મિક નારદ પારાસુર, ગૌતમ વ્યાસ ગજંદર;
એ સબ નિચ જોન્ય જુગ જાહેર, જ્ઞાને ઉચ ભયંદર. ૩

શબ્દાર્થ

વાલ્મિક = ભીલ કુટુંબમાં, ઉછરીને મોટા થયેલા અને ચોરીનું કામ કરતા મહર્ષિના સંકેતથી સભાન થઈ "રામ" નામનો જપ કરવા કેટલાય કાળ પર્યંત બેઠા કે તેમના શરીરે ઉધઈના રાફડા થઈ ગયા, અંતમાં મહર્ષિએ તેમને રાફડામાંથી બહાર કાઢ્યાને તેથી તેઓ વાલ્મિકી કહેવાય અને આદ્ય કવિ કહેવાય છે તેમણે રામાયણની રચના કરી છે **નારદ** = એક દાસી પુત્ર હતા જે નાની વયમાં જ વીણા વગાડી પ્રભુ ભજનમાં લીન રહેતા **પારાસુર** = પારાશર મુનિ **ગૌતમ** = ગૌતમમુનિ **વ્યાસ** = વ્યાસમુનિ **ગજંદર** = ગજેન્દ્ર **એસબ** = એ બધા **નિચ** = નીચા **જોન્ય** = યોનિ, જાતિ **જુગ જાહેર** = જગતમાં પ્રસિદ્ધ **જ્ઞાને** = જ્ઞાનથી **ઉચ** = ઉત્તમ, ઊંચા **ભયંદર** = થયા, ભયા, થઈ ગયા.

અનુવાદ

વાલ્મીક, પારાશર, નારદ, ગૌતમ, વ્યાસ અને ગજેન્દ્ર એ બધા નીચ જાતિમાં થઈ ગયા, પરંતુ જ્ઞાનથી ઊંચા જગપ્રસિદ્ધ થયા છે.

ભાવાર્થ

પ્રાચીનકાળનાં પ્રસિદ્ધિ પામેલ મહાપુરુષો પૈકીના વાલ્મીક ઋષિ, પારાશર, નારદમુનિ, ગૌતમ આચાર્ય, વ્યાસમુનિ અને ગજેન્દ્ર સહિતના બધાએ નીચી જાતિમાં જન્મ ધારણ કર્યો હોવા છતાં સમર્પિત ભાવ ધારણ કરીને જ્ઞાની બન્યા હતા. જેથી તેમની કીર્તિ આજે પણ જગતમાં પ્રસિદ્ધ છે અને મહાન પુરુષ તરીકે ગણના પામ્યા છે.

આદ્ય અંત મધ્ય ઉચ્ચ જ્ઞાનસે, જો નિજ જંત ન જાંને;
તે અજ્ઞાની દુષ્ટ દગ્ધ જન, નુગરા નેકન માંને. ૪

શબ્દાર્થ

આદ્ય = ઉંચા, પ્રારંભ, મોટા, વિશેષ **અંત** = છેવટના, નીચા **મધ્ય** = સામાન્ય **ઉચ્ચ જ્ઞાનસે** = ઉત્તમજ્ઞાનથી **જો** = જે **નિજ** = સ્વયં, પોતે **જંત** = માનવ **નજાંને** = જાણતા નથી **તે** = તેવા **અજ્ઞાની** = જ્ઞાન વિનાના **દુષ્ટ** = અધમ, પાપી **દગ્ધ** = અદેખા **જન** = માનવી **નુગરા** = ગુરુ વિનાના **નેકન માંને** = જરાપણ માનતા નથી.

અનુવાદ

મોટા, નીચા કે મધ્યમ એ જ્ઞાનની વિશેષતાથી કહેવાય છે. જે હકીકતને માનવી પોતે જાણતા નથી એવા અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા માનવો જરાપણ સમજતા નથી.

ભાવાર્થ

જગતમાં કોઈ વ્યક્તિ ઉત્તમ, મધ્યમ કે નીચ કહેવાય છે તે તેના કુળથી નહીં, પરંતુ તેની જ્ઞાનને પામવાની કેટલી ક્ષમતા છે અને જ્ઞાન ગ્રહણ કરીને કેટલું અમલમાં મૂક્યું છે તેને આધારે તેનું મૂલ્યાંકન થતું હોય છે. તેમ છતાં આ સનાતન સત્યને યથાર્થ રીતે માનવા જરા પણ તૈયાર નથી, એવા અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા માનવો કાંઈપણ સમજતા નથી.

ચોસરા - ૪

નીચે કુલકે ઉચ ભયલતે, સકલ શાસ્ત્ર મત જીનકે;
સો જૂઠન પરસાદી પુરુષકે, વિપ્ર વિલોકન તીનકે. ૧

શબ્દાર્થ

નીચે = નીચા **કુલકે** = કુળના, જાતિના, વંશના **ઉચ** = ઊંચા, ઉત્તમ **ભયલતે** = થયા બન્યા **સકલ** = સર્વ, તમામ **શાસ્ત્ર** = શાસ્ત્ર **મત** = અભિપ્રાય, માન્યતા **જીનકે** = જેની **સો** = તે **જૂઠન** = જુઠ્ઠી, ખાધ્યા પછીની વધેલી, ધરાયેલી **પરસાદી** = પ્રસાદી **પુરુષકે** = પુરુષની **વિપ્ર** = બ્રાહ્મણ **વિલોકન** = અવલોકવું, તપાસવું **તીનકે** = તેનું, તેમનું.

અનુવાદ

નીચા કુળમાં ઊંચા થઈ ગયેલા અને પોતાનો જ મત બધા જ શાસ્ત્રમાં દર્શાવેલ છે, તેવા પુરુષોની જુઠ્ઠી પ્રસાદી બ્રાહ્મણો લે છે. તેનું વિલોકન કરો !

ભાવાર્થ

પ્રાચીન કાળમાં બ્રહ્માજી દ્વારા વદીત ચાર વેદોનું અધ્યયન કરીને નીચા

કુળમાં જન્મેલા હોવા છતાં જ્ઞાન પ્રાપ્ત કરીને શાસ્ત્રના નિર્માણ દ્વારા પોતાનો મત દર્શાવ્યો છે અને અલગ-અલગ દર્શનોની રચના કરીને જગતને બોધ આપ્યો છે. આ બધા મહાપુરુષોના રચેલ ધાર્મિક ગ્રંથોનું અધ્યયન કરીને ઊંચા કહેવાતા બ્રાહ્મણકુળમાં જન્મેલા વિપ્રો, નીચા કુળના મહાપુરુષોના મુખની વાણીને ઉચ્છિષ્ટ પ્રસાદીના સ્વરૂપે ગ્રહણ કરીને આજીવિકા ચલાવે છે.

ઓરુ નીચે જંગમ તે સ્થાવર, જહાં ચતુરાનન જાયે;
પઢત પાઠ પંડિત અહોનિશ નિજ, જિનકે નિગમ બનાયે. ૨

શબ્દાર્થ

ઓરુ = અને, વળી **નીચે** = નીચી, હલકી, નિમ્નકક્ષાની **જંગમ** = જંગમજાતિ **તે** = તે **સ્થાવર** = સ્થિર જાતિ **જહાં** = જ્યાં, જેમાં **ચતુરાનન** = બ્રહ્મા. **જાયે** = ઉત્પન્ન થયા **પઢતપાઠ** = પાઠનું પઠણ કરે, પાઠ કરે **પંડિત** = વિદ્વાનો **અહોનિશ** = રાત-દિવસ, હંમેશાં, નિત્ય **નિજ** = પોતે **જિનકે** = જેઓએ, જેમના દ્વારા **નિગમ** = વેદ **બનાયે** = બનાવ્યા.

અનુવાદ

વળી જંગમ કરતાં પણ નીચી સ્થાવર જાતિમાં બ્રહ્માજી ઉત્પન્ન થયા છે, પરંતુ તેમના પોતાના બનાવેલા વેદોનું વિદ્વાનો અહર્નિશ પઠન-પાઠન કરે છે.

ભાવાર્થ

કુલ ચોર્યાસી લાખ પ્રકારના સ્થાવર-જંગમ જાતિના ઘાટોમાં જંગમ જાતિના ઘાટો સ્થાવર જાતિની સરખામણીમાં ઊંચા ગણાય છે જ્યારે અઢાર ભાર વનસ્પતિની જાતિ જંગમ જાતિ મુજબ બધો વ્યવહાર કરી ન શક્તિ હોવાથી તે નીચી કક્ષાની ગણાય છે. આવી સ્થાવર જાતિ ધરાવતા કમળમાં ચતુરાનનની ઉત્પત્તિ થયેલી મનાય છે. એવા રજોગુણી, બ્રહ્માજીના બનાવેલા ચાર વેદનું વિદ્વાન ગણાતા પંડિતો અહર્નિશ પઠન-પાઠન કરે છે અને કર્મકાંડનો વ્યવસાય ચલાવીને રોચક વાણી દ્વારા પોતાની આજીવિકા ચલાવે છે.

સો નિજ નિગમ શાસ્ત્ર આધારન, બ્રહ્મ જોન્ય ભલ બાજે;
પરધનસે ધનવંત કહાવત, જ્યૌ જળબિન ઘન ગાજે. ૩

શબ્દાર્થ

સો = તે **નિજ** = મૂળ, આદિ **નિગમ** = વેદ **શાસ્ત્ર** = શાસ્ત્ર **આધારન** = આધાર લઈને, સહારો, આશરો લઈને **બ્રહ્મજોન્ય** = બ્રાહ્મણ જાતિ, બ્રાહ્મણ કુળમાં જન્મેલા **ભલ** = ભલેને **બાજે** = બૂમો પાડે, ઉંચા અવાજે, શ્લોકોનું ઉચ્ચારણ કરે, લલકારે **પરધનસે** = પારકાના ધનથી, પરાઈ સંપત્તિથી **ધનવંત** = ધનિક, શ્રીમંત **કહાવત** = કહાવે **જ્યૌ** = જેમ **જળબિન** = પાણી વગરના **ઘન** = વાદળ **ગાજે** = ગર્જના કરે.

અનુવાદ

તે આદિ વેદ અને શાસ્ત્રોનો આધાર લઈને બ્રહ્માણ કુળમાં જન્મેલા સૌ ભલેને જોરશોરથી લલકાર કરે, પરંતુ પાણી વગરના ઠાલા વાદળો ગર્જના કરે છે તેમ પારકાના ધનથી તેઓ ધનવાન કહેવડાવે છે.

ભાવાર્થ

કમળમાંથી ઉત્પત્તિ પામેલા ચતુરાનન બ્રહ્માજી દ્વારા વદેલા ચાર વેદનું અધ્યયન બાદ જ્ઞાન પ્રાપ્ત કરીને જ્ઞાની બનેલા પુરુષો નીચકુળમાં જન્મેલા હોવા છતાં છ શાસ્ત્રોની આદ્ય લઈ અન્ય ધર્મગ્રંથોની રચના કરેલ છે. તે રચના ઉપર પોતાનો જ અધિકાર છે તેમ માની તેનો મુખપાઠ કરી ઊંચા કુળ તરીકે પ્રસિદ્ધિ પામેલા બ્રાહ્મણ શ્લોક અને મંત્ર (ઋચા) નું પઠન-પાઠન અને અધ્યયન કરે છે. તેમજ કર્મકાંડ વિધિ કરાવતી વખતે લયબદ્ધ પોકાર કરીને બોલે છે. આવો મુખથી કરેલો પોકાર પાણી વગરના ઠાલા વાદળો દ્વારા થતી પ્રચંડ ગર્જના સમાન છે. સમજ વગરના શબ્દ બોલવાથી પરાયા જ્ઞાનને સમજ્યા સિવાય પોતાનું કરીને જ્ઞાની બની બેસવું એ તો જાણે કે પરધનથી બનેલા ધનવાન જેવો વ્યવહાર કહેવાય.

સો પરધન સાહા નિજ જ્ઞાનીનકે, સો તિનકુ નવ જાંને;
તે અજ્ઞાની દુષ્ટ દગ્ધ જન, નુઘરા નેકન માંને. ૪

શબ્દાર્થ

સો = તે **પરધન** = પરાયુધન, પારકાની સંપત્તિ **સાહા** = શાહુકાર, નાણાવટી **નિજ** = પોતે, મૂળ, આદિ **જ્ઞાનીનકે** = જ્ઞાનીની **સો** = તે, તેઓ **તિનકુ** = તેને, તે બાબતને **નવ** = નહીં **જાંને** = જાણતા **તે** = તેવા **અજ્ઞાની** = જ્ઞાન વગરના **દુષ્ટ** = પાપી **દગ્ધ** = અદેખા **જન** = માનવો **નુઘરા** = ગુરુ વગરના **નેકન માંને** = જરાપણ માનતા નથી.

અનુવાદ

તે પરાયુ ધન તો શાહ રૂપ જ્ઞાનીઓનું છે તે પણ તેઓ જાણતા નથી તેવા અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા જીવો કાંઈપણ સમજતા નથી.

ભાવાર્થ

પરાયા ધન રૂપ ચારવેદ અને છ શાસ્ત્રોનું જ્ઞાન તો નિચકુળમાં જન્મેલા શાહ રૂપ જ્ઞાની પુરુષોની સંપત્તિ છે. તેઓ જ તેના મૂળ માલિકી હક્ક ધરાવનારા છે. તેવી સાચી હકીકતને પણ ઊંચકુળના બ્રાહ્મણ જાણતા નથી. સમાજમાં અન્ય કોઈની સંપત્તિને પોતાની માનીને પોતાનો હક્ક કરી બેઠેલા, રખેવાળ બ્રાહ્મણો તે આદી જ્ઞાન ઉપર પોતાનો જ ઠેકો છે તેમ માલિકી હક્ક ધારણ કરીને ભોગવે છે પરંતુ તેના મર્મને જેઓ સમજવા (અમલમાં મૂકવા) જરાપણ પ્રયત્ન કરતા નથી તેવા જ્ઞાન વગરના, અધમ, અદેખા અને ગુરુ વિનાના માનવો સાચી વાતને જરાપણ સમજતા જ નથી.

ચોસરા - ૫

જે સંતન મૂખ છાંડ પ્રસાદી, ઉચરન શાસ્ત્ર પુરાને;
તે જીવન બ્રાહ્મણ કુલ સબકે, નિગમ સહિત જુગ જાને. ૧

શબ્દાર્થ

જે = જે **સંતન** = સંતના **મૂખ** = મુખમાંથી, મુખેથી **છાંડ** = તજવું, ઉચ્છિષ્ટ. **પ્રસાદી** = પ્રસાદ, ધરાવેલી સામગ્રી **ઉચરન** = ઉચ્ચારે, બોલે **શાસ્ત્ર** = શાસ્ત્ર **પુરાને** = પુરાણોમાં **તે** = તે **જીવન** = જીવનરૂપ, આજીવિકાના સાધનરૂપે, જીવવા માટેના માધ્યમ તરીકે **બ્રાહ્મણ** = બ્રાહ્મણ જાતિ **કુલ** = કુળ, વંશ **સબકે** = બધા, સર્વે, તમામ **નિગમ** = વેદ

સહિત = સહિત, સુદ્ધા, સાથે **જુગ** = જગત, વિશ્વ **જાને** = જાણે.

અનુવાદ

જગત જાણે છે કે સંતો દ્વારા ઉચ્ચારાયેલી વેદોની આદ્ય લઈ શાસ્ત્રો અને પુરાણો સહિતની ઉચ્છિષ્ટ પ્રસાદી તરીકે પ્રાપ્ત કરેલી વાણી સમગ્ર બ્રાહ્મણ કુળના આજીવિકા સમાન છે.

ભાવાર્થ

ચારવેદ, છ શાસ્ત્ર અને અઢાર પુરાણો સહિતની સર્વે ધર્મ ગ્રંથોની વાણી આદિકાળમાં જ્ઞાની સંત મહાપુરુષો દ્વારા ઉચ્ચારાયેલી છે. છાંડ પ્રસાદીના સ્વરૂપે સ્વીકારેલ તે વાણી ઊંચા બ્રાહ્મણકુળમાં જન્મેલા કર્મકાંડી વિપ્રોનું આજીવિકા ચલાવવાનું મૂળ સાધન છે. આ વાણીના આધારે બ્રાહ્મણ કુળના સર્વે કર્મકાંડીઓ વિવિધ કર્મકાંડી પ્રવૃત્તિઓ કરીને સમાજમાંથી ધન પ્રાપ્ત કરે છે. યજમાન વૃત્તિ દ્વારા પોતાનો જીવન નિર્વાહ ચલાવતા બ્રાહ્મણની આ હકીકતથી સમગ્ર પ્રજાજનો માહિતગાર છે અને તેથી તો તેઓને આવા કાર્ય માટે આમંત્રે છે અને પુણ્ય કમાયાનો સંતોષ અનુભવે છે.

જેહી જીવત જીનકે જીવનસે, તિનકે દ્રોહ ન કરીયે;
લુણ ભખી નગણા નર બોલત, કર્તધ્ની તે કહીયે. ૨

શબ્દાર્થ

જેહી = જે, તેજ **જીવત** = જીવે છે **જીનકે** = જેના **જીવનસે** = જીવનથી **તિનકે** = તેમનો **દ્રોહ** = વિરોધ, વેર, ઈર્ષા **ન** = નહીં **કરીયે** = કરીયે **લુણ ભખી** = નમક હરામી **નગણા** = કૃતધ્ન, ઉપકારને ભુલી જનારા **નર** = માનવી **બોલત** = બોલવું, કહેવામાં **કર્તધ્ની** = નગણા **તે** = તે **કહીયે** = કહેવાય.

અનુવાદ

જેના થકી જીવન જીવતા હોય તેનો દ્રોહ કરાય નહીં. આવું બોલનાર નમક હરામી અને નગણા માનવીને કૃર્તધ્ની કહેવાય.

ભાવાર્થ

એક સર્વ સામાન્ય નિયમ છે કે જેના થકી આપણું જીવન આધારિત છે તેવાનો કદીપણ દ્રોહ કરાય નહીં, અર્થાત જેનું ખાઈએ તેનું કદી ખોદાય નહીં. તેમ છતાં આવી વૃત્તિ ધરાવનારાઓ ધર્મગ્રંથોનો આધાર લઈ પોપટની જેમ બોલતા હોય છે, પરંતુ તેનાથી પોતાનું કે અન્ય કોઈનું કલ્યાણ થતું નથી. જ્ઞાની મહાપુરુષો દ્વારા મળેલ સંપત્તિને અપનાવ્યા પછી પણ જો તેઓના માટે નિંદાત્મક વચનોનું ઉચ્ચારણ કરે તેને કૃતઘ્ની કહેવાય. આવા દ્રોહીને ગુનાના બદલામાં મૃત્યુ બાદ કર્મના સિદ્ધાંતને આધારે સજા ભોગવવી પડતી હોય છે.

લુણ સંત જ્ઞાની ન જેહુનકે, સહિત ભાગવત ગીતા;
જીનકે ઓટ સકલ ભવ બોધત, આપ રહત સબ રીતા. ૩

શબ્દાર્થ

લુણ સંત = નમક હરામી સંતો **જ્ઞાનીન** = જ્ઞાની નથી હોતા, જ્ઞાન પ્રાપ્ત કરેલા નથી **જેહુનકે** = જેના, તેના **સહિત** = સુદ્ધાં, સાથે **ભાગવત** = વ્યાસજી દ્વારા નારદજીના ઉપદેશ બાદ બનાવેલ વિધિ-નિષેધને લગતું કર્મકાંડી પુસ્તક **ગીતા** = કૃષ્ણ દ્વારા રણભૂમિમાં અર્જુનને અપાતા બોધનો સંગ્રહ **જીનકે** = જેનો **ઓટ** = ઓથો, આધાર, શરણ **સકલ** = તમામ, સર્વ **ભવ** = જગત, વિશ્વ **બોધત** = બોધ કરવો, ઉપદેશ કરે **આપ** = પોતે **રહત** = રહે **સબરીતા** = સર્વ રીતે કોરા, ભિન્ન, અસ્પૃશ્ય, અછૂતા.

અનુવાદ

ભાગવત અને ગીતા સહિતના ધર્મગ્રંથોના જ્ઞાની ન હોવા છતાં તેનો આધાર લઈને નમક હરામી સંતો સમસ્ત જગતને બોધ કરે છે, પરંતુ પોતે તો સર્વ રીતે કોરા રહે છે.

ભાવાર્થ

જગતના ભોળા ધાર્મિકવૃત્તિના માનવોને મોટી સંખ્યામાં એકઠા કરીને ભાગવત અને ગીતા સહિતના ધર્મગ્રંથોનો આધાર લઈને આવા નમક હરામી સંતો કથાઓ અને ઉપદેશાત્મક બોધ દ્વારા વાણીનો વિલાસ કરતા

હોય છે. ઉપદેશાત્મક આચાર સંહિતાની પોતે ચરી પાળતા નથી અને સાચા જ્ઞાનથી અસ્પૃશ્ય રહીને સ્વચ્છંદી જીવન જીવતા હોય છે. પોતે ભાગવત અને ગીતામાં દર્શાવ્યા મુજબ રહેણી-કરણી પાળે નહીં અને વ્યાસપીઠ ઉપર બેસી બીજાને એમ કરવાનું કહી રોચક વાણી બોલી પોતે જ્ઞાની છે તેમ જગતને ભરમાવે છે.

રીતા રહી ભવ રીત્ય ચલાવત, ધાવત જેહી કુલ કાંહાંને;
તે અજ્ઞાની દુષ્ટ દગ્ધ જન, નુગરા નેક ન માંને ૪

શબ્દાર્થ

રીતા = અળગા, અલિપ્ત, કોરા **રહી** = રહીને **ભવ** = સંસારની **રીત્ય** = રીત મુજબ, રીતિ મુજબ, રિવાજ મુજબ, પરંપરાગત ચાલી આવતી રસમ મુજબ **ચલાવત** = ચલાવે છે, ચલાવવા માટે **ધાવત** = દોડે છે **જેહી** = જે, તે **કુલ** = કુળ, વંશ **કાંહાંને** = ક્યાંથી, ક્યાં રહેવા પામી **તે** = તે **અજ્ઞાની** = જ્ઞાન વિનાના **દુષ્ટ** = અધમ **દગ્ધ** = અદેખા **જન** = માનવો **નુગરા** = ગુરુ વિનાના **નેક ન માંને** = જરાપણ માનતા નથી.

અનુવાદ

બોધથી અલિપ્ત રહીને સંસારની પરંપરાગત રીતે રસમ ચલાવવા દોડે તો તે કુળ ક્યાં રહ્યું ? તેવા અજ્ઞાની દુષ્ટ, દગ્ધ અને નુગરા માનવો જરાપણ માનતા નથી.

ભાવાર્થ

ધર્મગ્રંથોની આજ્ઞા રૂપી બોધથી અલિપ્ત રહીને આવા કથાકારો પોતે સાત્ત્વિક રહેણી-કરણી પ્રત્યે અછૂત વૃત્તિ ધારણ કરે છે. અને પરંપરાગત ચાલી આવતા રીત-રિવાજને વળગી રહી આજીવિકા કમાવવા માટે દોડધામ કરે છે. કથા, યજમાનવૃત્તિ અને કર્મકાંડી પ્રવૃત્તિના આધારે આવા જ કર્મ જો કરતા હોય તો તેમના ઊંચ્ચા કુળનું મહત્વ ક્યાં રહેવા પામ્યું ? નીચ-ઊંચની ઘરેલું વૃત્તિ ધરાવતા અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા માનવો જરા પણ જ્ઞાની પુરુષની શિખામણ માનતા નથી.

ચોસરા - ૬

જીનકે જ્ઞાન પ્રતાપ પૂરવસે, વિપ્ર કહત સબ કોઈ;
તે જ્ઞાનીનકી નંદ કરત અબ, સમજ વિના શઠ સોઈ. ૧

શબ્દાર્થ

જીનકે = જેના **જ્ઞાન પ્રતાપ** = જ્ઞાનના પ્રતાપે **પૂરવસે** = પૂર્વેના, પહેલાંના, ગત જન્મના **વિપ્ર** = બ્રાહ્મણ, દ્વિજ **કહત** = કહે છે **સબ કોઈ** = સર્વે કોઈ **તે** = તે **જ્ઞાનીનકી** = જ્ઞાનીની **નંદ** = નિંદા, કૂથલી **કરત** = કરે **અબ** = હવે, હાલમાં **સમજ વિના** = સમજણ વિના **શઠ** = લુચ્ચા, ઠગ **સોઈ** = તે.

અનુવાદ

પૂર્વેના જ્ઞાની પુરુષોના પ્રતાપથી જેમને વિદ્વતા પ્રાપ્ત કરી છે તેવાને બધા બ્રાહ્મણ કહે છે. સમજ વિનાના શઠ લોકો હવે તેવા જ્ઞાનીની નિંદા કરે છે.

ભાવાર્થ

જ્ઞાની તે જ કહેવાય કે જેપૂર્વકાલીન સમયમાં નીચા કુળમાં જન્મ્યા હોવા છતાં જ્ઞાનના પ્રતાપે જ્ઞાની પુરુષો થઈ ગયા. જ્ઞાની માટે કુળ કે જાતિની મહત્તા નથી, પરંતુ સમજ પૂર્વકના જ્ઞાનની વિશેષતા છે. એવા બ્રહ્મજ્ઞાની અને બ્રહ્મવેત્તા પુરુષો દ્વારા રચેલા આદિ ધર્મપુસ્તકોના આધારે જેઓએ વિદ્વતા પ્રાપ્ત કરીને પોતાનો વ્યવસાય આદર્યો છે, તેવા વિદ્વાનોને સમાજમાં સૌ કોઈ બ્રાહ્મણ તરીકે સંબોધન કરે છે. હાલમાં વિદ્વાન બની ચૂકેલા ઘણા એવા પણ ઠગ લોકો છે કે જે ઊંચ-નીચના ભેદ બતાવીને આદિ જ્ઞાની પુરુષોની નિંદા કરે છે અને ઊંચ કુળના આધારે પોતાને જ્ઞાની તરીકે ઠેરવતા હોય છે.

સતયુગ દવાપર ને કળી ત્રહેતા, યુગ ચતુર જેહી દેખ્યા;
ઉતપત પરલે ને મધ્યમાંહી, નિજ ગમ જ્ઞાન સરેખા. ૨

શબ્દાર્થ

સતયુગ = જે સમયગાળા દરમિયાન સત્‌નો પ્રભાવ હતો તેવો કાળ **દવાપર** = જે સમયગાળા દરમિયાન માનસી પૂજાનો પ્રભાવ હોય તેવો કાળ **ને** = અને **કળી** = જે સમયગાળા દરમિયાન કીર્તન અને ભજનનો પ્રભાવ હોય તેવો કાળ **ત્રહેતા** = જે સમયગાળા દરમિયાન તપનો પ્રભાવ હોય તેવો કાળ **યુગ** = યુગ **ચતુર** = ચાર **જેહી** = જે **દેખ્યા** = જોતાં, દેખતાં **ઉતપત** = ઉત્પત્તિ, પ્રારંભ. **પરલે** = વિનાશ, અંત **ને** = અને **મધ્ય** = પ્રસારાનો ગાળો **માંહી** = અંદર, માં **નિજગમ** = મૂળ સમજ, આદિ જ્ઞાન, આત્મજ્ઞાન **જ્ઞાન** = જ્ઞાન **સરેખા** = સરેશ, સર્વશ્રેષ્ઠ, ઉત્તમ, સર્વોત્તમ.

અનુવાદ

સત, ત્રેતા, દ્વાપર અને કલી એમ ચારેય યુગના આદ્ય, અંત અને મધ્ય ગાળાને જોતાં નિજગમનું જ્ઞાન સર્વોત્તમ છે.

ભાવાર્થ

સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળીયુગ એમ ચારેય યુગમાં થઈ ગયેલા મહાપુરુષોના જીવનકાળ તપાસતાં માલુમ પડે છે કે જેતે યુગના આદ્ય, મધ્ય અને અંત સમયગાળામાં આત્મજ્ઞાન અંગે જેની ઊંડી સમજ છે તેવા પુરુષો જ્ઞાની પુરુષ કહેવાયા છે. ભલે તેમની ઉત્પત્તિ ગમે તે કુળ કે જાતિમાં થઈ હોય, પરંતુ સ્વ-સ્વરૂપના જ્ઞાનને સમજવાની અને તેને અમલમાં મૂકવાની જે ક્ષમતા ધરાવે છે તેવા સમર્થ પુરુષો જ આત્મજ્ઞાની તરીકે ગણના પામ્યા છે અને આત્મજ્ઞાન જ સર્વોત્તમ સાબિત થયું છે.

જ્ઞાની કુલ જાત્ય જ્ઞાનસે, ઉંચનીચ અંત્યજમેં;
જાંહાં જાંહાં પ્રગટ જ્ઞાન પ્રકાશીક, તે સબ એક સમજમેં. ૩

શબ્દાર્થ

જ્ઞાની = જ્ઞાનવાન, જ્ઞાનને પ્રાપ્ત કરેલ વ્યક્તિ **કુલ** = કુળ, વંશ **જાત્ય** = જાતિ **જ્ઞાનસે** = જ્ઞાનથી **ઉંચ** = ઊંચા, ઉત્તમ **નીચ** = નીચા **અંત્યજમેં** = શુદ્રમાં, અસ્પૃશ્ય જાતિમાં **જાંહાં જાંહાં** = જ્યાં જ્યાં **પ્રગટ જ્ઞાન** = પ્રત્યક્ષ જ્ઞાન **પ્રકાશીક** = ફેલાયેલું, પ્રકાશ પામેલું, ઉર્જા પામેલું **તે** = તે **સબ** = બધું, સર્વ **એક સમજમેં** = એક સરખી સમજ ધરાવતા, જ્ઞાન પક્ષની સમાન સમજ ધરાવતા.

અનુવાદ

જ્ઞાનીનું કુળ કે જાતિ માત્ર જ્ઞાનથી હોય છે. ઊંચા નીચા કે અસ્પૃશ્ય તે વર્ણથી છે, પરંતુ જ્યાં જ્યાં પ્રત્યક્ષ જ્ઞાન પ્રકાશે ત્યાં સમજમાં બધા એક જ સરખા છે.

ભાવાર્થ

જ્ઞાની પુરુષોની જાતિ કે કુળ હોતાં નથી. એટલે કે તેમનું કુળ કે જાતિ માત્ર જ્ઞાન જ છે. ઉત્તમ, મધ્યમ કે કનિષ્ઠ એવા જે પ્રકાર જણાય છે તે તો માત્ર કુળ કે જાતિથી દર્શાવતા વર્ણભેદ છે, પરંતુ ગમે તે કુળ કે જાતિમાં જન્મ્યા હોય, તેનામાં પ્રત્યક્ષ જ્ઞાનનો પાદુર્ભાવ થાય અને જ્ઞાનના પ્રકાશની અનુભૂતિ થઈ હોય એ જ સાચા જ્ઞાનીનું લક્ષણ છે. જેથી સર્વે જ્ઞાની પુરુષોની સમજમાં એક સરખાપણું જોવા મળતું હોય છે.

એહી વિધિ જ્ઞાન ઉપજ જેહી તેહી ઘટ, તાય તજી કુલઠાંને;
તે અજ્ઞાની દુષ્ટ દગ્ધ જન, નુગરા નેક ન માંને. ૪

શબ્દાર્થ

એહીવિધિ = આ પ્રમાણે, આ રીતે **જ્ઞાન ઉપજ** = જ્ઞાનની ઉત્પત્તિ, જ્ઞાનનું પ્રાપ્ત થવું, જ્ઞાનની જાગ્રતિ **જેહી તેહી** = જે તે **ઘટ** = ઘાટ, શરીર, મનુષ્યમાં **તાય** = તેને, તેમને **તજી** = ત્યજીને, છોડીને **કુલઠાંને** = કુળને ઠરાવે છે, કુળને મહત્તા આપવી **તે** = તે **અજ્ઞાની** = જ્ઞાન વગરના **દુષ્ટ** = અધમ **દગ્ધ** = અદેખા **જન** = માનવ **નુગરા** = ગુરુ વિનાના **નેક ન માંને** = જરા પણ માનતા જ નથી.

અનુવાદ

આ પ્રમાણે જે તે મનુષ્યમાં જ્ઞાન પ્રાપ્તિ થયાં હોવા છતાં તેને ત્યજીને કુળને જ મહત્તા આપે છે તેવા અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા જીવો કદી પણ સમજતા નથી.

ભાવાર્થ

આ પ્રમાણે જોતાં કુળ કે જાતિ ગમે તે હોવા છતાં જ્ઞાન પ્રાપ્ત થવું એ

મહત્વનું છે અને એવા જ્ઞાની વ્યક્તિને જ ઉચ્ચ કહેવાય. માનવી માત્ર ઉચ્ચ કુળને મહત્તા આપીને અજ્ઞાની હોવા છતાં પોતાને જ્ઞાની તરીકે ઓળખાવે તેવા જ્ઞાન વગરના, અધમ, અદેખા અને ગુરુ વિનાના જીવો શિખામણ આપવા છતાં સત્ય હકીકતને જરા પણ સમજવા તૈયાર જ નથી.

ચોસરા - ૭

જાત્ય ભાત્ય ઓરુ વિધિ નખેદે, કે સતયુગ કળી માંહી;
ગ્રાહીત ત્યાગ ઈત કરમ ધરમમેં, જ્ઞાની અટકત નાંહી. ૧

શબ્દાર્થ

જાત્ય = જાતિ, વર્ણ **ભાત્ય** = ભેદ, પ્રકાર **ઓરુ** = અને **વિધિ નખેદે** = વિધિ નિષેધ, શું કરવું અને શું ના કરવું તેની સમજ **કે** = કે **સતયુગ** = સત્‌યુગ **કળી** = કળીયુગ **માંહી** = માં **ગ્રાહીત** = ગ્રહણ કરીને **ત્યાગ** = ત્યજવાની ક્રિયા **ઈત** = અહીં, ઈતર, ફાલતું, અન્ય **કરમ ધરમમેં** = કર્મ અને ધર્મમાં, ધાર્મિક કામોમાં **જ્ઞાની** = જ્ઞાન વાન **અટકત** = અટકતો, રોકાતો, માન્યતા ધરાવતાં **નાંહી** = નથી.

અનુવાદ

સત્‌યુગથી લઈ કળીયુગમાં વર્ણભેદ, વિધિ-નિષેધ, ધાર્મિક કર્મો અને ત્યાગને ગ્રહણ કરવા જેવી પ્રવૃત્તિથી જ્ઞાની પુરુષો જરાપણ અટકાતા નથી.

ભાવાર્થ

ચારે યુગમાં પછી તે સતયુગથી લઈ કળીયુગ હોય, પરંતુ જ્ઞાની પુરુષો ચાર પ્રકારની કહેવાતા વર્ણભેદમાં, શાસ્ત્રો દ્વારા દર્શાવેલ વિધિ-નિષેધની જંજાળમાં, ધાર્મિક વિધિ દ્વારા કર્મકાંડી ક્રિયાઓ કરવામાં કે ત્યાગને ગ્રહણ કરીને ત્યાગીની મોટાઈમાં અટકાતા નથી. તેઓ સંસારની આવી તુચ્છ ઉપાધિઓથી મુક્ત થઈને પોતાના નિજ જ્ઞાનમાં જ ઓતપ્રોત રહે છે. સાચા જ્ઞાની મહાપુરુષોમાં આ મૂળ લક્ષણો બધા જ યુગમાં એક સરખા જણાય છે.

જ્ઞાની પરખ જ્ઞાનસે કીજે, ઉપચીન ખોજ ન પાવે;
જનક કૃષ્ણ સુખદેવ દુર્વાસા, ઉપમત એક ન આવે. ૨

શબ્દાર્થ

જ્ઞાની = જ્ઞાનવાનની **પરખ** = ઓળખ **જ્ઞાનસે** = જ્ઞાનથી **કીજે** = કરવી **ઉપચીન** = ઉપલક ચિહ્નોથી **ખોજ** = શોધ **ન** = નહીં **પાવે** = પ્રાપ્ત થાય **જનક** = જનકરાજા. **કૃષ્ણ** = શ્રીકૃષ્ણ **સુખદેવ** = સુખદેવજી **દુર્વાસા** = દુર્વાસા ઋષિ **ઉપમત** = ઉપલક ચિન્હો **એકન** = એક પણ નહીં **આવે** = આવે.

અનુવાદ

જ્ઞાનીની ઓળખ જ્ઞાનથી કરવી, પરંતુ ઉપલક ચિહ્નોથી ન કરવી જોઈએ. કારણ કે જનકરાજા, કૃષ્ણ, સુખદેવ અને દુર્વાસાનાં ઉપલક ચિહ્નો એક સરખાં આવતાં નથી.

ભાવાર્થ

જ્ઞાની મહાપુરુષોની ઓળખાણ માટે જ્ઞાન સિવાય અન્ય કોઈ માપદંડ નથી કે બ્રાહ્ય ગુણોથી ઓળખી શકાય તેમ નથી. તેથી જ્ઞાનીની ઓળખ માત્ર જ્ઞાનથી જ કરવી જોઈએ, પરંતુ તેના ઉપલક આડંબરભર્યા ધાર્મિક ચિહ્નોથી થાય નહીં અને જો ઉપલક ચિહ્નોથી જ્ઞાનીની ઓળખાણ કરવામાં આવે તો આપણને અવશ્ય દગો થાય. (કે ખોટા ઠરીયે) જેમકે દ્વાપર અને ત્રેતા યુગના જ્ઞાની પુરુષોમાં જનકરાજા, શ્રી કૃષ્ણ, સુખદેવજી અને દુર્વાષા ઋષિ થઈ ગયા. જેમની ઓળખ જો જ્ઞાનથી કરવામાં આવે તો જ ખબર પડે કે તેઓ જ્ઞાની હતા, પરંતુ જો તેમના ઉપલક ચિહ્નો કે વ્યવહારથી તેમનું મૂલ્યાંકન કરવામાં આવે તો દરેકની જુદી જુદી લાક્ષણિકતાઓ જોવા મળે છે જે જ્ઞાન સાથે એકત્વતા નથી.

પણ જ્ઞાને નિજ તત્ત્વ દરસકો, એક લક્ષ અનુરાગી;
તિનકે કરત જુવે જેહી ઉપહીત, તે નર અધમ અભાગી. ૩

શબ્દાર્થ

પણ = પરંતુ **જ્ઞાને** = જ્ઞાનથી **નિજ તત્ત્વ** = મૂળ તત્ત્વ, આદિ તત્ત્વ **દરસકો** = જોવાવાળા, જોઈને **એક** = એક **લક્ષ** = ધ્યાન, લક્ષ્યાંક કેન્દ્ર **અનુરાગી** = સ્નેહ, પ્રીત, જોડાણ **તિનકે** = તેઓના **કરત** = કાર્યો, કરતવ **જુવે** = જુએ **જેહી** = જે **ઉપહીત** = ઉપલક, બાહ્ય રીતે **તે** = તે **નર** = માનવ **અધમ** = હલકટ, નીચ **અભાગી** = ભાગ્યહીન, અભાગિયા.

અનુવાદ

પરંતુ તેઓ જ્ઞાનથી આદિ તત્ત્વને નિહાળી માત્ર એક લક્ષ સાથે અનુરાગ ધરાવતા હતા. તેમના ઉપલક કર્મોને જે માનવ જુએ તે અધમ અને અભાગી છે.

ભાવાર્થ

આવા જ્ઞાની પુરુષો સંસારમાં જન્મીને સંસારિક જીવનની જવાબદારી અને પોતાના કર્તવ્યનું પાલન કરીને જીવન જીવ્યા છે, પરંતુ જ્ઞાન પક્ષે તેઓ અડગ હતા. પોતાની આંતર દૃષ્ટિને આદિ બ્રહ્મ તત્ત્વ સાથે જોડી બ્રહ્મદર્શી, બ્રહ્મજ્ઞાની અને બ્રહ્મવેત્તા બન્યા અને એક લક્ષમાં જ પોતાનો આંતરિકભાવ પ્રીતિપૂર્વક જોડીને જ્ઞાન દૃષ્ટિના પ્રખર અભ્યાસી બની જીવન જીવી ગયા. તેમ છતાં આવા જ્ઞાની પુરુષોના ઉપલક વ્યવહાર અને કર્મોને ચર્મચક્ષુથી જોનાર માનવી અધમ અને ભાગ્યહીન કહેવાય.

પ્રોક્ષ જ્ઞાની જ્ઞાનનકી માનત, પ્રત્યક્ષ પતિત ન આંને;
એ અજ્ઞાની દુષ્ટ દગ્ધ જન, નુગરા નેક ન માંને. ૪

શબ્દાર્થ

પ્રોક્ષ = પરોક્ષ, અપ્રત્યક્ષ, ગેરહાજર **જ્ઞાની** = જ્ઞાનવાન **જ્ઞાનનકી** = જ્ઞાનની **માનત** = માને **પ્રત્યક્ષ** = હાજર **પતિત** = વિશ્વાસ **ન** = નહીં **આંને** = લાવે **એ** = એ **અજ્ઞાની** = જ્ઞાન વગરના **દુષ્ટ** = અધમ **દગ્ધ** = અદેખા **જન** = માનવ **નુગરા** = ગુરુ વિનાના **નેક ન માંને** = જરાપણ માનતા નથી.

અનુવાદ

અપ્રત્યક્ષ જ્ઞાનીના જ્ઞાનને માને, પરંતુ હાજર રહેલા પર વિશ્વાસ

ન રાખે તેવા અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા જીવો કાંઈપણ માનતા નથી.

ભાવાર્થ

અગાઉના યુગોમાં થઈ ગયેલા જ્ઞાની પુરુષો દ્વારા દર્શાવેલ જ્ઞાનને માનીને પોતાને વિદ્વાન કહેવડાવે છે, પરંતુ હાલ પ્રત્યક્ષ સ્વરૂપે હાજર રહીને સત્ય જ્ઞાનનો જો કોઈ ઉપદેશ આપતું હોય તો તેવા સમર્થ જ્ઞાની પુરુષના જ્ઞાન ઉપર વિશ્વાસ રાખે નહીં તેવા જ્ઞાન વિનાના, અધમ, અદેખા અને નુગરા જીવો કોઈની પણ સાચી શિખામણ માનતા નથી.

ચોસરા - ૮

પ્રગટ રામ ઓરુ કૃષ્ણ હુતે જબ, છાંટન લેવત કેતે;
પ્રોક્ષ ભયે તબ મૂરખ મુરતકી, પ્રેહેત પ્રસાદી લેતે. ૧

શબ્દાર્થ

પ્રગટ = હાજર, પ્રત્યક્ષ **રામ** = દશરથ રાજાના પુત્ર **ઓરુ** = અને **કૃષ્ણ** = વાસુદેવના આઠમા સંતાન **હુતે** = હતા **જબ** = જ્યારે, ત્યારે **છાંટન લેવત** = છાંટો પણ લેતા નહીં, અસ્પૃશ્ય ગણતા, ગણકારતા પણ નહોતા, આદર સન્માન કરતા ન હતા **કેતે** = કેટલાક **પ્રોક્ષ ભયે** = પરોક્ષ થયા, મૃત્યુ પામ્યા, જતા રહ્યા **તબ** = ત્યારે **મૂરખ** = મૂર્ખ **મુરતકી** = મૂર્તિની **પ્રેહેત** = પ્રેમપૂર્વક, હેતપૂર્વક **પ્રસાદી** = મૂર્તિને ધરાવેલ સામગ્રી **લેતે** = લે છે, લેતા હોય છે.

અનુવાદ

રામ અને કૃષ્ણ જ્યારે હાજર હતા ત્યારે કેટલાક તેમનો છાંટો પણ લેતા ન હતા, પરંતુ જ્યારે જતા રહ્યા ત્યારે મૂર્ખાઓ મૂર્તિને ધરાવીને હેતપૂર્વક પ્રસાદી લે છે.

ભાવાર્થ

જ્યારે શ્રી રામ અને શ્રી કૃષ્ણ હયાત હતા ત્યારે ઊંચા કુળમાં જન્મેલાઓ

તેમને ગણકારતા પણ ન હતા. કારણ કે ઊંચાકુળના પ્રભાવને મોભો સમજી ક્ષત્રિય અને ગોવાળો સાથે અસ્પૃશ્યતા ભર્યો વ્યવહાર રાખતા, પરંતુ હાલમાં તે જ ઉચ્ચકોટીના પંડિતો તેમની જ મૂર્તિ મંદિરમાં પધરાવીને પૂજારી તરીકે સેવા પૂજા આરતી કરે છે અને અલગ-અલગ પ્રકારના ભોગ ધરાવીને હેતપૂર્વક પ્રાસાદિક સામગ્રીને આરોગે છે.

ઓરુ તિરથ વ્રત સંજમ જડવત, મૂખે ન બોલત કોઈ;
પ્રોક્ષ જીવન જાતે જડવતકે, જડ જડ કે દીન હોઈ. ૨

શબ્દાર્થ

ઓરુ = અને, વળી **તિરથ** = તીર્થ **વ્રત** = પુણ્ય કર્મ **સંજમ** = સંયમ, નિયમપૂર્વકનું આચરણ **જડવત** = જડતાભર્યુ, નિર્જીવ **મૂખે** = મુખથી **ન બોલત** = બોલતું નથી **કોઈ** = કોઈ પણ **પ્રોક્ષ જીવન** = થઈ ગયેલાનાં જીવન, પરોક્ષનાં જીવન **જાતે** = પોતે, સ્વયં **જડવતકે** = નિર્જીવના **જડ** = નિર્જીવ **જડકે** = નિર્જીવના **દીન** = આધિન **હોઈ** = થયા, બન્યા.

અનુવાદ

વળી તીર્થ, વ્રત અને નિયમપૂર્વકનું આચરણ જડવત્ છે તેમજ પરોક્ષ થઈ ગયેલાની મૂર્તિ પોતે જડવત્ હોઈ કોઈ મુખેથી બોલતા નથી. તેનું જીવન પણ જડ જ છે. તેમ છતાં જડ જીવો જડને આધિન બન્યા છે.

ભાવાર્થ

વળી, તીર્થયાત્રાના સ્થળોએ દર્શનાર્થે કે પર્યટનાર્થે જવું, ધાર્મિક વૃત્તિને પોષવા વ્રતો કે ઉપવાસ કરવા, સંયમપૂર્વકનું આચરણ કરવું વિગેરે તમામ ધાર્મિક ક્રિયા અને પ્રવૃત્તિઓ જડવત્ છે. વળી પરોક્ષ થઈ ગયેલાની પ્રાણ-પ્રતિષ્ઠા કરાયેલી મૂર્તિ જડ હોઈ તેનું લાલન-પાલન અને કર્મકાંડી વિધિ સહિતની સરભરા પણ જડ છે. આ પૈકીનું કોઈ પણ મુખ દ્વારા બોલી શકતું નથી. તેમ છતાં ઉચ્ચકુળમાં જન્મેલા જડજીવો જડ સ્વરૂપોને આધિન થઈને પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે.

ગયે પુરુષકે જ્ઞાન કથનકી, રાખત સકલ અભ્યાસા;
હાલ પુરુષ અનુભવ નિજ ગ્યમસે, આવત નહીં વિસવાસા. ૩

શબ્દાર્થ

ગયે = થઈ ગયેલા **પુરુષકે** = મહાપુરુષોના **જ્ઞાન** = જ્ઞાન **કથનકી** = વાણીનો, વચનોનો, બોલનો **રાખત** = રાખે **સકલ** = બધા, સઘળા **અભ્યાસા** = અભ્યાસ, અધ્યયન **હાલ** = હમણાં, પ્રત્યક્ષ, હાજર **પુરુષ** = મહાપુરુષ **અનુભવ** = પ્રત્યક્ષ રીતે, જાતે માણેલું **નિજ ગ્યમસે** = પોતાની સમજ અંગેનું, સ્વની સમજનું **આવત** = આવતો **નહીં** = નથી **વિસવાસા** = વિશ્વાસ.

અનુવાદ

થઈ ગયેલા પુરુષોના જ્ઞાનયુક્ત વચનો પર બધા અધ્યયન કરે છે, પરંતુ વર્તમાનમાં જે પુરુષ સ્વની સમજ અંગેના અનુભવી છે તેમના પર વિશ્વાસ કરતા નથી.

ભાવાર્થ

પ્રાચીનકાળમાં થઈ ગયેલા જ્ઞાની પુરુષો દ્વારા સગુણ અને નિર્ગુણ સિદ્ધાંતને દર્શાવતાં વચનો પર બધા અધ્યયન કરે છે અને આત્મકલ્યાણ માટેની પ્રવૃત્તિમાં જોડાયેલા રહે છે, પરંતુ હાજરમાં જે પ્રગટ કૈવલવેત્તા પુરુષ કે જે અંશ-અંશીનો લક્ષ દર્શાવતા સકર્તાસિદ્ધાંતનું જ્ઞાન તેમજ દેહમાં રહેલા સર્વોપરી ચૈતન અંશની અને સમગ્ર રચનાના રચનાર અંશીની સમજ દર્શાવે છે. તેવા કૈવલજ્ઞાનમાં વિશ્વાસ લાવીને અખંડ કૈવલ મુક્તિ પ્રાપ્ત કરવાનું લોકોને સૂઝતું નથી.

અણદેખી ઓરકી કહી માનત, દેખી ધરત ન કાંને;
તે અજ્ઞાની દુષ્ટ દગ્ધ જન, નુગરા નેક ન માંને. ૪

શબ્દાર્થ

અણદેખી = જોયા વગરની **ઓરકી** = અન્યની, બીજાની **કહી** = કહ્યું **માનત** = માને

દેખી = પ્રત્યક્ષ જોયેલું, નજર સામેનું **ધરત ન કાંને** = કાને ધરતા નથી, લક્ષમાં લેતા નથી **તે** = તેવા **અજ્ઞાની** = જ્ઞાન વગરના **દુષ્ટ** = અધમ **દગ્ધ** = અદેખા **જન** = માનવ, જીવો **નુગરા** = ગુરુ વગરના **નેક ન માંને** = જરાપણ માનતા નથી.

અનુવાદ

અન્ય દ્વારા કહેલી પરોક્ષ વાણીને માને પરંતુ પ્રત્યક્ષને લક્ષમાં લેતા નથી તેવા અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા જીવો જરાપણ માનતા નથી.

ભાવાર્થ

અઢાર પુરાણમાં વ્યાસમુનિ દ્વારા કાલ્પનિક વર્ણવેલી પરોક્ષ વાણીનું અધ્યયન કરીને હાલના કથાકારો અને વક્તાઓ રોચક રીતે દર્શાવી પૌરાણિક વાતોમાં વિશ્વાસ ધારણ કરીને બધા જેણે પોતે નિહાળ્યું નથી છતાં સાચી માને છે, પરંતુ હાલમાં હાજર છે તેવા પ્રત્યક્ષ પ્રગટ પુરુષ દ્વારા પોતાના સ્વાનુભવથી કહેલી અંશ-અંશીના લક્ષને દર્શાવતા સકર્તા સિદ્ધાંતની સત્ય વાણી રૂપ જ્ઞાનને લક્ષમાં લેતા નથી. તેવા જ્ઞાન વગરના, અધમ, અદેખા અને ગુરુ વિનાના જીવો સાચી શિખામણને માનતા જ નથી કે કાને ધરતા નથી.

ચોસરા - ૯

પરનેંનસે દેખત દ્વિજ દુનિયા, સૂનિયાં વચન સૂનાવે;
નિજકે નેંન સકલ ઘટ અંધે, બંધે બાંન મુનાવે. ૧

શબ્દાર્થ

પરનેંનસે = પારકી આંખે, બીજાની નજરે **દેખત** = દેખેલી **દ્વિજ** = બ્રાહ્મણ **દુનિયા** = જગત, વિશ્વ **સૂનિયાં** = સાંભળેલા **વચન** = વચનો **સૂનાવે** = સંભળાવે **નિજકે** = પોતાનાં **નેંન** = દૃષ્ટિ, આત્મસૂઝથી **સકલ ઘટ અંધે** = સઘળા શરીરથી આંધળા, સર્વ રીતે આંધળા **બંધે** = બંધનકારક, બાધક, પ્રતિકૂળ **બાંન** = વાણી, વચન **મુનાવે** = મનાવે, રાજી કરે.

અનુવાદ

બ્રાહ્મણો બીજાની નજરે જોયેલા અને સાંભળેલા વચનો દુનિયાને સંભળાવે છે. પોતાનાં નિજ નેંનથી સર્વ રીતે આંધળા હોઈ બંધનયુક્ત વચનોથી રાજી કરે છે.

ભાવાર્થ

કર્મકાંડી પ્રવૃત્તિમાં જોડાયેલા અને વ્યાસપીઠ પર બેસીને કથાઓ કરતા બ્રાહ્મણ દુનિયાને બીજાની આંખે જોયેલી અને સાંભળેલી વાતોને સંભળાવે છે. તેઓ પોતાના સ્વાનુભવથી કોઈ વાતને રજૂ કરતા નથી. કારણ કે પોતે કોઈ સમર્થ ગુરુના શરણમાં ગયા ન હોવાથી તે પોતાનાં નિજ નેંનથી સર્વ રીતે આંધળાં છે. તેમના હ્રદયમાં અંધકાર વ્યાપેલો હોવાથી આત્મજ્ઞાનના પ્રકાશનો અભાવ હોય છે. જ્ઞાનની પ્રતીતિ કર્યા વગરનાં અને આત્મકલ્યાણમાં પ્રતિકૂળ હોય તેવાં તેમના વચનો હોય છે. પુરાણોમાં લખાયેલા અને બીજા દ્વારા સાંભળેલા વચનોને રજૂ કરી જગતને રાજી કરે છે. જેથી તેમને તો નૈવેધ્ય અને દાન-દક્ષિણા મેળવી ભૌતિક લાભ થશે, પણ તેમના યજમાનને તો કદીપણ કંઈ ફળ પ્રાપ્તિ થવાની નથી.

બાંન જંત જીવન જગ જેતે, બાની બાંમન પકરે;
બિન ભેદુ કોઈ ભાગી શકત નહીં, લેઈ કરમમેં ઝકરે. ૨

શબ્દાર્થ

બાંન = વાણી **જંત** = જીવ **જીવન** = જીવન, રોજી **જગ** = જગત **જેતે** = જેટલા છે તેટલા **બાની** = વાણી **બાંમન** = બ્રાહ્મણ, બામણ **પકરે** = પકડવું, ગ્રહી રાખવું, ઝાલવું **બિન ભેદુ** = જાણ ભેદુ સિવાય **કોઈ** = કોઈપણ **ભાગી શકત નહીં** = મુક્ત થઈ શકતો નથી **લેઈ** = લઈને **કરમમેં** = કર્મકાંડમાં **ઝકરે** = ઝકડી રાખે.

અનુવાદ

જગતમાં વાણી જેનું જીવન છે એવા બ્રાહ્મણો જીવને વાણીથી પકડી કર્મકાંડમાં ઝકડી રાખે છે પણ જાણ ભેદુ સિવાય આમાંથી કોઈ મુક્ત થઈ શકતો નથી.

ભાવાર્થ

માત્ર સાંભળેલી વાણીને સંભળાવવી તેવું જેમનું જીવન છે એવા વાણીના ઠેકેદાર બ્રાહ્મણો જગતના જીવો સાથે વાણીનો જ વેપાર કરતા હોય છે. જેમાં ફળશ્રુતિનો અભાવ હોવાથી જગતના જીવોનાં કાર્ય સાર્થક થતાં નથી કે પીડાનું નિવારણ થતું નથી. ઉલટા કર્મકાંડની જાળમાં જકડી રાખીને જીવોને વધુ કર્મબંધનમાં ફસાવે છે. પરંતુ વેદ, પુરાણ અને શાસ્ત્રોના આવા ઠેકેદારોની આવી યુક્તિપૂર્વકની ચાતુર્યતાના રહસ્યને જે જ્ઞાનીજનો સમજે છે તે આ જંજાળમાંથી છૂટી શકે છે પરંતુ જાણ ભેદુ સિવાય કર્મકાંડથી ગૂંથેલી લોભામણી જાળમાંથી કોઈ મુક્ત થઈ શકતા નથી.

કરમ કરાવે જુગત જનાવે, બિન દીઠે વિલમાવે;
અંધે અંધ નિરંધ સાયભી, ભૂગતે સો ભૂગતાવે. ૩

શબ્દાર્થ

કરમ = કર્મો, કર્મકાંડી ક્રિયા **કરાવે** = કરાવે **જુગત** = જગતને, વિશ્વને **જનાવે** = દર્શાવે **બિનદીઠે** = જોયા વગરનું, અજાણ્યું **વિલમાવે** = મનાવે, અટકાવે, સમજાવે **અંધે અંધ** = આંધળે આંધળી **નિરંધ** = મહા મૂર્ખ, સંપૂર્ણ આંધળાપણું **સાયભી** = સાહ્યબી, રિયાસત **ભૂગતે** = ભોગવે **સો** = તે **ભૂગતાવે** = ભોગવાવે.

અનુવાદ

જે જોયું જ નથી તેને જગતને દર્શાવી કર્મકાંડની ક્રિયા કરાવીને અટકાવી રાખે છે. આવા મહામુર્ખ આંધળે આંધળી સાહ્યબી જીવોને ભોગવાવે છે અને પોતે ભોગવે છે.

ભાવાર્થ

નજરે જોયું ન હોવા છતાં રજનું ગજ કરીને જગતની ભોળી પ્રજાને ભરમાવે છે અને કર્મકાંડ સિવાય બીજો કોઈ વિકલ્પ (ઉપાય) નથી તેવું સમજાવીને લોકોને કર્મકાંડી ક્રિયામાં વાળીને અટકાવી રાખે છે. પોતે તેનું મોટું દામ લઈને યજમાનને આવી ફોગટ અને અનર્થ કર્મકાંડી ક્રિયા કરાવે છે.

જેની ફળ પ્રાપ્તિ હકીકતમાં કાલ્પનિક હોઈ જરાપણ ફાયદાકારક હોતી નથી. પોતાના સ્વાર્થ અને મતલબી દૃષ્ટિકોણ ધરાવતા મૂર્ખ અજ્ઞાનીઓ પરલોકમાં ભોગવવા મળતી આંધળે આંધળી સુખાકારીને દર્શાવીને જગતને ભરમાવે છે અને પોતે દાન-દક્ષિણનાના જોરે એશ આરામી (આરામદાયી) જિંદગી જીવીને ભોગ-વૈભવશાળી વૈભવને માણે છે.

આપે અંધ નિરંધ જીજીમાનું, દોનું ભવ ભટકાંને;
તે અજ્ઞાની દુષ્ટ, દગ્ધ, જન, નુગરા નેક ન માંને. ૪

શબ્દાર્થ

આપે = પોતે **અંધ** = આંધળા **નિરંધ** = પૂર્ણ આંધળા, મહામૂર્ખ **જીજીમાનું** = યજમાન, કર્મકાંડી ક્રિયા કરાવનાર **દોનું** = બંને **ભવ** = સંસારમાં **ભટકાંને** = ભટક્યા કરે છે **તે** = તેવા **અજ્ઞાની** = જ્ઞાન વગરના **દુષ્ટ** = અધમ **દગ્ધ** = અદેખા **જન** = માનવ **નુગરા** = ગુરુ વગરના **નેક ન માંને** = જરા પણ માનતા નથી.

અનુવાદ

પોતે અંધ અને યજમાન પરમ અંધ એમ બંને ભવમાં ભટક્યા કરે છે, તેવા અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા જરા પણ કહ્યું માનતા નથી.

ભાવાર્થ

અગાઉથી ચાલી આવેલ પરંપરાગત કાલ્પનિક જ્ઞાન વાર્તાઓ વાંચીને, ગોખીને સમજ વિનાના આંધળા અજ્ઞાનીઓને સંભળાવી ગાયને જેમ ગોવાળો દોરે તેમ પરમ અંધ એવા યજમાનોને ચલાવ્યા કરતા હોય છે. વાતોથી માત્ર મોક્ષ મળ્યો તેમ વિશ્વાસ અપાવીને પોતે અને યજમાન એમ બંને જણા ચોરાસીના ફેરા ફરીને ભવસંકટને વેઠ્યા કરે છે. તેવા જ્ઞાન વગરના, અધમ, અદેખા અને ગુરુ વિનાના જીવો સાચી શિખામણ કદી પણ સમજતા કે કાને ધરતા નથી.

ચોસરા - ૧૦

એહી વરતાંત જ્યું અજ્ઞાનીનકે, જીનકે જનમ નખેદા;
દુષ્ટ દગ્ધ જનકે મનકુ જેહી, સૂનીયો કપટ કલેદા. ૧

શબ્દાર્થ

એહી = આ પ્રમાણે **વરતાંત** = વૃતાંત, વર્ણન **જ્યું** = જેમ, જેવી રીતે, જેમનો **અજ્ઞાનીનકે** = અજ્ઞાનીઓનું **જીનકે** = જેમનું, જેમનો **જનમ** = જન્મ **નખેદા** = દુર્ભાગ્યપૂર્ણ, સત્યાનાશ **દુષ્ટ** = અધમ, પાપી **દગ્ધ** = અદેખા **જનકે** = માનવોના **મનકુ** = મનમાં, મનના **જેહી** = જે **સૂનીયો** = સાંભળો **કપટ** = દંભ, છળ, પ્રપંચ, લુચ્ચાઈ **કલેદા** = અવગુણ, ઉપદ્રવ, ત્રાસ.

અનુવાદ

જેમનો જન્મ દુર્ભાગ્યપૂર્ણ છે તેવા અજ્ઞાનીઓનું આ પ્રમાણે વૃતાંત છે. હવે દુષ્ટ અને દગ્ધ જનોના મનમાં જે પ્રપંચ યુક્ત અવગુણ છે તેને શ્રવણ કરો.

ભાવાર્થ

અગાઉ જે વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું તેવા જ્ઞાન વગરના અજ્ઞાની જીવોનાં લક્ષણો અંગેનું છે કે જેમનો જન્મ આ પૃથ્વી પર દુર્ભાગ્યપૂર્ણ થયો છે. હવે પાપી અને અદેખાઈ ભર્યા જીવો મનમાં કેવા પ્રકારના કપટને ગ્રહી કેવો ત્રાસ આપે છે ? તે અંગે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આ વૃતાંતને શુદ્ધ ચિત્તે શ્રવણ કરવાનું કહે છે.

દુષ્ટ અતિ દુનિયામાંથી દૂરઘટ, કરત કાજ સબ અંન્યા;
ખટદસનકી ખેચી ખાવત, ગનત ન પાપ ન પુંન્યા. ૨

શબ્દાર્થ

દુષ્ટ = નઠારા, અધમ, પાપી **અતિ** = અત્યંત, અધિક, વધારે **દુનિયામાંથી** = દુનિયામાંથી **દૂરઘટ** = દુર્ઘટ, અશક્ય, મુશ્કેલ, વિષમ **કરત** = કરે છે **કાજ** = કામો, કાર્ય **સબ** = બધાં **અંન્યા** = અન્યાય ભરેલા, ગેર ઈન્સાફી, ન્યાય વિરુદ્ધ, અનીતિભર્યા **ખટદસનકી** = છ શાસ્ત્રોની

ખેચી ખાવત = દરકાર ન કરવી, અવગણા કરવી, ન ગણકારવું **ગનત ન પાપ ન પૂન્યાં** = પાપ અને પુણ્યને ગણતરીમાં ન લેવું.

અનુવાદ

દુષ્ટ જીવો દુનિયામાં અતિ વિષમ હોઈ બધાં કામો અન્યાયપૂર્વક કરે છે. તેમજ છ શાસ્ત્રોની અવગણા કરીને પાપ કે પુણ્યને પણ ગણતરીમાં લેતા નથી.

ભાવાર્થ

દુષ્ટ જીવોનો સ્વભાવ દુનિયામાં બધાં કાર્યો વિષમ (ઊંધાં) છે. જેથી તેમનો ઈરાદો અન્યાયપૂર્વકની નીતિ આચરીને સંસારમાં ધર્મ સાથે જોડાયેલ પ્રજાજનોને દુ:ખી કરવાનો હોય છે. સંસારને વિધિ-નિષેધનો બોધ આપનાર છ શાસ્ત્રો દ્વારા જણાવેલ અનર્થ અને ન કરવા યોગ્ય દુષ્કર્મો કરતાં ખચકાતાં નથી. આમ છ શાસ્ત્રોની અવગણના કરીને તેમાં દર્શાવેલ પાપ અને પુણ્યની પરવા કર્યા વિના અનીતિભર્યા અને અન્યાયપૂર્વકનાં કર્મો કરે છે.

રાજા હોયતો રહિત રંજાળે, પટલ હોયતો પરજા;
રંક હોયતો રજક જલાવત, બરબટ બાંધત બરજા. ૩

શબ્દાર્થ

રાજા = રાજયનો ઉપરી અધિકારી, સર્વોપરી અમલદાર **હોયતો** = હોય તો **રહિત** = રૈયત, પ્રજાજનોને **રંજાળે** = કનડગત કરે, દુ:ખી કરે, પરેશાન કરે **પટલ હોયતો** = ગામનો આગેવાન મુખીયો હોય તો **પરજા** = ગામ લોકોને **રંક હોયતો** = ગરીબ હોય તો **રજક** = ખાધાને ખોરાક, અનાજ પાણી **જલાવત** = બળે, જલ્પના કરે, જંખે, બળતરાવાળે **બરબટ** = બહારવટિયો, લૂંટફાટ કરવાવાળો લૂંટારો **બાંધત** = બાંધે **બરજા** = ધમકી આપતો છાંની રીતે મોકલાતો કાગળ કે ચિઠ્ઠી.

અનુવાદ

રાજા હોય તો રૈયતને અને પટેલ હોય તો ગ્રામજનોને રંજાડે છે. જ્યારે

ગરીબ હોય તો પાકને બાળી દે અને બહારવટિયો હોય તો જાસા ચિઠ્ઠી બાંધે છે.

ભાવાર્થ

દુષ્ટ વ્યક્તિ જો રાજા બન્યો હોય તો તે રાજ્યની પ્રજાને અને જો ગામનો મુખીયો બન્યો હોય તો ગ્રામજનોને રંજાડતો હોય છે. વળી જો ગરીબ હોય તો પોતાને ખાવાનું ન મળતું હોવાથી અન્યના પાક કે અનાજપાણીના ઊભા પાકને દવ (અગ્નિ) લગાડીને નાશ કરે છે. જ્યારે જો તે બહારવટિયો બન્યો હોય તો જાસા ચિઠ્ઠી લખીને લૂંટફાટ કરતો હોય છે.

બરબટ તે બરપાડ બનેરી, લુંચીત રાહ નરાંને;
તે અજ્ઞાની દુષ્ટ, દગ્ધ જન, નુગરા નેક ન માંને. ૪

શબ્દાર્થ

બરબટ = બહારવટીયા, લૂંટારા **બરપાડ** = બહારવટિયું ખેલી **બનેરી** = વટે માર્ગુ લોકોને **લુંચીત** = લૂંટે **રાહ** = રસ્તામાં **નરાંને** = એકલવાયો, એકાંત **તે** = તે **અજ્ઞાની** = જ્ઞાન વગરના **દુષ્ટ** = અધમ, પાપી **દગ્ધ** = અદેખા **જન** = માનવી **નુગરા** = ગુરુ વિનાના **નેક ન માંને** = જરાપણ માનતા નથી.

અનુવાદ

બહારવટિયાઓ બહારવટુ ખેલી વેરાન રસ્તા પર જતા આવતા એકલવાયા વટેમાર્ગુ લોકોને લૂંટે છે. તેવા અજ્ઞાની દુષ્ટ, દગ્ધ અને નુગરા માનવો જરા પણ કહ્યું માનતા નથી.

ભાવાર્થ

વળી, આવા દુષ્ટ માનવો બહારવટિયાના રૂપે બહારવટુ ખેલીને વેરાન રસ્તે જતા-આવતા વેપાર-ધંધો કરતા એકલ-દોકલ વટેમાર્ગુને લૂંટતા હોય છે. તેવા જ્ઞાન વગરના, અધમ, અદેખા અને ગુરુ વિનાના જીવો કોઈની શિખામણ માનતા નથી.

ચોસરા - ૧૧

પુની બ્રાહ્મણ સાધુ સંન્યાસી, જીનું મંદિર મઠ ફોરે;
અનહુતકે સબ દામ બટોરીત, ગ્રથ ગાંઠડી જોરે. ૧

શબ્દાર્થ

પુની = વળી **બ્રાહ્મણ** = બ્રાહ્મણ, દ્વિજ **સાધુ** = સાધુ પુરુષ, ત્યાગી **સંન્યાસી** = સંસારનો ત્યાગ કરનાર **જીનું** = જેઓ **મંદિર** = દેવાલય **મઠ** = આશ્રમ, વિશ્રામગૃહ **ફોરે** = બનાવે **અનહુતકે** = અનર્થ ભર્યા, અન્યાયપૂર્વકનું **સબ** = બધું **દામ** = સંપત્તિ **બટોરીત** = એકત્રિત કરી **ગ્રથ** = નાણું, પૈસો **ગાંઠડી** = ગાંસડી, પોટલું **જોરે** = અધિકાર, કાબુ.

અનુવાદ

વળી બ્રાહ્મણ, સાધુ કે સંન્યાસી જે મંદિર કે મઠ બનાવી ખોટી રીતે એકત્રિત કરેલા પૈસાના પોટલા પર અધિકાર જમાવે છે.

ભાવાર્થ

વળી જો બ્રાહ્મણ, સાધુ કે સંન્યાસીમાં કોઈ દુષ્ટ જીવાત્મા હોય તો મંદિર કે મઠ બનાવીને કીર્તિ પ્રાપ્ત કરી ભક્તોને ભરમાવે છે. જેના થકી તેઓ ખોટી રીતે સંપત્તિ એકત્રિત કરતા હોય છે અને દાન પેટે મળેલા ઢગલાબંધ નાણાં પર પોતાનો અધિકાર જમાવીને સ્વચ્છંદતાભર્યું જીવન જીવે છે.

તે નહીં આવત કામ ઉનુકે, અનહુતકે ધન માટે;
રાઈ દંડે કે ચોર ચકોરે, જાંહી તાંહી જાત અટાટે. ૨

શબ્દાર્થ

તે નહીં = તે નથી **આવત** = આવતું **કામ** = કામમાં, ઉપયોગમાં **ઉનુકે** = એને, તેમને **અનહુતકે** = ખોટી રીતે મેળવેલુ **ધન** = સંપત્તિ, પૈસો **માટે** = તેથી **રાઈ** = રાજા **દંડે** = દંડ કરે **કે** = અથવા **ચોર ચકોરે** = ચોર ચોરી કરે, લૂંટારા લૂંટી જાય **જાંહી તાંહી** = જ્યાં ત્યાં **જાત** = જાય **અટાટે** = વ્યર્થ, નાહકનું વેડફાઈ જવું, નકામું.

અનુવાદ

અનહુતનું ધન હોવાથી તે ધન તેના કામમાં આવતું નથી, પરંતુ કાં તો રાજા દંડ કરીને કે ચોર ચોરી કરીને જ્યાં ત્યાં વેડફાઈ જાય છે.

ભાવાર્થ

ખોટી રીતે પ્રાપ્ત કરેલું ધન ભેગું કરીને ગાંઠડીમાં બાંધીને છુપાવી રાખેલું હોઈ તેઓ જાહેરમાં વાપરી પણ શકતા નથી. જ્યારે ધનનો ઢગલો મંદિર કે મઠમાં છે તેવું રાજાને ખબર પડે તો તે દંડનીય કાર્યવાહી કરીને લઈ લેતા હોય છે અથવા તો ચોરને ખબર પડે કે ધન અમુક જગ્યાએ છુપાવ્યું છે તો તેઓ ચોરી કરીને લઈ જાય છે. આમ અસત્યના માર્ગે ભેગુ કરેલું ધન જ્યાં ત્યાં અયોગ્ય રીતે વપરાઈ જાય છે.

પણ કરતાં પાછી નવ કહાઢત, દલના દુષ્ટ પણાથી;
યેહેનાં કરતવ એ ભોગવશે, નહીં કોઈ સંગને સાથી. ૩

શબ્દાર્થ

પણ = પરંતુ **કરતાં** = આવું કાર્ય કરતાં **પાછી નવ કહાઢત** = પાછી પાની કરતા નથી, પીછેહઠ કે સંકોચ કરતા નથી **દલના** = દીલના, હૃદયના **દુષ્ટ** = અધમ, પાપી **પણાથી** = પણાથી **યેહેનાં** = તેમનાં **કરતવ** = કરેલાં કર્મો **એ** = એ, તે, પોતે **ભોગવશે** = ભોગવશે **નહીં કોઈ** = કોઈ નહીં, કોઈ નથી **સંગને સાથી** = સંગી કે સાથીદાર, સંગાથી.

અનુવાદ

હૃદયના દુષ્ટપણાને લીધે આવું કાંઈ કરતાં પણ પાછી પાણી કરતા નથી. તેનાં કરેલાં કર્મો તે જ ભોગવશે કારણ કે તેમાં કોઈ સંગાથી નથી.

ભાવાર્થ

મંદિર કે મઠ બાંધીને રહેલા દૃષ્ટ બ્રાહ્મણ સાધુ કે સંન્યાસીને એટલી તો ખબર હોય છે કે કરેલાં કર્મોનાં ફળ ભોગવવાં પડશે. તેમ છતાં હૃદયમાં રહેલ દૃષ્ટપણાને લીધે બધું ભૂલી જતા હોય છે. કાં તો સર્જનહારના નિયમની પરવા કર્યા સિવાય

અનર્થ સંપત્તિ એકઠી કરવામાં પીછે હઠ કે સંકોચ પણ અનુભવના નથી. આખરે તો તેમનાં દુષ્કર્મોનાં ફળ તેમણે જ ભોગવવાં પડશે. તે દુષ્કર્મોનાં પાપ ભોગવવા માટે કોઈનો પણ સાથ કે સહકાર મળવાનો નથી કે કોઈ ભાગીદાર થવાનું નથી.

સંગ સાથ યેહેનો જે કરહી, સો પણ ઉન પરમાંને;
તે અજ્ઞાની દુષ્ટ દગ્ધ જન, નુગરા નેક ન માંને. ૪

શબ્દાર્થ

સંગ સાથ = સાથ સહકાર, સંગાથી **યેહેનો** = એવી વ્યક્તિનો **જે** = જે **કરહી** = કરે, કરશે **સો પણ** = તે પણ, તેણે પણ **ઉન** = એજ, એવો જ, તેવો જ **પરમાંને** = પ્રમાણે **તે** = તેવા **અજ્ઞાની** = જ્ઞાન વગરના **દુષ્ટ** = અધમ **દગ્ધ** = અદેખા **જન** = જીવો **નુગરા** = ગુરુ વગરના **નેક ન માંને** = જરાપણ માનતા નથી.

અનુવાદ

એવી વ્યક્તિને જો કોઈ સાથ કે સહકાર આપશે તેને પણ તેના જેવા જ સમજવા. તેવા અજ્ઞાની દુષ્ટ, દગ્ધ અને નુગરા જીવો કાંઈ પણ સમજતા નથી.

ભાવાર્થ

અનર્થનો પૈસો એકઠો કરનાર દુષ્ટ વ્યક્તિને તેના આવા કૂકર્મો કરવામાં અન્ય કોઈ સાથ કે સહકાર આપશે તો તેવી વ્યક્તિને પણ આ પ્રમાણે દુષ્ટ જ સમજવા. સાથ આપનાર વ્યક્તિ પણ તેવા દુષ્કર્મોનાં પાપ ભોગવવામાંથી છૂટી શકવાના નથી. સર્જનહારના નિયમને જાણવા છતાં અવગણના કરનાર આવા અજ્ઞાની, અધમ, અદેખા અને ગુરુ કર્યા વિનાના જીવો કોઈની પણ શિખામણ માનતા નથી.

ચોસરા - ૧૨

કરહી કલેશ કુટુંબ કુલ ભિતર, દુઃખ દે માતપિતાનો;
ઉતઈત રાઢ રચે રધ્ય બુધ્ધનો, બિનું કીત વાંક વિનાનો. ૧

શબ્દાર્થ

કરહી = કરે છે **કલેશ** = કંકાસ, કજિયો **કુટુંબ** = પરિવાર **કુલભિતર** = કુળની અંદર **દુઃખદે** = દુઃખ આપે **માતપિતાનો** = માતા અને પિતાને **ઉતઈત** = ગમે ત્યાં, જ્યાં ત્યાં, આમ તેમ, અહીં અને ત્યાં **રાઢરચે** = બૂમરાણ કરે, કુસંપ કે અણબનાવ કરે, વેરઝેર કરે **રધ્ય બુધ્ધનો** = હલકી બુદ્ધિનો, નકામી બુદ્ધિનો **બિનું** = વગર **કીત** = કોઈ **વાંક** = દોષ, ગુનો, અપરાધ **વિનાનો** = સિવાય.

અનુવાદ

કુળમાં પારિવારિક કજિયો કરે અને માતાપિતાને દુઃખ આપે છે. આવી હલકી બુદ્ધિવાળો કોઈપણ વાંક વગર ગમે તેમ બૂમા-બૂમ કરે છે.

ભાવાર્થ

જેની બુદ્ધિ ભ્રષ્ટ થયેલી છે તેવા હલકી બુદ્ધિના માનવો પોતાના કુળનાં પારિવારિક કુટુંબીજનો તેમજ અન્ય આડોશી-પાડોશી સાથે કોઈપણ પ્રકારના વાંક કે અપરાધ વિના ગમે તે રીતે બૂમ બરાડા પાડીને કજિયો-કંકાસ કરે છે. વળી, પોતાનાજ માતા-પિતાનું કહ્યું ન માનીને તેમજ અપમાનજનક શબ્દોથી ઉદ્ધતાઈ ભર્યો વ્યવહાર કરીને દુઃખ આપે છે.

ન ગણે કોઈ મહોબત માનવની, દાનવ સરખો દુમી;
પાપ કરતાં અદકાં ડગલાં, પૂણ્ય તણે મગ સૂમી. ૨

શબ્દાર્થ

ન ગણે= ગણના ન કરે, ગણતરીમાં લેતો નથી, પરવા કરતો નથી **કોઈ** = કોઈ **મહોબત** = પ્રેમ, સ્નેહ, પ્રીતિ, લાગણી **માનવની** = માનવીની **દાનવ સરખો** = રાક્ષસના જેવો **દુમી** = દિલ દુભાવનાર, દુઃખદાયક **પાપ કરતાં** = પાપ કરતાં **અદકાં ડગલાં** = આગળ પડતાં ડગલાં **પૂણ્ય તણે** = સત કર્મના **મગ** = માર્ગે **સૂમી** = શૂન્ય, કંજૂસ, જડ, લોભી.

અનુવાદ

રાક્ષસની જેમ દિલ દુભાવનાર હોઈ કોઈ પણ માનવીની લાગણીને ગણતરીમાં લેતો જ નથી. પાપ કરવામાં આગળ પડતો અને પુણ્યના માર્ગમાં

શૂન્ય સમાન હોય છે.

ભાવાર્થ

આવા અધમ જીવો રાક્ષસો જેવી વૃત્તિ ધરાવતા હોવાથી સંસારમાં દરેકને દુઃખી કરીને તેમના દ્વારા સ્નેહ અને લાગણી સભર વ્યવહારને ગણતરીમાં લેતા જ નથી. પોતે ભલે સુખી હોય તો પણ અન્ય વ્યક્તિ સુખી ન જ થવો જોઈએ તેવી નીચી માન્યતા ધરાવતા અધમ જીવો પાપ કરવામાં આગળ પડતા હોય છે. જ્યારે કોઈ સદ્કર્મ કરવાની કે પુણ્ય પ્રાપ્તિની વાત આવે તો તેવાં કર્મ કરવામાં પાછી પાની કરીને શૂન્યની જેમ જડ બનીને સત્કર્મોથી અળગા રહે છે. અને ઉલટાનું હવનમાં હાડકાં નાંખવાનું કામ કરતા હોય છે.

અંતસકરણ વરણશંકરના, અસ્થિર નાડ અન્યાયો;
કુડ કપટ ઘટ ભિતર સરભર, એ લક્ષ દુષ્ટ જનાયો. ૩

શબ્દાર્થ

અંતસકરણ = અંતઃકરણ, મન, બુધ, ચિત્ત, અહંકાર **વરણશંકરના** = ભિન્નવર્ણથી થયેલી ઉત્પતિ, પ્રજોત્પાદન **અસ્થિર** = સ્થિર નહીં તેવું ચંચળ, બદલાતું **નાડ** = નાડ, ધમની, નસ **અન્યાયો** = અન્યાયી **કુડ કપટ** = દગો ફટકો, છલ કપટ **ઘટ** = શરીર, દેહ **ભિતર** = માં, અંદર **સરભર** = ભરપૂર, ભરચક, ઠસોઠસ **એ** = એ **લક્ષ** = લક્ષણ **દુષ્ટ** = પાપી, અધમ **જનાયો** = જણાય છે, જણાવ્યા.

અનુવાદ

આવા વર્ણશંકરનાં અંતઃકરણ પણ ચંચળ હોઈ નસોમાં અન્યાય ભરેલો છે. તેમના ઘટેઘટમાં છળકપટ તો છલોછલ ભરેલાં હોય છે. આ લક્ષણો દુષ્ટ જીવોનાં હોય છે તે જણાવ્યાં.

ભાવાર્થ

જુદી-જુદી વર્ણના સ્ત્રી-પુરુષના સંસર્ગથી જન્મ પામેલ જીવોના અંતઃકરણ સ્થિર નહીં, પરંતુ ચંચળ અને ડમમગતા હોવાથી રગેરગમાં અન્યાય ભરેલો

હોય છે. તેથી તેમના વર્તનમાં વિશેષ અન્યાયીપણું હોવાથી આચરણમાં કદીપણ ન્યાયપૂર્વકનો સ્થિર વ્યવહાર જોવા મળતો નથી. તેમના શરીરમાં છળ-કપટ જેવા દૂષણો ભરપૂરપણે ભરાયેલા હોઈ માત્ર છેતરપીંડી અને ઠગાઈ સિવાય બીજાં સારાં કાર્ય કરવાનું સૂઝતું જ નથી. આ મુજબના લક્ષણો દુષ્ટ માનવોના હોય છે.

દુષ્ટ દુષ્ટ પરત્યે નવ ચાલત, શોધે શાહા નખરાંને;
તે અજ્ઞાની દુષ્ટ દગ્ધ જન, નુગરા નેક ન માંને. ૪

શબ્દાર્થ

દુષ્ટ દુષ્ટ = અધમ-અધમ, પાપી-પાપી **પરત્યે** = પ્રત્યે, તરફ **નવ ચાલત** = ચાલતું નથી, ફાવતું નથી, ઉપજતું નથી **શોધે** = શોધ્યા કરે **શાહા** = સજ્જનોના **નખરાંને** = નખરાંને, દુર્ગુણોને **તે** = તેવા **અજ્ઞાની** = જ્ઞાનવગરના **દુષ્ટ** = અધમ **દગ્ધ** = અદેખા **જન** = માનવ **નુગરા** = ગુરુ વિનાના **નેક ન માંને** = જરાપણ માનતા નથી.

અનુવાદ

એક દુષ્ટનું બીજા દુષ્ટ પ્રત્યે કાંઈ ઉપજતું નથી. તેથી આવા લોકો સજ્જનોના દુર્ગુણોને શોધે છે. આવા અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા જીવો કદીપણ માનતા નથી.

ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા એવા લક્ષણોવાળા દુષ્ટ જીવોને એકબીજા સાથે બહુ તાલમેળ બેસતો નથી. તેથી આવા જીવો પોતાનાં કાર્યો પાર પાડવા માટે સંસારમાં સત્યના પથ પર જીવનાર સજ્જન પુરુષોમાં દુર્ગુણો શોધતાં ફરે છે. જેથી તેમની સાથે અવળી ચાલ ચાલીને પોતે સંતોષ અનુભવી શકે. આવા લક્ષણોવાળા અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા જીવો કદીપણ શિખામણ માનતા જ નથી.

ચોસરા - ૧૩

અબકી યુક્ત દગ્ધકી બરનું, શરણું નહીં કોઈ કેહેનું;
રજક સ્વાનસે નહીં ઉતઈતકે, જીત તિતકે મિજમાનું. ૧

શબ્દાર્થ

અબકી = હવે **યુક્ત** = જોડાયેલું, ની સાથે સંદર્ભ ધરાવતું, યુક્તિ **દગ્ધકી** = અદેખાનું **બરનું** = વર્ણન કરું **શરણું** = શરણ, આશરો, આધાર **નહીં** = નહીં **કોઈ કેહેનું** = કોઈનું કંઈપણ **રજક સ્વાનસે** = ધોબીના કૂતરાની જેમ **નહીં** = નહીં **ઉતઈતકે** = આ તરફ કે તે તરફ, આ બાજુ કે તે બાજુ **જીત તિતકે** = જ્યાંને ત્યાં **મિજમાનું** = મહેમાનગીરી, મિજબાની.

અનુવાદ

હવે દગ્ધ જીવોનું વર્ણન કરું છું. જેઓ ધોબીના કૂતરાની જેમ અહીં ને ત્યાં જેમ તેમ મિજબાની કરે છે તેમજ કોઈનું શરણું સ્વીકારતા નથી.

ભાવાર્થ

ઠામ ઠેકાણા વગરના રખડતાં આદમી ધોબીના કૂતરાની જેમ નહીં ઘરના કે નહીં ઘાટના થઈને સંસારમાં આમથી તેમ અહીને તહી જેમ તેમ મિજબાની માણીને પરોણાની માફક રખડતા હોય છે, પરંતુ કોઈનું પણ શરણું સ્વીકારીને કે સ્થિર થઈને ઠરીને ઠામ બેસતા નથી.

પ્રેમ પ્રિત્ય નહીં કોઈ સાથે, સૂણીયો જ્ઞાન સમજણા;
વાતડના વૈવાદ વિચિક્ષણ, નિજ ગ્યમની દલ દઝણા. ૨

શબ્દાર્થ

પ્રેમ = સ્નેહ, ભાવ **પ્રિત્ય** = વહાલ **નહીં** = નહીં **કોઈ સાથે** = કોઈની સાથે **સૂણીયો** = સાંભળો **જ્ઞાન સમજણા** = જ્ઞાનને સમજવાવાળા **વાતડના** = વાતો કરવાના **વૈવાદ** = વાદ-વિવાદ **વિચિક્ષણ** = હોશિયાર, ચાલાક, ચતુર **નિજ ગ્યમની** = પોતાના સ્વ સ્વરૂપની **દલ** = હૃદયથી **દઝણા** = દાઝેલા.

અનુવાદ

હે જ્ઞાનને સમજવાળા ! સાંભળો કે આવા દિલના દાઝેલાઓને કોઈની સાથે સ્નેહ કે વહાલ હોતું નથી. વાદ-વિવાદ અને વાતો કરવામાં ચતુર હોય છે, પરંતુ હૃદયમાં નિજની સમજથી દાઝેલા હોય છે.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જ્ઞાન સમજવાવાળાને કહે છે કે આવા દગ્ધ માનવો દિલના દાઝેલા હોવાથી ઈર્ષા કરીને મનમાં બળતરા અનુભવે છે. કોઈની સાથે પ્રિત કે વહાલ ન હોવાના કારણે બીજાનું સારુ જોઈને મનમાં સંતાપ કરનારા આવા વ્યક્તિ ફાલતું વાતો કરવામાં પાવરધા અને વાદ-વિવાદમાં ખૂબ જ હોંશિયાર હોય છે. હૃદયની બળતરાને કારણે પોતાના સ્વ ચૈતન સ્વરૂપના જ્ઞાનથી ભીંજાયા વગરના કોરા રહે છે.

દલની દઝણા કહો કુણ ભંજે, મંજે ઉર અંતરને;
નગર નાયકા વત્ત વિટલને, કો શિખ દેવે શરને. ૩

શબ્દાર્થ

દલની દઝણા = હૃદયની બળતરાને **કહોકુણ** = કહો કે કોણ? **ભંજે** = ભીજાવે, મીટાવે **મંજે** = માંજે, શુદ્ધ કરે, ચોખ્ખું કરે, અજવાળે **ઉર અંતરને** = હૃદય અને મનને, અંતરમનને **નગર નાયકા** = વેશ્યા **વત્ત** = જેવા **વિટલને** = વિતંડીને, રખડેલને **કો** = કોણ **શિખ** = શિખામણ **દેવે** = આપે **શરને** = આશ્રય, રક્ષણ, ઓથ, આશરો.

અનુવાદ

દિલની બળતરાને કોણ દૂર કરે ? અને હૃદય તથા મનને કોણ શુદ્ધ કરે ? તે કહો ! આવા વેશ્યા જેવા વિતંડીને શરણે લઈને શિખામણ પણ કોણ આપે?

ભાવાર્થ

આવા અદેખી વૃત્તિ ધરાવતા દગ્ધ જીવોના દિલની બળતરા છે કે તેઓ બીજાનું સારું જોઈ કે ઈચ્છી શકતા નથી, તેને કોણ મિટાવી શકે ? વળી, આવી

પ્રકારની વૃત્તિ ધરાવતા વ્યક્તિના હૃદય અને મનની વ્યથાને દૂર કરવા માટે ક્યા પ્રકારના જ્ઞાનથી સમજાવી શકાય ? નગરમાં રખડતી વૈશ્યાની જેમ ભટકતા જીવોને આશરો આપીને શિખામણ પણ કોણ આપે ?

કહેવાનું તાત્પર્ય એ છે કે આવી વૃત્તિ ધરાવતા દગ્ધ જીવોને કોઈ શિખામણ પણ આપતું નથી, આશરો આપતા નથી કે તેમના કઠોર હૃદયમાં કોઈ જ્ઞાની પુરુષોનો સત્સંગ કે જ્ઞાન અસર કરતું નથી.

ધણી વિના જેમ ઢોર હરાયાં, ઠરવે કુણ ઠેકાંણે;
તે અજ્ઞાની દુષ્ટ દગ્ધ જન, નુગરા નેક ન માંને. ૪

શબ્દાર્થ

ધણી વિના = માલિક વિના **જેમ** = જે રીતે **ઢોર** = પશુ **હરાયાં** = રખડતાં **ઠરવે** = સ્થિર કરે, બાંધે **કુણ** = કોણ **ઠેકાંણે** = નિશ્ચિત જગ્યાએ, યોગ્ય જગ્યાએ **તે** = તેવા **અજ્ઞાની** = જ્ઞાન વગરના **દુષ્ટ** = અધમ, પાપી **દગ્ધ** = અદેખા **જન** = જીવો **નુગરા** = ગુરુ વગરના **નેક ન માંને** = જરા પણ માનતા નથી.

અનુવાદ

માલિક વગરના રખડતા પશુને યોગ્ય જગ્યાએ કોણ બાંધે ? તેવા અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા જીવો જરાપણ માનતા નથી.

ભાવાર્થ

જેવી રીતે માલિક સિવાયના પશુ ગામની શેરીઓમાં રખડતાં હોય એવા ઢોરને યોગ્ય જગ્યાએ કોઈ પણ વ્યક્તિ બાંધતા કે આશ્રય આપતા નથી. તેમ હરાયા ઢોરની જેમ રખડતા જીવોને યોગ્ય શિખામણ આપીને આશ્રય આપવા કોઈ તૈયાર થતું નથી. આ સત્ય વાતને સમજવા જેઓ તૈયાર જ હોતા નથી, તેવા અજ્ઞાની, અધમ, અદેખા અને ગુરુ વગરના જીવો કોઈની પણ શિખામણ માનતા નથી.

ચોસરા - ૧૪

દંભીની ઉર દાદ ગ્રહીને, તરક કરે જ્ઞાનીની;
ક્ષેણુ ઈતકી ક્ષેણુ ઉતકી બોલે, એહ લક્ષ દગ્ધજનીની. ૧

શબ્દાર્થ

દંભીની = ઢોંગીની **ઉર** = હૃદયમાં **દાદ** = ફરિયાદ **ગ્રહીને** = સાંભળીને, ધ્યાનમાં લઈને **તરક** = તર્ક-વિતર્ક, ખુલાસા, વાદ, દલીલ **કરે** = કરે **જ્ઞાનીની** = જ્ઞાનીની **ક્ષેણુ ઈતકી** = ઘડીક આની **ક્ષેણુ ઉતકી** = ઘડીક તેની **બોલે** = બોલે **એહ** = આ **લક્ષ** = ચિહ્ન **દગ્ધજનીની** = દગ્ધ જીવોના.

અનુવાદ

ઢોંગીની ફરિયાદ હૃદયમાં ધારણ કરીને જ્ઞાની સાથે દલીલો કરતા હોય છે. ઘડીકમાં આનું તો ઘડીકમાં તેનું બોલે એવા દગ્ધ જનોના ચિહ્નો છે.

ભાવાર્થ

મનમાં કપટ રાખીને ડોળ કરનાર ઢોંગી વ્યક્તિની ફરિયાદને હૃદયમાં ધારણ કરી લે છે અને જ્ઞાનીજનો સાથે વ્યર્થ વાદ-વિવાદ કરીને તર્ક-વિતર્ક કરે છે. ઘડીક કપટીનો પક્ષ લઈને બોલે તો ઘડીક જ્ઞાનીના પક્ષમાં રહીને બોલે છે. આમ, પક્ષ પલટો કરીને તક સાધુની જેમ ન્યાયપૂર્વકનું વર્તન કરતા નથી. વળી, જેમને ઓળખવા મુશ્કેલ હોય છે તેવા દગ્ધ જનોના આ લક્ષણો જાણવા.

ગ્રંથ જ્ઞાનને શૂણતાં સુધી, જખમારી હા વાળે;
ઉઠીને અલગાજઈ બોલે, મન ગમતું મોં કાળે. ૨

શબ્દાર્થ

ગ્રંથ = ધર્મ પુસ્તક, જ્ઞાન સભર ધર્મની ચોપડી **જ્ઞાનને** = જ્ઞાનને **શૂણતાં** = સાંભળતા **સુધી** = સુધી **જખમારી** = ના છૂટકે **હાવાળે** = હાનો જવાબ આપે, હા કહીને પ્રત્યુતર આપે, હાકારો ભણે **ઉઠીને** = ઊઠીને **અલગાજઈ** = દૂર જઈ, ઓથે જઈ **બોલે** = બોલે **મન ગમતું** = મન ફાવે તેવું **મોં કાળે** = મુખેથી, ખોટું, નઠારું, ખરાબ.

અનુવાદ

ધર્મગ્રંથોના જ્ઞાનને શ્રવણ કરતાં સુધી ના છૂટકે હકારમાં પ્રત્યુત્તર આપે અને ઊઠીને દૂર જાય ત્યારે મુખેથી મન ફાવે તેવું ખરાબ બોલે છે.

ભાવાર્થ

જ્ઞાની સંત મહાત્માઓની સત્સંગ સભામાં દેખાદેખી જઈ ચઢેલા દગ્ધ માનવો કથામાં બેઠા હોય તેટલો સમય સાંભળતાં સાંભળતાં કહેવું પડે એટલે હકારમાં પ્રત્યુત્તર આપે છે. જાણે કે બધું જ બરોબર સમજીને ઘટમાં ઉતાર્યું હોય તેવો દેખાવ કરે છે, પરંતુ જેવા કથાના સ્થળની દૂર જાય કે તુરત જ કાગમુખી બનીને જ્ઞાની સંત માટે તેમજ કથામાં સાંભળેલા જ્ઞાનના સંદર્ભે મુખેથી મન ફાવે તેમ નઠારું બોલતા હોય છે.

કાળા મુખના કાગ સરીખા, જનનાં ચાંદાં તાકે;
યેહેવાનું અંતે અવનિપર, કાળ ચવેણું ફાકે. ૩

શબ્દાર્થ

કાળા મુખના = નઠારું બોલવાવાળા, કાળમુખી **કાગ સરીખા** = કાગના જેવા **જનનાં** = માનવનાં, સજ્જનોનાં **ચાંદાં** = ખામી, ભૂલ, ત્રુટી **તાકે** = જોયા કરે, નિશાન ટાંકે **યેહેવાનું** = આવી વ્યક્તિનું, એવાનું **અંતે** = છેવટે **અવનિપર** = પૃથ્વી પર, મૃત્યુલોકમાં **કાળ** = યમરાજા **ચવેણું** = ચવાણું, ચાવવાનું, ખાવાનું **ફાકે** = ઉછાળીને મોંમાં નાંખે, હથેળીમાં લઈને મોંમાં મૂકે, યાતના આપે.

અનુવાદ

કાગડા જેવા કાળમુખી સજ્જનોની ખામીઓ જ નિહાળે છે. એહેવાને અંતે મૃત્યુલોકમાં યમરાજા યાતના આપે છે.

ભાવાર્થ

કાગડો જ્યાં ચાંદુ હોય ત્યાં જ બેસીને કોચતો હોય છે, પરંતુ સ્વચ્છ કે સારી જગ્યાએ કદી ઠરીને બેસતો નથી. તેમ આવી કાગવૃત્તિના દગ્ધજીવો

સજ્જનોની સારી શિખામણ યુક્ત વાતો પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે ખોટા દોષારોપણ દ્વારા માત્ર ખોડ-ખાંપણ કાઢીને ત્રુટિઓને જ ધ્યાનમાં ધરે છે અને નાહકના વાદ-વિવાદમાં પડે છે. આવા જીવોને તો તેમના મૃત્યુબાદ યમરાજા પણ મૃત્યુલોકમાં અનેક પ્રકારની યાતનાઓ આપે છે, યાને કાળપુરુષ ચવાણાની જેમ ફાકો મારીને તેનું ભક્ષણ કરે છે.

કાળ ખાય તે કરી કબુલે, સનમુખ રહે સરખાંને;
તે અજ્ઞાની દુષ્ટ દગ્ધ જન, નુગરા નેક ન માંને. ૪

શબ્દાર્થ

કાળ ખાય = યમરાજ ભક્ષણ કરે **તે** = ત્યારે **કરી કબુલે** = કબૂલ કરે **સનમુખ રહે** = સામે હોય ત્યારે **સરખાંને** = સરખા, સીધા, નેક **તે** = તેવા **અજ્ઞાની** = જ્ઞાન વગરના **દુષ્ટ** = અધમ, પાપી **દગ્ધ** = અદેખા **જન** = જીવો **નુગરા** = ગુરુ વગરના **નેક ન માંને** = જરા પણ માનતા નથી.

અનુવાદ

યમરાજા જ્યારે યાતનાઓ આપે ત્યારે બધી કબૂલાત કરે છે આમ પ્રત્યક્ષ તો સીધા (સરખાં) રહે છે. તેવા અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા જીવો જરાપણ માનતા નથી.

ભાવાર્થ

રૂબરૂમાં તો સજ્જનની જેમ સીધા રહેવાનો દેખાવ કરવાવાળા દગ્ધ જીવો જ્યારે યમરાજા યાતનાઓ આપે છે ત્યારે બધાં જ પાપોની કબૂલાત કરતા હોય છે. એવા જ્ઞાન વગરના, અધમ, અદેખા અને ગુરુ વિનાના જીવો કોઈની પણ શિખામણ માનતાં નથી.

ચોસરા - ૧૫

આડકઠા અટકણ બેઅદબી, કોટ જનમના કરડા;
શ્વાન અસ્ત સમતુલ સરીખા, શિખ ન માને સરડા. ૧

શબ્દાર્થ

આડકઠા = હઠીલા, દુરાગ્રહી **અટકણ** = નડતરરૂપ, અડચણરૂપ **બેઅદબી** = અસભ્ય, અવિવેકી, બેશરમી **કોટ** = કરોડો, કુટિલતા **જનમના** = જન્મના **કરડા** = નિર્દય, સખત, કઠોર, ઘમંડી, ઉદ્ધત **શ્વાન** = કૂતરા **અસ્ત** = હાડકાં **સમતુલ** = સમાન **સરીખા** = જેવાં, સરખા **શિખ** = શિખામણ **નમાને** = માનતા નથી **સરડા** = સરડો, કાચીંડા જેવા.

અનુવાદ

કરોડો જન્મથીજ જાણે કુટિલ, નિર્દય, દુરાગ્રહી, નડતરરૂપ અને કૂતરાની જેમ હાડકાંની સાથે વૃત્તિ ધરાવતા અને કાચીંડા જેવા કોઈની શિખામણ માનતા જ નથી.

ભાવાર્થ

કરોડો જન્મથી જ જાણે તેમનામાં કુટિલતા અને નિર્દયતા ભરેલી હોય તેવા દુરાગ્રહી જીવો સંસારમાં દરેકને નડતરરૂપ બનીને જીવતા હોય છે. જેમ કૂતરાને હાડકાં સાથે એવો નાતો હોય છે કે તે પકડે પછી તેને છોડતું નથી. તેવી શ્વાનવૃત્તિ ધરાવતા જીવો સંત કે સજ્જનોની શિખામણ મળ્યા છતાં મનમાં દૃઢ થયેલી માન્યતાને છોડતા નથી. કાચીંડો જેમ સ્થળ મુજબ રંગ બદલતો હોય તેમ આવા દગ્ધ જીવોને ઓળખવા મુશ્કેલ બને છે.

કાજ અકાજ સકાજ ન સમજે, અડબંગી અદબેડા;
નિમણા રહીત લપોડશંખ સમ, ભવ વિચરત ગત ભેડા. ૨

શબ્દાર્થ

કાજ = કાર્ય, પ્રવૃત્તિ **અકાજ** = અશુભ કાર્ય, નકામું કાર્ય, દુષ્કર્મ **સકાજ** = સત્કર્મ, સારાં કામ **ન સમજે** = સમજતા નથી **અડબંગી** = ઉડબંગ, કહીયે કંઈક અને કરે કંઈક, મનસ્વી, સ્વચ્છંદી **અદબેડા** = અધકચરા **નિમણા રહીત** = નિયમ વગરના **લપોડશંખ** = લબાડી, વચનભંગી, ખુશામતખોર **સમ** = સરખા **ભવ વિચરત** = સંસારમાં ફરે છે, વિશ્વમાં ભટક્યા કરે **ગત** = ની જેમ, ની માફક **ભેડા** = ઘેટાંની માફક.

અનુવાદ

શુભ કે અશુભ કાર્યને ન સમજનાર ઉડબંગ અને સ્વચ્છંદી જીવો નિયમ વગરના હોઈ વચનભંગી હોય છે અને ઘેટાંની માફક સંસારમાં ચાલ્યા કરે છે.

ભાવાર્થ

દગ્ધ જીવો સત્‌કર્મ કે દુષ્કર્મ જેવી પ્રવૃત્તિઓને સમજી શક્તા નથી જેથી પોતાના વાણી વર્તન અને વ્યવહારમાં સ્વચ્છંદીપણું આચરીને જીવન જીવે છે. કહેવામાં આવે કંઈક અને કરતા હોય કાંઈક તેવી વૃત્તિ હોવાથી નિયમ પાલનમાં લબાડી અને વચનભંગી હોય છે. પોતાની બુદ્ધિથી વિચાર્યા વગર ઘેંટાની માફક ઊંધું માથું કરીને એકની પાછળ એક ચાલ્યા કરે તેમ સંસારમાં ભટક્યા કરે છે.

એહવા જન અણખપતા જગમેં, ભોમી ભાર કરનકુ;
કાજ વિના કરતાર કરત હૈ, ઉતપત્ય કાળ ચરનકુ. ૩

શબ્દાર્થ

એહવા = એવા **જન** = વ્યક્તિ, માનવ, જીવ **અણખપતા** = બિનજરૂરી, બિનઉપયોગી **જગમેં** = જગતમાં **ભોમી** = પૃથ્વી **ભાર** = વજન, ભાર, બોજ **કરનકુ** = કરનારા **કાજ વિના** = કામ વિના, ઉદ્દેશ વિના **કરતાર કરત હૈ** = સર્જનહાર બનાવે છે **ઉતપત્ય** = ઉત્પત્તિ **કાળ ચરનકુ** = કાળને ચારો ચરવા માટે, કાળના ભક્ષણ માટે.

અનુવાદ

આવા જીવો જગતમાં બિનઉપયોગી હોઈ ભૂમિને પણ ભારણ કરે છે. બીજાને મદદરૂપ ન થનાર આવા જીવોની ઉત્પત્તિ સર્જનહારે કાળના ચારા માટે જ કરી છે.

ભાવાર્થ

જગમાં આવા લંપટ જીવો સમાજને બિનઉપયોગી થઈને જીવન જીવતા હોઈ પૃથ્વીને પણ ભાર રૂપ છે. આવા જીવો ભલે સમાજના અન્ય વ્યક્તિને કામમાં ન આવે, પરંતુ મર્યા પછી કાળને ચારો ચરવા માટે તો જરૂર કામમાં

આવે છે. જેથી કહી શકાય કે સર્જનહારે પણ કાળના ભક્ષણ માટે જ તેમની ઉત્પત્તિ કરી છે.

કોટિક સંત કથે શિખ દેવત, ઓરુ કહી વેદ પુરાંણે;
તે અજ્ઞાની દુષ્ટ દગ્ધ જન, નુગરા નેક ન માંને. ૪

શબ્દાર્થ

કોટિક = કેટલાયે, કરોડો, અનેક પ્રકારના **સંત** = સંતો **કથે** = કહે, બોલે **શિખ** = શિખામણ, બોધ, સલાહ **દેવત** = દે, આપે **ઓરુ** = અને **કહી** = કહેલી **વેદ** = ચાર વેદ **પુરાંણે** = અઢાર પુરાણ **તે** = તેવા **અજ્ઞાની** = જ્ઞાન વગરના **દુષ્ટ** = અધમ, પાપી **દગ્ધ** = અદેખા **જન** = જીવો **નુગરા** = ગુરુ વગરના **નેક ન માંને** = જરાપણ માનતા નથી.

અનુવાદ

કથીત વેદ પુરાણોને આધારે અનેક સંતો શિખામણ આપે છે છતાં અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા જીવો જરાપણ માનતા નથી.

ભાવાર્થ

બ્રહ્માજી દ્વારા ઉચ્ચારાયેલ ચાર વેદ અને વેદના અધ્યયન બાદ જ્ઞાની જનો દ્વારા બનાવેલ છ શાસ્ત્ર અને વ્યાસજી દ્વારા બનાવેલ અઢાર પુરાણ સમાજને ઘણું બધું જ્ઞાન દર્શાવીને જીવન જીવવાની પદ્ધતિ તેમજ વિધિ-નિષેધાત્મક કર્મોની માહિતી દર્શાવે છે. વળી, આ સઘળા ધર્મગ્રંથોનો આધાર લઈ અનેક સંત પુરુષો સમાજના દરેક વર્ગના માનવોને ઘણી બધી શિખામણ આપે છે તેમ છતાં અજ્ઞાની, અધમ, અદેખા અને ગુરુ વિનાના જીવો કોઈની પણ શિખામણને ધ્યાનમાં લેતા નથી કે માનતા નથી.

ચોસરા - ૧૬

નુગરાની સુનીયો ગાફલ ગત, અપત્ય સરીખા આપે;
જ્ઞાન વિના ઘટ અંધ અનાદિક, નમળે જાણ જબાપે. ૧

શબ્દાર્થ

નુગરાની = ગુરુ કર્યા વિનાના જીવોની **સુનીયો** = સાંભળો **ગાફલ** = અસાવધ, બેદરકાર, કાળજી વગરના **ગત** = ગતિ, સમજ **અપત્ય** = તરછોડાયેલા બાળક, દત્તક સંતાન **સરીખા** = જેવા, સરખા **આપે** = પોતે, સ્વયં **જ્ઞાન વિના** = સમજ વિના **ઘટ અંધ** = આંધળા, હૃદયમાં જ્ઞાન વિનાના **અનાદિક** = અનાદિથી, પહેલેથી જ **નમળે** = મળે નહીં, હોય નહીં **જાણ** = માહિતી સમજ **જબાપે** = કર્તાની, માલિકની, ધણીની.

અનુવાદ

નુગરા જીવો વિષે સાંભળો કે પોતે દત્તક બાળકની જેમ કાળજી વગરના હોય છે. તેમના હૃદય અનાદિથી જ્ઞાન વિનાનાં આંધળાં હોઈ ધણીની પણ સમજ હોતી નથી.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે ગુરુ વિનાના નુગરા જીવોના લક્ષણો સંભળાવતાં કહે છે કે આવા જીવોમાં તરછોડાયેલા (દત્તક) બાળક જેવી બુદ્ધિ હોવાથી તેમનામાં પોતાની કે કુંટુંબીજનોની કાળજી લેવા માટેની સાચી ઈચ્છાશક્તિ કે લાગણી નથી. જેથી પોતે બિનજવાબદારીપૂર્વક અને અસાવધપણે જીવન જીવતા હોય છે. તે અનાદિકાળથી જ અજ્ઞાન ભરેલા હોઈ આવા અજ્ઞાની અને જ્ઞાન અંધ જીવોના હૃદયમાં તો પોતાના મૂળ માલિક (બાપ) અંગેની સાચી સમજ હોતી નથી.

નુગરા તે જીનકુ ગુરુ નાંહી, સમજ વિના સલ જેવા;
ઠોકે તો તન અગ્ન પ્રકાશે, કુણ શકે શિખ દેવા. ૨

શબ્દાર્થ

નુગરા = ગુરુ વગરના **તે** = તે **જીનકુ** = જેમને **ગુરુ** = ગુરુ **નાંહી** = નથી **સમજ વિના** = સમજણ વિનાના **સલ** = શલ્યા, પથ્થરની છાંટ **જેવા** = જેવા **ઠોકે તો** = ટકરાયતો, અથડામણ કરતાં **તન** = શરીર **અગ્ન પ્રકાશે** = અગ્નિ પ્રગટે **કુણ** = કોણ **શકે** = શક્તિમાન હોય **શિખ** = શિખામણ **દેવા** = આપવા.

અનુવાદ

જેમણે ગુરુનું શરણં સ્વીકાર્યું નથી તેવા સમજ વિનાના નુગરા જીવો પથ્થરની છાંટ જેવા હોય છે. જેમ પથ્થરને ઘર્ષણ કરવાથી અગ્નિ પ્રગટે તેમ આવા જીવો સાથે ટકરાવ થતાં ક્રોધાયમાન થાય છે તેથી તેમને શિખામણ પણ કોણ આપે ?

ભાવાર્થ

વિશ્વમાં જે માનવીએ ગુરુને શરણે જઈ ગુરુપદ ધારણ કર્યું નથી તેવા નુગરા જીવો જ્ઞાન પક્ષે અંધ હોવાથી તેમનામાં કોઈપણ પ્રકારની સાચી સમજ પ્રાપ્ત થતી નથી. તેમનો સ્વભાવ પથ્થરની મોટી છાંટ જેવો હોય છે. જેથી જો કોઈ તેમની સાથે ઘર્ષણ કરે તો જેમ પથ્થરના ઘર્ષણથી અગ્નિ પ્રગટે છે તેમ તેમનામાં ક્રોધાગ્નિ પ્રગટે છે જેથી આવા પથ્થર હૃદયના નુગરાને સંત પુરુષો કે વડીલો શિખામણ આપતા નથી.

કહયું ન માનત કંકર સરખા, રસ્તે પડ્યા રંજાણે;
ઓરકે દુઃખ દેઈ આપ રખડતા, ઠરવા નહીં ઠેકાણે. ૩

શબ્દાર્થ

કહયું ન માનત = કહ્યું માનતા નથી **કંકર સરખા** = કાંકરા જેવા, પથ્થર જેવા **રસ્તે પડ્યા** = રસ્તે પડેલા **રંજાણે** = રંજાડે, હેરાન કરે **ઓરકે** = બીજાને **દુઃખ દેઈ** = દુઃખ આપી **આપ** = પોતે **રખડતા** = રખડતા, રઝડતા **ઠરવા નહીં** = સ્થિર થતા નથી **ઠેકાણે** = કોઈ જગ્યાએ, યોગ્ય સ્થળે.

અનુવાદ

રસ્તે પડેલા પથરાની જેમ હેરાન કરી બીજાને દુઃખ આપે અને પોતે રખડતા રહે છે. ઠરવા યોગ્ય ઠેકાણું નથી તેવા જીવો કોઈનું કહ્યું પણ માનતા નથી.

ભાવાર્થ

જેણે ગુરુનું શરણું સ્વીકાર્યુ નથી તેવા નુગરા જીવો રસ્તા પર રઝળતા પથ્થર

જેવા હોય છે. આવતા જતા વટેમાર્ગુને નડીને દુઃખ આપે છે. આમ પોતે રઝળતા ફરે અને બીજાને દુઃખ આપવાની વૃત્તિ ધરાવતા હોય છે. આવા જીવો ઠરીને યોગ્ય સ્થાને બેસતા નથી, પરંતુ રાત-દિવસ રખડતા જ ફરે છે. કોઈ સાચી શિખામણ આપે તો પણ તેઓ કોઈનું કહ્યું માનતા જ નથી.

જેમ કોરડઅનમે ગાંગણવત, લક્ષ નહીં નગર નરાંને;
તે અજ્ઞાની દુષ્ટ દગ્ધ જન, નુગરા નેક ન માંને. ૪

શબ્દાર્થ

જેમ = જેવી રીતે **કોરડઅનમે** = કઠોળના દાણામાં, જેની બેફાડ થતી હોય એવું અનાજ **ગાંગણવત** = ગાંગડું જેવા, પલળવા કે બાફવા છતાં નરમ ન થાય એવો દાણો, અણઘડ, સુધરે નહીં તેવું **લક્ષ નહીં** = જ્ઞાન નહીં, સમજ નથી તેવા **નગરનરાંને** = નગરનાં માનવો, નગરના સ્ત્રી-પુરુષોમાં **તે** = તે **અજ્ઞાની** = જ્ઞાન વગરના **દુષ્ટ** = અધમ **દગ્ધ** = અદેખા **જન** = જીવો **નુગરા** = ગુરુ વિનાના **નેક ન માંને** = જરાપણ માનતા નથી.

અનુવાદ

જેવી રીતે કઠોળમાં ગાંગડું દાણો હોય તેવા નગરના સ્ત્રી-પુરુષોમાં જ્ઞાન વિનાના હોય છે. એવા અજ્ઞાની દુષ્ટ, દગ્ધ અને નુગરા માનવો કાંઈપણ માનતા નથી.

ભાવાર્થ

જેવી રીતે અનાજમાં જેની બે ફાડ થતી હોય તેવા કઠોળના દાણાને પાણીમાં પલાડવામાં કે બાફવામાં આવે તેમ છતાં કેટલાક દાણા નરમ ન થતાં, એવાને એવા જ કઠણ દાણાને "ગાંગડું" કહે છે. તેવીજ રીતે નગરમાં રહેતા સર્વ માનવોને કોઈ સંત પુરુષ જાહેરમાં કથા-સત્સંગ યોજી જ્ઞાનની સમજ આપતા હોય તેમ છતાં ગાંગડું જેવા હ્દયના માનવોને જરાપણ શિખામણ કે જ્ઞાનોપદેશ (તેમના હ્દયને જરાપણ) અસર કરતો નથી કે તેમનામાં કોઈપણ પ્રકારનો ફેરફાર નોંધાતો નથી. એટલે કે એવા અજ્ઞાની, અધમ, અદેખા અને નુગરા જીવો ને કોઈની શિખામણ અસર કરતી નથી.

ચોસરા - ૧૭

પકરનહિ જીનકે અંતસમેં, વાક વિનાની વરતી;
સાર શબ્દ સતગુરુનું ગ્રહેવા, ન મળે કાંય આકરતી. ૧

શબ્દાર્થ

પકરનહિ = પક્કડ નહીં, જ્ઞાન ગ્રહણ કરવાની આવડત નથી **જીનકે** = જેમના **અંતસમેં** = અંતઃકરણોમાં **વાક** = સત્વ, ચિકાસ, કસ, તેજ, નૂર, દમ **વિનાની** = સિવાયની **વરતી** = વૃત્તિ, સ્વભાવ, પ્રકૃતિ, વસ્તુ **સાર શબ્દ** = જ્ઞાનોપદેશ, સત્ય વાણી **સતગુરુનું** = સદગુરુ દ્વારા કહેવામાં આવે તે, સદગુરુના **ગ્રહેવા** = ગ્રહણ કરવા **નમળે** = મળે નહીં **કાંય** = કાંઈપણ **આકરતી** = આકૃતિ, આકાર, જાતિ, દેખાવ.

અનુવાદ

જેમ કોઈ સત્વ વગરની પ્રકૃતિનો નિશ્ચિત આકાર મેળવી શકાતો નથી તેમ જેના અંતઃકરણોમાં પકડ નથી તેવાને સદ્‌ગુરુના સત્ય વચનોને ગ્રહી શકતા નથી.

ભાવાર્થ

જેમ કોઈ વસ્તુમાં ચિકાશ રૂપ સત્વના હોય તો તેમાંથી કોઈ નિશ્ચિત આકાર બનાવવો હોય તો તેની બંધારણીય ક્ષમતા ન હોવાથી ઈચ્છા મુજબની આકૃતિ બનાવી શકાતી નથી. તેવી જ રીતે જે માનવના અંતઃકરણોમાં વાક રૂપી જ્ઞાનને ગ્રહણ કરવાની ક્ષમતા નથી તેવા નુગરા માનવો સદ્‌ગુરુ દ્વારા વદેલા જ્ઞાનયુક્ત સત્ય વચનો ગ્રહણ કરી શકતા નથી. એટલે કે સત્ગુરુના સારરૂપ વચનો તેમના હૃદયમાં ઉતરી શકે તેવી અંતઃકરણોમાં જ્ઞાન ગ્રહણ કરવાની પક્કડ હોતી નથી.

અણ સમજુ ને અમરીખ ભરીયા, તરીયા જગ ચાવલમેં;
જરખ સમોવડ જકર જબાપી, સમજ નાં કલ કાવલમે. ૨

શબ્દાર્થ

અણ સમજુ = સમજ વિનાના **ને** = અને **અમરીખ ભરીયા** = ઈર્ષા ભરેલા, ઝેરથી ભરેલા **તરીયા** = ડાંગરનો દાણો જેને છડવા કે ખાંડવા છતાં તેવા ને તેવા જ રહે છે, બંટિયા **જગ** = જગતમાં

ચાવલમેં = ચોખામાં, ડાંગરને ખાંડીને તેમાંથી છોતરા કાઢ્યા બાદ રહેતો ચોખ્ખો દાણો (કણ) **જરખ** = ગધેડાં જેવડું અત્યંત આળસુ અને ગંદુ જંગલી હિંસક પ્રાણી **સમોવડ** = સરખા, જેવા **જકર જબાપી** = દુરાગ્રહી જવાબ આપનારા **સમજ** = સમજણ, સમજ **નાં** = નહીં, નથી **કલ કાવલમેં** = સત્યા સાચનો વિચાર.

અનુવાદ

આવા અણસમજુ જીવો ઈર્ષાથી ભરેલા હોય છે. વળી ચોખામાં તરીયા અને પ્રાણીઓમાં જરખ જેવાને સત્યાસત્યની સમજ હોતી નથી તેથી દુરાગ્રહી જવાબ આપે છે.

ભાવાર્થ

નુગરા જીવો અણસમજુ અને હૃદયમાં ઈર્ષા તથા વેર-ઝેરની વૃત્તિથી ભરેલા હોય છે. જેમ ચોખાને છડવા કે ખાંડવામાં આવે તેમ છતાં અમુક દાણો ખંડાયા વગરનો ફોતરીવાળો એવોને એવો જ રહી જાય છે. એવા તરિયા જેવા જીવો જગતમાં કોઈના ઉપદેશની અસર વિનાના જેવા હતા તેવા રહે છે. જંગલમાં જરખ પ્રાણી નાના જીવોને મારી ભક્ષણ કરે છે, તેમ આવા જીવો હિંસકવૃત્તિ રાખીને સમાજના સામાન્ય વર્ગને દુઃખી કરે છે. સમજ અને જ્ઞાનને અભાવે વાદ-વિવાદમાં નિપુણતા ધરાવતા નુગરા જીવો સારા નરસાનો વિચાર કર્યા વિના ઉદ્ધતાઈપૂર્વકના જવાબ આપવામાં પાવરધા હોય છે.

કલકાવલ બિનું કુલની કરીયા, ધરીયા થઈ ધરતાણે;
મરી મટે પણ મનથી ન મૂકે, સુખ તો સુકર સમાંને. ૩

શબ્દાર્થ

કલકાવલ = સારું નરસું, સત્યા-સત્ય, ખરું-ખોટું **બિનું** = વિના, સિવાય **કુલની** = કુળની, કુટુંબની **કરીયા** = કર્મો, ક્રિયા, કામકાજ **ધરીયા થઈ** = ધૂંસરી ખેંચનાર, મજૂરિયા થઈને **ધરતાણે** = વ્યવહાર ચાલવે, સંસાર ચલાવે, ધૂરાને ખેંચે **મરી મટે** = ન્યોછાવર થઈ જાય, સમર્પિત થાય, મૃત્યુને વરે **પણ** = પરંતુ **મનથી ન મૂકે** = મનમાં ધાર્યું તે ન છોડે **સુખ તો** = સુખ ભોગવે તે **સુકર** = ભૂંડ, સૂવર, ડૂક્કર **સમાંને** = સમાન, ના જેવું.

અનુવાદ

સારા-નરસાની પરખ વિના કુળનું કામકાજ વેઠીયો થઈને ધૂરા ખેંચ્યા કરે છે. મૃત્યુને વરે પણ મનનું ધારેલું છોડે નહીં અને ડુક્કરની જેમ સુખ ભોગવે છે.

ભાવાર્થ

નુગરા જીવો સારા-નરસાની પરવા કર્યા વિના પોતાના કુટુંબ-પરિવારની જવાબદારીને ખેતરમાં ધૂંસરી ખેંચનાર બળદની જેમ વૈતરું કર્યા કરે છે. બંને બળદ જેમ ધૂંસરી ખેંચે તેમ પરિવારનો ભાર સહન કરીને જિંદગીપર્યંત જવાબદારી નિભાવ્યા કરે છે. મરણને શરણ થાય, પરંતુ પોતે મનમાં ધારેલું છોડે નહીં. જેમ ડુક્કર કાદવ-કીચડમાં સુખ માણીને તેમાં જીવન જીવે તેમ આવા નુગરા જીવો જ્ઞાનના અભાવે હલકી કક્ષાની જિંદગીમાં જ સુખ છે તેમ સમજીને ગંદકી ભર્યા વાસના યુક્ત વાતાવરણમાં જીવે છે. તેમજ જપ, તપ, તીર્થ, વ્રત આદિ નિમ્નકક્ષાના કર્મકાંડી પ્રવૃત્તિમાં જીવન વિતાવીને ભટક્યા કરે છે.

સો અડવા બેટીના ભડવા, કડવા લગત જનાંને;
તે અજ્ઞાની દુષ્ટ દગ્ધ જન, નુગરા નેક ન માંને. ૪

શબ્દાર્થ

સો = તે **અડવા** = શોભા રહિત, કઢંગા **બેટીના** = દીકરીના, કુંવારી કન્યાના **ભડવા** = બાયલા, વેશ્યાના સાથી **કડવા** = અપ્રિય **લગત** = લાગે, જણાય **જનાંને** = સજ્જનોને, માનવોને **તે** = તેવા **અજ્ઞાની** = જ્ઞાન વગરના **દુષ્ટ** = અધમ **દગ્ધ** = અદેખા **જન** = માનવો, જીવો **નેક ન માંને** = જરાપણ માનતા નથી.

અનુવાદ

તે કદરૂપા, કુંવારી કન્યાથી જન્મેલા ભડવા જેવા હોય છે. સજ્જનોને અપ્રિય લાગે તેવા અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા જીવો કાંઈપણ માનતા નથી.

ભાવાર્થ

તે નુગરા જીવો કદરૂપા અને કુંવારી કન્યાના કૂંખે જન્મેલા તેમજ પોતે

વર્ણશંકર જાતિ ની જેમ બાયલાપણું ધરાવતા હોય છે. જેથી તેમનો વ્યવહાર દ્વિ અર્થી વિલાસિક વાણીનો વિલાસ કરીને જિવન જીવતા માનવો જેવો હોવાથી તેમના વાણી, વિચાર અને વર્તન સમાજના અન્ય સજ્જન પ્રજાજનોને અપ્રિય લાગતા હોવાથી સ્વીકાર્ય નથી. આવા અજ્ઞાની, અધમ, અદેખા અને નુગરા જીવો કોઈની પણ શિખામણ કાને ધરતાં નથી.

ચોસરા - ૧૮

વીંછવા આદ્ય સરપ તામસ તન, માનત આણ્ય ગરાંની;
પણ માણસ તનમેં નુગરાની, તેહુત્ય અકલ અરાંની. ૧

શબ્દાર્થ

વીંછવા = વીંછીની **આદ્ય** = આદ્ય લઈ **સરપ** = સાપ **તામસ** = તામસી, તમોગુણી **તન** = શરીર **માનત** = માને છે **આણ્ય** = આદેશ, આજ્ઞા, ફરમાન, હુકમ **ગરાંની** = ગુરુની **પણ** = પરંતુ **માણસ** = માનવી **તનમેં** = શરીરમાં, જાતિમાં **નુગરાની** = ગુરુ વિનાની **તેહુત્યે** = તેથી, તે માટે **અકલ** = બુદ્ધિ, અક્કલ **અરાંની** = હેરાઈ ગયેલી, નષ્ટ થયેલી.

અનુવાદ

વીંછી અને સાપની આદ્ય લઈ તામસ શરીરવાળા ગુરુની આંણ માને છે, પરંતુ માણસ જાતિમાં જે નુગરા છે તેમની અક્કલ હેરાઈ ગયેલી છે.

ભાવાર્થ

વીંછી અને સાપ એ તામસપ્રકૃતિના જીવો હોઈ તેમનામાં તામસ કોટીનું ઝેર વિશેષ વ્યાપેલું હોય છે અને તે જેને ડંખે તે વ્યક્તિને ઝેરની અસર વર્તાય છે. ત્યારે ઝેરને ઉતારવા કે અસર દૂર કરવા સાધના દ્વારા સિદ્ધ કરેલ મંત્ર ભણીને ભુવાઓ ગુરુની આંણ દેતા હોય છે. આમ ઝેર ઉતારવા માટે ગુરુની આંણ વર્તાય છે અને ચઢેલું ઝેર ઉતરી જાય છે, પરંતુ માનવ જાતિમાં ભટકતા ગુરુ વિનાના નુગરા જીવોને તેમની અક્કલ હેરાઈ ગઈ હોવાથી ગુરુની આણ કામ આવતી નથી કે વર્તાતી નથી.

અકલ અરાંની એહી માપસ જીન, તીનું નહીં સુજ સમજની;
જનમ અંધને જેમ વિચરતાં, સરખાં છે દિન રજની. ૨

શબ્દાર્થ

અકલ = અક્કલ, બુદ્ધિ **અરાંની** = હેરાઈ ગયેલી, ભ્રષ્ટ થયેલી **માપસ** = માપની, મર્યાદિત **જીન** = જેમને **તીનું** = તેમને **નહીં સુજ સમજની** = સમજવાની શક્તિ નથી, સમજણવાળું સૂઝતું જ નથી **જનમ અંધને** = જન્માંધને, જન્મથી જે આંધળા હોય તેવાને **જેમ** = જે રીતે **વિચરતાં** = ફરતાં, વિચરણ કરતાં **સરખાં છે** = એક સમાન છે, સરખું જ લાગે છે **દિન** = દિવસ **રજની** = રાત્રિ.

અનુવાદ

જેમની અક્કલ ભ્રષ્ટ થયેલી અને મર્યાદિત છે. તેમનામાં સમજવાની શક્તિ હોતી નથી. જેમ જન્માંધને વિચરણ કરતાં દિવસ અને રાત્રિ એક સરખાં લાગે છે.

ભાવાર્થ

જે વ્યક્તિની અક્કલ હેરાઈ ગયેલી હોય છે તેવા ગુરુને શરણે જઈ ગુરુપદ ધારણ કરીને જીવન જીવતા નથી. તેવા નુગરાને સંસારિક કે ધાર્મિક જ્ઞાન અંગે સાચુ શું અને ખોટું શું તે અંગેની સમજ હોતી નથી. જ્ઞાન અને અજ્ઞાનના તફાવતને સમજવાની સૂઝ ધરાવતા ન હોવાથી નુગરા જીવો સ્વચ્છંદીપણે જિંદગી જીવે છે. જેમકે જન્મથી આંધળી વ્યક્તિને દિવસ હોય કે રાત્રિ, બંને એકજ સરખા લાગે છે. અજવાળા કે અંધારાના તફાવતની સમજ ન હોવાથી જન્માંધ વ્યક્તિ દિવસ કે રાત્રિ દરમિયાન એકજ સરખું આચરણ કરે છે.

ત્યૌ નુગરા અજ્ઞાન જ્ઞાનને, નરણે કરી ન જાંણે;
કોડી કનક રહી ઉર લપટી, કયૌ તન મન દે દાને. ૩

શબ્દાર્થ

ત્યૌ = તેમ, તેવી જ રીતે **નુગરા** = ગુરુ વિનાના **અજ્ઞાન** = જ્ઞાનનો અભાવ, ખોટી સમજ, અવિદ્યા **જ્ઞાનને** = સાચી સમજ, શીખને **નરણે કરી** = નિર્ણય કરીને **ન** = નહીં **જાંણે** = જણતા **કોડી** = તુચ્છ કિંમતીની વસ્તુ, હલકુ ચલણ, એક જાતની શંખલી **કનક** = સુવર્ણ,

સોનુ **રહી** = રાખીને **ઉર લપટી** = હૃદય સરસાં લપેટાઈને, વળગાડીને **કયૌ** = કેમ, કેવી રીતે **તન** = શરીર **મન** = મન અંતઃકરણ **દે** = આપે **દાને** = દાનમાં, ભેટ રૂપે.

અનુવાદ

તેમ નુગરા જીવો અજ્ઞાન અને જ્ઞાનનો નિર્ણય કરીને જાણી શકતા નથી તેથી સોનું અને કોડી ઉપયોગ કર્યા વિના સંગ્રહીને રાખી મૂકે છે જેથી તન અને મનથી કેમ કરીને દાન આપે ?

ભાવાર્થ

નુગરા જીવોમાં જ્ઞાન અને અજ્ઞાનનો નિર્ણય ન કરી શકવાને કારણે શું ત્યજી દેવું અને શું ગ્રહી રાખવું તેની સમજનો અભાવ હોય છે. જેથી સાચા ખોટાની પરખ કરી શકતા ન હોવાથી જે કિંમતી સોનું અને તુચ્છ કિંમતની કોડી એમ બંને સંપત્તિને જીવની જેમ સંગ્રહ કરીને રાખતા હોય છે. સાચો નિર્ણય ન કરી શકવાને કારણે બંને વસ્તુ એવી રીતે સાચવીને મૂકી રાખે છે કે પોતે પણ પોતાના માટે તે ઉપયોગ કરી શકતા નથી કે મનથી જરૂરીયાતમંદોને પુણ્ય કર્મ માટે દાન પણ આપી શકતા નથી તેમજ ગુરુના શરણે જઈ પોતે સમર્પણ થઈને સંપત્તિને સમર્પિત કરતા નથી કે શરીરથી ધાર્મિક ક્રિયા અને ધ્યાન-ભજન પણ કરતા નથી.

બિન તનમન અર્પણ કરનન ધન, ગુરુ ચિત્ત મહેર ન આંને;
તે અજ્ઞાની દુષ્ટ દગ્ધ જન, નુગરા નેક ન માંને. ૪

શબ્દાર્થ

બિન = સિવાય **તન** = શરીર **મન** = મન અંતઃકરણ **અર્પણ** = સમર્પિત **કરનન** = કરીને **ધન** = સંપત્તિ, દ્રવ્ય **ગુરુ** = ગુરુ **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **મહેર** = કૃપા **ન** = નહીં **આંને** = લાવે **તે** = તેવા **અજ્ઞાની** = જ્ઞાન વગરના **દુષ્ટ** = અધમ **દગ્ધ** = અદેખા **જન** = માનવો, જીવો **નુગરા** = ગુરુ વિનાના **નેક ન માંને** = જરાપણ માનતા નથી.

અનુવાદ

તન, મન અને ધન સમર્પિત કર્યા સિવાય ગુરુ પોતાના ચિત્તમાં કૃપા વરસાવતા

નથી, પરંતુ તે વાત અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા જરાપણ માનતા નથી.

ભાવાર્થ

ગુરુકૃપા પ્રાપ્ત કરવા માટે સેવકે સંપૂર્ણ સમર્પિત થવું પડે છે. શિષ્યે પોતાના તન, મન અને ધન ગુરુના ચરણોમાં ધરી દઈને વિનમ્ર ભાવે સમર્પિતતાનો અહેસાસ ગુરુને કરાવવો પડે છે, આવો સમર્પણ ભાવ જોવે ત્યારે જ ગુરુના ચિત્તમાં સેવક પ્રત્યે કૃપા દૃષ્ટિ કરવાની પ્રેરણા થાય છે. આવા સહજ સત્યને પણ અજ્ઞાની, અધમ, અદેખા અને ગુરુ વિનાના જીવો માનતા નથી અને કાંઈ પણ સમજતા નથી.

ચોસરા - ૧૯

બિનગુરુ મહેર ઉપજ અંતરગત્ય, નિજકર શીશ ન ધરહી;
જીનુ ગુરુ કર ઉપદેશ વિના નર, નુગરા જદીપ વિચરહી. ૧

શબ્દાર્થ

બિન = વિના, સિવાય **ગુરુ મહેર** = ગુરુ કૃપા **ઉપજ** = ઉત્પન્ન **અંતરગત્ય** = હૃદયના ભાવથી **નિજકર** = પોતાનો હાથ **શીશ** = માથે **ન** = નહીં **ધરહી** = ધરે (આર્શીવાદ આપે નહીં) **જીનુ** = જેને **ગુરુ** = ગુરુ **કર** = કરે **ઉપદેશ** = બોધ **વિના** = સિવાય **નર** = માનવી **નુગરા** = ગુરુ સિવાયના **જદીપ** = જ્યાં સુધી, અદ્યપિ, જદપિ, જોકે **વિચરહી** = વિચરણ કરશે, ફરતા રહેશે, રખડશે.

અનુવાદ

ગુરુના હૃદયમાં કૃપા ન ઉત્પન્ન થાય ત્યાં સુધી પોતાનો હાથ માથા પર મૂકશે નહીં. (આર્શીવાદ આપશે નહીં) જ્યાં સુધી ગુરુનો ઉપદેશ ગ્રહણ ન કરે ત્યાં સુધી માનવી નુગરા તરીકે જ ફરતા રહે છે.

ભાવાર્થ

સેવકની સમપર્ણ ભાવના ન હોય ત્યાં સુધી ગુરુના હૃદયમાં સેવક પ્રત્યે કૃપા

દૃષ્ટિ થતી નથી. ગુરુના તરફથી એવા અસમર્પિત સેવકને આર્શીવાદ પ્રાપ્ત થતા નથી. જ્યાં સુધી માનવી ગુરુના શરણમાં સમર્પિત થઈ કંઠી બોધ પ્રાપ્ત કરીને ગુરુ-ઉપદેશ સ્વીકારી ગુરુપદ ધારણ કરતો નથી ત્યાં સુધી તે માનવ નુગરા તરીકે જ જગતમાં વિચરણ કરે છે.

એહી અનુકુલ નર નુગર રહનકે, વનકે વ્રખત સમાંનુ;
ઉદે અસ્ત મધ્ય વરતત અદબદ, ગુરુ વિનુ સકલ જહાંનું. ૨

શબ્દાર્થ

એહી = આ પ્રમાણે, આવી રીતે **અનુકુલ** = અનુકૂળતા, સંજોગ, માફક આવતું, ફાવતું, ગમતું **નર** = માનવી **નુગર** = નુગરો **રહનકે** = રહીને, રહેવાથી **વનકે** = જંગલના **વ્રખત** = વૃક્ષો **સમાંનુ** = સમાન, ના જેવો **ઉદે** = જન્મથી **અસ્ત** = મૃત્યુ પર્યંત **મધ્ય** = જીવન દરમિયાન **વરતત** = વર્તે, વર્તન કરે **અદબદ** = અચોક્કસ, સંશયગ્રસ્ત **ગુરુ વિનું** = ગુરુ કર્યા વિના **સકલ** = સર્વે, સમસ્ત **જહાંનું** = વિશ્વ, દુનિયા, જગત.

અનુવાદ

આ રીતે પોતાની અનુકૂળતા મુજબ રહેલા નુગરા માનવો જંગલના વૃક્ષો સમાન છે. જેથી સમસ્ત જગતમાં ગુરુ વિનાના જીવો તેમના આદિ મધ્ય અને અંતમાં અદબદ થઈને વર્તે છે.

ભાવાર્થ

દુનિયામાં આ રીતે મન ફાવતું જીવન જીવનાર ગુરુના શરણે નહીં ગયેલ નુગરા માનવો જંગલમાં ઉત્પન્ન થતા વૃક્ષો સમાન છે. જેમ વૃક્ષ ઉગે, મોટું થાય અને નાશ પામે ત્યાં સુધી એક જ જગ્યાએ અને એક જ સ્થિતિમાં રહેતું હોય છે. તેમ નુગરા જીવો ગુરુના આશીર્વાદ વગર તેમના જન્મની આદ્ય લઈ વૃદ્ધિ અને અંતકાળ સુધી એકજ સ્થિતિમાં જીવન જીવીને વર્તન કરતા હોય છે, અને ગુરુકૃપાથી વંચિત રહીને મૃત્યુની અંતે અધોગતિને પામે છે.

ઓરુ જીનકે શિર સામ્રથ ગુરુ ભુજ, તે નહીં જહાંન કહાઈ;
જાંહાં હાંન્ય તાંહાં જહાંન ચરાચર, ગુરુ ગમ તિનું ઉપરાઈ. ૩

શબ્દાર્થ

ઓરુ = અને, વળી **જીનકે** = જેમના **શિર** = માથે **સામ્રથ** = સમર્થ **ગુરુ ભુજ** = ગુરુનો હાથ **તે** = તે **નહીં** = નહીં **જહાંન** = જગત, વિશ્વ **કહાઈ** = કહેવાય **જાંહાં** = જ્યાં **હાંન્ય** = હાનિ, નાશ **તાંહાં** = ત્યાં **જહાંન** = જગત, વિશ્વ **ચરાચર** = સર્વત્ર, સ્થાવર-જંગમ **ગુરુ ગમ** = ગુરુનું જ્ઞાન **તિનું** = તેની **ઉપરાઈ** = પર છે, અંતિમનું છે, છેવટનું છે.

અનુવાદ

વળી જેના માથે સમર્થ ગુરુનો હાથ છે તેને જગતમાં નુગરા કહેવાય નહીં. જ્યાં નાશ છે ત્યાં સર્વત્ર જગત છે, પરંતુ ગુરુનું જ્ઞાન તેથી પર છે.

ભાવાર્થ

જેઓએ ગુરુપદ ધારણ કર્યું છે તેવાંના માથે ગુરુનો હાથ છે (ગુરુના આર્શીવાદ છે). સમાજમાં તેવી વ્યક્તિને નુગરા તરીકે સંબોધી શકાય નહીં. વળી, જ્યાં કાળ ચારો ચરી શકે તેવા નાશવંત ઉત્પત્તિના પ્રસારાને જગત કહેવાય અને જે નાશવંત નથી તેવા આદ્ય, મધ્ય અને અંત રહિતના શાશ્વત પદને જે ઓળખાવે તેને સમર્થ ગુરુનું જ્ઞાન સમજવું. માટે સમર્થ ગુરુનું જ્ઞાન નાશવંત જગતથી પરે છે.

જેહી ઉપરાય પરમ ગત્ય સતવિત્ત, મર્મ નહીં મનુષ જનાંને;
તે અજ્ઞાની દુષ્ટ દગ્ધ જન, નુગરા નેક ન માંને. ૪

શબ્દાર્થ

જેહી = જે **ઉપરાય** = પર, અંતિમ, છેવટનું **પરમ** = શ્રેષ્ઠ **ગત્ય** = ગતિ **સતવિત્ત** = શાશ્વત, સારરૂપે રહેલ વિત્ત **મર્મ** = રહસ્ય, ભેદ, હેતુ **નહીં** = નહીં **મનુષ જનાંને** = મનુષ્યજનોને, મનુષ્યોને **તે** = તેવા **અજ્ઞાની** = જ્ઞાન વિનાના **દુષ્ટ** = અધમ **દગ્ધ** = અદેખા **જન** = માનવો **નુગરા** = ગુરુ વિનાના **નેક ન માંને** = જરા પણ માનતા નથી.

અનુવાદ

પરે રહેલા શ્રેષ્ઠ ગતિના સારરૂપ વિત્તના મર્મની જે મનુષ્યને જાણ નથી. તેવા અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા જીવો જરા પણ માનતા નથી.

ભાવાર્થ

સચરાચર વ્યાપક બ્રહ્મભૂમિકામાં જે નાશવંત ઉત્પત્તિ વિકાસ પામી છે તેવા બ્રહ્માંડની રચના પૈકીની સમજ માનવો ધરાવે છે, પરંતુ બ્રહ્માંડથી તિત, શ્રેષ્ઠ ગતિનાં સાર રૂપે રહેલ વિત્ત રૂપ સર્જનહારના પરમપદનો મર્મ શ્રેષ્ઠ ગણાતા માનવો જાણતા નથી. તેવા અજ્ઞાની, અધમ, અદેખા અને ગુરુ વિનાના જીવો પરે રહેલા પરમપદના જ્ઞાનને જરાપણ સમજવા તૈયાર નથી.

ચોસરા - ૨૦

વચન વિલોક કરન કલ નાંહિં, અનુભવ દિરઘ લઘુની;
સમ કરી સુણત સકલ ઉચરનકી, મનકી ભ્રાન્ત ન ભૂની. ૧

શબ્દાર્થ

વચન = વાણી, વેણ, કથન **વિલોક** = જોવું, પારખવું, અવલોકવું **કલ** = કળ, ક્ષમતા, યુક્તિ **નાંહિં** = નથી **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **દિરઘ** = મોટું, મહાન **લઘુની** = નાનાની, સૂક્ષ્મની **સમકરી** = સરખા કરીને, સમાન ગણીને **સુણત** = સાંભળે **સકલ** = સર્વ, બધા **ઉચરનકી** = બોલેલાઓની **મનકી** = મનની **ભ્રાન્ત** = ભ્રમણા, ભ્રમ, શંકા, ખોટો ખ્યાલ **ન** = નહીં **ભૂની** = ભાંગતી, નષ્ટ થતી, દૂર થતી.

અનુવાદ

વચન પારખવાની ક્ષમતા ન હોવાથી મોટા-નાનાનો અનુભવ કરી શકતા નથી. બધાનું બોલવું એક સમાન છે તેમ માનીને સાંભળે છે તેથી મનની ભ્રમણા દૂર થતી નથી.

ભાવાર્થ

નુગરા જીવોમાં વચનોને પારખવાની ક્ષમતા નહીં હોવાને કારણે તેઓ ઉત્તમ વચનો અને નિમ્નકક્ષાનાં વચનોની તુલના કરી શકતા નથી. વળી, પોતાના પ્રત્યક્ષ જ્ઞાનના અભાવે સારું શું ? અને ખોટું શું ? તેનો નિર્ણય ન કરી શકવાને કારણે જે કાંઈ વાણી સાંભળે છે તે બધી સરખી માને છે. સમજ શક્તિની ઉણપને કારણે બધાનું બોલેલું એક સમાન લાગતું હોવાથી તેમના મનમાં રહેલી ભ્રમણાઓ દૂર થતી નથી.

જબ લગી ભ્રાન્ત ગયેબિનું મનકી, તનકી તપત ન જાઈ;
નિજગ્યમલક્ષ નહીં ઉરઅંતર, તબલગી જંત પસાઈ. ૨

શબ્દાર્થ

જબલગી = જ્યાં સુંધી **ભ્રાન્ત** = ભ્રમણા **ગયેબિનું** = ગયા વિના **મનકી** = મનની **તનકી** = શરીરની **તપત** = તાપ, કષ્ટ, દુઃખ, વ્યાધિ **ન** = નહીં **જાઈ** = જાય **નિજગ્યમલક્ષ** = પોતાના સ્વરૂપનું જ્ઞાન માટેનો હેતુ **નહીં** = નહીં **ઉરઅંતર** = હૃદયમાં **તબલગી** = ત્યાં સુધી **જંત** = જીવ **પસાઈ** = પીસાય છે, જન્મ-મરણ ભોગવે છે, ભવસંકટ વેઠે છે.

અનુવાદ

જ્યાં સુધી મનની ભ્રમણા દૂર થતી નથી ત્યાં સુધી શરીરની વ્યાધિ ટળતી નથી. પોતાના સ્વરૂપનો લક્ષ હૃદયમાં ન હોય ત્યાં સુધી જીવ પીસાય છે.

ભાવાર્થ

મનમાં ઘર કરી ગયેલી ભ્રમણાઓ, જ્ઞાનના બળે (માધ્યમથી) સત્યા-અસત્યની પરખ કર્યા વિના દૂર થતી નથી. જ્યાં સુધી ભ્રમણાઓ દૂર ન થાય ત્યાં સુધી શરીરની આધિ, વ્યાધિ અને ઉપાધિ ટળતી નથી. વળી, પોતાના સ્વ ચૈતન અંશ સ્વરૂપને ઓળખી અંશીને મળવાની આરત પોતાના હૃદયમાં ન થાય ત્યાં સુધી જન્મ-મરણના ઘટનાક્રમમાંથી છુટકારો મળતો નથી અર્થાત જીવદશાનો અંત આવતો નથી.

જંત જાત્ય જુગમેં જેહી જીનકી, તિનકી કહત સુનાઈ;
આપના આપ લહત નહીં એહીમમ, તેહી ગમ જંત પસાઈ. ૩

શબ્દાર્થ

જંત = જીવ **જાત્ય** = જાતિ **જુગમેં** = જગતમાં **જેહી** = જે **જીનકી** = જેમની **તિનકી** = તેમની **કહત સુનાઈ** = કહી સંભળાવી **આપના આપ** = પોતાના સ્વ ચૈતન સ્વરૂપ **લહત નહીં** = જાણે નહીં **એહીમમ** = હું કોણ છું **તેહી** = તે **ગમ** = જ્ઞાન, સમજ **જંત** = જીવો **પસાઈ** = પીસાય છે, જન્મમરણ ભોગવે છે.

અનુવાદ

જગતમાં જે જીવ જાતિના જીવો છે તેમની સ્થિતિ કહી સંભળાવી કે તેઓ પોતાના સ્વ સ્વરૂપને જાણતા નથી કે હું કોણ છું ? તેથી તે જીવો જ્ઞાનના અભાવે જન્મ-મરણ ભોગવે છે.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે જગતમાં જે જીવદશા ભોગવતા જીવો છે તેમની સાચી સ્થિતિને જણાવી છે. આવા જીવો પોતાના સ્વ ચૈતન અંશ સ્વરૂપને જાણતા નથી. વળી પોતે કોણ છે ? અને ક્યાંથી આવ્યા છે ? તે અંગેની સમજ પ્રાપ્ત કરી શક્યા નથી. આવા અંશ-અંશીના જ્ઞાનના અભાવે જીવદશા ભોગવે છે તેથી તેમનું જન્મ-મરણ રૂપ ભવસંકટ દૂર થતું નથી.

જંત જાડય જડ તન સમોવડ, ઈન્દ્રિ ગ્રાહાજ ગ્યમ જાંને;
તે અજ્ઞાની દુષ્ટ દગ્ધ જન, નુગરા નેક ન માંને. ૪

શબ્દાર્થ

જંત = જીવ **જાડય** = જાડી બુદ્ધીના **જડ** = નિર્જીવ **તન** = શરીર **સમોવડ** = સમાન, સરખા, જેવા **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **ગ્રાહાજ** = ગ્રહણ કરવાની **ગ્યમ** = સમજ, જ્ઞાન **જાંને** = જાણે **તે** = તેવા **અજ્ઞાની** = જ્ઞાન વગરના **દુષ્ટ** = અધમ **દગ્ધ** = અદેખા **જન** = જીવ **નુગરા** = ગુણ વિનાના **નેક ન માંને** = જરાપણ માનતા નથી.

અનુવાદ

જાડી બુદ્ધિના જીવો જડ શરીર જેવા છે. માત્ર ઈન્દ્રિયો દ્વારા ભોગ ગ્રહણ કરવાની સમજને જાણે છે તેવા અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરા જીવો જરાપણ માનતા નથી.

ભાવાર્થ

જીવદશા ભોગવતા જીવની જાતિ જડ શરીર સમાન છે. બુદ્ધિની જડતા હોવાથી તેઓ સત્ય જ્ઞાનને પારખવાની ક્ષમતા ધરાવતા નથી. માત્ર ઈન્દ્રિયો દ્વારા થતા નિત્ય કર્મો જેવાકે ખાવા-પીવા અને ભોગ ભોગવા તેમજ સાંસારિક સુખને માણવાની સમજ કેળવેલી હોવાથી તેમાં તે અનુભવી બન્યા હોય છે. પોતાનો મહામોંઘો માનવદેહ આહાર, નિંદ્રા, ભય અને મૈથુન જેવી ચાર ક્રિયાઓમાં વ્યસ્ત રહીને વ્યર્થ ગુમાવે છે, એવા જ્ઞાન વિનાના, અધમ, અદેખા, ગુરુવિનાના જીવો કોઈની સાચી શિખામણને જરાપણ કાને ધરતા નથી.

ચોસરા - ૨૧

વ્રધ હાણ્ય નહીં જાણ્ય જેહુનકી, છેવટ ફળ પ્રાપતકી;
પુનહી આદ્ય નહીલહત અગમગત્ય, અવન્ય જોન્ય મધ્યગત્યકી. ૧

શબ્દાર્થ

વ્રધ = વૃદ્ધિ, લાભ, ફાયદો **હાણ્ય** = અંત, નુકશાન, ગેરલાભ **નહીં** = નથી **જાણ્ય** = માહિતી, જાણ **જેહુનકી** = જેની **છેવટ** = અંતિમ **ફળ** = લાભ, પરિણામ **પ્રાપતકી** = પ્રાપ્તિની **પુનહી** = વળી **આદ્ય** = પ્રારંભ, શરૂઆત **નહીલહત** = જાણતા નથી **અગમગત્ય** = અગમજ્ઞાન, અગમગતિ **અવન્ય** = પૃથ્વી, ભૂચર **જોન્ય** = જીવ, જાતિ **મધ્યગત્યકી** = માં રહેલી સામાન્ય સમાજની, માં રહેલી મધ્યમ ગતિની.

અનુવાદ

તેનું અંતિમ પરિણામ લાભદાયી છે કે નુકશાનકારક છે તેની જાણ્ય તેમને ન હોવાથી ભૂચર જીવોમાં રહેલ સામાન્ય ગતિને કારણે તેઓ આદ્યની અગમગતિને જાણતા નથી.

ભાવાર્થ

આવા નુગરા જીવો પોતેજે સુક્રિત કે દુષ્કિત કર્મો કરે છે તેના અંતિમ ફળ પ્રાપ્તિ સ્વરૂપે તે કર્મો લાભકારક કે નુકશાન કર્તા છે તેની તેમને સમજ નથી. તેથી ઈન્દ્રિયોના સુખોને ભોગવે છે. વળી, આવા સામાન્ય ગતિના ભૂચર જીવો હોવાથી તેમને તેમના આદ્ય અંગેની જે અગમગતિની જાણ નથી. જેથી તેઓ પ્રારંભ અને અંતને અવગણના કરીને માત્ર વર્તમાન પરિસ્થિતિમાં જ ઈન્દ્રિયોને આધિન બની જીવન જીવે છે, અને કર્મબંધનમાં બંધાઈને જન્મ-મરણના ચક્કરમાં મહાકલ્પ પર્યંત ભટક્યા કરે છે.

એહીવિધી વિકલ અકળ અદબદ ગત્ય, વિભરમ કરત વિલાસા;
અંધ ધુંધવત રુંક ચલત અતિ, જતમત જુગન તમાસા. ૨

શબ્દાર્થ

એહીવિધી = એ રીત પ્રમાણે **વિકલ** = ગાભરુ, અસમર્થ, અચેત, જડ **અકળ** = કળી ન શકાય તેવું **અદબદ** = સંશયગ્રસ્ત, અસ્પષ્ટ **ગત્ય** = ગતિ, જ્ઞાન, સમજ, બુદ્ધિ **વિભરમ** = ભ્રાંતિવત્ત, ભ્રમણાયુક્ત **કરત** = કરે છે **વિલાસા** = વિલાસ, આનંદ, મોજ **અંધ ધુંધવત** = અંધાધૂંધ, અંધાપો, વગર વિચાર્યે, અંધેર, અરાજકતાભર્યુ, નિયમ કે કાયદા વગર ચાલતું **રુંક** = ગરીબ, નિર્ધન, કંજૂસ **ચલત** = ચાલે છે **અતિ** = વેગળો, ઘણો **જતમત** = જેમ તેમ, ધ્યાનપૂર્વક **જુગન** = જગત **તમાસા** = ખેલ, ફજેતી, ફતવો, તમાશો.

અનુવાદ

અચેત જીવો આ પ્રમાણે કળી ન શકાય તેવી સંશયગ્રસ્ત ગતિને કારણે ભ્રમણાયુક્ત આનંદ કરે છે. જેમ વગર વિચાર્યે કંજૂસ ચાલતો હોય તેને અતિ જતમતપણે દુનિયા તેનો તમાશો દેખે છે.

ભાવાર્થ

આવા જડ વૃત્તિના જીવો આ પ્રમાણે કળી ન શકાય તેવી સંશયગ્રસ્ત ગતિને કારણે ભ્રમણાયુક્ત આનંદ કર્યા કરે છે. સાચી સમજના અભાવે કર્મોનાં ફળ જાણ્યા વિના ઈન્દ્રિ ગોચર કર્મોમાં જ આનંદ માને છે. જેમ કોઈ કંજૂસ માણસ

ભર ઉનાળામાં ચંપલ હાથમાં પકડીને વગર કારણે રસ્તા પર ચાલતો હોય તો તેને અતિ જતમતપણે દુનિયા તેની બુદ્ધિહિનતાનો તમાશો દેખે છે.

અજ અજમાલ માલ સબ મનકી, તન તનકી ભિન્ન ભિન્ના;
સતગુરુ બિના જથારથ જેહી જમ, તેહીતમ પરત ન ચીના. ૩

શબ્દાર્થ

અજ = બ્રહ્મા **અજમાલ** = બ્રહ્મા સહિતના સર્વ દેવો **માલ** = વિષ્ણુ **સબ** = સર્વે **મનકી** = મનની, ઈચ્છા મુજબ **તન** = શરીર, ઘાટ **તનકી** = શરીરની, ઘાટની **ભિન્ન ભિન્ના** = જુદે જુદાં **સતગુરુ** = સતગુરુ **બિના** = સિવાય **જથારથ** = યથાર્થપણે **જેહી જમ** = જે જેમ છે **તેહીતમ** = તે તે મુજબ **પરતન** = પડે નહીં **ચીના** = ચિહ્ન, ઓળખાણ, સમજ.

અનુવાદ

બ્રહ્માજી અને બ્રહ્માજી સહિતના દેવો તેમજ વિષ્ણુને જોતાં પ્રત્યેકનાં મન અને શરીર ભિન્ન ભિન્ન રચાયેલાં છે. સત્ગુરુ સિવાય તે મુજબ આ ચિહ્નો યર્થાથપણે જેમ છે તેમ કોઈ સમજી શકશે નહીં.

ભાવાર્થ

વિશ્વમાં બ્રહ્માજીની આદ્ય લઈ તેત્રીસ કરોડ દેવી-દેવતાઓ અને સ્થાવર-જંગમ સહિતના ચોરાસી લાખ પ્રકારના ઘાટની ઉત્પત્તિને જોતાં જણાઈ આવે છે કે દરેકે-દરેકનાં અંતઃકરણો અને શરીરની રચના ભિન્ન-ભિન્ન છે. આ ભિન્નતા અંગેનો મર્મ યથાર્થ રીતે જેમ છે તેમ જાણવો હોય તો તે અંગેનું સાચુ જ્ઞાન માત્ર સદ્ગુરુ પાસેથી જ પ્રાપ્ત થાય તેમ છે. માટે સદ્ગુરુના શરણે જઈ ગુપ્ત રહસ્ય દર્શાવતા જ્ઞાનને શિષ્યે પ્રાપ્ત કરવું જોઈએ.

એહી પરકાર અચેત અખિલ જીવ, ગુરુ વિના પરમ પુરાંને;
તે અજ્ઞાની દુષ્ટ દગ્ધ જન, નુગરા નેક ન માંને. ૪

શબ્દાર્થ

એહી પરકાર = આ પ્રકારે, આ મુજબ **અચેત** = જડ, જ્ઞાનથી જાગૃત થયા વિનાના

અખિલ = સમગ્ર, બધા **જીવ** = જીવો **ગુરુ વિના** = ગુરુના શરણે ગયા વિના **પરમ પુરાંને** = પરાપૂર્વેથી, પ્રાચીનકાળથી **તે** = તેવા **અજ્ઞાની** = જ્ઞાન વગરના **દુષ્ટ** = અધમ **દગ્ધ** = અદેખા **જન** = જીવો **નુગરા** = ગુરુ વિનાના **નેક ન માંને** = જરા પણ માનતા નથી.

અનુવાદ

આ પ્રકારે સમસ્ત જીવો પરંપરાગત રીતે ગુરુના શરણ વિના અચેત રહેલા છે, તેવા અજ્ઞાની, દુષ્ટ, દગ્ધ અને નુગરાજનો જરા પણ માનતા નથી.

ભાવાર્થ

આ પ્રકારે અંગ-૨ માં દર્શાવ્યા મુજબ બધા જ પ્રકારના જીવો પ્રાચીનકાળથી સમર્થ સદ્‌ગુરુના જ્ઞાનથી વંચિત રહીને અચેત દશા ભોગવે છે. સમર્થ ગુરુનું શરણું સ્વીકાર્યા વગર જીવદશા ટળતી નથી અને જ્યાં સુધી જીવદશા ન ટળે ત્યાં સુધી જન્મ-મરણનાં ભવસંકટમાંથી મુક્તિ મળતી નથી. માટે દરેક માનવીની ફરજ છેકે જેમને અખંડ મુક્તિની ઈચ્છા હોય તેમણે સમર્થ ગુરુના શરણે જઈ તેમના આદેશ મુજબ બ્રહ્મચર્યની ચરી પાડીને ધ્યાન ભજન વિધિ ઉપાસના વગેરે ધાર્મિક કાર્યોમાં તલ્લીન બની અંશીને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બનવું જોઈએ. તેમ છતાંય એવા જ્ઞાન વગરના, અધમ, અદેખા અને ગુરુ વિનાના જીવો સાચી શિખામણ કાને ધરતા નથી.

દોહા

નુગરા દુષ્ટ દગ્ધ અજ્ઞાની, જ્ઞાની નહીં ચતુરમેં;
કહે કુવેર રવિસુતકે સોટા, ખાવત ખપત અસુરમેં. ૧

શબ્દાર્થ

નુગરા = ગુરુના શરણે ગયા વિનાના **દુષ્ટ** = અધમ, પાપી **દગ્ધ** = અદેખા **અજ્ઞાની** = જ્ઞાન વિનાના **જ્ઞાની** = સમજુ **નહીં** = નથી **ચતુરમેં** = ચારેયમાં **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **રવિસુતકે** = રવિપુત્ર યમરાજાના **સોટા** = માર, યાતનાનો પ્રહાર **ખાવત** = ખાય, ભોગવે **ખપત** = ખપે, ગણાય **અસુરમેં** = રાક્ષસોમાં, દૈત્યોમાં.

અનુવાદ

નુગરા, દુષ્ટ, દગ્ધ અને અજ્ઞાની એમ ચારેયમાં કોઈ જ્ઞાની નથી. કુવેરસ્વામી કહે છે કે તેઓ યમરાજાનો માર ખાઈને રાક્ષસોમાં ગણના પામે છે.

ભાવાર્થ

જેણે ગુરુ કર્યા નથી, જે જીવો અધમ અને પાપી છે, જે અદેખી વૃત્તિ ધરાવે છે અને જેમણે સમર્થ ગુરુ પાસેથી સ્વ સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી તેવા જીવો જગતમાં અજ્ઞાની તરીકે ગણાય છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે આવા ચારેય પ્રકારના અચેત અને અજ્ઞાની જીવો મૃત્યુ બાદ યમરાજાના હાથે સજા ભોગવીને નર્કકુંડની યાતના ભોગવે છે. વળી તેમની ગણતરી રાક્ષસોની કોટીમાં થાય છે.

અંગ 3
સાકુટ, લંપટ, લોભી અને ખલનાં લક્ષણ

ચોસરા-૧

સાકુટ તે સહા આત્મકુ કૂટત, અણશાહ ઈન્દ્રિ મેલાપી;
ઓરુ ઉપલ્યે આલંબન અનુસુત, અંતર મરમ ન જાપી. ૧

શબ્દાર્થ

સાકુટ = અધર્મી, દુષ્ટ, પાપી, ખલ, લુચ્ચું, હરામી **તે** = તે **સહા** = સત્ય, શાશ્વત, સાચા **આત્મકુ** = આત્માને **કૂટત** = બેદરકારી રાખવી, અણગણવું **અણશાહ** = નાશવંત, અસત્ય, બૂરી **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો, શરીરની દશ ઈન્દ્રિયો-કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિય **મેલાપી** = મેળાપ, એકતા, સંબંધ **ઓરુ** = અને **ઉપલ્યે** = ઉપલક **આલંબન** = આધાર, આશ્રય, સહાય, બંધન **અનુસુત** = જોડાયેલું, ની સાથે સંકળાયેલું **અંતર** = હૃદયમાં **મરમ** = મર્મ, આશય, મતલબ **ન** = નહીં **જાપી** = જાપ.

અનુવાદ

અધર્મીઓ શાશ્વત આત્માની અવગણના કરીને નાશવંત ઈન્દ્રિયો સાથે સંબંધ રાખે છે; વળી ઉપલક આલંબન સાથે જોડાયેલા હોઈ અંતરમાં જપાતા જાપના મર્મને જાણતા નથી.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સાકુટ જીવોના લક્ષણને જણાવતાં કહે છે કે, આવા જીવો શાહુકાર હોવા છતાં જડ શરીરના સ્વામીરૂપ શાશ્વત અંશની (આત્માની) દરકાર રાખતાં નથી. તેઓ નાશવંત ઈન્દ્રિયોની સાથે એકતા સાધી ભોગ-વૈભવમાં જ તલ્લીન બનીને રહેતા હોય છે. વળી ઉપલક આલંબન સાથે એકસૂત્રતા સાધતા હોવાથી અંતરમાં જપાતા અજપા જાપના સાચા મર્મને જાણતા નથી.

લંપટ તે નર નાર વિશયે વશ, જીનું ચિત્ત વિભ્મલ વિલોકી;
ચંચલ ચપળ રહત અહોનિશ મન, પુની તન શકત ન રોકી. ૨

શબ્દાર્થ

લંપટ = વ્યભિચારી, કામી **તે** = તેવા **નર** = માનવો, વ્યક્તિ **નાર** = સ્ત્રી **વિશયે વશ** = વિષયમાં વશ થયેલા, કામનાઓને તાબે થયેલા **જીનું** = જેઓનું **ચિત્ત** = ચિત્ત **વિભ્મલ** = વિહ્વળ, વિહારી, ક્રિડાતુર **વિલોકી** = જાણવું, જોવું **ચંચલ** = કામુક, નટખટ **ચપળ** = ચાલાક, મોજીલું **રહત** = રહે **અહોનિશ** = સદા, દિવસ-રાત, હમેશાં **મન** = મન **પુની** = વળી, પાછું **તન** = શરીર **શકત** = શકે **ન** = નહીં **રોકી** = રોકવું, અટકાવવું, ખાળવું, થંભાવવું.

અનુવાદ

તે વ્યભિચારી પુરુષો સ્ત્રીની કામવાસનાને તાબે હોય છે, તેમને લંપટ કહેવાય. તેમનાં ચિત્ત ક્રિડાતુર હોય છે, એટલે તેમનું મન સદાને માટે ચંચળ અને ચપળ રહેતું હોઈ પાછુ શરીરને રોકી શકતા નથી.

ભાવાર્થ

લંપટ જીવોના લક્ષણોને જણાવતા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે, આવા વ્યભિચારી જીવોનાં ચિત્ત સ્ત્રીના દેહનો ઉપભોગ કામવાસના સંતોષવા માટે કરતા હોય છે. તેમજ વાસનાને તાબે થઈને કામુક્ત જીવન જીવે છે. તેમનું મન સદાને માટે ચંચળ અને ચપળ હોવાથી પોતાના શરીરને દુષ્કર્મો કરતાં રોકી શકતા નથી.

લોભી તે ખરચત નહીં ખાવત, ધાવત નિશ દિન ધનકુ;
પરમ અરથ ઓરુ કરમ ધરમકી, ખબર નહીં જેહી જનકુ. ૩

શબ્દાર્થ

લોભી = તૃષ્ણાળુ, લાલચુ **તે** = તે **ખરચત નહીં** = વાપરતા નથી, ખર્ચતા નથી **ખાવત** = ખાવા માટે, પેટ માટે, ખોરાક માટે **ધાવત** = દોડે છે **નિશ દિન** = રાત-દિવસ, અહર્નિશ **ધનકુ** = સંપત્તિ માટે, પૈસા કમાવવા માટે **પરમ અરથ** = પરમાર્થ, પરોપકારી પ્રવૃત્તિ **ઓરુ** = અને

કરમ ધરમકી = ધાર્મિક કાર્યોની, ધર્મયુક્ત કર્મોની **ખબર** = જાણ **નહીં** = નહીં **જેહી** = જે **જનકુ** = વ્યક્તિને, માનવને, માણસને.

અનુવાદ

લોભી પોતાને ખાવા માટે પણ ખર્ચ કરતા નથી અને રાત-દિવસ પૈસા કમાવા માટે જ દોડતા હોય છે. આવા માણસોને પરમાર્થ તેમજ ધાર્મિક કર્મોની ખબર હોતી નથી.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર લોભી જીવોના લક્ષણ જણાવતાં કહે છે કે આવા માણસો પોતાના જીવન નિર્વાહ કરવા જરૂરી ભોજન માટે પણ નાણાં વાપરતા નથી. તેઓ રાત-દિવસ માત્ર પૈસા કમાવા પાછળ દોડ-ધામ કરે છે. આવા કંજુસ માણસોને પોતાની જાતની પરવા તો નથી, પરંતુ પરમાર્થ તેમજ ધાર્મિક કાર્યો કરીને પુણ્ય કમાવા અંગેની પણ ખબર હોતી નથી.

ખલ નર તે ખોટા કોહુ સાથે, રખત ન સાચ સમંધુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મલ ભરીયા મતિમંદુ. ૪

શબ્દાર્થ

ખલ = લુચ્ચા, નિર્લજ્જ, શઠ **નર** = માનવી, જીવો **તે** = તે **ખોટા** = જુઠ્ઠા, અસત્ય, કપટી **કોહુ સાથે** = કોઈની સાથે **રખત** = રાખે **ન** = નહીં **સાચ** = સારા, સત્ય **સમંધુ** = સંબંધ, નાતો, જોડાણ **તે** = તેવા **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = શઠ **મલ ભરીયા** = મેલથી ભરેલા, દુર્ગુણોથી ભરેલા **મતિમંદુ** = અલ્પ બુદ્ધિના, મંદ બુદ્ધિના, અજ્ઞાની.

અનુવાદ

ખલ જીવો જુઠ્ઠા હોવાથી કોઈની સાથે સાચો સબંધ રાખતા નથી. તેવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો મંદ બુદ્ધિના અને દુર્ગુણોથી ભરેલા હોય છે.

ભાવાર્થ

દુષ્ટ જીવો અસત્યવાદી હોવાથી સંસારમાં કોઈની સાથે સાચો સંબંધ રાખતા નથી. અર્થાત આવા જુઠ્ઠા વ્યક્તિની સાથે સંસારના સારા માનવો સંબંધ રાખતા નથી, પરંતુ તેમનાથી અળગા રહે છે. એવા અધર્મી, વ્યભિચારી, લાલચુ અને શઠ જીવો બધી જ પ્રકારના દુર્ગુણોથી ભરેલા અને મંદબુદ્ધિના હોય છે.

ચોસરા - ૨

એ ચારુ સરભર સરખા નર, એક એકથી અધિકાઈ;
હરિ મારગના અનહિત અરચલ, બરબટ બુરી બલાઈ. ૧

શબ્દાર્થ

એ ચારુ = એ ચારેય **સરભર સરખા** = સરખે સરખા, બરોબર, સમઘાત, ઓછા કે વધારે નહીં તેવા, સમાન **નર** = માનવ **એક એકથી** = એક-બીજાથી **અધિકાઈ** = ચડિયાતાપણુ **હરિ મારગના** = પ્રભુના માર્ગના **અનહિત** = પ્રેમનો અભાવ, શિથિલતાવાળા **અરચલ** = અચલ, દૃઢ, કાયમ, નિત્ય, સદા **બરબટ** = બરાબર, બરબસ, ખરેખર **બુરી** = ખરાબ, નઠારી **બલાઈ** = વળગણ, બલા, સંકટ.

અનુવાદ

એ ચારેય પ્રકારના જીવો સરખે સરખા હોવા છતાં કુકર્મો કરવા માટે એક એકથી ચડિયાતા છે. હરિના માર્ગમાં દૃઢ પ્રેમના અભાવવાળા હોઈ ખરેખર નઠારી બલા સમાન છે.

ભાવાર્થ

સાકુટ, લંપટ, લોભી અને ખલ એ ચારેય પ્રકારના જીવો સંસારમાં એક સરખા છે, વળી દુર્ગુણોની તુલનામાં એક એકથી ચડિયાતા છે. પ્રભુ પ્રત્યેના દૃઢ પ્રેમનો તેમનામાં અભાવ હોય છે. તેઓની વર્તણૂંક અને વ્યવહાર ડાકણ-ભુવાદિકની શુદ્ર કોટીની સૂક્ષ્મયોની ધરાવતા વળગણ જેવા હોય છે.

જ્યોં અષ્ટાદશ લક્ષ સ્થાવરમે, કુલ કંટક તરુ જેસે;
જેહી બિનફલ દુઃખ દેન સકલકુ, ત્યોં જગમેં ચહુ તેસે. ૨

શબ્દાર્થ

જ્યોં = જેમ **અષ્ટાદશ લક્ષ** = અઢાર લાખ **સ્થાવરમે** = સ્થાવર જાતિમાં **કુલ** = બધા મળીને, સર્વાંગે, ટોટલ **કંટક તરુ** = કાંટાવાળા વૃક્ષ **જેસે** = ની જેમ **જેહી** = જે **બિનફલ** = ફળ વિનાના **દુઃખ દેન** = દુઃખ દેનારા **સકલકુ** = સર્વને **ત્યોં** = તેમ, તેવી રીતે **જગમેં** = જગતમાં **ચહુ** = ચારેય **તેસે** = તેવા.

અનુવાદ

જગતમાં અઢાર લાખ સ્થાવરજાતિ પૈકી જે સર્વાંગે કાંટાવાળા વૃક્ષ હોઈ છે તે ફળ વગરનાં હોઈ સર્વને દુઃખ આપનાર છે. આ ચારેય જગતમાં તેવા છે.

ભાવાર્થ

જેમ સ્થાવર જાતિની અઢાર લાખ વનસ્પતિ પૈકી ઘણાં વૃક્ષોને ફળ-ફૂલ આવતા નથી. એટલું જ નહીં પરંતુ આખા વૃક્ષ ઉપર કાંટા હોય છે. જેથી પશુ-પક્ષી તેમજ માનવજાત માટે દુઃખદાયી બને છે. તેવી જ રીતે દુર્ગુણોથી ભરેલા આ ચારેય પ્રકારના જીવો અન્યને નડતર રૂપ બનીને જગતમાં જીવન જીવે છે.

સપ્ત ધાતમેં કથીર કાંસને, પારસ પરસ ન લાગે;
ત્યૌ ચારુ એહી બરન ધાતમે, ગુરુમણિ પરસ ન પાગે. ૩

શબ્દાર્થ

સપ્ત ધાતમે = સાત ધાતુમાં **કથીર** = જસત **કાંસને** = કાંસાને **પારસ** = પારસમણિ, જેના સ્પર્શથી ધાતુ સોનામાં પરિવર્તિત થાય તેવો પથ્થર **પરસ** = પટ, સ્પર્શ **ન** = નહીં **લાગે** = લાગે **ત્યૌ** = તેમ **ચારુ** = ચારેય **એહી** = આ પ્રમાણે, આવી **બરન ધાતમે** = વર્ણવેલી ધાતુઓની જેમ **ગુરુમણિ** = ગુરુ રૂપ મણિ **પરસ** = સ્પર્શી **ન** = નહીં **પાગે** = લાગવું, થવું, જણાવવું.

અનુવાદ

સાત પ્રકારની ધાતુમાં કથીર અને કાંસાને પારસનો સ્પર્શ લાગતો નથી.

તેમ વર્ણવેલી ધાતુની જેમ આ ચારેયને ગુરુના પારસમણિ રૂપ બોધ લાગતો નથી.

ભાવાર્થ

સોનુ, ચાંદી, તાંબુ, લોખંડ, કથીર, કાંસુ અને સીસું-એમ સાત ખનિજ ધાતુ પૈકી કથીર અને કાંસાને પારસમણિનો પટ લાગતો નથી. અર્થાત્ પારસમણિના સ્પર્શથી તેનું સોનામાં પરિવર્તન થતું નથી. તેમ સંસારમાં પારસમણિ રૂપ પરમગુરુના બોધની કાંસા અને કથીર રૂપ સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવોને અસર થતી નથી.

કરમ કઠોર વગલ વલ ભરીયા, સમજ ન શેખ સારંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મલ ભરીયા મતિમંદુ. ૪

શબ્દાર્થ

કરમ = કર્મ **કઠોર** = નિર્દય, નિષ્ઠુર, ક્રુર **વગલ** = ઓથ, બગલ આશરો, શરણ, કપટ, છળ **વલ** = વળ **ભરીયા** = ભરેલા **સમજ** = સમજ **ન** = નહીં **શેખ** = શીખ, શિખામણ **સારંદુ** = સાર, સારું, ઉત્તમ, શ્રેષ્ઠ, સાચી **તે** = તેવા **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = શઠ **મલ ભરીયા** = દુર્ગુણોથી ભરેલા **મતિમંદુ** = મંદ બુદ્ધિના.

અનુવાદ

નિર્દયી કર્મોનો આશરો લઈને વળ ભરેલા હોઈ ઉત્તમ સમજની શીખ માનતા નથી. તેવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો દુર્ગુણોથી ભરેલા અને મંદબુદ્ધિવાળા છે.

ભાવાર્થ

સંતો દ્વારા પારસમણિ રૂપ સદ્‌ઉપદેશ રૂપી સાચી શિખામણને સ્વીકાર્યા વિના આવા જીવો કપટયુક્ત અને મનમાં વેર-ઝેરથી ભરેલા હોઈ નિર્દય કર્મોનો આશરો લઈ બેફામ વર્તન કરતાં ખચકાતા નથી, એવા વ્યભિચારી, લાલચુ, શઠ અને અધર્મી જીવો મંદ બુદ્ધિના હોઈ દુર્ગુણોથી ભરેલા છે.

ચોસરા - ૩

મંત્ર તંત્ર જેતન્યે ભર માંહી, મુઠ ચોટ જપ હેણુ;
પર તન પ્રાણ પ્રહાર કરનકુ, યૌ સાકુટ દુઃખ દેણું. ૧

શબ્દાર્થ

મંત્ર તંત્ર = દોરા-ધાગા, મંત્ર દ્વારા કરવામાં આવતી તાંત્રિક ક્રિયા **જેતન્યે ભર** = જેટલા છે તેટલા **માંહી** = માં **મુઠ ચોટ** = મારણ મંત્રનો ઉપયોગ, મારણ ઉચ્ચાટનની અસર વર્તાવવી **જપ** = જપવું, રટણ, આવર્તન **હેણુ** = હીણ, ખરાબ, નીચ, અધમ, હાનિકારક **પર તન** = પારકાના શરીરના **પ્રાણ પ્રહાર** = પ્રાણ ઘાતક, પ્રાણનો નાશ **કરનકુ** = કરવા **યૌ** = તેમ, એમ **સાકુટ** = વ્યભિચારી **દુઃખ** = પીડા, કષ્ટ **દેણું** = દેનારા.

અનુવાદ

જેટલા મંત્ર-તંત્ર છે તેમાં મારણ મંત્રના જપની અસર ખરાબ છે. કારણ કે તે બીજાના શરીરના પ્રાણઘાત કરવા માટે છે. તેમ સાકુટ પણ દુઃખ દેનારા છે.

ભાવાર્થ

જગતમાં ઘણા બધા મંત્રો અને તાંત્રિક ક્રિયાઓ છે. તે બધામાં જે મારણ મંત્ર છે તેના જાપની અસર ખૂબ જ અધમ છે. કારણ કે તેનો ઉપયોગ બીજી વ્યક્તિના પ્રાણનો નાશ કરવા માટે વપરાતો હોય છે. આમ, અન્યને દુઃખ કે પીડા પહોંચાડતો આ મારણ-મંત્ર છે. જેનામાં આ મંત્ર પ્રવેશ કરાવવામાં આવે છે તેના પ્રાણનો ઘાત થતો હોઈ તે મૃત્યુને શરણ થાય છે. સંસારમાં સાકુટ જીવો પણ આ મંત્રની જેમ જ અન્યને દુઃખદાયક અને પ્રાણઘાતક છે.

ઓરુ જેતન્યે વનફલ સબમાંહી, ઈન્દ્ર આક ફલ આદુ;
પશુ પંખી માનવ દાનવ મેં, પાવત નહીં બીન સ્વાદુ. ૨

શબ્દાર્થ

ઓરુ = અને, વળી **જેતન્યે** = જેટલા **વનફલ** = વનસ્પતિના ફળ **સબમાંહી** = દરેકમાં, સૌમાં, બધામાં **ઈન્દ્ર આક ફલ** = ઈન્દ્રાણી નામની વનસ્પતિ ઉપર લાગતા લાલ ટામેટા જેવા ફળ જે

ફાટતા કાળો ગર્ભ નીકળે છે તે અને આંકડાના ફળ જે કાચી કેરી જેવા દેખાય છે અને ફાટતાં રૂ જેવો પદાર્થ નીકળે છે **આદુ** = આદી, વગેરેની આદ્ય લઈ **પશુ** = પશુ **પંખી** = પંખી **માનવ** = માનવી **દાનવ** = દાનવ **મેં** = માં **પાવત** = પ્રાપ્ત, ગ્રહણ **નહીં** = નહીં **બીન** = વિના **સ્વાદુ** = સ્વાદ.

અનુવાદ

વળી વનસ્પતિના જેટલાં ફળો ઉત્પન્ન થાય છે તે પૈકી ઈન્દ્રફળ અને આકફળની આદ્ય લઈ સ્વાદ વગરનાં ફળોને પશુ-પંખી, માનવ કે દાનવો ગ્રહણ કરતા નથી.

ભાવાર્થ

વિવિધતાવાળી વનસ્પતિના જેટલાં ફળો ઉત્પન્ન થાય છે તે પૈકી ઈન્દ્રાણી ફળ અને આકફળની આદ્ય લઈ જે સ્વાદ વગરના ફળો હોય છે, તેને પશુ-પંખી, માનવ કે દાનવ જાતિના કોઈપણ પોતાના ખોરાક તરીકે ઉપભોગ કરતા નથી.

ત્યૌ લંપટ લોભી ખલ નિપજય, જ્ઞાન વિના ઘટ શૂન્ય;
ઉતપત ને પરલે તન ભિન્ન ભિન્ન, ભવમેં અરથ બેહુન્ય. ૩

શબ્દાર્થ

ત્યૌ = તેમ **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = શઠ **નિપજય** = ઉત્પત્તિ **જ્ઞાન** = સમજ **વિના** = સિવાય **ઘટ** = હૃદય **શૂન્ય** = ખાલી, અભાવ, ઊણું, રહિત **ઉતપત** = ઉત્પત્તિ, જન્મે **ને** = અને **પરલે** = વિનાશ, મરે **તન** = શરીર, ઘાટ **ભિન્ન ભિન્ન** = જુદા જુદા, અલગ-અલગ **ભવમેં** = જગતમાં **અરથ** = કામ, કારણ **બેહુન્ય** = વિનાના, સિવાય

અનુવાદ

તેવી જ રીતે લંપટ, લોભી અને ખલની ઉત્પત્તિ હોઈ તેમના હૃદય જ્ઞાન વિનાનાં ખાલી છે. તેઓ જગતમાં કારણ વગર જદાં જુદાં શરીરો ધારણ કરી જન્મે છે મરે છે.

ભાવાર્થ

તેવી જ રીતે જગતના સમગ્ર માનવ સમુદાયમાં લંપટ, લોભી અને ખલ જીવોની ઉત્પત્તિ છે. તેમના હૃદયમાં જ્ઞાનનો અભાવ જોવા મળે છે. એવા જ્ઞાનથી ખાલી હૃદયવાળા જીવો કોઈ કારણ વગરના જગતમાં જન્મે છે અને મૃત્યુને વરે છે. આમ અલગ-અલગ શરીર ધારણ કરીને જન્મ-મરણના ક્રમમાં ભટક્યા કરે છે.

જ્યૌ સાહરમે શૂન્ય છીપવત, સ્વાંત્ય લેવત નહીં બિંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મલ ભરીયા મતિમંદુ. ૪

શબ્દાર્થ

જ્યૌ = જેમ, જેમકે **સાહરમે** = સમુદ્રમાં **શૂન્ય** = ખાલી, ઠાલુ, બાતલ, જીવ વિનાનું **છીપવત** = છીપની જેમ **સ્વાંત્ય** = સ્વાતિ નક્ષત્ર **લેવત** = લેવું **નહીં** = નહીં **બિંદુ** = વર્ષાબિંદુ, વરસાદનું ટીપું **તે** = તેવા **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = શઠ **મલ ભરીયા** = દુર્ગુણોથી ભરેલા **મતિમંદુ** = મંદ બુદ્ધિના.

અનુવાદ

જેમ સમુદ્રમાં શૂન્યવત્ છીપલું સ્વાતિ બિંદુને ગ્રહણ કરતું નથી. તેમ સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો મંદ બુદ્ધિના અને દુર્ગુણોથી ભરેલા હોય છે.

ભાવાર્થ

સમુદ્રમાં અનેક પ્રકારના છીપલાંની આદ્ય લઈ વિવિધ પ્રકારની માછલીઓ તેમજ અન્ય જળચર પ્રાણીઓ હોય છે. તેમાં જે છીપ શૂન્યવત્ હોય તે શરદપૂર્ણિમાની રાત્રે વરસાદના સ્વાતિબિંદુને ગ્રહણ કરી શકતું નથી. આમ, શૂન્યવત્ છીપલામાં સ્વાતિબિંદુ ગ્રહણ ન થઈ શકવાથી તેમાં મોતી પણ પાકતાં નથી. તેમ સંસારમાં મંદ બુદ્ધિનાં અધર્મી, વ્યભિચારી, લાલચુ અને શઠ જીવોના હૃદય પણ જ્ઞાનથી શુન્ય અને દુર્ગુણો ભરેલા હોઈ સદ્બોધને ગ્રહણ કરી શકતા નથી.

ચોસરા - ૪

તેત્રીસ ક્રોડ દેવમેં દાનવ, રાહુ કેતુ જીનુ આદુ;
ગ્રાસત ચંદ્ર સુર નિજ જનકુ, જેહી પરમારથ અનાદુ. ૧

શબ્દાર્થ

તેત્રીસ ક્રોડ = તેત્રીસ કરોડ **દેવમેં** = દેવોમાં **દાનવ** = અસુર, દૈત્ય **રાહુ કેતુ** = ચંદ્રકક્ષા અને ક્રાંતિવૃતએ બંનેના પાત બિંદુ, તે દશ્ય કે દ્રવ્યઘટિત પદાર્થ નથી, ચંદ્રની કક્ષા ઉત્તરથી દક્ષિણે અને દક્ષિણેથી ઉત્તરે જતાં બે બિંદુઓમાં ક્રાંતિવૃત્તને ભેદે છે તેવા, પીડાકારક ગ્રહ **જીનુ** = જે **આદુ** = આદિના, ની આદ્ય લઈને, સહિત **ગ્રાસત** = ગ્રહણ કરવું, ભક્ષણ કરવું, ખાવું, ઢંકાવવું, પડછાયાથી આચ્છાદિત થવું **ચંદ્ર સુર** = સૂર્ય અને ચંદ્ર **નિજ જનકુ** = પોતાના જ જનોને **જેહી** = જે **પરમારથ** = પરમાર્થ, પરોપકાર, પરદુઃખ ભંજન **અનાદુ** = આદી, અનાદીથી, પ્રારંભથી.

અનુવાદ

તેત્રીસ કરોડ દેવમાં રાહુ-કેતુ જે આદીથી અસુરી છે. તેઓ પોતાના જ જનો પૈકીના ચંદ્ર-સૂર્ય કે જે અનાદીથી પરમાર્થ કરે છે તેમને ગ્રાસ કરે છે.

ભાવાર્થ

તેત્રીસ કરોડ દેવમાં અલગ-અલગ વૃત્તિ ધરાવતા દેવો છે. જેમાં પરમાર્થનું કાર્ય કરનાર સૂર્ય-ચંદ્રની આદ્ય લઈને ઘણા દેવો છે. જ્યારે રાહુ-કેતુની આદ્ય લઈ ઘણા અસુરી દેવો પણ છે.

સૂર્ય-ચંદ્રને ગ્રહણ કરાવનાર પીડાકારી ગ્રહ રાહુ અને કેતુ છે. આ બંને ગ્રહો પોતાની સાથે બનેલી અઘટિત બીનાનું વેર વાળવા માટે સામ-સામે રહીને અનાદીથી પોતાના નિજ જન એવા સૂર્ય-ચંદ્રને ગ્રાસત કરીને જગતમાં અંધકાર ફેલાવે છે (અજવાળાનું ભક્ષણ કરે છે.) જેથી આજે પણ સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ તરીકે આપણે અનુભવીએ છીએ.

ત્યૌ ચારુ એહી ભક્તિ જ્ઞાનમેં, વ્રોધ કરન ભવ વેસા;
ભક્તિ ચંદ્રવત નિશદિન શીતલત, જ્ઞાન કસાણ સુરેશા. ૨

શબ્દાર્થ

ત્યૌ = તેમ **ચારુ** = ચારેય **એહી** = આ **ભક્તિ** = ભક્તિ **જ્ઞાનમેં** = જ્ઞાનમાં, સમજમાં **વ્રોધ** = વિરોધ **કરન** = કરનાર **ભવ** = જગતના **વેસા** = ભેખધારી **ભક્તિ** = ભક્તિ **ચંદ્રવત** = ચંદ્ર સમાન **નિશદિન** = હંમેશ, સર્વદા **શીતલત** = શાંતિદાયક, ઠંડક દેનાર **જ્ઞાન** = જ્ઞાન **કસાણ** = કિરણ, પ્રકાશ **સુરેશા** = સૂર્ય.

અનુવાદ

તેમ આ ચારેય જગતમાં જ્ઞાન અને ભક્તિમાં રહેનાર ભેખધારીઓનો વિરોધ કરનારા છે. જ્ઞાન સદા સૂર્યની જેમ પ્રકાશમય છે જ્યારે ભક્તિ ચંદ્ર સમાન શાંતિ આપનારી છે.

ભાવાર્થ

તેવી જ રીતે સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો જગતમાં જે જ્ઞાન અને ભક્તિમાં તરબોળ રહેનાર ભેખધારીઓનો વિરોધ કરનારા હોય છે. તેઓએ જ્ઞાન અને ભક્તિ પ્રત્યે અનાદર વૃત્તિ ધારણ કરેલી હોય છે. તેમને ખબર નથી કે જ્ઞાન સદાને માટે સૂર્યના કિરણોની જેમ પ્રકાશિત છે, જે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરે છે. જ્યારે ભક્તિ ચંદ્ર સમાન મનને શીતળતા પ્રદાન કરે છે. અને વિવિધ પ્રકારના સાંસારિક તાપોમાંથી રાહત આપીને શાંતિ પ્રદાન કરે છે.

વનસ્પતિમાં વાંસ એરંડે, ચંદન બાસ ના વેધે;
એહી પરકાર ચારુ ચંટકને, ગુરુ ગ્યમ જ્ઞાન ન ભેદે. ૩

શબ્દાર્થ

વનસ્પતિમાં = વનસ્પતિમાં **વાંસ** = શેરડીના શાંઠાની જેમ ખૂબ ઊંચે વધતી થોડા થોડા અંતરે ગાંઠ ધરાવતી વનસ્પતિ **એરંડે** = દિવેલો, જે વનસ્પતિના પાકના બીયામાં તૈલી પદાર્થ હોય છે જેને દીવેલ કહે છે **ચંદન** = સુખડ, ચંદન **બાસ** = સુગંધ, મહેક **ના** = નહીં **વેધે** = વિંધે, પ્રવેશે, પેસે **એહી પરકાર** = આ પ્રકારે **ચારુ** = ચારેય **ચંટકને** = ધૂર્ત, ચટક, ધૂતારાને **ગુરુ ગ્યમ જ્ઞાન** = ગુરુના જ્ઞાનની સમજ **ન** = નહીં **ભેદે** = પ્રવેશે, વેધે.

અનુવાદ

વનસ્પતિમાં જે વાંસ અને દિવેલા છે તેમાં ચંદનની સુવાસ પ્રવેશી શકતી નથી. તેમ આ ચારેય ધૂતારાઓમાં ગુરુના જ્ઞાનની સમજ પ્રવેશી શકતી નથી.

ભાવાર્થ

વનસ્પતિમાં ચંદનની સુવાસ ખૂબ અસરકારક હોવાથી તેની આજુબાજુમાં ઊગેલ વનસ્પતિમાં તે વીંધીને પ્રવેશે છે, પરંતુ શેરડીને મળતી (શેરડી જેવી) વનસ્પતિ-વાંસમાં કે દીવેલામાં તે પ્રવેશી શકતી નથી. તેવી જ રીતે સંસારમાં ગુરુના જ્ઞાનનો બોધ સામાન્ય માનવીનાં હૃદયમાં પ્રવેશે છે, પરંતુ જેનાં હૃદય વિકારોથી જ ભરેલા હોય છે તેવા સાકુટ, લંપટ, લોભી અને ખલ એમ ચારેય ધૂર્ત જીવોના હૃદયમાં ગુરુના જ્ઞાનનો બોધ પ્રવેશતો કે અસર કરતો નથી.

જેહી પ્રકાર વચન જાત્યમે, કટુક શબ્દ દુઃખ દ્વંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મલ ભરીયા મતિ મંદુ. ૪

શબ્દાર્થ

જેહી = જે **પ્રકાર** = પ્રકારે, પ્રમાણે **વચન** = વેણ, કથન, બોલ **જાત્યમે** = જાતિમાં, પ્રકારમાં **કટુક** = ખરાબ, કડવા **શબ્દ** = બોલ, વચન **દુઃખ** = પીડા, વ્યાધી **દ્વંદુ** = આપે, દે **તે** = તેવા **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લોભી, લાલચુ **ખલ** = શઠ **મલ ભરીયા** = દુર્ગુણોથી ભરેલા **મતિ મંદુ** = મંદ બુદ્ધિના.

અનુવાદ

જે પ્રમાણે વચનોના પ્રકારમાં કડવો બોલ દુઃખ દે છે. તેવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો હોઈ મંદબુદ્ધિના અને દુર્ગુણોથી ભરેલા છે.

ભાવાર્થ

અર્થ સભર વાણીમાં વિવિધતા હોય છે. વાણી પ્રસંશનીય કોમળ, પરોપકારી, દુઃખ દેનારી, રજોગુણી, તમોગુણી અને સતોગુણી એમ ઘણા પ્રકારની હોય છે. જેમાં કડવા બોલ સદા માટે દુઃખ આપે છે. તેવી જ રીતે

સંસારમાં સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો સમાજના અન્ય વર્ગને કષ્ટદાયી બને છે. કારણ કે તેવા મંદ બુદ્ધિવાળા જીવોના હૃદય દુર્ગુણોથી ભરેલા હોય છે.

ચોસરા - ૫

જ્યૌ અવનિ પર ઉસર કુપનાં, નિર નાં અચવત કોઈ;
વંક નહીં કછુ ખનનહારકે, અણ ઈચ્છા ઉપજત સોઈ. ૧

શબ્દાર્થ

જ્યૌ = જેમ **અવનિ પર** = પૃથ્વી ઉપર **ઉસર** = ખારા **કુપનાં** = કુવાનાં **નિર** = પાણી **નાં** = નહીં **અચવત** = આચમન, પીતા **કોઈ** = કોઈ **વંક નહીં** = વાંક નથી **કછુ** = કાંઈ **ખનનહારકે** = ખોદનારનો **અણ ઈચ્છા** = ઈચ્છા વિના, અનિચ્છાથી **ઉપજત** = ઉત્પન્ન, પેદા **સોઈ** = તે.

અનુવાદ

જેમ પૃથ્વી પર કુવાના ખારા પાણીનું કોઈ આચમન કરતા નથી. તેમાં ખોદાવનારનો કોઈ વાંક નથી. તે અનિચ્છાએ ઉત્પન્ન થયેલું છે.

ભાવાર્થ

જેમ માનવો પાણી માટે પૃથ્વી પર કુવો ખોદાવે છે. જેમાં માત્ર મીઠા પાણીની આશા હોઈ છે, પરંતુ જો તે કુવામાં ખારુ પાણી નીકળે તો તે ખારા પાણીનો કોઈ પીવા માટે ઉપયોગ કરતા નથી. કુવો ખોદાવનારની અનિચ્છાથી નીકળેલા આ ખારા પાણી માટે ખોદાવનારનો કોઈ વાંક નથી. કારણ કે અનાયાસે ખારું પાણી ઉપજી આવ્યું. તેમાં તે શું કરી શકે ? અર્થાત તેમાં ખોદાવનારનો કોઈ વાંક નથી. એટલે કે કુવો ખોદનાર કુવામાં ખારુ પાણી આવે તેવી ભાવનાથી ખોદતો ન હોય.

ત્યૌ કરતાર સૃષ્ટિ ઉપજાવત, બાબજ નહીં બુરેકી;
વિષ્ટિ ભાવમે ખલક ખેલકી, નહીં ન કેદ સફુરેકી. ૨

શબ્દાર્થ

ત્યૌ = તેમ, તેવી જ રીતે **કરતાર** = સર્જનહાર **સૃષ્ટિ** = જગત **ઉપજાવત** = ઉપજાવે, ઉત્પન્ન કરે **બાબજ** = બાબત, હેતુ **નહીં** = નથી **બુરેકી** = ખરાબ, ખોટા **વિષ્ટિ ભાવમે** = રચનામાં, કાર્યના ભાવમાં **ખલક** = જગત **ખેલકી** = ઉત્પત્તિની **નહીં ન** = હતી નહીં **કેદ** = બંધન **સફુરેકી** = સ્ફુરણા, પ્રેરણા.

અનુવાદ

તેમ સર્જનહારે સૃષ્ટિ ઉપજાવી છે તેમાં ખરાબ હેતુ ન હતો. જગત ઉત્પત્તિની રચનાના ભાવમાં બંધનની સ્ફુરણા હતી જ નહીં.

ભાવાર્થ

તેવી જ રીતે સર્જનહારે જ્યારે સૃષ્ટિનું નિર્માણ કર્યું ત્યારે તેમના ઈરાદામાં કોઈ ખરાબ હેતુ હતો જ નહીં. તેમણે માત્ર સારા ઉદ્દેશથી જ વિવિધતાવાળી સૃષ્ટિની રચના કરેલી છે. વળી જગતની રચનાના ભાવમાં પણ કોઈ બંધનયુક્ત જીવન જીવે તેવી પણ અપેક્ષા ન હતી. જીવમાત્રને સુખ મળે તે દૃષ્ટિએ જ સર્વ રચનાનું નિર્માણ કરેલું છે.

જીવો સર્જનહારની વિભૂતીનો આદર સારી રીતે ન કરતાં કર્તાના નિયમનમાં રહ્યા વગર સ્વચ્છંદતાથી ઉપભોગ કરીને વેડફે, તો તેના માઠાં (ખરાબ) પરિણામ માટે સર્જનહારનો વાંક કદી પણ કાઢી શકાય નહીં.

કેદ્ય એક કર્તારકી અદ્‌ભુત, બીબાં જાત્ય ન બઢહી;
આદ્ય અંત મધ્ય લખ ચૌરાસી, કોઉ નવીન નહીં ઘડહી. ૩

શબ્દાર્થ

કેદ્ય = કરામત **એક** = એક **કર્તારકી** = સર્જનહારની **અદ્‌ભુત** = આશ્ચર્યજનક, અલૌકિક **બીબાં** = છાપ, આકાર **જાત્ય** = જાતિ **ન** = નહીં **બઢહી** = વૃદ્ધિ, વધારો **આદ્ય** = શરૂઆત **અંત** = પ્રલય, છેડો **મધ્ય** = પ્રસારાનો ગાળો **લખ ચૌરાસી** = ચોર્યાસી લાખ **કોઉ** = કોઈ **નવીન** = નવા **નહીં** = નહીં **ઘડહી** = બનાવે, ઘડે, પેદા કરે.

અનુવાદ

સર્જનહારની એક અલૌકિક કરામત એ છે કે, આદ્ય, મધ્ય અને અંતકાળ

પૈકી ચોર્યાસી લાખ પ્રકારનાં ઘાટોનાં બીબાંની જાતમાં વૃદ્ધિ થતી નથી તેથી કોઈ નવીન ઘાટો ઘડી શકે નહીં.

ભાવાર્થ

સર્જનહાર કૈવલ કર્તાએ સૃષ્ટિનું એવું અદ્ભુત સર્જન કર્યું છે, જેમાં એક કરામત છે કે તેમણે નિર્માણ કરેલા બુંદ-બીજકના આધારે વૃદ્ધિ પામતા ચોર્યાસી લાખ પ્રકારના ઘાટોના બીબાંની જાતિમાં અન્ય કોઈપણ (તેમાં) નવીન ઘાટ ઘડીને વૃદ્ધિ કરી શકે નહીં. તેમણે નિર્માણ કરેલ ઘાટ મુજબ જન્મ-મરણની ઘટમાળ ભોગવીને પરંપરાગત આદિથી અંતકાળ સુધીના પ્રસારા દરમિયાન નિરંતર તૈયાર કરેલ બીબાં મુજબ ઘાટનો વૃદ્ધિ-અંત થાય તેવી ગોઠવણ કરેલી છે.

ખુદ કર્તા ગત્ય એહી કરતસે, દેખો ચિદ ચતુરાઈ;
કુલ કુદરત એક બિંદુ બીજમેં, કાહા કછુ કહી ન જાઈ. ૪

શબ્દાર્થ

ખુદ કર્તા = સર્જનહારની પોતાની **ગત્ય** = ગતિ **એહી** = આ **કરતસે** = રચનાથી, કર્તવથી **દેખો** = જુઓ **ચિદ** = ચિદાકાર બ્રહ્મમાં **ચતુરાઈ** = હોંશિયારી **કુલ** = સમસ્ત **કુદરત** = રચના **એક** = એક **બિંદુ બીજમેં** = બિંદુ બીજકમાં **કાહા** = કહો, ક્યારેય પણ **કછુ** = કાંઈ **કહી ન જાઈ** = કહેવાય તેમ નથી, કહી શકાય તેમ નથી.

અનુવાદ

સર્જનહારે પોતાની ગતિ દ્વારા ચિદાકાર બ્રહ્મમાં રચેલી ચતુરાઈભરી રચનાને જુઓ. તે સમસ્ત રચના એક બિંદુ અને બીજકમાંથી થયેલી છે. તે અંગે ક્યારેય કાંઈપણ કહી શકાય તેમ નથી.

ભાવાર્થ

સર્જનહાર કૈવલ કર્તાએ પોતાની સજાણ જાણ ગતિથી ચિદાકાર બ્રહ્મ ભૂમિકામાં રચેલી સર્વ રચનાને નિહાળતાં તેમની ચતુરાઈ સમજમાં આવશે. આ સ્થાવર-જંગમ સહિત સર્વ ચોર્યાસી લાખ ઘાટોની રચના બુંદ અને બીજગના

સંયોગથી નિર્માણ કરેલી છે. આવી અદ્‌ભુત રચના અંગે ક્યારેય કશુંપણ કહી શકાય તેમ નથી.

યાવત હરિ હજરત અવિગત્યકે, જીનુ ઉર નહીં આરંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મલ ભરિયા મતિમંદુ. ૫

શબ્દાર્થ

યાવત = એવા, આ બધુ **હરિ** = પ્રભુ, કર્તા **હજરત** = માલિક **અવિગત્યકે** = જાણી ન શકાય એવા **જીનુ** = જેમના માટે, જેમના અંગે **ઉર** = હૃદયમાં **નહીં** = નથી **આરંદુ** = આરત, ઉત્કંઠા **તે** = તેવા **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = શઠ **મલ ભરિયા** = દુર્ગુણોથી ભરેલા **મતિમંદુ** = મંદ બુદ્ધિના.

અનુવાદ

એવા અવિગત કર્તા માલિકને પ્રાપ્ત કરવા માટે જેમના હૃદયમાં આરત નથી, તેવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો દુર્ગુણોથી ભરેલા અને મંદ બુદ્ધિના છે.

ભાવાર્થ

જેમના દ્વારા આવી અદ્‌ભુત રચના રચાઈ છે. એવા કર્તા માલિક જાણી ન શકાય તેવા અવિગત્ય છે. તેમને પ્રાપ્ત કરવા માટે જેઓના હૃદયમાં આરત નથી; તેવા અધર્મી, વ્યભિચારી, લાલચુ અને શઠ જીવો દુર્ગુણોથી ભરપૂર ભરેલા હોઈ મંદ બુદ્ધિના છે.

ચોસરા - ૬

ઓરુ સબ ઘટકે ખાનપાનકી, પોખત પુરુષ પુરાની;
પવન પસાવત વારી ચુવાવત, જીનું સુર શશી હુકમાની. ૧

શબ્દાર્થ

ઓરુ = અને, વળી **સબ** = દરેક, બધા, તમામ **ઘટકે** = ઘાટોના **ખાનપાનકી** = ખાવા-પીવાની, જરૂરી આહાર રૂપ હવા-પાણી અને ખોરાકની **પોખત** = જતન કરવું, પોષવું, સંતોષવું

પુરુષ પુરાની = પુરાણા પુરુષ **પવન** = પવન, હવા **પસાવત** = પસારો કરવો, ફેલાવવો **વારી** = પાણી **ચુવાવત** = વરસાવે **જીનું** = જેમનું **સુર** = સૂર્ય **શશી** = ચંદ્ર **હુકમાની** = હુકમમાં, કહ્યામાં.

અનુવાદ

વળી, સર્વે ઘાટોના ખાન-પાનની પોખણી પુરાણા પુરુષ કરે છે. પવનનો પસારો તેમજ પાણી વરસાવે છે. સૂર્ય અને ચંદ્ર પણ તેમનાં જ હુકમને માને છે.

ભાવાર્થ

વળી, પુરાણા પુરુષ કૈવલ કર્તાએ સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ કરી તેનું જતન કરે છે. તેથી જગતના તમામ પ્રકારના ઘાટોને જરૂરી હવા-પાણી અને ખોરાક મળી રહે તેવી વ્યવસ્થા પણ કરી છે. આ ઉપરાંત ઘાટોની સુખાકારી માટે બ્રહ્માંડમાં પવનનો પસારો કર્યો છે અને પાણી વરસાવે છે. આમ, મારુત અને ઈન્દ્રદેવની આદ્ય લઈ સૂર્ય અને ચંદ્ર પણ સર્જનહારના હુકમમાં રહીને પોતપોતાની ફરજ બજાવે છે.

વિવિધ ભાત્ય ખટ રસકે મેવા, લેવા મનુષ જનાંને;
રત્ય રત્યકે ભિન્ન ભિન્ન ભવમાંહી, સાંઈયા સકલ સરાંને. ૨

શબ્દાર્થ

વિવિધ = જુદા જુદા **ભાત્ય** = પ્રકાર **ખટ રસકે** = છ પ્રકારના રસ **મેવા** = ખાવા લાયક સૂકા કે લીલાં મીઠા રસદાર ફળ ફળાદિ **લેવા** = મેળવવા, પ્રાપ્ત કરવા **મનુષ જનાંને** = મનુષ્ય જનોને, માનવજાતિને **રત્ય રત્યકે** = ઋતુ ઋતુ મુજબ, મોસમ અનુસાર **ભિન્ન ભિન્ન** = જુદા જુદા, અલગ અલગ **ભવમાંહી** = વિશ્વમાં, જગતમાં **સાંઈયા** = માલિક, સર્જનહાર **સકલ** = દરેક **સરાંને** = તૃપ્તિ માટે, સંતોષ માટે.

અનુવાદ

મનુષ્યજાતિ જુદા-જુદા છ પ્રકારના રસોના મેવાની તૃપ્તિ કરી શકે તે માટે માલિકે જગતમાં જુદી-જુદી ઋતુઓનું નિર્માણ કર્યું છે.

ભાવાર્થ

સર્જનહાર કૈવલ કર્તાએ દરેક મનુષ્ય જાતિ મન પસંદ ખોરાક મેળવી છ

પ્રકારના રસાસ્વાદને માણી શકે તે માટે વિશ્વમાં અલગ-અલગ ઋતુઓનું નિર્માણ કર્યું છે. જેથી જુદી જુદી ઋતુમાં વિવિધતાવાળાં ફળ-ફળાદિની આદ્ય લઈ જુદી જુદી ખેત પેદાશ કરીને મનગમતા ભોજનનો સ્વાદ મેળવીને સંતોષ અનુભવી શકે.

એહી પરકાર સકલ પ્રતિપાલન, આપના જહાંન જીવનકુ;
સો પ્રભુ પરમ દયાલ કૃપાલને, બુઝત નહીં દેવનકુ. ૩

શબ્દાર્થ

એહી પરકાર = આ પ્રકારે **સકલ** = સર્વનું, તમામનું **પ્રતિપાલન** = જીવન નિર્વાહ, પાલનપોષણ, ભરણપોષણ **આપના** = પોતાના **જહાંન** = વિશ્વ, જગત **જીવનકુ** = જીવોનું **સો** = તેવા **પ્રભુ** = માલિક **પરમ દયાલ** = પરમદયાળુ **કૃપાલને** = કૃપાળુને **બુઝત** = જાણતા **નહીં** = નથી **દેવનકુ** = દીધા.

અનુવાદ

આ પ્રમાણે પોતાની બનાવેલી સૃષ્ટિના સમસ્ત જીવોનું ભરણ-પોષણ કરે છે એવા પરમદયાળુ, કૃપાળુ માલિકને જાણવા દીધા નથી.

ભાવાર્થ

સર્જનહારે આવી અદ્‌ભુત રચના સમસ્ત જગતના જીવોના કલ્યાણ માટે કરેલી છે. આવી રચનાના રચનાર કે જે સમસ્ત જીવોનું ભરણ-પોષણ કરે છે એવા પરમદયાળુ અને કૃપાળુ કર્તા-માલિકથી દૂર રાખી આવા અજ્ઞાનીઓએ જગતના જીવોને અવળા માર્ગે ચઢાવી દીધા છે. આ પ્રમાણે સાચા માલિકની ઓળખ થવા દીધી નથી.

તદપી અધમ કોહુ નહીં વા જનસે, પતિ તજ રહત આનંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મળ ભરીયા મતિ મંદુ. ૪

શબ્દાર્થ

તદપી = તેથી **અધમ** = નીચ, ધિક્કારને પાત્ર, તુચ્છકારને પાત્ર **કોહુ નહીં** = કોઈ નથી **વા** = તેવા, એમના જેવા **જનસે** = જનોથી **પતિ** = માલિક, સ્વામી **તજ** = ત્યજીને

રહત = રહે છે **આનંદુ** = આનંદમાં, મોજમાં, ખુશીથી **તે** = તેવા **સાકુટ** = સાકુટ **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = શઠ **મળ ભરીયા** = દુર્ગુણોથી ભરેલા **મતિ મંદુ** = મંદ બુદ્ધિના, અલ્પ સમજવાળા, અજ્ઞાની.

અનુવાદ

તેથી તેવા જનોથી અધમ કોઈ નથી કે જે પતિને ત્યજી આનંદમાં રહે છે. તેવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો દુર્ગુણોથી ભરેલા હોઈ અજ્ઞાની (મંદ મતિના) છે.

ભાવાર્થ

સર્જનહાર કે જે સર્વનું પાલન-પોષણ કરે છે તેમને જગતમાં અજાણ રાખનારા દુષ્ટ માનવો પતિને ત્યજીને અન્ય નાશવંત પદોમાં આનંદ માણે છે. તેટલા માટે જ કહી શકાય કે આવી કુવૃત્તિ ધરાવતા જે જીવો છે તે ધિક્કારને પાત્ર છે. તેમના જેવા અધમ જીવો બીજા કોણ હોઈ શકે ? કારણ કે આવા અધર્મી, વ્યભિચારી, લાલચુ અને શઠ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ચોસરા - ૭

અતિ હિણ તે હિણ સકલ ઉપજમે, અચર ચરાચર માંહી;
નિજ આપનું ઓરુ પતિપદકી ગત, જીનકુ ખોજ કછુ નાંહી. ૧

શબ્દાર્થ

અતિ = ઘણા, વિશેષ **હિણ તે હિણ** = નીચમાં નીચ, એકદમ હલકી કોટીનું **સકલ** = સર્વ, તમામ **ઉપજમે** = ઉત્પત્તિમાં, ઘાટોમાં **અચર ચરાચર** = સ્થાવર-જંગમ **માંહી** = માં **નિજ** = આદિ, મૂળ **આપનું** = પોતાનું, સ્વનું **ઓરુ** = અને **પતિપદકી** = પતિપદની, માલિકની **ગત** = ગતિ, સમજ **જીનકુ** = જેઓને **ખોજ** = શોધ **કછુ** = કાંઈ **નાંહી** = નથી.

અનુવાદ

પોતાના મૂળ સ્વરુપ અને માલિક અંગેની શોધ કરવાની જેઓને સમજ

નથી તેવા જીવો સ્થાવર-જંગમના સર્વ ઘાટોની ઉત્પત્તિમાં ઘણા અધમમાં અધમ છે.

ભાવાર્થ

જેઓ પોતાના શુદ્ધ ચૈતન અંશ સ્વરુપની અને જેમણે સર્વે રચનાને ઉત્પન્ન કરી છે તેવા કર્તા-માલિક અર્થાત અંશ જેમની સજાતિનો છે એવા અંશીની શોધ કરવા અંગે યોગ્ય જ્ઞાન ધરાવતા નથી. તેવા જીવો સંસારના સર્વ સ્થાવર-જંગમના ઘાટોમાં ઘણા હલકામાં હલકી કોટીના છે.

પુનિ તિનકે મૂખ બચન બેનકી, ઉપમા કહત સ મોઈ;
ખગચરમેં જયૌ ઉલક વાયસણી, જીનુ ઉચરનવત સોઈ. ૨

શબ્દાર્થ

પુનિ = વળી **તિનકે** = તેઓના **મૂખ** = મોં **બચન બેનકી** = ઉચ્ચારેલા વચનો રુપ વાણી **ઉપમા** = સરખામણી, ઉદાહરણ, તુલના **કહત** = કહું છું **સ** = તે **મોઈ** = હું **ખગચરમેં** = પક્ષીઓમાં **જયૌ** = જેમ **ઉલક** = ઘુવડ **વાયસણી** = કાગડી **જીનુ** = જેની **ઉચરનવત** = બોલે છે **સોઈ** = તેવી, તે પ્રમાણે.

અનુવાદ

વળી તેઓના મુખના વચનો રૂપ વાણી અંગે સરખામણી કરતા હું કહું છું કે પક્ષીઓમાં ઘુવડ અને કાગડી જેમ બોલે છે તેવી (તેમ) હોય છે.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જણાવે છે કે આવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવોના મુખમાંથી નીકળતી અશુભ, તિરસ્કાર અને અનિષ્ટતા ભરેલી અપ્રિય કડવી વાણી આકાશમાં ઊડતા પક્ષીઓ પૈકી ઘુવડ અને કાગડીની વાણી (બોલ) સાથે તુલના કરી શકાય તેવી અરૂચિકર હોય છે.

કીટ મહી જ્યૌ સરપ વિછુકી, આદ્ય ડંખ દૂર ઘટકી;
ત્યૌ સાકુટ ખલકુ પરસત ગત્ય, હોવત સહિત લંપટકી. ૩

શબ્દાર્થ

કીટ = કીટાણુ, કીટજાતિ **મહી** = માં **જ્યૌ** = જેમ **સરપ** = સર્પ, સાપ **વિછુકી** = વીંછીની **આદ્ય** = આદ્ય લઈ **ડંખ** = દંશ, કરડ, ઝેર **દૂર ઘટકી** = દુઃખદાયક, અશુભ ઘટનાયુક્ત, દુર્ઘટનાપૂર્ણ **ત્યૌ** = તેમ **સાકુટ** = અધર્મી **ખલકુ** = શઠને, દુષ્ટને **પરસત** = સ્પર્શ, સંબંધ **ગત્ય** = ની જેમ **હોવત** = હોય, થાય **સહિત** = સાથેની, આદ્ય લઈ **લંપટકી** = વ્યભિચારીની.

અનુવાદ

કીટ જાતિમાં સર્પ અને વીંછીની આદ્ય લઈ ડંખ મારવાની વૃત્તિ જેમ દુઃખદાયક છે, તેવી સાકુટ, ખલ અને લંપટના સંબંધની ગતિ હોય છે.

ભાવાર્થ

જેવી રીતે કીટ જાતિમાં રહેલા વિવિધ પ્રાણીઓ પૈકી સાપ અને વીંછીની આદ્ય લઈ જે જે કીટાણુઓની ઝેરી ડંખ મારવાની વૃત્તિ છે તે અન્યને માટે દુઃખદાયક છે. તેવી જ રીતે સંસારમાં અધર્મી, વ્યભિચારી અને શઠ જીવોની પણ આવી જ વૃત્તિ હોવાથી તેમની સાથેનો સંબંધ અન્યને કષ્ટદાયક નીવડે છે.

સાર સાર પરહરી પદ પરસિદ્ધ, અસત અસાર વિવંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મળ ભરીયા મતિમંદુ. ૪

શબ્દાર્થ

સાર સાર = સત્વ રૂપ શ્રેષ્ઠ, શાશ્વત **પરહરી** = ત્યજી, છોડી **પદ** = પદ **પરસિદ્ધ** = પ્રસિદ્ધ, જાહેર, પ્રખ્યાત **અસત** = મિથ્યા, અપ્રત્યક્ષ, અવ્યક્ત, પ્રગટ નહીં થયેલું **અસાર** = નાશવંત, મિથ્યા, સત્ત્વ નહીં તેવું **વિવંદુ** = વિશેષ વંદના કરનાર, અધિક સ્તુતિ કરનાર **તે** = તેવા **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = દુષ્ટ, શઠ **મળ ભરીયા** = દુર્ગુણોથી ભરેલા **મતિમંદુ** = મંદ બુદ્ધિના, અજ્ઞાની.

અનુવાદ

સાર રૂપ સત્ત્વને છોડી પ્રસિદ્ધ અને મિથ્યા તથા નાશવંત પદોની અધિક સ્તુતિ કરનાર એવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો દુર્ગુણોથી ભરેલા તથા અજ્ઞાની છે.

ભાવાર્થ

વિશ્વના સાર રુપ કૈવલકર્તાનું જે શાશ્વત પરમપદ છે તેને ત્યજીને દેવ-દેવીઓ અને અવતારાદિક પુરુષોના પ્રસિદ્ધ અને અપ્રત્યક્ષ નાશવંત પદો છે તેની અધિક સ્તુતિ-વંદના કરે છે, એવા વ્યભિચારી, અધર્મી, લાલચુ અને દુષ્ટ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ચોસરા - ૮

જલચરમેં જેમ જુડ મગરમચ્છ, ગ્રાહાસત જાત્ય વિજાતી;
ત્યૌ ચારુ ચરપટ જુગ જળમેં, સંત અસંત વિઘાતી. ૧

શબ્દાર્થ

જલચરમેં = જળચર જાતિમાં **જેમ** = જેમ **જુડ** = પાટુ મારવું, ઝાપટ મારવી **મગરમચ્છ** = મોટો મગર, મગર-માછલું **ગ્રાહાસત** = પકડે **જાત્ય** = જાતિ, સજાતીય **વિજાતી** = વિજાતિ, બિન જાતિ **ત્યૌ** = તેમ **ચારુ** = ચારેય **ચરપટ** = દુર્ગુણી **જુગ** = જગત **જળમેં** = જળમાં**સંત** = સંતપુરુષ **અસંત** = સંત નથી તેવા **વિઘાતી** = ઘા કરનારા, અડચણરૂપ, વિઘ્ન કરતા, બાધારૂપ.

અનુવાદ

જળચરમાં જેમ મગરમચ્છ ઝાપટ મારીને જાતિ તથા વિજાતિને પકડે છે. તેમ ચારેય દુર્ગુણી જનો ભવસાગરમાં સંત અને ગૃહસ્થીને વિઘ્નકર્તા છે.

ભાવાર્થ

જેવી રીતે જળચર જાતિમાં મોટા મગરમચ્છો પોતાનો શિકાર તરફ

ઝડપથી ત્રાટકીને પોતાના મુખમાં ભીડાવે છે. પછી ભલે તે શિકાર પોતાની જડચર સજાતિના અન્ય માછલાં હોય કે ભૂચર અથવા ખેચર જાતિના વિજાતિ પ્રાણી હોય, પરંતુ દરેકને શિકાર બનાવીને ભક્ષણ કરતા હોય છે. તેવી જ રીતે સંસાર-સાગરમાં મગરમચ્છની જેમ ફૂલ્યા ફાલેલા આ ચારેય પ્રકારના દુર્ગુણી જનો જગતમાં સંત હોય કે ગૃહસ્થી તેમ છતાં તેમને ઘા કરવાનું ચૂકતા નથી. અર્થાત્ સજ્જન અને દુર્જનો એમ બંનેને અડચણ રૂપ થતા હોય છે.

વહ્ન્ય મધ્ય જ્યૌ ધુમ્ર ઉપાયત, સૌ દુઃખ દે નૈનનકે;
ત્યૌ સાકુટ ભવમાંહી મુઝાવત, જ્ઞાન નેન હરિજનકે. ૨

શબ્દાર્થ

વહ્ન્ય = અગ્નિ, દેવતા, આગ **મધ્ય** = માં, અંદર **જ્યૌ** = જેમ **ધુમ્ર** = ધુમાડો **ઉપાયત** = ઉત્પન્ન થાય **સૌ** = દરેકને **દુઃખ** = દુઃખ, હેરાનગતિ, પીડા, સંકટ, આપત્તિ **દે** = આપે **નૈનનકે** = આંખોને **ત્યૌ** = તેમ **સાકુટ** = અધર્મી, પાપી **ભવમાંહી** = સંસારમાં, જગતમાં, ભવમાં **મુઝાવત** = રિબાવવું, અકળાવવું **જ્ઞાન નેન** = જ્ઞાનનેત્રો, જ્ઞાનચક્ષુ **હરિજનકે** = સજ્જનોને, પ્રભુના માર્ગમાં ગમન કરનારાઓને, ભક્તોને.

અનુવાદ

આગમાં જેમ ધુમાડો ઉપજે અને સૌની આંખોને દુઃખ આપે છે. તેમ સાકુટ જીવો ભક્તોના જ્ઞાન ચક્ષુને મુંઝાવે છે.

ભાવાર્થ

જ્યારે આગ લાગે છે ત્યારે ધુમાડાના ગોટે ગોટા ચારે તરફ પ્રસરે છે. જે આજુબાજુ રહેલા સર્વની આંખોને દુઃખ આપે છે. તેવી જ રીતે જગતમાં અધર્મી જીવો ધુમાડાના ગોટાની માફક હોઈ ધર્મમય જીવન જીવતા ભક્તજનોના જ્ઞાનચક્ષુને અડચણરૂપ થતા હોય છે.

ઓરુ અપકે બુંદ બુદંગ લહેર મહી, ભમર નાવ ભરમાવે;
ત્યૌ હરિ અપ ભવ બુદંગ તરંગ મહી, ખલ ગતિ ભમર કહાવે. ૩

શબ્દાર્થ

ઓરુ = અને, વળી **અપકે** = પાણીના **બુંદ બુદંગ** = પરપોટા **લહેર મહી** = લહેરીઓમાં **ભમર** = પાણીમાં પડતી ભમરી, વમળ, પાણીના તરંગોની અંદર પડતી ઘૂમરી-ચકરી **નાવ** = નાવડું **ભરમાવે** = ગુંચવાવવું, આડે રસ્તે દોરવું, ભટકાવી દેવું, ડુબાડવું **ત્યૌ** = તેમ **હરિ** = પ્રભુ **અપ ભવ** = ભવસાગર **બુદંગ** = પરપોટા **તરંગ મહી** = તરંગોમાં **ખલ ગતિ** = શઠ ગતિના **ભમર** = ભમરી, વમળ **કહાવે** = કહેવાય.

અનુવાદ

વળી પાણીના લહેરમાં થતી પરપોટાની ભમરી નાવને ચકરાવામાં (ચગડોળે) ચઢાવે છે. તેમ પ્રભુરૂપ ભવસિંધુમાંના પરપોટાના તરંગોમાં ખલ ગતિના જીવો ભ્રમર રૂપ કહેવાય છે.

ભાવાર્થ

વળી પાણીની લહેરમાં પડતી પરપોટાની ભમરી પોતાના વમળમાં થઈને પસાર થતી નાવને ચકરાવે ચઢાવે છે તેમ પ્રભુ ભક્તિના ભાવસિંધુ રૂપ પરપોટાના તરંગોમાં ખલ ગતિના જીવો ભમરી રૂપ કહેવાય છે. કારણ કે પ્રભુ ભક્તિમાં તરબોળ બનેલા નાવ રૂપ ભક્તજનોને ખલ જીવો પોતાની જાળમાં ફસાવીને ચકરાવે ચઢાવે છે.

નિરકે ભમર જયું નાવ ભમાવત, ખલ નીજ ચિત્ત ચલવંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મલ ભરીયા મતિમંદુ. ૪

શબ્દાર્થ

નિરકે = પાણીના **ભમર** = ભમરી **જયું** = જેમ **નાવ** = નૌકા, હોડી **ભમાવત** = ભમાવે છે **ખલ નિજ** = ખલ મૂળ પોતાનો **ચિત્ત** = ચિત્ત **ચલવંદુ** = ચક્રીત, ચગડોળે ચઢેલ **તે** = તેવા **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = દુષ્ટ **મલ ભરીયા** = દુર્ગુણથી ભરેલા **મતિમંદુ** = મંદ બુદ્ધિના, અજ્ઞાની.

અનુવાદ

જેમ પાણીની ભમરી નૌકાને ભમાવે છે તેમ ખલ પોતાના ચિત્તને ચગડોળે ચઢાવે

છે. તેવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ભાવાર્થ

જેવી રીતે પાણીમાં ઉદ્ભવતી ભમરી નૌકાને ભમાવી ચગડોળે ચઢાવી દે છે. તેવી જ રીતે સંસાર-સમુદ્રમાં પેદા થયેલા ખલ જીવો ચક્રવાત ભમરીની જેમ પોતાના ચિત્તને ભમાવી ચકડોળે ચઢાવે છે. એવા અધર્મી, વ્યભિચારી, લાલચુ અને દુષ્ટ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની હોય છે.

ચોસરા - ૯

ઓરુ સકલ સબ પશુ જોન્યમેં, વરુ રીંછ રજ આદુ;
જહાં તહાં જીવન ઘેર દુઃખ દેવત, ત્યૌ ઈત ચતુર વિખાદુ. ૧

શબ્દાર્થ

ઓરુ = અને, વળી **સકલ સબ** = તમામ, બધા **પશુ** = પશુઓ **જોન્યમેં** = જાતિમાં **વરુ** = વરૂ, કૂતરાના જેવું મોં અને રીંછના જેવા વાળ ધરાવતું એક માંસાહારી જંગલી જાનવર (પ્રાણી) **રીંછ** = રીંછ **રજ** = નાના, અલ્પ **આદુ** = વગેરેની આદ્ય લઈને **જહાં** = જ્યાં **તહાં** = ત્યાં **જીવન** = જીવોને **ઘેર** = ઘેરીને **દુઃખ** = પીડા **દેવત** = આપે **ત્યૌ** = તેમ **ઈત** = આ **ચતુર** = ચારેય **વિખાદુ** = કજિયા કરનાર, તકરારી.

અનુવાદ

વળી સર્વ પશુ જાતિમાં વરુ, રીંછની આદ્ય લઈ નાના પ્રકારના પ્રાણી જ્યાં ત્યાં જીવોને ઘેરીને પીડા આપે છે તેમ આ ચારેય કજિયાખોર છે.

ભાવાર્થ

વળી સર્વ પશુ જાતિમાં વરુ, રીંછ અને નાના પ્રકારના જંગલી હિંસક પ્રાણીઓ જ્યાં શક્ય હોય ત્યાં મોકો જોઈને અન્ય જીવોને ઘેરીને તેનું ભક્ષણ કરે છે. તેમજ દુઃખ પહોંચાડે છે. તેવીજ રીતે જે તે પ્રકારે આ ચારેય કજિયાખોરી કરતા જીવો સંસારમાં અન્ય માનવોને પીડાકારક હોય છે.

જ્યૌ કંટકમહી અવલ કંટકવત, પકરત સકલ પદરકુ;
ત્યૌ સાકુટ લંપટ લોભી ખલ, ઝકર કરત નર નરકુ. ૨

શબ્દાર્થ

જ્યૌ = જેમ **કંટકમહી** = કાંટાંઓમાં, કાંટાની જાતિમાં **અવલ કંડકવત** = અવળા કાંટાવાળો **પકરત** = પકડે **સકલ** = દરેક **પદરકુ** = પાલવને, વસ્ત્રના છેડાને **ત્યૌ** = તેમ **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = દુષ્ટ , શઠ **ઝકર કરત** = ઝકડી રાખે છે, ખેંચતાણ કરે છે, વાદ વિવાદ કરીને **નર નરકુ** = પ્રત્યેક માનવોને, માનવજાતને.

અનુવાદ

જેમ કાંટાની જાતિમાં અવળકંટક દરેક વસ્ત્રના છેડાને પકડે છે. તેમ સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો પ્રત્યેક માનવોને જકડી રાખે છે.

ભાવાર્થ

જેમ કાંટાની જાતિમાં અવરકંટક છોડના કાંટા અવળા વળી ગયેલા હોવાથી રસ્તે ચાલતા રાહદારીઓના કપડામાં એવા ભરાઈ જાય છે કે તેને કાઢતાં કપડાં પણ ફાટી જાય છે. તેવી જ રીતે સંસારમાં વ્યભિચારી, અધર્મી, લાલચુ અને દુષ્ટ જીવોના સંપર્કમાં જે કોઈ આવે છે તેવા દરેકને નાહકના-વ્યર્થ, વાદ-વિવાદ કરીને હેરાન કરે છે.

અખિલ આયુધમહી ભીલન ભાલ ગત્ય, ગડયા ન નીકસત તનથી;
ત્યૌ સાકુટ વેધીત હરિજન ઉર, નીકસત નહીં ડર મનથી. ૩

શબ્દાર્થ

અખિલ = સમસ્ત **આયુધમહી** = હથિયારોમાં **ભીલન** = ધનુષ્યબાણમાં અવલ જાતિ, તીર-કામઠાં ધારણ કરનાર આદિવાસી જાતિ **ભાલ** = ભાલા **ગત્ય** = ની જેમ, જેવી, જો **ગડયા** = પેંસી ગયા પછી, ભોંકાઈ જતાં **ન** = નહીં **નીકસત** = નીકળે **તનથી** = શરીરમાંથી **ત્યૌ** = તેમ, તેવી જ રીતે **સાકુટ** = અધર્મી, પાપી **વેધીત** = વીંધવું **હરિજન** = પ્રભુના ભક્તો, હરિભક્તો **ઉર** = હૃદય **નીકસત** = નીકળતા **નહીં** = નથી **ડર** = ભય **મનથી** = મનમાંથી.

અનુવાદ

સર્વે હથિયારોમાં ભીલના ભાલા જો ભોંકાઈ જાય તો શરીરમાંથી નીકળતા નથી. તેમ સાકુટ હરિજનોના હૃદય વીંધે છે. જેનો ડર મનમાંથી નીકળતો નથી.

ભાવાર્થ

સર્વ પ્રકારના હથિયારોમાં ભીલ જાતિ જે તીર-કામઠાં ધારણ કરે છે. તેમની પાસે રહેલા તીરનો ભાલો જો કોઈના શરીરમાં ભોંકાય તો તે સહેલાઈથી બહાર નીકળતો નથી. તેવી જ રીતે સંસારમાં જે સાકુટ જીવો છે તેઓના બાણ રૂપી શબ્દો, પ્રભુ ભક્તિ કરનારા સજ્જન નર-નારીના હૃદયમાં એવા સોંસરા ઊતરી જાય છે કે જેનો ભય મનમાંથી એકદમ (તરત) નીકળી શકતો નથી.

પ્રથમ ભક્ત જેહી જીન કુલ ઉપજત, રહનન દેત નચંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મલ ભરીયા મતિમંદુ. ૪

શબ્દાર્થ

પ્રથમ = પ્રારંભમાં, પહેલાં, શરૂઆતમાં **ભક્ત** = ભક્તિ કરનાર વ્યક્તિ **જેહી** = જે **જીન** = જેના **કુલ** = કુળમાં, જાતિમાં **ઉપજત** = પેદા થાય, નિપજે **રહનન દેત** = રહેવા દેતા નથી **નચંદુ** = નિશ્ચિતવત્, શાંતિથી, નિરાંતે **તે** = તેવા **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = દુષ્ટ, શઠ **મલ ભરીયા** = દુર્ગુણોથી ભરેલા **મતિમંદુ** = મંદ બુદ્ધિના, અજ્ઞાની.

અનુવાદ

જેના કુળમાં જે પ્રથમ ભક્ત નીપજે તેમને નિરાંતે રહેવા દેતા નથી. એવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની હોય છે.

ભાવાર્થ

જેના કુળમાં જન્મેલ પ્રથમ સંતાન જો શરૂઆતથી જ ભક્તિ માર્ગે જીવન જીવીને રહે તો તેવી વ્યક્તિને (જે ભક્ત નીપજે તેને) મનની એકાગ્રતા રાખીને નિરાંતે ભક્તિમય જીવન જીવવા દેતા નથી. જાતિ, કુળ કે સમાજના રીતિ રીવાજની મર્યાદાના બંધનો ઉભા કરીને ભક્તિ માર્ગથી વિમુખ કરવા સામ,

દામ, દંડ અને ભેદની વૃત્તિઓ અજમાવે છે. તેવા અધર્મી, વ્યભિચારી, લાલચુ અને શઠ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ચોસરા - ૧૦

પુનહી સાખ્ય સાકુટ ડરપનકી, જગત વદીત વિદવાનુ;
ઋષિપત્ની નિજ કૃષ્ણ સમાગ્યમ, છપી છપી કરત ડરાનુ. ૧

શબ્દાર્થ

પુનહી = વળી **સાખ્ય** = સંમતિ, સાક્ષી **સાકુટ** = અધર્મીઓ **ડરપનકી** = ડરાવવાની, દુ:ખ દેવાની **જગત** = જગતમાં **વદીત** = કથી છે, દર્શાવી છે, બોલેલા છે, જણાવ્યું છે **વિદવાનુ** = વિદ્વાનોએ, જ્ઞાની જનોએ **ઋષિપત્ની** = ઋષિમુનિની પત્ની **નિજ કૃષ્ણ** = શ્રી કૃષ્ણ પોતે, શ્રી કૃષ્ણ જાતે **સમાગ્યમ** = સત્સંગ, મેળાપ **છપી છપી** = છુપાઈ છુપાઈને **કરત** = કરતા **ડરાનુ** = પીડા, ડરવાનું, દુ:ખી કરવું.

અનુવાદ

વળી જગતમાં વિદ્વાનોએ સાકુટની પીડા માટે લખ્યું છે કે શ્રી કૃષ્ણ સાથે સત્સંગ માટે ઋષિપત્નીઓ છુપાઈ છુપાઈને જતી હતી, કારણ કે તેઓ પીડા આપતાં હતા.

ભાવાર્થ

વળી જગતમાં જે જ્ઞાની વિદ્વાન પુરુષો થઈ ગયા તેઓએ તેમના દ્વારા લખાયેલા પુસ્તકોમાં અધર્મી જીવો કેવા હોય તેની ખુબજ સરસ રીતે સ્પષ્ટતા કરેલી છે. ઋષિમુનિઓની પત્નીઓ છુપાઈ છુપાઈને શ્રી કૃષ્ણની સાથે સત્સંગ કરવા જતી હતી ત્યારે તેમને દુ:ખ દેતા અને હેરાન કરતા હતા. આ રીતે ધર્મમય પ્રવૃત્તિ કરતી ઋષિપત્નીઓને તેઓ કુળની મર્યાદાના બહાને ભક્તિમાં ભંગ પાડીને બાધા રૂપ બનતા હતા.

ઈશ્વરતા જીનું જ્ઞાન રાજ્યપદ, સહિત સાજ જેહી ભયેવું;
તીનુ સંગે રત્ય કરત ગોપી જન, જદપી ડરપ નહીં ગયેવુ. ૨

શબ્દાર્થ

ઈશ્વરતા = ઐશ્વર્ય **જીનું** = જેમનામાં **જ્ઞાન** = સમજ **રાજ્યપદ** = રાજ્યનું પદ, રાજ્યાસન **સહિત** = સાથે, ની આદ્ય લઈ **સાજ** = સરંજામ, સાધન **જેહી** = જે **ભયેવું** = હતા **તીનુ સંગે** = તેમની સાથે **રત્ય** = પ્રેમ **કરત** = કરતી **ગોપી જન** = ગોપીઓ **જદપી** = જ્યારે, તેમ છતાં **ડરપ** = ભય, બીક, ડર **નહીં** = નહીં **ગયેવુ** = ગયેલો.

અનુવાદ

શ્રીકૃષ્ણ ઐશ્વર્યવાન, જ્ઞાની, રાજપદ ધારી અને સાધન સંપન્ન હતા. તેમ છતાં તેમની સાથે આનંદ કરનાર ગોપીઓનો ડર ગયેલો નહીં.

ભાવાર્થ

શ્રીકૃષ્ણ ઐશ્વર્યવાન, જ્ઞાની અને પોતાના રાજ્યની રાજ્યગાદી પર બિરાજમાન શક્તિશાળી તથા સાધન સંપન્ન પુરુષ હતા. તેમ છતાં તેઓની સાથે સત્સંગનો આનંદ માણવા માટે ગયેલી ગોપીઓના મનમાં જે સાકુટ જીવોનો ભય હતો તે ગયો નહોતો. અર્થાત્ શક્તિશાળી પુરુષના શરણમાં ગયા પછી પણ સાકુટ જીવો દ્વારા કરવામાં આવતી પજવણીની પીડાનો ભય ગોપીઓના મનમાંથી ગયો ન હતો, અર્થાત સતત સતાવતો હતો.

તદપિ ત્રાસ હરિજન સાકુટકે, રહત વેર નિસવાસુ;
જયૌ કદલી ઢીંગ બદરી બરખવત, કરત છેદ તન જાસુ. ૩

શબ્દાર્થ

તદપિ = તો પણ, એમ છતાં, તોય **ત્રાસ** = જુલમ, ધાક, ડર, ભય, બીક **હરિજન** = પ્રભુના પ્યારા ભક્તો, ભક્તજન **રહત** = રહે છે **વેર** = દુશ્મની **નિસવાસુ** = નિરંતર, હમેશાં, નિત્ય, રાત અને દિવસ **જયૌ** = જેમ **કદલી** = કેળ **ઢીંગ** = નજીક **બદરી** = બોરડી **બરખવત** = વૃક્ષ **કરત** = કરે છે **છેદ** = કાણાં **તન** = શરીર **જાસુ** = જે બાજુ.

અનુવાદ

એમ સાકુટનો ત્રાસ હરિજનો સાથે દુશ્મનીના રૂપમાં હંમેશને માટે રહેલો હોય છે. જેમ કેળની બાજુમાં બોરડીનો છોડ તેના તરફના શરીરને વીંધે છે.

ભાવાર્થ

એમ સાકુટ જીવોનો ત્રાસ પ્રભુ ભક્તિ કરતા ભક્તજનો સાથે દુશ્મનીના રૂપમાં સદાને માટે હોય છે. જેમ કે બોરડીના છોડની સાથે કેળ હોય તો જે બાજુ બોરડી હોય તે બાજુના કેળના પાના (પાંદડા)ને બોરડીના કાંટા કાણા પાડી દે છે. આ દુઃખદાયક દુશ્મની બોરડીના કાંટા તરફના કેળના પાંદડાંને સદાને માટે ભોગવવી પડે છે.

એહી વિધિ કરણી કરન નર ભવસે, કીસ વિધ્ય ભવિત પારંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મળ ભરીયા મતિમંદુ. ૪

શબ્દાર્થ

એહી વિધિ = આ રીતે, આ પ્રમાણે **કરણી** = કર્મ **કરન** = કરીને **નર** = માનવી **ભવસે** = ભવમાંથી **કીસ વિધ્ય** = કેવી રીતે, ક્યા પ્રકારે **ભવિત** = થાય, થશે **પારંદુ** = પાર, પેલે કિનારે **તે** = તેવા **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = દુષ્ટ, શઠ **મળ ભરીયા** = દુર્ગુણોથી ભરેલા **મતિમંદુ** = મંદ બુદ્ધિના, અજ્ઞાની.

અનુવાદ

આ પ્રમાણે કર્મો કરીને માનવી ભવમાંથી કેવી રીતે પાર થાય ? કારણ કે આવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા પ્રમાણે હલકટ કર્મો કરનાર માનવી, જન્મ-મરણ રૂપ ભવ સંકટમાંથી મુક્ત થઈ પરમ મોક્ષને કેવી રીતે પ્રાપ્ત કરી શકે ? કારણ કે તેવા અધર્મી, વ્યભિચારી, લાલચુ અને શઠ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની હોય છે.

ચોસરા - ૧૧

યુગન યુગન ઈતકે ઈત અટવત, ઘટત શબ્દ ખરવતસે;
સહત ત્રાસ અતિ જન્મ મરણ તન, તોહુન ચલત મહોબતસે. ૧

શબ્દાર્થ

યુગન યુગન = યુગોના યુગો **ઈતકે ઈત** = અહીંના અહીં **અટવત** = આંટા મારે, અટવાયા કરે **ઘટત** = ઘટે **શબ્દ** = શબ્દ **ખરવતસે** = ગધેડા જેવા **સહત** = સહે, સહન કરે **ત્રાસ** = દુઃખ **અતિ** = ઘણી, મહાન **જન્મ મરણ** = જન્મ અને મરણ **તન** = શરીર, ઘાટ **તોહુન** = તો પણ નહીં **ચલત** = ચાલતા, જિંદગી જીવતા **મહોબતસે** = મૈત્રીભાવ, સ્નેહ, પ્રેમ, પ્યાર, ઓળખાણ, પિછાણ.

અનુવાદ

યુગોના યુગોથી અહીંના અહી અટવાયા કરતા હોઈ તેમના માટે ગધેડા શબ્દ ઘટે છે. જન્મ-મરણની ઘટમાળનો મહાન ત્રાસ સહે છે તો પણ પ્રેમ-ભાવ કરીને ચાલતા નથી.

ભાવાર્થ

આવા દુર્ગુણી જીવો પ્રારંભકાળથી અત્યાર સુધીના સમય પૈકી યુગોના યુગોથી અહીના અહી જ મૃત્યુલોકમાં પારિવારિક બોજાને વેઠી અટવાયા કરતા હોઈ તેમને ગધેડાની જ ઉપમા ઘટે છે. વળી, જન્મ અને મરણની ઘટમાળનો મહાન ત્રાસ સહન કરે છે, છતાં પણ આવા કર્માધીન જીવો પ્રભુ પ્રત્યે પ્રેમ અને ભાવ ધારણ કરીને સદ્‌માર્ગે જીવન જીવતા નથી. અર્થાત્ પોતાના ચૈતન-સ્વરૂપને ઓળખીને પરમપદ પામવાના માર્ગે ગમન કરતા નથી.

ઈંટમાંહી ખીંગાર ઉપજ જેહુ, પાત્ર કુલાલ પકવમે;
ટેઢા મુખ ફુટલ ફોગટ ઘટ, ત્યૌ નીપજ ખલ ભવમે. ૨

શબ્દાર્થ

ઈંટ માંહી = ઈંટમાં **ખીંગાર** = ખૂબ પાકી ગયેલુ, ખોડીલું, ખંજર, રાશિ **ઉપજ** = ઉત્પત્તિ, પેદાશ **જેહુ** = જે **પાત્ર** = વાસણ, ભાંડ, ભાજન **કુલાલ** = કુંભાર, પ્રજાપતિ **પકવમે** = પકવવામાં,

તપાવવામાં **ટેઢા મુખ** = વાંકા ચૂકા મુખવાળા **ફૂટલ** = તૂટેલા, ફૂટેલા **ફોગટ** = વ્યર્થ, નકામાં **ઘટ** = ઘડા **ત્યૌ** = તેમ **નીપજ** = ઉત્પન્ન થાય, પાકે **ખલ** = દુષ્ટ, શઠ **ભવમે** = જગતમાં, સંસારમાં, વિશ્વમાં.

અનુવાદ

ઈંટમાં રાશિ ઉપજ અને પ્રજાપતિ વાસણ પકવે તેમાં વાંકાચૂકા મોંઢાવાળા કે ફૂટેલા ઘડાં (પાત્રો) વ્યર્થ હોય છે તેમ વિશ્વમાં ખલ જીવો પેદા થાય છે.

ભાવાર્થ

ચીકણી માટીમાંથી બનાવેલ કાચી ઈંટોને પકવતી વખતે ઈંટવાળાના ભઠ્ઠામાં ગોઠવવામાં આવે ત્યારે વધુ પડતા તાપમાનને કારણે ઘણી દાઝી ગયેલી અને ખરાબ ઈંટો પણ નીકળતી હોય છે. વળી જ્યારે પ્રજાપતિ નિભાડામાં વાસણો પકવે છે. તેમાં ઘણા વાંકા-ચૂકા મોંવાળા ઘડા કે ફૂટેલા હોય તે પાત્રો (વાસણો) નકામાં થઈ જાય છે. આવી પેદાશ કોઈ ઉપયોગમાં આવતી નથી. ઉપયોગમાં ન લેવાના કારણે તે રદ-બાતલ ગણાય છે. તેમ જગતમાં પણ વિવિધ પ્રકારની ઉત્પત્તિમાં ખલ જીવો પણ પેદા થતા હોય છે. જેઓ પારિવારિક, સામાજિક કે ધર્મ પરાયણ પ્રવૃત્તિ માટે બિન ઉપયોગી હોઈ સદ્કાર્યોના કામમાં આવતા નથી.

ચીભડ આદ્ય ઓરુ તુરૈ તુંબમહી, ફલીત કોહુ કટુકાઈ;
ખાનપાન તેહી અરથ ન આવત, ત્યૌ સાકુટ સમતાઈ. ૩

શબ્દાર્થ

ચીભડ = ચીભડા **આદ્ય** = ની આદ્ય લઈ, સહિત **તુરૈ** = તુરિયાં **તુંબમહી** = તુમ્બડામાં **ફલીત** = પેદા થાય, પાકે, ફળે **કોહુ** = કોઈ **કટુકાઈ** = કડવા **ખાનપાન** = ખાવાપીવા **તેહી** = તે **અરથ** = કામ **ન** = નહીં **આવત** = આવતા **ત્યૌ** = તેમ **સાકુટ** = અધર્મી **સમતાઈ** = તેમના જેવા, સરખા, સમાન.

અનુવાદ

ચીભડાંની આદ્ય લઈને તુરિયાં અને તુંબડીમાં કોઈ કડવા પેદા થાય છે.

તે ખાવા-પીવાના ઉપયોગમાં આવતા નથી. તેમ સાકુટ જીવો પણ તેમના જેવા જ છે.

ભાવાર્થ

વનસ્પતિમાં વેલી જાતિના વિવિધ પ્રકારના શાક-ફળ થાય છે. તેમાં ચીભડાંની આદ્ય લઈને તુરિયાં, તુંબડીના ફળો સામાન્ય રીતે મીઠા હોઈ ખાવા-પીવાનાં કામમાં ઉપયોગી છે, પરંતુ કોઈ વખત તેમાં કેટલાંક કડવાં ફળ પણ પાકતાં હોય છે કે જેનો ઉપયોગ માનવી ખોરાક તરીકે કરી શકાતો નથી. તેવી જ રીતે સાકુટ જીવો છે. જે સદાને માટે કડવા ફળો જેવાં હોઈ સમાજના કોઈ કામમાં આવતા નથી.

જ્યૌ ખોટા ખડવત ખલકમહી, વ્રથા દેહ ધારંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મલભરીયા મતિમંદુ. ૪

શબ્દાર્થ

જ્યૌ = જેમ, જેવી રીતે **ખોટા** = ખરાબ, નુકશાનકારક **ખડવત** = બિન જરૂરી ઘાસ જેવા **ખલકમહી** = સંસારમાં, વિશ્વમાં **વ્રથા** = નકામાં, વ્યર્થ, ફોગટ **દેહ** = ઘાટ, શરીર **ધારંદુ** = ધારણ કરે છે **તે** = તેવા **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = દુષ્ટ, શઠ **મલભરીયા** = દુર્ગુણોથી ભરેલા **મતિમંદુ** = મંદબુદ્ધિના, અજ્ઞાની.

અનુવાદ

ખરાબ ખડની જેમ સંસારમાં વ્રથા દેહ ધારણ કરેલો છે તેવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ભાવાર્થ

ખેડૂતો પોતાના ખેતરમાં ખેતી કરે છે ત્યારે બિયારણને જરૂરી ખાતર-પાણીનું સિંચન કરતા હોય છે. જેથી પાક વધારે અને સારો મેળવી શકાય, પરંતુ ખેતરમાં પાક સાથે સાથે નુકશાનકારક એવું બિન જરૂરી ઘાસ પણ ઊગી નીકળે છે. તે જમીનમાંથી રસ-કસ ચૂસી લેતું હોવાથી સારા પાકને જરૂરી પોષણ મળતું નથી.

તેવી જ રીતે જગતમાં વ્રથા દેહ ધારણ કરીને રહેલા અધર્મી, વ્યભિચારી, લાલચુ અને શઠ જીવો છે, જે માત્ર દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની હોઈ સંસારને હાનિકારક નીવડે છે.

ચોસરા - ૧૨

પુષ્પ મહી જહુ વંઝ કુસ્મ ગત્ય, ઓરુ જીનું શીશ ન ધરહી;
એહી વિધકે સાકુટ ખલ લંપટ, શુભ ગતિ અરથ વિતરહી. ૧

શબ્દાર્થ

પુષ્પ મહી = ફુલમાં **જહુ** = જેમ, જે **વંઝ** = નપુંસક, વાંઝિયું, વ્યંઢળ, સ્વ ગુણ રહિત, વ્યંધ્યત્વવાળું **કુસ્મ** = ફુલ **ગત્ય** = ની જેમ **ઓરુ** = બીજાને **જીનું** = જેનું, જેને **શીશ** = માથે **ન** = નહીં **ધરહી** = ધરવામાં આવે, ધરાય, ધરે **એહી** = એ **વિધકે** = પ્રમાણે **સાકુટ** = અધર્મી **ખલ** = દુષ્ટ, શઠ **લંપટ** = વ્યભિચારી **શુભ** = મંગળકારી, ઉત્તમ પ્રકારની **ગતિ** = સમજ, જ્ઞાન **અરથ** = પુરુષાર્થ, મતલબ-સાર, સત્ય, મુદ્દો **વિતરહી** = વિનાના.

અનુવાદ

પુષ્પમાં જેમ વંધ્યત્વ ગતિના ફૂલો બીજાના માથે ધરાતા નથી. તેમ સાકુટ, ખલ અને લંપટ જીવો ઉત્તમ ગતિ રૂપ જ્ઞાનના સત્વ વિનાના છે.

ભાવાર્થ

પુરુષમાં પુરુષત્વનો ગુણ કે સ્ત્રીમાં સ્ત્રીત્વનો ગુણ ન ધરાવતા વાંઝિયાની જેમ પુષ્પ ભલે દેખાવમાં અતિ સુંદર હોય પણ જેમાં સુગંધીનો ગુણ ન હોય તેવા પુષ્પત્વ વિનાના બિન સુગંધી ફૂલો આરાધ્ય દેવો કે અન્ય મહાપુરુષોના માથે ચઢાવાતા કે ધરાવાતા નથી. તેવી જ રીતે સંસારમાં સાકુટ, ખલ અને લંપટ જીવો મંગળકારી ગતિનો અભાવ ધરાવતા અને સાર સિવાયના વંધ્યત્વ જેવા હોય છે અર્થાત્ તેમનામાં ઉત્તમ ગતિના જ્ઞાનનો અભાવ જોવા મળે છે. જેથી કદી પણ ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરી શકતા નથી.

ઈન્દ્રિ સકલમહી ઉભયે અશુભ વત, ગુદ્યે ઉપસ્થ બેરાનું;
તીનુ સરભર ખલ નર હી નખેદન, અશુભ કાજ અભીરાનુ. ૨

શબ્દાર્થ

ઈન્દ્રિ = ઈન્દ્રિયો **સકલમહી** = સર્વમાં **ઉભયે** = બે, બંને **અશુભ વત** = અમંગળકારી, અપવિત્ર **ગુદ્યે** = ગુદા, મુલાધાર **ઉપસ્થ** = જનનેન્દ્રિય, સ્વાધિષ્ઠાન દ્વાર લિંગ સ્થાન **બેરાનું** = વેરાન, નિષિદ્ધ, અયોગ્ય **તીનુ** = તેમની **સરભર** = સરખા, સમઘાત **ખલ** = દુષ્ટ,શઠ **નર હી** = માનવો, જનો, જીવો **નખેદન** = હીણ, નઠારું, ક્રુર **અશુભ** = અમંગળ, નરસું, ખરાબ, અશુદ્ધ **કાજ** = કામ **અભીરાનુ** = અભીરામ, આનંદ, સુખ.

અનુવાદ

સર્વે ઈન્દ્રિયોમાં બે અશુભ ગતિની છે. જેમાં ગુદા અને ઉપસ્થ નિષિદ્ધ છે. તેની સમઘાત (સમાન) ખલ જીવો નઠારા છે જે અશુભ કામમાં જ આનંદિત હોય છે.

ભાવાર્થ

શરીરની પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયો સહિત બધી ઈન્દ્રિયોમાં બે ઈન્દ્રિઓ અપવિત્ર ગણાય છે. જેમાં ગુદા અને ઉપસ્થનો સમાવેશ થાય છે, જે નિષિદ્ધ ઈન્દ્રિયો ગણાય છે. આવી અપવિત્ર ઈન્દ્રિયોની સરખામણી ખલ જીવો સાથે કરવામાં આવી છે. જે નઠારા હોઈ અપવિત્ર કાર્યો કરવામાં જ અવિરતપણે આનંદિત થઈને રહેતા હોય છે.

ઓરુ જેસે અંગાર જવારમહી, બીનહુ કાજ કણ સોઈ;
ત્યૌ સાકુટ ઉપજણ્ય જુગ જવારીત, તલબ વિના તન ઓઈ. ૩

શબ્દાર્થ

ઓરુ = અને, વળી **જેસે** = જેવી રીતે, જે પ્રમાણે **અંગાર** = અંગારો, અંગારિયું, કોયલા જેવી થઈ ગયેલી **જવારમહી** = જારમાં, જુવારમાં **બીનહુ કાજ** = કામ વગર, કામમાં ન આવે તેવા **કણ** = દાણા **સોઈ** = છે **ત્યૌ** = તેમ, તેવી જ રીતે **સાકુટ** = અધર્મી. **ઉપજણ્ય** = ઉત્પત્તિ **જુગ** = જગતમાં **જવારીત** = જુવારની જેમ **તલબ** = આકાંક્ષા, ભાવ, ઉત્કંઠા **વિના** = વિના, સિવાય **તન** = શરીર **ઓઈ** = છે, હોય છે.

અનુવાદ

વળી, જુવારમાં અંગારિયું થાય છે તેના દાણા કામ વગરના હોય છે, તેમ સાકુટની ઉત્પત્તિ જગતમાં જુવાર જેવી છે. જેમના શરીર તાલાવેલી વિનાના હોય છે.

ભાવાર્થ

જુવારના દાણા ગુચ્છાદાર ડૂંડાના જારિયામાં પેદા થાય છે. આ ઘાસિયું અનાજ છે, પરંતુ તેમાં એક એવી જાતનો વિકાર થાય છે જેથી ડૂંડામાં રહેલા દાણા રાખ જેવા બળીને ધુમાડી જેવો થઈ જાય છે. જેને અંગારિયું (અંગારો) કે આગિયું નામનો વિકારયુક્ત રોગ કહેવામાં આવે છે. આ વિકાર બીજા દાણામાં પસરી જતા વાર લાગતી નથી. આવા દાણા કશાંય કામમાં આવતા નથી. તેવી જ રીતે જગતમાં સાકુટ જીવો ઉત્પન્ન થતા હોય છે. જે જગતમાં હાનિકારક અને કશા જ કામમાં આવતા નથી. તેમનામાં પરમપદને પામવાની કે આત્મકલ્યાણની આકાંક્ષા કદી પણ હોતી નથી. તેઓ સમાજને પણ અવળે રસ્તે ચડાવીને વિકાર ઉત્પન્ન કરે છે, પાપાચાર અને દુરાચાર ભર્યું જીવન જીવતા હોવાથી તેમનુ મૂલ્ય સમાજમાં જરા પણ અંકાતુ (ગણાતું) નથી.

અજિયા કંઠ પયોદરવત વિત, લખકે એહી ચારંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મલભરીયા મતિમંદુ. ૪

શબ્દાર્થ

અજિયા = બકરી **કંઠ** = કંઠે, ગળે, ગળાના ભાગે **પયોદરવત** = આંચળની જેમ **વિત** = વસ્તુ, વિભાગ, અવયવ **લખકે** = લક્ષણમાં **એહી** = આ **ચારંદુ** = ચારેય **તે** = તેવા **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = દુષ્ટ, શઠ **મલભરીયા** = દુર્ગુણોથી ભરેલા **મતિમંદુ** = મંદ બુદ્ધિના, અજ્ઞાની.

અનુવાદ

બકરીને કંઠે આંચળ જેવાં અવયવ હોય છે. તેવા લક્ષણવાળા આ ચારેય છે. તેવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ભાવાર્થ

કેટલીક બકરીના કંઠે દૂધ આપનાર આંચળ જેવા શોભાના ગાંઠિયા જેવા લટકતા બે અવયવ હોય છે. જે માત્ર આંચળની જેમ દેખાવ માત્ર જ હોય છે. એવા જ લક્ષણો ધરાવતા આ ચારેય પ્રકારના જીવો છે. એવા અધર્મી, લાલચુ અને દુષ્ટ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની હોય છે. માત્ર માનવ દેહે ઉપલક દેખાવ પૂરતા જ હોવાથી સમાજમાં કંઈપણ કામના હોતા નથી.

ચોસરા - ૧૩

પુનિ સાકુટ ખલ નરકી નિમણા, સૂનીયો સકલ સુજાનુ;
પર ધન પ્રાણ હરણ આધીન જયૌ, ચિત્તા ચોર કમાનુ. ૧

શબ્દાર્થ

પુનિ = વળી **સાકુટ** = અધર્મી **ખલ** = દુષ્ટ, શઠ **નરકી** = માનવોની **નિમણા** = ઝૂકાવ, નમવાની વૃત્તિ, નમન, વળવું **સૂનીયો** = સાંભળો **સકલ** = સર્વ **સુજાનુ** = સજાણ, ડાહ્યા, સજ્જન **પર ધન** = પારકાની સંપત્તિ **પ્રાણ** = જીવ **હરણ** = હણવા, લઈ લેવા, પડાવી લેવા **આધીન** = તૈયાર, વિવશ **જયૌ** = જેમ **ચિત્તા** = ચિત્તો **ચોર** = ચોરી કરનાર વ્યક્તિ **કમાનુ** = ધનુષ્ય, કમાન, કામઠું.

અનુવાદ

વળી હે સર્વે સજ્જનો ! સાંભળો કે સાકુટ જનોની નમવાની રીત કેવી હોય છે ? પારકાની સંપત્તિ અને જીવને હણવા માટે તેઓ ચિત્તા ચોર અને ધનુષ્યની માફક વિવશતા (દર્શાવે) દાખવે છે.

ભાવાર્થ

જે અધર્મીવૃત્તિવાળા માનવો છે તેઓની બાહ્યવૃત્તિ નમીને માન આપવાની તેમજ અત્યંત વિશેષ ઝુકાવવાળી અને વિનમ્ર હોય છે. તે અંગેનો ખુલાસો દર્શાવતા ઉદાહરણને સર્વ સજ્જનોએ સાંભળવું જરૂરી છે. જેમ ચિત્તો, ચોર અને ધનુષ્ય અથવા તો કમાન પોતાના શિકારનો જીવ હણવા કે સંપત્તિ પડાવવાના

કાર્યની સફળતા માટે વધારે પડતું (નમ્રતાના ભાવે) નમે છે. કહેવાય છે કે જેટલા વધારે નમે તેટલું તેમનું લક્ષ (પોતાના શિકાર માટે) પ્રબળ હોય છે. આવી જ રીતે બીજાની સંપત્તિને પડાવી લેવા માટે દગાબાજો પણ પોતે વિશેષ વિનમ્ર છે તેવું નાટક કરીને નમે છે અર્થાત્ વાંકા વળે છે. જેથી સામા પક્ષવાળાને ખબર પડતી નથી અને પોતે તેમના તાબે થઈ શિકાર થઈ જાય છે. એટલા માટે જ તો કબીર સાહેબે પણ કહ્યું છે કે

"નમન નમન મેં ફેર હૈ, બહુત નમે નાદાન;
દગાબાજ દુગુના નમે, જૈસે ચિત્તા ચોર કમાન."

ઓરુ લોભી લંપટકી નઠોરક, સો નિજ કરન ધરેહુ;
જ્યૌ દ્વારનકે શ્વાન હકાવત, ફેરી ફેરી પીછ પરેહુ. ૨

શબ્દાર્થ

ઓરુ = અને, વળી **લોભી** = લાલચુ **લંપટકી** = વ્યભિચારીની **નઠોરક** = નફફટાઈ, નઠોરાઈ **સો** = તેઓ **નિજ કરન** = પોતાના કાને **ધરેહુ** = ધરો, લો **જ્યૌ** = જેમ **દ્વારનકે** = બારણે **શ્વાન** = કૂતરો **હકાવત** = હાંકવામાં આવે **ફેરી ફેરી** = વળી વળીને **પીછ** = પાછું **પરેહુ** = પડે, આવે, ફરે.

અનુવાદ

વળી લોભી અને લંપટની નઠોરતાને તમે કાન દઈને સાંભળો કે જેમ કૂતરાને બારણેથી હાંકી કાઢવામાં આવે તો પણ તે વળી વળીને પાછો જ આવે છે.

ભાવાર્થ

હવે લાલચુ અને વ્યભિચારી જનોની એવી તો નઠોરતા છે કે તમો જો ચિત્તની એકાગ્રતા રાખીને સાંભળશો તો માલુમ પડશે કે તેઓ કૂતરાના જેવી વૃત્તિવાળા છે. જેમ કૂતરાને બારણેથી હાંકી કાઢવામાં આવે, તેમ છતાં તે વળી વળીને પાછો ને પાછો આવે છે. તેમ આવા નફફટ જીવો (લોભી અને લંપટ માનવો) સદ્ઉપદેશ સાંભળવા છતાં પોતાના દુર્ગુણોને છોડતા નથી.

નફટ નકાર સાર બિનુ સબસે, જબસે ભયે ઉતપાનુ;
છલકાવત હલકા હુરમતકે, અનસત શિર અતબાનુ. ૩

શબ્દાર્થ

નફટ = બેશરમ, નઠોર, નફ્ફટ **નકાર** = નઠારા, નકામા **સાર** = ઉદ્દેશ, હેતુ, મૂલ્ય, લાયકાત **બિન** = સિવાય, વગર **સબસે** = બધા સાથે **જબસે** = જ્યારથી **ભયે** = થયા **ઉતપાનુ** = ઉત્પન્ન, પેદા **છલકાવત** = મિથ્યા અભિમાનીની જેમ **હલકા** = નીચા, નિમ્ન **હુરમતકે** = પ્રતિષ્ઠા, શાખ, આબરુ, મોભો **અનસત** = અસત્ય, જૂઠું **શિર** = માથે **અતબાનુ** = બોજ ધારણ કરવો.

અનુવાદ

જ્યારથી પેદા થયા ત્યારથી આવા નફ્ફટ અને નઠારા જીવો, બધાંની સાથે લાયકાત વિનાનો વ્યવહાર કરે છે. વળી પ્રતિષ્ઠામાં હલકા અને મિથ્યાભિમાની હોવાથી માથે અસત્યનો ભાર વિશેષ ધારણ કરે છે.

ભાવાર્થ

આવા નફ્ફટ અને નઠારા જીવો જ્યારથી પેદા થયા ત્યારથી સમાજમાં અન્ય સાથે નાલાયકી ભર્યો વ્યવહાર આચરે છે. વળી તેમના કામનાયુક્ત વ્યવહાર અને અધમ કાર્યોને લીધે સમાજમાં તેમની પ્રતિષ્ઠા ધૂળમાં ભળી જતી હોય છે. એવા હલકી પ્રતિષ્ઠાવાળા અને મિથ્યાભિમાની જીવો હંમેશને માટે પોતાના માથે અસત્યનો ભાર વિશેષ પ્રમાણમાં ધારણ કરીને જીવન જીવે છે. જેથી સ્વચ્છંદી બનેલા હોઈ તેમને સત્યના રાહે ચાલવાનું પસંદ નથી.

જેહી બિનું સત અત બાંનસ બાબજ, પરત સદા ભવફંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મલ ભરીયા મતિમંદુ. ૪

શબ્દાર્થ

જેહી = જેથી **બિનું** = વિના, સિવાય **સત** = સત્ય **અત** = અહીંની, આ **બાંનસ** = બનતી **બાબજ** = બાબત, હકીકત **પરત** = પડે છે **સદા** = હંમેશા, સર્વદા **ભવફંદુ** = ભવના ફંદમાં, જન્મ-મરણની જંજાળમાં **તે** = તેવા **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = દુષ્ટ, શઠ **મલ ભરીયા** = દુર્ગુણોથી ભરેલા **મતિમંદુ** = મંદ બુદ્ધિના, અજ્ઞાની.

અનુવાદ

જેથી સત્ય વિનાની અહીંની બનતી બાબતને લીધે તેઓ સદા ભવફંદમાં પડે છે. તેવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ભાવાર્થ

તેમના દ્વારા આચરવામાં આવતા સત્યથી વિહિન એવા અસત્યથી ભરેલા દુષ્કર્મોને લીધે યુગોના યુગો સુધી તેઓ જન્મ-મરણનું અસહ્ય દુઃખ ભોગવ્યા (વેઠ્યા) કરે છે, પરંતુ તેનો અંત આવતો નથી. એવા અધર્મી, વ્યભિચારી, લાલચુ અને શઠ જીવો દુર્ગુણોથી ભરેલા તેમજ અજ્ઞાની છે.

ચોસરા - ૧૪

ફંદ પરત ફેરી ફેરી પણ ફોગટ, અવિલ યેબ નહીં તાઈ;
તીનકુ શીખ દેવત સંતનસે, જ્ઞાન ગેબ સબ જાઈ. ૧

શબ્દાર્થ

ફંદ = ફાંદામાં, પાશ, જાળ, બંધન **પરત** = પડે **ફેરી ફેરી** = વારંવાર, ફરી ફરીને **પણ** = પરંતુ **ફોગટ** = વ્યર્થ, નકામું, વૃથા **અવિલ** = વિલંબિત નથી તેવી, ઘણી, અતિ, વિશેષ **યેબ** = લાંછન, કલંક, દુષણ **નહીં** = નહીં **તાઈ** = તેઓની **તીનકુ** = તેઓને **શીખ** = શિખામણ, ઉપદેશ, બોધ **દેવત** = દે, આપે **સંતનસે** = સંતોના **જ્ઞાન** = જ્ઞાન, સમજ **ગેબ** = અલોપ થઈ જવું, જતું રહેવું, ન દેખાય એવું **સબ** = બધું, સર્વ **જાઈ** = જાય છે.

અનુવાદ

વારંવાર બંધનમાં પડે છે, પરંતુ તે વ્યર્થ હોઈ તેમને તેનું વિશેષ લાંછન પણ નથી. સંતો તેમને શિખામણ આપે, પરંતુ જ્ઞાન અદશ્ય થઈ જાય છે.

ભાવાર્થ

અનેકવાર જન્મ-મરણના ભવ સંકટમાં પડીને પોતાનું જીવન વ્યર્થ ગુમાવે

છે. તેમ છતાં આવા જીવો લાંછન પણ અનુભવતા નથી. સંસારમાં ઘણા સંત પુરુષો ઉપદેશ આપે છે, પરંતુ શિખામણયુક્ત જ્ઞાન તેમના હૃદય સુધી પહોંચતું નથી. તેમની જ્ઞાન ગ્રહણ શક્તિ અતિ મંદ હોવાને કારણે શબ્દ હવામાં જ ગાયબ થઈ જાય છે.

પત્થર પર પદ પ્રહાર કરત નર, ઉલટ લગત નિજ ઘાઈ;
ત્યૌ સાકુટ લંપટ ખલ બોધીત, બિનહુત પ્રણવ ગમાઈ. ૨

શબ્દાર્થ

પત્થર = પાષાણ **પર** = ઉપર **પદ** = પગ **પ્રહાર** = ઘા, માર, લાત મારવી તે **કરત** = કરનાર, કરે **નર** = માનવી **ઉલટ** = ઊલટું, વળતું **લગત** = લાગે, વાગે **નિજ** = પોતાને **ઘાઈ** = ઘા, ફટકો **ત્યૌ** = તેમ **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **ખલ** = દુષ્ટ, શઠ **બોધીત** = ઉપદેશતાં, શિખામણ આપતા **બિનહુત** = નકામો, વ્યર્થ, બિનજરૂરી **પ્રણવ** = શ્વાસ-ઉચ્છવાસ **ગમાઈ** = ખોવું, નકામું કાઢવું, વ્યર્થ જવા દેવું, ગુમાવવું.

અનુવાદ

માનવી પથ્થર ઉપર પગનો પ્રહાર કરે તો ઉલટાનું પોતાને જ ઘા વાગે છે. તેમ સાકુટ, લંપટ અને ખલને શિખામણ આપવું એ જરૂર વિના પ્રણવને વ્યર્થ ખોવા જેવું છે.

ભાવાર્થ

જો કોઈ વ્યક્તિ પથ્થર ઉપર પગથી પ્રહાર કરે તો પથ્થરને કોઈ નુકશાન થતું નથી, પરંતુ ઉલટાનું પ્રહાર કરનારાના પગને જ વાગતું હોય છે. તેમ અધર્મી, વ્યભિચારી અને શઠ જીવોને શિખામણ આપતાં તેમને કોઈ જ અસર થતી નથી, પરંતુ બોધ આપનાર વ્યક્તિને બિન જરૂરી રીતે પ્રણવને વ્યર્થ ગુમાવ્યાનો અહેસાસ જરૂર થાય છે.

તદપી સંત અતિ આગ્ર કરીત જીનું, દેવત શિખ નહીં તાઈ;
નર સાકુટ લંપટ લોભી ખલ, જીનું ગઈ બુદ્ધિ બેકાઈ. ૩

શબ્દાર્થ

તદપી = તેથી, તેના કારણે **સંત** = સંત પુરુષ **અતિ** = ઘણા **આગ્ર** = આગ્રહપૂર્વક **કરીત** = કરે **જીનું** = જેઓને **દેવત** = આપે **શિખ** = શિખામણ **નહીં** = નહીં **તાઈ** = તેમને **નર** = માનવ **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = દુષ્ટ, શઠ **જીનું** = જેઓની **ગઈ** = વેડફાઈ **બુદ્ધિ** = બુદ્ધિ **બેકાઈ** = નિષ્ક્રિય બની છકી ગયેલી, જડ થઈ ગયેલી, બહેર મારી ગયેલી.

અનુવાદ

જેથી સંત-પુરુષો આગ્રહ કરીને એવા જીવોને શિખામણ આપતા નથી કારણ કે જે સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો હોય છે. તેમની બુદ્ધિ બહેર મારી ગયેલી હોય છે.

ભાવાર્થ

તેના કારણેજ જે જ્ઞાની પુરુષો આવા દુરાગ્રહી જીવોને આગ્રહ કરીને સાચી શિખામણ આપતા નથી. કારણ કે આવા અધર્મી, વ્યભિચારી, લાલચુ અને શઠ જીવોની અચેત બુદ્ધિ નિષ્ક્રિય બની છકી ગયેલી હોવાથી જ્ઞાનીજનો પોતાના પુરુષાર્થને વ્યર્થ ગુમાવવા માંગતા નથી.

જેહી નર બુદ્ધ બેકાયનકે તન, ગ્યમ બિનુ ગત્ય સ્વાનંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મલ ભરિયા મતિમંદુ. ૪

શબ્દાર્થ

જેહી = જે **નર** = માનવી **બુદ્ધ** = બુદ્ધિ **બેકાયનકે** = નિષ્ક્રિય બનેલાની, બહેર મારી ગયેલાની **તન** = શરીર, ઘાટ, દેહ **ગ્યમ** = જ્ઞાન, સમજ **બિનું** = વિના, સિવાય **ગત્ય** = ગતિ **સ્વાનંદુ** = સ્વના આનંદમાં **તે** = તેવા **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = દુષ્ટ, શઠ **મલ ભરિયા** = દુર્ગુણોથી ભરેલા **મતિમંદુ** = મંદ બુદ્ધિના, અજ્ઞાની.

અનુવાદ

જે માનવીની બુદ્ધિ બહેર મારી ગયેલી છે તેવા ઘાટો સ્વના આનંદની ગતિની સમજ વિનાના છે. એવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો દુર્ગુણોથી

ભરેલા અને અજ્ઞાની છે.

ભાવાર્થ

જે માનવીની બુદ્ધિ અચેત દશામાં રહે છે તેવા જીવો પોતાના ચૈતન સ્વરૂપની જાણના અભાવે સ્વના આનંદમાં રાચવાને બદલે નાશવંત ઈન્દ્રિયોના ભોગ વૈભવના ક્ષણિક આનંદમાં ચકચૂર રહે છે. તેવા અધર્મી, વ્યભિચારી, લાલચુ અને દુષ્ટ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ચોસરા - ૧૫

જયૌ સુરભી ઉર કથીર કીટવત, પીવત રુદ્ર તજી ખીરુ;
ત્યૌ સાકુટ અજ્ઞાનકુ અચવન, તજી રત્ય સંત સહીરુ. ૧

શબ્દાર્થ

જયૌ = જેમ **સુરભી** = ગાય **ઉર** = સાથળ, જાંઘ, બાવલું **કથીર** = ચાંચડ, ઈતડી, બગઈ, જિંગોડી **કીટવત** = કીટાણુની જેમ કીડાને જંતુની જેમ **પીવત** = પીવે છે, પાન કરે છે **રુદ્ર** = લોહી **તજી** = ત્યજીને **ખીરુ** = ખીર, દૂધ **ત્યૌ** = તેમ **સાકુટ** = અધર્મી **અજ્ઞાનકુ** = અજ્ઞાનનું **અચવન** = આચમન કરે **તજી** = ત્યજીને **રત્ય** = પ્રેમ, સ્નેહ **સંત** = સંત પુરુષ **સહીરુ** = સત્વરૂપ, હીર રૂપ.

અનુવાદ

જેમ ગાયના બાવલા ઉપર ચોંટેલ બગાઈ જંતુ જેમ દૂધ ત્યજીને લોહી પીવે છે, તેમ હીર રૂપ સંતના જ્ઞાન વચનો સાથે પ્રીતિ ત્યજીને સાકુટ અજ્ઞાનનું જ આચમન કરે છે.

ભાવાર્થ

જેમ ગાયના બાવલાની આજુબાજુ ઘણીવાર અનેક બગાઈ ચીપકેલી હોય છે. આ કીટાણુ બાવલામાં ભરેલા સત્વ રૂપ દૂધને ત્યજીને રક્તવાહિનીમાંથી લોહી ચૂસે છે. તેમ અધર્મી જીવો સંતપુરુષોના મુખમાંથી સાર રૂપ નીકળતા જ્ઞાનના

બોધને પ્રેમપૂર્વક સ્વીકારવાને બદલે તેને ત્યજી દઈને અજ્ઞાનનું (નિષેધાત્મક બાબતોનું) જ આચમન કરતા હોય છે.

ઓરુ ખરકુ જ્યૌ સકર ઝેરવત, પકીત ખીર મંઝારા;
યૌ સાકુટ લંપટ લોભીનકુ, જ્ઞાન લગત વિખ સારા. ૨

શબ્દાર્થ

ઓરુ = અને, વળી **ખરકુ** = ગધેડાને **જ્યૌ** = જેમ **સકર** = સાકર **ઝેરવત** = ઝેરની જેમ **પકીત** = તૈયાર કરેલી, પકાવેલી, રાંધેલી **ખીર** = ખીર **મંઝારા** = બિલાડી **યૌ** = એમ, તેમ **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભીનકુ** = લાલચુને **જ્ઞાન** = જ્ઞાન **લગત** = લાગે છે **વિખ** = ઝેર **સારા** = સંપૂર્ણ, સમાન.

અનુવાદ

વળી, ગધેડાને જેમ સાકર અને બિલાડીને રાંધેલી ખીર ઝેર સમાન છે. તેમ સાકુટ, લંપટ અને લોભીને જ્ઞાન ઝેર સમાન લાગે છે.

ભાવાર્થ

વળી, ગધેડાને સાકર ખવડાવવામાં આવેતો તેને તેનું ઝેર ચડતું હોય છે તથા બિલાડીને રાંધેલી ખીર ખવડાવવામાં આવે તો તેને પણ તેનું ઝેર ચઢતું હોય છે. આ પ્રમાણે જોતાં ગધેડાને સાકર અને બિલાડીને રાંધેલી ખીરની જેમ અધર્મી, વ્યભિચારી અને દુષ્ટ જીવોને જ્ઞાનોપદેશ સંભળાવવામાં આવે તો જ્ઞાનને સમજીને જીવનમાં ઉતારતા નથી, પરંતુ જ્ઞાનની સઘળી વાતો તેમને ઝેર સમાન લાગે છે.

મંદેકુ મોદક મુખ ભોજન, પાવત હોત હેરાનુ;
ત્યૌ સાકુટ નર જ્ઞાનકી ગતીયાં, સૂણતા ભવિત બેરાનુ. ૩

શબ્દાર્થ

મંદેકુ = માંદાને **મોદક** = લાડુ **મુખ** = મોં **ભોજન** = ખોરાક **પાવત** = ખાતાં, પ્રાપ્ત થતા **હોત** = થાય **હેરાનુ** = હેરાન, દુઃખી **ત્યૌ** = તેમ **સાકુટ નર** = અધર્મી માણસ

જ્ઞાનકી = જ્ઞાનની **ગતીયાં** = માહિતી, ગતિ, ચાલ, જાણ **સૂણતા** = સાંભળતાં **ભવિત** = થાય **બેરાનુ** = બાવરુ, ગાભરું, અસૂઝ.

અનુવાદ

માંદાને ખાવા માટે મુખમાં લાડુ આપવામાં આવે તો તે હેરાન થાય છે. તેમ સાકુટ જનોને જ્ઞાનની માહિતી સાંભળતાં અસૂઝ થઈ જાય છે.

ભાવાર્થ

જો કોઈ બિમાર વ્યક્તિ હોય અને તેને લાડુનું ભોજન આપવામાં આવે તો લાડુ ખાવાથી તેનો જઠરાગ્નિ તે (લાડુ) પચાવી ન શકવાને કારણે દર્દી હેરાન થઈ જાય છે તેવી જ રીતે જે અધર્મી માણસ હોય અને તેને જ્ઞાનની વાતો સંભળાવવામાં આવે તો તે વ્યક્તિ જ્ઞાન પચાવી ન શકવાને કારણે બે બાકળો બની જાય છે.

અંતઃકરણ ગલીત બિના જીનકે, તિનકે ઘટ રત્ય ફંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મલ ભરિયા મતિમંદુ. ૪

શબ્દાર્થ

અંતઃકરણ = અંતઃકરણ **ગલીત** = નરમ, મૃદુ, આંગળી ગયેલું **બિના** = સિવાયના **જીનકે** = જેમના **તિનકે** = તેમના **ઘટ** = શરીર, હૃદય **રત્ય** = પ્રેમ, પ્રીતિ, સુમેળ **ફંદુ** = કપટી, દુર્વ્યસની **તે** = તે **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = દુષ્ટ **મલ ભરિયા** = દુર્ગુણોથી ભરેલા **મતિમંદુ** = મંદ બુદ્ધિના, અજ્ઞાની.

અનુવાદ

જેમના અંતઃકરણ પીગળ્યા ન હોય તેમના હૃદયમાં કપટયુક્ત વ્યવહાર પ્રત્યે જ પ્રીતિ હોય છે. એવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ભાવાર્થ

જેમના મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર અંતઃકરણો પરિપક્વ ન થયા હોય

અર્થાત્ વિનમ્ર ન હોય એટલે કે પ્રકૃતિના બંધનમાં બંધાયેલા હોય તેવાના હૃદય માત્ર કપટયુક્ત વહેવાર કરવા જ પ્રીતિ (સ્નેહ) ધરાવતા હોય છે. સંતોના મુખની આત્મકલ્યાણ તરફ ગમન કરાવવાવાળી વાણી પ્રત્યે અરુચી હોવાથી તેમનો સંપૂર્ણ વ્યવહાર વિષય વાસના અને માયાના નાશવંત પદાર્થોનો આનંદ માણવા જ તત્પર હોય છે. એવા અધર્મી, વ્યભિચારી, લાલચુ અને શઠ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ચોસરા - ૧૬

ઓરુ પુની ખેત જહુ જવાસનકે, ઉલટી ચાલ તિનુ સોઈ;
અમીત માસ તજી વ્રખ્યાવંત રત્ય, ગ્રીષ્મકાલ હરિ હોઈ. ૧

શબ્દાર્થ

ઓરુ પુની = અને વળી **ખેત** = ખેતર **જહુ** = જેમ **જવાસનકે** = જવાસાનો છોડ જે એક **ઉલટી** = ઊંધી **ચાલ** = ટેવ, ગતિ, રીત, પ્રથા **તિનુ** = તેની **સોઈ** = છે **અમીત માસ** = વરસાદી માસ **તજી** = ત્યજી, છોડી **વ્રખ્યાવંત** = વર્ષાઋતુ, ચોમાસુ **રત્ય** = પ્રેમ, સ્નેહ **ગ્રીષ્મકાલ** = ઉનાળો **હરિ** = લીલો **હોઈ** = હોય.

અનુવાદ

અને વળી ખેતરમાં જેમ જવાસો તેની ઉલટી ચાલ છે. વરસાદી મહીનામાં વર્ષાકાળની સાથે પ્રિત તજીને ઉનાળામાં લીલો હોય છે.

ભાવાર્થ

ખેતરમાં જવાસાના છોડની ઉગવાની પ્રથા-પદ્ધતિ અન્ય સ્થાવર વનસ્પતિથી ઉલટી હોય છે. જ્યારે વરસાદી મહિનામાં વર્ષાકાળ વખતે બધી જાતિની વનસ્પતિ વિકાસ પામીને લીલીછમ અને ઉનાળામાં સામાન્ય રીતે બધી વનસ્પતિ સુકાઈ જાય ત્યારે જવાસા લીલોછમ થાય છે .આમ, જવાસાની ઉલટી ચાલ છે.

એહી પરકાર નર સાકુટ ગત્ય, ત્રિવિધી તાપ સુખ માને;
વ્રખ્યાકાલવત અમીત સજન સુખ, તીનમે ચિત્ત ન ઠાંને. ૨

શબ્દાર્થ

એહી પરકાર = આ પ્રકારે **નર** = માનવ, જીવ **સાકુટ** = અધર્મી **ગત્ય** = ગતિ, મતિ **ત્રિવિધી તાપ** = ત્રિવિધીના તાપ, ત્રિવિધની પીડા **સુખ** = સુખ **માને** = માને **વ્રખ્યાકાલવત** = વર્ષાઋતુની જેમ **અમીત** = અમૃત સમાન **સજન સુખ** = સજ્જનોનું સુખ **તીનમે** = તેમાં **ચિત્ત** = ચિત્ત **ન** = નહીં **ઠાંને** = ઠરતાં, સ્થિર થતાં.

અનુવાદ

આ પ્રકારે સાકુટ જીવોની મતિ ત્રિવિધીની પીડાને સુખ માને છે અને વર્ષાઋતુના અમૃત સમાન સજ્જનોના સુખ પ્રત્યે (તરફ) તેમના ચિત્ત સ્થિર થતા નથી.

ભાવાર્થ

આ પ્રકારે સાકુટ જીવોની બુદ્ધિ અદેખાઈભરી સર્વ સામાન્ય કરતાં ઊંધી અને ઉલટી વિચારસરણી ધરાવતા હોય છે. જેમ જેમ સંસારના ત્રિવિધીના તાપનો સંતાપ વધતા જાય તેમ તેમ તેઓ સુખનો અનુભવ કરતા હોય છે અને વર્ષાકાળ રૂપ સજ્જનોના અમૃતમય સહવાસના સુખ પ્રત્યે તેમના ચિત્ત ઠરતાં નથી. આમ, અળગા થઈને અટૂલા રહેવામાં જ તેઓ આનંદ અનુભવતા હોય છે.

જેહી પરકાર કમલ નીક મીંડક, તજહી બાસ મલ ખાઈ;
તેહી પરકાર સત્સંગ સાકુટ, વહીત જ્ઞાન અઘ સાઈ. ૩

શબ્દાર્થ

જેહી પરકાર = જે પ્રકારે **કમલ** = કમળ **નીક** = નજીક, પાસે **મીંડક** = દેડકા **તજહી** = છોડીને **બાસ** = સુગંધ **મલ ખાઈ** = મળ ખાય છે, મેલ-ગંદવાડ ખાય છે, લીલનું ભક્ષણ કરે છે **તેહી પરકાર** = તે પ્રમાણે **સત્સંગ** = સજ્જનની મૈત્રી, સાધુનો સંગ, સત્યની સોબત **સાકુટ** = અધર્મી **વહીત** = ત્યજી, છોડી **જ્ઞાન** = જ્ઞાન **અઘ** = અજ્ઞાન **સાઈ** = સદા, સર્વદા, હમેશ.

અનુવાદ

જે પ્રકારે કમળની નજીક દેડકો રહેવા છતાં તેની સુવાસને ત્યજીને લીલ ખાય છે. તે પ્રકારે સાકુટ જીવો સત્સંગમાં બેઠા હોવા છતા જ્ઞાન છોડીને હંમેશા અજ્ઞાનતામાં રાચતા હોય છે.

ભાવાર્થ

દેડકો કાદવમાં ઊગેલા કમળની નજીક રહેવા છતાં કમળની સુગંધને ગ્રહણ કરતો નથી. જેમ પાણીમાં ઉત્પન્ન થતી વિકારયુક્ત લીલનું જ ભક્ષણ કરે છે. તેમ, સંસારમાં રહેતા સાકુટ જીવો સંત-પુરુષોના સહવાસમાં રહીને સત્સંગનો લાભ લેતા નથી. તેમની વૃત્તિ તો અધર્મથી ભરેલી હોઈ જ્ઞાનદશા ત્યજીને સદાય અજ્ઞાન દશામાં આનંદ માણીને જીવન જીવવાનું પસંદ કરતા હોય છે.

મધુકર રહીત મંખીવત જેહી નર, લગત જાય દુર્ગંધુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મલ ભરિયા મતિમંદુ. ૪

શબ્દાર્થ

મધુકર = ભમરો, અલી **રહીત** = નહીં, વિના **મંખીવત** = માખી જેવા **જેહી નર** = જે માનવો **લગત** = લાગે, લાગી **જાય** = જાય, જઈ **દુર્ગંધુ** = દુર્ગંધ **તે** = તેવા **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = દુષ્ટ, શઠ **મલ ભરિયા** = દુર્ગુણોથી ભરેલા **મતિમંદુ** = મંદ બુદ્ધિના, અજ્ઞાની.

અનુવાદ

ભમરો નહીં પરંતુ માખી જેવા માનવો દુર્ગંધ પ્રત્યે લાગી જાય છે. તેવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ભાવાર્થ

ભમરો સદા ફૂલોની રજનો સ્વાદ માણવા માટે સુગંધિત પુષ્પોની મધ્યે બેસે છે, પરંતુ માખી જ્યાં ચાંદુ હોય અથવા દુર્ગંધયુક્ત પદાર્થ હોય ત્યાં જઈને બેસતી હોય છે. આ પ્રમાણે સંસારમાં પણ ઘણા માનવો માખી જેવી વૃત્તિ ધરાવે

છે. તેઓ ભમરાની જેમ જ્ઞાની પુરુષોની સત્સંગ સભામાં બેસવાનું પસંદ કરતા નથી, પરંતુ માખીની જેમ પાપાચરણ કરવાનું પસંદ કરે છે. એટલે અધર્મીઓના ટોળા સાથે સોબત કરવાનું વધુ પસંદ કરે છે. એવા અધર્મી, વ્યભિચારી, લાલચુ અને શઠ જીવો સદાય દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ચોસરા - ૧૭

જ્યૌ ચલની અન્ન સાહાર બહાયત, રાખત ઉર કુસકાઈ;
ત્યૌ લંપટ ખલ સુમત સાહાર તજ, ગ્રહત કુમત કુટલાઈ. ૧

શબ્દાર્થ

જ્યૌ = જેમ **ચલની** = ચાળણી **અન્ન** = અનાજ **સાહાર** = સત્ત્વ, સાર, સારું **બહાયત** = વહેવડાવીને, છોડી દે છે, ત્યજી દે **રાખત** = રાખે, રોકે, અટકાવે **ઉર** = પોતાનામાં **કુસકાઈ** = કુસકો, ધાન્યના ફોતરાં, ભૂંસુ, થૂલું **ત્યૌ** = તેમ **લંપટ** = વ્યભિચારી **ખલ** = દુષ્ટ, શઠ **સુમત** = સદ્‌બુદ્ધિ, અક્કલ, ડહાપણ **સાહાર** = ઉત્તમ, શ્રેષ્ઠ, સત્ત્વ, સાર **તજ** = ત્યજી, છોડી **ગ્રહત** = ગ્રહણ કરે, પ્રાપ્ત કરે, મેળવે **કુમત** = કુબુદ્ધિ, બેવકૂફી **કુટલાઈ** = કુટિલતા, ક્રુરતા, કપટતા, નિર્દયતા.

અનુવાદ

જેમ ચાળણી સાર રૂપ અનાજને છોડીને ફોતરાં રાખે છે. તેમ લંપટ અને ખલ જીવો સદ્‌બુદ્ધિને તજી કુબુદ્ધિ અને કપટને ગ્રહે છે.

ભાવાર્થ

જેમ અનાજને ચાળવા માટેની ચાળણી, સાર રૂપ અનાજના દાણાને છોડી દે છે અને પોતાનામાં જે ફોતરાં અને ભૂસું જેવું નકામી વસ્તુ (પેદાસ)ને સંગ્રહી રાખે છે. તેમ, સંસારમાં જે વ્યભિચારી અને શઠ જીવો છે તે સત્ત્વ રૂપ સદ્‌બુદ્ધિને ત્યજીને પોતાનામાં દુર્બુદ્ધિ તથા કપટવૃત્તિને ગ્રહણ કરી સાચવીને રાખતા હોય છે.

તાંબા કથીર કાંસકી કાઈ, ભખત રાખ જીનું જેહી;
યૌ સાકુટ સંતનકી કીલમીસ, નંદ્ય કરત હર લેહી. ૨

શબ્દાર્થ

તાંબા = તાંબુ **કથીર** = કલાઈ **કાંસકી** = કાંસાની **કાઈ** = કાટ, પાતળું આવરણ, કાળાશ **ભખત** = ભક્ષણ **રાખ** = રાખોડી **જીનું જેહી** = જે જે **યૌ** = તેમ **સાકુટ** = અધર્મી **સંતનકી** = સંત પુરુષોના **કીલમીસ** = વિકાર, દુર્ગુણો **નંદ્ય**= નિંદા **કરત** = કરે છે **હર લેહી** = સ્વીકાર, મેળવવું, પ્રાપ્ત કરવું.

અનુવાદ

રાખોડી જેમ તાંબા, કથીર અને કાંસાની કાળશનું જ ભક્ષણ કરે છે, તેમ સાકુટ જીવો સંતોની નિંદા કરી વિકારોને હરી લે છે.

ભાવાર્થ

રોજબરોજના વપરાશમાં ન આવતા માંજ્યા વિનાના તાંબા પિત્તળનાં વાસણો ઉપર આવરણ રૂપ કાળાશ જામે છે. આવા વાસણોને રાખોડીથી મંજન કરતાં, રાખોડી તાંબા, કથીર અને કાંસાની ધાતુને નહીં, પરંતુ તેના વિકારી આવરણ રૂપ કાળાસનું ભક્ષણ કરે છે. અર્થાત્ પોતે તે વિકારયુક્ત કાળાશને પોતાનામાં અપનાવે છે. તેવી જ રીતે સાકુટ જીવો સંતોના મુખથી નીકળેલા જ્ઞાનયુક્ત વચનોને નહીં, પરંતુ સંતોમાં રહેલા અવગુણોની નિંદા કરીને પોતે તે અપનાવી લે છે.

જેસે સૂકર કીચકી માંહી, માનત સદા આનંદુ;
ત્યૌ સાકુટ લંપટ ખલકે ચિત્ત, રહત મોહિત ભવ ફંદુ. ૩

શબ્દાર્થ

જેસે = જેમ **સૂકર** = ભૂંડ **કીચકીમાંહી** = કીચડમાં **માનત** = માને **સદા** = હમેશાં, સદાય **આનંદુ** = આનંદ, પ્રસન્નતા, મઝા, ખુશી **ત્યૌ** = તેમ **સાકુટ** = અધર્મી **ખલકે** = દુષ્ટનું, શઠનું **ચિત્ત** = ચિત્ત **રહત** = રહે છે **મોહિત** = આસક્ત, મુગ્ધ **ભવ ફંદુ** = ભવની જંજાળમાં, સંસારના બંધનોમાં.

અનુવાદ

જેમ ભૂંડ કીચડમાં સદાને માટે આનંદ માને છે તેમ સાકુટ, લંપટ અને ખલ જીવોના ચિત્ત સંસારના બંધનોમાં મુગ્ધ રહે છે.

ભાવાર્થ

જેવી રીતે ભૂંડ માત્ર કાદવ-કીચડમાં જ પડી રહીને પોતે મજા માણે હોય છે. તેમ અધર્મી, વ્યભિચારી અને શઠ જીવોના ચિત્ત માત્ર ભવસાગરના બંધનયુક્ત માયાના વિવિધ સ્વરૂપોમાં મોહિત થયેલા હોવાથી તેમાંજ પ્રસન્નતા અનુભવીને જીવન જીવે છે.

સકલ બુરાયનકે કલી મલ કુલ, સંચિત યેહી ચારંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મલભરિયા મતિમંદુ. ૪

શબ્દાર્થ

સકલ = તમામ, બધા જ **બુરાયનકે** = દુષ્કર્મોના, દોષોના, અસત્યતાના **કલી** = કળીયુગના **મલ** = દુર્ગુણો **કુલ** = બધા, તમામ **યેહી** = આ **ચારંદુ** = ચારેયમાં **તે** = તેવા **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = દુષ્ટ, શઠ **મલભરિયા** = દુર્ગુણોથી ભરેલા **મતિમંદુ** = મંદ બુદ્ધિના, અજ્ઞાની.

અનુવાદ

કળીયુગના બધા જ દુર્ગુણોના તમામ લક્ષણો આ ચારેયમાં સંગ્રહ થયેલ છે. એવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ભાવાર્થ

કળીયુગના સમયગાળા દરમિયાન વિશ્વમાં બધી જ પ્રકારના અધર્મયુક્ત દુષ્કર્મોનો ઉપદ્રવ થયેલો જોવા મળે છે. તેવા પાપાચાર, દુરાચાર, વ્યભિચાર, ભ્રષ્ટાચાર, જૂઠ, પ્રપંચ, ચોરી અને હેરી જેવા તમામ દોષો અને દુર્ગુણો આ ચારેય પ્રકારના જીવોમાં સંગ્રહાયેલા છે. એવા અધર્મી, વ્યભિચારી, લાલચુ અને શઠ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ચોસરા - ૧૮

અજ ભવ આદ્ય કીટ તનુ નિરમીત, સહિત ગગન ગવનેસુ;
ઈંડજ ઉદ્‌બીજ સ્વેદ જરાયન, જેતનેભર ધરવેશુ. ૧

શબ્દાર્થ

અજ = બ્રહ્મા **ભવ** = શંકર **આદ્ય** = ની આદ્ય લઈ, સહિત **કીટ** = કીટાણું **તનુ** = શરીર, ઘાટ **નિરમીત** = નિર્માણ થયેલા, ઉત્પન્ન થયેલા **સહિત** = સાથે **ગગન** = આકાશમાં **ગવનેસુ** = ગમન કરવાવાળા **ઈંડજ** = ઈંડામાંથી ઉત્પન્ન થતા **ઉદ્‌બીજ** = બીજગમાંથી પેદા થતા **સ્વેદ** = સ્વેદજ, પરસેવામાંથી પેદા થતા **જરાયન** = ઉરના પડદામાંથી પ્રસવ થતા જરાયુજ **જેતનેભર** = જેટલા છે તેટલા **ધરવેશુ** = વેશ ધારણ કરેલ, ઘાટ ધારણ કરેલા.

અનુવાદ

બ્રહ્મા, શંકરની આદ્ય લઈ ગગનમાં ગમન કરતા જેટલા કીટ ઘાટોની ઉત્પત્તિ છે તેટલાએ ઈંડજ, ઉદ્‌બીજ, સ્વેદજ અને જરાયન પૈકીના ઘાટો ધારણ કરેલા છે.

ભાવાર્થ

વિશ્વની આદ્યમાં ઉત્પન્ન થયેલા બ્રહ્મા અને શંકર સહિતના મહાદેવોની આદ્ય લઈ તેત્રીસ કરોડ દેવી-દેવતાઓ અને ગગન અને પૃથ્વી પર ગવન કરતા પશુ-પક્ષીઓ તથા કીટજાતિના વિવિધતાવાળા ચોર્યાસી લાખ પ્રકારના સર્વ સ્થાવર-જંગમ ઘાટોની ઉત્પતિ થયેલી છે. આ પ્રત્યેક ઘાટ (શરીર) ઈંડજ, ઉદ્‌બીજ, સ્વેદજ અને જરાયુજ ખાણ પૈકીના કોઈને કોઈ ઉત્પત્તિથી દેહ ધારણ કરેલા છે.

સબ તનુમાંહી ઈન્દ્રિ કરતવ તુલ્ય, કહુ ચતુરન સરભરહી;
રવિસુત દ્વાર પવન સમ સાકુટ, ઓરુ લંપટ ખલ નરહી. ૨

શબ્દાર્થ

સબ = બધા, સર્વે **તનુમાંહી** = શરીરમાં **ઈન્દ્રિ** = ઈન્દ્રિયોના **કરતવ** = કાર્યો **તુલ્ય** = સમાન **કહુ** = કહું છું **ચતુરન** = ચારેય **સરભરહી** = સરખા, સમઘાત, સમોવડા **રવિસુત** = સૂર્યપુત્ર,

યમ **દ્વાર** = દ્વાર **પવન** = પવન **સમ** = સમાન **સાકુટ** = અધર્મી **ઓરુ** = અને **લંપટ** = વ્યભિચારી **ખલ** = દુષ્ટ, શઠ **નરહી** = માનવો, વ્યક્તિ, પુરુષ, જીવો.

અનુવાદ

સર્વ શરીરોમાં રહેલ ઈન્દ્રિયોના કાર્યની તુલનામાં આ ચારેયની સરખામણી કહું છું કે સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો રવિપુત્રના દ્વારે છૂટતા પવન સમાન છે.

ભાવાર્થ

સર્વ શરીરોમાં રહેલ વિવિધ દશ ઈન્દ્રિયોના કાર્યોની તુલનામાં આ અધર્મી, વ્યભિચારી, લાલચુ અને શઠ એમ ચારેય પ્રકારના જીવોની તુલના રવિસુત અશ્વનીકુમારની ગંધ-માત્રાની ઈન્દ્રિના દ્વારેથી છૂટતા વાયુની સમાન વૃત્તિવાળા છે.

સાકુટ કોઉને શરન નમે નહીં, નમે તો નિજ ખલતાઈ;
ગરજવાન ગદગદ કંઠે થઈ, જ્યૌ દાખત નીરમાઈ. ૩

શબ્દાર્થ

સાકુટ = અધર્મી **કોઉને** = કોઈને **શરણ** = શરણ, આશ્રય **નમે** = નમસ્કાર કરે **નહીં** = નહીં **નમે** = નમન કરે, વંદે **તો** = તો **નિજ** = પોતાના **ખલતાઈ** = દુષ્ટતાને, લુચ્ચાઈને **ગરજવાન** = ગરજુડા **ગદગદ કંઠે** = ગળગળા અવાજે **થઈ** = થઈ **જ્યૌ** = જેમ **દાખત** = દાખવે, બતાવે **નીરમાઈ** = નરમાશ, નમ્રતા, ભલમનસાઈ, કોમળતા.

અનુવાદ

સાકુટ કોઈને શરણે જઈ નમતો નથી અને જો નમે તો તે દુષ્ટતાને આધિન થઈ નમતો હોય છે, જેમ કે ગરજવાન ગદ્ગદ્ કંઠે થઈ નમ્રતા દાખવે છે.

ભાવાર્થ

સામાન્ય સંજોગોમાં અધર્મી જીવો કોઈને શરણે જતા નથી અને કોઈને નમતા

પણ નથી. તેમ છતાં જો કોઈ વખત નમન કરે તો તેની પાછળ તેની દુષ્ટતા છુપાયેલી હોય છે. જેમ ગરજવાન ગદ્‌ગદિત કંઠે આજીજી કરે, તેમ અધર્મીઓ પણ જેટલી બની શકે તેટલી વધુ ભલમનસાઈ બતાવતા હોય છે.

મતલબ યાર કપટ કુડ ભરીયા, કેહેર કરન હત હંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મલ ભરીયા મતિમંદુ. ૪

શબ્દાર્થ

મતલબ = સ્વાર્થ **યાર** = પ્રેમ, સ્નેહ **કપટ કુડ** = છળકપટ, ઠગાઈ, દગો ફટકો, છેતરપીંડી **ભરીયા** = ભરેલા **કેહેર** = જુલમ, જબરાઈ, ક્રોધ **કરન** = કરવામાં **હત હંદુ** = અડચણ રૂપ, હદ, હલકુ, કનિષ્ઠ કોટિનું **તે** = તેવા **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = દુષ્ટ, શઠ **મલ ભરીયા** = દુર્ગુણોથી ભરેલા **મતિમંદુ** = મંદ બુદ્ધિના, અજ્ઞાની.

અનુવાદ

મતલબી, સ્નેહી અને છળકપટથી ભરેલા જીવો કનિષ્ઠ (નિમ્ન) કોટિનો જુલમ કરતાં હોય છે. તેવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ભાવાર્થ

સ્નેહ પણ માત્ર સ્વાર્થ ખાતર કરતા હોય છે, પરંતુ તેમના હૃદય તો છળકપટથી ભરેલા હોય છે. વળી સમાજને અડચણ રૂપ બનીને નિમ્ન કક્ષાની હરકતો કરીને જુલમ ગુજારતા હોઈ આવા અધર્મી, વ્યભિચારી, લાલચુ અને શઠ જીવો દુર્ગુણોથી ભરેલા હોઈ અજ્ઞાની છે.

ચોસરા - ૧૯

ઓર નિગમ નિજ કરમ વહિત ખલ, વિટંડ કુલ કરીયાના;
જગતમહી જશવંત જેહેવા જમ, કાસલ તીર દરીયાના. ૧

શબ્દાર્થ

ઓર = અને **નિગમ** = વેદ **નિજ કરમ** = મૂળ કર્મો **વહિત** = ઉદ્ધતાઈ, વહીયેલ **ખલ** = દુષ્ટ **વિટંડ** = પાખંડ, વિતંડા **કુલ** = પુરા, આખા **કરીયાના** = ક્રિયાના, આચરણના, કરણીના **જગતમહી** = જગતમાં **જશવંત** = કીર્તિવાળા, પ્રતિષ્ઠાવાળા **જેહેવા** = ની જેમ, ના જેવા **જમ** = જેમ **કાસલ** = નડતર રૂપ ભેખડ **તીર** = કાંઠો, કિનારો **દરીયાના** = સમુદ્રના, સાગરના.

અનુવાદ

વળી વેદમાં દર્શાવેલ કર્મોના વહીયેલ ખલ જીવો આચરણમાં સંપૂર્ણપણે વિટંડ છે. જગતમાં મોટા ગણાયા પણ જેમ દરિયાના કાંઠે નડતર રૂપ પડેલા ભેખડો જેવા હોય છે.

ભાવાર્થ

વળી બ્રહ્માજીએ ચાર વેદમાં દર્શાવેલ ધાર્મિક શુભ કર્મોના આચરણમાં સંપૂર્ણ નકારાત્મક વલણ દર્શાવીને નાસ્તિક ગુણ ધરાવતા વહીયેલ ખલ જીવો ઉત્તમ કર્મો ત્યજીને અધર્મી પ્રવૃત્તિના જ વ્યસની હોય છે. જેમ દરિયાકાંઠે ખડકાયેલા મોટા મોટા પથ્થરો દરિયાના અવિરત વહેતા પ્રવાહ સહિત તેમાં ગમન કરતા વહાણ, સ્ટીમર કે અન્ય માલવાહક જહાજોને અવરોધરૂપ બને છે. તેમ જગતમાં ઉપલક રીતે મહાન પ્રતિષ્ઠાપાત્ર બનેલા ખલ જીવો સમાજમાં સત્ માર્ગે ગમન કરતા સજ્જનોને નડતરરૂપ બનીને સંસારના સુખમય પ્રવાહમાં અવરોધી બને છે.

જો કદપી તે અમલી હોય તો, તાડન કરન તગાજુ;
મહિષીસુત મારનવત તીનસે, અગલબગલ થૈયે બાજુ. ૨

શબ્દાર્થ

જો કદપી = જો કદાચ, ને કોઈ કારણસર **તે** = તેઓ **અમલી** = અમલદાર, સત્તાધારી **હોય તો** = હોય તો **તાડન** = જુલમ ગુજારવો, દંડાત્મક શાસન, મારપીટ **કરન** = કરીને **તગાજુ** = સખતાઈ, અતિશય કરપ **મહિષીસુત** = પાડો **મારનવત** = મારકણો, મારવા દોડે તેવા લક્ષણવાળો, બિહામણો **તીનસે** = તેનાથી **અગલબગલ** = આસપાસ, આજુબાજુ **થૈયે** = થઈ જવું, જોઈએ **બાજુ** = પડખે, તરફથી, નજીક.

અનુવાદ

જો કદાચ અમલદાર હોય તો મારકણા પાડાની જેમ અતિશય કરપ કરીને જુલમ ગુજારે છે, તેઓથી આજુબાજુ થવું પડે છે.

ભાવાર્થ

જો કોઈ કારણવસાત્ આવા જીવો સત્તા ઉપર આવીને અમલી (અમલદાર) અધિકારીનો હોદ્દો ધારણ કરે તો તેઓ પ્રજા ઉપર મારકણા પાડાની જેમ અતિશય સખતાઈ ભર્યો જુલમ ગુજારતા હોય છે. સંસારમાં આવા અમલી તત્ત્વોથી સુદઢ અને સંસ્કારી સમાજ તેની પડખે ન રહેતા આજુબાજુ થઈ જતા હોય છે. એટલે કે દૂર રહેવાનું સ્વીકારતા હોય છે.

ઉપલ્યે મન ધરીયે અતબારન, અંતરગત નહીં હેતુ;
જનુની બંધ કહે અહિ સાવજકુ, પણ શાનુ સજન્યેતુ. ૩

શબ્દાર્થ

ઉપલ્યે મન = મનથી ઉપલક રીતે, બાહ્યાચાર પુરતો **ધરીયે** = ધારણ કરવો **અતબારન** = એતબાર, ભરોસો **અંતરગત** = હૃદયપૂર્વક **નહીં** = નથી **હેતુ** = સ્નેહ, પ્રેમ, લાગણી **જનુની બંધ** = માતાના ભાઈ, મામા **કહે** = કહેવામાં આવે **અહિ** = સાપ **સાવજકુ** = વાઘ **પણ** = પરંતુ **શાનુ** = શા માટે, શું કામ, શા કારણે **સજન્યેતુ** = ભલાઈ, સારાપણું, સજ્જનતા, સ્વજન પ્રત્યે પ્રેમ, સામાજિક પ્રેમ.

અનુવાદ

બાહ્યાચાર પુરતો જ ભરોસો ધરીને હૃદયમાં કદી હેત કરાતો નથી. જેમ સાપ કે વાઘને સાપમામા અથવા વાઘમામા કહેવામાં આવે, પરંતુ શા માટે સામાજિક સ્નેહ રખાય ?

ભાવાર્થ

આવા દુષ્ટ જીવો પ્રત્યે બાહ્યાચાર પુરતો ભલે વિશ્વાસુ કહીને ભરોસો રાખીએ, પરંતુ હૃદયપૂર્વક કદી પણ હેત કે સ્નેહ કરાતો નથી. જેમ સાપ અને

વાઘને સમાજમાં સૌ મામા તરીકે ઉદ્બોધન કરીને સાપમામા અથવા વાઘમામા એમ કહે ખરા, પરંતુ તેવા પ્રાણી સાથે સામાજિક સ્નેહના સંબંધો કદી પણ રાખી શકાય નહીં. એવા જીવોથી હંમેશા દૂર જ રહેવું જોઈએ.

એહેવા નર નરકીનું હરિ પખ, ભવમે નહીં ભારંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મલ ભરીયા મતિમંદુ. ૪

શબ્દાર્થ

એહેવા = એવા **નર** = માનવ, જીવ **નરકીનું** = નરક સંબંધીનું, અસુરીવૃત્તિ ધરાવતા **હરિ પખ** = પ્રભુના પક્ષમાં, પ્રભુ પ્રત્યેની વફાદારી કરનારા **ભવમે** = વિશ્વમાં, જગતમાં **નહીં** = નથી **ભારંદુ** = ઉપકારદાયક, અહેસાનમાં **તે** = તે **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = દુષ્ટ, શઠ **મલ ભરીયા** = દુર્ગુણોથી ભરેલા **મતિમંદુ** = મંદ બુદ્ધિના, અજ્ઞાની.

અનુવાદ

આવા નર્કના જેવી આસુરીવૃત્તિ માનવો પ્રભુની તરફદારી કરતા હોય પરંતુ જગતમાં ઉપકારદાયક નથી. તેવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ભાવાર્થ

નર્કના યમ દૂતો જેવી આસુરીવૃત્તિના ધરાવતા આવા માનવો ઘણી વખત બાહ્યાચારથી પ્રભુની તરફદારી કરતા જણાતા હોય છે, પરંતુ જગતમાં ભક્તો પ્રત્યે હૃદયમાં સહેજ પણ અહેસાનમંદ વૃત્તિ હોતી નથી. તેઓ નકારાત્મક વલણ દાખવીને સમાજના આસ્તિક અને ધર્મપરાયણ મુમુક્ષુને નડતર રૂપ બને છે. એવા અધર્મી, વ્યભિચારી, લાલચુ અને શઠ જીવો દુર્ગુણોથી ભરેલા તેમજ અજ્ઞાની હોય છે.

ચોસરા - ૨૦

આગળ દહીત ભયા જેહી જુગમેં, સુખ દઈ નહીં કોઈ કહેના;
જનમ ધરી હરિ હાથે હણીયા, શત્રુ સુર સરવેના. ૧

શબ્દાર્થ

આગળ = આગળ, અગાઉ **દહીત** = દાનવો, રાક્ષસો **ભયા** = થયા **જેહી** = જે. **જુગમેં** = જગતમાં **સુખ** = સુખ **દઈ** = આપી **નહીં** = નહીં **કોઈ કહેના** = કોઈને પણ **જનમ** = જન્મ **ધરી** = ધારણ કરી, લઈ **હરિ** = વિષ્ણુ **હાથે** = હાથ દ્વારા, હાથે **હણીયા** = હણાયા, મરાયા **શત્રુ** = દુશ્મન **સુર** = દેવો **સરવેના** = સર્વના, તમામના, બધાના.

અનુવાદ

અગાઉ થઈ ગયેલા રાક્ષસો જગતમાં કોઈને પણ સુખદાયી હતા નહીં. કારણ કે તેઓ દેવો સહિત સર્વેના શત્રુ હતા. એટલે જ જન્મધારણ કરી વિષ્ણુએ પોતાના હાથે જ હણ્યા હતા.

ભાવાર્થ

પૌરાણિક ઈતિહાસને જોતાં સતયુગ, દ્વાપરયુગ અને ત્રેતાયુગ દરમિયાન જગતમાં આસુરીવૃત્તિ ધરાવતા દૈત્યો થઈ ગયા હતા તે કદી પણ સંસારમાં સુખદાયી હતા તેવું કોઈ કહી શકે નહીં. કારણ કે તે અસુરો પોતાની અધર્મી અને દુરાચારી પ્રવૃત્તિથી સંસારના સર્વ પ્રજાજનોને અને દેવોને પણ રંજાડતા હતા. તેથી જ પાલન-પોષણની જવાબદારી નિભાવતા શ્રી વિષ્ણુએ વિવિધ અવતારો ધારણ કરીને પોતાના હાથે જ ધર્મની રક્ષામાટે એવા અસુરોનો નાશ કર્યો છે.

તબતે ગઈ દુગ્ધા દેવનકી, હરિજન સંત સબેની;
એહી પરકાર પીડય સાકુટ ખલ, મેટે કુણ અબેની. ૨

શબ્દાર્થ

તબતે = તેથી, ત્યારથી **ગઈ** = દૂર થઈ **દુગ્ધા** = આપદા, પીડા, મૂંઝવણ, આપત્તિ **દેવનકી** = દેવોની **હરિજન** = ભક્તો **સંત** = સંત પુરુષો **સબેની** = સર્વની, દરેકની **એહી પરકાર** = આ પ્રકારે, આ રીતે **પીડય** = પીડા, મુશ્કેલી **સાકુટ** = અધર્મી **ખલ** = દુષ્ટ, શઠ **મેટે** = દૂર કરે **કુણ** = કોણ **અબેની** = એમની, એવા તરફથી, તેમના તરફની, હવેની.

અનુવાદ

ત્યાર પછી જ દેવો ભક્તો અને સંત પુરુષોની આપત્તિ દૂર થઈ હતી, પરંતુ

એવા પ્રકારની પીડા અધર્મી અને દુષ્ટ જીવો દ્વારા અપાતી હોવાથી હવે તેને કોણ દૂર કરે ?

ભાવાર્થ

શ્રી વિષ્ણુ દ્વારા કરવામાં આવેલ દૈત્યોના વિનાશ પછી જ સર્વે દેવો, ભક્તો અને સંત-પુરુષોની મુશ્કેલીઓ દૂર થઈ હતી અને શાંતિમય જીવન જીવી શક્યા હતા, પરંતુ હાલમાં આસુરી વૃત્તિ ધરાવતા અધર્મી અને શઠ જીવો તરફથી થતી એવાજ પ્રકારની કનડગત સમાજ ભોગવી રહ્યો છે, તો હવે તેમાંથી ઉગારવા કોણ આવશે ? અર્થાત હવે સમાજને પડતી મુશ્કેલી કોણ દૂર કરશે ?

હરિ જુદ્ધકે નહીં શકત સમોવડ, લંપટ લીખ દરીકે;
કીટ પર કટકઈ કર આયુધ, શું કરે સૂર ધરીકે. ૩

શબ્દાર્થ

હરિ = વિષ્ણુ **જુદ્ધકે** = યુદ્ધને **નહીં** = નહીં **શકત** = શકે, કરી શકે, થાય **સમોવડ** = સમઘાત, બરાબરી **લંપટ** = વ્યભિચારી **લીખ** = એક પ્રકારના સૂક્ષ્મ જંતુ **દરીકે** = બીકણ, ડરપોક **કીટ પર** = કીટાણુ ઉપર, જીવજંતુ ઉપર **કટકઈ કર** = હાથમાં તલવાર લઈને **આયુધ** = યુદ્ધ **શું કરે** = કેવી રીતે કરે **સૂર** = શૂરાતન **ધરીકે** = ધારણ કરીને.

અનુવાદ

અતિ સૂક્ષ્મ જંતુ સમાન ડરપોક વ્યભિચારી જીવો શ્રી વિષ્ણુ સાથે સમોવડીળું યુદ્ધ કરવા શક્તિમાન નથી, તો શૂરાતન ધારણ કરીને હાથમાં તલવાર લઈ જંતુ ઉપર કોણ કેવી રીતે યુદ્ધ કરે ?

ભાવાર્થ

લીખ (જૂ) નામના સૂક્ષ્મ જંતુ સમાન ડરપોક વ્યભિચારી અને રાક્ષસ વૃત્તિ ધરાવતા શઠ જીવો દૈત્યો જેવા સક્ષમ અને બળવાન હોતા નથી કે તેમનો સંહાર કરવા શ્રી વિષ્ણુએ અવતાર ધારણ કરીને તેમની સામે યુદ્ધ કરવુ પડે. જેમ કીડી અને સૂક્ષ્મ કીટાણુ જેવા જીવો ઉપર હાથમાં તલવાર લઈને કોઈ

કઈ રીતે શૂરાતન ધારણ કરી શકે ? અર્થાત્ શૂરાતન ધારણ કરવાથી શું કાર્ય સાર્થક થઈ શકે ?

કંચિત માત્ર કાજ વિભૂતિકે, વિછુવા અરથ સારંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મલ ભરીયા મતિમંદુ. ૪

શબ્દાર્થ

કંચિત માત્ર = થોડુક જ, સહેજ, લગાર **કાજ** = કામ, કાર્ય **વિભૂતિકે** = ઐશ્વર્યતાને **વિછુવા** = વિંછી **અરથ** = કાર્ય, કામ **સારંદુ** = સાધવું, પાર પાડવું **તે** = તેવા **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = દુષ્ટ, શઠ **મલ ભરીયા** = દુર્ગુણોથી ભરેલા **મતિમંદુ** = મંદ બુદ્ધિના, અજ્ઞાની.

અનુવાદ

જેમ થોડી જ વિભૂતીથી વીંછી પોતાનું કાર્ય સાધે છે તેવા સાકુટ, લોભી, લંપટ અને ખલ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ભાવાર્થ

જગતમાં જેમ થોડી જ વિભૂતી ધરાવતા વીંછી પોતાના ઝેરી ડંખથી પોતાનું કાર્ય સાધીને અન્યને પીડા આપે છે, તેમ સંસારમાં તેવી ઝેરી ડંખ મારવાની વૃત્તિ ધરાવતા અધર્મી, વ્યભિચારી, લાલચુ અને શઠ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની જીવો સમાજને નડતરરૂપ બને છે અને પોતાનું કાર્ય સાર્થક કરે છે.

ચોસરા - ૨૧

સકલ પદારથકી છાંડન સદ, જ્યૌ સુપકે અગ્રેસુ;
પુની પનીયા ઝાડન જીનકી રજ, ઓરુ નાકનકે કેસુ. ૧

શબ્દાર્થ

સકલ = તમામ, બધા **પદારથકી** = પદાર્થના **છાંડન** = એંઠવાડ, છાંડેલું અન્ન **સદ** = સરખા, ના જેવા **જ્યૌ** = જેમ **સુપકે** = સૂપડાની **અગ્રેસુ** = આગળ, અગ્રભાગે **પુની** = વળી

પનીયા = પગરખાં **ઝાડન** = ખંચેરતાં, ખંચેરવા **જીનકી** = જેની **રજ** = રજકણ, કચરો **ઓરુ** = અને **નાકનકે** = નાકના **કેસુ** = વાળ.

અનુવાદ

તેઓ સૂપડાનાં અગ્ર ભાગે ફોતરાં હોય છે તેવા, સર્વ પદાર્થના એંઠવાડ જેવા, પગરખા ખંખેરવાથી પડતી રજકણ અને નાકના વાળ જેવા છે.

ભાવાર્થ

રોજ-બરોજ અન્નને ખાતાં વધેલો એંઠવાડ નકામો હોય છે, તેમજ અનાજને ઝાટકતાં સૂપડામાં આગળના ભાગે કસાય કામમાં નથી તેવાં અનાજના હલકાં ફોતરાં જુદા પડી આગળના ભાગે આવે છે. વળી, રોજબરોજ ચાલવામાં ઉપયોગ કરાતા પગરખાં જો ખંખેરવામાં આવે તો તેમાં ચોટી ગયેલી બિન જરૂરી રસ્તાની રજકણનો કચરો જ હોય છે. તેમજ નાકમાંથી ચૂંટીને તોડેલા વાળ પણ નકામા હોય છે. તેમ આવા જીવો પણ સંસારમાં બિન જરૂરી અને નકામા હોય છે.

એહી ચારુ સમકે સાકુટ ખલ, લોભી નર લંપટહી;
બાહાયા ભિતરકે મત હીણવા, જીનકે ચિત્ત સંપટહી. ૨

શબ્દાર્થ

એહી = આ **ચારુ** = ચારેય **સમકે** = સરખા **સાકુટ** = અધર્મી **ખલ** = દુષ્ટ, શઠ **લોભી** = લાલચુ **નર** = માનવી **લંપટહી** = વ્યભિચારી **બાહાયા** = બહારથી **ભિતરકે** = અંદરથી **મત** = નહીં **હીણવા** = જવા દેતા, પેસવા **જીનકે** = જેઓના **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **સંપટહી** = ઘેરાયેલા, ચારે બાજુથી બંધ હોય તેવા, સંકુચિત.

અનુવાદ

એ ચારેય સમાન સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો છે. વળી ચિત્ત સંપટવત્ કોઈ તેઓ બહારનું કશું પણ અંદર જવા દેતા નથી.

ભાવાર્થ

જગતના અધર્મી, વ્યભિચારી, લાલચુ અને દુષ્ટ એમ ચારેય પ્રકારના જીવોની વાણી, વર્તન અને વ્યવહાર હીણ ગતિના હોઈ તેઓ અગાઉ દર્શાવ્યા મુજબ,એંઠવાડ, ફોતરાં, કચરો અને વાળ સમાન બિન જરૂરી છે. વળી તેમનાં ચિત્ત સદાને માટે કઠણ પડથી ઘેરાયેલા સંપટવત્ હોઈ તેઓ બહારથી કોઈપણ પ્રકારના સદ્‌ગુણોને અંદર પેસવા દેતા નથી અને અંદરના દુગુણોને બહાર કાઢતા નથી.

સંપટ ચિત્ત તે સમજ લહે નહીં, આત્મ લક્ષ અનુભવની;
તીનું આદ્ય શુભ કારજ સકલની, ગતિ ન પેખે લવની. ૩

શબ્દાર્થ

સંપટ ચિત્ત = ઘેરાયેલા ચિત્ત **તે** = તે **સમજ** = સમજણ, જ્ઞાન **લહે** = ગ્રહણ કરે **નહીં** = નહીં **આત્મ લક્ષ** = આત્માનો લક્ષ **અનુભવની** = અનુભવથી પ્રાપ્ત થતા **તીનું** = તેની **આદ્ય** = આદ્ય લઈને **શુભ** = મંગલકારી, સારા **કારજ** = કાર્યો, કર્મો **સકલની** = સર્વની, બધાની **ગતિ** = સૂઝ, સમજ **ન** = નહીં **પેખે** = સમજે, જાણે, ઓળખે **લવની** = જરાપણ, સહેજપણ, કિંચિતપાત્ર.

અનુવાદ

ચિત્ત સંપટવત્ હોવાથી અનુભવયુક્ત આત્મજ્ઞાનની સમજ ગ્રહણ કરે નહીં. તેની આદ્યે સર્વ શુભ કર્મોની ગતિને પણ કિંચિતમાત્ર જાણતા નથી.

ભાવાર્થ

તેમના ચિત્ત ચારે બાજુથી અતૂટ કઠણ પડથી ઘેરાયેલા સંપટવત્ હોવાથી તેમાં સંતપુરુષ દ્વારા ઉચ્ચારાતી અનુભવયુક્ત આત્મજ્ઞાનની સાચી સમજને પેસવાનો કોઈજ અવકાશ નથી. જેથી તમામ શુભ કર્મોની આદ્ય લઈ આત્મજ્ઞાનના લક્ષને તેઓ કિંચિતમાત્ર પણ જાણતા ન હોઈ અનુભવી સકતા પણ નથી.

નરંધ અચેત વેત વિનુ અંતસ, જંત ન જાણ્ય જારંદુ;
તે સાકુટ લંપટ લોભી ખલ, મલ ભરીયા મતિમંદુ. ૪

શબ્દાર્થ

નરંધ = ધરમૂળથી આંધળા, નિર્મૂળ આંધળા **અચેત** = ગાફલ, મૂઢ, જડ **વેત** = જ્ઞાન **વિનુ** = વિના, સિવાય **અંતસ** = અંતઃકરણ **જંત** = માનવી, જીવ **ન** = નહીં **જાણ્ય** = માહિતી, જ્ઞાન, સમજ **જારંદુ** = જરાપણ **તે** = તેવા **સાકુટ** = અધર્મી **લંપટ** = વ્યભિચારી **લોભી** = લાલચુ **ખલ** = દુષ્ટ, શઠ **મલભરીયા** = દુર્ગુણોથી ભરેલા **મતિમંદુ** = મંદ બુદ્ધિના, અજ્ઞાની.

અનુવાદ

નિર્મૂળ આંધળા અને મૂઢ જીવોના અંતઃકરણ વિત્ત સિવાયના હોવાથી જરાપણ જાણ્ય હોતી નથી. તેવા સાકુટ, લંપટ, લોભી અને ખલ જીવો દુર્ગુણોથી ભરેલા અને અજ્ઞાની છે.

ભાવાર્થ

નિર્મૂળ આંધળા અને ગાફલ જીવોના અંતઃકરણો નિર્વિત હોવાને કારણે તેમનામાં કિંચિતમાત્ર જ્ઞાનની જાણ્ય હોતી નથી એવા અધર્મી, વ્યભિચારી, લાલચુ અને શઠ જીવો દુર્ગુણોથી ભરેલા તેમજ અજ્ઞાની હોય છે.

દોહા

જેહી જીનકા અવગુણ થા જીનમેં, તેહી તીનકા દરશાયા;
જ્યૌ દર્પણ મુખ હોય ત્યૌ દરસે, કુવેર કાચ નહીં ગાયા. ૧

શબ્દાર્થ

જેહી = જેવા **જીનકા** = જેમના, જેઓના **અવગુણ** = અપ લક્ષણ, દોષ, ખોડ **થા** = હતા **જીનમેં** = જેનામાં **તેહી** = તે **તીનકા** = તેઓના, તેમના **દરશાયા** = બતાવ્યા, દેખાડ્યા **જ્યૌ** = જેમ **દર્પણ** = અરીસો **મુખ** = મોં, મુખારવિંદ **હોય** = હોય **ત્યૌ** = તેમ **દરસે** = જોવાય, દેખાય, નિહાળાય **કુવેર** = કુવેરસ્વામી **કાચ** = કાચ જેવાને, નિર્મળ પુરુષોને, પારદર્શક **નહીં** = નથી **ગાયા** = ગાયું, જણાવ્યું, બોલ્યા, વર્ણવ્યું.

અનુવાદ

જેમ દર્પણ જેવું મોં હોય તેવું જ બતાવે છે. જેમના જેવા અપલક્ષણ

(દુર્ગુણ) હતા તેવા તેમના દર્શાવ્યા છે. કુવેરસ્વામી કહે છે કે કાચની જેમ જે નિર્મળ છે તેવાનું વર્ણન કર્યું નથી.

ભાવાર્થ

જેવી રીતે અરીસા સામે ઊભા રહેવાથી જેનું જેવું મુખારવિંદ હોય તેવું જ આલેખન-આકૃતિ તે અરીસો બતાવતો હોય છે. તેમાં ફેરફાર હોતો નથી. તેવીજ રીતે જે પ્રકારના જીવોના દોષો તેમનામાં રહેલા છે તે મુજબ ત્રણેય અંગોમાં બારે પ્રકારના જીવોનાં લક્ષણોને વર્ણવ્યા છે. જેમાં તેમણે કશું જ ખોટું વર્ણન કર્યું નથી. પરંતુ કુવેરસ્વામી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે, જે કાચ જેવા નિર્મળ અને પારદર્શક પુરુષો હતાં તેમનું વર્ણન તેઓએ કર્યું નથી.

અંગ ૪
હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવકનાં લક્ષણ દર્શાવનકો

ચોસરા - ૧

હરિજન તે સંતનકુ સેવત, દે તન મન ધન દાનું;
ઓરુ કછુ સંગ્રે નહીં રાખત, રહીત દેહ અભિમાનું. ૧

શબ્દાર્થ

હરિજન = હરિનો ભક્તજન, ભગવાનનો માણસ **તે** = તેઓ **સંતનકુ** = સંત પુરુષને **સેવત** = સેવા કરવી, સરભરા કરવી **દે** = આપે **તન** = શરીર **મન** = મન અંતઃકરણ **ધન** = સંપત્તિ, દ્રવ્ય **દાનું** = દાનમાં, ભેટમાં **ઓરુ** = અને, વળી **કછુ** = કાંઈપણ **સંગ્રે** = સંગ્રહ કરે **નહીં** = નહીં **રાખત** = રાખવું **રહીત** = વિના, સિવાય **દેહ અભિમાનું** = દેહનું ગર્વ, દેહાભિમાન.

અનુવાદ

હરિના ભક્તજનો તન, મન અને ધન દાનમાં સમર્પણ કરીને સંતપુરુષોની સેવા કરે છે. અને દેહાભિમાન રહિત થઈ, કાંઈપણ સંગ્રહ કરી રાખતા નથી.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આ અંગના પ્રારંભમાં પ્રથમ ઈશ્વરના (પ્રભુના) સ્મરણમાં તલ્લિન બનીને રહેનાર હરિના ભક્તજનો અંગે લક્ષણો દર્શાવતાં જણાવે છેકે આવા હરિભક્તો પોતાના તન, મન અને ધન સંપૂર્ણ પણે દાનમાં સમર્પિત કરીને રહેતા હોય છે. પોતાની પાસે કોઈપણ પ્રકારની દ્રવ્ય કે સંપત્તિનો સંગ્રહ કરતા નથી.

પોતાના ઈષ્ટદેવ ઉપર પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખી માનવ દેહ નાશવંત

છે તેમ સમજી ગત જન્મના પુણ્ય પ્રતાપે મળેલ સ્થૂળ દેહનું દેહાભિમાન ત્યજીને સંતપુરુષોની સેવામાં રત રહે છે.

અબ સુનિયો નિજદાસન દલ, ગલીત સદા ગલતાનું;
આઠે પહોર અવિલાન અનીનરત, ગત્ય મત્ય ગુણ અભિરાનું. ૨

શબ્દાર્થ

અબ = હવે **સુનિયો** = શ્રવણ કરો **નિજદાસન** = નિજદાસનું-મૂળ દાસત્વભાવ વાળાનું **દલ** = હૃદય, મન **ગલીત** = તન્મય, એકરૂપ, એકરસ **સદા** = હંમેશને માટે **ગલતાનું** = તલ્લીન, એકાકાર, મગ્ન **આઠે પહોર** = રાત-દિવસ, ચોવીસ કલાક **અવિલાન** = આંતરદ્રષ્ટિથી નિહાળીને, અવિલોકન કરીને **અનીનરત** = અનીનતાપૂર્વકના પ્રેમભાવથી **ગત્ય** = ગતિ **મત્ય** = મતિ **ગુણ** = લક્ષણ, ત્રિગુણાત્મકગુણ **અભિરાનું** = મીટાવી દેવું, શાંત કરી દેવું, સ્થિર કરવું.

અનુવાદ

હવે નિજદાસના હૃદયની તન્મયતા વિષે શ્રવણ કરો. તેઓ સદા મગ્ન બનીને આઠે પહોર અનીનતાપૂર્વકના પ્રેમભાવથી અવિલાન કરે છે અને ગુણોમાં તેમની ગતિ અને મતિ સ્થિર થયેલી છે.

ભાવાર્થ

હવે સ્વયં દાસાતનભાવ ધારણ કરીને રહેનાર ભક્તના હૃદયની તન્મયતા કેવી હોય છે તે અંગે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જણાવતાં કહે છે કે આવા નિજદાસ આઠેય પહોર (ચોવીસે કલાક) મગ્ન બનીને અવિલાન કરે છે અને હંમેશને માટે અનીનભાવ ધારણ કરીને રહે છે. જેથી, તેમની ગતિ અને મતિ ત્રિગુણાત્મક પદોમાં સ્થિર થયેલી હોય છે.

ભક્ત સોઈ ભગવંત સંતસુ, ઉભેય પદ અનુરાગી;
ભગથી તીત લક્ષ ભલભેદુ, નિશદિન સંત સમાગી. ૩

શબ્દાર્થ

ભક્ત = ભક્તિ કરનાર, ભગત **સોઈ** = તે **ભગવંત** = પરમેશ્વર, ભગવાન

સંતસુ = સંતપુરુષોને **ઉભયે પદ** = બંને પદ **અનુરાગી** = પ્રેમ ધરાવતા, ભાવવાળા, સ્નેહ રાખનારા **ભગથી** = નાશવંત રચનાથી **તીત** = પરે **લક્ષ** = જ્ઞાન **ભલભેદુ** = રહસ્યને સારી રીતે જાણવાવાળા **નિશદિન** = અહોરાત્રિ, હંમેશ, અહર્નિશ **સંત** = સંતપુરુષોના **સમાગી** = સમાગમમાં, સત્સંગમાં.

અનુવાદ

ભગવાન અને સંત એમ બંને પદ સાથે અનુરાગ ધારણ કરીને જે રહે તે ભક્ત કહેવાય. નાશવંતથી પરે રહેલા લક્ષના રહસ્યને સારી રીતે જાણવાવાળા હોઈ તેઓ હંમેશને માટે સંત સમાગમમાં રહેતા હોય છે.

ભાવાર્થ

આવા ભક્તજનો પોતાના ઈષ્ટદેવ અને સંતપુરુષો એમ બંને પદો સાથે અનુરાગ ધારણ કરીને રહેતા હોય છે. તેમનામાં વિશેષ જ્ઞાનને જાણવાની અને પરમલક્ષને પ્રાપ્ત કરવાની હંમેશને માટે ઉત્કંઠા રહે છે. આથી તેઓ જન્મ-મરણના ક્રમમાંથી મુક્તિ અપાવે તેવા પરમપદના માર્ગે ગમન કરવાનો સાચો ઉપાય શોધવા નિત્યપ્રતિદિન સંતપુરુષ સાથે સમાગમમાં રહી તેમના દ્વારા પ્રાપ્ત થતા જ્ઞાનમય સત્સંગમાં તરબોળ બનીને રહે છે.

સેવક જે સેવનકી રત્ય મન, ખટ દરશન સનમેતું;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરણ સહેતુ. ૪

શબ્દાર્થ

સેવક = જેનો ભાવ માત્ર સેવામાં સ્થિર થયો છે તેવી વ્યક્તિ **જે** = જેઓ **સેવનકી** = સેવા કરવાની **રત્ય** = આરત, લગન, રટ **મન** = મન અંતઃકરણ **ખટ દરશન** = છ શાસ્ત્રો, છ પ્રકારના ભેખ **સનમેતું** = સન્મુખ, સહિત, મતિને જોડી રાખીને **તે** = તેવા **હરિજન** = હરિભક્ત **નિજદાસ** = દાસાતન ભાવવાળા **ભક્તજન** = ભક્તજનો **સેવક** = સેવાની વૃત્તિ ધરાવતા **શરણ** = શરણમાં **સહેતુ** = હેતપૂર્વક, પ્રેમપૂર્વક.

અનુવાદ

છ પ્રકારના દર્શન સહિતની સેવા કરવાની આરત જેમના મનમાં છે

તે સેવક કહેવાય. તેવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક પ્રેમપૂર્વક શરણમાં રહે છે.

ભાવાર્થ

જેનો ઉદેશ માત્ર સેવાનો છે તેવા સેવક છ પ્રકારના ભેખધારી પુરુષોની આદ્ય લઈ સર્વ જ્ઞાની સંત પુરુષોની સેવામાં આરતપૂર્વક પોતાના મનને જોડીને પ્રેમથી સેવા કરતા હોય છે. આવા હરિના ભક્તો, નિજદાસ, ભક્તજન અને સેવકો સદાય આત્મકલ્યાણના ઉદ્દેશથી હંમેશને માટે ગુરુના શરણમાં પ્રીતિ ધારણ કરીને પ્રભુ ભક્તિ કરતા હોય છે.

ચોસરા - ૨

સમચીત સરલ ચરલ કછુ નાંહી, ગુરુપદ સંત ચરણથી;
દઢ નિજ નેમ પ્રેમ પુલકિત તન, એકરસ રહત સુમનથી. ૧

શબ્દાર્થ

સમચીત = ભ્રમીત ન થયેલું, સમાન ચિત્ત, ચિત્તની સમાનતા **સરલ** = સરળ **ચરલ** = ચલાયમાન **કછુ નાંહી** = કાંઈપણ નહીં **ગુરુપદ** = ગુરુના ચરણાવિંદ **સંત** = સંતપુરુષ **ચરણથી** = ચરણકમળથી **દઢ** = મક્કમ **નિજ** = પોતાના **નેમ** = નિયમ **પ્રેમ** = સ્નેહ **પુલકિત** = આનંદમય, સંતોષી **તન** = શરીર **એકરસ** = એકાકાર, મગ્ન, એકમેક **રહત** = રહે **સુમનથી** = શુદ્ધ મનથી.

અનુવાદ

ભ્રમિત થયા વિના ચિત્તની સરળતાપૂર્વક સ્થિરતાને લીધે ગુરુ અને સંતના ચરણકમળમાંથી તેમનું ચિત્ત ચલાયમાન થતું નથી. વળી શુદ્ધ મનથી પ્રેમપૂર્વકના શારીરીક નિયમની દઢતા હોવાથી આનંદમય બની શરીર દ્વારા એકરસ થઈને રહે છે.

ભાવાર્થ

આ ચારેય પ્રકારના ધર્મપ્રિય સજ્જનોનાં અંતઃકરણ સંસારિક સુખ કે અન્ય પદાર્થ પ્રાપ્તિમાં ભ્રમિત થયા વિના સરળતાપૂર્વક સ્થિરતા ધરાવતાં હોય છે. જેથી તેઓ જ્ઞાન પ્રાપ્તિ અર્થે ગુરુ અને સંતપુરુષોના ચરણકમળમાં તેમનું ચિત્ત ચલાયમાન કર્યા વિના સ્થિર કરીને રાખે છે. તેઓના પવિત્ર મનમાં પ્રેમપૂર્વકના નિયમની દૃઢતા હોવાથી તેઓ સદા આનંદમય ભૂમિકામાં રહીને શરીરથી થતા બધા ક્રિયા-કર્મો દૃઢતાપૂર્વક કરે છે. અને પોતાના સ્વ-સ્વરૂપ સાથે સમરસ થઈને વૃત્તિને જોડી રાખે છે.

નંદતનહિં જુગમાંહી કેહુનકુ, જેહી જીનકુ જમ દાખે;
હરખભર્યા હલમલ સબ સાથે, કોહુસે કટુક ન ભાખે. ૨

શબ્દાર્થ

નંદતનહિં = નિંદા કરતા નથી **જુગમાંહી** = જગતમાં, સંસારમાં **કેહુનકુ** = કોઈની પણ **જેહી** = જે પ્રમાણે **જીનકુ** = જેમને **જમ** = તે મુજબ, જેવું હોય તેવું **દાખે** = જણાવે, બતાવે, દેખાડે, ધ્યાન પર લાવે **હરખભર્યા** = આનંદપૂર્વક, હરખઘેલા **હલમલ** = હળીમળીને **સબ સાથે** = બધા સાથે, સર્વની જોડે **કોહુસે** = કોઈને **કટુક** = દુઃખ થાય તેવું, કડવાં વચન **ન** = નહીં **ભાખે** = બોલવું, કહેવું.

અનુવાદ

જગતમાં કોઈની નિંદા કરતા નથી અને જેનું જેવું હોય તેવું તેને ધ્યાન પર લાવે છે. વળી કોઈને પણ દુઃખ થાય તેવું બોલ્યા વિના બધાની સાથે હળીમળીને આનંદપૂર્વક રહે છે.

ભાવાર્થ

આવા ધર્મપરાયણ સજ્જનો જગતમાં કોઈની પણ નિંદા કરતા નથી, પરંતુ જેના જેવા ગુણ-અવગુણ કે સાચા-જૂઠાની જે સાચી હકીકત હોય તેને ન્યાયપૂર્વક દર્શાવવીને સમાજને ધ્યાન પર લાવતાં ખચકાતા પણ નથી. સંસારમાં પ્રત્યેક વ્યક્તિમાત્રની સાથે હળીમળીને પોતે આનંદપૂર્વક જીવન વિતાવે છે. કોઈને પણ અપ્રિય લાગે તેવાં વચનો કદીપણ ઉચ્ચારતા નથી.

સકલ પક્ષ સારનકી ગમ ગત્ય, રાખત ઉર ગુપતાઈ;
પણ વધઘટ જીનું કહત ન કુનકી, સો નિજ જન અનીનાઈ. ૩

શબ્દાર્થ

સકલ = સર્વે, દરેક **પક્ષ** = પક્ષ, મત, સિદ્ધાંત **સારનકી** = સારની **ગમ** = સૂઝ, સમજ **ગત્ય** = ગતિ, જ્ઞાન, જાણ્ય **રાખત** = રાખે **ઉર** = હૃદયમાં **ગુપતાઈ** = ગુપ્ત, છૂપું **પણ** = પરંતુ **વધઘટ** = ઓછા-વત્તી, વધારે કે ઓછું **જીનું** = જેનું, તે અંગે **કહત** = કહેતા **ન** = નહીં **કુનકી** = કોઈને, કોઈનું **સો** = તે, તેથી **નિજજન** = સાચા ભક્તજન, ખરી વ્યક્તિ **અનીનાઈ** = અનીનતાવાળા, દાસાતનભાવવાળા.

અનુવાદ

બધા જ મતપક્ષોના સારને સમજ અને સૂઝને તેઓ પોતાના હૃદયમાં જ ગુપ્ત રાખે છે, પરંતુ કોઈ માટે વધારે કે ઓછું કહેતા નથી. તેથી તેઓ અનીનતાવાળા નિજ જન છે.

ભાવાર્થ

વિશ્વના પ્રારંભકાળથી અત્યાર સુધી ચારવેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણોની આદ્ય લઈ વિવિધ ધર્મગ્રંથોના આધારે જગતમાં ભિન્ન ભિન્ન પ્રકારની માન્યતાઓનો પ્રભાવ જન-સમાજ ઉપર જોવા મળે છે. વળી, વિવિધતા ધરાવતા ધાર્મિક મત-પંથો ફૂલ્યા ફાલ્યા છે. આવા વિવિધતાવાળા સર્વે મતપક્ષોના અંતિમ સારની સમજ અને જાણ્યને જે માનવી પોતાના હૃદયમાં ગુપ્ત રાખે છે અને કોઈપણ પક્ષ માટે વધારે કે ઓછું નહીં, પરંતુ તટસ્થ રીતે ન્યાયપૂર્વકનું જ્ઞાન કહેતા હોય છે તેવાને અનીનતાવાળા નિજ જન કહેવાય છે.

ગૌપાલન ગોવાળનકી મત્ય, સબ ભેખન રત્ય વેતુ;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક સરન સહેતુ. ૪

શબ્દાર્થ

ગૌપાલન = ગાયોને પાળનાર **ગોવાળનકી** = ગાયો ચરાવનાર રખેવાળની, ગોવાળની **મત્ય** = મતિ, દૃષ્ટિ, નજર **સબ** = બધા, સર્વે, તમામ **ભેખન** = ભેખ પ્રત્યે, સંન્યાસી

પ્રત્યે, વૈરાગી પ્રત્યે **રત્ય** = પ્રેમ, હેત **વેતુ** = જાણનાર **તે** = તેવા **હરિજન** = હરિભક્ત **નિજદાસ** = દાસાતનભાવવાળા **ભક્તજન** = ભક્તજનો **સેવક** = સેવાની વૃત્તિ ધરાવતા **સરન** = શરણમાં **સહેતુ** = પ્રેમપૂર્વક, હેત ધારણ કરીને **સો** = તે, તેથી **નિજજન** = સાચા ભક્તજન, ખરી વ્યક્તિ **અનીનાઈ** = અનીનતાવાળા, દાસાતનભાવવાળા.

અનુવાદ

ગાયોના પાલન કરનાર રખેવાળની જેમ દરેક ભેખને જાણનાર એવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક પ્રેમપૂર્વક શરણમાં રહે છે.

ભાવાર્થ

સમગ્ર ગ્રામજનોની ગાયોને પાળનાર ગોવાળ ગામની પાદરે ગાયોને ચરાવવા જતો હોય ત્યારે તે દરેક ગાયોને જાણીને તેમના દૃષ્ટિ રાખે છે. તેવી જ રીતે ધર્મપરાયણ એવા, હરિભક્ત, દાસાતનભાવવાળા, ભક્તજનો અને સેવકો પણ સંસારમાં વિચરણ કરતા દરેક ભેખધારી પ્રત્યેના પ્રેમને જાણીને તેમના શરણમાં હેતપૂર્વક રહીને પ્રભુ ભક્તિ કરે છે.

ચોસરા - 3

કીટ પતંગ પ્રાણી પશુ પંખી, સકલ જીવન સુખદાઈ;
દયાવંત નહીં અંત અનીનકે, વિચરત જન સેવકાઈ. ૧

શબ્દાર્થ

કીટ = કીટાણું **પતંગ** = પતંગિયાં **પ્રાણી** = જીવ, પશુ-જાનવર **પંખી** = પક્ષી **સકલ** = સર્વે, તમામ, સઘળા **જીવન** = જીવન **સુખદાઈ** = સુખ આપનારા **દયાવંત** = અત્યંત દયાળુ **નહીં અંત** = અંત નથી, છેડો નથી, જેનું કોઈ માપ નથી **અનીનકે** = અનીનતામાં, દાસાતનપણામાં **વિચરત** = ફરતા હોય છે, ભ્રમણ કરતા જીવવું **જન સેવકાઈ** = જનસેવા અર્થે, માનવની સેવા અર્થે.

અનુવાદ

કીટાણું, પતંગિયા, પશુ, પક્ષી સહિત સર્વે જીવોના જીવન માટે તેઓ

સુખદાયી છે. જેનો કોઈ અંત નથી તેવા અત્યંત દયાળુ અને દાસાતણપણામાં જ રહેતા હોઈ તેઓ જનસેવા અર્થે જ વિચરણ કરે છે.

ભાવાર્થ

આવા ધર્મ પરાયણ સજ્જનોનું ધ્યેય પ્રભુભક્તિની સાથે સાથે જનસેવા અને જીવસેવા પણ હોય છે. નાના કિટાણું-પતંગિયા, પશુ-પંખી સહિતના સર્વે જીવોના જીવન માટે તેઓ સુખદાયી બનીને રહે છે. વળી, દયાળુ અને દાસાતણપણાવાળા મૂળ સ્વભાવને કારણે અત્યંત દયાળુ બનીને જનસેવાના પરોપકારી કાર્યો અર્થે જ તેઓ સંસારમાં ભ્રમણ કરે છે.

જહાં ત્હાં પરઉપગારનકુ રત્યમન, સ્વારથ અરથ ન આશા;
મોક્ષ મુગત ફલ સંત સેવનમેં, જીનકુ એહી વિસવાસા. ૨

શબ્દાર્થ

જહાં ત્હાં = જ્યાં ત્યાં, સર્વત્ર, ગમે ત્યાં **પરઉપગારનકુ** = પરોપકાર કરવા માટે **રત્યમન** = મનમાં આરત, મહેચ્છા **સ્વારથ** = સ્વાર્થ **અરથ** = પૈસો, મતલબ, હેતુ, સંપત્તિ **ન** = નહીં **આશા** = ઈચ્છા, તમન્ના, ભાવ **મોક્ષ મુગત** = મોક્ષ રૂપી મુક્તિ **ફલ** = ફળ **સંત સેવનમેં** = સંતોની સેવામાં **જીનકુ** = જેઓને, તેમને **એહી** = આ પ્રમાણેની, આવી **વિસવાસા** = વિશ્વાસ, ભરોસો.

અનુવાદ

જ્યાં ત્યાં પરોપકાર કરવાની મનમાં મહેચ્છા હોવાથી સંપત્તિની આશાનો કોઈ સ્વાર્થ નથી. સંતની સેવામાં મોક્ષ રૂપી મુક્તિનાં ફળ મળે છે તેવો તેમનો દૃઢ વિશ્વાસ છે.

ભાવાર્થ

ધર્મ માર્ગમાં શુદ્ધ ભાવે સમર્પિત થયેલા સજ્જનોનો વ્યવહાર ભૌતિક સંપત્તિ પાર્જિત કરવાનો કે અન્ય સ્વાર્થની મતલબ પુરો કરવાનો કે પોશવાનો હોતો નથી, પરંતુ માત્રને માત્ર સંપૂર્ણપણે પરોપકારની પ્રવૃત્તિ નિશ્વાર્થભાવે

કરવાની મનમાં મહેચ્છા હોય છે. તેઓના મનમાં દઢ વિશ્વાસ પેદા થયેલો હોય છે કે સંતપુરુષોની સેવામાં જ મોક્ષની પ્રાપ્તિનું ફળ સમાયેલું છે તેથી તેમની વૃત્તિ-પ્રવૃત્તિ સંત સેવામાં સમર્પિત થયેલી હોય છે.

એક ટેક તન ત્યાગ કરન લગ, લેઈ નભવત પણ નેમુ;
હરિ ગુરુ સંત વિના કોઈ કાળે, ઓર નહીં ચિત્ત વેમુ. ૩

શબ્દાર્થ

એકટેક = એક માત્ર નિયમ **તન** = શરીરનો **ત્યાગ કરન લગ** = છોડી દે ત્યાં સુધી, મૃત્યુના સમય પર્યંત **લેઈ** = લઈને **નભવત** = મહાન, મોટું, આકાશની જેમ **પણ** = પણ, પરંતુ **નેમુ** = નિયમ, પ્રતિજ્ઞા **હરિ** = પ્રભુ, ભગવાન **ગુરુ** = ગુરુ **સંત** = સંતપુરુષ **વિના** = સિવાય **કોઈ કાળે** = કોઈ સમયે **ઓર** = બીજું **નહીં** = નહીં **ચિત્ત વેમુ** = ચિત્તને વિરામ પમાડવું.

અનુવાદ

શરીરનો ત્યાગ કરતા સુધી મોટી પ્રતિજ્ઞા પણ નિભાવે છે. હરિ, ગુરુ અને સંત સિવાય કોઈ કાળે બીજે કાંઈ ચિત્તને વિરામ પમાળતાં નથી.

ભાવાર્થ

આવા ધર્મનિષ્ઠ સજ્જનો પોતાના શરીરનો ત્યાગ કરે એટલે કે મૃત્યુ પર્યંત મહાન પ્રતિજ્ઞા પણ નિભાવતાં હોય છે. તેઓના ચિત્તમાં ચાલતું અહર્નિશ ચિંતવન માત્ર પ્રભુભક્તિમાં, ગુરુના શરણની ચાહના કરીને આદેશ પાલનમાં અને સંતોની સેવામાં જ વ્યતીત કરતા હોય છે. આ સિવાય સ્વપ્નાંતરે પણ બીજી કોઈ ભૌતિક પદાર્થ પ્રાપ્તિની ભાવનામાં કે ક્ષણિક સુખ આપનાર ઈન્દ્રિયોના ભોગ ભોગવવામાં તેમનાં ચિત્તને વિરામ પમાડતાં નથી.

રોમરોમ રગ પ્રેમરસ ભરીયા, નિખ શિખ સકલ સમેતુ;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરણ સહેતુ. ૪

શબ્દાર્થ

રોમરોમ = રુવાંટે રુવાટાંમાં, આખા શરીરમાં **રગ** = નસ, નાડી **પ્રેમરસ** = પ્રેમનો નશો,

પ્રેમનો રસ **ભરીયા** = ભરેલો **નિખ શિખ** = નખથી તે શિખા સુધી **સકલ** = સર્વસ્વ **સમેતુ** = સહિત **તે** = તેવા **હરિજન** = પ્રભુનાજન **નિજદાસ** = દાસત્વભાવવાળા **ભક્તજન** = ભક્ત સજ્જનો **સેવક** = સેવાની વૃત્તિવાળા **શરણ** = શરણું **સહેતુ** = હેતપૂર્વક.

અનુવાદ

જેમના રોમે રોમ અને રગેરગમાં નખથી તે શિખાપર્યંત પ્રેમનો રસ ભરેલો હોય છે. તેવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક હેતપૂર્વક શરણમાં રહે છે.

ભાવાર્થ

સંસારસાગરને તરવાની ભાવનાથી જેમને ભક્તિનો માર્ગ અપનાવ્યો છે તેવા પ્રભુના પ્યારા ભક્તજનો, નિજદાસ, ભક્તિ અને સેવાનો ભાવ ધરાવતા સર્વેના રોમેરોમ અને રગેરગમાં પગના નખથી તે માથાની શિખા સુધીના સમસ્ત દેહમાં ભક્તિનો પ્રેમરસ ભરપૂર રીતે ભરેલો હોય છે. જેથી તેમનાં દેહમાં સંસારિક વાસનાઓ પ્રવેશતી નથી કે પ્રવેશવાનો અવકાશ પણ હોતો નથી.

ચોસરા - ૪

ભજનાનંદ આનંદ અહોનિશ, નિમસ ન ભુલત નામુ;
પરકારજ પર સેવ કરનમે, લેવત નહીં વિસરામુ. ૧

શબ્દાર્થ

ભજનાનંદ = ભજનનો આનંદ **આનંદ** = આનંદ, હરખ **અહોનિશ** = સદા, અહર્નિશ, નિરંતર **નિમસ** = પળવાર **ન** = નહીં **ભુલત** = ભુલાઈ જવું **નામુ** = નામ **પરકારજ** = પરોપકાર અર્થે **પર સેવ** = પારકાની સેવા, બીજાની સેવા **કરનમે** = કરવામાં **લેવત** = લેતા **નહીં** = નહીં **વિસરામુ** = વિશ્રામ, આરામ, શાંતિ.

અનુવાદ

એક પળવાર પ્રભુ સ્મરણને ભુલ્યા સિવાય તેઓ ભજનાનંદનો આનંદ

અહર્નિશ લીધા કરે છે. વળી પરોપકાર અર્થે બીજાની સેવા કરવામાં આરામ લેતા નથી.

ભાવાર્થ

હરિ નામ સ્મરણને ભુલ્યા સિવાય આવા ધર્મપરાયણ સજ્જનો ભજનાનંદના આનંદમાં જ અહર્નિશ ઘેલા બનીને ભક્તિમય જીવન જીવે છે. અન્યની સેવા કરવાના પરોપકારી કાર્યો કરવામાં કદી પણ પાછીપાની કરતા નથી. કે પળવાર પણ આરામ લેતા નથી. અર્થાત બીજાને સહાયરૂપ થવાના પરોપકારી કાર્યમાં કદાપિ થાકતા નથી.

જ્યૌ લોભીનકુ દરવ સરવ વિત્ત, ત્યૌ સંતન ગુરુ સેવા;
મરી મટે પણ મનથી નમૂકે, વિઘન કરે જો દેવા. ૨

શબ્દાર્થ

જ્યૌ = જેમ, જેવી રીતે **લોભીનકુ** = લોભીને **દરવ** = દ્રવ્ય, સંપત્તિ **સરવ વિત્ત** = સર્વ વિત્તરૂપે, **ત્યૌ** = તેમ, તેવી રીતે **સંતન** = સંતની **ગુરુસેવા** = ગુરુની સેવા ચાકરી, ગુરુ બંદગી **મરી મટે** = પોતાનું સ્વ-સર્વસ્થ ધરી દે, મૃત્યુને વરે **પણ** = પરંતુ **મનથી** = મન અંતઃકરણથી **નમૂકે** = છોડે નહીં, ત્યજે નહીં **વિઘન** = કષ્ટ, દુઃખ, આપત્તિ **કરે** = કરે, આપે **જો** = જો **દેવા** = દૈવી તત્ત્વો.

અનુવાદ

જેમ લોભીને સંપત્તિ સર્વ વિત્ત રૂપે છે તેમ સંત અને ગુરુની બંદગી હોય છે. જો દેવો વિઘ્નો આપે તો પણ મરી મટે, પરંતુ મનથી ત્યજે નહીં.

ભાવાર્થ

સંપત્તિનો સંગ્રહ કરવો એ લોભી માનવનું લક્ષણ છે. જો સંપત્તિનો બચાવ થતો હોય તો તેઓ સર્વ પ્રકારના દુઃખો સહન કરવા તૈયાર હોય છે. જેમકે ભર ઉનાળામાં પગે દઝાતું હોવા છતાં ચંપલ ઘસાઈ જવાના બહાને હાથમાં પકડીને ચાલતા હોય છે.

લોભીની વૃત્તિ જેવી રીતે ધન પાર્જીત કરવામાં લાગેલી હોય છે, તેવીજ રીતે સેવક, સંતપુરુષો અને પોતાના ગુરુ પ્રત્યે પણ આવો જ ભાવ ધારણ કરે છે. તેમના માટે સંતની સેવા અને ગુરુની બંદગી સર્વસ્વ છે. સંસારના દૈવી તત્ત્વો દ્વારા અપાતા અસહ્ય ત્રિવિધી તાપને વેઠીને પણ આવા શિષ્યો સંતોની સેવા અને ગુરુ બંદગીને ત્યજતા નથી કે તેઓના પ્રત્યેની નિષ્ઠામાં ઓટ લાવતા નથી. મૃત્યુને ભેટે, પરંતુ મનમાં જે સંત અને ગુરુ પ્રત્યેની સમર્પિતતા છે તેનો કદી ત્યાગ કરતા નથી.

અહેવા નર નિરભેના તનકા, હરિખાતનકા ખેપી;
ભવસરમે દરસે સૌ સરખા, પણ અંતરનિરલેપી. ૩

શબ્દાર્થ

અહેવા નર = એવા માનવો **નિરભેના** = નિર્ભય, પડી ન હોય તેવા, પરવા કર્યા વિનાના **તનકા** = શરીરના **હરિખાતનકા** = પ્રભુ પ્રત્યેના **ખેપી** = ખેપિયા, દૂત **ભવસરમે** = ભવસાગરમાં, સંસારમાં **દરસે** = દેખાય, નજરે પડે **સૌ સરખા** = બધાના જેવા **પણ** = પરંતુ **અંતરનિરલેપી** = હૃદયના નિખાલસ, મન બીજા કશામાં લોપાયમાન ન થાય તેવા.

અનુવાદ

આવા માનવો શરીરની પરવા કર્યા વિનાના હોઈ પ્રભુ પ્રત્યેના ખેપિયા હોય છે. સંસારમાં બધાના જેવા જણાય, પરંતુ અંતરના નિર્લેપ હોય છે.

ભાવાર્થ

સંતની સેવા અને ગુરુ બંદગીને વરેલા આવા માનવો નિર્ભય બની પોતાના શરીરની પરવા કર્યા વિના ખંતપૂર્વક કેડો પકડ્યો તે છોડે નહીં અને પ્રભુ પ્રત્યે મળતિયાની જેમ ભક્તિમાં અરસ-પરસવૃત્તિથી જોડાઈને રહે છે. તેમના મનમાં માત્ર સંતોની સેવા, પ્રભુની ભક્તિ અને ઈષ્ટ પ્રત્યે સર્વાંગી જોડાણ હોવાથી પ્રકૃતિમાં ચિત્ત ભમતું હોતું નથી. સંસારમાં સહજભાવે વિચરણ કરતા હોઈ અન્ય માનવીને જેમ સામાન્ય જણાય, પરંતુ અંતરથી સર્વ પ્રકારના દુન્યવી બંધનોથી મુક્ત થઈને નિર્લેપ દશામાં રહે છે. સંસારિક રાગ, દ્વેષ, મોહ, માયા,

મમતા વિગેરે કામાદિક ષડરિપુથી અનાશક્ત બની નિર્મળભાવ ધારણા કરીને જીવન જીવે છે.

જલકમલવત ન્યાય નિરંતર, ભાસત જકત સખેતુ;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરન સહેતુ. ૪

શબ્દાર્થ

જલકમલવત = પાણીમાં જેપ કમળ રહે છે તેમ **ન્યાય** = ન્યાયે **નિરંતર** = હમેશાં, સદાય **ભાસત** = જણાય, દેખાય **જકત** = જગતરૂપ **સખેતુ** = સમગ્ર સંસાર ક્ષેત્ર **તે** = તેવા **હરિજન** = પ્રભુભક્ત **નિજદાસ** = દાસત્વભાવવાળા **ભક્તજન** = ભક્ત સજ્જનો **સેવક** = સેવાનો ધર્મ બજાવનાર **શરન** = શરણમાં **સહેતુ** = હેતપૂર્વક.

અનુવાદ

જળકમળવત્ત ન્યાયે હમેશાં જગતરૂપ ક્ષેત્રમાં ભાસે છે. તેવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક સમુદાય પ્રેમપૂર્વક શરણમાં રહે છે.

ભાવાર્થ

પાણીમાં ઉગે, વૃદ્ધિ પામે અને રહે તેમ છતાં કમળ પાણીથી જુદું જ રહે છે. પાણી તેને ભીંજવી શકતું નથી કે સ્પર્શ પણ કરી શકતું નથી. તેમ આવા ધર્મપરાયણ વ્યક્તિઓ સંસારમાં જન્મે, મોટા થાય અને રહે તેમ છતાં સંસારિક બંધનોથી પર રહીને નિર્લેપ રહે છે. આવી વ્યક્તિ સંસાર રૂપી સાગરમાં જળ-કમળવત્ રહેલા ભાસે છે. આવા પ્રભુના ભક્તો, દાસત્વભાવવાળા, ભક્તજનો અને સેવા જેમનો ધર્મ છે તેવા સર્વે હેતપૂર્વક ગુરુના શરણમાં પ્રેમપૂર્વક સમર્પિત થઈને પ્રભુભક્તિ કરે છે.

ચોસરા - ૫

અતિ હેતારથ કરતારન રથ, જીનકે હરિ હરદામે;
જબ બાજત કરતારનકે રથ, નાથ સદા વશ જામે. ૧

શબ્દાર્થ

અતિ = વિશેષ, ઘણું, અત્યંત **હેતારથ** = હેતને કારણે **કરતારન** = કિરતાર **રથ** = આરત, ઈચ્છા **જીનકે** = તેમને **હરિ** = પ્રભુ, ઈશ્વર **હરદામે** = હૃદયમાં **જબ** = જ્યારે **બાજત** = બિરાજે, લાગે **કરતારનકે** = કિરતારના **રથ** = રથ, આરત, ઈચ્છા **નાથ** = સ્વામી, ધણી **સદા** = હંમેશને માટે **વશ** = તાબે, આધીન, શરણે **જામે** = જેમાં, તેમાં જ.

અનુવાદ

ભગવાન પ્રત્યેના અતિ હેતને કારણે તેમના હૃદયમાં પ્રભુને મળવાની ઈચ્છા (મનોરથ) હોય છે. જ્યારે કર્તાને મળવાની આરત લાગે ત્યારે તેઓ નાથને સદા આધીન બનીને રહે છે.

ભાવાર્થ

આવા ધર્મપરાયણ મુમુક્ષુ જનોને ભગવાનમાં અતૂટ શ્રદ્ધા અને પ્રેમ હોવાને કારણે તેમના હૃદયમાં પ્રભુને પ્રાપ્ત કરવાનો મનોરથ હોય છે. અને તેને સફળ બનાવવા માટે તેમના હૃદયમાં વિરહનો વ્રેહ જે જાગ્રત થયો હોય તે બુઝાતો નથી. કર્તાને મળવાની આરત જાગી હોવાથી તેઓ માલિકને સદા આધીન બનીને પોતાનો વ્યવહાર કરતા હોય છે. એક સમર્પિત સેવક તરીકે આત્મબંધુત્વનો ભાવ હૃદયમાં ધારણ કરીને જીવન વ્યતીત કરતા હોય છે.

ગ્રભવંતી જ્યૌ નાર નચિંત નહીં, ઠબક ઠેહની ચંતા;
ધીરજવંત પાવ ધરણી પર, ધરત ગનિત પ્રતિવ્રંતા. ૨

શબ્દાર્થ

ગ્રભવંતી = ગર્ભવતી, જેના ગ્રભમાં ગર્ભ ધારણ થઈને રહેલો છે તેવી સ્ત્રી **જ્યૌ** = જેમ, જે રીતે **નાર** = સ્ત્રી **નચિંત નહીં** = ચિંતા વિનાની, બીક વગરની **ઠબક ઠેહની** = શરીરને ઠોકર વાગવાની **ચંતા** = ચિંતા, ફિકર **ધીરજવંત** = ધીરજ રાખીને, ધીરજપૂર્વક, સાવધાનીથી **પાવ** = પગ **ધરણી પર** = પૃથ્વી પર, જમીન પર **ધરત** = ધરે છે, મૂકે છે **ગનિત** = ગણતરીપૂર્વક, ધારીને **પ્રતિવ્રંતા** = પતિવ્રતા ધર્મ પાળનારી.

અનુવાદ

શરીરને ઠોકર વાગવાની ચિંતા ગર્ભવતી સ્ત્રીને હોવાથી તે નિશ્ચિતપણે રહેતી નથી. તેથી તે પતિવ્રતા સ્ત્રી જમીન પર સાવધાનીથી ગણતરીપૂર્વકના ડગલાં ભરે છે.

ભાવાર્થ

જેમ કોઈ ગર્ભવતી સ્ત્રીને ઠેસ (ઠોકર) વાગવાની ચિંતા હોવાથી તે મનથી નચિંત રહેતી નથી. એટલે કે તેને મનમાં ઠેસ વાગવાથી ગર્ભમાં વિકાસ પામી રહેલા બાળકને કોઈ ઈજા કે નુકશાન ન થાય તેની હરઘડી ચિંતા સતાવ્યા કરે છે. તેથી જ તે ઠેસ-ઠોકરથી બચવા માટે પોતાનો પગ જમીન પર સાવધાનીપૂર્વક મૂકીને ચાલે છે. ભલે પછી તે ઘરમાં હોય કે રસ્તા પર, પરંતુ ખૂબજ સાવચેતી રાખીને ગણતરીપૂર્વકનાં ડગલાં ભરતી ભરતી ચાલે છે.

ત્યૌ હરિજન ગરભીત ઉર ભગવત, ઠબક ઠેહ જુગનંદા;
ડરી ડરી ધરત ચરન ચૌ ઓર ચિત્ત, જદપિ ન રહત નચંદા. ૩

શબ્દાર્થ

ત્યૌ = તેમ, તેવી રીતે **હરિજન** = પ્રભુના ભક્ત **ગરભીત** = ભરેલું, પૂર્ણ, માર્મિક **ઉર** = હૃદયમાં **ભગવત** = ભગવાન **ઠબક ઠેહ** = ઠોકર વાગવાની **જુગનંદા** = જગત તરફથી નિંદાની, જગતની નિંદાથી **ડરી ડરી** = ડરતાં ડરતાં **ધરત** = ધરે છે, મૂકે છે **ચરન** = પગ **ચૌ ઓર** = ચારે બાજુ **ચિત્ત** = ચિત્ત રાખીને, ધ્યાનપૂર્વક, કાળજીપૂર્વક **જદપિ** = તેથી, તેના લીધે **ન રહત** = રહેતા નથી **નચંદા** = નિશ્ચિતપણે.

અનુવાદ

તેમ ભક્તજનોને હૃદયમાં ભગવાન પ્રત્યે પૂર્ણ ભાવ રહેલો છે. તેને કરીને તેમને જગતની નિંદા રૂપ ઠેસ વાગવાની બીક છે. તેથી તેઓ ડરતાં ડરતાં ચારે બાજુનું ચિત્ત રાખીને પગ મૂકતા હોય છે. તે ડરના માર્યા નિશ્ચતપણે રહી શકતા નથી.

ભાવાર્થ

તેવી જ રીતે ભક્તજનો પ્રભુને પણ પોતાના હૃદયમાં પૂર્ણભાવ ધારણ કરીને રહેતા હોય છે. જગતમાં તેમને અપકીર્તિ અને કલંકિત પણા અંગેની ખોટી નિંદારૂપ ઠેસ વાગવાની બીક સતાવે છે તેથી તેઓ ખૂબજ સાવચેતી રાખીને જીંદગી જીવે છે. જિંદગીના પથ ઉપર ડરતાં ડરતાં ડગલાં ભરીને ચિત્તમાં ચારે બાજુનું ધ્યાન રાખીને પ્રભુનું ચિંતવન કરે છે. તેમને મનમાં એકજ ચિંતા સતાવતી હોય છે કે ભૂલેચૂકે પણ જગતમાં નિંદાત્મક વ્યવહાર ન થાય. ભક્તિમાં કોઈ અવરોધ ન આવે અને અહર્નિશ મળતી પ્રભુની કૃપામાં ઓટ ન આવે તેની ચિંતાથી તેઓ નિશ્ચિતપણે રહી શકતા નથી.

તદપી ભક્ત જક્તનકી ભિતર, સતમત રહત સચેતુ;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરન સહેતુ. ૪

શબ્દાર્થ

તદપી = તેમ છતાં પણ **ભક્ત** = ભક્તો **જક્તનકી** = જગતની, વિશ્વની **ભિતર** = અંદર **સતમત** = સાચામતને વળગીને **રહત** = રહે છે **સચેતુ** = સચેત, સાવધાનીપૂર્વક **તે** = તેવા **હરિજન** = પ્રભુના પ્રિયજનો **નિજદાસ** = દાસાતનભાવવાળા **ભક્તજન** = ભક્તજનો **સેવક** = સેવાનાભાવવાળા **શરન** = શરણમાં **સહેતુ** = હેતપૂર્વક.

અનુવાદ

તેમ છતાં, ભક્તજનો જગતની અંદર સાચામતને વળગીને સચેતપણે રહેતા હોય છે. તેવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક હંમેશા શરણમાં હેતપૂર્વક રહે છે.

ભાવાર્થ

પતિવ્રતા ગર્ભવતી સ્ત્રીની જેમ ધર્મપરાયણ સજ્જનો જગતની અંદર સત્ય નેમને વળગીને સચેતપણે રહેતા હોય છે. સંસારની આધિ, વ્યાધિ અને ઉપાધિઓથી વાકેફ રહીને સંપૂર્ણ જાગ્રત દશામાં જીવન વ્યતીત કરે છે. કોઈપણ પ્રકારના દુષ્કલંક લાગે નહીં અને ભક્તિમાં તરબોળ રહેવાય એજ તેમનો ઉદ્દેશ

હોય છે. આરાધ્ય દેવની અવકૃપા ન મળે તેની ખાસ સાવચેતી રાખીને તેમના કહ્યા મુજબની પૂર્ણતઃ ચરી પાડીને જીવન જીવે છે. જેથી આવા હરિના જન, નિજદાસ, ભક્તજન અને સેવકો સદા ગુરુના શરણમાં લીન બનીને હેતપૂર્વક પ્રભુભક્તિ કરે છે.

ચોસરા - ૬

પણ હરિજન સંતન કરુણાસે, રહત બદન હસ્તાઈ;
જીનકે શિર સામ્રથ સાહનતે, કુન શકત પસ્તાઈ. ૧

શબ્દાર્થ

પણ = પરંતુ **હરિજન** = હરિના પ્રિય સજ્જનો **સંતન** = સંતપુરુષની **કરુણાસે** = કૃપાથી, આશીર્વાદથી, દયાથી, મહેરથી **રહત** = રહે છે **બદન હસ્તાઈ** = હસતા મુખે, હસમુખા **જીનકે** = જેમના **શિર** = માથે **સામ્રથ** = સમર્થ-શક્તિમાન **સાહનતે** = સહાયક, શિરછત્ર, રક્ષક, છત્રછાયા **કુન** = કોણ **શકત** = શકે **પસ્તાઈ** = પસ્તાવો, પીડા, દુઃખ.

અનુવાદ

પરંતુ સંતોના આશીર્વાદથી હરિજનોનાં મુખ હસતાં રહે છે. જેમના શિર પર સમર્થની છત્રછાયા હોય તેને કોણ પીડા કરી શકે ?

ભાવાર્થ

સાચા સંત તેને જ કહેવાય જે સૃષ્ટિના સર્વે જીવને આત્મબંધુત્વના નાતે નિહાળી પોતાનામાં રહેલી પરોપકાર વૃત્તિને આધારે સહાયક બનીને વર્તન કરે. હરિભક્તો પણ આવા સાચા સંતની સેવામાં ચૂક ન રાખે તો જરૂર તેઓ સંતના આશીર્વાદ પ્રાપ્ત કરે છે. સંતની કૃપાથી ભક્તજનોનાં મુખ સદાય હસતાં જ જોવા મળે છે. જેમના શિર પર સમર્થ મહાપુરુષની પ્રબળ છત્રછાયા હોય તેવા ભક્તજનોને સંસારમાં કોઈપણ દૈવી શક્તિ (તત્ત્વો) પીડા દેતી નથી. ભક્તોને પણ સંતમાં પૂર્ણ શ્રદ્ધા હોવાથી તેઓ ભક્તિ ભાવભર્યું આનંદમય જીવન જીવતા હોઈ કદી પસ્તાવો અનુભવતા નથી.

વેદ પુરાણ શાસ્ત્ર સંજુકતા, ભુગતા ભક્તિ રસનકે;
જ્યૌ અમલીકે અમલ વિના કહી, સંતોષ નહીં તન મનકે. ૨

શબ્દાર્થ

વેદ = બ્રહ્માજી દ્વારા વહેલ ચાર મહાગ્રંથ **પુરાણ** = વ્યાસજી દ્વારા રચાયેલ કાલ્પનિક દંત કથા **શાસ્ત્ર** = વેદના આધારે, જ્ઞાની પુરુષો દ્વારા રચાયેલા વિવિધ સિદ્ધાંત દર્શાવતા ધર્મગ્રંથો **સંજુકતા** = મિશ્રિત, સંયુક્ત **ભુગતા** = ભૂક્તમાન કરતા, ભોગવનાર **ભક્તિ** = ભક્તિ **રસનકે** = પ્રભુના ભજનનો પરમ આનંદ **જ્યૌ** = જેમ **અમલીકે** = અમલમાં રહેનાર, વ્યસનના બંધાણીને, નશામાં રહેનારને **અમલ વિના** = નશા વિના, વ્યસન વિના **કહી** = કાંઈપણ **સંતોષ** = તૃપ્તિ, સુખ, આનંદની અનુભૂતિ **નહીં** = નહીં, નથી **તન મનકે** = તનથી કે મનથી, કોઈપણ રીતે.

અનુવાદ

તેઓ વેદ, શાસ્ત્ર અને પુરાણો સહિતના જ્ઞાન સાથે જોડાયેલા હોઈ ભક્તિ રસનો આનંદ માણતા હોય છે. જેમકે વ્યસનીને વ્યસન વિના ક્યારેય તન કે મનથી સંતોષ નથી.

ભાવાર્થ

વ્યસનનો બંધાણી હોય તો તેમને માદક દ્રવ્યનું પાન કર્યા વિના સુખ ચેન પડતું નથી, અને તેઓ શરીર અને મનથી વ્યાકુળતા અનુભવતા હોય છે. જ્યારે દ્રવ્યનું સેવન કરે ત્યારે જ તેમને સંતોષ થતો હોય છે. તેવી જ રીતે પ્રભુની ભક્તિમાં તરબોળ બનીને રહેતા ભક્તજનો બ્રહ્માજીના વદેલા ચાર વેદ, છ દર્શનનું પ્રતિપાદન કરતા શાસ્ત્રો અને અઢાર પુરાણના જ્ઞાનમાં સતત જોડાયેલા રહીને ભક્તિરસનો આનંદ માણતા હોય છે. તેમના અંતઃકરણને ભક્તિ સિવાય અન્ય ભૌતિક પદાર્થ, સુખ કે સંતોષ આપતું નથી.

ત્યૌ હરિજનને અમલ ભક્તિ રસ, યુગન યુગન યશ ગાઈ;
કોટિ ઉપાય કરત નહીં વિછરત, કસણ કલ્પે જે છાઈ. ૩

શબ્દાર્થ

ત્યૌ = તેમ, તેવીજ રીતે **હરિજનને** = ભક્તજનોને **અમલ** = વ્યસન, નશો **ભક્તિ રસ** = પ્રભુ ભક્તિના આનંદનું રસપાન **યુગન યુગન** = યુગોના યુગો સુધી **યશ** = કીર્તિ, ગુણગાન **ગાઈ** = ગાય છે, ગવાય છે **કોટિ ઉપાય** = કરોડો પ્રયત્ન **કરત** = કરવા છતાં **નહીં વિછરત** = છૂટતું નથી, છોડતા નથી, ત્યજતા નથી, છૂટા પડતા નથી **કસણ** = કસોટીથી કસાયેલું **કલ્પે** = કલ્પ સુધી **જે** = જે **છાઈ** = છવાયેલું, ફેલાયેલું.

અનુવાદ

તેવી જ રીતે હરિના ભક્તજનોને ભક્તિરસનો નશો કસોટીથી કસાયેલો હોવાથી કોટી ઉપાય કરવા છતાં પણ છૂટતો નથી. તેથી તેમના ગુણગાન યુગોના યુગો ગવાતા હોઈ કલ્પ સુધી છવાયેલા રહે છે.

ભાવાર્થ

વ્યસનમાં રચ્યા-પચ્યા રહેનારા વ્યસનીને નશો છોડાવવા પ્રયત્ન કરવામાં આવે તો પણ તે નશો છોડતો નથી તેમ પ્રભુભક્તિમાં તરબોળ બનેલા ભક્તજનોને ભક્તિના ભજનાનંદનો નશો ચઢેલો હોવાથી પ્રભુના ગુનગાન ગાવામાં તલ્લીન બન્યા હોય છે. આવા ભક્તોને ભક્તિમાંથી છોડાવવા માયાના તત્ત્વો ઘણા પ્રયત્નો કરે, પરંતુ તેઓ ભક્તિરસના પ્રભાવમાંથી કદીપણ છૂટા પડતા નથી. પોતાના જીવનમાં અનેક પ્રકારની વીટંબણાઓનો સામનો કરી કસોટી સહન કરે છતાં ભક્તિના પથ ઉપરથી જરાપણ ડગતા નથી કે પીછેહઠ કરતા નથી. ભક્તોની આવી દઢતાપૂર્વકની ભક્તિના ટેકને કારણે યુગોના યુગો સુધી જગતમાં તેમની યશગાથા ગવાતી હોય છે અને કલ્પો સુધી જનમાનસમાં તેઓ આદરણીય ભક્ત તરીકે છવાયેલા રહે છે.

અંતઃકરણ ઈન્દ્રિ સહિતમ ગુણ, છકિત અમલ કુલકેતુ;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરન સહેતું. ૪

શબ્દાર્થ

અંતઃકરણ = ચાર અંતઃકરણ-મન, બુદ્ધ, ચિત્ત અને અહંકાર **ઈન્દ્રિ** = દશ ઈન્દ્રિ **સહિતમ** = સહિત **ગુણ** = ત્રણ ગુણ **છકિત** = થી પર અતીત, અતિરિક્ત, ભિન્ન **અમલ** = નશો,

વ્યસન **કુલકેતુ** = સમગ્ર અંગ સહિત, સાંગોપાંગ, પૂરેપૂરું **તે** = તેવા **હરિજન** = પ્રભુના ભક્તજન **નિજદાસ** = દાસત્વભાવવાળા **ભક્તજન** = ભક્તજનો **સેવક** = સેવાનો ધર્મ બજાવનાર **શરન** = શરણું **સહેતું** = હેતપૂર્વક.

અનુવાદ

અંતઃકરણ, ઈન્દ્રિ અને ગુણોથી પર સાંગોપાંગ ભક્તિરસના અમલથી છકિત થયેલા એવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક સદા હેતપૂર્વક શરણમાં રહે છે.

ભાવાર્થ

શરીરના બંધારણમાં રહેલા પ્રાકૃતિક તત્ત્વોનો પ્રભાવ માનવીના રોજિંદા જીવનમાં વૃતિ-પ્રવૃત્તિ પર દેખાય છે, પરંતુ જેને ભક્તિરસનો નશો છે તેવા ભક્તજનો અંતઃકરણ, ઈન્દ્રિયો અને ત્રિગુણાત્મક ગુણોના પ્રાકૃતિક પ્રભાવથી પર થઈને સાંગોપાંગ ભક્તિમાં તલ્લીન બનીને ભજનાનંદમાં મગ્ન રહેતા હોય છે. આવા પ્રભુ પ્રત્યેની લગનીમાં છકિત થયેલા ભક્તો, દાસત્વભાવવાળા, ભક્તજનો અને સેવાનો ધર્મ બજાવનાર સર્વે હેતપૂર્વક ગુરુના શરણમાં તલ્લીન બનીને એક પળવાર પણ અળગા રહ્યા વિના પ્રભુ ભક્તિ કરે છે.

ચોસરા - ૭

છકીત અમલ તે પુનિત પ્રેમકે, પણ નહીં તન મસ્તાઈ;
ઝરીત તરણ અણુનાવત્ ઝીણા, પર વીણા ગુલતાઈ. ૧

શબ્દાર્થ

છકીત = છકી ગયેલા, થીપાર થયેલા **અમલ** = નશો, વ્યસન **તે** = તે **પુનિત પ્રેમ કે** = પવિત્ર સ્નેહનો **પણ** =, પરંતુ, છતાં **નહીં** = નહીં **તન** = શરીર, ઘાટ, દેહ **મસ્તાઈ** = આનંદ, વૈભવ, ભોગ **ઝરીત** = જીર્ણ, જૂનું, સુકાઈ ગયેલું **તરણ** = વાસ, તણખલું **અણુનાવત્** = અણુની માફક **ઝીણા** = નાના, અલ્પ, સામાન્ય **પર** = પરમ, શ્રેષ્ઠ, પરે રહેલા **વીણા** = વાણી, વચન **ગુલતાઈ** = ગુલતાન, મગ્ન.

અનુવાદ

પવિત્ર, પ્રેમના અમલમાં તેઓ છકીત થાય, પરંતુ શરીરથી ભોગ ભોગવતા નથી. આવા સુખને સૂકા ઘાસના તણખલાની જેમ સામાન્ય ગણીને વાણીથી પર રહેલા પદ સાથે ગુલતાન રહે છે.

ભાવાર્થ

ભક્તિરસના પવિત્ર પ્રેમના અમલમાં તેઓ ચકચૂર થઈ ગયેલા હોવાથી શરીરથી સંસારિક ભોગ ભોગવતા નથી કે ઈન્દ્રિયોની મસ્તીમાં ઘેલા થતા નથી. આવા નાશવંત સુખને સૂકાઘાસના તણખલાની જેમ અલ્પ સમજે છે. અને પોતે વિનમ્રતાપૂર્વક નિજના ભજનાનંદમાં પરોવાયેલા હોવાથી વાણીથી પર રહેલા પરમપદ સાથે નાતો જોડીને તેમાં જ ગુલતાન રહે છે.

આઠેય અંગકુ મેદ કલાવત, અતિ જતમત જગસેતી;
ખટરસ આદ્ય સ્વાદ વિનું વંચ્છીત, કંચિંત નહીં કીલમેતી. ૨

શબ્દાર્થ

આઠેય અંગકુ = અષ્ટાંગ યોગ **મેદ** = આવરણ, સત્વ, સાર **કલાવત** = દૂર કરી, કસોટી આપીને **અતિ** = વિશેષ, અત્યંત, અતિશય **જતમત** = જતમતપણે **જગસેતી** = જગતના અન્યની જેમ, જગતના સાથે **ખટરસ** = છ રસ, છ સ્વાદ **આદ્ય** = સહિતના **સ્વાદ** = રસનેન્દ્રિયથી થતો અનુભવ **વિનું** = વિના, સિવાય **વંચ્છીત** = વંછના, ઈચ્છા, મહેચ્છા **કંચિંત** = જરાપણ **નહીં** = નહીં **કીલમેતી** = કિલમિસ, પાપ, દોષ, કાળાશ આવતી.

અનુવાદ

અષ્ટાંગ યોગથી આવરણોને દૂર કરી જગતની સાથે અતિ જતમતપણે રહે છે. ખટરસની આદ્ય લઈ સ્વાદની મહેચ્છા રહિત થયા હોઈ તેમનામાં જરાપણ દોષ આવતા નથી.

ભાવાર્થ

આવા મુમુક્ષુ ભક્તજનો આઠેય અંગથી કરાતી અષ્ટાંગ યોગની સાધના

દ્વારા શરીરમાં રહેલા માયાના વિકારોને દૂર કરે છે. અને જગતની સાથે અતિ જતમતપણે વ્યવહાર કરીને સાત્ત્વિક જીવન પસાર કરતા હોય છે. છ પ્રકારના સ્વાદોની આદ્ય લઈ ઈન્દ્રિયોના પ્રાકૃતિક સ્વાદને માનવાની મહેચ્છા તેમનામાં ઉદ્ભવતી નથી. વળી, કોઈપણ પ્રકારના કલંકિત દોષથી દૂર રહે છે. જીવનમાં કાળાશરૂપી દુર્ગુણોને પ્રવેશવા દેતા નથી અને મન, વાણી અને કર્મથી ચોખ્ખા રહી નિખાલસ પણે નિષ્કામી બનીને જીવન જીવે છે.

એવા નર ઉજ્જવલ અનભેગત્ય, ભક્તિવ્રત ઉજવંતુ;
ઔર સકલ નાચનકે નચવા, ભક્ત નહીં વિષયંતુ. ૩

શબ્દાર્થ

એવા નર = એવા પુરુષો **ઉજ્જવલ** = ઉજવળ, દૈદીપ્યમાન, તેજસ્વી **અનભેગત્ય** = નિર્ભયગતિ **ભક્તિવ્રત** = ભક્તિનો ટેક **ઉજવંતુ** = નિર્મળ, શુદ્ધ, ચોખ્ખું **ઔર** = બીજા **સકલ** = સર્વે **નાચનકે** = નચવા, નાચવાવાળા, ભવૈયા, નાચ-ગાન કરનારા **ભક્ત નહીં** = ભક્ત નથી **વિષયંતુ** = વિષયી, વિષય વાસનામાં ડૂબેલા.

અનુવાદ

આવા પુરુષો ભક્તિની ટેકથી પ્રભાવશાળી, નિર્ભય અને ઉજવળ જીવન જીવે છે. જ્યારે બીજા સર્વે નાચ નાચવાવાળા હોઈ ભક્ત નથી, પરંતુ વિષયી છે.

ભાવાર્થ

જેમના રોમેરોમમાં ભક્તિનો નશો વ્યાપેલો છે તેવા સાચા ભક્તો દશધા ભક્તિની ટેકથી પ્રભાવિત થયેલા હોય છે. તેમને દુનિયામાં ભગવાન સિવાય અન્ય કાળ-માયા કે બીજા સંસારિક અનિત્ય તત્ત્વોનો ડર સતાવતો નથી. તેથી આવા પુરુષો આડંબર રહિત નિર્ભયતાવાળું ઉજ્જવલ જીવન જીવે છે. અને નિર્મળ હૃદય હોવાથી માયાના પ્રપંચથી પર રહે છે. જ્યારે બીજા આડંબરી પુરુષો ભવૈયાની જેમ નાચ-ગાન અને ભક્તિનો ડોળ કરી દેખાવ પૂરતો ભેખ ધરતાં હોવાથી ભક્ત નથી. તેઓ હંમેશને માટે ઈન્દ્રિયોના ભોગ વૈભવ ભોગવવામાં વિષયી બનીને સ્વછંતાભર્યું જીવન જીવે છે.

ભક્ત સોઈ ભગવંત પિયારા, કુલ અજવાલ દનેતુ;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરન સહેતુ. ૪

શબ્દાર્થ

ભક્ત = ભક્તજન, ભગત **સોઈ** = તેજ, તેઓ **ભગવંત** = ભગવાનને, પ્રભુને **પિયારા** = પ્યારા, વ્હાલા **કુલ** = કુળ, વંશ **અજવાલ** = અજવાળે, ઉગારે, ઉદ્ધાર કરે **દનેતુ** = સરળ પ્રકૃતિના, દીનતાપૂર્વક, દયાળુ, દીન **તે** = તેવા **હરિજન** = પ્રભુના જન **નિજદાસ** = દાસત્વભાવવાળા **ભક્તજન** = ભક્ત **સેવક** = સેવાની વૃત્તિવાળા **શરન** = શરણમાં **સહેતુ** = હેતપૂર્વક.

અનુવાદ

ભક્ત સદા દયાળુ અને કુળને ઉગારવા વાળા હોઈ ભગવાનને વ્હાલા હોય છે. એવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક સદા પ્રેમથી શરણમાં રહે છે.

ભાવાર્થ

નિર્મળ હૃદયના ભક્તમાં દયા, ક્ષમા, દીનતા અને પારકાના દુઃખને દૂર કરવાની વૃત્તિ સમાયેલી હોય છે. ભક્તિના બળે ગુરુકૃપાની રીઝ પ્રાપ્ત કરી આવા ભક્તો પોતે તો તરે પણ પોતાના કુળને પણ તારતા હોય છે. જે સાચા ભક્તો હોય તે ભગવાનને પણ વ્હાલા હોય છે. એવા પ્રભુને પ્યારા, નિજદાસ, ભક્ત અને સેવક સદા માટે હેતપૂર્વક ગુરુના શરણમાં તલ્લીન બનીને પ્રભુ ભક્તિ કરતા હોય છે.

ચોસરા - ૮

જ્યૌ નેંનનમહી અણુની આદ્ય રજ, કછુ ન મેલ ખટાઈ;
ત્યૌ ભક્તનકે પ્રેમ નેનમેં, પરપંચ નહિન સમાઈ. ૧

શબ્દાર્થ

જ્યૌ = જેમકે, જેવી રીતે **નેંનનમહી** = નેત્રોમાં, આંખોમાં **અણુની આદ્ય રજ** = સૂક્ષ્મ રજ કણથી લઈને **કછુ ન** = કાંઈપણ **મેલ** = કચરો **ખટાઈ** = અજીર્ણ, પચે નહીં તેવું, રહે નહીં તેવું

ત્યૌ = તેમ, તેવી રીતે **ભક્તનકે** = ભક્તોના **પ્રેમ નેનમેં** = પ્રેમાળ નેત્રોમાં, સ્નેહભરી દ્રષ્ટિમાં **પરપંચ** = પ્રપંચ, વેર-ઝેર, છળ-કપટ **નહિન** = બિલકુલ નથી, કદાપી નથી **સમાઈ** = સમાતો.

અનુવાદ

જેમ આંખોમાં સૂક્ષ્મ રજકણની આદ્ય લઈ કોઈપણ પ્રકારનો કચરો રહી શકતો નથી તેમ ભક્તની સ્નેહભરી દષ્ટિમાં પ્રપંચ જરાપણ સમાતો નથી.

ભાવાર્થ

શરીરના વિવિધ અંગો પૈકી નાજુક અંગ એવી આંખોમાં સૂક્ષ્મ રજકણની આદ્ય લઈ કોઈપણ પ્રકારનો કચરો પડે તો તે આંખમાં સમાઈને રહી શકતો નથી. તેમ, વિશ્વમાં ઈશ્વરના સ્મરણમાં નિશ-દિન ગુલતાન રહેતા ભક્તની સ્નેહ ભરી દષ્ટિમાં કોઈપણ પ્રકારનો દુન્યવી પ્રપંચ સમાઈને રહી શકતો નથી. કારણ કે ભક્તની દષ્ટિમાં બધુંજ ભગવદ્‌સ્વરૂપ જણાતું હોઈ ભક્તના પવિત્ર હૃદયમાં કોઈપણ પ્રકારની અશુદ્ધિ ભળી શકતી નથી. કચરાને કારણે જેમ આંખ જોઈ શકતી નથી તેમ પ્રપંચને કારણે ભક્ત ભક્તિ કરી શકતો નથી.

ઓરુ ચીકટકે મધ્ય મલિનમહી, નભત ન નિર નિવાસુ;
યૌ ભક્ત મહી જૂઠ અસત અપ, કબહુન કરત સમાસુ. ૨

શબ્દાર્થ

ઓરુ = અને, વળી **ચીકટકે** = ચીકટની **મધ્ય** = મોં, અંદર **મલિનમહી** = ભળી જઈને, મળી જઈને **નભત** = નભતું, રહેતું **ન** = નથી **નિર** = પાણી **નિવાસુ** = રહેઠાણ, રહેવું **યૌ** = તેમ, એવી રીતે **ભક્ત મહી** = ભક્તમાં **જૂઠ** = જૂઠું, જૂઠાણું **અસત** = અસત્ય **અપ** = પાણી **કબહુન** = ક્યારેય પણ નહીં **કરત** = કરે **સમાસુ** = સમાસ, ભળીને રહેવું, મોં સમાઈને રહેવું.

અનુવાદ

વળી ચીટકની અંદર પાણી ભળી જઈને રહી શકતું નથી તેમ ભક્તમાં પાણી રૂપી જૂઠ કે અસત્ય કદીપણ સમાઈને રહેતું નથી.

ભાવાર્થ

વળી, તૈલી પદાર્થમાં રહેલ ચીકટતાની અંદર પાણીને ભેળવવામાં આવે તો તે ચીકટમાં પાણી મળીને સમાઈ શકતું નથી. તેમ આઠેય પહોર ભજનાનંદમાં મગ્ન થઈને રહેતા સાચા ભક્તમાં માયાની મલીનતારૂપે રહેલા જૂઠ અને અસત્યના અવગુણો કદી પણ સમાઈને રહી શકતાં નથી કે ભળી શકતા નથી.

નિરમલમાં નિરમલ ભક્તિપદ, કહુ કીનસે સરભરહી;
પતિવ્રતા પરપુરુષ રહિત ચિત્ત, સોપતિ સંગ જ્યૌ જરહી. ૩

શબ્દાર્થ

નિરમલમાં નિરમલ = નિર્મળમાં પણ નિર્મળ, તદ્દન શુદ્ધ **ભક્તિપદ** = ભક્તિનું પદ **કહુ** = કહું છું, કહી શકું **કીનસે** = કોનાથી, કોની સાથે **સરભરહી** = સરખું, સમાન, બરોબરી **પતિવ્રતા** = પતિવ્રતા સ્ત્રી **પરપુરુષ** = પરાયા પુરુષ **રહિત** = વિના **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **સો** = તે **પતિ** = સ્વામી, ધણી **સંગ** = સંગ, સાથે **જ્યૌ** = જેમ **જરહી** = જરીબળે, આત્મવિલોપન કરે.

અનુવાદ

ભક્તિનું પદ નિમળમાં નિર્મળ હોઈ તેની સરખામણી કોની સાથે કરી શકાય? જેમ પતિવ્રતા સ્ત્રી પતિ સાથે આત્મવિલોપન કરે , પરંતુ પરાયા પુરુષ સાથે ચિત્ત જોડતી નથી.

ભાવાર્થ

સાચા ભક્તો દ્વારા કરવામાં આવતી ભક્તિનું પદ નિર્મળમાં નિર્મળ અતિ શુદ્ધ સ્વરૂપે હોવાથી તેની નિર્મળતાની સરખામણી અન્ય પદો સાથે કરી શકાય તેમ નથી.

જેમ પતિવ્રતા સ્ત્રી પતિના વિયોગે આત્મવિલોપન કરીને ચિતામાં બળી મરે, પરંતુ તે કદીપણ પર પુરુષ સાથે પોતાના ચિત્તમાં ચિંતવન કરતી નથી કે ચિત્તને પરાયા પુરુષ સાથે ચોટાડતી (જોડતી) નથી. તેનીનું હૃદય અતિ નિર્મળ હોય છે તેથી તેમાં કદીપણ અન્ય દુર્ગુણ સમાઈ શકતા નથી. કારણ કે પતિવ્રતા માટે શુદ્ધ પતિધર્મ એ જ મહત્ત્વનો હોય છે.

એહી પરકાર પુરુષ પતિવ્રતા, સારધાર જુગસેતુ;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરન સહેતુ. ૪

શબ્દાર્થ

એહી પરકાર = એ પ્રકારે, એ રીતે **પુરુષ** = ભક્ત, સજ્જન **પતિવ્રતા** = પતિવ્રતા સ્ત્રીની જેમ **સારધાર** = ચૂક ન પડે તેવી રીતે, ખંડિત ન થાય તેમ **જુગસેતુ** = જગતમાં, જગતરૂપ ભવસિંધુમાં **તે** = તેવા **હરિજન** = પ્રભુના પ્યારા સજ્જનો **નિજદાસ** = દાસત્વભાવવાળા **ભક્તજન** = ભક્તજનો **સેવક** = સેવાની વૃત્તિ ધરાવતા **શરન** = શરણમાં **સહેતુ** = હેતપૂર્વક.

અનુવાદ

એજ પ્રમાણે ભક્તપુરુષ પણ ભવસાગરમાં પતિવ્રતાની જેમ સારધાર પણે રહે છે. તેવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક હેતપૂર્વક શરણમાં રહે છે.

ભાવાર્થ

એજ પ્રમાણે સંસારસાગરમાં ભગવાનને ભજનારા સાચા અને નિર્મળ ભક્તિમાં વરેલા ભક્તજનો પ્રતિવ્રતા સ્ત્રીની જેમ માત્ર પરમેશ્વર સાથે ચિત્ત જોડીને સારધાર પણે રહે છે, પરંતુ અન્ય કોઈ પદો સાથે ચિત્ત જોડતા નથી કે ભક્તિ કરતા નથી. એવા હરિના પ્યારા સજ્જનો, દાસાતનભાવવાળા, ભક્તજનો અને સેવાની વૃત્તિ ધરાવતા સર્વે ગુરુના શરણમાં લોલીન બનીને હેતપૂર્વક પ્રભુભક્તિ કરે છે.

ચોસરા - ૯

જદપી કછુ ગફલત નહીં ચાલત, એહી મારગમે આની;
જ્યૌ નાચત નટ અધર વરત પર, ચૂક પરે જીવ હાની. ૧

શબ્દાર્થ

જદપી = જોકે, જ્યારે **કછુ** = કાંઈ, કિંચિત **ગફલત** = બેદરકારી, અસાવધાની **નહીં** = નથી **ચાલત** = ચાલતી **એહી** = આ **મારગમે** = માર્ગમાં **આની** = એક આના ભાર, રૂપિયાના ૧૬માં ભાગ **જ્યૌ** = જેમ **નાચત નટ** = નાચવાવાળો ખેલાડી, નટ **અધર** = અદ્ધર, કોઈપણ આધાર

કે ટેકા વગર **વરત પર** = દોરડા પર **ચૂક પરે** = ભૂલ કરે, ભૂલ પડતાં **જીવ હાની** = જીવની હાનિ, જીવનું જોખમ.

અનુવાદ

જોકે આ માર્ગમાં એક આની ભારપણ કોઈ ગફલત ચાલતી નથી. જેમ દોરડા ઉપર અદ્ધર ચાલતા ખેલાડીને ચૂક પડે તો જીવનું જોખમ હોય છે.

ભાવાર્થ

ભક્તિમાર્ગમાં વરેલા ભક્તને માટે ભક્તિ સર્વસ્વ છે. ભક્ત ભક્તિમાર્ગમાં જરાપણ અસાવધાનીપૂર્વક વર્તન કરતો નથી. ભક્તિમાં એક આની ભાર (જરાપણ) પણ ગફલત ચાલતી નથી. ભક્ત સદાને માટે પ્રભુથી ડરીને દૃઢતાપૂર્વક સારધાર ભક્તિના પથ પર ચાલી પોતાનું જીવન જીવતો હોય છે. પ્રભુની અવકૃપા થાય તેવું કોઈપણ કામ કરવું નહીં તેવો તેનો નિર્ધાર હોય છે. આ માનવદેહ ફરી ફરી ન મળતો હોવાથી તે બે દરકારી રાખે તો તેને ફરી લખ ચોર્યાસીના ફેરા ફરવાનું ચાલુ રહે અથવા પ્રભુને શરણે ગયા પછી પણ જો પ્રભુના ગુનેગાર બને તો નર્કકુંડની યાતના ભોગવવી પડે તેવું સાચાભક્તને પસંદ નથી.

જેમ, દોરડા ઉપર કોઈપણ પ્રકારના ટેકા વગર અદ્ધર ચાલતા નટ (ખેલાડી) જો જરાપણ બેદરકારી રાખે તો તેને જીવનું જોખમ હોય છે. તે જાણતો હોય છે કે જો તે એકાગ્રતાના અભાવે સમતોલપણું ગુમાવશે તો તે દોરડા ઉપરથી ગબડી પડશે અને મૃત્યુને વરસે તેથી તે દોરડા પર ચાલતાં ખૂબ જ સાવચેતી રાખતો હોય છે.

તદપિ ભક્તિવ્રત ચઢન દાસ નટ, સુરત નુરત ચિત્ત પ્રોઈ;
જીનકી ચુક વિશયેમન વિલસીત, હાની જીવન સત ખોઈ. ૨

શબ્દાર્થ

તદપિ = તો પણ, તેમ છતાં **ભક્તિવ્રત** = ભક્તિના દૃઢતાપૂર્વકનો નિયમને **ચઢન દાસ** = વળગેલા દાસત્વભાવવાળા **નટ** = ખેલાડી, દોરડા ઉપર ચાલાર **સુરત નુરત** = સુરતા નૂરતા બાહ્યદૃષ્ટિ અને આંતર દૃષ્ટિ **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **પ્રોઈ** = જોડી, પરોવી, એકાગ્ર કરીને

જીનકી = તેમની, જેમની **ચુક** = ભૂલ, બેદરકારી **વિશયેમન** = વિષયવાસનામાં મન અંતઃકરણ **વિલસીત** = વિલસાય, ફસાય, આસક્ત થાય **હાની** = નુકશાન **જીવન સત** = સો જન્મો સુધી **ખોઈ** = ખોવાનો વારો, નુકશાની, એડે જાય, વ્યર્થ ગુમાવે.

અનુવાદ

જો વિષયવાસનામાં આસક્ત થવાની ભૂલ કરે તો નુકસાની પેટે સો જન્મો ખોવા પડે તેથી ભક્તિના નિયમને દ્દઢતાપૂર્વક વળગેલા નટરૂપીદાસ સુરતા-નુરતાની એકતા કરી ચિત્તને પ્રભુમાં પરોવી રાખે છે.

ભાવાર્થ

તેવી જ રીતે એકાગ્ર ચિત્ત રાખતા નટની જેમ ઈશ્વરના શરણે ગયેલા ભક્ત ખૂબ જ દ્દઢતા રાખીને સત્ય આચરણ અને ભક્તિના નિયમો પાડતા હોય છે. તેમાં જરાપણ ચૂક ન થાય તેની સાવચેતી રાખતા હોય છે. તે જાણે છે કે ભક્તિના પથ પર પ્રયાણ કર્યા પછી જો તે વિષયવાસનાના સુખોમાં ચિત્તને ચોંટાડે તો તેની નુકશાની પેટે મનુષ્ય જન્મની આદ્ય લઈ બીજા સો જન્મો સુધી તેનો પાર આવે નહીં. તેથી ભક્તિના વ્રતને વરેલો ભક્ત નિયમભંગ થકી પોતાનું પતન ન થાય તેની કાળજી રાખતો હોય છે. તેથી ઉર્ધ્વગતિની ચાહના રાખનાર ભક્ત હંમેશને માટે પોતાની બાહ્યવૃત્તિ અને આંતરવૃત્તિની એકતા સાધીને ચિત્ત અંતઃકરણમાં માત્રને માત્ર પ્રભુનું સ્મરણ કરે છે.

ભક્તિ અંગ કુલવંત કામની, ભામનીસે નહીં ભાવુ;
નાર નારકે સંગ પરસ્પર, મોહ ન ઉપજત કાવુ. ૩

શબ્દાર્થ

ભક્તિ = ભક્તિ **અંગ** = શરીર **કુલવંત** = ખાનદાન, ઉચ્ચકુળની **કામની** = કામોક્ત સ્ત્રી, સૌભાગ્ય વતી સ્ત્રી, મોહક અને પ્રેમાળ સ્ત્રી **ભામનીસે** = યુવાન રૂપાળી સ્ત્રી સાથે, ભામિની સાથે **નહીં** = નથી **ભાવુ** = પ્રેમ, સ્નેહ, લગાવ **નાર નારકે** = એક સ્ત્રીને બીજી સ્ત્રી સાથે **સંગ પરસ્પર** = પરસ્પર સંબંધ **મોહ ન ઉપજત** = પ્રેમ ઉત્પન્ન થતો નથી, વિષય વાસના પેદા થતી નથી **કાવુ** = કદીપણ, ક્યારેય.

અનુવાદ

ભક્તિમાં વળેલ ખાનદાન સૌભાગ્યવતી સ્ત્રી અન્ય રૂપાળી સ્ત્રી સાથે પ્રેમ કરતી નથી. કારણ કે એક સ્ત્રીને બીજી સ્ત્રી સાથે પરસ્પર કદી પણ મોહ પેદા થતો નથી.

ભાવાર્થ

જેના રોમેરોમ અને રગેરગમાં ભક્તિ વ્યાપેલી હોય તેવું શરીર ધરાવતી ખાનદાન કુટુંબની સૌભાગ્યવતી સ્ત્રીને અન્ય સ્ત્રી સાથે સંસારમાં વિજાતી સ્નેહરૂપ કામનાયુક્ત ભાવ પેદા થતો નથી, પરંતુ એક સ્ત્રીને બીજી સ્ત્રી સાથે સામાજિક સંબંધ અને પારિવારિક નાતો હોય છે. તેવી જ રીતે જો ભક્ત ભક્તિના બળે પોતાનામાં રહેલ પુરુષત્વના ગુણોને સત્સંગ રૂપી ખારથી બાળી દીધા હોય તો પ્રભુ પ્રત્યે સહજ સ્ત્રીભાવ ધારણ કરીને રહેતો હોવાથી તેને સંસારિક કામવાસના સતાવતી નથી.

ભક્તિ પરખ ભામનસે ઉદાસીક, સુત ધન્ય ધામ સમેતુ;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરન સહેતુ. ૪

શબ્દાર્થ

ભક્તિ = પ્રભુનું સ્મરણ **પરખ** = પરીક્ષા, ઓળખ, પારખવું **ભામનસે** = સ્ત્રીથી **ઉદાસીક** = ઉદાસ, નફરત, ઉદાસીનપણું, વીતરાગપણું **સુત** = પુત્ર **ધન્ય ધામ** = ધન દોલત, ધનસંપતિ **સમેતુ** = સહિત, સુદ્ધાં **તે** = તેવા **હરિજન** = પ્રભુના પ્યારા સજ્જનો **નિજદાસ** = દાસત્વભાવવાળા **ભક્તજન** = ભક્તજનો **સેવક** = સેવાની વૃત્તિવાળા **શરન** = શરણમાં **સહેતુ** = હેતપૂર્વક.

અનુવાદ

ભક્તની સાચી પરખ એજ છે કે તેઓ પુત્ર, ધન, દોલત સહિત સ્ત્રીના સ્નેહથી વીતરાગી થઈને રહે છે તેવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક હેતપૂર્વક શરણમાં રહે છે.

ભાવાર્થ

સંસારમાં દરેક પ્રકારના માનવીની ઓળખ તેના વાણી, વર્તન અને વ્યવહારથી થતી હોય છે. તેમજ તેના લક્ષણોના માપદંડને જોવાથી જે તે વ્યક્તિના લક્ષણોથી સંસાર તેને પારખે છે.

ભક્તની ઓળખ તેના ત્યાગ અને વૈરાગ્યપણાથી નક્કી થાય છે. સ્ત્રી પ્રત્યેની નિરપેક્ષતા, પુત્ર અને ધન સંપત્તિ પ્રત્યે ઉપેક્ષા વિગેરે સદ્‌ગુણો સાચા ભક્તની નિશાની છે. એવા ભક્તિમાં વળેલા પ્રભુના પ્યારા સજ્જનો, દાસત્વભાવવાળા ભક્તજનો અને સેવાની વૃત્તિવાળા સેવકો હંમેશને માટે ગુરુના શરણમાં લોલીન બનીને હેતપૂર્વક પ્રભુભક્તિ કરે છે.

ચોસરા - ૧૦

દામ ચામ કારન ગુણ ગાવત, નાચત તાન મેલાઈ;
રંડીબાજ રગતા ભવ ડોલત, સો નહીં ભક્ત કહાઈ. ૧

શબ્દાર્થ

દામ = પૈસો, ધન, મૂલ્ય, સંપત્તિ **ચામ** = શરીર સુખ, વિષય, વાસના **કારન** = માટે **ગુણ ગાવત** = ગુણગાન ગાય, યશગાથા ગાય **નાચત** = નાચે, સૂર અને તાલ મુજબ નૃત્ય કરવું **તાન** = આલાપ, લગની **મેલાઈ** = મેળવીને, દઈને **રંડીબાજ** = અભિનયી, દુરાચારી, વ્યભિચારી **રગતા** = રંગાયેલા, બનેલા **ભવ ડોલત** = વિશ્વમાં ફરે છે **સો** = તે **નહીં** = નહીં **ભક્ત** = ભક્ત **કહાઈ** = કહેવાય.

અનુવાદ

સંપત્તિ અને વિષય સુખ માટે સુર અને તાલ મેળવી નાચ ગાન સાથે ગુનગાન ગાઈ વિશ્વમાં ફરતા વ્યભિચારીને ભક્ત કહેવાય નહીં.

ભાવાર્થ

ધન એકઠું કરવા માટે તેમજ પોતાના શરીર સુખને સંતોષવા માટે ધર્મ જગતમાં પ્રવેશ પામેલા વ્યભિચારી માનસિક્તા ધરાવતા વ્યક્તિઓ

વાજિંત્રોના તાલ સાથે નાચ ગાન કરીને પ્રભુના ગુનગાનવાળી રચનાઓ અને મહાપુરુષોની યશગાથા ગાતા હોય છે. આવા ઉપલક દેખાવ કરીને વિશ્વમાં ભ્રમણ કરતા પાખંડી કથાકારોનો ઉદ્દેશ ભોળા ભક્તોનું શોષણ કરવા સિવાય બીજો કોઈ હોતો નથી. ધર્મના ઓથા હેઠળ ભક્તિના બહાને ભવાઈ કરનારા આવા ભવૈયાઓની ભક્તિ નિર્મળ ન હોવાથી તેઓને કદીપણ ભક્ત કહેવાય નહીં.

જેતનેભર ભોગનકી જીનકે, ચાહ નહીં ભુગતનકી;
તો હરિ બિનું તિનું કુન ચલાયત, આશ નહીં મુગતનકી. ૨

શબ્દાર્થ

જેતનેભર = જેટલા છે તેટલા **ભોગનકી** = ભોગની **જીનકે** = જેમની, જેમને **ચાહ** = ચાહના **નહીં** = નહીં, નથી **ભુગતનકી** = ભોગવવાની **તો** = તો, પછી **હરિ બિનું** = પ્રભુ સિવાય **તિનું** = તેમનું, તેઓને **કુન** = કોણ **ચલાયત** = ચલાવે, ડગાવે, ચલીત કરે **આશ** = આશા **નહીં** = નથી **મુગતનકી** = માંગવાની, મેળવવાની, મુક્તિની.

અનુવાદ

જેટલા છે તેટલા ભોગ ભોગવવાની જેને ચાહના નથી તેમજ મુક્તિની પણ આશા નથી તો પ્રભુ સિવાય તેણે કોણ ચલીત કરે ?

ભાવાર્થ

જે સાચા ભક્તો છે તેમને કહેવાતા વિશ્વના જેટલા ભોગ વૈભવ છે તેને ભોગવવાની મનમાં ઈચ્છા કે હૃદયમાં ભાવના પેદા થતી નથી. વળી, પ્રભુની પ્રાપ્તિ સિવાય મનમાં બીજું કંઈ માગવાની કે મુક્તિ મેળવવાની પણ તેમનામાં તાલાવેલી નથી. જેથી આવા ભક્તો માત્ર પ્રભુ સ્મરણની જ પ્રવૃત્તિમાં મગ્ન બનીને જીવન જીવતા હોય છે. તેથી, તેમના અંતઃકરણને દુન્યવી ભોગ-વૈભવ ડગાવી કે ચલીત કરતા નથી અર્થાત તેમના હૃદય અને અંતઃકરણો ઉપર પ્રભુ સિવાય બીજા કોઈનું જોર ચાલતું નથી.

નિરાધાર આધાર હરિનકે, ઓર કછુન સહાઈ;
વ્રેહવંતી ગત્ય નાર પુરુષવિના, સૂઝત નહીં જહુ તાઈ. ૩

શબ્દાર્થ

નિરાધાર = આધાર વિનાના, બેસહાય **આધાર** = ટેકો, સહાય, સહારો **હરિનકે** = હરિનો, પ્રભુનો **ઓર** = બીજું **કછુન** = કાંઈપણ નહીં **સહાઈ** = સોહાવે, ગમે, ઈચ્છે, સહાયતા કરે **વ્રેહવંતી** = વિરહમાં વ્યાકુળ બનેલી **ગત્ય** = ની જેમ **નાર** = સ્ત્રી **પુરુષવિના** = પતિ વિના, પુરુષ વિના **સૂઝત નહીં** = સૂંઝતું નથી **જહુ** = જરાપણ, કાંઈપણ **તાઈ** = તેને.

અનુવાદ

જેમ વિરહમાં વ્યાકુળ સ્ત્રીને પુરુષ સિવાય બીજું કાંઈપણ સૂંઝતું નથી તેમ નિરાધારના આધાર એવા પ્રભુના ભક્તને બીજું કોઈ સહાયક નથી.

ભાવાર્થ

સંસારમાં શુદ્ધ પ્રેમનું સાચું પ્રતિક એટલે પતિવ્રતા નારીનો સમર્પણતાનો ભાવ અને સ્નેહની પરાકાષ્ઠા છે. પતિના વિરહમાં વ્યાકુળ બનેલી વ્રેહવંતિ સ્ત્રીને જેમ પોતાના પતિ સિવાય ચિત્તમાં કશું પણ સૂંઝતું નથી, કે ચિંતવન થતું નથી. તેમ, ધર્મજગતમાં જે સાચા નિર્મળ ભક્તિ કરાનાર ભક્તને નિરાધારના આધાર એવા પ્રભુ સિવાય બીજા કોઈનું ચિંતવન હોતું નથી કે કોઈના આધારની કે સહાયતાની આશા હોતી નથી.

એકમેક મલતાન મોહનસુ, નહીં કિત ભાન રહેતુ;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરણ સહેતુ. ૪

શબ્દાર્થ

એકમેક = પરસ્પર, એકબીજા સાથે **મલતાન** = મળેલા રહીને, જોડાયેલા **મોહનસુ** = મોહથી, પ્રેમથી **નહીં** = નહીં **કિત** = કશું **ભાન** = ભાન, શુદ્ધિ, સ્મરણ **રહેતુ** = રહેતું, હોતું **તે** = તેવા **હરિજન** = પ્રભુના પ્યારા સજ્જનો **નિજદાસ** = દાસાતનભાવવાળા **ભક્તજન** = ભક્તજનો **સેવક** = સેવાવૃત્તિવાળા **શરણ** = શરણમાં **સહેતુ** = હેતપૂર્વક.

અનુવાદ

એકબીજાના પ્રેમમાં જોડાયેલાને બીજું કોઈ ભાન રહેતું નથી તેવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક શરણમાં હેતપૂર્વક રહે છે.

ભાવાર્થ

જેમ વ્રેહવંતી નાર અને પુરુષ તેમ, ભક્ત અને નોધારોના આધાર રૂપ ભગવાન બંને એકબીજાના પારસ્પરિક શુદ્ધ પ્રેમ અને સ્નેહના તાંતણે બંધાયેલા હોઈ એક-મેક થઈ તલ્લીન બનીને રહે છે. એકબીજા સાથે એકતા સધાતાં અન્ય દુન્યવી ભાન ભુલીને ચિત્તમાં માત્ર પોતાના ઈષ્ટદેવની ભક્તિનું જ ચિંતવન હોય છે. એવા પ્રભુના પ્યારા ભક્તજન, દાસાત્વવૃત્તિવાળા, ભક્તજનો અને સેવાની વૃત્તિ ધરાવતા ભક્તો હંમેશને માટે ગુરુના શરણમાં ભક્તિભાવ ધારણા કરીને હેતપૂર્વક રહેતા હોય છે.

ચોસરા - ૧૧

શૂરવીર ચકચુર ભક્ત મત, નહીં ન કાહરકે કામુ;
શિરસાટે માટે મુસકલ ગત્ય, બાદલ નહીં બદલામુ. ૧

શબ્દાર્થ

શૂરવીર = બહાદુર, શૂરા, પરાક્રમી **ચકચુર** = તલ્લીન, મગ્ન **ભક્ત** = ભક્ત **મત** = માન્યતા, અભિપ્રાય **નહીં ન** = ક્યારેય નહીં **કાહરકે** = કાયરનું, ડરપોકનું **કામુ** = કામ, કાર્ય, કર્મ **શિરસાટે** = શીરના બદલામાં, મસ્તકને બદલે **માટે** = તેથી **મુસકલ ગત્ય** = મુશ્કેલી ભર્યો **બાદલ** = ખોટું, રદ થયેલું **નહીં** = નહીં **બદલામુ** = અવેજીમાં, બદલી શકાય તેવું, ફેરફાર થઈ શકે તેવું.

અનુવાદ

તલ્લીનતા અને શૂરવીરતા એ ભક્તની અંગત માન્યતા છે. ભક્તિ કરવીએ શૂરવીરનું કામ છે, પરંતુ કાયરનું આ કામ નથી. બદલામાં પોતાનું શિર સમર્પણ કરવું પડે તેવો મુશ્કેલી ભર્યો માર્ગ હોવા છતાં તેની

અવેજીમાં કોઈ ખોટુ ચલાવતા નથી (પાછી પાની કરતા નથી કે ચલીત થતા નથી).

ભાવાર્થ

ભક્તિમાર્ગમાં તલ્લીન બનેલા ભક્તો પોતાના ઈષ્ટદેવની માન્યતા અને પ્રભુભક્તિમાં અડગ હોય છે. ગમે તેવી સ્થિતિ પેદા થાય, પરંતુ તેને સહીને પણ પોતાના અપનાવેલા માર્ગથી ચલીત થતા નથી. આ માટે પોતાની જાતનું સમર્પણ કરવું પડે તો પણ સમર્પણ કરવાની તૈયારી રાખતા હોય છે, પરંતુ પોતે પોતાની માન્યતામાં કોઈ ખોટો બદલાવ કે પીછેહઠ કરતા નથી. જેમ, શૂરવીર રણમેદાનમાં દુશ્મનો સામે શૂરવીરતા પૂર્ણ સંગ્રામ ખેલતો હોય છે. તેમ ભક્ત આવી ભક્તિનું પદ શૂરવીરતા પણે પ્રતિકાર કરીને નિભાવતો હોય છે. તેથી કહી શકાય કે ભક્તિના માર્ગે ચાલવું એ કાયરનું કામ નથી, પરંતુ શૂરવીર અને સાહસિક ભક્તનું કામ છે.

હાંસીખેલ નહીં હરિ ભજવું, સજવું તો શુધ્ધ ચિત્તનું;
કોટ જનમ વિછડેલું કરવું, નાતુ તે ઘર મીતનું. ૨

શબ્દાર્થ

હાંસીખેલ = હસી મજાકનું કામ **નહીં** = નથી **હરિ ભજવું** = પ્રભુને ભજવું, ભગવાનની ભક્તિ કરવી **સજવું** = તૈયાર થવું, સજ્જ થવું **તો** = તો **શુધ્ધ ચિત્તનું** = શુદ્ધ ચિત્ત અંતઃકરણનું **કોટ જનમ** = કરોડો જન્મોથી, કેટલાય જન્મોથી **વિછડેલું** = વિખૂટા પડેલાનું **કરવું** = કરવું **નાતુ** = સબંધ, જોડાણ **તે** = તે **ઘર મીતનું** = આદ્ય સંબંધનું, આદીના સંબંધનું, મૂળના જોડાણનું.

અનુવાદ

પ્રભુને ભજવું એ હસી મજાકનો ખેલ નથી. તેના માટે ચિત્તને શુદ્ધ કરીને સજ્જ થવું પડે છે. ભક્તિનો આશય કરોડો જન્મોથી વિખૂટા પડેલા એવા આદ્ય સાથે સ્નેહપૂર્વકનું જોડાણ કરવાનો હોય છે.

ભાવાર્થ

તેથી કહી શકાય કે ભક્તિના પથ ઉપર ચાલવું એ કોઈ હસી મજાકનો ખેલ

નથી, પરંતુ માનવીએ મરજીવા બનીને જીવન જીવવું પડે છે. અને પોતાના ચિત્તની શુદ્ધતા જળવાય તે માટે સજ્જ બનીને રહેવું પડતું હોય છે. ભક્તિ કરવા પાછળ ભક્તનો આશય મૂળ માલિકને મળવાનો હોય છે. કરોડો જન્મોથી અંશ મૂળ ધામમાંથી છૂટો પડ્યો હોવાથી જન્મ-મરણમાંથી મુક્તિ મળે અને સ્નેહપૂર્વક ફરીથી પાછુ જઈ પરમાત્મા સાથે મેળાપ થાય તેવા ઉત્તમ ઉદ્દેશથી ભક્ત ભક્તિ કરતો હોય છે.

તે માટે તિનમેં નહીં ચાલત, કંચિંત કસરપણાનું;
હરિ અમરિખ પ્રહલાદ આદ્યનું, દેખ્યું સાચ ઘણાનું. ૩

શબ્દાર્થ

તે માટે = તેટલા માટે **તિનમેં** = તેમાં **નહીં ચાલત** = ચાલતું નથી, ચાલશે નહીં **કંચિંત** = જરાપણ, સહેજપણ **કસરપણાનું** = કરકસર, કચાશ, ખામી **હરિ** = હરિચંદ્ર **અમરિખ** = અંબરીશ ઋષિ **પ્રહલાદ** = ભક્ત પ્રહલાદ **આદ્યનું** = આદિનું, વિગેરેનું **દેખ્યું** = જોયું, નિહાળ્યું **સાચ** = સાચું, સત્ય **ઘણાનું** = ઘણા બધાનું, અનેકનું.

અનુવાદ

હરિચંદ્ર, અમરીશ, પ્રહાલાદની આદ્ય લઈ ઘણા બધાની સત્યભક્તિને જોતાં કહી શકાય કે તે માટે તેમાં જરાપણ કચાસ ચાલી શકે તેમ નથી.

ભાવાર્થ

ભક્તિનો માર્ગ અત્યંત કઠિન છે. તેમાં ભક્ત માટે શૂરવીરતા અને દૃઢ વિશ્વાસ અતિ મહત્ત્વનું અંગ છે. સત્યના પથ પર ચાલી સમાજના પડકારોને સહન કરીને આદરેલી નિર્મળ ભક્તિ નિશ્ચિત પરિણામ આપે છે. ભૂતકાળના ઈતિહાસ પર દૃષ્ટિ કરતાં જણાય છે કે રાજા હરિચંદ્ર, અંબરીષઋષિ, ભક્ત પ્રહલાદની આદ્ય લઈ ઘણા બધા ભક્તો થઈ ગયા, જેમને અડગ અને સંપૂર્ણ સમર્પણતાથી ભક્તિ કરીને પ્રભુને પ્રાપ્ત કર્યા છે. જેથી કહી શકાય કે ભક્તિના માર્ગમાં જરાપણ કસર કે કચાસ નિશ્ચિત ફળ પ્રાપ્ત કરવામાં બાધા રૂપ નીવડે છે. અર્થાત્ ભક્તિમાં જરા પણ કચાસ ચાલી શકે નહીં.

જાંહાં જાંહાં સાચ તાંહાં હરિ સનમુખ, તિનકે કાજ સરેતુ;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરન સહેતુ. ૪

શબ્દાર્થ

જાંહાં જાંહાં = જ્યાં જ્યાં **સાચ** = સત્ય **તાંહાં** = ત્યાં **હરિ** = પ્રભુ, ઈશ્વર **સનમુખ** = સામે, પ્રત્યક્ષ **તિનકે** = તેમના **કાજ** = કાર્ય **સરેતુ** = સરે છે, પાર પડે છે, થાય છે **તે** = તેવા **હરિજન** = ઈશ્વરોના ભક્ત **નિજદાસ** = દાસાતણપણાવાળા **ભક્તજન** = ભક્તજનો **સેવક** = સેવાનો ભાવ ધરાવતા **શરન** = શરણમાં **સહેતુ** = હેતપૂર્વક.

અનુવાદ

જ્યાં જ્યાં સત્ય ત્યાં ઈશ્વર સન્મુખ થઈ તેમનાં કાર્ય પાર પાડે છે. તેવા હરિનાજન, નિજદાસ, ભક્તજન અને સેવક શરણમાં હેતપૂર્વક રહે છે.

ભાવાર્થ

ભક્તિમાર્ગમાં જેમને ઝંપલાવ્યું છે તેવા ભક્તો સારધાર પણે નિયમ પાળીને સત્યવ્રતનો ટેક જાળવી રાખે એ અતિ મહત્વનું છે. જ્યાં જ્યાં સત્યનો પ્રભાવ છે ત્યાં ભક્તિના ભાવ થકી ઈશ્વર પ્રત્યક્ષ હાજર થઈ ભક્તને દર્શન આપે છે. વળી ભક્તનાં ધારેલા કાર્ય પણ તેઓ પૂરાં પાડે છે. એવા દાખલા ઈતિહાસમાં ઘણા જોવા મળે છે. ભક્તિમાં વળેલા એવા ઈશ્વરોના ભક્તો, દાસાતણપણાવાળા, ભક્તજનો, અને સેવકધર્મ બજાવતા સર્વે હેતપૂર્વક ગુરુના શરણમાં રહે છે.

ચોસરા - ૧૨

સાચ થકી શેષન શિર અવનિ, જીનકે બોજ નલાગે;
સાચ થકી શૂરકે સનમુખત્યે, દુરિજનકે દલ ભાગે. ૧

શબ્દાર્થ

સાચ થકી = સત્યનિષ્ઠાને લીધે **શેષનશિર** = શેષનારાયણના માથે **અવનિ** = પૃથ્વી **જીનકે** = જેનો **બોજ** = ભાર **નલાગે** = લાગતો નથી **સાચ થકી** = સત્યપણાને લીધે **શૂરકે** = શૂરવીરની **સનમુખત્યે** = સામે **દુરિજનકે** = દુર્જનોના **દલ** = ટોળે ટોળા, જૂથ **ભાગે** = નાસી જાય, દૂર ભાગી જાય.

અનુવાદ

સત્યને લીધે શેષનારાયણને પૃથ્વીનો ભાર લાગતો નથી. તેમજ સત્યને લીધે શૂરવીરની સામે દુર્જનોનાં જૂથ દૂર ભાગી જાય છે.

ભાવાર્થ

હજાર ફેણ ધારી શેષનારાયણ દેવ પૃથ્વીને પોતાના શિર પર ધારણ કરીને રહેલા છે,પરંતુ સત્યવ્રતને આધારે રહેલા શેષજીને પૃથ્વીનો ભાર લાગતો નથી.

રણભૂમિમાં ઝઝૂમતો શૂરવીર યોદ્ધો જો સત્યનું પાલન કરીને યુદ્ધના નિયમ અનુસાર શસ્ત્રુઓ સામે લડતો હોય તો સત્યના બળથી દુર્જનોના ટોળા તેનો સામનો ન કરી શકતાં હોવાથી દૂર ભાગી જતા હોય છે.

સાચ થકી લોહ તપન ન દાજત, છૂટત ચોર જબીત્યે;
સાચ થકી શૂન્યમેં રવિ રાજત, આદ્યહી લગીત અબીત્યે. ૨

શબ્દાર્થ

સાચ = સત્ય **થકી** = ને લીધે **લોહ** = લોખંડ **તપન** = તપેલું **ન દાજત** = દાઝતો નથી, દઝાતું નથી **છૂટત** = મુક્ત **ચોર** = ચોરી કરનાર **જબીત્યે** = જ્યારે **સાચ થકી** = સત્યને લીધે **શૂન્યમેં** = આકાશમાં **રવિ** = સૂર્ય **રાજત** = બિરાજમાન, ઝળહળે, પ્રકાશે **આદ્યહી** = પ્રારંભથી **લગીત** = લઈને **અબીત્યે** = અત્યાર સુધી.

અનુવાદ

તપેલું લોખંડ પણ સત્યને કારણે દઝાડતું ન હોવાથી ચોરીનો આરોપી મુક્ત થાય છે અને આકાશમાં સૂર્ય સત્યને કારણે જ આદ્યથી લઈને અત્યાર સુધી પ્રકાશમાન રહે છે.

ભાવાર્થ

નિર્દોષ માણસ ઉપર ખોટો ચોરીનો આરોપ મૂકવામાં આવ્યો હોય તો તેને સાચાપણાની સાબિતી માટે ધગધગતા લોખંડને પકડાવવામાં આવતું હોય છે. તેમ છતાં સત્યને આધારે સજ્જન માણસ દાઝતો નથી, તેથી તેને ચોરીના

આરોપમાંથી મુક્ત કરવામાં આવે છે.

અગ્નિ મહાતત્ત્વના પ્રગટ સ્વરૂપે આકાશમાં બિરાજમાન સૂર્યદેવ પણ પોતાના સત્યવ્રતને લીધે સૃષ્ટિના પ્રારંભકાળથી તે અત્યાર સુધી સળંગ પ્રકાશમાન રહે છે અને સર્વે ઉત્પત્તિને પોતાના પ્રકાશના માધ્યમથી જીવતદાન આપી રહ્યા છે.

સાચ થકી સુરપતિ પાવસરસ, વરસાવત રત્ય રત્યકુ;
સાચ થકી અસમાન અરસવસ, રહત અધર ઉતપનકુ. ૩

શબ્દાર્થ

સાચ થકી = સત્યના આધારે **સુરપતિ** = દેવોના અધિપતિ ઈન્દ્રદેવ **પાવસ** = વરસાદ, ચોમાસુ **રસ** = રસ **વરસાવત** = વરસાવે છે **રત્ય રત્યકુ** = ઋતુ ઋતુ મુજબ, દરેક ઋતુએ **સાચ થકી** = સત્યના આધારે **અસમાન** = આકાશ **અરસવસ** = અંતરિક્ષમાં વસીને **રહત** = રહે છે **અધર** = અદ્ધર, કોઈપણ આધાર વગર **ઉતપનકુ** = ઉત્પન થયું ત્યારથી.

અનુવાદ

સત્યના આધારે ઈન્દ્ર વર્ષાઋતુમાં વરસાદ વરસાવે છે જેથી ઋતુ ઋતુ પ્રમાણે રસ મળે છે. અને સત્યને લીધે જ આકાશ અંતરિક્ષમાં વસીને ઉત્પન્ન થયું ત્યારથી જ અદ્ધર રહ્યું છે.

ભાવાર્થ

દેવોના અધિપતિ કહેવાતા ઈન્દ્રદેવ કર્તા દ્વારા મળેલ વિભૂતીના પ્રતાપથી પોતાની સત્યવ્રતના આધારે જ ચોમાસાની ઋતુમાં અમીરૂપ વરસાદ વરસાવે છે જેથી ઋતુ ઋતુ મુજબ થતી પૃથ્વી ઉપરની ષટ-રસયુક્ત પેદાશના રસોનો માનવી અલગ-અલગ સ્વાદ માણી શકે છે.

વળી, સત્યવ્રતને લીધે જ મહ્‌દ શૂન્યના પોલાણમાં રહેલ આકાશ ઉત્પન્ન થયું ત્યારથી આજદિન પર્યંત અંતરિક્ષમાં કોઈપણ પ્રકારના આધાર વગર અદ્ધર રહ્યુ છે.

સાચ થકી મંતરવશ દેવા, સેવા કરીત ફલેતુ;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરન સહેતુ. ૪

શબ્દાર્થ

સાચ થકી = સત્યના લીધે **મંતરવશ** = મંત્રને વશ થઈ **દેવા** = દેવતાઓ, દેવો **સેવા કરીત** = સેવા કરનારને **ફલેતુ** = ફળ પ્રાપ્તિ કરે છે, ફળ આપે છે **તે** = તેવા **હરિજન** = હરિના પ્યારા સજ્જનો **નિજદાસ** = દાસત્વભાવવાળા **ભક્તજન** = ભક્તજનો **સેવક** = સેવાની વૃત્તિ ધરાવતા **શરન** = શરણમાં **સહેતુ** = હેતપૂર્વક.

અનુવાદ

સત્ય થકી જ મંત્રથી વશ થયેલા દેવો સેવા કરનારને ફળ આપે છે. તેવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક હેતપૂર્વક શરણમાં રહે છે.

ભાવાર્થ

જગતમાં વિવિધ મંત્રો ઉપલબ્ધ છે. મંત્ર તો જડ છે જે કોઈપણ પ્રકારનું પોતાનું બળ ધરાવતા નથી પરંતુ સત્યવ્રત થકી સાધના દ્વારા સાધેલ મંત્રને વશ થઈ જેતે દેવી-દેવતાઓ પ્રસન્ન થતા હોય છે. શુદ્ધતાથી જપેલા મંત્રની સિદ્ધિના બળે સેવા-પૂજા કરનાર ભક્તને તે મંત્રનું ફળ પ્રાપ્ત થતું હોય છે. એવા હરિના પ્યારા સજ્જનો, દાસત્વભાવવાળા ભક્તજનો અને સેવક ધર્મ બજાવતા સર્વે હેતપૂર્વક ભક્તિ કરીને ગુરુના શરણમાં રહેતા હોય છે.

ચોસરા - ૧૩

સાચે સજન પ્રેમ પ્રતિ આનત, માનત પ્રાણ સમાનું;
રાજન થકો રહીત વશ વરતત, દેખીત સાચ દલાનું. ૧

શબ્દાર્થ

સાચે = સત્યથી, સચ્ચાઈથી **સજન** = સ્વજન, સજ્જન **પ્રેમ** = પ્રેમ, સ્નેહ **પ્રતિ** = તરફ, પ્રત્યે **આનત** = લાવે, આણે **માનત** = માને **પ્રાણ સમાનું** = પ્રાણીની જેમ, પ્રાણ જેવું **રાજન** = રાજા

થકો = થી, થકી **રહીત** = રૈયત **વશ** = વશમાં, તાબામાં, હુકમમાં **વરતત** = વર્તે **દેખીત** = જોઈને, નિહાળીને **સાચ** = સચ્ચાઈ, સત્યવ્રત **દલાનું** = હૃદયનું.

અનુવાદ

સત્યના પ્રભાવથી સજ્જનોને પણ પ્રિત લાવીને પ્રાણ સમાન માને છે. અને રાજાના હૃદયની સચ્ચાઈ જોઈને રૈયત પણ હુકમમાં વર્તે છે.

ભાવાર્થ

સત્ય એક એવી જડીબુટ્ટી છે જેનો પ્રભાવ સંસારમાં સર્વત્ર જોવા મળે છે. સત્યવાદી પુરુષોને સંસાર પ્રેમાળ દૃષ્ટિકોણથી નિહાળે છે અને પ્રાણથી પણ અધિક મહત્તા આપે છે.

રાજગાદી પર બેસનાર રાજ્યનો સર્વોપરી અમલી રાજા જો સત્યવ્રત ધારણ કરીને સચ્ચાઈપૂર્વકનો અમલ વર્તાવે તો રાજ્યની સમગ્ર રૈયત (પ્રજા) પણ પ્રેમાધીન બની રાજાના હુકમ મુજબ વર્તે છે અને સત્યવર્તી રાજાને સન્માન આપીને તેની પ્રશંસા કરે છે. તેમજ આવા રાજાની કિર્તી સારાએ રાજ્યમાં પ્રસરે છે.

સાચ થકી સાહેર સત ભરીયા, જીનકે નીર અઘાદુ;
હરિ હુકમી હદ્દકુ નહીં પેલત, મહેલત નહીં મુરજાદુ. ૨

શબ્દાર્થ

સાચ થકી = સત્યના આધારે **સાહેર** = સમુદ્ર, સાગર **સત** = સાત **ભરીયા** = ભરાયા, ભરેલા **જીનકે** = જેના **નીર** = પાણી **અઘાદુ** = અગાધ, ઊંડા, અથાહ **હરિ** = ઈશ્વર **હુકમી** = હુકમનું પાલન કરનાર **હદ્દકુ** = સીમાને, મર્યાદાને **નહીં** = નહીં **પેલત** = પેલવું, ત્યાગ કરવો, અવજ્ઞા કરવી **મહેલત** = છોડતા **નહીં** = નથી **મુરજાદુ** = લાજ શરમ, અદબ, વિવેક.

અનુવાદ

સત્યના આધારે સાત સમુદ્રના પાણી અગાધ ભરેલા હોય છે. અને ઈશ્વરના હુકમ અનુસાર પોતાની હદને ત્યાગ કરતાં નથી કે વિવેકને છોડતા નથી.

ભાવાર્થ

સત્યવ્રતના લીધે જ પૃથ્વી પરના સાત સમુદ્રોના પાણી થાહ વગરના ઊંડા રહીને ભરપુર રીતે ભરેલા રહે છે. જેમાં વર્ષા કે તાપમાનની અસર વર્તાતી નથી. તેથી સમુદ્ર કદી છલકાતો પણ નથી કે પોતાની હદનો ત્યાગ કર્યા વિના વિવેકપૂર્ણ મર્યાદાને ઓળંગતો પણ નથી.

દેવ થકા વશ સાચ સબંધા, વરતત વચન પતિનકે;
ઓર જીવનકી કુન ગનત ગત્ય, જાયલ જક્ત જનીકે. ૩

શબ્દાર્થ

દેવ = દૈવી શક્તિ ધરાવતા દેવી-દેવતા **થકા** = થી **વશ** = આધિન, તાબે **સાચ** = સત્યના **સબંધા** = સંબંધથી, સંબંધને **વરતત** = વર્તે છે **વચન** = વચન, હુકમ **પતિનકે** = માલિકનું **ઓર** = અન્ય, બીજા **જીવનકી** = જીવોની **કુન** = શી **ગનત** = ગણતરી **ગત્ય** = ગમ, ગતિ, ગણાય **જાયલ** = જન્મેલા **જક્ત** = જગતમાં **જનીકે** = જનનીના કૂખે, માતાના ઉદરથી.

અનુવાદ

દેવો પણ સત્યથી વશ હોઈ માલિકના વચનને વર્તે છે તો પછી માતાની કૂખે જગતમાં જન્મ ધારણા કરનારની શી ગણતરી ગણાય ?

ભાવાર્થ

વિશ્વના મહાન ગણાતા આદ્ય દેવતાઓ પણ સત્યથી બંધાયેલા હોઈ માલિકના વચનને આધીન થઈને પોતાને મળેલી વિભૂતિના આધારે વાણી, વર્તન અને વ્યવહાર કરતા હોય છે અને સંસારનો સર્વે કારભાર આદ્યથી અંત સુધી ચલાવ્યા કરતા હોય છે તો પછી જગતમાં માતાની કૂખે જન્મ ધારણ કરેલા સામાન્ય માનવી શી ગણતરીમાં ગણાય ? અર્થાત બધા જ જન્મજાત જીવોએ પણ માલિકના હુકમનો અનાદર કરવો જોઈએ નહીં.

કોટ અનંત ભક્ત ભવભિતર, સાચે સરવ તરેતુ;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરન સહેતુ. ૪

શબ્દાર્થ

કોટ અનંત = અનંત કોટી, અનંત પ્રકારના **ભક્ત** = ભક્તિ કરનાર **ભવભિતર** = ભવમાં, સૃષ્ટિમાં, જગતમાં **સાચે** = સત્યના આધારે **સરવ** = સર્વે, બધા **તરેતુ** = તરી ગયા, ભવપાર થયા **તે** = તેવા **હરિજન** = પ્રભુના પ્યારા **નિજદાસ** = દાસાતનભાવવાળા **ભક્તજન** = ભક્ત સજ્જનો **સેવક** = સેવાની વૃત્તિ ધરાવતા **શરન** = શરણમાં **સહેતુ** = હેતપૂર્વક.

અનુવાદ

વિશ્વમાં અનંત કોટી ભક્તો સત્યના સહારે ભવપાર થયા તેવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક સર્વે શરણમાં હેતપૂર્વક રહે છે.

ભાવાર્થ

સૃષ્ટિની આદ્યથી લઈને વર્તમાન યુગ સુધીમાં કરોડો કલ્પો વીતી ગયા છે. અલગ-અલગ યુગોમાં યુગ પ્રભાવને આધીન અનંત પ્રકારના ભક્તો ઈશ્વરોની ભક્તિ અને ૐકાર બ્રહ્મની આરાધના કરીને ભવપાર થયા છે અને ચાર પ્રકારની મુક્તિને પામ્યા છે. એવા ઈશ્વરોના પ્યારા સજ્જનો દાસત્વભાવ ધરાવતા, ભક્તજનો અને સેવાનો સમર્પણ ભાવ ધરાવતા સર્વે ગુરુના શરણમાં રહી હેતપૂર્વકની ભક્તિ કરતા હોય છે.

ચોસરા - ૧૪

જેહી જેહી કાજ કરત સાચનકે, તેહી તિનમે હરિ રાજી;
જૂઠ જૂઠ વઈભાગ સબનકે, માયા કાલ સમાજી. ૧

શબ્દાર્થ

જેહી જેહી = જે જે, જેટલા જેટલા **કાજ** = કાર્ય, કામો **કરત** = કરવામાં આવે **સાચનકે** = સચ્ચાઈથી, સત્યના આધારે **તેહી** = તે, તેથી **તિનમે** = તેમાં **હરિ** = ઈશ્વર, પ્રભુ **રાજી** = પ્રસન્ન, ખુશ **જૂઠ જૂઠ** = જૂઠે જૂઠાં, અસત્ય, ખોટે ખોટાં **વઈભાગ** = વૈભાગિક, વિભાગને લગતું, વિભાગવાળું **સબનકે** = બધાયના **માયા** = પ્રકૃતિ, સંસારનો મોહ **કાલ** = કાળ, નાશ, યમરાજ **સમાજી** = સમાજને લગતું, સમાજ સંબંધી.

અનુવાદ

સત્યના આધારે જે જે કર્મો કરવામાં આવે તેમાં પરમેશ્વર પણ પ્રસન્ન રહે છે. જ્યારે જૂઠે-જૂઠો બધા જ વિભાગ પ્રકૃતિ અને કાળના સમાજ સંબંધી હોય છે.

ભાવાર્થ

સત્યના આધારે કરવામાં આવતા કાર્યોનો પ્રભાવ ઊર્ધ્વ ગતિનો હોઈ તેનાથી ઈશ્વર પણ ખુશ થતા હોય છે અને પ્રસન્ન પણે રહી કૃપા વર્ષાવે છે. જ્યારે અસત્યની વિશેષવૃત્તિ રાખીને કરવામાં આવતા બધા જ કાર્યો અધોગતિને આમંત્રે છે. જેથી કાળમાયાનો ડર સતત સતાવ્યા કરતો હોય છે. આવા કર્મો કાળ માયાના ચારા માટે સહાયભૂત થતા હોવાથી આસુરી વૃત્તિને સબંધકર્તા પુરવાર થાય છે જેનું પરિણામ પણ અમંગળ અને નુકસાન કારી હોય છે.

સાચ જૂઠકા દોહુ સેરડા, ન્યારા કિયા નિકાસી;
સાચ થકી સતલોક સધાવત, જૂઠે જમપુર જાસી. ૨

શબ્દાર્થ

સાચ = સત્ય **જૂઠકા** = અસત્યના **દોહુ** = બંને **સેરડા** = માર્ગો, રસ્તો **ન્યારા** = જુદા, ભિન્ન **કિયા** = કર્યા, દર્શાવ્યા **નિકાસી** = નિર્ણય કરીને, તારવીને **સાચ થકી** = સત્યથી, સચ્ચાઈથી **સતલોક** = સત્‌લોકધામ **સધાવત** = જવાય, જઈ શકાય **જૂઠે** = અસત્યથી **જમપુર** = યમપુરીમાં, યમરાજના ધામમાં **જાસી** = જશો, જવાય, જવાશે.

અનુવાદ

સચ્ચાઈ થકી સત્‌લોકમાં જવાય અને જુઠે યમપુરીમાં જવાય. આમ સત્ય અને અસત્ય બંનેના માર્ગને તારવીને બતાવ્યા છે.

ભાવાર્થ

સત્યનો માર્ગ ઉર્ધ્વગતિએ લઈ જવાવાળો માર્ગ છે જ્યારે અસત્યનો માર્ગ અધોગતિએ ગમન કરવાવાળો માર્ગ છે. માનવીએ નક્કી કરવાનું રહ્યું કે તેને

ક્યા પરિણામ ભોગવવા ગમે છે. જો સચ્ચાઈનો રસ્તો અપનાવીને જીવન જીવવાનું પસંદ કરશો તો નિશ્ચિતપણે સત્‌લોકનું સુખ પ્રાપ્ત થાય છે, પરંતુ જો અસત્યના માર્ગે ગમન કરીને જીવન જીવનારને તો તેના ફળ સ્વરૂપે નિશ્ચિતપણે યમરાજાના દરબારમાં જઈ નર્કકુંડોની યાતના ભોગવીને પાછું ચોર્યાસી લાખ યોનિમાં ભટકીને જન્મ-મરણ ભોગવવાનું ચાલુ રહેશે.

તબત્યે સાચ સકલ શિર ભુક્ષણ, હરિજન ઓરુ ભક્તનકે;
સેવક સહિત દાસ નિજકે નિધ્ય, ઓરુ રખે તેહીયનકે. ૩

શબ્દાર્થ

તબત્યે = તેથી, જેથી **સાચ** = સત્ય, સચ્ચાઈ **સકલ** = સર્વના **શિર** = માથે **ભુક્ષણ** = આભૂષણ, અલંકાર **હરિજન** = પ્રભુના પ્યારા સજ્જનો **ઓરુ** = અને **ભક્તનકે** = ભક્તજનોના **સેવક** = સેવાવૃત્તિ ધરાવતા **સહિત** = સાથે, સુદ્ધા **દાસ નિજકે** = નિજદાસજનોના **નિધ્ય** = નિધિ, ખજાનો, ભંડાર **ઓરુ** = અને **રખે** = રાખે, રાખવું **તેહીયનકે** = તેને, તેના માટે, રાખનાર માટે, પાળનાર માટે.

અનુવાદ

તેથી હરિજન અને ભક્તજન માટે સત્યએ માથા પરના આભૂષણ સમાન છે. અને તેને રાખનાર સેવક અને નિજદાસ સહિતના માટે નિધિ (સંપત્તિ) સમાન છે.

ભાવાર્થ

તેથી કહી શકાય કે સત્યનો માર્ગે આ ભવમાં માન અને કીર્તિ આપનારો છે સાથો સાથ પરભવમાં પણ હિતકારી છે. ભક્તિમાર્ગમાં સારધાર ભક્તિ કરનાર હરિના પ્યારા સજ્જનો અને ભક્તજનો માટે સત્યનો નિયમ માથા પરના મુગટ સમાન આભૂષણ રૂપે શોભે છે. કારણ કે સત્યનું પાલન કરનાર ઉપર સર્જનહાર પ્રસન્ન રહી સહાયતા કરતા હોય છે.

પ્રભુની સેવામાં વૃત્તિ ધરાવનાર સેવક અને દાસાતનપણાવાળી ભક્તિ કરનાર નિજદાસ માટે સત્યનું ભાથું સંપત્તિ સમાન છે. સાચાપણાને આધારે જ તેઓ ભવસાગર તરી શકે છે.

યદ્યપિ જૂઠ સબ કરહી પ્રહારન, સાચે સાચ ગ્રહેતું;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરણ સહેતુ. ૪

શબ્દાર્થ

યદ્યપિ = આગર જો, કોઈ કારણસર, યથાપિ, તેથી, જોકે **જૂઠ** = અસત્ય **સબ** = સર્વે, બધું જ, સઘળું **કરહી** = કરીને **પ્રહારન** = પ્રહાર, ઘા, માર **સાચે સાચ** = સાચે સાચું **ગ્રહેતું** = ગ્રહણ કરવું, મેળવવું **તે** = તેવા **હરિજન** = પ્રભુના પ્યારા, સજ્જન **નિજદાસ** = દાસાતનપણાવાળા **ભક્તજન** = ભક્ત સજ્જનો **સેવક** = સેવાની વૃત્તિ ધરાવતા **શરણ** = શરણમાં **સહેતુ** = હેતપૂર્વક.

અનુવાદ

આગળ જો બધા જૂઠથી જ પ્રહાર કરે તો પણ સાચે સાચું જ ગ્રહણ કરે છે તેવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક હેતપૂર્વક શરણમાં જ રહે છે.

ભાવાર્થ

સંસારમાં માથાભારે બનીને સમાજને અને સજ્જનોને દુ:ખી કરવાનો ભાવ ધરાવતા વકરી ગયેલા લંપટ અને લોભીજનો અસત્યના હથીયારથી જ પ્રહાર કરતા હોય છે. આવા બધા તત્ત્વો દ્વારા થતા જૂઠના પ્રહાર છતાં પણ જે સત્યના બખ્તર અને સાચાપણાની ઢાલ ગ્રહણ કરીને સાચુ જ ગ્રહણ કરીને રહેતા પ્રભુના પ્યારા સજ્જનો, દાસાતનભાવ ધરાવતા નિજદાસ, ભક્તજનો અને સેવકનો ધર્મ બજાવતા સેવકો ગુરુના શરણમાં રહીને ભાવપૂર્વક ભક્તિ કરે છે.

ચોસરા - ૧૫

જૂઠ વગલ જ્યોં કથીર કનકમે, સો અરજત નહીં જનકુ;
સાચ અમલ હંસન મુખ મુગતા, શોભા દેત સબનકુ. ૧

શબ્દાર્થ

જૂઠ = જૂઠ, અસત્ય **વગલ** = મેળવણી, મિશ્રણ, વગળ, ભ્રષ્ટતા **જ્યોં** = જેમ **કથીર** = હલકી ધાતુ **કનકમે** = સુવર્ણમાં, સોનામાં **સો** = તે **અરજત** = માન્ય, સ્વીકાર્ય **નહીં** = નથી **જનકુ** = માનવોને, સજ્જનોને **સાચ** = સાચો, સત્યના આધારે **અમલ** = હુકમ, વહીવટ, શાસન,

શુદ્ધ **હંસન** = હંસના **મુખ** = મુખે **મુગતા** = મોતી **શોભા** = પ્રતિષ્ઠા, આબરુ **દેત** = આપે, દે **સબનકુ** = સર્વને.

અનુવાદ

અસત્યને લઈ સુવર્ણમાં જો હલકી ધાતુ ઉમેરવામાં આવે તો તે સજ્જનોને માન્ય નથી. જેમ હંસ મુખના મોતીરૂપ સાચો અમલ હોય તો સર્વેને પ્રતિષ્ઠા આપે છે.

ભાવાર્થ

તેમ સત્યને વળગી રહેનાર સજ્જન માનવ સત્યના આધારે કસોટી કરવાની વૃત્તિ હોય છે. તેથી અસત્ય કે જૂઠનો કદી સહારો લેતા નથી. જો કોઈ દુર્જન સોનામાં હલકી ધાતુનું મિશ્રણ કરેતો સજ્જનને તે માન્ય હોતું નથી. સજ્જન આવું મિશ્રણ કરવાનું કાર્ય કદી પણ કરે નહીં કારણ કે સંસારમાં તેની પ્રતિષ્ઠાનો સવાલ છે.

હંસના મુખ દ્વારા ચરાતા મોતી સમાન જો કોઈ સજ્જન અમલદાર પોતાનો અમલ સત્યતાપૂર્વક વર્તાવે તો સમસ્ત પ્રજાજનો તેવા અમલદારને પ્રતિષ્ઠા (માન) આપતા હોય છે.

ત્યૌ મુગતા સાચનકે જનમુખ, જગ જીનું કિરત વદીતું;
એ ભકતન હરિજનકી હુરમત, કછુન કરત અનિતુ. ૨

શબ્દાર્થ

ત્યૌ = તેમ, તે પ્રકારે **મુગતા** = મોતી **સાચનકે** = સાચા, સત્યને **જન** = સજ્જન **મુખ** = મુખેથી **જગ** = જગત **જીનું** = નું, જેનું **કિરત** = કીર્તિ, યસ **વદીતું** = બોલે છે, ગાય છે, ગવાય છે **એ** = એવા **ભક્તન** = ભક્તો **હરિજનકી** = પ્રભુના પ્યારાની **હુરમત** = મોભો, ઈજ્જત, સાખ, પ્રતિષ્ઠા **કછુન** = કાંઈપણ નહીં **કરત** = કરે **અનિતુ** = અનીતિ ભર્યું કાર્ય.

અનુવાદ

તે પ્રકારે સાચા મોતી સમાન સજ્જન હોય તેમની જગત મુખેથી કીર્તિ

ગાય છે. તેથી, એવા પ્રભુના પ્યારા ભક્ત સજ્જનો પોતાની પ્રતિષ્ઠાને લઈ કાંઈપણ અનીતિ કરતા નથી.

ભાવાર્થ

તે પ્રકારે સાચા મોતી સમાન આવા સત્યનિષ્ઠ ભક્તોની કીર્તિના યશગાન જગતમાં ગવાતા હોય છે. ભક્તિમાર્ગમાં સમર્પિત થઈને ભક્તિ કરતા પ્રભુના પ્યારા સજ્જનોની પ્રતિષ્ઠા જગમાં છુપી ન રહેતાં જાહેરમાં અંકાતી હોવાથી ભક્તો કદીપણ અનિતિભર્યું કાર્ય કરતા નથી.

ઓરુ હરિજન ભક્તનકી ભક્તિ, જ્યૌં હાલરકી લકરી;
ઉંમર ધર કરથી નવ મૂક્ત, જો પકરી સો પકરી. ૩

શબ્દાર્થ

ઓરુ = અને **હરિજન** = પ્રભુના પ્યારા સજ્જનો **ભક્તનકી** = ભક્ત જનોની **ભક્ત** = ભક્તિ **જ્યૌ** = જેમ **હાલરકી** = હાલરની **લકરી** = લાકડી **ઉંમર ધર** = ઉમર પર્યંત **કરથી** = હાથથી, હાથમાંથી **નવ મૂક્ત** = મૂકતા નથી **જો** = જો, જે **પકરી સો પકરી** = પકડી તે પકડી.

અનુવાદ

હરિના ભક્તજનોની ભક્તિ હાલર પક્ષી દ્વારા પકડેલા લાકડા જેવી છે. એક વખત પકડ્યું તેને જીવનભર પકડી રાખે છે તેને હાથમાંથી મૂકતા નથી.

ભાવાર્થ

જેમ હાલર નામનું પક્ષી ઉડતાંની સાથે જ પોતાના પગમાં લાકડું પકડી રાખે છે જે દેહ ત્યાગ સુધી તેને છોડતું નથી.

તેમ ભક્તિરસના પ્રેમી ભક્તજનો ભગવાનને પ્રસન્ન કરવાના ઉદ્દેશથી ભક્તિની ટેક ધારણ કરે પછી તેમાં પીછે હઠ કરતા નથી. પોતાનું આખું જીવન સમર્પણ થાય છતાં જે ભક્તિ હાથમાં લીધી તે ભક્તિને છેલ્લા શ્વાસ સુધી નભાવી જાણે છે. પરંતુ ભક્તિ કદાપિ છોડતા નથી.

એહી વિધિ રહેણ રહન તિનકુ ધન્ય, જેહી જાહેર નર જેતુ;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરન સહેતુ. ૪

શબ્દાર્થ

એહીવિધિ = આ પ્રમાણે, આ રીતે **રહેણ રહન** = રહેણી-કરણીથી રહેનારા **તિનકુ** = તેઓને **ધન્ય** = ધન્યવાદ છે **જેહી** = જે **જાહેર** = પ્રખ્યાત **નર** = સજ્જનો, માનવો, પુરુષો **જેતુ** = જેટલા **તે** = તેવા **હરિજન** = પ્રભુના પ્યારા સજ્જનો **નિજદાસ** = દાસાતન ભક્તિવાળા **ભક્તજન** = ભક્તજનો **સેવક** = સેવાનીવૃત્તિવાળા **શરન** = શરણમાં **સહેતુ** = હેતપૂર્વક.

અનુવાદ

આ પ્રમાણેની રહેણીકરણીવાળા જે પ્રખ્યાત પુરુષો થઈ ગયા તેટલાને ધન્યવાદ છે એવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક શરણમાં હેતપૂર્વક રહે છે.

ભાવાર્થ

ભક્તિના માર્ગમાં જેમને પ્રયાણ કર્યું છે અને ભક્તિજ જેમના માટે સર્વસ્વ છે એવા સમર્પિત ભક્તો અગાઉ દર્શાવેલ રહેણીકરણી પાડીને જીવન જીવી ગયા છે. તેમની કિર્તિના યશગાન આજે પણ જગતમાં ગવાય છે. એવા ખ્યાતિ પામેલા ભક્તો ને તેમની ભક્તિના ટેક માટે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છેકે તેઓ ધન્યવાદને પાત્ર છે. એવા હરિના પ્યારા સજ્જનો, દાસત્વભાવવાળા, ભક્તજનો, અને સેવાનીવૃત્તિ વાળા દરેક ગુરુના શરણમાં હેતપૂર્વક રહીને ભક્તિ કરે છે.

ચોસરા - ૧૬

અતિ ઉજાગર સાગરસમ દીન, ભિન્ન નહીં હરિ સંતનસુ;
સરધા સહિત રહિત દલ દુભધા, રહત સુમન મન જનસુ. ૧

શબ્દાર્થ

અતિ ઉજાગર = અતિ ઉજાગ્રત **સાગરસમ** = સમુદ્ર સમાન વિશાળ દિલ **દીન** = નમ્ર, વિનમ્ર, ગરીબ **ભિન્નનહિ** = જુદા નહીં **હરિ** = પ્રભુ, ઈશ્વર **સંતનસુ** = સંતપુરુષને **સરધા** = શ્રદ્ધા

સહિત = સાથે **રહિત** = રહે **દલ** = દિલ, મન, હૃદય **દુભધા** = દુગ્ધા, આપદા, પીડા, મુંઝવણ અને શંકા **રહત** = રહે છે **સુમન** = આનંદિ, પ્રફુલ્લિત **મન** = મન **જનસુ** = દરેક વ્યક્તિ સાથે.

અનુવાદ

સાગર સમાન, અતિ ઉજાગ્રત હોઈ વિનમ્રપણે રહીને હરિ અને સંતને જુદા નથી ગણતા. વળી, શ્રદ્ધા સહિત અને આપદા રહિત થઈને પ્રસન્ન મને દરેક વ્યક્તિ સાથે સહે છે.

ભાવાર્થ

જેને પ્રભુની ભક્તિ જ વહાલી છે અને અહર્નિશ ભક્તિના રંગમાં રંગાઈને રહેતા ભક્તોના દિલ, સાગર સમાન ધીર ગંભીર અને વિશાળ હોય છે. સદાને માટે અતિ ઉજાગ્રત અવસ્થામાં રહેતા ભક્તો, વિનમ્રપણે વર્તીને પ્રભુ અને સંત બંનેમાં કોઈ ભેદ કે જુદાપણુ જોતા નથી. તેમનામાં પ્રભુ પ્રત્યે અનહદ શ્રદ્ધા હોય છે. દિલમાં જરાપણ શંકા હોતી નથી અને જગતના દરેક પ્રકારના વ્યક્તિ સાથે પ્રસન્ન મને રહેતા હોય છે.

કોઈ કલપંત કાલ નહીં ઉપજત, અમરીખ સંત સેવનમે;
વેધ્યેહું બાણ હરદે ગાહલ ગત્ય, અનરત્ય નહિન સુપનમે. ૨

શબ્દાર્થ

કોઈ = કોઈ વખત **કલપંત** = કલ્પના અંતે **કાલ** = કાળ, ક્રોધ **નહીં ઉપજત** = ઉપજતો નથી **અમરીખ** = રાજા અંબરિષની જેમ અડગ **સંત સેવનમે** = સંત પુરુષની સેવામાં **વેધ્યેહું બાણ** = બાણથી વિંધાયા **હરદે ગાહલ ગત્ય** = ગાયલ હૃદયની જેમ **અનરત્ય** = અનર્થ, અનીતિભર્યું, અધર્મ **નહિન સુપનમે** = સ્વપ્ન અવસ્થામાં પણ નહીં.

અનુવાદ

કોઈ કલ્પાંત કાળે પણ ક્રોધ ઉપજતો નથી. અમરીષ રાજાની જેમ અડગપણે સંત સેવનમાં દઢતા રાખે છે જેમ કે તેમના ઘાયલ હૃદય ભક્તિબાણથી વીંધાયા હોવાથી સ્વપ્નાંતરે પણ અનર્થ કરતા નથી.

ભાવાર્થ

જેમ, દુર્વાસામુનિ અમરીષ રાજા ઉપર ક્રોધિત થયા તેમ છતાં તેમને ભોજન જમાડ્યા બાદ ભોજન લીધું અને કોઈ કલ્પાંત કાળે પણ તેમના મનમાં ક્રોધ ઉપજાવ્યો નહીં. તેવી જ દઢતા ભક્તોપણ સંતપુરુષોની સેવામાં રાખતા હોય છે. તેમના વિશાળ અને પવિત્ર હૃદય જ્ઞાની મહાપુરુષોના ભક્તિરૂપી શબ્દોના બાણથી વીંધાયેલા હોવાથી ભક્તિ સિવાય બીજું કંઈપણ અનર્થ ભર્યું કાર્ય સ્વપ્નાંતરે પણ કરતા નથી.

હલત ચલત ઉઠત બેઠત જીનું, ગુરુમુખ વચન વિચારુ;
રહે લોલીન મીન જ્યૌ જલસુ, દલસુ નિજપતિ યારુ. ૩

શબ્દાર્થ

હલત ચલત = હાલતાં ચાલતાં **ઉઠત બેઠત** = ઉઠતાં બેસતાં **જીનું** = જેમને **ગુરુમુખવચન** = ગુરુના મુખમાંથી નીકળેલા વચનો **વિચારુ** = વિચાર, મનન, ચિંતવન **રહે** = રહે, હોય **લોલીન** = તરબોળ **મીન** = માછલી **જ્યૌ** = જેમ **જલસુ** = જળથી **દલસુ** = દિલ જોડાયેલું **નિજપતિ યારુ** = નિજપતિના પ્રેમમાં, પ્રભુ સાથેના જોડાણમાં.

અનુવાદ

માછલી જેમ જળમાં તલ્લીન બનીને રહે છે તેમ દિલથી નિજપતિ સાથે પ્રેમમાં જોડાયેલા રહી હાલતાં ચાલતાં અને ઉઠતાં બેસતાં માત્ર ગુરુના મુખથી નીકળેલાં વચનોનું જ ચિંતવન કરે છે.

ભાવાર્થ

માછલીનું જીવન પાણી છે. તે સિવાય તે તડફડીને મરી જતી હોય છે. જેમ માછલી પાણી સાથે એકતા સાધીને જીવન જીવે છે તેમ ભક્ત માટે ભક્તિ જ જીવન છે તેથી તેઓ નિજપતિની ભક્તિ રસના પ્રેમમાં દિલથી એકતા સાધીને નિર્ભય રહેતા હોય છે. ઉઠતાં-બેસતાં અને હરતાં-ફરતાં આઠેય પહોર તેમના ચિત્તમાં ગુરુના મુખેથી ઉચ્ચારાયેલાં અમૃતમય અને જ્ઞાનમય વચનોનું જ ચિંતવન થતું હોય છે.

જ્યૌ જલસુ પલ મીન ન વિછરત, ત્યૌ ચિત્ત હરિ અરપેતુ;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરન સહેતુ. ૪

શબ્દાર્થ

જ્યૌ = જેમ **જલસુ** = જળથી, પાણીથી **મીન** = માછલી **ન વિછરત** = છૂટી પડતી નથી **ત્યૌ** = તેમ **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **હરિ** = પ્રભુ, ઈશ્વર **અરપેતુ** = અર્ચણ કરેલું, સમર્પિત કરેલું, અતુટપણે જોડાયેલું **તે** = તેવા **હરિજન** = પ્રભુના પ્યારા સજ્જનો **નિજદાસ** = દાસાતનપણાવાળા **ભક્તજન** = ભક્તજનો **સેવક** = સેવાની વૃત્તિવાળા **શરન** = શરણમાં **સહેતુ** = હેતપૂર્વક.

અનુવાદ

જેમ જળથી માછલી પળવાર પણ વિખૂટી પડતી નથી તેમ તેમનાં ચિત્ત હરિમાં સમર્પિત થઈને રહેતાં હોય છે તેવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક શરણમાં હેતપૂર્વક રહે છે.

ભાવાર્થ

માછલી પાણીમાં જ જન્મે, જીવન પસાર કરે અને મૃત્યુને વરે, પરંતુ એક પળવાર પણ પાણીથી દૂર થતી નથી. તેમ ભક્તિના રંગે રંગાયેલા અને ભક્તિરસ સાગરમાં તરબોળ થઈને અભિન્નપણે રહેતા ભક્તો પ્રભુ સાથે પોતાના ચિત્ત અંતઃકરણને અતૂટપણે જોડીને સમર્પિત ભાવથી જીવન પુરું કરે છે. તેવા પ્રભુના પ્યારા સજ્જનો, દાસાતનભાવવાળા, નિજદાસ, ભક્તજનો અને સેવાની વૃત્તિ ધરાવતા સેવકો સદાય ગુરુના શરણમાં હેતપૂર્વક રહીને પ્રભુભક્તિ કરે છે.

ચોસરા - ૧૭

હાસ વિનોદ મોદ સંતનસુખ, જેહી દુર્લભ સુરીનરકુ;
તેહી સુખકે ભુગતાય ભક્તજન, અહો જીનું ભાયગ ઉગરકુ. ૧

શબ્દાર્થ

હાસ વિનોદ મોદ = આનંદ, મોજ અને હાસ્ય **સંતનસુખ** = સંતોનું સુખ **જેહી** = જે **દુર્લભ** = અઘરુ, મુશ્કેલ પ્રાપ્ત થવું **સુરીનરકુ** = દેવી-દેવતાઓને **તેહી** = તે **સુખકે** = સુખને

ભુગતાય = ભોગવે છે **ભકતજન** = ભક્ત સજ્જનો **અહો** = અહો **જીનું** = જેમના **ભાયગ ઉગરકુ** = ઉગ્ર ભાગ્ય હોય, મોટા નસીબ હોય.

અનુવાદ

સંતોના સુખમાં જ હાસ વિનોદ અને મોજ માણે છે જે દેવી-દેવતાઓને પણ દુર્લભ છે. એવુ સુખ જેના મોટા નસીબ હોય તેવા ભક્તજનો ભોગવે છે.

ભાવાર્થ

સંસારના ભૌતિક અને નાશવંત ઈન્દ્રિયોના ક્ષણિક સુખોમાં જીવ ગતિના માનવો મોજ-મજા અને આનંદ માણીને જીવન વ્યતીત કરતા હોય છે. જ્યારે, ભક્તિમાં તરબોળ બનીને આઠેય પહોર પ્રભુનું ચિંતવન કરનારા સદ્ભાગી ભક્તો પ્રભુભક્તિ અને સંતપુરુષોની સેવામાં જ હાસ્ય, આનંદ અને મોજ મજા માણતા હોય છે. દેવી-દેવતાઓને પણ દુર્લભ તેવું અપાર સુખ મહાભાગ્યવાન ભક્તજનો ભૂક્તમાન કરતા હોય છે. તેથી કહી શકાય કે દેવી-દેવતાઓ કરતાં પણ ભક્ત અતિ વિશેષ નસીબવાળો છે.

ભાયગ ઉગ્ર અનંત તેહુનકે, જીનું ઘર સંત સેવાઈ;
કરત સદા અજભવ ઈન્દ્રાદિક, જીનું ચરનનકી ચહાઈ. ૨

શબ્દાર્થ

ભાયગ ઉગ્ર = ઉગ્ર ભાગ્ય, મોટા નસીબ **અનંત** = અપાર, અંત રહિત **તેહુનકે** = તેઓના, તેમના **જીનું** = જેને **ઘર** = ઘેર **સંત સેવાઈ** = સંતપુરુષની સેવા થતી હોય **કરત સદા** = સદાને માટે કરે છે **અજભવ ઈન્દ્રાદિક** = બ્રહ્મા, વિષ્ણુ અને ઈન્દ્ર આદી દેવતાઓ **જીનું** = જેનું **ચરનનકી** = ચરણોની **ચહાઈ** = ઈચ્છા, ચાહના.

અનુવાદ

જેમના ઘરે સંતની સેવા થતી હોય તેઓ અત્યંત મોટા ભાગ્યશાળી છે. કારણ કે બ્રહ્મા, વિષ્ણુ અને ઈન્દ્રાદિક દેવતાઓ પણ તેમના ચરણોની ચાહના રાખતા હોય છે.

ભાવાર્થ

ચોર્યાસી લાખ પ્રકારના સ્થાવર-જંગમ ઘાટોમાં શ્રેષ્ઠ માનવ દેહ છે. અને માનવ દેહે જ આત્મકલ્યાણનું કાર્ય સિદ્ધ થઈ શકે છે. આ માટે સાચા સંતનું શરણ અને ગુરુકૃપા ખુબ જ મહત્ત્વની છે. જે ઘરમાં ભક્તિભાવવાળું વાતાવરણ હોય અને બધા સંતપુરુષોની સેવામાં રત હોય તેવા ઘરના દરેક સભ્યો મહાન ભાગ્યશાળી કહેવાય છે. કેટલાય પૂર્વજન્મોના પુણ્યે આવું કુટુંબ અને કુળ મળે, જેથી ભક્તિમય જીવન જીવી શકાય. માનવઘાટ મેળવી સંતની સેવા અને તેમના ચરણોમાં આશ્રય મળે તેવી ચાહના બ્રહ્મા, વિષ્ણુ, મહેશની આદ્ય લઈ ઈન્દ્રાદિક દેવતાઓ પણ રાખતા હોય છે. જેથી તેઓ પણ આવું ઉમદા ભક્તિ અને સંતની સેવા કરી પરમપિતાને પ્રાપ્ત કરી શકે.

યેસેહી ચરણ પ્રતાપ સંતનકે, સેવત જીનું તરનનકુ;
આંન્ય ઊપાય નહીં ઉધરનકે, એહી વર ભક્ત ભરનકુ. ૩

શબ્દાર્થ

યેસેહી = એવા **ચરણ પ્રતાપ** = ચરણોનો પ્રતાપ **સંતનકે** = સંત પુરુષનો **સેવત** = સેવા કરે **જીનું** = જે **તરનનકુ** = ભવસાગર તરવા માટે, જન્મ-મરણનું દુઃખ દૂર કરવા માટે **આંન્ય ઊપાય** = બીજો કોઈ ઉપાય **નહીં** = નથી **ઉધરનકે** = ઉદ્ધાર થવા માટેનો **એહી** = આ **વર** = શ્રેષ્ઠ **ભક્ત ભરનકુ** = ભવના ભક્ત સમુદાયને.

અનુવાદ

સંતના ચરણનો એવો પ્રતાપ છે. તેથી તરવા માટે સેવા કરો. ઉદ્ધાર માટે બીજો કોઈ ઉપાય નથી. આજ ભક્ત સમુદાય માટે શ્રેષ્ઠ છે.

ભાવાર્થ

પદાર્થ પ્રાપ્તિ અને ચાર પ્રકારની નાશવંત મુક્તિતો ઘણી બધી અન્ય ઉપાસનાઓથી પ્રાપ્ત થતી હોય છે, પરંતુ તે ખંડિત હોઈ પુણ્યનાં ક્ષય થતાં પાછું મૃત્યુલોકમાં આવી ચોર્યાસી લાખ પ્રકારના ઘાટોમાં ભટકવું પડતું હોય છે. ઉદ્ધાર

માટે સંત ચરણોની સેવા સિવાય બીજો કોઈ ઉપાય નથી. માટે સાચા સંતપુરુષના ચરણોની ચાહના રાખવી એજ ભક્ત સમુદાય માટે શ્રેષ્ઠ છે.

માત તાત જીનું ભ્રાત સંતકુલ, નિશ્ચે નરણે કરેતુ;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરણ સહેતુ. ૪

શબ્દાર્થ

માત તાત = માતા-પિતા **જીનું** = જેનું **ભ્રાત** = ભાઈ, આત્મબંધુ **સંતકુલ** = સંતનું કુળ **નિશ્ચે** = નિશ્ચયપૂર્વક **નરણે** = નિર્ણય **કરેતુ** = કરવો, કરે **તે** = તેવા **હરિજન** = પ્રભુના પ્યારા સજ્જનો **નિજદાસ** = દાસાતનભાવવાળા **ભક્તજન** = ભક્તિમાં વળેગા ભક્તજનો **સેવક** = સેવા વૃત્તિવાળા **શરણ** = શરણમાં **સહેતુ** = હેતપૂર્વક.

અનુવાદ

સંતનું કુળ એજ આપણા માતા-પિતા અને ભ્રાતા છે. તેવો નિશ્ચયપૂર્વકનો નિર્ણય કર્યો છે તેવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવકો શરણમાં હેતપૂર્વક રહે છે.

ભાવાર્થ

સંતનું કુળ એજ ભક્ત માટે માતા અને પિતા સમાન છે. સાચા સંતના શરણમાં જઈ નિશ્ચયપૂર્વકનો નિર્ણય કરીને રહેતા પ્રભુના વ્હાલા સજ્જનો, દાસત્વભાવ ધરાવતા નિજદાસ, ભક્તિમાં લીન એવા ભક્તો અને સેવાવૃત્તિનો ધર્મ બજાવતા સેવકો સદા એવા સંતપુરુષ રૂપ પરમગુરુના શરણમાં નિવાસ કરીને હેતપૂર્વક ભક્તિ કરતા હોય છે.

ચોસરા - ૧૮

અસંત સંત વરતાંત લખીત ગત્ય, જેહી જીનું લક્ષ નેહનકુ;
પણ પ્રતિપાદ કરન બાનનકે, સેવત સમ સરવનકુ. ૧

શબ્દાર્થ

અસંત = સંત નથી તેવા **સંત** = સંતપુરુષ **વરતાંત** = વૃતાંત, વર્ણન **લખીત** = જણાવી **ગત્ય** = સમજ, જ્ઞાન **જેહી જીનું** = જે જેનાં, **લક્ષ** = લક્ષણ, આશય **નેહનકુ** = પ્રેમ, સ્નેહ, વહાલ **પણ** = પરંતુ **પ્રતિપાદ કરન** = પ્રતિપાદન કરવા, પુરવાર કરવા, સ્થાપવા, પ્રમાણ સહિત સમર્થન કરવા **બાનનકે** = બહાનું, કારણે, નિમિત્તે **સેવત** = સેવા કરવી **સમ** = સમાન **સરવનકુ** = સરવેની, સર્વની, દરેકની.

અનુવાદ

સંત અને અસંતના જેવાં જેનાં લક્ષણ છે તે મુજબની સમજ પ્રેમથી કહી છે. આ તો માત્ર પ્રતિપાદ અર્થે જ જણાવ્યું છે, પરંતુ સર્વની સમાન સેવા કરવી.

ભાવાર્થ

સંત અને અસંતના જેવા જેના લક્ષણો છે તે મુજબ અહીંયા સમજ આપીને પક્ષા-પક્ષ રહિત પ્રેમપૂર્વક દર્શાવવામાં આવ્યા છે. અહી જે લખાણ લખાયું છે તે ન્યાયપૂર્વકનું પ્રમાણ દર્શાવવા અને સાચા સંતની ઓળખને સમર્થન આપવા પૂરતું જ છે. તેમ છતાં સાચા સંત અને અન્ય સંત એમ બંને ભેખધારીઓ જ છે એટલે બંનેનું સરખું સન્માન કરી સેવાવૃત્તિનો ભાવ રાખવો જોઈએ.

જ્યૌ પાષણ કાષ્ટ ધાતન મૃત, થપીત થાપ દેવનકી;
સેવન કરત સકલ મીલી તીનકી, ગણતન ગત્ય દેહનકી. ૨

શબ્દાર્થ

જ્યૌ = જેમ **પાષણ** = પથ્થર **કાષ્ટ** = લાકડું **ધાતન** = ધાતુની **મૃત** = મૂર્તિ **થપીત થાપ** = સ્થાપેલી, સ્થાપના કરીને પધરાવેલી **દેવનકી** = દેવોની **સેવન કરત** = સેવા કરતાં, સેવા કરતી વખતે **સકલ મીલી** = બધા ભેગા મળી **તીનકી** = તેમની, સ્વરૂપની **ગણતન** = ગણતા નથી, ગણતરીમાં લેતા નથી **ગત્ય** = ગતિ, શક્તિ, હકીકત **દેહનકી** = દેહની, સ્વરૂપની.

અનુવાદ

જેમ કોઈ દેવની મૂર્તિ લાકડાની, પથ્થરની કે ધાતુની બનાવીને સ્થાપના

કરેલી હોય તો તેની બધા મળીને સેવા કરતા હોય છે, પરંતુ તેમના સ્વરૂપની હકીકતને (બનાવટને) કોઈ ગણતરીમાં લેતું નથી

ભાવાર્થ

દેવાલયોમાં કે ઘરમાં ભાવિક ભક્તો પોતાની માન્યતાને આધારે દેવી-દેવતાઓની મૂર્તિ પધરાવીને સેવા પૂજા કરતા હોય છે. તેમાં કોઈ પથ્થરની, લાકડાની કે વિવિધ પ્રકારના ધાતુની મૂર્તિ બનાવી સૌ ભક્તિભાવપૂર્વક ભેગા મળીને આરાધના કરે છે. તે સમયે દેવની મૂર્તિ કયા પદાર્થમાંથી બનાવી છે કે કેટલી કિંમતી છે કે કેટલી વિશાળતા ધરાવતી છે તે જોવામાં કે ધ્યાનમાં લેતા નથી, પરંતુ દેવી-દેવતાના સ્વરૂપને ધ્યાનમાં લઈ બધા ભક્તો ભક્તિ કરતા હોય છે.

ત્યૌ ધાતનવત સંતનકે તન, તિલક છાપ થપ દેવા;
હરિજન ભક્ત યુક્ત જેહી જાણત, કરત ગણીત યૌ સેવા. ૩

શબ્દાર્થ

ત્યૌ = તેમ **ધાતનવત** = ધાતુ સમાન **સંતનકે તન** = સંતોના શરીર, સંતનો સ્થૂળદેહ **તિલક** = કપાળે કરવામાં આવતું ધાર્મિક ચિહ્ન **છાપ** = સ્વરૂપ, આકાર, છબિ **થપ** = થાપેલા, સ્થાપના કરેલ **દેવા** = દેવ **હરિજન** = પ્રભુના પ્યારા સજ્જનો **ભક્ત** = ભક્તજનો **યુક્ત** = યુક્તિ, પ્રમાણ **જેહી** = જે **જાણત** = જાણે **કરત** = કરે છે **ગણીત** = ગણતરીમાં લઈ **યૌ** = આ મુજબ **સેવા** = સેવા-પૂજા, ભક્તિ.

અનુવાદ

જેમ, સ્થાપિત દેવના તિલક, સ્વરૂપ વિગેરે ભક્તો યુક્તિપૂર્વક જાણીને તેમજ સંતનું શરીર ધાતુ સમાન ગણીને સેવા કરે છે.

ભાવાર્થ

ભક્તિમાર્ગમાં તલ્લીન બનેલા પ્રભુના વ્હાલા ભક્તજનો પોતે સ્થાપીત દેવના તિલકનું ચિન્હન, તેમના સર્વાંગી સ્વરૂપ જેમાં દેવનું વાહન, દેવના આભૂષણ, દેવનાં શરીર પર ધારેલ શસ્ત્રો, વસ્ત્રો વિગેરેને ઓળખી

યુક્તિપૂર્વકની સમજ કેળવેલ હોવાથી તે દેવના સર્વાંગી સ્વરૂપને ધ્યાનમાં લઈને જે તે દેવની સેવા, પૂજા, ભક્તિ કરે છે. તે દેવની મૂર્તિ કયા પદાર્થ કે ધાતુની બનાવેલી છે તેને ધ્યાનમાં કે ગણતરીમાં લેતા નથી.

તેમ સંતનું શરીર વિવિધતાવાળી ધાતુ સમાન ગણીને તેની જાતી, કુળ-કુટુંબની નોંધ ન લેતાં સંતના મુખેથી નિકળેલા જ્ઞાનયુક્ત વચનો અને વ્યવહારથી સર્વાંગીપણે નિહાળી તેમની સેવા શુદ્ધભાવે કરે છે.

એહી પરકાર સંત સેવન ગત્ય, જાણ્ય બૂજ સરવેતુ;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરણ સહેતુ. ૪

શબ્દાર્થ

એહી પરકાર = આ પ્રકારે, આ રીતે **સંત** = સંતપુરુષની **સેવન** = સેવાની **ગત્ય** = ગતિ, રીત, સમજ, જ્ઞાન **જાણ્ય** = જાણીને **બૂજ** = સમજ **સરવેતુ** = સર્વેની **તે** = તેવા **હરિજન** = પ્રભુના પ્યારા સજ્જનો **નિજદાસ** = દાસત્વભાવવાળા, નિજદાસ **ભક્તજન** = ભક્તિમાં વરેલા ભક્તજનો **સેવક** = સેવાની વૃત્તિવાળા સેવકો **શરણ** = શરણમાં **સહેતુ** = હેતપૂર્વક.

અનુવાદ

આ રીતે સંત સેવાની સર્વ રીત જાણ્યા અને સમજ્યા છે તેવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક શરણમાં હેતપૂર્વક રહે છે.

ભાવાર્થ

સંતપુરુષની જાતી, જ્ઞાતી કે કુળની ઉત્પતિને મહત્તા આપતા ન હોઈ સંતની જ્ઞાન દશાને અને તેમના વાણી-વર્તન અને વ્યવહારને પ્રાધાન્ય આપી સંતને ઓળખે છે. આ રીતે મનમાં સંતને પારખવાની સૂઝ અને સમજણ લાવીને સંતની સેવા અને આદર સત્કાર કરે છે. આવી સર્વ સૂઝ ધરાવતા પ્રભુના પ્યારા સર્વે સજ્જનો, દાસત્વભાવ ધરાવતા નિજદાસ, ભક્તિમાં તલ્લીન રહેતા ભક્તો અને સેવાવૃત્તિમાં રત રહેલા સેવકો ગુરુના ચરણોમાં સમર્પિત થઈને હેતપૂર્વક ભક્તિ કરે છે.

ચોસરા - ૧૯

તબતે ભક્ત ભરમનહીં લાવત, હરિ ગુરુ ઓરુ ભેખનમે;
જીનકે સબંધ છાપ તિલકનકે, સુરત ન તન અવગુણમે. ૧

શબ્દાર્થ

તબતે = તેથી, એ કારણે **ભક્ત** = ભક્તો **ભરમનહીં લાવત** = ભ્રમણા લાવતા નથી, ભ્રાંતિ રાખતા નહીં **હરિ** = ઈશ્વર, પ્રભુ **ગુરુ** = ગુરુ **ઓરુ** = અને **ભેખનમે** = ભેખમાં, ભેખધારી સંતપુરુષમાં **જીનકે** = જેમનો **સબંધ** = નાતો **છાપ** = સ્વરૂપ, ચિન્હો, પ્રતિકૃતિ, આકૃતિ **તિલકનકે** = કપાળે કરાતા તિલકને **સુરત** = સુરતા, ધ્યાન **ન** = નહીં **તન** = શરીર **અવગુણમે** = અવગુણોમાં.

અનુવાદ

તેથી હરિ, ગુરુ અને ભેખમાં ભક્તજનો, ભ્રમણા લાવતા નથી. જેમનો સંબંધ ચિન્હો અને તિલક સાથે હોવાથી તેમના શરીરના અવગુણોને ધ્યાનમાં લેતા નથી.

ભાવાર્થ

પ્રભુ, ગુરુ અને ભેખ એમ ત્રણેય પદ પ્રત્યે ભક્તને મનમાં કોઈ ભ્રમણા પેદા થતી જ નથી. તેમનો નાતો તો તેમના સર્વાંગી ચિન્હો અને બાહ્ય તિલક સાથે જોડાયેલા હોય છે. ભક્તજનો કદીપણ શરીરના જન્મજાત અવગુણોને ધ્યાનમાં લેતા નથી. માત્ર જ્ઞાનને મહત્તા આપી ભક્તિ એજ એમનું લક્ષ હોઈ યેનકેન પ્રકારે કૃપા પ્રાપ્ત કરવાનો ઉદેશ રાખી સર્વને નિહાળે છે અને સેવા, પૂજા, અર્ચના સન્માનપૂર્વક કરે છે.

ભેખ સકલ ભગવંત સમોવડ, ગણત ભક્ત હરિજનહી;
સો સાચા સેવક નિજદાસન, જીનું જપ સંત વચનહીં. ૨

શબ્દાર્થ

ભેખ = ભેખધારી **સકલ** = બધા **ભગવંત** = પ્રભુ, ભગવાન **સમોવડ** = સમાન

ગણત = ગણે છે **ભક્ત** = ભક્તજનો **હરિજનહી** = પ્રભુના પ્યારા સજ્જનો **સો** = તેજ **સાચા** = સાચા **નિજદાસન** = નિજદાસ **જીનું** = જેમને **જપ** = જપવા યોગ્ય મંત્ર **સંત વચનહીં** = સંતોના મુખેથી નિકળેલા વચનો છે.

અનુવાદ

ભક્તો અને હરિજનો, ભેખ અને ભગવંતને સમાનગણે છે. સંતના મુખે ઉચ્ચારાયેલા વચનનો જાપ જપે છે તે જ સાચા સેવક અને નિજદાસ છે.

ભાવાર્થ

ભક્તિમાં તલ્લીન બનેલા ભક્તો અને પ્રભુને ભજનારા ઈશ્વરના પ્યારા સજ્જનોના મનમાં સાચા ભેખધારી સંતપુરુષો અને ભગવાન પ્રત્યે સમાનતા ભર્યો ભાવ હોય છે. તેઓ કદીપણ બંનેના સ્વરૂપોને તફાવતના રૂપે ભિન્ન જોતા નથી. તેવી જ રીતે સંતો દ્વારા અપાયેલ જાપને જપી તેમના મુખની વાણીનું જે સતત મનન અને મંથન કરે છે, એજ સાચા સેવાની વૃત્તિવાળા સેવકો અને દાસાતન ભાવવાળા નિજદાસ કહેવાય છે.

જેહી નિર્ગુણ નિરવેવ નિરંજન, સમદમ સહેજ સમાધુ;
સો સદ્‌ચિદ્ આનંદમયે સરગુણ, દેહ સહિત જીનુ સાધુ. ૩

શબ્દાર્થ

જેહી = જે **નિર્ગુણ** = ગુણોથી તીત **નિરવેવ** = નિરાકાર **નિરંજન** = નિરંજન પુરુષ **સમદમ** = દમને સમ કરી **સહેજ** = સહેજા સહેજ **સમાધુ** = સમાધી લગાવે છે **સો** = તે **સદ્‌ચિદ્ આનંદમયે** = સદ્‌ચિદાનંદમય **સરગુણ** = સગુણ **દેહ** = શરીર, ઘાટ **સહિત** = સાથે **જીનું** = જેને, જેઓ **સાધુ** = સાધના કરનાર પુરુષ.

અનુવાદ

જે નિર્ગુણ, નિરાકાર એવા નિરંજન પુરુષની શ્વાસ સમદમ કરીને સહેજા સહેજ સમાધી લગાવે છે એવા સદ્‌ચિદાનંદમય રહેનાર સગુણ દેહધારી સાધુ કહેવાય.

ભાવાર્થ

અહી સાધુપુરુષ એને જ કહ્યા છે કે જે સદા માટે સાધનામાં મગ્ન રહે છે. તેની ઓળખ આપતાં જણાવ્યું છેકે આવા સાધકો પોતાના શ્વાસને ઊલટ કરી સમદમપણે બ્રહ્મરંધ્રમાં સ્થિર કરી જે ગુણોથી રહિત નિર્ગુણ અને નિરાકાર નિરંજન પુરુષના જ્યોતિ સ્વરૂપનાં દર્શન કરીને સમાધીવત્ રહેતા હોય છે. પોતાની વૃત્તિને સદ્‌ચિદાનંદમય કરીને હંમેશને માટે ધ્યાનસ્થ દશામાં રહી દીર્ઘાયુ જીવન જીવે છે.

સાધુ મિલે સંતોષ ભક્તને, હરિસમ હેજ હમેતુ;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરણ સહેતુ. ૪

શબ્દાર્થ

સાધુ = સાધના કરનાર પુરુષ **મિલે** = મળે, સમાગમ થાય **સંતોષ** = તૃપ્તી, આનંદ **ભક્તને** = ભક્તજનને **હરિસમ** = પ્રભુની સમાન **હેજ હમેતુ** = હંમેશને માટે ભાવ, નિત્યપ્રતી હેત **તે** = તેવા **હરિજન** = હરિના પ્યારા સજ્જનો **નિજદાસ** = દાસાતનવાળી ભક્તિ કરનારા **ભક્તજન** = ભક્તજનો **સેવક** = સેવાનીવૃત્તિ ધરાવતા **શરણ** = શરણમાં **સહેતુ** = હેતપૂર્વક.

અનુવાદ

ભક્તને સાધુ મળે તો આનંદ થતો હોય છે. ભગવાન મળ્યા તેવો હંમેશને માટે ભાવ ધારણ કરવાવાળા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક શરણમાં હેતપૂર્વક રહે છે.

ભાવાર્થ

ધ્યાનસ્થ દશામાં રહેતા સાધુનો અનાયસે પણ સંયોગ અથવા તો સમાગમ થાયતો ભક્તજનને જાણે સ્થૂળ સ્વરૂપે ભગવાન મળ્યા હોય તેટલો તેમના હૃદયમાં સંતોષ થતો હોય છે. સાધુ પ્રત્યે હંમેશને માટે આવો ઉમદા ભાવ ધારણ કરનાર એવા પ્રભુના પ્યારા સજ્જનો, દાસાતનભાવવાળા નિજદાસ, ભક્તજનો અને સેવાની વૃત્તિ ધરાવતા સેવકો સદા માટે ગુરુના શરણમાં હેત ધારણ કરીને પ્રભુ ભક્તિ કરે છે.

ચોસરા - ૨૦

જીનકે ભજન સંત સેવન તન, જ્ઞાન ધ્યાન પુનિ તિનકે;
તિરથ વરત યોગ તપ સાધન, સંત વિના નહીં ભિન્નકે. ૧

શબ્દાર્થ

જીનકે = જેના **ભજન** = ભક્તિનો લક્ષ, નામ સ્મરણ **સંત સેવન તન** = સંતપુરુષોના સ્વરૂપની સેવા **જ્ઞાન** = જ્ઞાન **ધ્યાન** = લક્ષ, એકાગ્રતા **પુનિ** = વળી **તિનકે** = તેમના **તિરથ** = તીર્થ **વરત** = વ્રત **યોગ** = યોગ **તપ** = તપ **સાધન** = સાધના માટેના પુરુષાર્થ, સાધવું તે **સંત** = સંતપુરુષ **વિના** = સિવાય **નહીં** = નથી **ભિન્નકે** = જુદા, અલગ.

અનુવાદ

સંતોના શરીરની સેવા એજ જેમનું ભજન છે વળી, તેમના માટે જ્ઞાન, ધ્યાન, તીર્થ, વ્રત, યોગ, તપ અને સાધના પણ સંત વિના અલગ નથી.

ભાવાર્થ

ભક્તના હૃદયમાં સાચા સંતપુરુષના સ્થૂળદેહની સેવા એજ ભજન છે. તેમના માટે જ્ઞાન, ધ્યાન, તીર્થ, વ્રત, યોગ, તપ અને સાધના બધું જ સંતની સેવામાં સમાયેલું હોય છે. તેથી અન્ય લૌકિક કે ધાર્મિક કાર્યોમાં વૃતિ નહીં રાખતાં સંત સેવામાં જ સદા રત રહે છે. સંત સેવાથી પોતાની જાતને જરાપણ અલગ પડવા દેતા નથી કે સંત સેવા વિના પોતે અલગ રહી શકતા નથી.

જા દિન સંત મિલે તેહી પલકુ, વરત કરી ઉર ઠાને;
સંત વિયોગ પરત દુઃખ પરમિત, મરન સમો મન માને. ૨

શબ્દાર્થ

જા દિન = જે દિવસે **સંત મિલે** = સંતપુરુષ મળે **તેહી** = તે **પલકુ** = પળને, સમયને **વરત કરી** = વ્રતની જેમ **ઉર** = હૃદયમાં **ઠાને** = માને **સંત વિયોગ** = સંતનો વિયોગ **પરત** = પડતાં, થતાં **દુઃખ પરમિત** = અપાર દુઃખ પડ્યું હોય તેમ **મરન સમો** = મૃત્યુ સમાન **મન** = મનમાં **માને** = માને છે.

અનુવાદ

જે દિવસે સંત મળે તે પળને હૃદયમાં વ્રત માને છે અને સંતનો વિયોગ થતાં મનમાં જાણે મૃત્યુ સમાન અપાર દુઃખ પડ્યું હોય તેમ માને છે.

ભાવાર્થ

જે દિવસે સંતપુરુષનાં દર્શન કે સત્સંગની પળ મળે તો ભક્તજનોનાં હૃદયમાં જાણે મહાનવ્રતનું ફળ મળ્યું હોય તેવો આનંદ થાય છે. મન નિર્મળ આનંદ અને ઉમંગમાં છલકાયેલું રહે છે. અને જ્યારે સંતપુરુષ થી વિદાય લેવાનો સમય આવે અથવા સંતથી જુદા પડવાની ઘડી આવે ત્યારે હૃદય દ્રવી ઊઠે છે અને મનમાં મૃત્યુ સમાન અપાર દુઃખ પડ્યું હોય તેમ માને છે.

સંત ભક્ત સર્વજ્ઞ અનુસુત, જ્યૌ સુત માત ગરભકે;
ખાનપાન સંતાપ માતકુ, કછુન ગરભ તરપકે. ૩

શબ્દાર્થ

સંત = સંતપુરુષ **ભક્ત** = ભક્તિમાં તલ્લીન રહેનાર ભક્ત **સર્વજ્ઞ** = બધી રીતે, સર્વ પ્રકારે **અનુસુત** = જોડાયેલા, સુત્રવત્-અતૂટનાતો ધરાવતા **જ્યૌ** = જેમ **સુત** = બાળક **માત** = માતાના **ગરભકે** = ગર્ભાશયમાં, ગર્ભરૂપે રહેલા **ખાનપાન** = ખાવા પીવાનો, પોષણની **સંતાપ** = ચિંતા, કલેશ, ઉદ્‌વેગ **માતકુ** = માતાને **કછુન** = કાંઈપણ નહીં **ગરભ** = ગર્ભ **તરપકે** = તરફે, પક્ષે.

અનુવાદ

જેમ બાળક અને માતાના ગર્ભને સંબંધ છે તેમ સંત અને ભક્ત વચ્ચે સર્વ રીતે અતૂટ સંબંધ જોડાયેલો છે. જેમ કે ખાવા-પીવાની ચિંતા માતાને છે, પરંતુ, ગર્ભના પક્ષે કાંઈ પણ નથી.

ભાવાર્થ

માતાના ઉદરમાં પોષણ પામતું બાળક, માતાની સાથે નાડથી જોડાયેલું હોય છે. આ અતૂટ જોડાણને કારણે માતા બાળકની બધી જ ચિંતા કરે છે અને તેને યોગ્ય પોષણ મળે તેની કાળજી રાખે છે. માતા પોતાના ખાન-પાનમાં ખૂબજ

સાવચેતી જાળવે છે. બાળકની દરેક પ્રકારની ચિંતા માતાને હોય છે, પરંતુ ગર્ભમાં રહેલા બાળકને પોતાની ચિંતા હોતી નથી.

જેમ માતા અને બાળક તેમ સંત અને ભક્તના સંબંધો અતૂટપણે અત્મીયતાના સંબંધથી જોડાયેલા હોય છે. ભક્તની દરેક જરૂરીયાતને સંત સમજે છે અને સંત સજાણપણાથી ભક્તની સાથે જોડાયેલા રહે છે. ભક્ત પણ પોતે સમર્પિત થયેલો હોવાથી ચિંતા મુક્ત થઈને નિર્ભયતાથી ભક્તિ કરતો હોય છે. કારણ કે તેને સર્વસ્વ સંતના ચરણમાં ધરી દીધું પછી તેને ચિંતા શાની ?

જેહી વિધિ ગરભ રહત અનુકરમીત, તેહી વિધિ નર અકરેતુ;
તે હરીજન નિજદાસ ભક્તજન, સેવક શરન સહેતુ. ૪

શબ્દાર્થ

જેહીવિધિ = જે રીતે **ગરભ** = ગર્ભ, ગર્ભાશયમાં પોષણ પામતું બાળક **રહત** = રહે છે **અનુકરમીત** = કર્મહીન, અનુકર્તવ્યપણે **તેહી વિધિ** = તે પ્રમાણે **નર** = ભક્ત, સજ્જન **અકરેતુ** = નિષ્ક્રીય, નિશ્ચિંતપણે **તે** = તેવા **હરીજન** = પ્રભુના પ્યારા સજ્જનો **નિજદાસ** = દાસત્વભાવવાળા નિજદાસ **ભક્તજન** = ભક્તજનો **સેવક** = સેવાની વૃત્તિ ધરાવતા **શરન** = શરણમાં **સહેતુ** = હેતપૂર્વક.

અનુવાદ

જે રીતે ગર્ભ કોઈપણ પ્રકારના કર્મહીન રહે છે તે રીતે નિશ્ચિંતપણે ભક્તિ કરે છે તેવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક શરણમાં હેતપૂર્વક રહે છે.

ભાવાર્થ

જે રીતે માતાના ગર્ભમાં પોષણ પામતા બાળકને પોતાની કોઈ ચિંતા હોતી નથી કે પોતે પોતાનું કાંઈ વિચારતું હોતું નથી, પરંતુ તેની સર્વપ્રકારની કાળજી માતા રાખતી હોય છે. બાળક માટે જરૂરી સર્વે પ્રકારની સરભરાની વ્યવસ્થા માતા પોતે જવાબદારીપૂર્વક નિભાવતી હોય છે.

તેવીજ રીતે ભક્તપણ સંતપુરુષ સાથે એકમેક પણે જોડાઈને નિષ્કામ ભક્તિ

કરે છે અને સર્વ જવાબદારીથી મુક્ત પણે વર્તે છે. તેને પોતાની ભક્તિમાં અને સંત પુરુષના શરણમાં સંપૂર્ણ વિશ્વાસ છે કે તેને કોઈ આડ-અડચણ આવશે નહીં. તેવા ભક્તિમાર્ગમાં વળેલા હરિના પ્રિય સજ્જનો, દાસાતનપણાથી ભક્તિ કરવાવાળા નિજદાસ, ભક્તજનો અને સેવાનીવૃત્તિ ધરાવતા સેવકો સદાય ગુરુના શરણમાં સમર્પિત થઈ હેતપૂર્વક ભક્તિ કરે છે.

ચોસરા - ૨૧

ગરભ નચંત માત એકતાયન, ભક્ત નચિંત સંતનસુ;
સેવ કરન શક્તિ તેહી તીનકી, તો કછુ હોય ભક્તનસુ. ૧

શબ્દાર્થ

ગરભ = માતાના ગર્ભાશયમાં વિકાસ પામતું બાળક **નચંત** = ચિંતામુક્ત **માત** = માતા **એકતાયન** = એકતાપણું, ઐક્ય, અભેદતા **ભક્ત** = ભક્તિમાં તલ્લીન બનેલ વ્યક્તિ **નચિંત** = ચિંતા મુક્ત, ચિંતારહિત **સંતનસુ** = સંતથી, સંતને લીધે **સેવ કરન** = સેવા કરવાની **શક્તિ** = તાકાત, બળ **તેહી** = તે **તીનકી** = તેમની જ **તો** = તો, પછી **કછુ** = કાંઈ, શું **હોય** = હોય **ભક્તનસુ** = ભક્તને.

અનુવાદ

માતાની એકતાથી ગર્ભ નચિંત રહે છે તેમ ભક્ત સંતથી નચિંત છે. સેવા કરવાની શક્તિ તેમના થકી જ મળતી હોઈ ભક્તને કરવાનું શું હોય ?

ભાવાર્થ

માતાના ઉદરમાં વિકાસ પામતું બાળક માતા થકી સર્વ પ્રકારનું પોષણ પામીને વૃદ્ધિ પામતું હોય છે. માતા સાથેની તેની અતૂટ એકતાને લીધે તે નચિંતપણે રહેતું હોય છે. અને માતા તેની સાર-સંભાળ રાખીને જરૂરી બધું જ પોષણ પુરું પાડતી હોય છે.

તેમ, ભક્તપણ સંત થકી નચિંતપણે રહે છે. તેની પણ અતૂટ એકતા સંતના શરણમાં જોડી રાખતા હોવાથી સેવા કરવાની શક્તિ સંત તરફથી પ્રાપ્ત થતી હોઈ તેવુ માનીને પોતાના થકી બીજું કશું કરવાનું રહેતુ નથી તેવો ભાવ દારણ કરે છે.

ભક્ત સંત અનવે એકતા રત્ય, ન્યારા નહીં નિરબાંનુ;
એ નાતુ નરવેદ મુદત્યનું, જડ તવ યુગન યુગાંનુ. ૨

શબ્દાર્થ

ભક્ત = ભક્તજન **સંત** = સંતપુરુષ **અનવે** = એકબીજા સાથે, પરસ્પર, અન્યોઅન્ય **એકતા** = જોડાણ, સંબંધ **રત્ય** = પ્રેમપૂર્વક **ન્યારા** = જુદા, અડગા **નહીં** = નહીં **નિરબાંનુ** = નિર્વાણ સુધી, મૃત્યુ પર્યંત, અવસાન સુધી **એ** = એ **નાતુ** = સબંધ, સગાઈ, સગપણ **નરવેદ** = વૈરાગ્ય **મુદત્યનું** = કાળનું, સમયનું, વખતનું, અવધિનું **જડ તવ** = ગંઠાયેલું, ચિપકાયેલું, જોડાયેલું **યુગન યુગાંનુ** = યુગોના યુગોથી.

અનુવાદ

ભક્ત અને સંતના પ્રીતિની એકતા પારસ્પરિક જોડાયેલી હોઈ, મૃત્યુ પ્રર્યંત જુદી થતી નથી. આ સંબંધ વૈરાગથી જોડાયેલો હોઈ તેની અવધિ યુગોનાં યુગો સુધીની હોય છે.

ભાવાર્થ

ભક્તિના રંગમાં રંગાયેલો ભક્ત નિર્ભયતાપૂર્વક સંતપુરુષના શરણમાં અતૂટપણે જોડી રાખીને બંને વચ્ચેનો પારસ્પરિક સંબંધ મૃત્યુના અંતકાળ સુધી જુદો થવા દેતા નથી. આ સંબંધ ભક્તિના તાંતણે વૈરાગથી જોડાયેલો હોવાથી તેનો સમયગાળો યુગોનાં યુગો વીતી જાય તેમ છતાં તે અમર રહે છે. અને જગતપણ એવા ભક્તો અને સંતોની કીર્તિનાં યશગાન ગાતાં થાકતા નથી.

ભક્ત નિર સલિતા સંતનમે, ગીરીત્યે જરત બહેવું;
સો સલિતા મિલ ગઈ હરિસાગર, ન્યારા કુન રહેવુ. ૩

શબ્દાર્થ

ભક્ત = ભક્તજન **નિર** = પાણી, જળ **સલિતા** = નદી, સરિતા **સંતનમે** = સંતપુરુષમાં **ગીરીત્યે** = પહાળ કે પર્વતમાંથી **જરત** = ઝરીને, ઝરણાના રૂપે **બહેવું** = વહે છે **સો** = તે **સલિતા** = નદી **મિલ ગઈ** = મળી જાય **હરિસાગર** = સાગરરૂપ પ્રભુમાં **ન્યારા** = જુદા, વેગડા, અલગ **કુન રહેવુ** = કોણ રહે ? કોનાથી રહે ?.

અનુવાદ

જેમ પહાડ પરથી ભક્તરૂપ વહેતું પાણીનું ઝરણુ સંતરૂપ નદીમાં ભળે છે. તેમ સંતરૂપ નદી હરીરૂપ સાગરમાં ભળે છે. પછી જુદા કોણ રહે ?

ભાવાર્થ

ભક્ત પોતાને પર્વતમાંથી નીકળતા ઝરણારૂપ કુદરતી પાણીના પ્રવાહ જેવો માને છે. આવા ઝરણારૂપી ભક્ત ભક્તિના પથ પર અથડાતો-કુટાતો કસોટીઓથી પાર ઉતરીને છેવટે નદીરૂપ સંતમાં ભળી જવાની ભાવના રાખે છે. આવા સાચા સંત પોતે નદી રૂપ હોઈ પોતાના અવિરત વહેતા જળપ્રવાહને વિશાળ સમુદ્ર સુધી પહોંચાડશે અને અંતે સાગરમાં જઈને ભળશે તેવો વિશ્વાસ રાખે છે. આવી એકતા થતાં હવે જુદાપણું રહેવા પામતું નથી તેવું સમજીને પોતે પોતાની જાતને જુદા ગણતા નથી.

એહી પરકાર જાણ્ય જાણી નર, ભક્ત સંત ચરન્યેતુ;
તે હરિજન નિજદાસ ભક્તજન, સેવક શરન સહેતુ. ૪

શબ્દાર્થ

એહી પરકાર = આ પ્રમાણે, આ રીતે **જાણ્ય** = સમજ, જ્ઞાન **જાણી** = મેળવી, ગ્રહી, સમજી **નર** = પુરુષ **ભક્ત** = ભક્ત **સંત ચરન્યેતુ** = સંતના ચરણમાં રહે છે **તે** = તેવા **હરિજન** = પ્રભુના પ્યારા સજ્જનો **નિજદાસ** = દાસત્વભાવવાળા, નિજદાસ **ભક્તજન** = ભક્તજનો **સેવક** = સેવાની વૃત્તિ ધરાવતા સેવકો **શરન** = શરણમાં **સહેતુ** = હેતપૂર્વક.

અનુવાદ

આ પ્રકારે સમજ ગ્રહિને ભક્ત પુરુષ સંતના ચરણે જાય છે, તેવા હરિજન, નિજદાસ, ભક્તજન અને સેવક હેતપૂર્વક શરણમાં રહે છે.

ભાવાર્થ

આ અંગમાં વિસ્તૃત રીતે લક્ષણોનું વર્ણન કર્યા મુજબના ભક્તપુરુષ આવી સમજ ગ્રહણ કરીને સંતના ચરણમાં સમર્પિત થઈને રહે છે. એવા પ્રભુના

પ્યારા સજ્જનો, દાસત્વભાવવાળા નિજદાસ, ભક્તિમાં ભળેલા ભક્તજનો અને સેવાવૃત્તિમાં રત રહેનારા સેવકો ગુરુના શરણમાં હેતપૂર્વક રહીને ભક્તિ કરતા હોય છે.

દોહા

ભક્ત લીન હોય જાય સંતમે, સંત મિલે નિજધામુ;
કહે કુવેર દોનું દિરઘન પદ, પાવે પરમ વિરામુ. ૧

શબ્દાર્થ

ભક્ત = ભક્ત **લીન હોય** = તલ્લીન થઈ **જાય** = જાય **સંતમે** = સંતપુરુષમાં **સંત** = સંતપુરુષ **મિલે** = મળે **નિજધામુ** = મૂળધામ, મૂળ ઠેકાણે **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે **દોનું** = બંને **દિરઘન પદ** = મહાન પદ **પાવે** = મેળવે, પ્રાપ્ત કરે **પરમ વિરામુ** = પરમ શાંતિ, અખંડ મુક્તિ.

અનુવાદ

ભક્ત સંતમાં લીન થઈ જાય અને સંત નિજધામમાં ભળે છે. કુવેરસ્વામી કહે છેકે બંને મહાન પદ પામી પરમ શાંતિને વરે છે.

ભાવાર્થ

સંતપુરુષો નિજકર્તાના ધામમાં જઈ નિવાસ કરતા હોય છે, તેવું માનીને ભક્તજનો સેવામાં લીન થઈને સંતપુરુષોના શરણમાં જાય છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છેકે સંત અને ભક્તજન બંને મહાન પદને પામી સદાને માટે પરમ શાંતિને વરે છે તેવી વિચાર સ રણી ધરાવે છે.

અંગ ૫

સાધુ, સંત, યોગી અને વૈરાગીનાં લક્ષણ

ચોસરા - ૧

સાધન યુક્ત સકલ સંજમની, ઈન્દ્રિ ગ્રાહાજ ગ્યમ જાંને;
વિષે વિલાસ હાસ વિલમનકી, વ્રતિ ઉલટ ઘર આંને. ૧

શબ્દાર્થ

સાધન = સાધના **યુક્ત** = જોડાયેલી, યોગ્ય **સકલ** = બધી, સર્વે **સંજમની** = સંયમની, ઈન્દ્રિય નિગ્રહ **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો, જ્ઞાન અને કર્મનું સાધન, જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય **ગ્રાહાજ** = ગ્રહણ કરે, પકડે **ગ્યમ** = સમજ, જ્ઞાન **જાંને** = જાણે, મેળવે **વિષે વિલાસ** = વિષયનું સુખ, વિષય વિલાસ, મોહક ક્રિડા **હાસ** = ખુશી, આનંદ **વિલમનકી** = સમજપૂર્વકની **વ્રતિ** = વૃત્તિ, ચિત્તમાં ઉઠતો વિચાર, વર્તન, સ્વભાવ, પ્રકૃતિ **ઉલટ** = ઊલટી, ઊંધી **ઘર આંને** = નિજ ઘરે પહોંચાડે, ઘેર લાવે..

અનુવાદ

સાધના સાથે જોડાયેલા સૌ કોઈ, ઈન્દ્રિયોને ગ્રહણ કરવાની ગમને જાણે છે તેથી તેઓ વિષય વિલાસના આનંદને સમજપૂર્વક વૃત્તિને ઉલટાવી મૂળ ઘરમાં લાવે છે.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સાધના સાથે જોડાયેલા સાધુ પુરુષોનાં લક્ષણોને દર્શાવતાં જણાવે છે કે પ્રત્યેક સાધુ પોતાની પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિયને પોતાની પક્કડમાં રાખી પાંચ માત્રાના જ્ઞાનને જાણતા હોય છે. તેઓ ઈન્દ્રિયોને વશ ન થતાં ઈન્દ્રિયોને પોતાના વશમાં રાખે છે. તેથી સાંસારિક વિષય વાસનાના સુખમાં વપરાતી ઈન્દ્રિયોને સમજપૂર્વકની વૃત્તિ દ્વારા ઉર્ધ્વગામી કરીને મૂળ ઘરમાં સ્થિર કરે છે.

સંત સ્વાંતિ સમ ગ્યમ જ્ઞાનનકી માન ન નહીં માયનકે;
રુપરંગકે સંગ રલીત નહીં, જીનું ચિતવન ચૈતનકે. ૨

શબ્દાર્થ

સંત = સંતપુરુષો **સ્વાંતિ** = શાંતિ **સમ** = સમાન **ગ્યમ** = ગતિ, જ્ઞાન **જ્ઞાનનકી** = જ્ઞાનની **માન ન** = માને, માનતા **નહીં** = નથી **માયનકે** = માયાનું, પ્રકૃતિનું **રુપરંગકે** = રૂપ અને રંગની **સંગ** = સાથે **રલીત** = રલી, આનંદ, વિહાર, ખુશી **નહીં** = નહીં **જીનું** = જેમનું, તેમનું **ચિતવન** = ચિંતવન, વિચાર, મનન **ચૈતનકે** = ચૈતનનો, પોતાના સ્વ ચૈતન સ્વરૂપનો.

અનુવાદ

શાંત અને સમાન જ્ઞાનગતિવાળા સંતો માયાને ગણકારતા નથી. તેમજ રૂપરંગના સંગમાં વિહારતા નથી, પરંતુ તેમનુ ચિંતવન ચૈતનમાં હોય છે.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જે સંતપુરુષો છે તેમનાં લક્ષણોને અહીંયા જણાવતાં કહે છેકે જે સાચા સંતપુરુષો છે તે શાંત ચિત્તે અને સમાન માત્ર જ્ઞાન ગતિવાળા હોય છે. માયા સાથે સંબંધ ધરાવતા સંસારિક વિષય વાસનાઓથી પોતાનું ચિત્ત પર રાખીને મનમાં માયા પ્રત્યે અવગણના ધારણ કરતા હોય છે. વળી, રુપરંગવાળા પાંચ ભૌતિક શરીર સાથે સ્નેહ કે આકર્ષણ રાખીને વિહાર કરતાં નથી, પરંતુ પોતાના ચિત્તમાં માત્ર ચૈતનનું જ ચિંતવન કરે છે.

યોગી સો યોગનકી જતમત, જીનકી ગત્ય મત્ય ઘેહેરી;
સુરત શૂન્યમે ગગન ગરજકી, સૂનતવ ન્યાદન ફેરી. ૩

શબ્દાર્થ

યોગી = યોગીજનો, જે સદા યૌગીક ક્રિયામાંજ રહે છે તેવા **સો** = તેવા **યોગનકી** = યોગીની **જતમત** = જતમત પણે રહેલા **જીનકી** = જેઓની **ગત્ય** = ગતિ **મત્ય** = મતિ **ઘેહેરી** = ગૂઢાર્થ ભરેલી, ઊંડી, ગાઢ **સુરત** = સુરતા, આંતરદષ્ટિ **શૂન્યમે** = બ્રહ્મરંધ્રમાં **ગગન ગરજકી** = ગગનાકારમાં થતી ગર્જના **સૂનતવ** = સાંભળે છે **ન્યાદન** = નાદ, ધ્વનિ **ફેરી** = સતત ઊઠતા, વારંવાર અતૂટપણે નીકળતા, અનહદ.

અનુવાદ

યોગીજનો યૌગિક ક્રિયામાં જતમત પણે રહે છે. જેમની ગતિ અને મતિ ગૂઢાર્થ ભરેલી છે. તેમની સુરતા બ્રહ્મરંધ્રના ગગનાકારમાં થતી ગર્જનાના ઉઠતા અનહદ નાદને સાંભળે છે.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર યૌગિક ક્રિયામાં સદાને માટે જતમત પણે રહેતા યોગી પુરુષોના લક્ષણોને દર્શાવતાં જણાવે છેકે યોગીપુરુષોની ઊંડી સમજ અને જ્ઞાન દશાને જાળવી રાખવાની બુદ્ધિ-શક્તિ ગૂઢાર્થ ભરેલી હોય છે. સામાન્ય માનવીની જેમ ઉપલક વ્યવહાર જણાય, પરંતુ સદા તેઓ આંતર દૃષ્ટિ દ્વારા પોતાની સુરતાને ગગનાકાર કરી પ્રણવને વંકનાળ દ્વારા ઉર્ધ્વ માર્ગે વાળી બ્રહ્મરંધ્રના ગગનાકારમાં થતા અનહદ નાદમાં જ તલ્લીન બની સ્થિર કરે છે.

વૈરાગી વિનુરાગ વદીતપદ, તન ધન ત્યાગ ઉમાગી;
તે સાધુ નિજસંત યોગીજન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

વૈરાગી = વૈરાગને ધારણ કરી રહેનાર પુરુષ, સંસાર પ્રત્યે અનાસક્તિ ભાવ ધારણ કરનાર **વિનુરાગ** = મોહ વિનાના, આસક્તભાવ વિનાના **વદીતપદ** = વર્ણનીય પદ, જેનું વર્ણન અક્ષરોમાં થાય છે તેવા સ્વરૂપાકાર પદો **તન** = શરીર **ધન** = સંપત્તિ, નાણું, પૈસો **ત્યાગ** = ત્યાગમાં **ઉમાગી** = ઉમંગ ભેર, આનંદપૂર્વક **તે** = તેવા **સાધુ** = સાધનામાં મગ્ન રહેનારા **નિજસંત** = સાચા સંતપુરુષો **યોગીજન** = યોગિક ક્રિયામાં જોડાયેલા **વૈરાગીન** = વૈરાગની વૃત્તિવાળા **વીતરાગી** = જેની આસક્તિ નષ્ટ થઈ ગઈ હોય તેવા, અનાસક્ત.

અનુવાદ

વૈરાગી પુરુષો અનાસક્તિ ધારણ કરીને વર્ણનીય પદ, શરીર અને સંપત્તિને ઉમંગભેર ત્યાગે છે. આવા સાધુ, નિજસંત, યોગીજન અને વૈરાગીપુરુષો વીતરાગી છે.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર અહીં હંમેશને માટે વૈરાગને ધારણ કરીને રહેતા વૈરાગી પુરુષોનાં લક્ષણોને જણાવતાં કહે છેકે આવા વૈરાગી પુરુષો સંસારના સર્વ નાશવંત પદાર્થો પ્રત્યે મોહ ન રાખતાં અનાસક્તભાવ ધારણ કરીને જીવન જીવે છે. જે વર્ણનીય પદો છે તેની આદ્ય લઈ જડ શરીર અને ભૌતિક સંપત્તિનો ત્યાગ કરવામાં ઉમંગ ધારણ કરે છે. એટલે કે એવા ખંડિત અને નાશવંત પદાર્થ પ્રત્યે જરાપણ આસક્તિ ધરાવતા નથી. એવા સાધનામાં જોડાયેલા સાધુ પુરુષો, સાચા સંત પુરુષો, યોગમાં તલ્લીન રહેતા યોગી પુરુષો અને વૈરાગને ધારણ કરનાર વૈરાગીજનો સદાને માટે અનાસક્ત રહે છે.

ચોસરા - ૨

સુરત સ્વાધ્ય જીનું નીરંત નિરાલંબ, આલંબન અવિન્યાસી;
ગુપ્ત બચન જપ તપ તન ભિતર, બાહર નહીં વરતાસી. ૧

શબ્દાર્થ

સુરત = સુરતા, આંતરદષ્ટિ **સાધ્ય** = સ્વને આધીન **જીનું** = જેમણે **નીરંત** = નિરંતર, હંમેશને માટે, સદાય **નિરાલંબ** = આલંબન રહિત, શબ્દ, રૂપ, રસ અને ગંધ માત્રાથી પર રહેનારા **આલંબન** = જોડાણ રાખનાર, કારણ સાથે નાતો ધરાવતા **અવિન્યાસી** = જેનો નાશ નથી થતો તેવા, અજર-અમર **ગુપ્ત** = જાહેર નથી તેવું, અપ્રગટ, છાનું **બચન** = શબ્દ, વાણી, પદ **જપ** = જાપ, આવર્તન, રટણ **તપ** = તપશ્ચર્યા, ઈન્દ્રિયદમન, સાધના **તન** = શરીર, દેહ **ભિતર** = અંદર, મોં **બાહર** = બહાર, ઉપલક, જાહેર, પ્રત્યક્ષ **નહીં** = નથી **વરતાસી** = દેખાય, જણાય, વર્તાય, પ્રસિદ્ધ થાય, પિછાણી શકાય.

અનુવાદ

જેમની સુરતા સ્વાધીન છે તેવા આલંબન રહિત રહીને નિરંતર અવિનાશી સાથે જોડાયેલા રહે છે. ગુપ્ત વચન રૂપ મંત્રનો જાપ તનની ભીતરમાં જપાતો હોઈ પ્રત્યક્ષ જણાતો નથી.

ભાવાર્થ

સુરતાને પોતે સ્વાધીન કરી છે તેવા વિશ્વના ભૌતિક પદાર્થો અને માયિક તત્ત્વો સાથે અનાસક્ત ભાવ રાખીને નિરાલંબપણે જીવન જીવે છે. માનવ ધર્મ અનુસાર સાદગીભર્યુ જીવન જીવે, પરંતુ સુરતાથી હંમેશને માટે અજર, અમર અવિનાશીપદ સાથે જોડાયેલા રહે છે. ગુરુ દ્વારા પ્રાપ્ત કરેલ ગુપ્ત મંત્રનો જાપ ગુરુના આદેશ મુજબ ભીતરમાં જપતા હોય છે. તેથી આ અલૌકિક જોડાણ આંતરિક હોઈ પ્રત્યક્ષ સ્વરૂપે સંસારને જણાતું નથી.

સરલ ગતિ ગુણકે રજગુણ તજ્ય, સજીત સબુધ સુમતાઈ;
શિલતા સુચિત મુચિત મનકે મત, જીનું ક્રત સહેજ સુભાઈ. ૨

શબ્દાર્થ

સરલ ગતિ = નિખાલસવૃત્તિ, નિષ્કપટ બુદ્ધિ **ગુણકે રજગુણ** = ત્રણ ગુણો પૈકીના રજોગુણને **તજ્ય** = ત્યજી, ત્યાગ કરી **સજીત** = સજીને તૈયાર થઈ, ધારણ કરી **સબુધ** = સદ્‌બુદ્ધિ, સમજ **સુમતાઈ** = સુમતિ, શુદ્ધ બુદ્ધિ, ડાહ્યું આચરણ **શિલતા** = શીલવંતપણું, ચારિત્રવાન, શીલવાન **સુચિત** = શુદ્ધ ચિત્ત, ધ્યાનસ્થ **મુચિત મનકે** = શાંત મનવાળા, ઉચિત મનવાળા **મત** = અભિપ્રાય, મમત્વ, અનુમોદન, માન્યતા **જીનું** = જેમનું **ક્રત** = કાર્ય, કર્મો **સહેજ** = સહજ રીતે **સુભાઈ** = સ્વભાવિકપણે, પ્રકૃતિગત સ્વભાવ.

અનુવાદ

રજોગુણવાળા ગુણનો ત્યાગ કરી શુદ્ધ બુદ્ધિ અને શુદ્ધ આચરણયુક્ત નિખાલસ વૃત્તિથી સજ્જ રહે છે. શુદ્ધ ચિત્ત, ઉચિત મન અને શીલવંતપણાનો મત કેળવીને કર્મો સહજ સ્વાભાવિક કરતા હોય છે.

ભાવાર્થ

ત્રિગુણાત્મક ગુણો પૈકી જેમાં રજોગુણ પેદા થાય તેવા રજોગુણી કર્મોનો ત્યાગ કરીને વૈરાગી જીવન જીવે છે. શુદ્ધ બુદ્ધિ અને પવિત્ર આચરણ રાખીને સંસારમાં નિખાલસપણાથી સજ્જ થઈને રહે છે. ચારિત્ર ભંગ ન થાય તેમ શીલવંતપણાનો વિવેક જાળવવાનો અને શુદ્ધ ચિત્તથી ઉચિત મન રાખીને દૃઢ

કરેલી માન્યતાઓનો અમલ કરવાનો આગ્રહ સદાય રાખે છે. અને જે કાંઈ કર્મો કરે છે તે સહજ અને નિષ્કામ ભાવે કરે છે.

યોગ જતનકી મત આરુઢ અત્ય, આસન અટલ સમાધિ;
બ્રહ્મરંધ્ર મણિ મહેલ ગવન ગત્ય, એહી વિધિ અલખ આરાધિ. ૩

શબ્દાર્થ

યોગ = યોગની ક્રિયા, પરમાત્મા સાથે નાતો જોડવાની ક્રિયા **જતનકી** = જાળવી રાખવાની **મત** = માન્યતાને **આરુઢ** = દૃઢ, પારંગત, નિષ્ણાંત **અત્ય** = વિશેષ **આસન** = બેઠક, શરીરની સ્થિર સ્થિતિ **અટલ** = નિશ્ચિત, ટળે નહીં તેવું, નિત્ય **સમાધિ** = જેમાં ધાતા અને ધ્યાનનો ખ્યાલ લુપ્ત થઈ ધ્યેયનું સ્વરૂપ જ ચિત્તમાં રહે તેવું ઊંડું ધ્યાન **બ્રહ્મરંધ્ર** = બ્રહ્મરંધ્ર **મણિ મહેલ** = કિંમતી રહેઠાણ, પ્રકાશિત ઠામ **ગવન ગત્ય** = જવાની ગતિ, સ્થિર થવાની ચાલ **એહી વિધિ** = આ પ્રમાણે, આ રીતે **અલખ** = લખી ન શકાય તેવા, અવર્ણનીય, તત્ત્વાતીત્ત **આરાધિ** = આરાધના.

અનુવાદ

યૌગિક ક્રિયાનું જતન કરી અતિ આરુઢ મતે અટલ આસન જમાવીને સમાધિ કરે છે. આ પ્રમાણે પ્રકાશિત ઠામ રૂપ બ્રહ્મરંધ્રમાં પ્રણવની ગતિને ગમન કરાવીને અલખની આરાધના કરે છે.

ભાવાર્થ

આવી સાધના કરનાર સાધુ પુરુષો યોગની ક્રિયામાં સાવધાની જાળવીને અતિ આરુઢ મતે (પોતાની માન્યતામાં વિશેષભાવ ધારણ કરી) સ્થિર આસન જમાવીને સમાધિ લગાવે છે.

આ પ્રમાણેનું શરીરને સિદ્ધ પદમાસનવાળી સ્થિરતા ધારણ કરીને પ્રણવની ગતિને વંકનાળના માર્ગે ઉર્ધ્વગમન કરીને પ્રકાશિત મહેલ સમા બ્રહ્મરંધ્રમાં કુંભક-સ્થિર કરી જ્યોતિ સ્વરૂપને નિહાળીને અનહદ્ નાદમાં વૃત્તિ સ્થિર કરે છે અને ગુપ્ત અને અવર્ણનીય એવા અલખની આરાધના કરે છે.

તજીત સકલ તનું આદ્ય તરપ સુખ, ભૂખ જીનું ભવહીત ભાગી;
તે સાધુ નિજસંત યોગીજન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

તજીત = ત્યજીને, છોડીને **સકલ** = સર્વ, તમામ **તનું** = શરીર, ઘાટ, પિંડ **આદ્ય** = સહિતની આદ્ય લઈ, પ્રથમ **તરપ** = તરફના, પ્રત્યેના **સુખ** = સુખો, આનંદ **ભૂખ** = ક્ષુધા, ભૂખ **જીનું** = જેની **ભવ** = ભવ, જગત, સંસાર **હીત** = આસક્તિ, લગાવ **ભાગી** = નષ્ટ થઈ, દૂર થઈ **તે** = તેવા **સાધુ** = સાધના કરવાવાળા **નિજસંત** = સાચા સંતપુરુષો **યોગીજન** = યોગની ક્રિયા કરવાવાળા **વૈરાગીન** = વૈરાગની વૃત્તિવાળા **વીતરાગી** = અનાશક્ત.

અનુવાદ

શરીરની આદ્ય લઈ સર્વ પ્રકારના સુખને ત્યજ્યા હોવાથી સંસારની આશક્તિ અંગેની ભૂખ ભાંગી ગઈ હોય છે. એવા સાધુ, નિજ સંત, યોગીજન અને વૈરાગી અનાસક્ત રહે છે.

ભાવાર્થ

પંચ ભૌતિક જડ શરીરની ઈન્દ્રિયોના વૈભવ સહિત સંસારના સર્વ ભૌતિક નાશવંત સુખોને તેમણે ત્યજી દીધા હોય છે. વળી, જગતની જંજાળ ઉપજાવતા અંતઃકરણોમાં પેદા થતી ઈચ્છાઓની ભૂખને જેને ટાળી દીધી છે તેવા નિર્મોહી સ્વભાવવાળા સાધનામાં મગ્ન રહેતા સાધુ, સાચા સંતપુરુષો, યોગની ક્રિયા કરવાવાળા યોગીજનો અને વૈરાગપૂર્ણ જીવન જીવવાવાળા વૈરાગીજનો હંમેશને માટે અનાસક્ત રહે છે.

ચોસરા - 3

સાધ દશા સંભવ ન ભવનસે, દધિત ગ્રથવત્ ભિન્ના;
ઈત અનુકરમ રહિત હોય રહ્યે સદ, પરમભેવ પરવિના. ૧

શબ્દાર્થ

સાધ દશા = સાધકોની સ્થિતિ, સાધના કરવાવાળાની દશા **સંભવ** = ઉત્પતિ, જન્મ, કારણ,

હેતુ, સંયોગ, સંમેલન, મૂળ **ન** = નહીં, નથી **ભવનસે** = ભોવનથી, રહેઠાણથી, ધામથી, જગતથી **દધિત** = દહીં મળી ગયેલું દૂધ **ગ્રથવત્** = ઘીની જેમ **ભિન્ના** = જુદા, અલગ **ઈત** = આ, અહિના **અનુકરમ** = અનુકર્મ, આનુસંગિક કર્મો **રહિત** = પર, વિના **હોય** = હોય **રહ્યે સદ** = સદાને માટે રહેલા છે **પરમભેદ** = પરમપદની સાથે, પરમપદનો મર્મ, ભેદ, ગુપ્તભાવ **પરવિના** = પ્રવિણ, જોડાઈને, તલ્લીન, કુશળ, નિપુણ.

અનુવાદ

દહીં અને ઘી ની જેમ સાધુ દશા જગતની ઉત્પત્તિથી ભિન્ન નથી. સદા માટે અહિના આનુસંગિક કર્મોથી રહિત થયા હોવાથી પરમપદના ભેદમાં પ્રવિણ હોય છે.

ભાવાર્થ

જેમ દહીંમાં ઘી ભળેલું હોવા છતાં બંને અલગ લક્ષણા ધરાવતા પદાર્થ છે, પરંતુ જ્યારે દહીંનું મંથન કરવામાં આવે ત્યારે ઘી છૂટું પડે છે. પછી તે કદી પાછું દૂધ કે દહીંમાં ભળી શકતું નથી. તેમ સાધુ દશા જગતની ઉત્પત્તિથી ભિન્ન નથી, પરંતુ જગતની સાંસારિક આનુસંગિક ક્રિયા-કર્મોથી રહિત થઈને પર રહેલા છે. તેઓ બાહ્યદષ્ટિએ જગતમાં હોવા છતાં સદાને માટે આંતરવૃત્તિથી અલિપ્ત થઈને પરમપદ સાથે ભળેલા હોય છે. અને પરમપદની સાથે ગુપ્તભાવે જોડાઈને તલ્લીન રહેતા હોય છે. જેથી તેમની વૃત્તિ ફરી પાછી સંસારમાં પાછી ભળતી નથી.

શત્રુ મિત્રુ સમતોલ જેહુનકે, મુગતા વેર વરગથી;
આશા પાશ રહિત નિરવાજન, કાજ ન સુર સરગથી. ૨

શબ્દાર્થ

શત્રુ = દુશ્મન, વેરી **મિત્રુ** = મિત્ર, દોસ્ત, ભાઈબંધ **સમતોલ** = સરખા, સમાન **જેહુનકે** = જેમને, જેઓને **મુગતા** = ફરતા, મહાલતા, મુક્ત, ભિન્ન, અલગ **વેર વરગથી** = વેર ઝેરથી, દ્વેષ અને શત્રુતાથી **આશા** = ઈચ્છા, મહેચ્છા, અપેક્ષા, તૃષ્ણા **પાશ** = બંધન **રહિત** = વિના, સિવાય **નિરવાજન** = નિર્લેપ, અનાસક્ત **કાજ** = કામના, કાર્ય, પ્રયોજન **ન** = નહીં **સુર** = દેવો **સરગથી** = સ્વર્ગથી.

અનુવાદ

જેમને શત્રુ કે મિત્ર સરખા હોવાથી વેરઝેરથી મુક્ત રહે છે. વળી આશાના બંધનો સિવાયના નિર્લેપ હોવાથી તેઓને સ્વર્ગના દેવોની પણ કામના નથી.

ભાવાર્થ

સંસારમાં વિષમ ગણાતા સંબંધોની જેમ શત્રુ અને મિત્ર જેવું સાધુ પુરુષોને હોતું નથી. તેમને કોઈની સાથે નથી મિત્રતા કે નથી શત્રુતા, પરંતુ મનથી પ્રત્યેક જીવ સાથે તેમનો એક સમાન વ્યવહાર છે. જેથી કોઈના પ્રત્યે વેરઝેરની વૃત્તિ ન હોવાથી આવા અવગુણથી મુક્ત થઈને મહાલતા હોય છે.

વળી આશા-તૃષ્ણાના બંધનથી મુક્ત હોવાથી તેમને કોઈ દેવી ધામના વૈભવી સુખોની કે સ્વર્ગને મેળવવાની આશા કે અપેક્ષા કે પ્રયોજન હોતું નથી.

એકાએક પેખ નિજપદકે, મદ મોરસદ રદ ત્યાગી;
ફરક ફંદસે ગરક ઘોર ગત્ય, રહત યોગ અનુરાગી. ૩

શબ્દાર્થ

એકાએક = એકલું **પેખ** = નિરખે, જુવે **નિજપદકે** = નિજ પરમપદને **મદ મોરસદ** = ગર્વ કે નમ્રતા, અભિમાન-નિરાભિમાન **રદ** = નકામું, બાદલ, જૂઠ્ઠા, મિથ્યા **ત્યાગી** = ત્યજીને **ફરક** = જુદા, દૂર, તફાવત **ફંદસે** = બંધન-જાળ, ફાંદો **ગરક** = ગરકાવ **ઘોર** = ઉંડા, ગાઢ, અત્યંત **ગત્ય** = ની જેમ, ગતિમાં **રહત** = રહે **યોગ** = યોગીક ક્રિયા સાથે **અનુરાગી** = અનુરાગ ધારણ કરીને, આસક્ત.

અનુવાદ

મિથ્યા અભિમાન અને નિરાભિમાનનો ત્યાગ કરીને એકલા નિજપદને નિહાળે છે. સંસારની જંજાળથી જુદા થઈ, અત્યંત ગરકાવ થયેલ ગતિથી યોગમાં અનુરાગી બનીને રહે છે.

ભાવાર્થ

યોગીજનો સંસારમાં અભિમાન કે નિરાભિમાન અને સાચું કે જૂઠું જેવા

ગુણ-અવગુણોનો ત્યાગ કરીને એકલા નિજપદને નિરંતરપણે નિહાળીને દેહથી અલગ હોવા છતાં સુરતાની એક સૂત્રતા જાળવીને રહે છે. જગતની જંજાળથી ભિન્ન થઈને રહેતા હોઈ તેમનામાં અન્ય માનવીની સરખામણીમાં તફાવત જોવા મળે છે. એટલે કે જગતપક્ષના કોઈપણ નાશવંત પદાર્થને પ્રાપ્ત કરવાની ભાવના ન હોવાથી તેઓ સંસારમાં જુદા તરી આવે છે. હંમેશને માટે અગાધ જ્ઞાન ગતિમાં ગરકાવ થઈને માત્ર યોગની સાધનામાં મગ્ન બનેલા યોગીજનો નિજપદ સાથે અનુરાગ ધારણ કરીને અહર્નિશ એક સુત્રવત્ રહે છે.

છીવત ન ધાતુ પાત વિનતા રસ, ગ્રહીત હાથ મનવાગી;
તે સાધુ નિજસંત યોગીજન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

છીવત = સ્પર્શ, અડતા **ન** = નહીં **ધાતુ** = ધાતુ, ખનિજ દ્રવ્ય **પાત** = પાત્ર, વાસણ **વિનતા** = સ્ત્રી, વનિતા **રસ** = ભાવ, સ્નેહ, આનંદ **ગ્રહીત** = ગ્રહણ કરવું, ઝાલવું, લેવું, પકડવું **હાથ** = હાથ **મનવાગી** = મન અંતઃકરણથી મનમેળ કરીને **તે** = તેવા **સાધુ** = સાધના કરવાવાળા **નિજસંત** = સાચા સંત પુરુષો **યોગીજન** = યોગ ક્રિયામાં જોડાયેલા **વૈરાગીન** = વૈરાગ ધારણ કરનારા **વીતરાગી** = અનાસક્ત.

અનુવાદ

ધાતુ પાત્રને હાથથી કે સ્ત્રી પાત્રનો સ્નેહથી મનમેળ રાખીને સ્પર્શ કરતા નથી. તેવા સાધુ, નિજસંત, યોગીજન અને વૈરાગી સદા વીતરાગી થઈને રહે છે.

ભાવાર્થ

યોગીજનો ખનિજ દ્રવ્યમાંથી બનેલા વાસણનો સ્પર્શ કરતા નથી. કડવા નાળિયેરના અંડાકાર ખોખાનું બનાવેલ પાત્રનો તેઓ જલપાત્ર તરીકે ઉપીયોગ કરતા હોય છે. સ્ત્રી વિષય સુખના આનંદથી વૃત્તિને અળગી રાખીને સ્ત્રી સ્પર્શથી વંચિત રહી મનથી પણ મનમેળ સાધતા નથી. ઈન્દ્રિયો ઉપર જીત મેળવી પૂર્ણ વૈરાગી જીવન જીવીને મન, વાણી કે કર્મથી પણ કામરસ સ્પર્શે નહીં તેની ખૂબજ

કાળજી રાખે છે. એવા સાધનામાં મગ્ન રહેતા સાધુ, સાચા સંત પુરુષો, યોગિક ક્રિયામાં ધ્યાનસ્ત રહેલા યોગીજનો અને વૈરાગી પુરુષો સદાને માટે અનાસક્ત રહે છે.

ચોસરા - ૪

નિજ તન સાજ સકલ જીનું હુકમીત, ચૂક નહીં ચલીત સરેસુ;
યમ નેમ જકરજાકજત સાધન, સો બીન બાધ નરેસુ. ૧

શબ્દાર્થ

નિજતન = પોતાનું શરીર **સાજ** = અંગો, ઈન્દ્રિયો **સકલ** = તમામ, સર્વે **જીનું** = જેના **હુકમીત** = હુકમમાં, આજ્ઞાકિંત **ચૂક** = ભૂલ **નહીં** = નહીં **ચલીત** = ચલાયમાન **સરેસુ** = સર્વથી શ્રેષ્ટ **યમ** = નિગ્રહ, સંયમ **નેમ** = નિયમ **જકરજાકજત** = પક્કડમાં, હઠાગ્રહપૂર્વક રાખીને **સાધન** = સાધના **સો** = તે **બીન બાધ** = મુશ્કેલ સિવાય, બાધારૂપ ન બને **નરેસુ** = વિજયી, નરેશ્વર.

અનુવાદ

પોતાના શરીરનો સર્વે સાજ હુકમમાં રાખી તેને ભૂલચૂક વગર સર્વથી શ્રેષ્ઠ રીતે ચલાયમાન કરે છે. વળી સાધના દ્વારા સંયમ અને નિયમને પ્રક્કડમાં હઠાગ્રહ રાખીને બાધારૂપ ન બનતાં તે જિતેન્દ્રિય બનીને રાજ કરે છે.

ભાવાર્થ

શરીરના બંધારણમાં રહેલા પાંચ મહાતત્ત્વો અને પચીસ પ્રકૃતિના સર્વે સાજને સાધકો પોતાના હકુમતમાં રાખે છે. સર્વે સાજ પોતાના સ્વાધીન હોવાથી તેને સર્વથી શ્રેષ્ઠ રીતે ચલાયમાન કરવામાં જરાપણ ભૂલચૂક થવા દેતા નથી અને અષ્ટાંગ યોગ-યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ સહિત હઠાગ્રહ દ્વારા પક્કડમાં રાખીને અડચણરૂપ બનવા દેતા નથી. જેથી તેઓ પોતાના ધ્યાન્યસ્થ દશામાં વિના વિઘ્ને અટલ આસન જમાવીને રહી શકે છે. જેથી પોતે જિતેન્દ્રિય બનીને સમગ્ર શરીર ઉપર રાજ કરે છે.

ભાગત્યાગ નરણિત વિત ઉગરીત જીનું કરનન અવિલાનું;
તનુ રણ તિત જીત ઉરમી ખટ, કહાવત સંત સુજાનુ. ૨

શબ્દાર્થ

ભાગત્યાગ = ભાગાકાર કરીને પછી બાદ કરવું કે ત્યાગવું **નરણિત** = નિર્ણય કરી, નક્કી કરી **વિત** = સાર રૂપ, ચૈતન અંશ **ઉગરીત** = બાકી રહે, શેષ રહે **જીનું** = તેનું, જેનું **કરનન** = કરે છે **અવિલાનું** = અવિલાન, અવલોકન, નિરીક્ષણ **તનુ** = શરીર **રણ** = આનંદ **તિત** = પર **જીત** = વિજય **ઉરમી** = ઊર્મિ **ખટ** = છ **કહાવત** = કહાવે, કહેવાય **સંત સુજાનું** = સજાણ સંત પુરુષ.

અનુવાદ

તત્ત્વોના ભાગ ત્યાગ કરીને જે શેષ ઊગરે છે તેવા વિત્તનું જે અવિલાન કરે અને શરીરના આનંદથી પર થઈને છ પ્રકારની ઊર્મિઓ ઉપર જીત મેળવીને રહે, તે જ સજાણ સંત કહેવાય.

ભાવાર્થ

શરીરના બંધારણમાં રહેલાં જે જડ તત્ત્વો છે તેનો છેદ (ભાગાકાર) કરીને ત્યાગ કરતાં જે છેલ્લે શેષ રૂપે બાકી રહે છે તે પોતાનું ચૈતન નિજ સ્વ-સ્વરૂપ છે. આ વિત્ત રૂપે રહેલ ચૈતન અંશનું અવિલાન કરીને તેની ઊર્ધ્વગતિ માટે જે પ્રયત્નશીલ રહે અને શરીરના આનંદથી પર થઈ છ પ્રકારની ઉર્મિઓ-હરખ, શોક, લોભ, મોહ, ભૂખ અને તરસ ઉપર વિજય પ્રાપ્ત કરે છે. તેવા વિજયી પુરુષને જ સજાણજાણવાળા સજાણ સંત પુરુષ કહેવાય છે.

ક્ષિતિ જલ તેજ પવન શૂન્યકે તંત, કરીત ઈન્દ્રિ વશ મેદુ;
સાધત યોગ ભવ ભોગ તજીત તવ, રહત ધ્યાન અચલેદુ. ૩

શબ્દાર્થ

ક્ષિતિ = પૃથ્વી **જલ** = પાણી **તેજ** = અગ્નિ **પવન** = વાયુ **શૂન્યકે** = આકાશના **તંત** = શરીર, ઘાટ **કરીત** = કરીને **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **વશ** = વશમાં, કાબુમાં **મેદુ** = મેદ, પ્રમોહ **સાધત** = સાધના કરે **યોગ** = યોગિક ક્રિયા **ભવભોગ** = જગતના ભોગ વિલાસ, સંસારિક વાસનાઓ **તજીત** = ત્યજીને **તવ** = તેથી, ત્યારે **રહત** = રહે **ધ્યાન** = ધ્યાનમાં **અચલેદુ** = અચળ, અડગ.

અનુવાદ

પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ સહિતના તત્ત્વો તથા ઈન્દ્રિયોના મોહને વશ કરીને સંસારિક ભોગ ત્યજી સાધના કરતા હોવાથી ધ્યાનમાં અચળ રહે છે (ચલીત થતા નથી)

ભાવાર્થ

સમજુ સંત પુરુષ દેહના બંધારણમાં રહેલા પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એમ પાંચ નાશવંત મહાતત્ત્વોને તથા પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિયોને વશ કરીને રહે છે જેથી સંસારની વિષય વાસનાઓના ભોગને ત્યજી શકે છે. આવી નિર્મળ વૈરાગની સ્થિતિને લીધે તેઓ ધ્યાનસ્થ દશામાંથી જરાપણ ચલીત થયા સિવાય સદાને માટે અચળપણે રહી શકે છે.

ઓરુ અજ ભવ ઈન્દ્રા દીક્કી રધ્ય, કબહુન કરત સરાગી;
તે સાધુ નિજસંત યોગીજન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

ઓરુ = અને, વળી **અજ** = બ્રહ્મા **ભવ** = વિષ્ણુ, શંકર **ઈન્દ્રા દીક્કી** = ઈન્દ્ર આદી દેવોની **રધ્ય** = સિદ્ધિ, સમૃદ્ધિ **કબહુન** = ક્યારેય પણ નહીં **કરત** = કરતા **સરાગી** = સરાહના, યાચના, સ્નેહ **તે** = તેવા **સાધુ** = સાધનામાં મગ્ન રહેતા **નિજસંત** = સાચા સંતપુરુષ **યોગીજન** = યોગ સાધનારા, યોગીજનો **વૈરાગીન** = વૈરાગ ધારણ કરેલ, વૈરાગીપુરુષ **વીતરાગી** = અનાસક્ત.

અનુવાદ

વળી બ્રહ્મા, શંકર અને ઈન્દ્ર આદિ દેવતાઓની સિદ્ધિઓની ક્યારેય સરાહના કરતા નથી તેવા સાધુ, નિજસંત, યોગીજન અને વૈરાગી પુરુષો સદા અનાસક્ત રહે છે.

ભાવાર્થ

ધ્યાનસ્થ દશામાં અચળ રહેનારા મહાપુરુષ કોઈપણ પ્રકારની રિદ્ધિ કે સિદ્ધિમાં સ્નેહ રાખતા નથી. વળી મહાદેવ પૈકી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તેમજ

સામાન્ય દેવઘણ કે દેવોના અધિપતિ ઈન્દ્રિની સિદ્ધિઓની પણ તેઓ સરાહના કરતા નથી, કે આશા રાખતા નથી. તેવા સાધનામાં મગ્ન રહેતા સાધુ પુરુષ, સાચા સંત પુરુષ, યોગીજનો અને વૈરાગી પુરુષો સદા અનાસક્ત રહે છે.

ચોસરા - ૫

સાધનકુ શુભશોધ સબનકી, અધિક નુન્ય જપ જેહી;
એકથીએક વિશેષ વિલોકીને, જપીત સ્થિર થઈ તેહી. ૧

શબ્દાર્થ

સાધનકુ = સાધક પુરુષોને **શુભશોધ** = મંગળકારી ખોજ, પવિત્ર તપાસ **સબનકી** = દરેકની **અધિક નુન્ય** = મોટા-નાના, મહાન અને સામાન્ય **જપ** = જાપ **જેહી** = જે, જેટલા **એકથીએક** = એકના કરતાં બીજુ, એક એકથી **વિશેષ** = મોટા, અધિક, મહાન **વિલોકીને** = તપાસીને, જાણીને, જોઈને **જપીત** = જપે છે **સ્થિર થઈ** = સ્થિરતાપૂર્વકના આસને બેસીને **તેહી** = તેઓ, તેને-તે.

અનુવાદ

સાધુજનોને દરેક માટે મંગલકારી શોધ હોવાને કારણે એક એકથી વિશેષ ફળદાયી હોય તેવા નાના-મોટા જાપ ને તપાસીને સ્થિરતાપૂર્વક આસન જમાવીને યોગ્ય જાપને જપે છે.

ભાવાર્થ

વિશ્વમાં જપવા માટેના જાપ અગણિત છે. જેમાં એકાક્ષરીથી માંડીને વિવિધ અક્ષરોના સમૂહવાળા નાના-મોટા ઘણી પ્રકારના ફળદાયી જાપ જપાય છે. તેમાં વળી સામાન્ય દેવોને સમર્પિત થતા હોય તેવા અને મહાન દેવતાઓની આદ્ય લઈ આદ્યશક્તિ અને નિરંજન પુરુષને પ્રસન્ન કરવાવાળા હોય છે. તેમજ તત્ત્વાતીત વસ્તુરૂપે રહેલા અંશ જેનો સજાતી છે એવા અંશીને સમર્પિત થતા પ્રગટ અને ગુપ્ત જાપ પણ છે.

સાધપુરુષ જગતમાં ઉપલબ્ધ નાના-મોટાની આદ્ય લઈ સર્વ જાપમાં જે દરેક

માટે કલ્યાણકારી શોધ હોવાને કારણે એક એકથી ચડિયાતા પણાની તપાસ કરી પોતાને જે શ્રેષ્ઠ જાપ લાગે તેને પોતાની સાધના દ્વારા સ્થિર આસન જમાવીને જપતા હોય છે.

સંત રહત સત્સંગ સદોદિત, બોધીત બોધ શુધ્ય કરહી;
જુગત્ય યથારથ જાણ્ય જમનુ તમ, ભાવા ભવિત વિતરહી. ૨

શબ્દાર્થ

સંત = સંતપુરુષો **રહત** = રહે **સત્સંગ** = સત્સંગમાં, જ્ઞાનના સમાગમમાં **સદોદિત** = સદા-સર્વદા, હમેશને માટે **બોધીત** = બોધ કરે, ઉપદેશ કરે **બોધ** = ઉપદેશ **શુધ્ય** = પવિત્ર, શુદ્ધ, ચોખ્ખો **કરહી** = કરે છે **જુગત્ય** = જગતને, જગતમાં **યથારથ** = યથાર્થ, યોગ્ય, વાસ્તવિક **જાણ્ય** = માહિતી, જ્ઞાન **જમનુ તમ** = જેમ છે તેમ **ભાવાભવિત** = ભાવાભાવથી રહિત, કપટરહિત, નિષ્પક્ષપણે **વિતરહી** = વિચરણ કરે છે, વિચરે છે.

અનુવાદ

સંતપુરુષો સદા સત્સંગ દ્વારા બોધ કરે છે. તે ઉપદેશાત્મક બોધથી તેઓ શુદ્ધ કરે છે. તેથી જગત પણ યથાર્થપણે જેમ છે તેમ જ્ઞાનને જાણીને ભાવાભવ રહિત વિચરણ કરે છે.

ભાવાર્થ

સંતપુરુષો હરહંમેશ જ્ઞાન પ્યાસા ભક્તજનો અને મોક્ષ વાંછિત આરતવંત સજ્જન નર-નારી સાથે જ્ઞાનચર્ચા કરવામાંજ રચ્યા-પચ્યા રહે છે. તેમના દ્વારા મળતા ઉત્તમ પ્રકારના જ્ઞાનબોધ થકી જીવાત્મા ધાર્મિક આચરણ કરે છે. તેમની કૃપા ભક્તોમાં રહેલા વિકારોને દૂર કરી નિર્મળ કરે છે. જેથી મુમુક્ષુજનો જ્ઞાનને યથાર્થ સ્વરૂપે સમજીને ભાવાભાવ રહિત નિર્ભયતાપૂર્વક જગતમાં વિચરણ કરે છે.

યોગ કલા મત સુલટી ઉલટ કર, અજીત જીત ઘટ ઘેરી;
ચંચલ ચપલ ચલીત ચિત્ત ધીરકર, ભવિતવ યોગ અનેરી. ૩

શબ્દાર્થ

યોગ કલા = યોગની કળા **મત** = માન્યતા, સિદ્ધાંત, અભિપ્રાય **સુલટી** = સીધી **ઉલટકર** = ઉલટાવીને **અજીત** = જીતીન શકાય તેવું **જીત** = જીત પ્રાપ્ત કરી, જીતીને **ઘટ ઘેરી** = ઘટના ગુઢાર્થમાં, શરીરના ઊંડાણમાં **ચંચલ** = ચંચળ, અસ્થિર **ચપલ** = ચાલાક, ચકોર **ચલીત** = ચલાયન, અસ્થિર **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **ધીરકર** = સ્થિર કરીને, ધૈર્યવાન કરી **ભવિતવ** = કરે છે, ભોગવે છે **યોગ** = યોગ, સાધના, ચિત્તવૃત્તિનો નિરોધ **અનેરી** = અનેરો, વિશિષ્ટ પ્રકારનો, વિલક્ષણ, ચડિયાતું, અનન્ય.

અનુવાદ

યોગકળાના સિદ્ધાંતથી સૂલટ ક્રિયાને ઉલટી કરી શરીરના ભીતરમાં જે જીતી ન શકાય તેને જીતે છે. અને ચંચળ, ચપલ અને ચલાયમાન રહેતા ચિત્ત અંતઃકરણને સ્થિર કરીને અનેરો યોગ કરે છે.

ભાવાર્થ

શરીરના ભીતરમાં રહેલી દશ ઈન્દ્રિયો અને ચાર અંતઃકરણો પોત પોતાના લક્ષણો અને તત્ત્વોને આધિન ક્રિયા-કર્મ કરતાં હોય છે.

ગમે ત્યાં ભટકતી રહેતી ચંચળ અને ચપલ ઈન્દ્રિયો અને અંતઃકરણો જે ઉલટવૃત્તિનાં હતાં તેને સૂલટ કરીને યોગીજનો યોગકળાના માધ્યમથી તેના સિદ્ધાંતને અનુલક્ષી આવા તત્ત્વો ઉપર કાબુ જમાવે છે અને જેને જીતવા મુશ્કેલ છે તેવા તત્ત્વો પર જીત મેળવીને તેના પર અમલ કરે છે. આવી વિશિષ્ટ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત કરીને યોગીજનો વિશ્વમાં અનન્ય યોગદશા ભોગવે છે.

નામ રુપ ગુણ દ્દષ્ટ પદન પર, રહત સદ ન ઈતરાગી;
તે સાધુ નિજસંત યોગીજન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

નામ = સંજ્ઞા, વસ્તુ સૂચક શબ્દ **રુપ** = આકાર, દેખાવ, સ્વરૂપ **ગુણ** = લક્ષણો, જાતિ સ્વભાવ **દ્દષ્ટ** = દ્દષ્ટિગોચર, દેખાય **પદન પર** = પદો ઉપર, પદાર્થો ઉપર **રહત** = રહે છે **સદ** = સદાય, સર્વદા, હંમેશા **ન ઈતરાગી** = નાખુશ, નારાજ, દિલગીર, તેના તરફ રાગ ન રાખીને **તે** = તેવા

સાધુ = સાધુ પુરુષ **નિજસંત** = સાચા સંત પુરુષ **યોગીજન** = યોગીજનો **વૈરાગીન** = વૈરાગ ધારણ કરેલ **વીતરાગી** = અનાસક્ત.

અનુવાદ

નામ રૂપ ગુણવાળા દૃષ્ટ પદાર્થ પ્રત્યે સદા ખુશ રહેતાં નથી. (નાખુશ રહે છે.) તેવા સાધુ નિજસંત, યોગીજન અને વૈરાગી વિત્તના રાગી બનીને રહે છે.

ભાવાર્થ

વિશ્વમાં નામ, રૂપ અને ગુણ ધરાવતા જેટલા દૃષ્ટ પદાર્થો છે તેવા તમામ નાશવંત પદાર્થો પ્રત્યે હંમેશને માટે ભાવ ધારણ કરતા નથી. અર્થાત્ નાખુશ રહે છે. જગત પક્ષના રાગથી અલીપ્ત રહીને સદાને માટે જિંદગી જીવતા સાધુ, સાચા સંત, યોગીજનો અને વૈરાગ ધારણ કરીને રહેલા વૈરાગીપુરુષો અનાસક્ત રહે છે.

ચોસરા - ૬

પુનહી સાધ તન સુવસ કમઠવત સફુરણ કરન સમેટું;
નેંન વદન રસનાય ઉપસ્તન, સહિત કરન સંકેટુ. ૧

શબ્દાર્થ

પુનહી = વળી, અને **સાધ** = સાધના દ્વાર **તન** = શરીર **સુવસ** = વશમાં કરી, સંપૂર્ણ કાબૂમાં **કમઠવત** = કાચબાની જેમ **સફુરણ** = સ્ફુરણામય, સ્ફુરાયમાન, સ્ફૂર્તિલું, એકાએક દેખાવું **કરન** = કરીને **સમેટું** = સમેટી લેવું, સંકેલી દેવું **નેંન** = આંખો **વદન** = મુખ, ચહેરો **રસનાય** = જીવ્હા, જીભ **ઉપસ્તન** = ઉપસ્થ ઈન્દ્રિ, મૂત્રદ્વાર **સહિત** = સાથે, સુદ્ધાં **કરન** = કરે છે **સંકેટુ** = સંકેલી લે.

અનુવાદ

વળી સાધના દ્વારા શરીરને સંપૂર્ણ કાબુમાં રાખી કાચબાની જેમ સ્ફુરણા પામેલાં ને સમેટી લે છે. જેમાં નેત્રો, વદન, જીવ્હા અને ઉપસ્થ સહિતની ઈન્દ્રિયોને સંકેલી લે છે.

ભાવાર્થ

વળી યૌગિક ક્રિયા અને સાધનાના બળે શરીરની ઈન્દ્રિયો ઉપર સંપૂર્ણ કાબુ મેળવીને પોતાના વશમાં રાખે છે.

જેમ કાચબો પોતાના શરીરના અવયવોને પોતાની ઈચ્છા મુજબ બહાર કાઢે છે અને વિપરીત સંજોગોમાં તરત જ શરીરની અંદર સમેટે છે. તેમ યોગ અને સાધનાવાળા પુરુષો પોતાની ઈચ્છાશક્તિ મુજબ આંખ, મુખ, જીવ્હા અને ઉપસ્થ સહિતની ઈન્દ્રિયો વશમાં રાખે છે. તેની શક્તિ વેડફાઈ ન જાય તેની ખાસ તકેદારી રાખીને માત્ર ચૈતનના ઉર્ધ્વગતિ માટે જ્યારે વાપરવી હોય ત્યારે તે સંચિત શક્તિનો ઉપયોગ કરે છે. અન્યથા બધી ઈન્દ્રિયોને સંકેલીને રહે છે.

સંત સચેત વેત નિજલક્ષકે, ચખત નહીં ચેષ્ટનકુ;
સાંખ્ય યોગ જડજીનું ચૈતન તર, ગ્રહીત પ્રાજ્ઞ શ્રેષ્ઠનકુ. ૨

શબ્દાર્થ

સંત = સંતપુરુષ **સચેત** = સાવધાન, ઉજાગ્રત **વેત** = જાણકાર, વેત્તા **નિજલક્ષકે** = નિજલક્ષના, મૂળ જ્ઞાનના, પોતાના ધ્યેયના **ચખત** = ચાખે, સ્વાદમાણે **નહીં** = નહીં **ચેષ્ટનકુ** = માયિક પ્રવૃત્તિ, કાયા સાથેનો વ્યાપાર કે પ્રવૃત્તિ, હાસ્યવિનોદ **સાંખ્યયોગ** = દેહના તત્ત્વભાગોની ભિન્નતા કરી ચૈતનને સમજવાની પ્રક્રિયા **જડજીનું** = જે નાશવંત છે તેનું **ચૈતન તર** = ચૈતનને જુદા તારવવાનું **ગ્રહીત** = ગ્રહે, પ્રાપ્ત કરે, મેળવે **પ્રાજ્ઞ** = જીવાત્મા, બુદ્ધિશાળી **શ્રેષ્ઠનકુ** = ઉત્તમ, શ્રેષ્ઠ, સર્વોત્તમ, ઉત્કૃષ્ટ.

અનુવાદ

સંતો જાગ્રત હોઈ નિજલક્ષના જાણનારા છે. જેથી માયિક પ્રવૃતિના સ્વાદોને ચાખતા નથી. તેતો માત્ર સાંખ્ય યોગ દ્વારા નાશવંતને જુદા કરી ચૈતનને જુદો તારવે છે અને જે ઉત્કૃષ્ટ જીવાત્માને જ પકડે છે.

ભાવાર્થ

સંત પુરુષો સદા સર્વદા સચેત હોઈ અતિ ઉજાગ્રત અવસ્થામાં રહે છે. તેમને નિજલક્ષની જાણ હોય છે તેથી તેઓ શરીરની ઈન્દ્રિયોના માયિક સ્વાદોનો ઉપભોગ કરતા નથી. તેમને ખબર છે કે કામ વાસના ભોગવવાથી અંશની

સમૃદ્ધિ વપરાય છે જેથી અંશ નિર્માલ્ય બનતો હોઈ મોક્ષ પ્રાપ્તિના માર્ગે ગમન કરી શકતો નથી.

તેઓ સાંખ્ય યોગ દ્વારા દેહના નાશવંત તત્ત્વોને સમજીને તે પ્રત્યે અભાવ દર્શાવી (ભાગ-ત્યાગ કરી) દેહના સાક્ષીરૂપે રહેલા ચૈતનને જુદો તારવે છે અને તેનો જ વિચાર કરી તેના ઉર્ધ્વગમન માટે પ્રયત્નશીલ રહે છે.

યોગી નહીં ભોગનકે ભુગતા, જુગતા રહત જતનસે;
આલોક ઓરુ પરલોક અસક તજ, વિચરત મહાદ મતનસે. ૩

શબ્દાર્થ

યોગી = યોગીપુરુષો **નહીં** = નથી **ભોગનકે** = ભોગને, કામવાસનાને, ભોગવિલાસને, ભૌતિક સુખ વૈભવને **ભુગતા** = ભોગવતા, આનંદ માણતા **જુગતા** = સજાગ, જાગતા, યુક્તિપૂર્વક **રહત** = રહે, રહીને **જતનસે** = કાળજીપૂર્વક, સાચવીને, જાળવીને **આલોક** = મૃત્યુલોક **ઓરુ** = અને **પરલોક** = દેવલોક, દૈવી-દેવતાઓના ધામો **અસક** = આસિકતા, લાલચ, ભાવ, સ્નેહ, પ્રેમ **તજ** = ત્યજીને, છોડીને **વિચરત** = ભ્રમણ કરે, ગમન કરે, હરે-ફરે **મહાદ** = શ્રેષ્ઠ, ઉત્તમ, ઉત્કૃષ્ટ **મતનસે** = સિદ્ધાંતમાં, માન્યતામાં, પદમાં, જ્ઞાનમાં.

અનુવાદ

યોગી ભોગને ન ભોગવતાં સજાગ અને જતનપૂર્વક રહે છે. તેમજ આલોક અને પરલોકની આશા ત્યજીને ઉત્કૃષ્ટ જ્ઞાનમાં મહાલે છે.

ભાવાર્થ

યોગીપુરુષો ઈન્દ્રિયોના સુખ તેમજ ભોગ વિલાસથી મળતા આનંદને ભોગવતા નથી. ભૂલે ચૂકે સ્વપ્નાંતરે પણ આવી ભુલ ન થાય તેની સજાગપણે ખૂબજ તકેદારી રાખીને કાળજીપૂર્વકનું જીવન જીવે છે. ભૌતિક નાશવંત પદાર્થો તેમજ આલોક અને પરલોકના દૈવી-દેવતાઓના ધામોના લોભામણા સુખ પણ તેમને લલચાવી શકતા નથી. તેઓ નિજલક્ષને સમજેલા હોઈ નાશવંત પદોની અવગણના કરી શાશ્વત પદ પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ રહે છે. તેથી ઉત્કૃષ્ટ જ્ઞાનમાં અહર્નિશ સુરતા જોડીને સંસારમાં વિચરણ કરી સદેહે તેના પરમ આનંદમાં મહાલે છે.

રાગ નહીં જીનકે ઉર અંતર, ત્યાગ તપત વ્રેહે આગી;
તે સાધુ નિજ સંત યોગીજન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

રાગ = સ્નેહ, પ્રીતિ, અનુરાગ, લગાવ **નહીં** = નથી **જીનકે** = જેઓના, જેમના **ઉર અંતર** = હૃદયમાં, અંતઃકરણોમાં **ત્યાગ** = ત્યાગે, ત્યજે **તપત** = તપવું **વ્રેહે** = વૈરાગ, વિરહ **આગી** = લાવીને, અગ્નિ, આગ, જલન **તે** = તેવા **સાધુ** = સાધુપુરુષ **નિજસંત** = સાચા સંતપુરુષ **યોગીજન** = યોગમાં મગ્ન રહેતા યોગીજનો **વૈરાગીન** = વૈરાગ ધારણ કરેલા વૈરાગીઓ **વીતરાગી** = અનાસક્ત.

અનુવાદ

ત્યાગ અને વિરહાગ્નિના તાપને લીધે તેમના અંતઃકરણમાં અન્ય કોઈ લગાવ નથી. તેવા સાધુ, નિજસંત, યોગીજનો અને વૈરાગીપુરુષો વિત્તના અનુરાગી હોય છે.

ભાવાર્થ

શરીરમાં પેદા થતા ઈન્દ્રિયોના વિકારો વૈરાગના બળે મન કે હૃદયમાં પ્રવેશવા દેતા નથી. વિરહાગ્નિનાં તાપને લીધે તેમના અંતઃકરણોમાં સંસારિક વાસનાનો લગાવ રહેતો નથી. ઈન્દ્રિઓ અને અંતઃકરણ ઉપર જીત મેળવીને પોતાની કાબુમાં રાખ્યા હોવાથી તે સ્વાધીન થઈને વર્તે છે. એવા અમલી બનીને રહેલા સાધુપુરુષ, સાચા સંત પુરુષો, યોગમાં તલ્લીન રહેતા યોગીજનો અને વૈરાગ ધારણ કરી રહેલા વૈરાગીઓ શરીરના વિત્ત એવા ચૈતન સાથે અનુરાગી બનીને વિચરણ કરતા હોય છે.

ચોસરા - ૭

સમતન સહન દહન ઉપલેક્ત, નર્ત નિરાલ ધ્રત ધરહી;
એકાગ્રહે સ્થિર સ્થંભન સાધન સધ, જપ જીનું અમર અજરહી. ૧

શબ્દાર્થ

સમતન = શરીરને સમતોલપણે રાખી **સહન** = સહવું, ખમવું **દહન** = બાળીને **ઉપલેક્રત** = ઉપલક કર્મ, ઉપર છલાં કર્મો **નર્ત** = નુરતા, નિત્ય **નિરાલ** = નિરાળું, અનોખું, ન્યારું, એકાંત **ધ્રત** = ધ્યાન **ધરહી** = ધરે છે **એકાગ્રહે** = એક ચિત્તે, એકાગ્રતાપૂર્વક **સ્થિર** = ચલાયમાન થયા સિવાય, સ્થિરતાથી **સ્થંભન** = થોભાવીને, કુંભક કરીને **સાધન સધ** = સાધના સાધી **જપ** = જાપ, મંત્ર **જીનું** = જે, જેઓ **અમર અજરહી** = અજરામર.

અનુવાદ

ઉપલક કર્મો બાળી અને શરીરનું સમતલ પણું સહિને નિત્ય એકાંતમાં ધ્યાન ધરે છે. જેમાં સાધના દ્વારા પ્રણવને એકાગ્રતાપૂર્વક કુંભક કરીને અજર અમર રહી જાપ જપે છે.

ભાવાર્થ

આવા યોગીજનો શરીરને સમતોલપણે રાખી એટલે કે સિદ્ધ પદ્‌માસન લગાવીને નિત્ય ધ્યાન ધરે છે. કારણ કે શરીરના ઉપલક ઈન્દ્રિયો દ્વારા થતાં કર્મોને વૈરાગ્યના અગ્નિથી બાળી દીધા હોવાથી, નિર્મળ પણે કોઈપણ પ્રકારની માયિક રુકાવટ વગર ધ્યાન ધરે છે. પ્રણવને ઊલટ કરીને એકાગ્રતાપૂર્વક ગર્ભગ્રૃહ સમા બ્રહ્મરંધ્રમાં કુંભક કરીને અજર-અમર રહેવા માટે કે લાંબું આયુષ્યને જાળવી રાખીને જાપ જપે છે.

નિગમ પુરાણ શાસ્ત્ર ઈતિહાસન, હાર્દ સમજ સબેહી;
ઓરુ આત્મ ગ્યમ અહંગ અરુપ મમ, હવીતવ સંત વદેહી. ૨

શબ્દાર્થ

નિગમ = વેદ **પુરાણ** = પુરાણો **શાસ્ત્ર** = શાસ્ત્રો **ઈતિહાસન** = ઐતિહાસિક, ભૂતકાળનું વૃતાંત **હાર્દ** = સારાંશ, રહસ્ય, મર્મ **સમજ** = જ્ઞાન, માહિતી **સબેહી** = સર્વ, તમામ **ઓરુ** = અને **આત્મ ગ્યમ** = આત્માની સમજ **અહંગ** = પોતાનું સ્વરૂપ **અરુપ** = રૂપ વગરનું **મમ** = મારું, પોતાનું **હવીતવ** = હોવાથી, થઈને રહેવું **સંત** = સંતપુરુષ **વદેહી** = વિદેહી, દેહ છતાં પણ દેહાતીત, વદે છે, વાણીનો ઉચ્ચાર કરે છે.

અનુવાદ

વેદ, શાસ્ત્ર અને પુરાણો સહિત સર્વ ઐતિહાસિક પુસ્તકોના હાર્દને સમજે છે અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરી મારું પોતાનું સ્વરૂપ અરૂપ છે તેમ માનીને સંતો વિદેહી દશા ભોગવે છે.

ભાવાર્થ

ચારવેદ, છ શાસ્ત્ર અને અઢાર પુરાણની આદ્ય લઈ સર્વ ઐતિહાસિક ધર્મપુસ્તકોના હાર્દને સમજે છે. અને સમર્થ ગુરુનું શરણ સ્વીકારી આત્મજ્ઞાનને અનુભવે છે. પોતાનું ચૈતન સ્વરૂપ નાશવંત તત્ત્વોથી ભિન્ન રૂપ, રંગ, આકારથી રહિત છે તેવો નિર્ણય કરીને પોતે વિદેહી બનીને રહે છે અને તે મુજબ પોતાની ઉપદેશાત્મક વાણીથી સત્સંગ દ્વારા જગતને સાચો માર્ગ દર્શાવે છે. અને સાચા માલિકની ઓળખ કરાવે છે.

કહત વિયોગ યોગ કરનન જીત, ઈશ્વર જીવન મેલાપુ;
અગણિત જન્મ યુગનકે વિછરન, મિલીતવ યોગ પ્રતાપુ. ૩

શબ્દાર્થ

કહત = કહે છે, જણાવે છે **વિયોગ** = છુટા પડેલા **યોગ** = યોગ, મેળાપ **કરન** = કરવા **જીત** = જે, જેનાથી **ઈશ્વર** = પ્રભુ, ભગવાન **જીવનમેલાપુ** = જીવનમાં મેળાપ કરવા, જીવનો મેળાપ કરાવવા **અગણિત** = અસંખ્ય **જન્મ** = જન્મો **યુગનકે** = યુગોથી **વિછરન** = વિખૂટા, છૂટા **મિલીતવ** = મળવા માટે **યોગ** = યોગના **પ્રતાપુ** = પ્રતાપથી.

અનુવાદ

અગણિત જન્મો અને યુગોથી વિખૂટા પડેલા જીવોને યોગપ્રતાપે ઈશ્વર સાથે મેળાપ કરાવે છે અને વિયોગ ટાળવા માટે કરવા યોગ્ય યોગ જણાવે છે.

ભાવાર્થ

જેમને સમર્થગુરુ દ્વારા પ્રાપ્ત થયેલ આત્મજ્ઞાન દ્વારા પોતાના ચૈતન સ્વરૂપની સાચી સમજ પ્રાપ્ત થઈ છે એવા સાચા સંતો, જગતને પરમાર્થના

માર્ગે ગમન કરવાની શિખામણ આપતા હોય છે. અગણિત જન્મો અને યુગોથી અંશો વિખૂટા પડી કર્મ બંધનને આધારે જુદા-જુદા અસંખ્ય ઘાટોમાં જન્મો ધારણ કરે છે. જન્મ-મરણમાંથી મુક્તિ પ્રાપ્તિ કરીને જ્યાંથી આવ્યા છીએ ત્યાં પાછા જઈ પરમેશ્વરને મળવાનો સાચો ઉપાય દર્શાવે છે. તેમના દ્વારા દર્શાવેલ માર્ગે જો માનવી ગમન કરેતો તે યોગના પ્રતાપથી વિયોગ ટાળી મેળાપ કરી શકે છે.

નિજ વિપુ સહિત નેહ નહીં જીનું ઈત, તીવ્ર ત્યાગ બડભાગી;
તે સાધુ નિજસંત યોગીજન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

નિજ વિપુ = પોતાના દેહ **સહિત** = સાથે **નેહ** = પ્રેમ **નહીં** = નથી **જીનું** = જેમને **ઈત** = અહીં **તીવ્ર ત્યાગ** = અત્યંત વૈરાગ્ય **બડભાગી** = મહાન ભાગ્યશાળી, મોટા નસીબદાર **તે** = તેવા **સાધુ** = સાધના કરવાવાળા **નિજસંત** = સાચા સંતપુરુષ **યોગીજન** = યોગની ક્રિયા કરવાવાળા **વૈરાગીન** = વૈરાગ ધારણ કરીને રહેનારા **વીતરાગી** = અનાસક્ત.

અનુવાદ

પોતાના દેહ સહિત અહીં કોઈની સાથે સ્નેહ નથી તેવા તીવ્ર ત્યાગી અને મોટા નશીબદાર એવા સાધુપુરુષ, સાચા સંત, યોગીજન અને વૈરાગીપુરુષ વિતરાગી બનીને રહે છે.

ભાવાર્થ

ચોર્યાસી લાખ પ્રકારના ઘાટોમાં મહામૂલ્ય એવો માનવદેહ કહેવાય છે. તેમ છતાં પોતાના દેહ સહિત જગતપક્ષના કોઈપણ નાશવંત પદાર્થ કે તત્ત્વો સાથે જરાપણ સ્નેહ કે ભાવ ધારણ કરતા નથી તેવા વૈરાગી પુરુષો મહાન ભાગ્યશાળી છે. એવા સાધનામાં તલ્લીન રહેતા સાધુપુરુષ, સાચા સંતપુરુષ, યોગની ક્રિયામાં વ્યસ્ત એવા યોગીજનો અને વૈરાગપૂર્ણ જીવન જીવતા વૈરાગીજનો સદા વીતરાગી બનીને રહે છે.

ચોસરા - ૮

શાહા કાલચ ધોવન સાધન ગત્ય, સહેલ નહીં સુલભેતુ;
મહાવંકટ સંકિરણ કરન સર, હરણ કીંદ કરમેતુ. ૧

શબ્દાર્થ

શાહા = શાહુકાર, મોભાદાર, ખાનદાન **કાલચ** = કાદવ, કાલિમા, કલંક **ધોવન** = ધોવા, દૂર કરવા, શુદ્ધ કરવા **સાધન** = સાધના **ગત્ય** = ગતિ, રીત, ઉપચાર **સહેલ** = સહેલું, સરળ **નહીં** = નથી **સુલભેતુ** = સુલભ, સુપ્રાય, સહેલાઈથી મળે તેવું **મહાવંકટ** = મહાન વાંકું, ઘણું કઠીન, બહુ અઘરું **સંકિરણ** = પાછુ વાળી, આંતરમુખ સમેટી **કરન** = કરી લઈ **સર** = વશ, જીતવું **હરણ** = નષ્ટ, દૂર, નાશ **કીંદ** = કામદેવ, કામવાસના વાળી ઈન્દ્રિ **કરમેતુ** = કર્મોને, કાર્યને.

અનુવાદ

શાહુકારના કલંકને ધોવાની રીત સહેલી કે સરળ નથી તેમ કામોક્ત ઈન્દ્રિના કર્મોનો નાશ કરવા તેને સંકરણ કરીને સાધના થકી તેની પર જીત મેળવવી તે મહાન કઠિન કામ છે.

ભાવાર્થ

જેમ, સંસારમાં શાહુકારનાં અવગુણોને દૂર કરવાની રીત સહેલી કે સરળ નથી. તેમ દેહની કામોકત ઉપજાવનારી ઈન્દ્રિને વશમાં રાખી સંકિરણ કરીને તે જ સ્થિતિમાં રાખવી એ પણ એટલું જ અઘરું કાર્ય છે. કામવાસનો ક્ષય કરીને તેની પર જીત મેળવ્યા સિવાય અન્ય કોઈ ઉપાય ન હોવાથી સાધકો આ કઠિન કામ સાધના દ્વારા કરતા હોય છે.

સ્વાંત સદન નિજ વદન મહાન વિદ, સહત વિઘન શિર અંતુ;
તડિત તપત નહીં જળધિવાર જહુ, ત્યૌ શીતળત સોઈ સંતુ. ૨

શબ્દાર્થ

સ્વાંત = શાંત, અંતિમ, સ્વનો અંત **સદન** = ધામ, ઠેકાણુ, સ્થિતિ **નિજ વદન** = મૂળ

સ્વરૂપ, પોતાનું મુખ **મહાન વિદ** = મહાન વિદ્વતા **સહત** = સહી, સહન કરી **વિઘન** = વિઘ્નો, દુઃખ **શિર** = માથે **અંતુ** = અંતમાં, છેવટ, છેલ્લે **તડિત** = વીજળી **તપત નહીં** = તપાયમાન થતો નથી, ગરમ થતું નથી **જળધિવાર** = સમુદ્રનું પાણી **જહુ** = જેમ **ત્યૌ** = તેમ **શીતળત** = શાંત, ઠંડું **સોઈ** = તે, તેવા **સંતુ** = સંતપુરુષ.

અનુવાદ

વિઘ્નોને માથે સહન કરવા છતાં મહાન વિદ્વાન (જ્ઞાની) સંતો પોતાના મુખની સ્થિતિ શાંત રાખે છે. જેમ, સમુદ્રનું પાણી વીજળીથી તપાયમાન થતાં નથી તેમ, સંતપુરુષ પણ શીતળ જ રહે છે.

ભાવાર્થ

જ્ઞાની સંતપુરુષોને માથે અપાર વિઘ્નો આવે તો પણ તે સંકટોનો સામનો કર્યા વગર તેને વિદ્વતાપૂર્વક પોતાનામાં સમાવીને સહન કરે છે, તેમ છતાં તેમના મુખ ઉપર દુઃખની અસર વર્તાતી નથી. સુખ-દુઃખની પળને સમાન ગણીને સહર્ષ વધાવતા હોય છે. અથાહ સમુદ્રના જળમાં ઘણુ બધું સમાવાની શક્તિ છે જેથી આભમાંથી થતી વીજળીની ગરમીને પોતાનામાં સમાવી શીતળ જ રહે છે. જેમ, સમુદ્ર પોતે તપાયમાન થતો નથી તેમ, સંતપુરુષો પણ આવા શાંત અને વિશાળ હૃદયના હોય છે.

બહાર દૃષ્ટ અવન્ય સર સંધત, લાગત બાણ ગગનમેં;
એહી વિધકે ઉલટે મગ ઘરમેં, યોગી રહત મગનમે. ૩

શબ્દાર્થ

બહાર દૃષ્ટ = બાહ્ય નજરથી, બાહ્ય દૃષ્ટિથી **અવન્ય** = ધરતી, પૃથ્વી **સર** = ભેદવું **સંધત** = સંધાણ, સાધી **લાગત** = લગાવે **બાણ** = તીર **ગગનમેં** = ગગનમાં, આકાશમાં **એહી વિધકે** = આ પ્રમાણે, આ રીતે **ઉલટે** = ઊલટું, અવળું, ઊર્ધ્વ **મગ** = માર્ગ, રસ્તો **ઘરમેં** = ઘરમાં, મૂળસ્થાનમાં, બ્રહ્મરંધ્રમાં **યોગી** = યોગીપુરુષ **રહત** = રહે છે **મગનમે** = મગ્ન, તલ્લીન.

અનુવાદ

પૃથ્વી પર રહી બાહ્યદૃષ્ટિની એકતા કરીને ભેદવામાટે સાધેલું બાણ

ગગનમાં લાગે છે. એ પ્રમાણે ઉલટા માર્ગે બ્રહ્મરંધ્રમાં ચિત્તને સ્થિર કરી યોગીઓ મગ્ન રહે છે.

ભાવાર્થ

જેમ બાહ્ય દૃષ્ટિની એકતા સાધીને ધનુષ્ય પર ચઢાવેલું બાણ પૃથ્વી પરથી આકાશ તરફ છોડવામાં આવે તો તે ઉર્ધ્વગતિએ ગમન કરીને ગગનમાં જઈ નિર્ધારીત કરેલા નિશાનને લાગે છે.

તેવી જ રીતે યોગીજનો પ્રણવની ગતિને ઊલટ કરી ઉર્ધ્વમાર્ગે ગમન કરાવીને સુનિશ્ચિત કરેલા નિશાન એવા જ્યોતિસ્વરૂપે રહેલા નિરંજનને જઈ સ્પર્શાવે છે. શરીરના ગર્ભગૃહ સમા બ્રહ્મરંધ્રમાં પ્રણવને કુંભક કરીને રાખતા હોવાથી યોગીજનો સદાને માટે ધ્યાનસ્થ દશામાં મગ્ન થઈને રહે છે.

મોહનહિ સ્વપ્નાંતર નાર પર, જાગ્રત જોત્ય ન જાગી;
તે સાધુ નિજસંત યોગીજન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

મોહનહિ = આસક્તિભાવ નથી **સ્વપ્નાંતર** = સ્વપ્ન અવસ્થામાં **નાર** = સ્ત્રી **પર** = પ્રત્યે, તરફ **જાગ્રત** = સજાગ-જાગ્રત અવસ્થામાં **જોત્ય** = જ્યોતિ, જ્વાળા **ન** = નહીં **જાગી** = જાગતી, પેદા થતી **તે** = તેવા **સાધુ** = સાધકજનો **નિજસંત** = સાચા સંતપુરુષો **યોગીજન** = યોગિક ક્રિયા કરવાવાળા **વૈરાગીન** = વૈરાગ ધારણ કરીને રહેનારા **વીતરાગી** = અનાસક્ત.

અનુવાદ

સ્ત્રી પ્રત્યે સ્વપ્નાંતરે મોહ રાખતા નથી તેમજ જાગ્રતમાં પણ તેની (મોહની) જ્યોત જાગતી નથી એવા સાધુ, નિજસંત, યોગીજન અને વૈરાગી પુરુષો વીતરાગી હોય છે.

ભાવાર્થ

જેમને તીવ્ર વૈરાગ અને જ્ઞાન થકી શરીરના બંધારણમાં રહેલા અવ્યાક્તના

તત્ત્વોના મૂળ લક્ષણોને બાળીને નાશ કર્યા છે તેમને અંતઃકરણો અને ઈન્દ્રિયોમાં વાસના પેદા થતી નથી. સંસારમાં રહેવા છતાં સ્વપ્ન અવસ્થામાં સ્ત્રી પ્રત્યે વાસના કે કામુક્તભાવ તેમનામાં પેદા થતો નથી. તેમજ જાગ્રત અવસ્થામાં પણ સ્ત્રી તરફ પ્રત્યક્ષ દૃષ્ટિ પડવા છતાં તેની સુંદરતા કે મોહકતાની વાસના જ્યોતી પ્રજ્વલીત થતી નથી. તીવ્ર વૈરાગથી બુજાઈ ગયેલી વાસનાની જ્યોત ફરી કદી પણ જાગ્રત થતી નથી એવા સાધનામાં તલ્લીન રહેલા સાધુપુરુષો, સાચા સંત, યોગમાં મગ્ન રહેલા યોગીજનો અને વૈરાગીપુરુષો સદા અનાસક્ત રહે છે.

ચોસરા - ૯

સૂક્ષ્મ આહાર વારિ પુનિ સૂક્ષ્મ, સૂક્ષ્મસ્વર ઉચરનહી;
એ સાધનસબ આદ્યકરન પથ, ઓરુ સૂક્ષ્મ પસરનહી. ૧

શબ્દાર્થ

સૂક્ષ્મ આહાર = અલ્પ ખોરાક, સીમીત ભોજન **વારિ પુનિ સૂક્ષ્મ** = વળી પાણી પણ ઓછું, નજીવું **સૂક્ષ્મસ્વર ઉચરનહી** = બોલવાનું પણ ઓછું **એ** = આ **સાધનસબ** = બધી સાધના **આદ્ય કરન પથ** = શરૂથી કરવા જેવી ચરી, પ્રથમની પરેજી **ઓરુ** = અને **સૂક્ષ્મ પસરનહી**= ઓછો પ્રસારો, સીમીત હરવું-ફરવું, હાલવું ચાલવું પણ ઓછું.

અનુવાદ

સીમીત ભોજન, પાણી પણ થોડું, અને બોલવાનું પણ માપનું હોય છે હલન-ચલન પણ સૂક્ષ્મ, સાધના કરવા માટે આ બધી ચરી પ્રથમથી જ પાળવાની હોય છે.

ભાવાર્થ

વૈદક શાસ્ત્રમાં જણાવાયું છે કે માણસ ગમે તેટલી દવા લે, પરંતુ જો જણાવ્યા મુજબની ચરી ન પાડે તો દુઃખ મટતું નથી. એટલે દવા સાથે ચરી-પરેજી પાડવી એ દર્દી માટે અતિ મહત્ત્વની છે.

તેમ આપણે પણ ભવસંકટના દુઃખથી હેરાન-પરેશાન થતા આવ્યા છીએ.

જો ધર્મના પથ પર ગમન કરવું હોય તો સૌ પ્રથમ આપણે પરેજીને સમજી તેને પૂર્ણ રીતે અમલમાં મૂકીયે તો તેનું ધાર્યા મુજબનું પરિણામ લાવી શકાય. સીમીત ભોજન, પાણી પણ થોડુંક જ પીવું, બોલવાનું પણ માપનું અને હલન-ચલન જરૂરી પુરતું જ હોવું જોઈએ. આ બધા સાધન પ્રથમથી જ અમલમાં મૂકવામાં આવે તો જ ધર્મના પથ પર ગમન કરવામાં સરળતા રહે છે. આવા સદ્‌ગુણો સાધક અને યોગી સંત પુરુષોમાં હોય છે.

અગમ અથાહ થાહ નહીં આવત, જીનકે મુકર મુદનકી;
નેતિ નેતિ જીનું નિગમ પોકારત, ત્યૌ ન લહત સંતનકી. ૨

શબ્દાર્થ

અગમ = અગમ્ય, જાણી ન શકાય તેવું **અથાહ** = જેનો કોઈ થાહ પામી શકે નહીં તેવું, અમાપ **થાહ** = છેડો, અંત, અનુમાન **નહીં આવત** = આવતો નથી **જીનકે** = જેના **મુકર** = ચહેરો, સ્વરૂપ **મુદનકી** = હાસ્યની, આનંદની, હર્ષની **નેતિ નેતિ** = જેનો કોઈ અંત નથી **જીનું** = જેને **નિગમ** = ચારવેદ **પોકારત** = પોકારે છે, જાહેરમાં જણાવે છે **ત્યૌ** = તેમ **ન લહત** = જાણતા નથી, જણાતા નથી **સંતનકી** = સંતોની.

અનુવાદ

જેમ અગમ અને અથાહ પદનો થાહ વેદ મેળવી શક્યા ન હોવાથી નેતિ નેતિનો પોકાર કરે છે તેમ સંતોના મુખની મુશ્કરાહટને જાણી શકાતી નથી.

ભાવાર્થ

જેમ બ્રહ્માજી અગમ અને અથાહ બ્રહ્મપદનો થાહ મેળવી શક્યા ન હોવાથી ચાર વેદમાં એવા પદ માટે નેતિ એટલે કે તેનો કોઈ છેડો નથી તેમ પોકાર કર્યો છે.

તેમ સંતપુરુષો પણ સાધના અને વૈરાગના બળે અગમ પદ સાથે નાતો જોડીને સદા મગ્ન રહેતા હોય છે. પરમપદ સાથેના તેમના જોડાણનો સાત્વિક આનંદ જે રીતે તેઓ માણે છે તે ગુપ્ત હકીકતનો થાહ સામાન્ય માનવી પામી શકતો નથી અર્થાત્ તેમના ચહેરા પર જણાતા મુસ્કાનના મર્મને પણ જાણી શકાતો નથી.

જીનકે વસન વાસ જંગલ જીત, કસણ કાયકે કરખી;
હરખ શોક મદ ક્રોધ કામ ખડ, કરન યોગી જડ સરખી. ૩

શબ્દાર્થ

જીનકે = જેના **વસન વાસ** = રહેવાનું ઠામ **જંગલ જીત** = જંગલની જેમ એકાંતમાં **કસણ** = કસોટી **કાયકે** = શરીરની, દેહની **કરખી** = ખેડૂત, ખેતી **હરખ** = હરખાવવું, આનંદ **શોક** = દુઃખ **મદ** = અભિમાન **ક્રોધ** = ગુસ્સો **કામ** = વાસના, ઈચ્છા **ખડ** = ઘાસ, બિન જરૂરી નિંદામણ **કરન** = કરે છે, કરીને **યોગી** = યોગિક ક્રિયા કરનાર **જડ** = નકામી, નાશવંત **સરખી** = સમાન, બરાબર.

અનુવાદ

જેમનો વસવાટ એકાંતમાં છે એવા યોગીપુરુષો શરીરરૂપ ખેતરનાં હરખ, શોક, મદ, ક્રોધ અને કામ જેવા નિંદામણરૂપી ઘાસને નાશવંત સરખું માને (સરખામણી કરે) છે.

ભાવાર્થ

યોગીપુરુષો ઘાંઘાટ અને ગીચવસ્તીવાળા સ્થળને બદલે જંગલ વિસ્તાર કે જ્યાં પ્રદુષણ રહિત શાંત-વાતાવરણ હોય ત્યાં રહેવાનું પસંદ કરે હોય છે જેથી તેમને ધ્યાનસ્થ દશામાં એક ચિત્તતા જળવાઈ રહે. જેમ, ખેડૂત ખેતરમાં પાકની આજુબાજુ ઉગેલા બિન જરૂરી ખડરૂપ ઘાસને નિંદામણ કરીને દૂર કરે છે અને ખેતરનો વિસ્તાર ચોખ્ખો રાખે છે જેથી જરૂરી પાકને પૂરેપૂરુ પોષણ મળે. તેવીજ રીતે યોગીજનો પણ શરીરમાં ખડ રૂપ હરખ, શોક, અભિમાન, ક્રોધ અને વાસના જેવા દુગુર્ણોનું નિંદામણ કરીને શરીરને ચોખ્ખું રાખે છે.

ચૌદલોક સુખ સુકરવિષ્ટ તજ, જીનું રત્ય પરમ પરાગી;
તે સાધુ નિજસંત યોગીજન, વૈરાગીન વિત્તરાગી. ૪

શબ્દાર્થ

ચૌદલોક = અંતરિક્ષના ચૌદ દૈવીધામોનું **સુખ** = સુખ **સુકરવિષ્ટ** = ભૂંડની વિષ્ટા **તજ** = ત્યજી **જીનું** = જેમની **રત્ય** = લેહ, લગની, જોડાણ, આરત **પરમ પરાગી** = શ્રેષ્ઠ પદ પ્રત્યેરાગ

તે = તેવા **સાધુ** = સાધુપુરુષ **નિજસંત** = સાચા સંતપુરુષ **યોગીજન** = યોગીક ક્રિયા કરવાવાળા **વૈરાગીન** = વૈરાગ ધારણ કરીને રહેનારા **વિત્તરાગી** = અનાસક્ત.

અનુવાદ

જેમને પરમપદ પ્રત્યે રાગ અને આરત છે તેમને ચૌદલોકનું સુખ સુકરની વિષ્ટા સમાન ગણીને ત્યજી દે છે એવા સાધુ, નિજસંત, યોગીજન અને વૈરાગી પુરુષો વીતરાગી છે.

ભાવાર્થ

સર્વ શ્રેષ્ઠ સુખ એટલે શાશ્વત સુખ. આ સુખનો આનંદ એ સદ્‌ચિદાનંદના કંદનો પરમ આનંદ છે. જ્યારે, જગતપક્ષના સર્વ આનંદ નાશવંત અને ક્ષણિક છે. તેથી જેમને પરમપદ પ્રત્યે સ્નેહ અને તેને મેળવવાની આરત હોય તેવા જ્ઞાનીજનો અંતરિક્ષના ચૌદ દેવી ધામોના સુખને ભૂંડની વિષ્ટા સમાન તુચ્છ સમજીને ત્યજી દે છે. આવા નાશવંત સુખની જેઓ કદીપણ આશા કે મહત્વકાંક્ષા હોતી નથી તેવા સાધુપુરુષ, સાચા સંત, યોગમાં તલ્લીન રહેતા યોગીજનો અને વૈરાગ ધારણ કરીને ભક્તિ કરતા વૈરાગી પુરુષો સદાય અનાસક્ત રહે છે.

ચોસરા - ૧૦

અબ જીનું કહત સકલ સાધન સુધ્ધ, જેહી મજલસ જપ જેતુ;
ચક્રદેવ અહંમેવ અમોઘીત, સો રિત્ય લહત સબેતુ. ૧

શબ્દાર્થ

અબ = હવે **જીનું** = જે **કહત** = કહુ છું **સકલ** = સર્વે **સાધન સુધ્ધ** = શુદ્ધ સાધના **જેહી** = જે **મજલસ** = રહેઠાણ, ઠામ, મંજિલ, ઠેકાણું **જપ** = જાપ **જેતુ** = જે છે તે **ચક્રદેવ** = ચક્રોના દેવતા **અહંમેવ** = હું પદ, અહંકાર, અભિમાન **અમોઘીત** = અમોઘ, મહાન, અફળ ન જાય તેવું ફળદાયક, સચોટ **સો** = તે **રિત્ય** = રીત, પદ્ધતિ **લહત** = જાણે **સબેતુ** = સર્વ, તમામ.

અનુવાદ

હવે સાધના દ્વારા શુદ્ધ થતા ચક્રોના દેવો અને તેના જાપ જપવા માટેનું ઠેકાણું અને તેની રીત દર્શાવે છે, જેથી ઈષ્ટપણાના અહંપદને ધારણ કરીને રહેલા દેવોને સૌ કોઈ જાણી શકે.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે આપણને શરીરમાં રહેલા ચક્રોની વિગત જણાવે છે. જેમાં ચક્રોના દેવતાઓના સ્થાન અને જાપને દર્શાવે છે. દરેક દેવ ઈષ્ટ પણાનો અહંમેવ ધારણ કરીને રહેલા છે તેમના સમર્પિત કરવાના મંત્રોના અક્ષરોની શુદ્ધિપૂર્વક સાધના કરવાની રીત સૌ કોઈ જાણે તે આશયથી અહીં હવે પછી દર્શાવવામાં આવે છે.

પ્રથમ ગણેશ ગામી ઘરકી ગત્ય, ચતુર પત્ર પંકજહી;
રિધ્ધિ સિધ્ધિ સહિત વસત ગવરીસુત, જાપ ખટસત ભજહી. ૨

શબ્દાર્થ

પ્રથમ = સૌ પ્રથમ **ગણેશ** = શ્રી ગણેશ **ગામી** = રહેનાર જગ્યાનો માલિક, વસનાર **ઘરકી** = રહેઠાણ, સ્થાનની, કમળની, ચક્રની **ગત્ય** = રીત, ગતિ, વિગત **ચતુર પત્ર પંકજહી** = ચાર કમળની પાંખડી **રિધ્ધિ સિધ્ધિ** = રિદ્ધિ અને સિદ્ધિ **સહિત** = સાથે **વસત** = વસે છે **ગવરીસુત** = ગૌરી પુત્ર **જાપ** = જાપ **ખટસત** = છસો **ભજહી** = ભજવા, સમર્પિત કરવા.

અનુવાદ

પ્રથમ ગણપતિને સ્થાને ચાર પાંખડીનું કમળ છે. ગૌરી પુત્ર રિદ્ધિ અને સિદ્ધિ સાથે તે ત્યાં વસે છે. તેમને છસો જાપ સમર્પિત કરે છે.

ભાવાર્થ

પ્રાણાયમની ચોવીસ કલાકની ગણતરીને જોતાં કુલ શરીરમાં ૨૧,૬૦૦ પ્રાણાયમ જપાતા હોય છે. તે ગણતરીને આધારે દરેક ચક્રોમાં જે તે દેવને નિશ્ચિત

કરેલ જાપ સમર્પિત કરવાના હોય છે. તેમાં પ્રથમ ગણપતિ દેવને છસો જાપ સમર્પિત કરાતા હોય છે. ગૌરી પુત્ર ગણેશજી પોતાની પત્નિ રિદ્ધિ અને સિદ્ધિ સહિત ગુદા દ્વારે બિરાજમાન છે. આ મુલાધાર ચક્રમાં ચાર પાંખડીનું કમળ છે.

જેહી જીનકે સ્થલ મંતરજપ, તેહી તિનકે શિર ધરહી;
ગવરીસુત ગણપતિ ગરવાકુ, તાય સમરપણ કરહી. ૩

શબ્દાર્થ

જેહી = જે **જીનકે** = જેના **સ્થલ** = સ્થળ, ઠામ, ઠેકાણું **મંતરજપ** = મંત્રના જાપ **તેહી** = તે **તિનકે** = તેમના **શિર** = મસ્તક **ધરહી** = ધરવા **ગવરીસુત ગણપતિ** = ગૌરી પુત્ર ગણપતિ **ગરવાકુ** = મોટા, મહાન **તાય** = તેમને **સમરપણ** = સમર્પણ **કરહી** = કરે છે.

અનુવાદ

જે જેના સ્થાન (ચક્ર)ના મંત્ર જાપ હોય તે તેમને શિર ધરે છે. મોટા દેવ ગણાતા ગૌરી પુત્ર ગણપતિને તે સમર્પણ કરે છે.

ભાવાર્થ

અગાઉ એકવીશ હજાર છસો મંત્ર જાપ કહેવામાં આવ્યા તે જેમનું સ્થાન છે તે ચક્રે તેમના ઉપર સમર્પિત કરે છે. તેમાં સૌ પ્રથમ મોટા અને પ્રારંભિક પૂજન કરવાની ભૂમિકા ધરાવતા ગૌરી (પાર્વતી) ના પુત્ર ગણપતિને છસો જાપ સમર્પિત કરે છે.

પુનહી અંક ચહુ ચતુર પત્રકે, જીનું ઉચરણ શુધ્ધ લાગી;
તે સાધુ નિજસંત યોગીજન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

પુનહી = વળી **અંક** = અક્ષર **ચહુ** = ચાર **ચતુર પત્રકે** = ચાર પાંખડીના **જીનું** = જેને **ઉચરણ** = ઉચ્ચારણથી **શુધ્ધ લાગી** = સંજ્ઞાને લગાવવી **તે** = તેવા

સાધુ = સાધના કરવાવાળા **નિજસંત** = સાચા સંતપુરુષ **યોગીજન** = યોગમાં તલ્લીન બનીને રહેનારા **વૈરાગીન** = વૈરાગ ધારણ કરનાર **વીતરાગી** = અનાસક્ત.

અનુવાદ

વળી ચાર પાંખડીએ ચાર અક્ષરનું શુદ્ધ ઉચ્ચારણ કરીને લગાડે છે એવા સાધુ, નિજસંત, યોગીજન અને વૈરાગી વીતરાગી છે.

ભાવાર્થ

વળી પ્રથમ મુલાધાર ચક્રે ચાર પાંખડીનું કમળ છે જ્યાં ગણપતિ પરિવાર સહિત બિરાજમાન છે. તે સ્થાને ચાર અક્ષર (વ શ સ ષ)થી જપાતા શુદ્ધ મંત્ર જાપનું ઉચ્ચારણ કરીને છ સો જાપને સમર્પિત કરે છે એવા સાધુપુરુષ, સાચા સંતપુરુષ, યોગિક ક્રિયામાં મગ્ન રહેતા યોગીજનો અને વૈરાગ ધારણ કરેલા વૈરાગીજનો અનાસક્ત છે.

ચોસરા - ૧૧

ખટદલ કમલ સમલ જીનકે જપ, સહસ્ત્ર ચતુર દ્વે જપહી;
સાવિત્રી સહિત ઉભયે અજ, તિનકુ તેહી અર્પણહી. ૧

શબ્દાર્થ

ખટદલ કમલ = છ પાંખડીના કમળ **સમલ** = મલિન **જીનકે** = જેમના **જપ** = જાપ **સહસ્ત્ર ચતુર દ્વે** = છ હજાર **જપહી** = જપે **સાવિત્રી સહિત** = સાવિત્રીની સાથે **ઉભયે** = બંને **અજ** = બ્રહ્માજી **તિનકુ** = તેમને **તેહી** = તે **અર્પણહી** = અર્પણ કરે છે.

અનુવાદ

છ પાંખડીના સમલ કમળ છે ત્યાં તેમના છ હાજર જાપ જપીને જ્યાં બ્રહ્માજી અને સાવિત્રી બંને સાથે બિરાજે છે તેમને તે અર્પણ કરે છે.

ભાવાર્થ

બીજા સ્વાધિષ્ઠાન ચક્રે છ પાંખડીનું મલિન કમળ રહેલું છે ત્યાં છ હજાર જાપ જપે છે. આ લિંગ સ્થાને બ્રહ્માજી અને સાવિત્રી બંને સાથે બિરાજમાન છે યોગી પુરુષો તે સ્થાને છ અક્ષરો (બ, ભ, મ, ય, ર, લ)થી થતા શુદ્ધ મંત્રજાપનું ઉચ્ચારણ કરીને સમર્પિત કરે છે.

નાભ સ્થાન દશ દલ પંકજ, સંગ સપાન અ પવનાં;
શ્રીવર સહિત યુગલ જહાં રાજત, જેહી નિજ ઈષ્ટ વિશવનાં. ૨

શબ્દાર્થ

નાભ સ્થાન = નાભિ સ્થાને **દશ દલ પંકજ** = દશ પાંખડીનું કમળ **સંગ** = સાથે, સહિત **સપાન અ** = સપાન-અપાન **પવનાં** = પવન, પ્રણવ **શ્રીવર** = લક્ષ્મીપતિ **સહિત** = સાથે **યુગલ** = બંને, દંપતિ **જહાં** = જ્યાં **રાજત** = બિરાજમાન **જેહી** = જે **નિજ** = મૂળ, પોતે **ઈષ્ટ વિશવનાં** = વિશ્વમાં ઈષ્ટ ગણાતા.

અનુવાદ

નાભિ સ્થાને દશ પાંખડીનું કમળ છે. જ્યાંથી અપાન-પાન સહિતનાં પવન વહે છે. વિશ્વમાં જે પોતે મહાન ગણાય છે તેવા લક્ષ્મીપતિ (વિષ્ણુ) બંને સાથે બિરાજમાન છે.

ભાવાર્થ

ત્રીજા મણિપુર ચક્રે દશ પાંખડીનું કમળ છે. આ નાભિ સ્થાને શરીરની અંદર નીચે તરફની ગતિ કરવાવાળા અધોમુખી પવન જેમાં પાન, અપાન, વ્યાન, સમાન અને ઉદાન એમ પાંચ વાયુનો સંચાર થાય છે. વિશ્વમાં જે મહાન ગણાય છે અને પાલન-પોષણની જવાબદારી નિભાવે છે એવા વિષ્ણુદેવ લક્ષ્મીજી સહિત ત્યાં સજોડે બિરાજમાન છે.

ચતુર સહસ્ત્ર દ્વે જાપીત જાપ જહાં, તહાં તિનું અર્પણ કરહી;
શ્વાસોશ્વાસ નિવાસ સહન કલ, જેહી તિનમેં સ્વર ધરહી. ૩

શબ્દાર્થ

ચતુર સહસ્ત્ર દ્વે = છ હજાર **જાપીત જાપ** = જાપ જપીને **જહાં** = જ્યાં **તહાં** = ત્યાં **તિનું** = તેમને **અર્પણ કરહી** = અર્પણ કરવા **શ્વાસોશ્વાસ** = શ્વાસ ઉચ્છવાસ, રેચક-પ્રેરક, પ્રણવની ગતિ **નિવાસ** = રહેઠાણ, સ્થાન **સહન કલ** = કળપૂર્વક સહે છે, ખમાવે છે, યુક્તિપૂર્વક વહે છે **જેહી** = જે **તિનમેં** = તેમાં **સ્વર ઘરહી** = અક્ષરોનું ઘર છે, અક્ષરોનું ઉદ્‌ભવ સ્થાન છે.

અનુવાદ

જ્યાં છ હજાર જાપ જપીને તે (જાપને) ત્યાં અર્પણ કરવા. જ્યાં કળપૂર્વક સ્થિરતા સહીને શ્વાસ નિવાસ કરે છે તેમાં જ સ્વરનું ઘર છે.

ભાવાર્થ

નાભી સ્થાને છ હજાર જાપ જપીને ત્યાં બિરાજમાન દેવને અર્પણ કરવા, આ સ્થાન રેચક-પ્રેરક પ્રણવનું નિવાસ સ્થાન છે. વળી કળપૂર્વક ત્યાં સ્થિરતા સહન કરીને શ્વાસ સ્થંભન પામે છે. અને તેમાંજ સ્વર (બાવન અક્ષર)નું ઘર રહેલું છે. એવુ અદ્‌ભુત સ્થાન એ મણિપુર ચક્ર છે. યોગીજનો અહીં શુદ્ધ દશ અક્ષરો (ડ, ઢ, ણ, ત, થ, દ, ધ, ન, પ અને ફ)વાળા મંત્ર જાપ જપીને સમર્પિત કરે છે.

એહીવિધિ નાભિ નવેર કરન જપ, જીનું દમ દમ ગ્યમ જાગી;
તે સાધુ નિજસંત યોગીજન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

એહીવિધિ = આ પ્રમાણે **નાભિ** = નાભિ **નવેર કરન** = નિવેડો લાવીને **જપ** = જપે છે **જીનું** = જેનું **દમ દમ** = શ્વાસે શ્વાસે **ગ્યમ** = જ્ઞાન, સમજ **જાગી** = જાગે છે, જાગ્રત થાય છે **તે** = તેવા **સાધુ** = સાધુ પુરુષ **નિજસંત** = સાચા સંત પુરુષ **યોગીજન** = યોગની ક્રિયામાં મગ્ન રહેનારા **વૈરાગીન** = વૈરાગ ધારણ કરીને રહેનારા **વીતરાગી** = અનાસક્ત.

અનુવાદ

આ પ્રમાણે નાભિનો નવેર કરીને શ્વાસે શ્વાસે જાપ જપીને જેઓ જ્ઞાનથી જાગ્રત થાય છે તેવા સાધુ, નિજસંત, યોગીજન અને વૈરાગી વીતરાગી છે.

ભાવાર્થ

આ પ્રમાણે નિશ્ચિત સંખ્યાના જાપ જપીને મણિપુર ચક્રના નાભિ સ્થાને સમર્પિત કરે છે. અને દરેક શ્વાસે શ્વાસે જે દેવના જાપ હોય તે જાપ તે દેવને જપી સુષુપ્ત ચક્રને ઉજાગર કરી જ્ઞાનથી જાગ્રત થાય છે તેવા સાધુપુરુષ, નિજસંત, યોગમાં તલ્લીન રહેનારા યોગીજનો અને વૈરાગી જીવન જીવનારા વૈરાગીપુરુષો અનાસક્ત છે.

ચોસરા - ૧૨

હરદે કમળ દલ દ્વાદસ કહીએ, વાસા શિવ શક્તિનકે;
ખટ સહસ્ત્ર જહાં જપીત જપ, અરપિત જીનું લગતનકે. ૧

શબ્દાર્થ

હરદે કમળ = હૃદય કમળ **દલ દ્વાદસ** = બાર પાંખડી **કહીએ** = કહેવાય **વાસા** = નિવાસ, રહેઠાણ **શિવ શક્તિનકે** = શિવ શક્તિનો **ખટ સહસ્ત્ર** = છ હજાર **જહાં** = જ્યાં **જપીત જપ** = જાપ જપીને **અરપિત** = અર્પણ **જીનું** = જેને **લગતનકે** = જેને લાગે વળગે છે તેને, જેને સંબંધ છે તેવા.

અનુવાદ

હૃદયના બાર પાંખડીના કમળે શિવશક્તિનો વાસ છે. તેને લગતા છ હજાર જાપ જપીને અર્પણ કરે છે.

ભાવાર્થ

શરીરમાં રહેલા ચોથા અનાહત ચક્રના હૃદય સ્થાને બાર પાંખડીનું કમળ આવેલું છે. આ કમળમાં શિવ-શક્તિનો વાસ છે. એવા સજોડે નિવાસ કરતા હૃદય સ્થાને છ હજાર જાપ જપીને યોગીજનો બાર અક્ષર (ક,ખ,ગ,ઘ,ડ,ચ,છ,જ,ઝ,ઞ,હ અને ડં)નો શુદ્ધ ઉચ્ચાર કરતા જાપને સમર્પિત કરે છે.

કંઠ કમળ જીવ શિવકા વાસા, સોડસ દલ પરમાણુ;
સહસ્ત્ર એક જહાં જાપ જપીત જપ, તહાં તીનું કરી અરપાણું. ૨

શબ્દાર્થ

કંઠ = કંઠ સ્થાને **કમળ** = કમળ **જીવશિવકા** = જીવ-શિવનો **વાસા** = વાસો **સોડસ દલ** = સોળ પાંખડી **પરમાણુ** = પ્રમાણે, મુજબ **સહસ્ત્ર એક** = એક હજાર **જહાં** = જ્યાં, ત્યાં **જાપ જપીત જપ** = જાપને જપીને **તહાં** = ત્યાં **તીનું** = તેમને **કરી અરપાણું** = અર્પણ કરીને.

અનુવાદ

કંઠે સોળ પાંખડીના કમળમાં જીવ-શિવનો વાસ છે. તે મુજબ ત્યાં એક હજાર જાપ જપીને ત્યાં તેમને અર્પણ કરે છે.

ભાવાર્થ

શરીરમાં રહેલા પાંચમાં વિશુદ્ધ ચક્ર કંઠ સ્થાને જીવ-શિવનો વાસ છે. તે ચક્રમાં સોળ પાંખડીનું કમળ આવેલું છે. તેના (અ, આ, ઈ, ઈ, ઉ, ઊ, ૠ, લુ, એ, ઐ, ઓ, ઔ, એ અને અઃ) સોળ અક્ષરોનો શુદ્ધ ઉચ્ચારણવાળા એક હજાર અજપા જાપ જપીને યોગીજનો ત્યાં અર્પણ કરે છે.

ભ્રગુટી કમળ ઉભયે દલકી પલ, અહંગ સહિત અજ દેવા;
સહસ્ત્ર જાપ તહાં કરીત સમરપણ, સહંગ હંસ લખ ભેવા. ૩

શબ્દાર્થ

ભ્રગુટી = ભ્રકૃટિ **કમળ** = કમળ **ઉભયે દલકી પલ** = બે પાંખડીનું કમળ **અહંગ સહિત અજ દેવા** = અર્ધાંગના સહિત બ્રહ્મ દેવ **સહસ્ત્ર જાપ** = હજાર જાપ **તહાં** = ત્યાં **કરીત** = કરીને **સમરપણ** = સમર્પણ **સહંગ હંસ** = હંસ રૂપી સોહંગ પ્રણવ **લખ ભેવા** = લક્ષે ઓળખી લેવો.

અનુવાદ

ભ્રકુટિ એ બે પાંખડીના કમળ છે. ત્યાં અર્ધાંગના સહિત બ્રહ્મદેવ બિરાજે

છે. એક હજાર જાપ ત્યાં સમર્પણ કરીને હંસ રૂપ સોહંગ પ્રણવના લક્ષને સમજી લેવું.

ભાવાર્થ

શરીરમાં રહેલા છઠ્ઠા આજ્ઞા ચક્રના ભ્રકુટિ સ્થાને બે પાંખડીનું કમળ છે. બે ભ્રમરો મધ્યે આવેલા આ ભ્રકુટિ સ્થાને અર્ધાંગના (શક્તિ) સહીત બ્રહ્મદેવ બિરાજે છે. યોગીજનો બે અક્ષર (હ અને ક્ષ)ના શુદ્ધ ઉચ્ચારણ કરતા એક હજાર અજપા જાપ ત્યાં અર્પણ કરે છે. આ ચક્રને જાગ્રત કર્યા પછી યોગીજનો સોહંગ પ્રણવના લક્ષને સમજે છે.

શૂન્યકે શિખર સહસ્ત્ર દલ અંદર, જઈ જૂવે જોત્ય ચરાગી;
તે સાધુ નિજસંત યોગીજન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

શૂન્યકે શિખર = બ્રહ્મરંધ્રમાં, આકાશના શિખરમાં **સહસ્ત્ર દલ** = હજાર પાંખડી **અંદર** = માં **જઈ** = જઈને **જૂવે** = જોવી **જોત્ય ચરાગી** = દીવાની જ્યોત, જળહળની જ્યોત **તે** = તેવા **સાધુ** = સાધુપુરુષ **નિજસંત** = સાચા સંત **યોગીજન** = યોગીપુરુષ **વૈરાગીન** = વૈરાગી પુરુષ **વીતરાગી** = અનાસક્ત.

અનુવાદ

શૂન્ય શિખરે હજાર પાંખડીની અંદર જઈ ઝળહળતી જ્યોતને જુવે છે એવા સાધુ, સાચાસંત, યોગીજન અને વૈરાગી વીતરાગી છે.

ભાવાર્થ

શરીરના સાતમા શૂન્ય શિખર રૂપ બ્રહ્મરંધ્રમાં હજાર પાંખડીનું કમળ આવેલું છે. ત્યાં આદી નિરંજનપુરુષનો વાસ છે. જ્યાં, ઝળહળતી જ્યોત પ્રજ્વલીત રહે છે. શૂન્ય શિખરમાં જઈ ઝળહળતી જ્યોતના દર્શન કરે છે એવા સાધુપુરુષ, સાચા સંત, યોગમાં તલ્લીન રહેતા યોગીજનો અને વૈરાગીપુરુષો અનાસક્ત રહેલા છે.

ચોસરા-૧૩

ઓરુ અનહદ દશ નાદ નિરંતર, જંતરવત જહાં બાજે;
કાલ જાલ જંજાલ ન વ્યાપત, જહાં નિજ જ્યોત્ય બિરાજે. ૧

શબ્દાર્થ

ઓરુ = અને **અનહદ દશ નાદ** = દશ પ્રકારના અનહદ નાદ **નિરંતર** = સતત, હમેશાં **જંતરવત** = યંત્રની માફક, વાજિંત્રની જેમ **જહાં** = જ્યાં **બાજે** = વાગે, રણકે **કાલ** = કાળ **જાલ** = જ્વાળ, જ્વાલા **જંજાલ** = બંધન, ઉપાધિ **ન** = નહીં **વ્યાપત** = વ્યાપતું, અસર કરતું **જહાં** = જ્યાં **નિજ** = મૂળ, આદિ **જ્યોત્ય** = જ્યોતિ સ્વરૂપ **બિરાજે** = બિરાજમાન રહે છે.

અનુવાદ

અને દશ પ્રકારના અનહદ નાદ જ્યાં હંમેશને માટે યંત્રવત્ રણકે છે. જ્યાં આદિ જ્યોતિ સ્વરૂપ બિરાજમાન છે. ત્યાં કાળની જ્વાળાનું બંધન વ્યાપતું નથી.

ભાવાર્થ

બ્રહ્મરંધ્રમાં વાજિંત્રની માફક દશ પ્રકારના અનહદ નાદનો રણકાર હંમેશને માટે રણકે છે. વળી, અહીં આદિ જ્યોતિ સ્વરૂપ નિરંજન બિરાજમાન હોવાથી આ પદને કાળ અને માયાનું બંધન જરા પણ વ્યાપતું નથી.

સહસ્ત્ર એક તાંહાં ઉઠત પ્રણવ ધુન્ય, જેહી સરભર ઘર સંચે;
બાવન અંક સહિત સ્વર શોધિત, જીનુ સાધન ફળ વંચે. ૨

શબ્દાર્થ

સહસ્ત્ર એક = એક હજાર **તાંહાં** = ત્યાં **ઉઠત** = ઊઠે છે **પ્રણવ ધુન્ય** = પ્રણવની ધુન, પ્રણવનો ધ્વનિ **જેહી** = જે **સરભર** = ભરપૂર, પૂરેપુરુ, સમઘાત **ઘર** = રહેઠાણ, સ્થાન **સંચે** = ગુપ્ત કરામત, ગોઠવણ, યુક્તિ **બાવન અંક** = બાવન અક્ષર **સહિત** = સાથે, ની આદ્ય લઈ **સ્વર** = સ્વર, પ્રણવ **શોધિત** = સાધવાથી **જીનુ** = જે **સાધન** = સાધના **ફળ** = ફળ **વંચે** = બચે છે, ઊગરે છે, વાપરતાં જમા રહે છે, જતું અટકવું.

અનુવાદ

તે સ્થાનમાં એવી ગોઠવણ છે કે ત્યાં પૂરેપૂરા એક હજાર પ્રણવનો ધ્વનિ ઊઠે છે અને તેની સાધના કરવાથી સાધનાના ફળ સ્વરૂપે બાવન અક્ષરની આદ્ય લઈ પ્રણવની બચત થાય છે.

ભાવાર્થ

સર્જનહારે આ બ્રહ્મરંધ્રના સ્થાનમાં એવી અદ્ભૂત ગોઠવણ કરેલી છે કે ત્યાંથી પૂરેપૂરા હજાર પ્રણવનો ધ્વનિ પેદા થાય છે. પ્રણવની સાધના કરવાવાળા સાધક-યોગીઓ પ્રણવને ઊલટ કરીને બ્રહ્મરંધ્રના સ્થાનમાં સ્થિર કરી રાખતા હોવાથી સાધનાના ફળ સ્વરૂપે બાવન અક્ષરોની આદ્ય લઈ પ્રણવના સંયમ થકી તે વપરાતો અટકે છે. જેથી તેઓ લાંબુ આયુષ્ય ભોગવી શકે છે.

એહી સાધન કુલ કરત કરામલ, કહીત લહીત જમ જેહી;
સુણત સાધ જેહી જીનકુ કરન ખપ, અતિ રત્ય અંત સનેહી. ૩

શબ્દાર્થ

એહી = આ, આ પ્રકારની **સાધન** = સાધનાની **કુલ** = પૂરેપૂરી **કરત** = કરાતી **કરામલ** = કરામત, કળા, કારીગરી, યુક્તિ, ખૂબી **કહીત** = કહી **લહીત** = જણાવી **જમ જેહી** = જે પ્રમાણે હતી તે પ્રમાણે **સુણત** = સાંભળતાં, શ્રવણ કરતા **સાધ** = સાધક, યોગીજનો **જેહી** = જે, તે **જીનકુ** = જેઓને **કરન ખપ** = જરુરિયાત કરવા માટે, કરવાની જરૂર હોય તેને **અતિ** = અત્યંત, વધુ **રત્ય** = પ્રેમ, સ્નેહ **અંત** = છેવટ, આખર, છેલ્લો **સનેહી** = સ્નેહ.

અનુવાદ

સાધનાની આ સંપૂર્ણ યુક્તિ કહી જણાવી. જેને સાંભળ્યા પછી જેમણે તે સાધન કરવાની જરુરિયાત લાગે તેમણે અત્યંત પ્રેમપૂર્વક અંત સમય સુધી સ્નેહ ધારણ કરીને સાધના કરવી.

ભાવાર્થ

સાધક દ્વારા કરાતી પ્રણવની સાધના અંગેની સંપૂર્ણ યુક્તિ જેવી હતી તેવી

કહી જણાવી છે. તે સાંભળ્યા પછી જેમને પ્રણવની સાધના કરવાનું જરૂરી લાગે તેમણે આ પ્રમાણે દર્શાવ્યા મુજબ સાધનાને અત્યંત પ્રેમપૂર્વક દેહના અંત સમય સુધી સ્નેહ ધારણ કરીને કરવી જોઈએ.

અજપા આદ્ય જેહી મંત્ર સજીવ જપ, ભજત આન્ય સબ ત્યાગી;
તે સાધુ નિજ સંત યોગી જન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

અજપા = અજપા જાપ, આપોઆપ જપાતા પ્રણવ જાપ **આદ્ય** = ની આદ્ય લઈને **જેહી** = જે **મંત્ર** = મંત્ર **સજીવજપ** = સજીવન રાખતો જપ-મંત્ર **ભજત** = ભજવું, જપવું **આન્ય** = બીજા **સબ** = તમામ **ત્યાગી** = ત્યજી, છોડી **તે** = તે **સાધુ** = સાધુપુરુષ **નિજસંત** = સાચા સંત **યોગીજન** = યોગીજનો **વૈરાગીન** = વૈરાગ ધારણ કરેલ પુરુષ **વીતરાગી** = અનાસક્ત.

અનુવાદ

અન્ય સર્વે ભક્તિને ત્યજી અજપાની આદ્ય લઈ જે સજીવન જાપ છે તે જપે તેને સાધુ, સાચા સંત, યોગી જન, વૈરાગી અને વીતરાગી કહેવાય.

ભાવાર્થ

સંસારમાં વિવિધ પ્રકારની દૈવી-આસુરીની આદ્ય લઈ રાજસી, તામસી અને સાત્વિક ભક્તિ કરવામાં આવે છે. વળી નવધા ભક્તિ અને પ્રેમલક્ષણા ભક્તિ પણ પ્રકાશ પામી છે. આવી નાશવંત પદોની સર્વ ભક્તિને ત્યજીને અજપા જાપની આદ્ય લઈ સજીવ જાપ જ જપે છે તેવા સાધુ, સાચા સંત, યોગીજન, વૈરાગી અને વીતરાગી કહેવાય છે.

ચોસરા - ૧૪

ઓરુ સૂણીયો જન યોગનકી જગ, મગ મતલબ ચલ ગુપતા;
ખડતલ ખોજ સરોજ સહિત દલ, કરન અંક સર ચુપતા. ૧

શબ્દાર્થ

ઓરુ = અને, હવે, વળી **સૂણીયો** = સાંભળો **જન** = અનુયાયી, દાસ, માનવ **યોગનકી** = યોગની **જગ** = દુનિયા **મગ** = માર્ગ, રસ્તો **મતલબ** = અર્થ, સમજણ, સાર, તાત્પર્ય **ચલ** = ચાલ, હાલ, ગતિ **ગુપતા** = ગુપ્ત, છાની, ગૂઢ **ખડતલ** = મહેનત, મજબૂત, પરિશ્રમવાળી **ખોજ** = શોધ, તપાસ **સરોજ** = કમળ, પોયણું **સહિત** = સહિત, ની સાથે **દલ** = પાંખડી **કરન** = કરવા, કરી **અંક** = અક્ષર **સર** = જીત, કાબુ **ચુપતા** = શાંત, મૂક, અવાક.

અનુવાદ

અને હવે જગતમાં જે યોગીજનો છે તેમનો માર્ગ અતિ ગુપ્ત છે તેના તાત્પર્ય અંગે સાંભળો કે તેઓ કમળની પાંખડી સહિત અક્ષરો પર જીત પ્રાપ્ત કરી મજબૂત પરિશ્રમથી તપાસીને મૌન રહે છે.

ભાવાર્થ

જગતમાં જે યોગી પુરુષો છે તેઓની યૌગિક ક્રિયા કરવા પાછળ રહેલો એવો અતિ ગુપ્ત આશય છે કે તેઓ શરીરના વિવિધ ચક્રો પર રહેલા અલગ-અલગ ગણતરીવાળા કમળ-દળમાં ઊઠતા વિવિધ અક્ષરો પર જીત પ્રાપ્ત કરીને પ્રણવને અતિ મજબૂત પુરુષાર્થ દ્વારા તપાસી પોતે મૌન (શાંત) દશામાં રહીને પ્રણવની સાધના કરતા હોય છે.

જીનું આસન નિજ પદમ પરાયન, કહુ ક્રિયેમાણ સૂણાઈ;
ગુદા ઈન્દ્રિકે મધ્ય લગાવન, દાહન પાવ પનાઈ. ૨

શબ્દાર્થ

જીનું = જેઓનું **આસન** = બેઠક, યૌગિક ક્રિયાની સ્થિતિ **નિજ** = મૂળ, આદી **પદમ** = પગ **પરાયન** = જ્ઞાન દૃષ્ટિ **કહુ** = કહુ **ક્રિયેમાણ** = ક્રિયા, રીત, વિધિ, ક્રિયા ક્રમ **સૂણાઈ** = સંભળાવી, બતાવી, દર્શાવીને **ગુદા ઈન્દ્રિકે** = ગુદા ઈન્દ્રિયની **મધ્ય** = વચ્ચે, મધ્યમાં **લગાવન** = લગાવવું, રાખવું, મૂકવું **દાહન** = જમણો **પાવ** = પગ **પનાઈ** = એડી.

અનુવાદ

જેમની જ્ઞાનદૃષ્ટિવાળી સર્વોત્તમ આદિ પદ્માસનની પદ્ધતિ કહી

સંભળાવું છું. જમણા પગની એડીને ગુદા ઈન્દ્રિના કેન્દ્રસ્થાને રહે તે રીતે ગોઠવે છે.

ભાવાર્થ

યોગીજનો જે વિવિધ આસનો કરે છે તેમાં સર્વોત્તમ એવા પદ્માસન કરવાની જે મૂળ (વિશિષ્ટ-ખાસ) પદ્ધતિ છે તેની રીત પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જણાવે છે. સૌ પ્રથમ જમણા પગને ઊંધો વાળીને પગની એડીનો ભાગ છે તે ગુદાઈન્દ્રિના કેન્દ્ર સ્થાને રહે તેવી રીતે ગોઠવે છે.

વાવા ધર દાહન જંઘન પર, ત્રિકુટી ધ્યાન ધરીજે;
રેચક પોરક પુનિ કુંભક કર, સ્વરકે સંઘ વરીજે. ૩

શબ્દાર્થ

વાવા = ડાબો **ધર** = ધરવો, મૂકવો **દાહન** = જમણા **જંઘન પર** = જાંઘ ઉપર **ત્રિકુટી** = બે ભ્રમરોની વચ્ચેનો ઉપસેલો ભાગ, આજ્ઞાચક્રનું સ્થાન, ભ્રકુટિ **ધ્યાન** = દૃષ્ટિની એકાગ્રતા **ધરીજે** = ધારણ કરવી **રેચક** = મુકાતા શરીરમાંથી નાક વડે બહાર નીકળતો શ્વાસ **પોરક** = અંદર જતો પ્રણવ, ખેંચાતો શ્વાસ **પુનિ** = વળી **કુંભક કર** = સ્થિર કરીને **સ્વરકે** = પ્રણવના **સંઘ** = સાથે **વરીજે** = જોડાઈ દેવું, સંલગ્ન કરવું.

અનુવાદ

ડાબો (પગ) જમણી જાંઘ ઉપર મૂકી ભ્રકુટિ મધ્યે ધ્યાન ધરે છે. પછી રેચક-પ્રેરક અને કુંભક કરી પ્રણવ સાથે જોડે છે.

ભાવાર્થ

ડાબા પગને જમણી જાંઘ ઉપર મુક્યા બાદ આંતર અને બાહ્ય એમ બંને દૃષ્ટિ એટલે કે સુરતા અને નુરતાને બંને પાપણોની વચ્ચેના ઉપસેલા ભ્રકુટિ સ્થાન મધ્યે કેન્દ્રિત કરીને શરીરમાંથી મુકાતા રેચક, લેવાતા પ્રેરક અને સ્થિર થતા કુંભક પ્રણવની ગતિ સાથે સ્નેહપૂર્વક સંબંધ જોડી રાખીને ધ્યાન ધરે છે.

એ આસન નિજ પદ્મ યોગ જીત, વિત્ત જીનું સ્વર સોહાગી;
તે સાધુ નિજ સંત યોગીજન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

એ = એ **આસન** = બેઠક, યૌગિક ક્રિયાની સ્થિતિ **નિજ** = મૂળ, આદિ **પદ્મ** = પગ **યોગ** = યૌગિક ક્રિયા **જીત** = વિજય, કાબુ **વિત્ત** = સાર **જીનું** = જે **સ્વર** = પ્રણવ **સોહાગી** = શોભવું, આનંદી, સુશોભિત, સુભાગી **તે** = તેવા **સાધુ** = સાધક પુરુષો **નિજ સંત** = સાચા સંત **યોગીજન** = યોગક્રિયા કરવાવાળા **વૈરાગીન** = વૈરાગ્યપૂર્ણ જીવન જીવવાવાળા **વીતરાગી** = અનાસક્ત.

અનુવાદ

એ મૂળ પદ્માસનથી જે વિત્તરૂપ પ્રણવ શોભી રહ્યો છે. તેના ઉપર યોગી જીત મેળવે છે. તેવા સાધુ, સાચા, સંત, યોગીજન અને વૈરાગી અનાસક્ત છે.

ભાવાર્થ

યૌગિક ક્રિયામાં કરાતા વિવિધ આસનોમાં ઉત્તમ મૂળ (ખાસ) પદ્‌માસન છે. યોગી પુરુષો જડ શરીરમાં શોભી રહેલ વિત્તરૂપ રેચક-પ્રેરક અને કુંભકની ગતિથી ચાલતા પ્રણવ ઉપર સાધના દ્વારા જીત મેળવીને લાંબુ આયુષ્ય ભોગવે છે. તેવા સાધુ, સાચા, સંત, યોગીજનો અને વૈરાગ ધારણ કરેલ પુરુષ અનાસક્ત છે.

ચોસરા - ૧૫

પુનિ દાહન પદ કરીત બાય પર, વાવા દાહ ધરીજે;
ઉલટી પીઠય પદ ગ્રહીત આંગુરી કર, સુધો મેરુ કરીજે. ૧

શબ્દાર્થ

પુનિ = વળી **દાહન** = જમણા **પદ** = પગ **કરીત** = કરીને **બાય** = ડાબો **પર** = ઉપર **વાવા** = ડાબો **દાહ** = દહિના, જમણા **ધરીજે** = ધારણ કરવો, ધરવો **ઉલટી પીઠય** = પીઠની પાછળ **પદ** = પગ **ગ્રહીત આંગુરી કર** = હાથની આંગળીથી પકડી **સુધો** = સીધ્ધું, ટટ્ટાર **મેરુ** = મેરુ દંડ, કરોડ રજ્જુ **કરીજે** = કરીને.

અનુવાદ

વળી જમણો પગ ડાબા ઉપર અને ડાબો જમણા ઉપર ધરવો પછી પીઠની પાછળથી હાથ વડે પગની આંગળીઓ પકડવી અને આ રીતે મેરુ દંડને સીધો કરવો.

ભાવાર્થ

હવે પછી જમણો પગ ડાબા પગની જાંઘ ઉપર અને ડાબો પગ વાળીને જમણા પગની જાંઘ ઉપર મૂકવો. ત્યાર પછી કમરને આગળ વાળીને બંને હાથ પીઠ પાછળ લઈ જઈ પગની આંગળીઓ પકડવી. આ પ્રમાણે પકડવાથી શરીરના જે કરોડરજ્જુરૂપ મેરુદંડ છે તે વ્યવસ્થિત રીતે ટટ્ટાર સ્થિતિમાં થશે.

આસન સિદ્ધ સમાધ્ય કરન એ, વંકનાલ સુલટાઈ;
વજર કપાટ ખોલ ખુદ ખડકી, શૂન્યમેં શ્વાસ સમાઈ. ૨

શબ્દાર્થ

આસન સિદ્ધ = સિદ્ધ પદ્માસન **સમાધ્ય** = સમાધિ **કરન** = કરીને **એ** = એ **વંકનાલ** = વંકનાળ, કરોડરજ્જુની મધ્યે વહેતી નાડ **સુલટાઈ** = સુલટાવીને **વજર** = વજ્ર, સખત, અભેદ **કપાટ** = કમાડ, બારણું, દ્વાર **ખોલ** = ખોલીને, ઉઘાડીને **ખુદ** = પોતાની **ખડકી** = ગુપ્તદ્વાર, ગોખ **શૂન્યમેં** = બ્રહ્મરંધ્રમાં **શ્વાસ** = પ્રણવ **સમાઈ** = અંદર દાખલ કરીને સ્થિર કરવો, સમાવવો.

અનુવાદ

એ સિદ્ધ પદ્માસન દ્વારા સમાધી લગાવીને વંડનાળ દ્વારા પ્રણવને ઉલટાવીને અભેદ દ્વાર ખોલ્યા બાદ પોતે ગુપ્ત દ્વારે દાખલ કરીને પ્રણવને બ્રહ્મરંધ્રમાં સ્થિર કરે છે.

ભાવાર્થ

આ પ્રમાણે સિદ્ધ પદ્માસન દ્વારા સમાધિવત્ત સ્થિતિમાં રહી ચક્રોના બળે પ્રણવને વંકનાળ દ્વારા ઉલટાવે છે. આ ઉલટાવેલા પ્રણવને બ્રહ્મરંધ્રમાં પ્રવેશવા માટે તેના અભેદ દ્વારને ખોલી અને તેના ખુલ્યા બાદ પોતે ગુપ્ત દ્વારે પ્રવેશ

નળિકામાં થઈ પ્રણવને અંદર દાખલ કરીને બ્રહ્મરંધ્રની મધ્યે રહેલા શૂન્ય શિખર પર સ્થિર કરે છે.

સકલ જાપ દમ પુરીત પ્રણવ શિર, કરિત ગગન ઘરવાસા;
દેહ ઈન્દ્રિ ઈત રહીત ગુણાતિત, અભિજીત અરસ નિવાસા. ૩

શબ્દાર્થ

સકલ = તમામ, પરિપૂર્ણ, આખો **જાપ** = જાપ, ગતિ **દમ** = પવન, શ્વાસ **પુરીત** = ભરીને **પ્રણવ** = પ્રણવ **શિર** = માથે, બ્રહ્મરંધ્રમાં **કરિત** = કરીને **ગગન** = ગગનાકાર, આકાશ **ઘરવાસા** = ઘરમાં મુકામ, ઘરમાં રહેવું, ગુફામાં સ્થાન, ગોખમાં નિવાસ **દેહ** = શરીર, ઘાટ **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **ઈત** = આ, અહીંની, અંદરની **રહીત** = વગર, સિવાય **ગુણાતીત** = ગુણોથી પર, નિરાકાર **અભિજીત** = વિજયી, જીત મેળવીને **અરસ** = અંતરિક્ષમાં, શૂન્યમાં **નિવાસા** = નિવાસ.

અનુવાદ

દમને ભરી સકલ અજપાજાપને પરિપૂર્ણ કરી પ્રણવને બ્રહ્મરંધ્રના ગગનાકાર ઘરમાં રાખે છે અને દેહની આ ઈન્દ્રિયોથી પર રહેલા નિર્ગુણ પ્રણવને અભિજીત શૂન્યમાં નિવાસ કરાવે છે.

ભાવાર્થ

આ રીતે યોગીજનો શ્વાસોચ્છવાસની ગતિમાં પ્રથમ પવનને રેચક પછી પાછો વાળીને પ્રેરક થયા બાદ કુંભક કરે છે. ત્યાર બાદ સંપૂર્ણ પ્રાણાયામના અજપા-જાપને ઉલટાવી વંકનાળ દ્વારા બ્રહ્મરંધ્રના ગર્ભગ્રહમાં સ્થિર કરીને રહે છે. અને નાશવંત દેહની ઈન્દ્રિયોના પ્રભાવથી પર રહેલા નિર્ગુણ બ્રહ્મના પ્રભાવવાળા પ્રણવને અભિજીત શૂન્યના મધ્યે નિવાસ કરાવીને મગ્ન રહે છે.

સુરત નુરત તીનું સંગ રહાવત, પરમાત્મ પિયુ આગી;
તે સાધુ નિજ સંત યોગીજન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

સુરત = આંતર દૃષ્ટિ, દિવ્ય દૃષ્ટિ **નુરત** = નેત્રે કરીને દેખાતી દૃષ્ટિ **તીનું** = તેની, ત્રણેય

સંગ = સાથે **રહાવત** = રહેલા, રાખી, જોડી **પરમાત્મ** = પરમાત્મા **પિયુ** = ધણી, સ્વામી, પતિ **આગી** = ઈશ્ક, સ્નેહ, પ્રેમ **તે** = તેવા **સાધુ** = સાધક **નિજ સંત** = સાચા સંત **યોગીજન** = યૌગિક ક્રિયા કરવાવાળા **વૈરાગીન** = વૈરાગ ધારણ કરેલ **વીતરાગી** = અનાસક્ત.

અનુવાદ

સુરતા નુરતા તેની સાથે જોડીને પતિ રૂપ પરમાત્માની સાથે સ્નેહપૂર્વક રહે તે સાધુ, સાચા, સંત, યોગીજન, વૈરાગી અને વીતરાગી કહેવાય છે.

ભાવાર્થ

સુરતા અને નુરતાનો સંયોગ કરીને તેની સાથે પ્રણવની એકતા કરે છે. આમ, ત્રણેયની એક્તા સાધી પતિરૂપ પરમાત્માના સ્નેહમાં સદાને માટે તલ્લીન થઈને રહેનારાઓને સાધક, સાચા સંતજનો, યોગીજનો અને વૈરાગી પુરુષો અનાસક્ત છે.

ચોસરા - ૧૬

અભિજીત અરસ શિખર બીચ કહાવત, ભમરગુંજ ગુફાઈ;
ગરજત ઘોર ઘન ચલીત દામિની, અમિત બુંદ જળ છાઈ. ૧

શબ્દાર્થ

અભિજીત = અભિજીત **અરસ** = અંતરિક્ષમાં, શૂન્યમાં **શિખર** = ટોચ **બીચ** = મધ્યે **કહાવત** = કહેવાય **ભમરગુંજ** = મધુર ગુંજન કરતી, ભમરાની જેમ ગણગણાટ કરતી **ગુફાઈ** = ગુફા, પોલાણ, બખોલ **ગાજતી** = ગાજે **ઘોર ઘન** = રણકો **ચલીત** = ચાલે છે **દામિની** = વીજળી, વિદ્યુત, ચમકતી **અમિત** = અમૃત, અપાર, અનહદ **બુંદ** = ટીપાં **જળ** = પ્રવાહી, પાણી **છાઈ** = છવાઈને, પથરાઈને.

અનુવાદ

અભિજીત શૂન્ય શિખરની મધ્યે આવેલા પોલાણને ભ્રમરગુંજ ગુફા કહેવાય છે. જ્યાં ઘોર ગર્જના સાથે ચમકતા અમૃતનાં જળ બિંદુઓ છવાયેલાં રહે છે.

ભાવાર્થ

અભિજીત શૂન્ય શિખરની મધ્યે આવેલા ગોખ (ગુફા) ભ્રમરગુંજ ગુફાના નામે ઓળખાય છે. ત્યાં સદાને માટે ઘોર ગર્જનાયુક્ત ટહંકાર રણક્યા કરે છે અને તેના પોલાણમાં ચમકતા અમૃત બિંદુઓ છવાયેલાં છે.

પુષ્પ સહેજ જહાં પરમ તખત પર, પ્રણવ હંસપતિ સાંઈયાં;
પ્રાણ પુરુષ જહાં ચમર ઢોલાવત, સોહંગ સહિત સમ દઈયાં. ૨

શબ્દાર્થ

પુષ્પ સહેજ = પુષ્પ શૈયા **જહાં** = જ્યાં **પરમ તખત પર** = શ્રેષ્ઠ આસન પર **પ્રણવ** = પ્રણવ **હંસપતિ** = પતિ રૂપ અંશ **સાંઈયાં** = માલિક, સ્વામી **પ્રાણ પુરુષ** = પ્રાણના પતિ **જહાં** = જ્યાં **ચમર ઢોલાવત** = ચમર ઢોળાવે છે **સોહંગ** = સોહંગ પ્રણવ **સહિત** = સાથે **સમ** = યુગલ, જોડું **દઈયાં** = દાસીઓ, સ્ત્રીઓ.

અનુવાદ

શ્રેષ્ઠ આસન ઉપર પુષ્પની શૈયા છે. જ્યાં પ્રણવના પતિ એવો અંશ સ્વામી સ્વરૂપે બિરાજમાન છે. એવા પ્રણવ પુરુષ જ્યાં બિરાજમાન છે તેમને સોહંગ સહિત બંને દાસીઓ ચમર ઢોળે છે.

ભાવાર્થ

બ્રહ્મરંધ્રમાં આવેલા અભિજીત શિખરની ભ્રમરગુંજ ગુફામાં શ્રેષ્ઠ આસન ઉપર પુષ્પના બિછાના પર પ્રણવને ગતિમાન કરનાર અંશ પોતે દેહના માલિક તરીકે બિરાજમાન છે. ઓહંગ અને સોહંગ નામની યુગલ દાસીઓ પોતાના સ્વામી રૂપ પ્રણવપુરુષને (અંશને) પ્રસન્ન કરવા માટે ચમ્મર ઢોળી રહી છે.

ઈંગલા પિંગલા સુરત ઉલટ સ્વર, ત્રિવેણી ઘાટ પટ દેઈ;
ચંદ સુરજ સહિતમ તહાં સંજમ, સૂક્ષ્મણા સંગ સન્યેઈ. ૩

શબ્દાર્થ

ઈંગલા = ડાબા નસકોરા તરફની વહેતી પ્રાણવાહક નાડી **પિંગલા** = જમણા નસકોરા તરફની

વહેતી પ્રાણવાહક નાડી **સુરત** = સુરતા, ધ્યાન, દૃષ્ટિ **ઉલટ** = ઉલટાવી **સ્વર** = પ્રણવ, શ્વાસ **ત્રિવેણી ઘાટ** = ત્રણનો સંગમ જયાં થાય તે સ્થાન **પટ** = અસર, પાસ **દેઈ** = દઈને **ચંદ** = ચંદ્ર **સુરજ** = સૂર્ય **સહિતમ** = સહિત **તહાં** = ત્યાં **સંજમ** = ભેગા, જોડાઈ **સૂક્ષ્મણા સંગ** = સૂક્ષ્મણા નાડી સાથે **સન્યેઈ** = સ્નેહ, પરસ્પર પ્રીતિ.

અનુવાદ

ઈંગલા અને પિંગલાના પ્રણવની ગતિને ઉર્ધ્વગમન કરી સુરતાને ભ્રકુટિ સ્થાન પર લગાવવી અને સૂર્ય-ચંદ્ર સહિતનો સંયોગ કરીને સૂક્ષ્મણાની સાથે સ્નેહ જોડે છે.

ભાવાર્થ

યોગીજનો ઈંગલા અને પિંગલા નાડીમાં વહેતા પ્રણવની ગતિને ઉર્ધ્વગમન કરી આંતર દૃષ્ટિને ભ્રકુટિ સ્થાન પર સ્થિર કરે છે ત્યારબાદ સૂર્ય અને ચંદ્ર એમ બંને નેત્રોથી બાહ્યદષ્ટિને કેન્દ્રિત કરી સદાને માટે સ્નેહપૂર્વક સૂક્ષ્મણા નાડી સાથે જોડે છે.

સબન સમાજ સમેટ શૂન્ય ઘર, રહેત યોગી પલ લાગી;
તે સાધુ નિજ સંત યોગીજન, વૈરાગી ને વીતરાગી. ૪

શબ્દાર્થ

સબન = બની શકે તેટલો, વિશેષ, સર્વ **સમાજ** = પ્રસારો, ફેલાવો **સમેટ** = સમેટીને **શૂન્ય ઘર** = બ્રહ્મરંધ્રના સ્થાને **રહેત** = રહે છે **યોગી** = યોગીજનો **પલ લાગી** = લાગી પડે છે, મચી પડવું, લેહ લગાવીને રહેવું, ગતિમાં વળગ્યા રહેવું, મેરુદંડમાં સૂક્ષ્મણા માંહેની મુખ્ય ગ્રંથી **તે** = તેવા **સાધુ** = સાધુ પુરુષ **નિજસંત** = સાચા સંત **યોગીજન** = યોગીજનો **વૈરાગી** = વૈરાગ ધારણ કરનાર **ને** = અને **વીતરાગી** = અનાસક્ત.

અનુવાદ

સઘળા સમાજને સમેટીને બ્રહ્મરંધ્રના સ્થાને ધ્યાન-યૌગિક સાધના લગાવવા લાગી પડે છે, એવા સાધુ, સાચા, સંત, યોગીજન, વૈરાગી અને વીતરાગી છે.

ભાવાર્થ

જેઓ ઈન્દ્રિયો અને અંતઃકરણના બાહ્ય અને આંતરિક સહિત સર્વ પ્રસારાને સમેટીને ચક્રો સાથેના જોડાણવાળા પ્રણવને ઉર્ધ્વગામી કરી વંકનાળ દ્વારા બ્રહ્મરંધ્ર સાથે સ્થિર કરવાની યૌગિક ક્રિયા દ્વારા સાધનામાં લાગી પડે છે. તેઓ સાધુપુરુષો, સાચા સંત, યોગીજનો, વૈરાગી પુરુષો અને વીતરાગી કહેવાય છે.

ચોસરા - ૧૭

જબ ઉતકી નહીં લહત વિવરતા, સકલ સમાજ સમાતે;
જાઈ મિલ્યે સબ પરમ જ્યોત્ય ઘર, ભોગત સુખદ અઘાતે. ૧

શબ્દાર્થ

જબ = જ્યારે **ઉતકી** = તે બાજુની, તેની, ત્યાં **નહીં** = નહીં **લહત** = જાણ **વિવરતા** = અસર, સંબંધ, સોબત **સકલ** = સર્વે **સમાજ** = પ્રસારો **સમાતે** = સમેટી **જાઈ** = જઈને **મિલ્યે** = મળે **સબ** = બધુ, સગળું, સર્વ **પરમ** = શ્રેષ્ઠ **જ્યોત્ય** = જ્યોતિ **ઘર** = ધામ, ઠામ, મુકામ **ભોગત** = ભોગવે, માણે **સુખદ** = સુખમય **અઘાતે** = અગાધ, મહાન, અથાહ.

અનુવાદ

જ્યારે સર્વ સમાજને સમેટે છે ત્યારે તેને તે બાજુની કોઈ જાણની અસર વર્તાતી નથી. સર્વ શ્રેષ્ઠ ધામમાં જઈ જ્યોતિને મળતાં, અગાધ સુખ ભોગવે છે.

ભાવાર્થ

જ્યારે નાશવંત શરીરના બધા જ તત્ત્વો સાથેનો નાતો સમેટી લે છે ત્યારે ત્યાંની (ઈન્દ્રિયોની) કોઈપણ શારીરિક ક્રિયાની જાણ રહેતી નથી. ઉર્ધ્વગમન પામેલી વૃત્તિઓ જ્યારે સર્વશ્રેષ્ઠ બ્રહ્મરંધ્રધામ જઈને જ્યોતિ સ્વરૂપને મળે છે ત્યારે કાળ-માયાનો ડર ન રહેવાથી સાત્વિક આનંદના અગાધ સુખને તેઓ ભૂક્તમાન કરે છે.

સુખમન આદ્ય સમેત ચંદ્ર રવિ, દ્વારપાલ ઓમકારા;
સુરત સહ્યાની રહત પિયુ સંગે, કરત અખંડ વિહારા. ૨

શબ્દાર્થ

સુખમન = સુક્ષ્મણા **આદ્ય સમેત** = ની આદ્ય લઈને **ચંદ્ર** = ચંદ્ર **રવિ** = સૂર્ય **દ્વારપાલ** = દિકપાલ, દશ ધ્વનિ **ઓમકારા** = ૐ કાર પ્રણવ **સુરત** = સુરતા **સહ્યાની** = શાણી **રહત** = રહે **પિયુ** = પતિ, સ્વામી **સંગે** = સાથે **કરત** = કરે **અખંડ** = અતૂટ, સતંતર **વિહારા** = વિહાર, સુખ, આનંદ, મોજ.

અનુવાદ

સૂર્ય-ચંદ્રની આદ્ય લઈને સૂક્ષ્મણા અને ૐકાર પ્રણવ પોતાના દશે દિકપાલ સહિત શાણી સુરતા પણ સ્વામી સાથે રહીને અખંડ વિહાર કરે છે.

ભાવાર્થ

સૂર્ય અને ચંદ્ર સમાન બંને નેત્રોની દૃષ્ટિ (નૂરતા)ની આદ્ય લઈ ઈંગલા અને પિંગલા નાડીની એકતા થતાં સુક્ષમણાના વહનવાળા ૐકાર પ્રણવની ગૂંજના દશે દિકપાલ દ્વારા થતાં દશે દિશાઓના અનહદ નાદ અને શાણી સુરતા રૂપ દાસીઓ દેહના સ્વામીરૂપ અંશ સાથે રહીને તેને પ્રસન્ન કરવા માટે અખંડ વિહાર કરે છે.

ઝડત નાદ ઝનકાર વિવિધ વિધ્ય, ઘોરત તબલ ટહંકારા;
તપત રાજ તહાં અલખ નિરંજન, કબહુ ન કાળ પસારા. ૩

શબ્દાર્થ

ઝડત = વાગે, રણકે **નાદ** = અવાજ **ઝનકાર** = રણકાર, ખણખણાટ **વિવિધ વિધ્ય** = અલગ-અલગ, વિધ વિધ પ્રકારના **ઘોરત** = ઘોર કરે, ગુંજે **તબલ** = તબલાનાં **ટહંકારા** = રણકારો, ટંકાર **તપત** = તેજોમય, પુર બહારમાં, પ્રકાશવું **રાજ** = અમલ, સત્તા, શાસન **તહાં** = ત્યાં **અલખ નિરંજન** = નિરાકાર નિરંજન **કબહુ ન** = ક્યારે પણ નહીં **કાળ** = કાળ **પસારા** = પ્રસારો, પ્રવેશ, દાખલ.

અનુવાદ

વિધ વિધ પ્રકારના અવાજના રણકાર રણકે છે અને તબલાના ટહંકાર ગૂંજે

છે. ત્યાં તેજોમય એવા નિરાકાર નિરંજનનો અમલ હોવાથી ક્યારેય પણ કાળ પ્રવેશતો નથી.

ભાવાર્થ

બ્રહ્મરંધ્રમાં આવેલી ભ્રમર ગુફામાં વિવિધ વિધ-પ્રકારના અનહદ નાદનો રણકાર રણકે છે અને તબલાના ટહંકાર ગૂંજી રહ્યો હોય છે. ત્યાં તેજોમય એવા નિરાકાર નિરંજન પુરુષની અખંડ જ્યોતનો અમલ વર્તાતો હોવાથી ક્યારેય પણ કાળ પ્રવેશી શકતો નથી.

જીનકે યોગ કરત સોઈ યોગી, તીનકી અટલ પીરાગી;
તે સાધુ નિજ સંત યોગીજન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

જીનકે = જેનો **યોગ** = ધ્યાન, ચિત્તને એકાગ્ર કરીને લીન કરવાની ક્રિયા **કરત** = કરે છે **સોઈ** = તે **યોગી** = ધ્યાન-યોગની પ્રક્રિયા કરનાર **તીનકી** = તેઓની **અટલ** = નિત્ય, સ્થિર, દઢ, અડંગ **પીરાગી** = પ્રીતથી રંગાયેલ, પ્રેમ પાગી, આશક્ત **તે** = તેવા **સાધુ** = સાધક **નિજ સંત** = સાચા સંત **યોગીજન** = યૌગિક ક્રિયા કરવાવાળા જનો **વૈરાગીન** = વૈરાગ ધારણ કરનાર **વીતરાગી** = અનાસક્ત.

અનુવાદ

જેનુ (જ્યોતિનું) યોગ ધરે તેઓ યોગી છે. તેઓની દઢ આસક્તિ હોય છે તેવા સાધુ, સાચા, સંત, યોગીજનો અને વૈરાગી અનાસક્ત હોય છે.

ભાવાર્થ

જ્યોતિ સ્વરૂપ નિરંજન પુરુષનું ધ્યાન ધરીને જે સદાને માટે ધ્યાનસ્થ દશામાં રહે છે તેવા પુરુષોને યોગી (ધ્યાની) કહેવામાં આવે છે. આવા પુરુષોને યૌગિક ક્રિયામાં અટલ પ્રીતિ હોવાથી પોતાની યોગહઠથી જરા પણ ડગતા નથી. એવા સાધુપુરુષ, સાચા સંત, યોગીજનો વૈરાગી પુરુષ અને વીતરાગી હોય છે.

ચોસરા - ૧૮

ઓરુ સૂણીયો નરવેદ ત્યાગ મગ, જગત્યે રહત ઉદાસી;
આશા અવન્ય પાવ નહીં પરસત, વિરક્ત વ્યોમકે વાસી. ૧

શબ્દાર્થ

ઓરુ = અને, હવે, વળી **સૂણીયો** = સાંભળો **નરવેદ** = પુરુષત્વની અખંડિતતા, વૈરાગ્ય **ત્યાગ** = ત્યજવું, છોડવું, અપરિગ્રહતા **મગ** = માર્ગ, પંથ, રસ્તો **જગત્યે** = જગત પ્રત્યે **રહત** = રહે **ઉદાસી** = નિરાસ, વિરક્ત, નાખુશ **આશા** = મહેચ્છા, ઉત્કંઠા, ઈચ્છા **અવન્ય** = પૃથ્વી **પાવ** = પગ, ચરણ **નહીં** = નહીં **પરસત** = સ્પર્શ **વિરક્ત** = અનાશક્ત, નિસ્પૃહ, સંસારની આસક્તિ રહિત **વ્યોમકે** = આકાશના, અંતરિક્ષના **વાસી** = નિવાસ કરનાર, નિવાસી, રહેનારા.

અનુવાદ

વળી, તેમના વૈરાગ્યપૂર્ણ ત્યાગના માર્ગ વિષે સાંભળો કે તેઓ જગત પ્રત્યે ઉદાસીન રહે છે. પૃથ્વી પર પાવ (પગ)નો સ્પર્શ કરવાની પણ આશા રાખતા નથી કારણ કે અનાસક્ત હોઈ અંતરિક્ષના નિવાસી હોય છે.

ભાવાર્થ

વળી, આવા ધ્યાનીઓના વૈરાગ્યપૂર્ણ ત્યાગના માર્ગ વિષે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જણાવે છે કે તેઓ નાશવંત જગત પ્રત્યે સદાને માટે ઉદાસીનતા ધરાવે છે. તેઓને પોતાનો પગ પૃથ્વી સાથે (પર) સ્પર્શ થાય તેવી આશા પણ નથી. કારણ કે તેમનું મન સદાને માટે સંસાર પ્રત્યે આસક્તિ રહિત હોઈ માત્રને માત્ર અંતરિક્ષના નિવાસી બનીને જ રહેવાની ઉત્કંઠા હોય છે. અર્થાત્ ઉર્ધ્વગમનની વૃત્તિ હોવાથી પોતાનું અધઃપતન થાય તેવા કોઈપણ કર્મોથી વેગળા-ભિન્ન રહે છે. તેમને સંસારનો મોહ સહેજ પણ સ્પર્શે નહીં તેની ખુબ જ કાળજી રાખે છે.

આત્મદેહ પંખ ગતિ ગ્યમકી, સુરત નુરત નેંનનહી;
ક્રણી વૃક્ષ સંતોષ સહન ફળ, પાવત સુખ ચહેનનહી. ૨

શબ્દાર્થ

આત્મદેહ = સ્થૂળ દેહ ભાવ તજી આત્મા સ્વરૂપે બનેલા **પંખ** = પાંખો, પર **ગતિ** = ગતિ, ચાલ **ગ્યમકી** = જાણની, સમજની **સુરત** = સુરતા **નુરત** = નુરતા **નેંનનહી** = આંખોની **કણી** = કરણી, આચરણ, વર્તણૂંક, કાર્યશૈલી **વૃક્ષ** = તરુ, ઝાડ **સંતોષ** = સંતૃપ્તિ, જે હોય તેમાં ખુશી માનીને રહેવું તે **સહન** = સહવું, વેઠવું, ખમવું **ફળ** = ફળ **પાવત** = પ્રાપ્ત કરે, મેળવે **સુખ** = નિરાંતની લાગણી, સંતોષજનક અનુભવ, કામનાની સિદ્ધિનો આનંદ **ચહેનનહી** = આરામ, આનંદ, મોજ-મજા.

અનુવાદ

આત્મા સ્વરૂપે થયેલાની સજાણ ગતિવાળી પાંખો તેમજ સુરતા અને નુરતાની આંખો હોય છે. તેમના કાર્યશૈલીના વૃક્ષ ઉપર રહેલ સંતોષ અને સહનશક્તિરૂપ ફળને લીધે તેઓ સદા સુખ-શાંતિ મેળવે છે.

ભાવાર્થ

સ્થુળ દેહનો ભાવ ત્યજીને પોતે આત્મ સ્વરૂપે થયા હોવાથી તેમની સજાણજાણ વૃત્તિવાળી પાંખો હોય છે. તેમનું ઉડાન (ઉડવાપણુ) માત્ર પોતાના સ્વસ્વરૂપની ઉર્ધ્વગતિ માટે કરતા હોવાથી તેમની લૌકિક ચર્મચક્ષુ નહીં, પરંતુ સુરતા અને નુરતા રૂપી આંખો હોય છે. તેમની કાર્યશક્તિ (કાર્યશૈલી) એટલી ઉત્તમ અને વિશેષ ગતિના વૃક્ષ જેવી હોય છે. જેથી તેના ફળ સ્વરૂપે તેમનામાં રહેલ સંતોષ અને સહનશક્તિનો ગુણ તેમને સદાને માટે સુખશાંતિ પ્રાપ્ત કરાવે છે.

દગ્ધ બીજ વૈરાગ્ય અગન્ય જીનું, વિષયાનન વિતપનકે;
નાતા તોર નિરાશ નિહંગમ, સંગમ નહીં સરિયનકે. ૩

શબ્દાર્થ

દગ્ધ = બળેલું, દાઝેલું **બીજ** = બીજક **વૈરાગ્ય** = વૈરાગ **અગન્ય** = અગ્નિ **જીનું** = જે **વિષયાનન** = વિષય વાસનાનો આનંદ **વિતપનકે** = ઉત્પન્ન કરનારા **નાતા** = સંબંધ **તોર** = યૌવન રૂપનો આવેશ, માયિક **નિરાશ** = તિરસ્કાર, ખંડન, આશા રહિત **નિહંગમ** = એકાકી, એકલવાયુ અવિવાહિત, સ્ત્રી સાથે સંબંધ ન રાખનાર **સંગમ** = મિલન, મેળાપ, સમાગમ **નહીં** = નહીં **સરિયનકે** = સ્ત્રી જાતિ સાથે.

અનુવાદ

વિષય વાસના ઉત્પન્ન કરનાર બીજને વૈરાગના અગ્નિથી બાળી દઈને માયિક સંબંધનું ખંડન કરી એકાકી બનેલા સ્ત્રી સાથે સમાગમ કરતા નથી.

ભાવાર્થ

કામવાસનાને ઉત્તેજિત કરનાર બીજકને તીવ્ર વૈરાગના પ્રબળ અગ્નિથી ભસ્મીભૂત કરી દીધેલો હોવાથી આવી વ્યક્તિઓમાં સાંસારિક વિષય ભોગ ભોગવવાની (માયિક કામુક્ત ભાવ) વૃત્તિ સાથેનો સંબંધ ખંડિત થઈ ગયેલો હોય છે. જેથી પુરુષમાં સ્ત્રીની ચાહના કરવાવાળા અલ્પ તત્ત્વો અને સ્ત્રીમાં પુરુષની ચાહના કરવાવાળા અલ્પ તત્ત્વો ઓગળી જઈ મહદ્‌માં એકરસ થઈ ગયા હોવાથી વિહંગમ બનેલાઓ પારસ્પરિક વિષયાનંદ ભોગવવાની ક્રિયા કરતા નથી અર્થાત્ કામના ચળકિત (ઉત્તેજીત) થતી ન હોઈ ભોગ ભોગવવાની ઈચ્છા પણ પેદા થતી નથી.

સાહર નિર નાવ વાયસવત, પ્રભુ તજ ધરન ન પાગી;
તે સાધુ નિજ સંત યોગીજન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

સાહર = દરિયો **નિર** = પાણી, જળ **નાવ** = નાવડુ **વાયસવત** = કાગડાની જેમ **પ્રભુ** = પરમેશ્વર, માલિક **તજ** = ત્યજી **ધરન** = ધારણ કરતા **ન** = નથી **પાગી** = પગલું, પગ, ચરણ, પ્રીતિ **તે** = તેવા **સાધુ** = સાધુ પુરુષ **નિજસંત** = સાચા સંત **યોગીજન** = યૌગિક ક્રિયા કરનાર **વૈરાગીન** = વૈરાગ્યપૂર્ણ જીવન જીવવાવાળા **વીતરાગી** = અનાસક્ત.

અનુવાદ

સમુદ્રના જળમાં રહેલી નાવ ઉપરના કાગડાની જેમ પ્રભુને ત્યજી અન્ય (સાથે) પ્રીતિ ધારણ કરતા નથી. એવા સાધુ, સાચા સંત, યોગીજનો અને વૈરાગી વીતરાગી હોય છે.

ભાવાર્થ

જેવી રીતે સમુદ્રના અથાહ જળની મધ્યે વહેતી નાવના સઢ ઉપર બેઠેલા

કાગડાને ઊડીને ક્યાંય પણ બીજે બેસવાનો આધાર હોતો નથી. કારણ કે ચારે બાજુ પાણી જ પાણી હોય છે. તેવી જ રીતે સંસાર સમુદ્રમાં પ્રભુનાં શરણ સિવાય અન્ય નાશવંત પદો સાથે પ્રીતિ કરતા નથી એવા સાધુ, સાચા સંત, યોગીજન અને વૈરાગી અનાસક્ત કહેવાય છે.

ચોસરા - ૧૯

ન્હે: કંચન નિરલેપ નરેસર, વૈરાગનકે વેસુ;
તારણ તરણ શરણ જેહી આવત, કરતારથ ભવ ભેસુ. ૧

શબ્દાર્થ

ન્હે: = શુદ્ધ, નક્કી, જરૂર **કંચન** = સોનુ **નિરલેપ** = નિર્લેપ, નિર્મળ, લોપાયમાન ન થાય તેવું **નરેસર** = પુરુષોમાં શ્રેષ્ઠ, ચક્રવર્તી **વૈરાગનકે** = વૈરાગીઓનો **વેસુ** = વેશ, ભેખ **તારણ તરણ** = પોતે તરે અને બીજાને તારે **શરણ** = શરણ, આશરો, આશ્રય **જેહી** = જેઓ **આવત** = આવે **કરતારથ** = કૃતાર્થ, મોક્ષ પ્રાપ્તિ **ભવ** = જગત, વિશ્વ **ભેસુ** = ભેખ, વેશ, જોગીનો સ્વાંગ, રૂપ.

અનુવાદ

વૈરાગના વેશધારીઓ પોતાને શુદ્ધ કંચન સમાન નિર્લેપ અને સર્વ શ્રેષ્ઠ માને છે, તેમજ વિશ્વમાં એવા તારણ તરણ ભેખધારીઓના શરણમાં જે આવે તે કૃતાર્થ થાય છે.

ભાવાર્થ

વૈરાગનો વેશ ધારણ કરેલા વૈરાગીઓ પોતાને ચક્રવર્તી રાજાઓની જેમ શ્રેષ્ઠ પદ ધરાવતા અને શુદ્ધ કંચનની જેમ નિર્મળ માને છે. વિશ્વમાં એવા તારણતરણ ભેખધારીઓના શરણમાં ગયેલા શરણાંગત, જન્મ-મરણના દુ:ખમાંથી મુક્ત થઈને મોક્ષગતિને વરે છે.

જીનકી રહેણ્ય કહેણ્ય સોઈ કરતલ, પરત લહીત ઘટ અંતુ;
ગુરુકે બચન વિલોક આરાધન, ઓરુ નહીં ચિતવંતુ. ૨

શબ્દાર્થ

જીનકી = જેઓની **રહેણ્ય કહેણ્ય** = રહેણી-કરણી **સોઈ** = તે, પોતે **કરતલ** = કરવાવાળા, કરનાર **પરત** = પડે **લહીત** = જાણે **ઘટ** = અંતર, હૃદય **અંતુ** = અંદર, છેવટે **ગુરુકે** = ગુરુના **બચન** = વચનો, બોલ, વાણી **વિલોક** = અવલોકન કરી, દૃષ્ટિથી નિહાળીને **આરાધન** = આરાધના, ચિંતન **ઓરુ** = અને, બીજું **નહીં** = નહીં **ચિતવંતુ** = ચિંતવન.

અનુવાદ

તેઓ પોતાના હૃદયમાં જે સૂઝ પડે તેવી રહેણી-કરણી કરવાવાળા હોય છે માત્ર ગુરુના વચનોને દૃષ્ટિમાં રાખીને જ આરાધના કરતા હોવાથી બીજું કોઈજ ચિંતવન કરતા નથી.

ભાવાર્થ

સંસારમાં રહેવા છતાં પણ વૈરાગી પુરુષોના વિચાર, વાણી અને વર્તણૂક (વર્તન) નિર્મળ હોય છે. તેમની રહેણી-કરણી તેમના નિર્મળ હૃદયમાં પેદા થતાં વિચારધારાને વળગેલી હોવાથી તેઓ હંમેશને માટે દ્વેષ રહિત પવિત્ર આચરણ કરવાવાળા હોય છે. કારણ કે તેમના ચિંતનમાં માત્ર ગુરુના વચનોની આરાધના સિવાય અન્ય કોઈ ચિંતવન હોતું નથી.

ઉરધ ગતિ પતિ રહત રતિનકે, જીનકે વદન અનેરી;
ગોપીચંદ ભરથ સમ સો નર, તીનમેં હેર ન ફેરી. ૩

શબ્દાર્થ

ઉરધ ગતિ = ઉર્ધ્વગતિ **પતિ** = માલિક, સ્વામી **રહત** = રહે છે **રતિનકે** = રતિની જેમ, કામદેવની સ્ત્રીની જેમ **જીનકે** = જેમના **વદન** = વાણી, મુખ **અનેરી** = અદ્ભુત **ગોપીચંદ** = રાજપાટ ત્યજીને વૈરાગી બનેલ રંગપુરનો એક રાજા **ભરથ** = રાજા **સમ** = સમાન **સો** = તે **નર** = પુરુષ **તીનમેં** = તેમાં **હેર ન ફેરી** = ફેરફાર નહીં તેવું.

અનુવાદ

રતિની જેમ પતિ સાથે ઉર્ધ્વગતિ રહેલી હોઈ તેઓની વાણી પણ અનેરી હોય છે. ગોપીચંદ રાજા સમાન તેવા પુરુષો હોઈ તેમાં કોઈ ફેરફાર નથી.

ભાવાર્થ

આવા વૈરાગી પુરુષોની ઉર્ધ્વગતિ કામદેવની સ્ત્રી રતિની જેમ રહેલી હોવાથી હંમેશને માટે તેઓ માત્ર પરમ પિતા સાથે જ પ્રીત ધારણ કરીને આરતપૂર્વક રહેતા હોય છે. આવા વૈરાગીને જો રાજા ગોપીચંદ સાથે સરખાવવામાં આવે તો તેમના અને ગોપીચંદ રાજાના વૈરાગ વચ્ચે કોઈપણ (સહેજ પણ) ફેરફાર જણાતો નથી.

હેરફેર નહીં ઓરુ સુખકે તુલ્ય, બિરદ અતુલ્ય નડોલાગી;
તે સાધુ નિજ સંત યોગીજન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

હેરફેર નહીં = તફાવત નહીં, ફેરફાર નહીં તેવું **ઓરુ** = અન્ય, બીજા, અને **સુખકે** = સુખના **તુલ્ય** = સરખામણી, બરોબરી **બિરદ** = પ્રતિજ્ઞા, ટેક, કીર્તિ, યશ **અતુલ્ય** = તુલના ન કરી શકાય તેવી, અનુપમ, ખૂબ બેહદ, અમાપ **નડોલાગી** = ડોલાવી શકે તેમ નથી, અડોલ **તે** = તેવા **સાધુ** = સાધુ પુરુષ **નિજસંત** = સાચા સંત **યોગીજન** = યોગીજનો **વૈરાગીન** = વૈરાગ્યપૂર્ણ જીવન જીવનાર **વીતરાગી** = અનાસક્ત.

અનુવાદ

વળી અન્ય સુખોની સરખામણીમાં પણ કોઈ ફેરફાર નથી. તેમની પ્રતિજ્ઞા પણ તુલના ન કરી શકાય તેવી હોવાથી તેને કોઈ ડગાવી શકે તેમ નથી. એવા સાધુ, નિજસંત, યોગીજન અને વૈરાગી વિતરાગી છે.

ભાવાર્થ

ગોપીચંદ રાજાના વૈરાગ્યની તુલનાની સાથે સંસારના અન્ય સુખોની સરખામણી કરતાં તેમાં પણ કોઈ ફેરફાર હોતો નથી. તેમની પ્રતિજ્ઞા પણ

કોઈની સાથે તુલના ન કરી શકાય તેવી હોવાથી તેઓને માયાના કોઈપણ સ્વરૂપો ડગાવી શકતા નથી. એવા સાધુ-પુરુષ, સાચા સંત, યોગીજનો અને વૈરાગી અનાસક્ત હોય છે.

ચોસરા - ૨૦

અહો ધન્ય નર ધિરજ સધીર તન, મહા સુભટ સુલતાંનુ;
તરક ત્યાગ સંગ્રામ મોહનસે, લર તન ભયે અયાંનુ. ૧

શબ્દાર્થ

અહો = સારું, ઘણું, મોટું બતાવનાર પૂર્વગ, હા, ખરૂ છે તેવું સુચવતો ઉદ્ગાર **ધન્ય** = ધન્યવાદ **નર** = માનવ, વ્યક્તિ **ધિરજ** = ધીરજ, ધૈર્ય, ખામોશી, હિંમત **સધીર** = સમજુ, ડાહ્યા, હિંમતવાળા, બુદ્ધિશાળી **તન** = શરીર, ઘાટ **મહા** = મહાન, મોટા, ઉચ્ચ **સુભટ** = બહાદુર, લડવૈયો, વીર યોદ્ધો **સુલતાંનુ** = રાજા, બાદશાહ **તરક** = તર્ક, ખયાલ, કલ્પના, યુક્તિ **ત્યાગ** = તજી દેવું, છોડવું **સંગ્રામ** = જંગ, યુદ્ધ, લડાઈ **મોહનસે** = મોહથી, કામનાથી, માયાથી **લર** = હાર **તન** = શરીર **ભયે** = થયા **અયાંનુ** = અજાણ્યા, પ્રત્યક્ષ, સ્પષ્ટ, દેખીતું.

અનુવાદ

મોહ સાથે જંગ ખેલીને તર્કપૂર્વક ત્યાગ ધારણ કરી પ્રત્યક્ષ રૂપે શરીરને હરાવીને બહાદુર લડવૈયાની જેમ હિંમતવાળા બનીને ધૈર્ય દાખવનાર રાજા સમાન માનવીને ધન્ય છે.

ભાવાર્થ

મહાન લડવૈયાની જેમ હિંમતવાળા બનીને માયા સાથે જંગ ખેલીને શરીર પ્રત્યેના આકર્ષણ પેદા કરતા તત્ત્વોને હરાવીને તેમના ઉપર જીત મેળવનાર તથા યુક્તિપૂર્વક ત્યાગ ધારણ કરનાર વૈરાગી પુરુષો ધન્યવાદને પાત્ર છે. કારણ કે તેમણે ધીરજ ધારણ કરીને પોતાના શરીર ઉપર બુદ્ધિપૂર્વક રાજ્ય કર્યુ છે અને માયા ઉપર પણ જીત મેળવી છે.

અજભવ એકલસંગ સરીખે, કબહુક કામ નચાઈ;
સો કિંદ્પ જીનસે ન ખટાયત, ત્યાગીત તરણ તુલાઈ. ૨

શબ્દાર્થ

અજ = બ્રહ્મા **ભવ** = શંકર **એકલસંગ** = એકલશૃંગી, શ્રૃંગી નામના એક ઋષિ **સરીખે** = સમાન, સરખા **કબહુક** = ક્યારેક, કોઈવાર **કામ** = કામના, વાસના **નચાઈ** = નચાવવું, ડોલાવવું, હેરાન કરવું **સો** = તે **કિંદ્પ** = કામદેવ **જીનસે** = જેનાથી **ન** = નહીં **ખટાયત** = ખટાવવું, સોબત લાગવી, અસરમાં આવવું **ત્યાગીત** = ત્યજીને, છોડીને **તરણ** = તૃણ **તુલાઈ** = તુલના, સમાન.

અનુવાદ

બ્રહ્મા, શંકર અને એકલશૃંગી સરખાને પણ ક્યારેક કામનાએ નચાવ્યા છે. તેવી માયાથી પણ ડોલ્યા વિના તરણ તુલ્ય જાણીને ત્યાગી છે.

ભાવાર્થ

રજોગુણી બ્રહ્મા અને તમોગુણી શંકરની આદ્ય લઈ એકલશૃંગી ઋષિ જેવા તપસ્વીને પણ માયાએ પોતાની કામનાના જોરે નચાવ્યા છે. એવી મહાન શક્તિ ધરાવતી માયાથી પણ સાચા યોગી પુરુષો ડોલ્યા વિના તણખલા તુલ્ય તુચ્છ ગણીને તેને ત્યાગી દીધી છે.

સારધાર વૈરાગ વિષમકે, કોઈક જવરલા એકુ;
ઓર સકલ સબ ત્યાગ કહનકે, અગણિત ભેખ અનેકુ. ૩

શબ્દાર્થ

સારધાર = અડગ, કઠિન, દૃઢ, અચળ **વૈરાગ** = વિરક્તિ, આસક્તિ ઊઠી જવી **વિષમકે** = મુશ્કેલ, વિષમ, અઘરું **કોઈક** = અમુક, ગમે તે એક **જવરલા** = વિરલા, જેની ઉપમા ન આપી શકાય તેવા **એકુ** = એક જ **ઓર** = બીજા, અન્ય **સકલ** = તમામ, બધા **સબ** = સર્વે **ત્યાગ** = ત્યાગ **કહનકે** = કહેવા પુરતા, કહેવાના **અગણિત** = અસંખ્ય, અનેક **ભેખ** = ભેખધારી, વિરક્ત, વૈરાગી **અનેકુ** = ઘણા, એક કરતા વધારે, બહુ.

અનુવાદ

અચળ અને મુશ્કેલ વૈરાગ ધારણ કરનાર કોઈક એકજ વિરલા હોય છે. જ્યારે કહેવા પુરતો ત્યાગ ધરનાર ભેખ એક કરતા વધારે સંખ્યામાં જોવા મળે છે.

ભાવાર્થ

સંસારમાં સારધારપણે જીવન જીવીને અતિ કઠિન વૈરાગી જીવન જીવનાર કોઈક જ વિરલા પુરુષો જોવા મળે છે. જ્યારે બીજા બધા કહેવા પુરતો ઉપલક ત્યાગ ધારણ કરીને જીવન જીવતા પાખંડી ભેખધારીઓ એક કરતા વધારે સંખ્યામાં હોય છે.

કીન બરન વૈરાગ ત્યાગકે, કરન કઠન કરડાગી;
તે સાધુ નિજસંત યોગીજન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

કીન = કરવામાં આવ્યું, કર્યું **બરન** = વર્ણન **વૈરાગ** = વૈરાગ્ય **ત્યાગકે** = ત્યાગ અંગેનું **કરન** = કરીને **કઠન** = અશક્ય, કપરૂં, મુશ્કેલી ભર્યું, મક્કમ **કરડાગી** = કડકાઈ, સખતાઈ, અકડાઈ **તે** = તેવા **સાધુ** = સાધુ પુરુષ **નિજસંત** = સાચા સંત **યોગીજન** = યોગીજનો **વૈરાગીન** = વૈરાગ ધારણ કરનાર **વીતરાગી** = અનાસક્ત.

અનુવાદ

મક્કમ અને અકડાઈભર્યા વૈરાગ્ય અને ત્યાગ માટે વર્ણન કરવામાં આવ્યું છે એવા સાધુ, નિજ સંત, યોગીજન અને વૈરાગી વીતરાગી છે.

ભાવાર્થ

સંસારમાં જેઓ મક્કમપણે અને કડકાઈભર્યા નિયમનું પાલન કરીને વૈરાગ્યપૂર્ણ જીવન જીવી ત્યાગની વૃત્તિ ધરાવનારાનું જે રીતે વર્ણન કરવામાં આવ્યું છે. એવા જનો સાધુપુરુષ, સાચા સંત, યોગીજનો અને વૈરાગી અનાસક્ત છે.

ચોસરા - ૨૧

અબ જીનું સંત અતંત વરતકી, શ્રોત કહત સમજાઈ;
નિજપતિ અંશ ભિન્ન ભવ દરશીત, દહિત ન તત્ત્વ બલાઈ. ૧

શબ્દાર્થ

અબ = હવે **જીનું** = જેનું, જે, જેમનું **સંત** = સંત પુરુષ **અતંત** = ઘાટથી રહિત, અઘાટ, સ્થૂળ દેહથી પર **વરતકી** = નિયમ, વ્રતની **શ્રોત** = સાંભળનાર વર્ગ, શ્રોતાજનો **કહત** = કહુ છું **સમજાઈ** = સમજ પડે તે રીતે **નિજપતિ** = સર્જનહાર, કર્તા, આદિ, માલિક **અંશ** = અંશ **ભિન્ન** = જુદો, અલગ **ભવ** = વિશ્વ, જગત, સંસાર **દરશીત** = જોવું, નિહાળવું, દેખાવું **દહિત** = દહન, બળવું, દાઝવું **ન** = નહીં **તત્ત્વ** = તત્ત્વ **બલાઈ** = બલા, વળગાળ, દુઃખદાયક આફત.

અનુવાદ

હે શ્રોતાજનો ! હવે જે ઘાટ રહિત થઈને રહેતા સંતોના વ્રતની સમજ કહું છું. તેઓ નિજપતિના અંશને ભવથી ભિન્ન નિહાળીને તત્ત્વોની વળગાળથી બળતા નથી.

ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સાચા સંત પુરુષોના અડગ નિયમ અને નાશવંત ઘાટથી રહિત આત્મદષ્ટિથી જ નિહાળવાની વૃત્તિ અંગે શ્રોતાજનોને સમજ આપતા કહે છે કે જગતમાં જીવન જીવતા આવા સંતો પોતાના નાશવંત દેહના સ્વામી તરીકે રહેલા ચૈતન અંશને દેહના તત્ત્વોથી ભિન્ન અને સર્વોપરિ તરીકે ગણે છે. વળી ગુણ-ઘણ અંતઃકરણ અને અવસ્થાના વૈભવી કાર્યોને બલા સમજતાં હોઈ તેનાથી દાઝતાં નથી, પરંતુ તેનાથી પર થઈને માત્ર આત્મ સ્વરૂપમાં લીન બનીને વૈરાગ્યપૂર્ણ જીવન જીવતા હોય છે.

અગમ ગતિ સર્વજ્ઞ સતંતર, અંતર રહિત સવેતા;
નામ રૂપ ગુણકે થઈ કારણ, સાક્ષીવંત રહેતા. ૨

શબ્દાર્થ

અગમ = ઈન્દ્રયાતીત, અગમ્ય **ગતિ** = અવસ્થા, શક્તિ **સર્વજ્ઞ** = બધું જાણનાર, સંપૂર્ણ જ્ઞાતા, પરમેશ્વર **સતંતર** = અંતર રહિત, એકસૂત્રવત્, સળંગ તારવત્ **અંતર રહિત** = અભિન્ન, ભિન્નતા વગર **સવેતા** = જાણનારા, જાણકાર **નામ** = નામ **રૂપ** = આકાર **ગુણકે** = ત્રિગુણાત્મક લક્ષણના **થઈ** = થઈને **કારણ** = આધાર, પાયો, કાર્યની ઉત્પત્તિ કે પ્રવૃત્તિનું મૂળ **સાક્ષીવંત** = સાક્ષીરૂપે **રહેતા** = રહેવું.

અનુવાદ

સર્વજ્ઞ સાથે ભિન્નતા વગર સળંગ સૂત્રવત્ રહીને ઈન્દ્રિયાતીત અવસ્થાથી સર્વ જાણવાવાળા છે. વળી નામ, રૂપ, ગુણના કારણરૂપે થઈને પોતાને સાક્ષી સ્વરૂપે માંનીને રહેતા હોય છે.

ભાવાર્થ

સાચા સંત પુરુષ સર્વજ્ઞ ગતિવાળા પદ સાથે અભિન્ન રૂપે સળંગ સૂત્રવત્ રહે છે. તેઓ પોતાની ઈન્દ્રિયાતીત અવસ્થાથી આદ્ય, મધ્ય અને અંતની સર્વ ઘટનાને જાણવાવાળા છે. વળી નામ, રૂપ અને ગુણના કારણરૂપે થઈને પોતાને સાક્ષીરૂપે માનીને રહેતાં હોય છે. અને જગતમાં પણ સાક્ષીભાવે જ વિચરણ કરે છે.

ભિન્ન નહીં ભગવંત જીનંતર, રલીત સરલ સમપુરા;
આડય અટક નહીં ખટક ખલકકી, અનુભવ હાલ હજુરા. ૩

શબ્દાર્થ

ભિન્ન = જુદા, અલગ **નહીં** = નહીં **ભગવંત** = ભગવાન **જીનંતર** = જેના અંતરમાં, જેના હૃદયમાં **રલીત** = રેલાય, વહે, ગુંજે, ગરકાવ થવું **સરલ** = સરળતાપૂર્વક **સમપુરા** = સંપૂર્ણપણે, સદા, હંમેશ **આડય અટક** = અટકણરૂપ, પ્રતિબંધ, નડતર રૂપ, આંતરો **નહીં** = નહીં **ખટક** = ઉપાધિ, મુશ્કેલી **ખલકકી** = દુનિયાની, જગતની **અનુભવ** = સીધો પરિચય, ઈન્દ્રિયગમ્ય પરિચય, જાત પરિચય **હાલ હજુરા** = પ્રત્યક્ષ સ્થિતિ, વર્તમાન હોવું, પ્રત્યક્ષ હાજરી, સમીપ ઉત્પતિ, અદ્યાપિ, નજર સમક્ષ.

અનુવાદ

તેઓ સરળતાપૂર્વક પૂર્ણપણે ગરકાવ થયા હોવાથી તેમના હૃદય ભગવાનથી ભિન્ન નથી. જેથી પ્રત્યક્ષ અનુભવને કારણે તેમને જગતપક્ષની કોઈપણ ઉપાધિ કે અટકણરૂપ આંતરો (અટકણ) નથી.

ભાવાર્થ

તેઓ સહજ રીતે સંપૂર્ણપણે તે પદમાં ગરકાવ થયેલા હોવાથી પરમેશ્વરની સાથે તેમના હૃદયમાં જરાપણ જુદાપણુ હોતું નથી. વળી હંમેશને માટે તેઓ દેહાતીત બનીને તે શાશ્વત પદને પ્રત્યક્ષ અનુભવતા હોવાથી જગત પક્ષની કોઈપણ નાશવંત ઉપાધિ કે અડચણ તેમને અસર કરતી નથી કે આંતરો બનીને નડતી નથી. અર્થાત્ રૂકાવટ કરતી નથી.

જીનકે વચન અચંત ચિનાવત, અભે કરન ભય ત્યાગી;
તે સાધુ નિજસંત યોગીજન, વૈરાગીન વીતરાગી. ૪

શબ્દાર્થ

જીનકે = જેમના, જેઓના **વચન** = બોલ, વાણી **અચંત** = ચિંતવનમાં ન આવે તેવું, તત્ત્વાતીત **ચિનાવત** = ઓળખાવે **અભે કરન** = જ્યાં ગયા પછી કોઈ ભય નથી તેવું પદ પ્રાપ્ત કરાવવાવાળા **ભય** = આફત, સંકટ **ત્યાગી** = ત્યજી **તે** = તેવા **સાધુ** = સાધુ પુરુષ **નિજસંત** = સાચા સંત **યોગીજન** = યોગીજનો **વૈરાગીન** = વૈરાગ્યપૂર્ણ જીવન જીવતા **વીતરાગી** = અનાસક્ત.

અનુવાદ

તેમનાં વચનો તત્ત્વાતીતને ઓળખાવીને ભયને ત્યજી નિર્ભય કરાવવાવાળા છે. તેવા સાધુ, નિજસંત, યોગીજન, વૈરાગી અને વીતરાગી કહેવાય છે.

ભાવાર્થ

તેમના જ્ઞાનયુક્ત વચનો ચિંતવનમાં ન આવે તેવા તત્ત્વાતીત પદને ઓળખાવે છે અને જન્મ-મરણના ભવ સંકટના ભયને ત્યજીને નિર્ભયતા પ્રદાન

કરવાવાળા છે. જેથી અભય પદને પ્રાપ્ત કરવાવાળા સાધુપુરુષ, સાચા સંત, યોગીજન અને વૈરાગી અનાસક્ત કહેવાય છે.

દોહા

કીયેહુ લક્ષ નિજ સંત સભાસન, તજ્ઞ યોગ સાધનકે;
કહે કુવેર સમેર ચતુરમહી, શ્રેષ્ઠ સંત પાદનકે. ૧

શબ્દાર્થ

કીયેહુ = કર્યા, બતાવ્યો, કહ્યો **લક્ષ** = લક્ષણ **નિજ સંત** = મૂળ સંત, સાચા સંત **સભાસન** = વિશેષ વ્યક્તિત્વ ધરાવતી, ઉત્તમવાણી, વિશેષ વૃતાંત **તજ્ઞ** = વૈરાગી, જ્ઞાની, તત્ત્વજ્ઞ, જાણકારા, વિદ્વાન **યોગ** = ચિત્તવૃત્તિનો નિરોધ કરનાર યોગી **સાધનકે** = સાધના કરનાર સાધુ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **સમેર** = આગળ પડતા, મુખ્ય, મોખરે **ચતુરમહી** = ચારેયમાં **શ્રેષ્ઠ** = ઉત્તમ, ઉત્કૃષ્ટ **સંત** = સંતપુરુષ **પાદનકે** = સ્થાન, પદ.

અનુવાદ

સાચા સંત, વૈરાગી, યોગી એ સાધુના લક્ષણો વિશેષ વૃતાંત કરીને જણાવ્યું છે. કુવેરસ્વામી કહે છે કે આ ચારેયમાં સંતનું સ્થાન મોખરાનું અને સર્વશ્રેષ્ઠ છે.

ભાવાર્થ

આ અંગમાં સાચા સંત, યોગીપુરુષ, વૈરાગીજનો અને સાધુપુરુષનાં લક્ષણોને સવિશેષ વૃતાંત કરીને જણાવવામાં આવ્યા છે. કુવેરસ્વામી શ્રીમત્ કરુણાસાગર કહે છે કે સાધુપુરુષ, સાચા સંત, યોગીજનો અને વૈરાગીપુરુષ એમ ચારેયમાં આવા સાચા સંતપુરુષનું સ્થાન સર્વથી શ્રેષ્ઠ અને મેરુ પર્વતની જેમ મોખરાનું સ્થાન ધરાવનારા છે.

ચોપાઇ અનુસુચી

ચોપાઈ	અંગ	ચોસરા	ચોપાઈ નં	પેજ.ન
		અ		
અરવીંગા અજ્ઞાન ભરેલા	અંગ ૧	ચોસરા-૧	૨	૨
અરથ અછૂતા ભવમેં ભૂતા	અંગ ૧	ચોસરા - ૩	૨	૮
અબ કાહા કહીએ કહીનજાવત	અંગ ૧	ચોસરા - ૯	૩	૨૮
અરજ અછૂતી હીણ પશુથી	અંગ ૧	ચોસરા - ૯	૪	૨૮
અબકે કહુ નર નીપટ નઠારા	અંગ ૧	ચોસરા - ૧૧	૧	૩૩
અવગુણ દાખી કરે વિલાખી	અંગ ૧	ચોસરા - ૧૭	૨	૫૨
અરે ફટફટ તાહારા વડપણને	અંગ ૧	ચોસરા - ૨૦	૩	૬૨
અદકારુ પામ્યા પરમાંણે	અંગ ૧	ચોસરા - ૨૦	૪	૬૩
અજ્ઞાની અનુકરમ ભરમકી	અંગ ૨	ચોસરા - ૧	૧	૬૮
અજ્ઞાની તે જ્ઞાન ગ્રહેનહિં	અંગ ૨	ચોસરા - ૧	૨	૬૮
અણદેખી ઓરકી કહી માનત	અંગ ૨	ચોસરા - ૮	૪	૯૨
અબકી યુક્ત દગ્ધકી બરનું	અંગ ૨	ચોસરા - ૧૩	૧	૧૦૬
અણ સમજુ ને અમરીખ ભરીયા	અંગ ૨	ચોસરા - ૧૭	૨	૧૧૮
અકલ અરાંની એહી માપસ જીન	અંગ ૨	ચોસરા - ૧૮	૨	૧૨૨
અજ અજમાલ માલ સબ મનકી	અંગ ૨	ચોસરા - ૨૧	૩	૧૩૨
અતિ હિણ તે હિણ સકલ ઉપજમે	અંગ ૩	ચોસરા - ૭	૧	૧૫૩
અખિલ આયુધમહી ભીલન ભાલ ગત્ય	અંગ ૩	ચોસરા - ૯	૩	૧૬૦
અજિયા કંઠ પયોદરવત વિત	અંગ ૩	ચોસરા - ૧૨	૪	૧૭૦
અજ ભવ આદ્ય કીટ તનુ નિરમીત	અંગ ૩	ચોસરા - ૧૮	૧	૧૮૬
અબ સુનિયો નિજદાસન દલ	અંગ ૪	અંગ ૪	૨	૨૦૦
અહેવા નર નિરભેના તનકા	અંગ ૪	ચોસરા - ૪	૩	૨૧૦
અતિ ઉજાગર સાગરસમ દીન	અંગ ૪	ચોસરા - ૧૬	૧	૨૪૬
અસંત સંત વરતાંત લખીત ગત્ય	અંગ ૪	ચોસરા - ૧૮	૧	૨૫૨
અગમ અથાહ થાહ નહીં આવત	અંગ ૫	ચોસરા - ૯	૨	૨૯૩
અબ જીનું કહત સકલ સાધન સુધ્ધ	અંગ ૫	ચોસરા - ૧૦	૧	૨૯૫
અજપા આદ્ય જેહી મંત્ર સજીવ જપ	અંગ ૫	ચોસરા-૧૩	૪	૩૦૬

અભિજીત અરસ શિખર બીચ કહાવત	અંગ ૫	ચોસરા - ૧૬	૧	૩૧૨
અહો ધન્ય નર ધિરજ સધીર તન	અંગ ૫	ચોસરા - ૨૦	૧	૩૨૪
અજભવ એકલસંગ સરીખે	અંગ ૫	ચોસરા - ૨૦	૨	૩૨૫
અબ જીનું સંત અતંત વરતકી	અંગ ૫	ચોસરા - ૨૧	૧	૩૨૭
અગમ ગતિ સર્વજ્ઞ સતંતર	અંગ ૫	ચોસરા - ૨૧	૨	૩૨૭
અતિ હેતારથ કરતારન રથ	અંગ ૪	ચોસરા - ૫	૧	૨૧૧

આ

આદ્ય અંત મધ્ય ઉચ્ચ જ્ઞાનસે	અંગ ૨	ચોસરા - ૩	૪	૭૬
આપે અંધ નિરંધ જીજીમાનું	અંગ ૨	ચોસરા - ૯	૪	૯૬
આડકઠા અટકણ બેઅદબી	અંગ ૨	ચોસરા - ૧૫	૧	૧૧૧
આગળ દહીત ભયા જેહી જુગમેં	અંગ ૩	ચોસરા - ૨૦	૧	૧૯૧
આઠેય અંગકુ મેદ કલાવત	અંગ ૪	ચોસરા - ૭	૨	૨૧૯
આસન સિદ્ધ સમાધ્ય કરન એ	અંગ ૫	ચોસરા - ૧૫	૨	૩૧૦
આત્મદેહ પંખ ગતિ ગ્યમકી	અંગ ૫	ચોસરા - ૧૮	૨	૩૧૮

ઈ

ઈશ્વરતા જીનું જ્ઞાન રાજયપદ	અંગ ૩	ચોસરા - ૧૦	૨	૧૬૩
ઈંટમાંહી ખીંગાર ઉપજ જેહુ	અંગ ૩	ચોસરા - ૧૧	૨	૧૬૫
ઈન્દ્રિ સકલમહી ઉભયે અશુભ વત	અંગ ૩	ચોસરા - ૧૨	૨	૧૬૯
ઈંગલા પિંગલા સુરત ઉલટ સ્વર	અંગ ૫	ચોસરા - ૧૬	૩	૩૧૩

ઉ

ઉચે કુલ નહીં ઉચ કહાવત	અંગ ૨	ચોસરા - ૩	૨	૭૫
ઉપલ્યે મન ધરીયે અતબારન	અંગ ૩	ચોસરા - ૧૯	૩	૧૯૦
ઉરધ ગતિ પતિ રહત રતિનકે	અંગ ૫	ચોસરા - ૧૯	૩	૩૨૨
ઉંચા કુળના હોય પણ તેહેનાં	અંગ ૧	ચોસરા - ૨૦	૧	૬૦

એ

એ શીખની ઉર આંચ ધરીને	અંગ ૧	ચોસરા - ૧૪	૪	૪૪
એહેવાં ફળ એહેના કરતવનાં	અંગ ૧	ચોસરા - ૨૦	૨	૬૧

એહી પરકાર ઉલઝ સબ અવળી	અંગ ૨	ચોસરા - ૧	૪	૭૦
એહી વિધિ જ્ઞાન ઉપજ જેહી તેહી ઘટ	અંગ ૨	ચોસરા - ૬	૪	૮૬
એહી વરતાંત જ્યું અજ્ઞાનીનકે	અંગ ૨	ચોસરા - ૧૦	૧	૯૭
એહવા જન અણખપતા જગમેં	અંગ ૨	ચોસરા - ૧૫	૩	૧૧૩
એહી અનુકુલ નર નુગર રહનકે	અંગ ૨	ચોસરા - ૧૯	૨	૧૨૫
એહીવિધી વિકલ અકળ અદબદ ગત્ય	અંગ ૨	ચોસરા - ૨૧	૨	૧૩૧
એહી પરકાર અચેત અખિલ જીવ	અંગ ૨	ચોસરા - ૨૧	૪	૧૩૨
એ ચારુ સરભર સરખા નર	અંગ ૩	ચોસરા - ૨	૧	૧૩૮
એહી પરકાર સકલ પ્રતિપાલન	અંગ ૩	ચોસરા - ૬	૩	૧૫૨
એહી વિધિ કરણી કરન નર ભવસે	અંગ ૩	ચોસરા - ૧૦	૪	૧૬૪
એહી પરકાર નર સાકુટ ગત્ય	અંગ ૩	ચોસરા - ૧૬	૨	૧૮૧
એહેવા નર નરકીનું હરિ પખ	અંગ ૩	ચોસરા - ૧૯	૪	૧૯૧
એહી ચારુ સમકે સાકુટ ખલ	અંગ ૩	ચોસરા - ૨૧	૨	૧૯૫
એક ટેક તન ત્યાગ કરન લગ	અંગ ૪	ચોસરા - ૩	૩	૨૦૭
એવા નર ઉજ્જવલ અનભેગત્ય	અંગ ૪	ચોસરા - ૭	૩	૨૨૦
એહી પરકાર પુરુષ પતિવ્રતા	અંગ ૪	ચોસરા - ૮	૪	૨૨૪
એકમેક મલતાન મોહનસુ	અંગ ૪	ચોસરા - ૧૦	૪	૨૩૦
એહી વિધિ રહેણ રહન તિનકુ ધન્ય	અંગ ૪	ચોસરા - ૧૫	૪	૨૪૬
એહી પરકાર સંત સેવન ગત્ય	અંગ ૪	ચોસરા - ૧૮	૪	૨૫૫
એહી પરકાર જાણ્ય જાણી નર	અંગ ૪	ચોસરા - ૨૧	૪	૨૬૪
એકાએક પેખ નિજપદકે	અંગ ૫	ચોસરા - ૩	૩	૨૭૪
એહીવિધિ નાભિ નવેર કરન જપ	અંગ ૫	ચોસરા - ૧૧	૪	૩૦૦
એહી સાધન કુલ કરત કરામલ	અંગ ૫	ચોસરા-૧૩	૩	૩૦૫
એ આસન નિજ પદ્મ યોગ જીત	અંગ ૫	ચોસરા - ૧૪	૪	૩૦૯

ઓ

ઓર ઓખર દુર્ગાદિક પૂજન	અંગ ૧	ચોસરા - ૮	૪	૨૫
ઓરુ અજીયા અનુસુતના સરખા	અંગ ૧	ચોસરા - ૧૬	૪	૫૦
ઓરુ સાપ્રથનો સંગ કરત નહીં	અંગ ૨	ચોસરા - ૧	૩	૬૯
ઓરુ નીચે જંગમ તે સ્થાવર	અંગ ૨	ચોસરા - ૪	૨	૭૮
ઓરુ તિરથ વ્રત સંજમ જડવત	અંગ ૨	ચોસરા - ૮	૨	૯૧

ઓરુ જીનકે શિર સામ્રથ ગુરુ ભુજ	અંગ ૨	ચોસરા - ૧૯	૩	૧૨૬
ઓરુ જેતન્યે વનફલ સબમાંહી	અંગ ૩	ચોસરા - ૩	૨	૧૪૧
ઓરુ સબ ઘટકે ખાનપાનકી	અંગ ૩	ચોસરા - ૬	૧	૧૫૦
ઓરુ અપકે બુંદ બુદંગ લહેર મહી	અંગ ૩	ચોસરા - ૮	૩	૧૫૭
ઓરુ સકલ સબ પશુ જોન્યમેં	અંગ ૩	ચોસરા - ૯	૧	૧૫૯
ઓરુ જેસે અંગાર જવારમહી	અંગ ૩	ચોસરા - ૧૨	૩	૧૬૯
ઓરુ લોભી લંપટકી નઠોરક	અંગ ૩	ચોસરા - ૧૩	૨	૧૭૨
ઓરુ ખરકુ જ્યૌ સકર ઝેરવત	અંગ ૩	ચોસરા - ૧૫	૨	૧૭૮
ઓરુ પુની ખેત જહુ જવાસનકે	અંગ ૩	ચોસરા - ૧૬	૧	૧૮૦
ઓર નિગમ નિજ કરમ વહિત ખલ	અંગ ૩	ચોસરા - ૧૯	૧	૧૮૮
ઓરુ ચીકટકે મધ્ય મલિનમહી	અંગ ૪	ચોસરા - ૮	૨	૨૨૨
ઓરુ હરિજન ભક્તનકી ભક્તિ	અંગ ૪	ચોસરા - ૧૫	૩	૨૪૫
ઓરુ અજ ભવ ઈન્દ્રા દીક્કી રધ્ય	અંગ ૫	ચોસરા - ૪	૪	૨૭૮
ઓરુ અનહદ દશ નાદ નિરંતર	અંગ ૫	ચોસરા-૧૩	૧	૩૦૪
ઓરુ સૂણીયો જન યોગનકી જગ	અંગ ૫	ચોસરા - ૧૪	૧	૩૦૬
ઓરુ સૂણીયો નરવેદ ત્યાગ મગ	અંગ ૫	ચોસરા - ૧૮	૧	૩૧૮

અં

અંધુ ભૂંદુ ને અપરાધી	અંગ ૧	ચોસરા - ૨૧	૧	૬૬
અંતસકરણ વરણશંકરના	અંગ ૨	ચોસરા - ૧૨	૩	૧૦૪
અંતઃકરણ ગલીત બિના જીનકે	અંગ ૩	ચોસરા - ૧૫	૪	૧૭૯
અંતઃકરણ ઈન્દ્રિ સહિતમ ગુણ	અંગ ૪	ચોસરા - ૬	૪	૨૧૭

ક

કરમહીણ એહવાને કબહુક	અંગ ૧	ચોસરા - ૮	૧	૨૩
કરમ કરાવે જુગત જનાવે	અંગ ૨	ચોસરા - ૯	૩	૯૫
કરહી કલેશ કુટુંબ કુલ ભિતર	અંગ ૨	ચોસરા - ૧૨	૧	૧૦૨
કાળા મુખના કાગ સરીખા	અંગ ૨	ચોસરા - ૧૪	૩	૧૧૦
કાળ ખાય તે કરી કબુલે	અંગ ૨	ચોસરા - ૧૪	૪	૧૧૧
કાજ અકાજ સકાજ ન સમજે	અંગ ૨	ચોસરા - ૧૫	૨	૧૧૨
કેતેક કાળ નરકમેં ભૂગતી	અંગ ૧	ચોસરા - ૩	૩	૯

કોટી કલપ યેંમ કરતાં વીત	અંગ ૧	ચોસરા - ૩	૪	૯
કોટિક સંત કથે શિખ દેવત	અંગ ૨	ચોસરા - ૧૫	૪	૧૧૪
કહયું ન માનત કંકર સરખા	અંગ ૨	ચોસરા - ૧૬	૩	૧૧૬
કલકાવલ બિનું કુલની કરીયા	અંગ ૨	ચોસરા - ૧૭	૩	૧૧૯
કરમ કઠોર વગલ વલ ભરીયા	અંગ ૩	ચોસરા - ૨	૪	૧૪૦
કેદ્ય એક કર્તારકી અદ્‌ભુત	અંગ ૩	ચોસરા - ૫	૩	૧૪૮
કીટ મહી જ્યૌ સરપ વિછુકી	અંગ ૩	ચોસરા - ૭	૩	૧૫૫
કંચિત માત્ર કાજ વિભૂતિકે	અંગ ૩	ચોસરા - ૨૦	૪	૧૯૪
કીટ પતંગ પ્રાણી પશુ પંખી	અંગ ૪	ચોસરા - ૩	૧	૨૦૫
કોટ અનંત ભક્ત ભવભિતર	અંગ ૪	ચોસરા - ૧૩	૪	૨૩૯
કોઈ કલપંત કાલ નહીં ઉપજત	અંગ ૪	ચોસરા - ૧૬	૨	૨૪૭
કહત વિયોગ યોગ કરનન જીત	અંગ ૫	ચોસરા - ૭	૩	૨૮૭
કંઠ કમળ જીવ શિવકા વાસા	અંગ ૫	ચોસરા - ૧૨	૨	૩૦૨
કીન બરન વૈરાગ ત્યાગકે	અંગ ૫	ચોસરા - ૨૦	૪	૩૨૬
કીયેહુ લક્ષ નિજ સંત સભાસન	અંગ ૫	ચોસરા - ૨૧	૧	૩૩૦

ખ

ખલ નર તે ખોટા કોહુ સાથે	અંગ ૩	ચોસરા-૧	૪	૧૩૭
ખુદ કર્તા ગત્ય એહી કરતસે	અંગ ૩	ચોસરા - ૫	૪	૧૪૯
ખટદલ કમલ સમલ જીનકે જપ	અંગ ૫	ચોસરા - ૧૧	૧	૨૯૮

ગ

ગ્રામતણો અદકારી અદબી	અંગ ૧	ચોસરા - ૧૯	૩	૫૯
ગયે પુરુષકે જ્ઞાન કથનકી	અંગ ૨	ચોસરા - ૮	૩	૯૨
ગ્રંથ જ્ઞાનને શૂણતાં સુધી	અંગ ૨	ચોસરા - ૧૪	૨	૧૦૯
ગૌપાલન ગોવાળનકી મત્ય	અંગ ૪	ચોસરા - ૨	૪	૨૦૪
ગ્રભવંતી જ્યૌ નાર નચિંત નહીં	અંગ ૪	ચોસરા - ૫	૨	૨૧૨
ગરભ નચંત માત એકતાયન	અંગ ૪	ચોસરા - ૨૧	૧	૨૬૨

ચ

ચીભડ આદ્ય ઓરુ તુરૈ તુંબમહી	અંગ ૩	ચોસરા - ૧૧	૩	૧૬૬

ચૌદલોક સુખ સુકરવિષ્ટ તજ	અંગ ૫	ચોસરા - ૯	૪	૨૯૪
ચતુર સહસ્ત્ર દ્વે જાપીત જાપ જહાં	અંગ ૫	ચોસરા - ૧૧	૩	૨૯૯

છ

છકીત અમલ તે પુનિત પ્રેમકે	અંગ ૪	ચોસરા - ૭	૧	૨૧૮
છીવત ન ધાતુ પાત વિનતા રસ	અંગ ૫	ચોસરા - ૩	૪	૨૭૫

જ

જે બંચે પાવત પરસાદી	અંગ ૧	ચોસરા - ૭	૪	૨૨
જ્યૌ કોઈ રહેણ વિષે ઘર દીપક	અંગ ૧	ચોસરા - ૯	૧	૨૬
જો કહેના થા સો કહીદીના	અંગ ૧	ચોસરા - ૧૦	૪	૩૨
જલ નવ બોલે પત્થર કયૌ લે	અંગ ૧	ચોસરા - ૧૧	૩	૩૪
જબ તેહી તીરથ વ્રત વિના ફલ	અંગ ૧	ચોસરા - ૧૨	૧	૩૬
જે જાગ્રત નર પુરુષ પ્રતાપિ	અંગ ૧	ચોસરા - ૧૨	૨	૩૭
જેણા થઈ જખમાર સરીખા	અંગ ૧	ચોસરા - ૧૩	૧	૩૯
જો કદાપી તેહી દાન કરે તો	અંગ ૧	ચોસરા - ૧૫	૨	૪૬
જે સંગતથી સતમતિ નાસત	અંગ ૧	ચોસરા - ૧૯	૧	૫૭
જે નરને પરછાયે પ્રાત્યક	અંગ ૧	ચોસરા - ૧૯	૨	૫૮
જો હરિ ભણી ન વળો તો ન વળો	અંગ ૧	ચોસરા - ૨૧	૧	૬૩
જે સંતન મૂખ છાંડ પ્રસાદી	અંગ ૨	ચોસરા - ૫	૧	૮૦
જેહી જીવત જીનકે જીવનસે	અંગ ૨	ચોસરા - ૫	૨	૮૧
જીનકે જ્ઞાન પ્રતાપ પૂરવસે	અંગ ૨	ચોસરા - ૬	૧	૮૪
જાત્ય ભાત્ય ઓરુ વિધિ નખેદે	અંગ ૨	ચોસરા - ૭	૧	૮૭
જેમ કોરડઅનમે ગાંગણવત	અંગ ૨	ચોસરા - ૧૬	૪	૧૧૭
જેહી ઉપરાય પરમ ગત્ય સતવિત્ત	અંગ ૨	ચોસરા - ૧૯	૪	૧૨૬
જબ લગી ભ્રાન્ત ગયેબિનું મનકી	અંગ ૨	ચોસરા - ૨૦	૨	૧૨૮
જંત જાત્ય જુગમેં જેહી જીનકી	અંગ ૨	ચોસરા - ૨૦	૩	૧૨૯
જંત જાડય જડ તન સમોવડ	અંગ ૨	ચોસરા - ૨૦	૪	૧૨૯
જ્યૌં અષ્ટાદશ લક્ષ સ્થાવરમે	અંગ ૩	ચોસરા - ૨	૨	૧૩૯
જ્યૌ સાહરમે શૂન્ય છીપવત	અંગ ૩	ચોસરા - ૩	૪	૧૪૩
જેહી પ્રકાર વચન જાત્યમે	અંગ ૩	ચોસરા - ૪	૪	૧૪૬

જ્યૌ અવનિ પર ઉસર કુપનાં	અંગ ૩	ચોસરા - ૫	૧	૧૪૭
જલચરમેં જેમ જુડ મગરમચ્છ	અંગ ૩	ચોસરા - ૮	૧	૧૫૬
જ્યૌ કંટકમહી અવલ કંટકવત	અંગ ૩	ચોસરા - ૯	૨	૧૬૦
જ્યૌ ખોટા ખડવત ખલકમહી	અંગ ૩	ચોસરા - ૧૧	૪	૧૬૭
જેહી બિનું સત અત બાંનસ બાબજ	અંગ ૩	ચોસરા - ૧૩	૪	૧૭૩
જેહી નર બુદ્ધ બેકાયનકે તન	અંગ ૩	ચોસરા - ૧૪	૪	૧૭૬
જ્યૌ સુરભી ઉર કથીર કીટવત	અંગ ૩	ચોસરા - ૧૫	૧	૧૭૭
જેહી પરકાર કમલ નીક મીંડક	અંગ ૩	ચોસરા - ૧૬	૩	૧૮૧
જ્યૌ ચલની અન્ન સાહાર બહાયત	અંગ ૩	ચોસરા - ૧૭	૧	૧૮૩
જેસે સૂકર કીચકી માંહી	અંગ ૩	ચોસરા - ૧૭	૩	૧૮૪
જો કદપી તે અમલી હોય તો	અંગ ૩	ચોસરા - ૧૯	૨	૧૮૯
જહાં ત્હાં પરઉપગારનકુ રત્યમન	અંગ ૪	ચોસરા - ૩	૨	૨૦૬
જ્યૌ લોભીનકુ દરવ સરવ વિત્ત	અંગ ૪	ચોસરા - ૪	૨	૨૦૯
જલકમલવત ન્યાય નિરંતર	અંગ ૪	ચોસરા - ૪	૪	૨૧૧
જ્યૌ નેંનનમહી અણુની આદ્ય રજ	અંગ ૪	ચોસરા - ૮	૧	૨૨૧
જદપી કછુ ગફલત નહીં ચાલત	અંગ ૪	ચોસરા - ૯	૧	૨૨૪
જેતનેભર ભોગનકી જીનકે	અંગ ૪	ચોસરા - ૧૦	૨	૨૨૯
જાંહાં જાંહાં સાચ તાંહાં હરિ સનમુખ	અંગ ૪	ચોસરા - ૧૧	૪	૨૩૪
જેહી જેહી કાજ કરત સાચનકે	અંગ ૪	ચોસરા - ૧૪	૧	૨૪૦
જૂઠ વગલ જ્યૌં કથીર કનકમે	અંગ ૪	ચોસરા - ૧૫	૧	૨૪૩
જ્યૌ જલસુ પલ મીન ન વિછરત	અંગ ૪	ચોસરા - ૧૬	૪	૨૪૯
જ્યૌ પાષણ કાષ્ટ ધાતન મૃત	અંગ ૪	ચોસરા - ૧૮	૨	૨૫૩
જેહી નિર્ગુણ નિરવેવ નિરંજન	અંગ ૪	ચોસરા - ૧૯	૩	૨૫૭
જીનકે ભજન સંત સેવન તન	અંગ ૪	ચોસરા - ૨૦	૧	૨૫૯
જા દિન સંત મિલે તેહી પલકુ	અંગ ૪	ચોસરા - ૨૦	૨	૨૫૯
જેહી વિધિ ગરભ રહત અનુકરમીત	અંગ ૪	ચોસરા - ૨૦	૪	૨૬૧
જીનકે વસન વાસ જંગલ જીત	અંગ ૫	ચોસરા - ૯	૩	૨૯૪
જેહી જીનકે સ્થલ મંતરજપ	અંગ ૫	ચોસરા - ૧૦	૩	૨૯૭
જીનું આસન નિજ પદમ પરાયન	અંગ ૫	ચોસરા - ૧૪	૨	૩૦૭
જબ ઉતકી નહીં લહત વિવરતા	અંગ ૫	ચોસરા - ૧૭	૧	૩૧૫
જીનકે યોગ કરત સોઈ યોગી	અંગ ૫	ચોસરા - ૧૭	૪	૩૧૭

જીનકી રહેણ્ય કહેણ્ય સોઈ કરતલ	અંગ ૫	ચોસરા - ૧૯	૨	૩૨૨
જીનકે વચન અચંત ચિનાવત	અંગ ૫	ચોસરા - ૨૧	૪	૩૨૯

ઝ

ઝડત નાદ ઝનકાર વિવિધ વિધ્ય	અંગ ૫	ચોસરા - ૧૭	૩	૩૧૬

ત

ત્યૌં પરકારે રવિસુતના પદ	અંગ ૧	ચોસરા - ૨	૨	૫
તે સંકટ શિર સોમતણું	અંગ ૧	ચોસરા - ૨	૩	૫
તમનો તમ તેનો તે મારગ	અંગ ૧	ચોસરા - ૪	૧	૧૦
તારણ તરણ પરતાપ પુરુષની	અંગ ૧	ચોસરા - ૫	૩	૧૫
તે શિકોતર જે જુગદેવી	અંગ ૧	ચોસરા - ૬	૧	૧૭
તે ભોજન દુર્ગા દેવીનકે	અંગ ૧	ચોસરા - ૭	૩	૨૧
ત્યૌં મસરીવત્ જ્ઞાન સુણાવત	અંગ ૧	ચોસરા - ૮	૩	૨૫
ત્યૌં અજ્ઞાન નિશા નિજ દીપક	અંગ ૧	ચોસરા - ૯	૨	૨૭
તે નુઘરા નગણા નારકીથી	અંગ ૧	ચોસરા - ૧૦	૩	૩૧
તે દેવળ ડહેરાનું પૂજન	અંગ ૧	ચોસરા - ૧૧	૨	૩૩
ત્યૌ જડ દેવ અફળ જેહી પૂજન	અંગ ૧	ચોસરા - ૧૧	૪	૩૫
તે કબહુક સત્સંગ સભામે	અંગ ૧	ચોસરા - ૧૨	૩	૩૮
તે જમ તમનું ક્યમ ન બોલે	અંગ ૧	ચોસરા - ૧૪	૨	૪૩
તેમ તેહેનું દુઃખ નધરે સાધુ	અંગ ૧	ચોસરા - ૧૪	૩	૪૪
તે અરણા આરણવન જેસા	અંગ ૧	ચોસરા - ૧૬	૩	૪૯
તદપી જો તેનાં સંગતથી	અંગ ૧	ચોસરા - ૧૭	૪	૫૩
તે માટે તેના પરસંગને	અંગ ૧	ચોસરા - ૧૮	૧	૫૪
તબતે આશ કરે કહો કુણની	અંગ ૧	ચોસરા - ૧૮	૩	૫૬
તે આગળ નવરોનહીં નિશદિન	અંગ ૧	ચોસરા - ૨૧	૨	૬૪
તે નહીં આવત કામ ઉનુકે	અંગ ૨	ચોસરા - ૧૧	૨	૧૦૦
ત્યૌ નુગરા અજ્ઞાન જ્ઞાનને	અંગ ૨	ચોસરા - ૧૮	૩	૧૨૨
ત્યૌ લંપટ લોભી ખલ નિપજ્ય	અંગ ૩	ચોસરા - ૩	૩	૧૪૨
તેત્રીસ ક્રોડ દેવમેં દાનવ	અંગ ૩	ચોસરા - ૪	૧	૧૪૪
ત્યૌ ચારુ એહી ભક્તિ જ્ઞાનમેં	અંગ ૩	ચોસરા - ૪	૨	૧૪૪

ત્યૌ કરતાર સૃષ્ટિ ઉપજાવત	અંગ ૩	ચોસરા - ૫	૨	૧૪૭
તદપી અધમ કોહુ નહીં વા જનસે	અંગ ૩	ચોસરા - ૬	૪	૧૫૨
તદપિ ત્રાસ હરિજન સાકુટકે	અંગ ૩	ચોસરા - ૧૦	૩	૧૬૩
તદપી સંત અતિ આગ્ર કરીત જીનું	અંગ ૩	ચોસરા - ૧૪	૩	૧૭૫
તાંબા કથીર કાંસકી કાઈ	અંગ ૩	ચોસરા - ૧૭	૨	૧૮૪
તબતે ગઈ દુગ્ધા દેવનકી	અંગ ૩	ચોસરા - ૨૦	૨	૧૯૨
ત્યૌ હરિજન ગરભીત ઉર ભગવત	અંગ ૪	ચોસરા - ૫	૩	૨૧૩
તદપી ભક્ત જક્તનકી ભિતર	અંગ ૪	ચોસરા - ૫	૪	૨૧૪
ત્યૌ હરિજનને અમલ ભક્તિ રસ	અંગ ૪	ચોસરા - ૬	૩	૨૧૬
તદપિ ભક્તિવ્રત ચઢન દાસ નટ	અંગ ૪	ચોસરા - ૯	૨	૨૨૫
તે માટે તિનમેં નહીં ચાલત	અંગ ૪	ચોસરા - ૧૧	૩	૨૩૩
તબત્યે સાચ સકલ શિર ભુક્ષણ	અંગ ૪	ચોસરા - ૧૪	૩	૨૪૨
ત્યૌ મુગતા સાચનકે જનમુખ	અંગ ૪	ચોસરા - ૧૫	૨	૨૪૪
ત્યૌ ધાતનવત સંતનકે તન	અંગ ૪	ચોસરા - ૧૮	૩	૨૫૪
તબતે ભક્ત ભરમનહીં લાવત	અંગ ૪	ચોસરા - ૧૯	૧	૨૫૬
તજીત સકલ તનું આદ્ય તરપ સુખ	અંગ ૫	ચોસરા - ૨	૪	૨૭૨

દ

દુરમતિ દેખત સાર ન પેખત	અંગ ૧	ચોસરા - ૨	૧	૪
દેવ થકા વશ સાચ સબંધા	અંગ ૪	ચોસરા - ૧૩	૩	૨૩૯
દલ માંને ડહાપણના ડહાયા	અંગ ૧	ચોસરા - ૧૪	૧	૪૨
દેખત ભૂલ્ય ગ્રહે ઘટ ભિતર	અંગ ૨	ચોસરા - ૨	૩	૭૩
દુષ્ટ અતિ દુનિયામાંથી દૂરઘટ	અંગ ૨	ચોસરા - ૧૦	૨	૯૭
દુષ્ટ દુષ્ટ પરત્યે નવ ચાલત	અંગ ૨	ચોસરા - ૧૨	૪	૧૦૫
દલની દઝણા કહો કુણ ભંજે	અંગ ૨	ચોસરા - ૧૩	૩	૧૦૭
દંભીની ઉર દાદ ગ્રહીને	અંગ ૨	ચોસરા - ૧૪	૧	૧૦૯
દામ ચામ કારન ગુણ ગાવત	અંગ ૪	ચોસરા - ૧૦	૧	૨૨૮
દગ્ધ બીજ વૈરાગ્ય અગન્ય જીનું	અંગ ૫	ચોસરા - ૧૮	૩	૩૧૯

ધ

ધુર પરો ધનમાલ તેરેમેં	અંગ ૧	ચોસરા - ૪		૩

ધણી વિના જેમ ઢોર હરાયાં	અંગ ૨	ચોસરા - ૧૩	૪	૧૦૮

ન

નગરપતી કે નાતપટલીયા	અંગ ૧	ચોસરા-૧	૩	૨
નિબલ ભખે સો નીચ કહાવત	અંગ ૧	ચોસરા - ૭	૨	૨૧
નીચતણા બહુ નીચ નઠારા	અંગ ૧	ચોસરા - ૧૩	૩	૪૧
નાજ ન ઉપજે ખરે ઉનાળે	અંગ ૧	ચોસરા - ૧૫	૩	૪૭
નરક પમાડે કબહુન કાઢે	અંગ ૧	ચોસરા - ૧૭	૩	૫૩
નિજ સ્વારથનો સાર ન સમજત	અંગ ૨	ચોસરા - ૨	૨	૭૨
નીચે કુલકે ઉચ ભયલતે	અંગ ૨	ચોસરા - ૪	૧	૭૭
ન ગણે કોઈ મહોબત માનવની	અંગ ૨	ચોસરા - ૧૨	૨	૧૦૩
નુગરાની સુનીયો ગાફલ ગત	અંગ ૨	ચોસરા - ૧૬	૧	૧૧૪
નુગરા તે જીનકુ ગુરુ નાંહી	અંગ ૨	ચોસરા - ૧૬	૨	૧૧૫
નુગરા દુષ્ટ દગ્ધ અજ્ઞાની	અંગ ૨	ચોસરા - ૨૧	૧	૧૩૩
નિરકે ભમર જયું નાવ ભમાવત	અંગ ૩	ચોસરા - ૮	૪	૧૫૮
નફટ નકાર સાર બિનુ સબસે	અંગ ૩	ચોસરા - ૧૩	૩	૧૭૩
નરંધ અચેત વેત વિનુ અંતસ	અંગ ૩	ચોસરા - ૨૧	૪	૧૯૬
નંદતનહિં જુગમાંહી કેહુનકુ	અંગ ૪	ચોસરા - ૨	૨	૨૦૩
નિરમલમાં નિરમલ ભક્તિપદ	અંગ ૪	ચોસરા - ૮	૩	૨૨૩
નિરાધાર આધાર હરિનકે	અંગ ૪	ચોસરા - ૧૦	૩	૨૩૦
નિજ તન સાજ સકલ જીનું હુકમીત	અંગ ૫	ચોસરા - ૪	૧	૨૭૬
નામ રુપ ગુણ દ્દષ્ટ પદન પર	અંગ ૫	ચોસરા - ૫	૪	૨૮૧
નિગમ પુરાણ શાસ્ત્ર ઈતિહાસન	અંગ ૫	ચોસરા - ૭	૨	૨૮૬
નિજ વિપુ સહિત નેહ નહીં જીનું ઈત	અંગ ૫	ચોસરા - ૭	૪	૨૮૮
નાભ સ્થાન દશ દલ પંકજ	અંગ ૫	ચોસરા - ૧૧	૨	૨૯૯
ન્હેઃ કંચન નિરલેપ નરેસર	અંગ ૫	ચોસરા - ૧૯	૧	૩૨૧

પ

પઢીયા ગુણીયા હોય વ્યાકરણી	અંગ ૧	ચોસરા - ૫	૧	૧૩
પંડિત હોય તો પશુ સરીખા	અંગ ૧	ચોસરા - ૫	૨	૧૪
પરખ કહું અવગત પામ્યાની	અંગ ૧	ચોસરા - ૬	૨	૧૭

પશુ તણી કહું પરખ વિશેષણ	અંગ ૧	ચોસરા - ૧૦	૧	૨૯
પશુથી હીણ કહયા તેહી માટે	અંગ ૧	ચોસરા - ૧૦	૨	૩૦
પોતેતો કાંય પૂન્ય કરે નહીં	અંગ ૧	ચોસરા - ૧૭	૧	૫૧
પણ જ્ઞાને નિજ તત્ત્વ દરસકો	અંગ ૨	ચોસરા - ૭	૩	૮૮
પ્રોક્ષ જ્ઞાની જ્ઞાનનકી માનત	અંગ ૨	ચોસરા - ૭	૪	૮૯
પ્રગટ રામ ઓરુ કૃષ્ણ હુતે જબ	અંગ ૨	ચોસરા - ૮	૧	૯૦
પરનેંનસે દેખત દ્વિજ દુનિયા	અંગ ૨	ચોસરા - ૯	૧	૯૩
પુની બ્રાહ્મણ સાધુ સંન્યાસી	અંગ ૨	ચોસરા - ૧૧	૧	૧૦૦
પણ કરતાં પાછી નવ કહાઢત	અંગ ૨	ચોસરા - ૧૧	૩	૧૦૧
પ્રેમ પ્રિત્ય નહીં કોઈ સાથે	અંગ ૨	ચોસરા - ૧૩	૨	૧૦૬
પકરનહિ જીનકે અંતસમેં	અંગ ૨	ચોસરા - ૧૭	૧	૧૧૮
પુનિ તિનકે મૂખ બચન બેનકી	અંગ ૩	ચોસરા - ૭	૨	૧૫૪
પ્રથમ ભક્ત જેહી જીન કુલ ઉપજત	અંગ ૩	ચોસરા - ૯	૪	૧૬૧
પુનહી સાખ્ય સાકુટ ડરપનકી	અંગ ૩	ચોસરા - ૧૦	૧	૧૬૨
પુષ્પ મહી જહુ વંઝ કુસ્મ ગત્ય	અંગ ૩	ચોસરા - ૧૨	૧	૧૬૮
પુનિ સાકુટ ખલ નરકી નિમણા	અંગ ૩	ચોસરા - ૧૩	૧	૧૭૧
પત્થર પર પદ પ્રહાર કરત નર	અંગ ૩	ચોસરા - ૧૪	૨	૧૭૫
પણ હરિજન સંતન કરુણાસે	અંગ ૪	ચોસરા - ૬	૧	૨૧૫
પુનહી સાધ તન સુવસ કમઠવત	અંગ ૫	ચોસરા - ૬	૧	૨૮૨
પ્રથમ ગણેશ ગામી ઘરકી ગત્ય	અંગ ૫	ચોસરા - ૧૦	૨	૨૯૬
પુનહી અંક ચહુ ચતુર પત્રકે	અંગ ૫	ચોસરા - ૧૦	૪	૨૯૭
પુનિ દાહન પદ કરીત બાય પર	અંગ ૫	ચોસરા - ૧૫	૧	૩૦૯
પુષ્પ સહેજ જહાં પરમ તખત પર	અંગ ૫	ચોસરા - ૧૬	૨	૩૧૩

ફ

ફટફટ લંપટ હાવે તુજને	અંગ ૧	ચોસરા - ૪	૨	૧૧
ફંદ પરત ફેરી ફેરી પણ ફોગટ	અંગ ૩	ચોસરા - ૧૪	૧	૧૭૪

બ

બુદ્ધિ નરને બુધ્ધ વિના જે	અંગ ૧	ચોસરા - ૧૫	૪	૪૭
બુદ્ધિહિણ વાયલ વાકલને	અંગ ૧	ચોસરા - ૨૧	૪	૬૫

બાંન જંત જીવન જગ જેતે	અંગ ૨	ચોસરા - ૯	૨	૯૪
બરબટ તે બરપાડ બનેરી	અંગ ૨	ચોસરા - ૧૦	૪	૯૯
બિન તનમન અર્પણ કરનન ધન	અંગ ૨	ચોસરા - ૧૮	૪	૧૨૩
બિનગુરુ મહેર ઉપજ અંતરગત્ય	અંગ ૨	ચોસરા - ૧૯	૧	૧૨૪
બહાર દ્દષ્ટ અવન્ય સર સંધત	અંગ ૫	ચોસરા - ૮	૩	૨૯૦

ભ

ભાવ નહિત્યે ભ્રાન્ત વિના નર	અંગ ૧	ચોસરા - ૧૨	૪	૩૮
ભાને ભૂલ્યા જે ઘટ ઉજડ	અંગ ૧	ચોસરા - ૧૯	૪	૬૦
ભક્ત સોઈ ભગવંત સંતસુ	અંગ ૪	અંગ ૪	૩	૨૦૦
ભજનાનંદ આનંદ અહોનિશ	અંગ ૪	ચોસરા - ૪	૧	૨૦૮
ભક્ત સોઈ ભગવંત પિયારા	અંગ ૪	ચોસરા - ૭	૪	૨૨૧
ભક્તિ અંગ કુલવંત કામની	અંગ ૪	ચોસરા - ૯	૩	૨૨૬
ભક્તિ પરખ ભામનસે ઉદાસીક	અંગ ૪	ચોસરા - ૯	૪	૨૨૭
ભાયગ ઉગ્ર અનંત તેહુનકે	અંગ ૪	ચોસરા - ૧૭	૨	૨૫૦
ભેખ સકલ ભગવંત સમોવડ	અંગ ૪	ચોસરા - ૧૯	૨	૨૫૬
ભક્ત સંત અનવે એકતા રત્ય	અંગ ૪	ચોસરા - ૨૧	૨	૨૬૩
ભક્ત નિર સલિતા સંતનમે	અંગ ૪	ચોસરા - ૨૧	૩	૨૬૩
ભક્ત લીન હોય જાય સંતમે	અંગ ૪	ચોસરા - ૨૧	૧	૨૬૫
ભાગત્યાગ નરણિત વિત ઉગરીત	અંગ ૫	ચોસરા - ૪	૨	૨૭૭
ભ્રગુટી કમળ ઉભયે દલકી પલ	અંગ ૫	ચોસરા - ૧૨	૩	૩૦૨
ભિન્ન નહીં ભગવંત જીનંતર	અંગ ૫	ચોસરા - ૨૧	૩	૩૨૮

મ

મહાદ પુરુષ પરતાપ પુનિત મેં	અંગ ૧	ચોસરા-૧	૪	૩
મંદ અભાગી જૂવેનાં જાગી	અંગ ૧	ચોસરા - ૧૩	૪	૪૧
મનુષ તણે તન ઓપીત ઉપલ્યા	અંગ ૧	ચોસરા - ૧૬	૨	૪૯
મંત્ર તંત્ર જેતન્યે ભર માંહી	અંગ ૩	ચોસરા - ૩	૧	૧૪૧
મંદેકુ મોદક મુખ ભોજન	અંગ ૩	ચોસરા - ૧૫	૩	૧૭૮
મધુકર રહીત મંખીવત જેહી નર	અંગ ૩	ચોસરા - ૧૬	૪	૧૮૨
મતલબ યાર કપટ કુડ ભરીયા	અંગ ૩	ચોસરા - ૧૮	૪	૧૮૮

માત તાત જીનું ભ્રાત સંતકુલ	અંગ ૪	ચોસરા - ૧૭	૪	૨૫૨
મોહનહિ સ્વપ્નાંતર નાર ૫ર	અંગ ૫	ચોસરા - ૮	૪	૨૯૧

ય

યેહેવા જંત જનાવર સરીખા	અંગ ૧	ચોસરા - ૧૩	૨	૪૦
યેસી સમજ જુગત જમ કહી તમ	અંગ ૧	ચોસરા - ૧૮	૪	૫૭
યાવત હરિ હજરત અવિગત્યકે	અંગ ૩	ચોસરા - ૫	૫	૧૫૦
યુગન યુગન ઈતકે ઈત અટવત	અંગ ૩	ચોસરા - ૧૧	૧	૧૬૫
યદ્યપિ જૂઠ સબ કરહી પ્રહારન	અંગ ૪	ચોસરા - ૧૪	૪	૨૪૩
યેસેહી ચરણ પ્રતાપ સંતનકે	અંગ ૪	ચોસરા - ૧૭	૩	૨૫૧
યોગી સો યોગનકી જતમત	અંગ ૫	અંગ ૫	૩	૨૬૭
યોગ જતનકી મત આરુઢ અત્ય	અંગ ૫	ચોસરા - ૨	૩	૨૭૧
યોગ કલા મત સુલટી ઉલટ કર	અંગ ૫	ચોસરા - ૫	૩	૨૮૦
યોગી નહીં ભોગનકે ભુગતા	અંગ ૫	ચોસરા - ૬	૩	૨૮૪

ર

રાજપણામેં રજ રસ્તાની	અંગ ૧	ચોસરા - ૪	૪	૧૩
રંક પ્રેહત મોદીક રાખનકે	અંગ ૧	ચોસરા - ૭	૧	૨૦
રાજા પરજા ઓર ધનવંતા	અંગ ૧	ચોસરા - ૧૮	૨	૫૫
રીતા રહી ભવ રીત્ય ચલાવત	અંગ ૨	ચોસરા - ૫	૪	૮૩
રાજા હોયતો રહિત રંજાળે	અંગ ૨	ચોસરા - ૧૦	૩	૯૮
રોમરોમ રગ પ્રેમરસ ભરીયા	અંગ ૪	ચોસરા - ૩	૪	૨૦૭
રાગ નહીં જીનકે ઉર અંતર	અંગ ૫	ચોસરા - ૬	૪	૨૮૫

લ

લુણ સંત જ્ઞાની ન જેહુનકે	અંગ ૨	ચોસરા - ૫	૩	૮૨
લંપટ તે નર નાર વિશયે વશ	અંગ ૩	ચોસરા-૧	૨	૧૩૬
લોભી તે ખરચત નહીં ખાવત	અંગ ૩	ચોસરા-૧	૩	૧૩૬

વ

વીસવાસઘાતી ગત્યહીણના	અંગ ૧	ચોસરા - ૧૬	૧	૪૮

વાપી કુપ તડાક ન સમરર્યા	અંગ ૧	ચોસરા - ૨૧	૩	૬૫
વાલ્મિક નારદ પારાસુર	અંગ ૨	ચોસરા - ૩	૩	૭૬
વીંછવા આદ્ય સરપ તામસ તન	અંગ ૨	ચોસરા - ૧૮	૧	૧૨૧
વચન વિલોક કરન કલ નાંહિં	અંગ ૨	ચોસરા - ૨૦	૧	૧૨૭
વ્રધ હાણ્ય નહીં જાણ્ય જેહુનકી	અંગ ૨	ચોસરા - ૨૧	૧	૧૩૦
વનસ્પતિમાં વાંસ એરંડે	અંગ ૩	ચોસરા - ૪	૩	૧૪૫
વિવિધ ભાત્ય ખટ રસકે મેવા	અંગ ૩	ચોસરા - ૬	૨	૧૫૧
વહન્ય મધ્ય જ્યૌ ધુમ્ર ઉપાયત	અંગ ૩	ચોસરા - ૮	૨	૧૫૭
વેદ પુરાણ શાસ્ત્ર સંજુકતા	અંગ ૪	ચોસરા - ૬	૨	૨૧૬
વૈરાગી વિનુરાગ વદીતપદ	અંગ ૫	અંગ ૫	૪	૨૬૮
વાવા ધર દાહન જંઘન પર	અંગ ૫	ચોસરા - ૧૪	૩	૩૦૮

શ

શિકોતર સતજુગ ત્રહેતાની	અંગ ૧	ચોસરા - ૫	૪	૧૬
શૂરવીર ચકચુર ભક્ત મત	અંગ ૪	ચોસરા - ૧૧	૧	૨૩૧
શત્રુ મિત્રુ સમતોલ જેહુનકે	અંગ ૫	ચોસરા - ૩	૨	૨૭૩
શાહા કાલચ ધોવન સાધન ગત્ય	અંગ ૫	ચોસરા - ૮	૧	૨૮૯
શૂન્યકે શિખર સહસ્ત્ર દલ અંદર	અંગ ૫	ચોસરા - ૧૨	૪	૩૦૩

સ

સ્વારથ આગળ કાંય ન સૂઝત	અંગ ૧	ચોસરા-૧	૧	૧
સંત શરણ નંદિક નર પાપી	અંગ ૧	ચોસરા - ૨	૪	૬
સનમુખતાયે સરલ સ્વાભાવિક	અંગ ૧	ચોસરા - ૩	૧	૭
સુક્રિતનો લવલેશ ન જીનમે	અંગ ૧	ચોસરા - ૧૫	૧	૪૫
સમજ પક્ષથી અંધ અહોનિશ	અંગ ૨	ચોસરા - ૨	૧	૭૧
સુખ સંપત્ય ઘેર હોય સાહ્યબી	અંગ ૨	ચોસરા - ૨	૪	૭૩
સંચિતન શિર જોર જમાથી	અંગ ૨	ચોસરા - ૩	૧	૭૪
સો નિજ નિગમ શાસ્ત્ર આધારન	અંગ ૨	ચોસરા - ૪	૩	૭૯
સો પરધન સાહા નિજ જ્ઞાનીનકે	અંગ ૨	ચોસરા - ૪	૪	૭૯
સતયુગ દવાપર ને કળી ત્રહેતા	અંગ ૨	ચોસરા - ૬	૨	૮૪
સંગ સાથ યેહેનો જે કરહી	અંગ ૨	ચોસરા - ૧૧	૪	૧૦૨

સો અડવા બેટીના ભડવા	અંગ ૨	ચોસરા - ૧૭	૪	૧૨૦
સાકુટ તે સહા આત્મકુ કૂટત	અંગ ૩	ચોસરા-૧	૧	૧૩૫
સપ્ત ધાતમેં કથીર કાંસને	અંગ ૩	ચોસરા - ૨	૩	૧૩૯
સાર સાર પરહરી પદ પરસિદ્ધ	અંગ ૩	ચોસરા - ૭	૪	૧૫૫
સકલ બુરાયનકે કલી મલ કુલ	અંગ ૩	ચોસરા - ૧૭	૪	૧૮૫
સબ તનુમાંહી ઈન્દ્રિ કરતવ તુલ્ય	અંગ ૩	ચોસરા - ૧૮	૨	૧૮૬
સાકુટ કોઉને શરન નમે નહીં	અંગ ૩	ચોસરા - ૧૮	૩	૧૮૭
સકલ પદારથકી છાંડન સદ	અંગ ૩	ચોસરા - ૨૧	૧	૧૯૪
સંપટ ચિત્ત તે સમજ લહે નહીં	અંગ ૩	ચોસરા - ૨૧	૩	૧૯૬
સેવક જે સેવનકી રત્ય મન	અંગ ૪	અંગ ૪	૪	૨૦૧
સમચીત સરલ ચરલ કછુ નાંહી	અંગ ૪	ચોસરા - ૨	૧	૨૦૨
સકલ પક્ષ સારનકી ગમ ગત્ય	અંગ ૪	ચોસરા - ૨	૩	૨૦૪
સાચ થકી શેષન શિર અવનિ	અંગ ૪	ચોસરા - ૧૨	૧	૨૩૪
સાચ થકી લોહ તપન ન દાજત	અંગ ૪	ચોસરા - ૧૨	૨	૨૩૫
સાચ થકી સુરપતિ પાવસરસ	અંગ ૪	ચોસરા - ૧૨	૩	૨૩૬
સાચ થકી મંતરવશ દેવા	અંગ ૪	ચોસરા - ૧૨	૪	૨૩૭
સાચે સજન પ્રેમ પ્રતિ આનત	અંગ ૪	ચોસરા - ૧૩	૧	૨૩૭
સાચ થકી સાહેર સત ભરીયા	અંગ ૪	ચોસરા - ૧૩	૨	૨૩૮
સાચ જૂઠકા દોહુ સેરડા	અંગ ૪	ચોસરા - ૧૪	૨	૨૪૧
સાધુ મિલે સંતોષ ભક્તને	અંગ ૪	ચોસરા - ૧૯	૪	૨૫૮
સંત ભક્ત સર્વજ્ઞ અનુસુત	અંગ ૪	ચોસરા - ૨૦	૩	૨૬૦
સાધન યુક્ત સકલ સંજમની	અંગ ૫	અંગ ૫	૧	૨૬૬
સંત સ્વાંતિ સમ ગ્યમ જ્ઞાનનકી	અંગ ૫	અંગ ૫	૨	૨૬૭
સુરત સ્વાધ્ય જીનું નીરંત નિરાલંબ	અંગ ૫	ચોસરા - ૨	૧	૨૬૯
સરલ ગતિ ગુણકે રજગુણ તજ્ય	અંગ ૫	ચોસરા - ૨	૨	૨૭૦
સાધ દશા સંભવ ન ભવનસે	અંગ ૫	ચોસરા - ૩	૧	૨૭૨
સાધનકુ શુભશોધ સબનકી	અંગ ૫	ચોસરા - ૫	૧	૨૭૯
સંત રહત સત્સંગ સદોદિત	અંગ ૫	ચોસરા - ૫	૨	૨૮૦
સંત સચેત વેત નિજલક્ષકે	અંગ ૫	ચોસરા - ૬	૨	૨૮૩
સમતન સહન દહન ઉપલેકત	અંગ ૫	ચોસરા - ૭	૧	૨૮૫
સ્વાંત સદન નિજ વદન મહાન વિદ	અંગ ૫	ચોસરા - ૮	૨	૨૮૯

સૂક્ષ્મ આહાર વારિ પુનિ સૂક્ષ્મ	અંગ ૫	ચોસરા - ૯	૧	૨૯૨
સહસ્ત્ર એક તાંહાં ઉઠત પ્રણવ ધુન્ય	અંગ ૫	ચોસરા-૧૩	૨	૩૦૪
સકલ જાપ દમ પુરીત પ્રણવ શિર	અંગ ૫	ચોસરા - ૧૫	૩	૩૧૧
સુરત નુરત તીનું સંગ રહાવત	અંગ ૫	ચોસરા - ૧૫	૪	૩૧૧
સબન સમાજ સમેટ શૂન્ય ઘર	અંગ ૫	ચોસરા - ૧૬	૪	૩૧૪
સુખમન આદ્ય સમેત ચંદ્ર રવિ	અંગ ૫	ચોસરા - ૧૭	૨	૩૧૫
સાહર નિર નાવ વાયસવત	અંગ ૫	ચોસરા - ૧૮	૪	૩૨૦
સારધાર વૈરાગ વિષમકે	અંગ ૫	ચોસરા - ૨૦	૩	૩૨૫

હ

હંસ ભખત મુગતાફલ મોતી	અંગ ૧	ચોસરા - ૬	૩	૧૮
હંસ લહત દેવનકી ગતીયાં	અંગ ૧	ચોસરા - ૬	૪	૧૯
હરિ જુદ્ધકે નહીં શકત સમોવડ	અંગ ૩	ચોસરા - ૨૦	૩	૧૯૩
હરિજન તે સંતનકુ સેવત	અંગ ૪	અંગ ૪	૧	૧૯૯
હાંસીખેલ નહીં હરિ ભજવું	અંગ ૪	ચોસરા - ૧૧	૨	૨૩૨
હલત ચલત ઉઠત બેઠત જીનું	અંગ ૪	ચોસરા - ૧૬	૩	૨૪૮
હાસ વિનોદ મોદ સંતનસુખ	અંગ ૪	ચોસરા - ૧૭	૧	૨૪૯
હરદે કમળ દલ દ્વાદસ કહીએ	અંગ ૫	ચોસરા - ૧૨	૧	૩૦૧
હેરફેર નહીં ઓરુ સુખકે તુલ્ય	અંગ ૫	ચોસરા - ૧૯	૪	૩૨૩

ક્ષ

ક્ષિતિ જલ તેજ પવન શૂન્યકે તંત	અંગ ૫	ચોસરા - ૪	૩	૨૭૭

જ્ઞ

જ્ઞાન સુણે પણ ધ્યાન ન પલટત	અંગ ૧	ચોસરા - ૮	૨	૨૪
જ્ઞાની કુલ જાત્ય જ્ઞાનસે	અંગ ૨	ચોસરા - ૬	૩	૮૫
જ્ઞાની પરખ જ્ઞાનસે કીજે	અંગ ૨	ચોસરા - ૭	૨	૮૮